॥ શ્રીવલ્લભ: ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના કૃપાપાત્ર

૮૪ વૈષ્ણવોની વાર્તાઓ

(આધુનિક નવલિકા-શૈલીમાં)

તુલસીક્યારે

[ભાગ : ૧]

રજૂઆત

(ગો.વા.) વ્રજરત્નદાસ ચિ. પરીખ
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Tulasī Kyārõ, Part-I
by Late V. C. Parikh and Prof. Rameshbhai V. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : **૧૯૮૮, સં. ૨૦૪૪**
પુનર્મુદ્રણ : **ઈ. સ. ૧૯૯૩, ૧૯૯૫, ૨૦૦૪, ૨૦૧૩**

પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૭૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

સદૈન્ય, સાનંદ સમર્પણ

કરુણાસાગર, ભક્તમનોરથપૂરક
ભક્તવત્સલ, વાક્પતિ શ્રીવલ્લભ!
આ દીન, હીન જીવ પર આપે
અકારણ કૃપા કરી અનાથને સનાથ કર્યો.
એનાં હૃદય, નેત્રો, કર્ણ અને જિહ્વા પર
આપ બિરાજ્યા.
આપનાં ગુણગાન ગાવા એને નિમિત્ત બનાવ્યો.
એની ‘લાલના’ને આપે અનુરાગથી અંગીકાર કરી.
આજે જીવનની અર્ધી સદીના આરે
માત્ર એટલું જ માગું છું, હે મહાપ્રભુ!
જન્મોજન્મ આપનો દાસાનુદાસ બનાવી રાખજો.
‘સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ’ એવા
આપનાં યુગલ ચરણકમલોમાં
આ કૃતિ સમર્પિત કરું છું.

દાસાનુદાસ
***રમેશ**નાં*
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ

તુલસીપત્ર

- ■ તુલસીદળ - પ્રા. રમેશભાઈ પરીખ ૦૬
- ■ ભગવદીય વાર્તાઓની ભાવભૂમિકા ૧૩
- ■ માનવતાનો મહેરામણ ૪૪
- ■ ૮૪ વૈષ્ણવનાં લીલાસ્વરૂપ, જ્ઞાતિ, ગામ વગેરેની યાદી ૫૨

અ.નં.	વિગત	વૈષ્ણવનું નામ	પાન
૧.	પ્રીત બઁધી શ્રીવલ્લભપદસોં	(શ્રી દામોદરદાસ હરસાનીજી)	૬૨
૧ (૧)	શ્રીદામોદરદાસજીની વાર્તાનું ભાવદર્શન : ગો. શ્રી શ્યામમનોહરજી		૭૭
૧ (૨)	'ભાવપ્રકાશ'ની મહત્ત્વપૂર્ણ વાતો : શ્રી હરિરાયજી		૮૮
૨	મહાનુભાવ મેઘન	(શ્રી કૃષ્ણદાસ મેઘન)	૯૫
૩	શ્રીદ્વારકાધીશના કૃપાપાત્ર	(શ્રી દામોદરદાસ સંભરવાળા)	૧૦૮
૩ (૧)	માનસી સા પરા મતા	(શેઠ દામોદરદાસની દાસી)	૧૨૦
૪	કોટિમાં વિરલા	(શ્રી પદ્મનાભદાસજી)	૧૨૪
૪ (૧)	સ્મરણનું ફળ	(શ્રી પદ્મનાભદાસની દીકરી તુલસાં)	૧૪૩
૪ (૨)	વૈષ્ણવ-સેવાનું ફળ	(શ્રી પદ્મનાભદાસની નાની દીકરી)	૧૫૦
૪ (૩)	શ્રીપદ્મનાભદાસનાં પુત્રવધૂ અને પૌત્ર		૧૫૮
૫	પ્રેમ ત્યાં નેમ નહીં	(શ્રી રજોબાઈ ક્ષત્રાણી)	૧૬૩
૬	ગૃહસ્થ છતાં ત્યાગી	(શ્રી પુરુષોત્તમદાસ શેઠ)	૧૭૪
૬ (૧)	અખંડ સેવાપરાયણતા	(શેઠ પુરુષોત્તમદાસની બેટી રુક્મિણી)	૧૭૮
૭	પુષ્ટિની વિશિષ્ટતા	(શ્રી રામદાસજી સારસ્વત)	૧૮૭
૮	ટેકની કસોટી	(શ્રી ગદાધરદાસ)	૧૯૪
૯	મનોરથ : મોતીની માળાનો	(શ્રી વેણીદાસ : માધવદાસ)	૨૦૩
૯ (૧)	સ્ત્રી-શૂદ્રનો ઉદ્ધાર કરવા સમર્થ	(માધવદાસે રાખેલી વેશ્યા)	૨૦૭
૧૦	ઉતાવળિયો સ્વભાવ	(શ્રી હરિવંશ પાઠક)	૨૧૧
૧૧	પ્રભુ અપ્રસન્ન શાથી થાય?	(શ્રી ગોવિંદદાસ ભલ્લા)	૨૧૫
૧૨	માતૃવાત્સલ્ય	(શ્રી અમ્મા ક્ષત્રાણી)	૨૨૩
૧૩	પ્રેમ, આસક્તિ અને વ્યસન દશા	(શ્રી ગજન ધાવન)	૨૩૧
૧૪	આદર્શ ત્યાગ-વૈરાગ્ય	(શ્રી નારાયણદાસ બ્રહ્મચારી)	૨૩૭
૧૫	પ્રીત બઁધી શ્રીવલ્લભપદસોં	(એક ક્ષત્રાણી, મહાવનનાં)	૨૪૭
૧૬	તે તામસનાં અઘ હર્યાં (૧)	(શ્રી જિયદાસ સૂરિ)	૨૫૨
૧૭	તે તામસનાં અઘ હર્યાં (૨)	(શ્રી દેવા કપૂર)	૨૫૭
૧૮	આનું નામ તે કથાશ્રવણ	(શ્રી દિનકરદાસ શેઠ)	૨૬૧
૧૯	અમારું ભાગવત જુદું	(શ્રી દિનકરદાસ : મુકુન્દદાસ)	૨૬૬
૨૦	આચાર-મર્યાદા અને પુષ્ટિધર્મ	(શ્રી પ્રભુદાસ જલોટા)	૨૭૧
૨૧	કેવળ ભગવદાશ્રય!	(શ્રી પ્રભુદાસ ભાટ)	૨૭૮
૨૨	શિર સાટે નટવરને વરીએ	(શ્રી પુરુષોત્તમદાસ : સ્ત્રી-પુરુષ)	૨૮૩
૨૩	પ્રભુનું સુખ શામાં?	(શ્રી ત્રિપુરદાસ કાયસ્થ)	૨૯૩
૨૪	સેવાનું સાફલ્ય	(શ્રી પૂરણમલ ક્ષત્રિય)	૩૦૦
૨૫	કૃપાબળનું સામર્થ્ય	(શ્રી યાદવેન્દ્રદાસ કુંભાર)	૩૦૪

તુલસીદલ

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ

શ્રીમહાપ્રભુજીએ આપણને શરણે લઈ, માનવમાંથી વૈષ્ણવ બનાવ્યા ત્યારે આપણા હાથમાં તુલસીદળ મૂકી, બ્રહ્મસંબંધ મંત્રની પ્રતિજ્ઞા બોલાવી, તે તુલસીદળ શ્રીપ્રભુનાં ચરણકમળોમાં સમર્પિત કર્યું હતું. ત્યારથી શ્રીમહાપ્રભુજીની સેવામાં તત્પર બનનાર સૌ વૈષ્ણવો દરરોજ શ્રીપ્રભુનાં ચરણકમળમાં તુલસીદળ સમર્પિત કરી, પોતે લીધેલ બ્રહ્મસંબંધ મંત્રની પ્રતિજ્ઞાનો પુનરુચ્ચાર કરે છે.

આપણે અન્ય કોઈ વૃક્ષનાં પાન શ્રીમહાપ્રભુજીનાં ચરણોમાં સમર્પણ ન કરતાં તુલસીદળ કેમ સમર્પણ કરીએ છીએ? એનો જવાબ ગો. શ્રીદ્વારકેશજી 'શ્રીયમુનાષ્ટક' ગ્રંથ પરની તેમની ટીકામાં સમજાવે છે. ગો. શ્રીદ્વારકેશજીએ ત્યાં ચાર ભગવદીયોનો ઉલ્લેખ કર્યો છે, જેઓ સદાસર્વદા શ્રીપ્રભુની નિકટ રહે છે. તેમાંનાં એક છે સરસ્વતીજી; જેઓ શ્રીપ્રભુનાં મુખપદ્મજા છે; કારણ કે શ્રીપ્રભુના મુખારવિંદમાંથી પ્રગટ થયાં છે. બીજાં છે લક્ષ્મીજી; જેઓ પદ્મજા છે અને સદાસર્વદા શ્રીપ્રભુનાં ચરણકમળમાં રહે છે. ત્રીજાં છે ગંગાજી; જેઓ શ્રીપ્રભુનાં ચરણપદ્મજા છે. તેમનું પ્રાગટ્ય શ્રીપ્રભુના ચરણ-કમળમાંથી થયું છે અને ચોથાં છે તુલસીજી; જેઓ સદાસર્વદા દાસભાવથી શ્રીપ્રભુનાં ચરણકમળનો આશ્રય કરીને રહ્યાં છે.

લક્ષ્મીજી શ્રીપ્રભુનાં પત્ની છે, તેથી ભક્ત હોવા છતાં પણ તેમનામાં ભારોભાર અહંકાર રહ્યો છે. તેઓ અન્ય ભક્તનો ઉત્કર્ષ સહી શકતાં નથી, તેથી તેઓ અન્ય જીવને પ્રભુની નજીક આવવા દેતાં નથી. તેમનામાં અનેક દોષ રહેલા હોઈને પુષ્ટિલીલામાં તેમનો પ્રવેશ પણ નથી. આનાથી ઊલટું, તુલસીજીને શ્રીપ્રભુને પોતાનાં ચરણકમળોમાં હંમેશ માટે સ્થાન આપ્યું હોવા છતાં, તેમનામાં દીનતા અને દાસત્વ છે. તેઓ સદા પ્રભુની પ્રસન્નતામાં તત્પર છે અને તેથી પ્રભુના શરણે આવવા ઉત્સુક અન્ય જીવોને પણ પ્રભુની સમીપ લઈ આવે છે.

આથી જ મને લાગે છે કે શાસ્ત્રે તેમનું નામ 'તુલસી' આપ્યું હશે. તુલસી શબ્દને જુદી જુદી રીતે વિચારી શકાય. એક તો તુલ-સી એટલે કે તેમની શી તુલના - સરખામણી કરવી? અર્થાત્, તેમની સરખામણી અન્ય કોઈ સાથે થઈ શકે તેવી નથી. તુલસીજી એવાં મહાન ભગવદ્ભક્ત છે કે અન્ય કોઈ ભક્ત સાથે તેમની સરખામણી થઈ શકે નહીં.

બીજી રીતે વિચાર કરીએ તો તુલ-સી એટલે જે તમારા તુલ્ય છે, અર્થાત્ જે પ્રભુના તુલ્ય છે. ભગવદીયો અને ભગવાનની એકરૂપતાનું નિરૂપણ કરવામાં આવેલું છે. ભગવદીયોના હૃદયમાં સાક્ષાત્ પ્રભુ બિરાજમાન થાય છે ત્યારે ભગવદીયોનાં રૂપ, તેજ, ગુણ ઇત્યાદિ પ્રભુના જેવાં બની જાય છે. આમ, જે પ્રભુ જેવાં બની ગયાં છે તે તુલસીજી.

ત્રીજી રીતે વિચાર કરીએ તો તુ-લસી, તમારાથી જે શોભાયમાન થયાં છે તે. અર્થાત્ પ્રભુના સ્વીકારથી જેમની અલૌકિક શોભા વધી છે એવાં તુલસીજી. આમાં ભગવદીયનો ઉત્કર્ષ બતાવેલો છે. પ્રભુ કૃપા ત્યારે ભગવદીયનો ઉત્કર્ષ જગતમાં પ્રસિદ્ધ થાય છે.

ચોથી રીતે વિચારીએ તો તુલ-સી, એટલે તમારાથી જે શોભાયમાન બન્યા છે તે. અર્થાત્ તમારાથી પ્રભુની શોભામાં વિશેષ વૃદ્ધિ થઈ છે. આપના હરિતવર્ણા દલ ઉપર બિરાજમાન પ્રભુનાં પંકજ જેવાં ગુલાબી ચરણકમળો આપનાં પત્રોથી વિશેષ શોભાને ધારણ કરનારાં બન્યાં છે. તો આપનાં પત્રોથી બનેલી વનમાળા પ્રભુનાં શ્રીકંઠ અને હૃદયને વિશેષ શોભાયમાન બનાવે છે. આપની સુવાસ પણ પ્રભુને સવિશેષ પ્રિય છે. તેથી પ્રભુ પોતાના પરિકર સહિત સદાય વૃંદાવનમાં વિહાર કરે છે. આમ, સદાસર્વદા તુલસીજીની નિકુંજમાં થતો પ્રભુનો વિહાર તુલસીજીના અલૌકિક સૌભાગ્યને સૂચવનારો છે.

આવાં ભગવત્પ્રિયા તુલસીજીને પ્રત્યેક વૈષ્ણવ પોતાના ઘરના આંગણામાં તુલસીક્યારામાં પધરાવે છે. સવારે ને સાંજે તેમનું પૂજન કરે છે અને તેમની પરિક્રમા કરીને તેમના દ્વારા શ્રીપ્રભુનું દાસ્ય માગે છે. તુલસીક્યારો વૈષ્ણવ-ઘરનું સૂચન કરનાર પ્રતીક છે. તુલસીક્યારો ભક્તની અલૌકિક નિકુંજરૂપ છે. જ્યાં જ્યાં શ્રીપ્રભુ બિરાજે છે; ત્યાં ત્યાં આધિદૈવિક વૃંદાવન છે, તેથી ત્યાં ત્યાં તુલસીક્યારો પણ છે.

મહાનુભાવ ભક્તકવિ સૂરદાસજીએ વૈષ્ણવોનું સ્વરૂપ સમજાવતાં એક સુંદર પદ રચ્યું છે : 'મન રે, તૂ વૃક્ષન સોં મત લેહ.' હે મન, જો તારે ખરેખર વૈષ્ણવ બનવું હોય, તો વૃક્ષ પાસેથી વૈષ્ણવતાના પાઠ શીખ. તુલસીજી પણ વૃક્ષરૂપા છે; તેથી તેઓ વૈષ્ણવરાજ છે. શ્રીમહાપ્રભુજીએ પણ વૃક્ષોનું આ આધિદૈવિક સ્વરૂપ 'સુબોધિની'માં સમજાવ્યું છે. એટલે તુલસી-ક્યારામાં તુલસીજીના છોડરૂપ પ્રભુનાં ચરણકમળમાં શરણાગત મહાન ભગવદીય વસેલા છે. આ ભગવદીય આપણા પર કૃપા કરી, આપણને શ્રીપ્રભુના ચરણકમળમાં

લઈ જાય છે અને પોતાની સાથે ત્યાં અહર્નિશ રાખે છે. પુષ્ટિમાર્ગની એક વિશેષતા છે કે જીવ ગમે તેવો દુષ્ટ હોય, પણ તેના ઉપર ભગવદીયની કૃપા થાય, તો તે જીવ તેમનો હાથ પકડીને શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી સુધી સરળતાથી પહોંચી જાય છે. પુષ્ટિમાર્ગમાં તેથી જ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીના ઉત્કર્ષની સાથે સાથે ભગવદીયના ઉત્કર્ષને વર્ણવવામાં આવ્યો છે અને ભાવાત્મકરૂપે ત્રણેયને સમાન ગણવામાં આવ્યા છે. તેથી શ્રીદયારામભાઈ કહે છે કે-

‘હરિ-ગુરુ-વૈષ્ણવ સરખા લેખો, ભિન્ન ભાવ હૃદે નવ લેખો.’

શ્રીહરિરાયચરણ પણ પ્રથમ ‘શિક્ષાપત્ર’માં આજ્ઞા કરે છે ‘જેવા ભાવપૂર્વક શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીની સેવા કરો, તેવા જ ભાવપૂર્વક તેમના કૃપાપાત્ર ભગવદીયોની પણ સેવા કરો; કારણ કે ભગવદીય પ્રસન્ન થશે, તો તેમની કૃપાથી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થશે અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજી પણ પ્રસન્ન થશે.’

આવા મહાનુભાવ ભગવદીય, પુષ્ટિમાર્ગના પાંચસો વર્ષના ઈતિહાસમાં પાંચ-દસ-પંદર થયા નથી; અગણિત સંખ્યામાં થયા છે. તે પૈકીના કેટલાક ભગવદીયોનાં દિવ્ય ચરિત્રો અક્ષરદેહે આપણી પાસે પ્રગટ છે, જ્યારે ઘણા ભગવદીયોનાં ચરિત્ર આપણી પાસે આજે પ્રગટ નથી. જે ચરિત્રો પ્રગટ છે, તેમાં મુખ્યત્વે શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવો, શ્રીગુસાંઈજીના ૨૫૨ વૈષ્ણવો અને શ્રીગોકુલાથજીના ૭૮ વૈષ્ણવોનાં ચરિત્રો સુપ્રસિદ્ધ છે. તે સિવાયના વૈષ્ણવોનાં છૂટક છૂટક ચરિત્રો પણ આપણાં અન્ય પુસ્તકોમાંથી મળી આવે છે. આજે પણ આ ભગવદીયો સાથે બેસી શકે તેવા ભગવદીયો વિદ્યમાન છે, એ આપણા સૌનું ઘણું મોટું સૌભાગ્ય છે.

શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત-સિદ્ધાંત અને પુષ્ટિ-સિદ્ધાંત તેમના ગ્રંથો દ્વારા સમજાવ્યા. આ સિદ્ધાંતને જીવનમાં કેવી રીતે ઉતારવા? તે સરળતાથી ઉતારી શકાય કે કેમ? એવી કોઈ વ્યક્તિઓ થઈ ગઈ છે, જેમણે આ સિદ્ધાંત પ્રમાણે પોતાનું જીવન જીવ્યું હોય? આવા અનેક પ્રશ્નો આજે આપણા મનમાં જાગે છે અને તે સર્વ પ્રશ્નોનો જવાબ આપણા વાર્તા-સાહિત્યમાંથી મળી રહે છે. ઓછામાં ઓછું ભણેલા કે બિલકુલ નહીં ભણેલા વૈષ્ણવો પણ આ વાર્તા-સાહિત્ય વાંચીને કે સાંભળીને પુષ્ટિસિદ્ધાંત અને શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સરળતાથી સમજે છે અને તે માર્ગે ચાલવાનો પુરુષાર્થ પણ કરે છે. તેથી આપણા આ વાર્તા-સાહિત્યને પુષ્ટિસાગરની દીવાદાંડી કહેવામાં આવેલ છે. આપણા પાંચસો વર્ષની પરંપરામાં

પ્રત્યેક વૈષ્ણવ-કુટુંબમાં દરરોજના સત્સંગમાં આ વાર્તા-સાહિત્ય વંચાતું-વિચારાતું આવ્યું છે. આજે એવું કોઈ પણ વૈષ્ણવ ઘર નહીં હોય, જ્યાં આ વાર્તા-સાહિત્ય પુસ્તકરૂપે ન હોય અને તેનો ઉપયોગ ન થતો હોય!

આ વાર્તાઓ મૂળ વ્રજભાષામાં લખાયેલી છે. જ્યારે વ્રજભાષામાં કાવ્યો રચાતાં હતાં, પરંતુ ગદ્ય રચાતું નહોતું તે સમયમાં આ વાર્તાઓ ગદ્ય સાહિત્યરૂપે લખાયેલ છે, તેથી તેની શૈલી આજની શૈલી કરતાં થોડી જુદી છે. વ્રજભાષાના ઘણા શબ્દો પણ આજે આપણે જાણતાં નથી. આ બધાને કારણે આપણી યુવાન પેઢી મૂળ વાર્તાઓ વાંચવામાં થોડોક ખચકાટ અનુભવે છે. આપણા પરંપરાગત વૈષ્ણવોને પણ આ વાર્તાઓ પાછળ રહેલા સિદ્ધાંત તેમાંથી પૂર્ણરૂપે સમજવાનું મુશ્કેલ પડે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઘણાં વર્ષો પહેલાં, ગો.વા. પ. ભ. શ્રી **વ્રજરત્નદાસભાઈ ચિ. પરીખે** આ વાર્તાઓને ગુજરાતી ભાષામાં ટૂંકી વાર્તાઓના સ્વરૂપે લખવાનો પ્રયાસ ભગવત્કૃપાથી પ્રારંભ્યો. ગો.વા. **શ્રી પ્રેમલાલભાઈ મેવચા** જેવા અન્ય સાહિત્યકાર વૈષ્ણવોએ પણ આવો પ્રયાસ પ્રારંભ્યો હતો; પરંતુ શ્રી વ્રજરત્નદાસભાઈએ આ પ્રયાસ સતત ચાલુ રાખ્યો. તેના પરિણામે તેમણે લખેલી વાર્તાઓ પાટણની પુષ્ટિમાર્ગીય પાઠશાળા દ્વારા **‘પુષ્ટિભક્તોની શ્રેષ્ઠ વાર્તાઓ’** ભાગ ૧ થી ૯ રૂપે પ્રકાશિત થઈ. તે વૈષ્ણવોમાં ઘણી પ્રિય બની. તેની એકથી વધુ આવૃત્તિઓ પણ થઈ. છેલ્લા ઠીક ઠીક સમયથી તેના નવે ભાગનો સેટ અપ્રાપ્ય બન્યો છે.

શ્રી વ્રજરત્નદાસભાઈ પર શ્રીમહાપ્રભુજીની અને સર્વ ભગવદીયોની એવી કૃપા રહી કે તેમના જીવનની અંતિમ ક્ષણ પણ ભગવદીયની વાર્તા લખતાં જ પૂરી થઈ. તે વાર્તાના પુસ્તક પર જ તેમનું મસ્તક ઢળી પડ્યું, જાણે ભગવદીયોની ગોદમાં તેમણે છેલ્લા શ્વાસ લીધા! તેમના ગોલોકવાસની આગલી રાતે જ, તેમણે મને તેમનો આ અપૂર્વ વારસો સોંપવાનો હોય તેમ, આજ્ઞા કરેલી કે ‘મારાથી બધી વાર્તાઓ નવી શૈલીમાં લખવાનું કાર્ય હવે પૂરું થાય તેમ લાગતું નથી. ઘણી વાર્તાઓ હજી લખવાની બાકી છે. કેટલીક વાર્તાઓમાંથી થોડાક જ પ્રસંગો લખાયા છે. મારી એક ઈચ્છા છે : બધી જ વાર્તાઓ આ નવી શૈલીમાં લખાય અને તેમને મૂળ વાર્તાના ક્રમમાં ગોઠવાય. આ વાર્તા-સાહિત્યને સમજવા માટે તેની વિશાળ ભૂમિકા પણ લખાય અને તે રીતે સમગ્ર વાર્તા-સાહિત્ય નવા સ્વરૂપે શ્રીવલ્લભનાં ચરણોમાં સમર્પિત થાય. મારું બાકી રહેલું કાર્ય તમે પૂરું કરશો; તો મને વિશેષ આનંદ થશે.’ રાત્રે આ વાર્તા કર્યા પછી બીજા દિવસની વહેલી સવારે તો તેમનો

ગોલોકવાસ થયો. થોડીક વાર્તાઓ તેમના હાથે લખાયેલી હતી. તે વાર્તાઓને સત્વરે પ્રકાશિત કરવા પુષ્ટિમાર્ગીય પાઠશાળા (પાટણ)ના ટ્રસ્ટી મુ. શ્રી રમણીકભાઈએ મને આગ્રહ કર્યો કે પૂ. ભાઈની ઈચ્છા મુજબ થોડીક વાર્તાઓ તમે લખીને ૧૦મો ભાગ પ્રકાશિત કરવા જેટલું સાહિત્ય કરી આપો. તે પ્રમાણે પુષ્ટિભક્તોની શ્રેષ્ઠ વાર્તાઓનો ૧૦મો ભાગ પણ પ્રકાશિત થયો.

ત્યાર બાદ ઘણા વૈષ્ણવોના આગ્રહભર્યા પત્રો આવતા રહ્યા કે હવે તેનો ૧૧મો ભાગ ક્યારે મળશે? બીજી બાજુ, પૂ. ગો. **શ્રીનિકુંજલતા બેટીજી**એ આજ્ઞા કરી કે અમે મુંબઈમાં પરીક્ષાઓનું આયોજન કરીએ છીએ, તેમાં આ પુસ્તકોનો પાઠ્યપુસ્તક તરીકે ઉપયોગ કરીએ છીએ. તેના બધા ભાગ આજે મળતા નથી. તે માટે કંઈક કરો. પ.પૂ.ગો. **શ્રીઈન્દિરાબેટીજી**એ એવી આજ્ઞા કરી કે પ.ભ. શ્રી વ્રજરત્નભાઈનું જે છેલ્લું સ્વપ્ન હતું તે જ આપણે પરિપૂર્ણ કરીએ. તમે બાકી રહેલી વાર્તાઓ લખી, જરૂર જણાય ત્યાં સુધારા-વધારા કરી, તેને તૈયાર કરો અને નવા પુસ્તકરૂપે તેને આપણે પ્રસિદ્ધ કરીએ. ઘણા વૈષ્ણવોએ આ પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા તત્પરતા બતાવી.

પુષ્ટિમાર્ગીય પાઠશાળા (પાટણ)ના ટ્રસ્ટી મુ. શ્રી રમણીકભાઈએ પાટણના વૈષ્ણવો દ્વારા 'પુષ્ટિભક્તોની શ્રેષ્ઠ વાર્તાઓ' ૧ થી ૧૦ ભાગના આધારે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોમાંથી કોની કોની વાર્તાઓ લખાઈ, તે કયા ગ્રંથમાં છે, કયા પાન નંબર ઉપર છે; તેની સૂચિ પણ તૈયારી કરી આપી. કઈ વાર્તાઓ લખવાની બાકી રહે છે, કઈ વાર્તાનાં કયા પ્રસંગો બાકી રહે છે તે પણ તારવી આપ્યું. મારાં ધર્મપત્ની અ.સૌ. વસંતે દસ ભાગમાંની વાર્તાઓને અલગ અલગ કરીને મૂળ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓના ક્રમમાં તે સાહિત્યને ગોઠવી આપ્યું. તે બધું સાહિત્ય ફરી એક વાર વાંચી જઈ, મૂળ વાર્તાઓ સાથે મેળવી, જ્યાં જ્યાં તેમાં સુધારા-વધારા આવશ્યક જણાયા ત્યાં ત્યાં તે પ્રમાણે કરી, તે વાર્તાઓને આખરી સ્વરૂપ આપ્યું. સાથે સાથે ન લખાયેલી વાર્તાઓ ફરીથી લખી અને તેના પરિણામ સ્વરૂપે આજે વૈષ્ણવોની ૮૪ વાર્તાઓ પૈકી પ્રથમ ૨૫ વાર્તાઓનું આ પહેલું તુલસીદળ પ્રકાશિત થાય છે.

ઉપર જોયું તે પ્રમાણે આ ભગવદીયોના નિકુંજરૂપ એ તુલસીક્યારો છે; જેનું પ્રત્યેક પાન ૮૪ અને ૨૫૨ ભગવદીયોનું એક એક અલૌકિક સ્વરૂપ છે. એવાં ૩૩૬ અલૌકિક પાનથી શોભતો આ તુલસીક્યારો આપણે ત્યાં બિરાજમાન છે. તેમાંથી પ્રથમ ભાગ આજે પ્રકાશિત થાય છે; માટે તેને તુલસીક્યારો-૧ એવું નામ આપ્યું છે.

આ અગાઉ શ્રીહરિરાયચરણના 'શિક્ષાપત્ર'ને સરળ શૈલીમાં સમજાવતા 'શિક્ષાપત્રનું આચમન' ભાગ-૧, ૨, ૩ પ્રકાશિત થયા છે. તે વૈષ્ણવોમાં ખૂબ જ પ્રિય બન્યા છે. બિન-ગુજરાતીભાષીઓ પણ હોંશેહોંશે તે વાંચે છે. વૈષ્ણવોની પ્રસન્નતાના પત્રોથી અને રૂબરૂમાં કહેવાતી વાતો સાંભળીને આ ભગવદીયોનાં ચરિત્રો પ્રકાશિત કરવાનો ઉત્સાહ વિશેષ વધ્યો છે; કારણ કે 'શિક્ષાપત્ર' અને વાર્તા જ્યાં જ્યાં સત્સંગ થાય છે ત્યાં ત્યાં અચૂક વંચાય છે.

આ પુસ્તક પ્રકાશિત થાય છે ત્યારે આનંદપૂર્વક કેટલાંક સ્મરણો યાદ આવે છે. સૌથી પ્રથમ સ્મરણ થાય છે મારા વડીલ મુ. ગો.વા. પ.ભ. શ્રી **દ્વારકાદાસભાઈ પરીખનું**; જેઓ પાટણમાં મારા ઘરની બાજુના જ ઘરમાં રહેતા હતા, જેમના અથાગ પ્રયત્નોથી આપણને વાર્તા-સાહિત્ય મૂળ શુદ્ધ સ્વરૂપે પ્રાપ્ત થયું અને ભારતના સર્વ વિદ્વાનોએ તેને સત્યકથાઓના સ્વરૂપે સ્વીકાર્યું, તેને ઐતિહાસિક સ્વરૂપે માન્યતા આપી. એમના દ્વારા જ આપણને આપણો આ સાહિત્યસાગર પ્રાપ્ત થયો છે. બીજું સ્મરણ થાય છે પ.ભ. **શ્રી વ્રજરત્નદાસભાઈ** અને **મારાં દાદીમા મેનાંબહેનનું**, જે હમેશાં શ્રી વ્રજરત્નદાસભાઈને ત્યાં સત્સંગમાં જતાં. ત્યાંથી સાંભળી આવેલી વાર્તા રાત્રે ઘેર આવીને મને કહી સંભળાવતાં અને બીજા દિવસે પાછાં યાદ કરાવતાં; જેને લઈને વાર્તા-સાહિત્યમાં બાળપણથી મને રસ પડવા માંડ્યો. ત્રીજું સ્મરણ થાય છે. નિ.લી.ગો. શ્રી **ગોવિંદરાયજી મહોદય (સૂરત)નું**; જેમણે કૃપા કરીને શ્રી વ્રજરત્નદાસભાઈ સાથે ભગવદીય વાર્તા સપ્તાહમાં આ ભગવદીયોની વાર્તા મૌખિક રીતે રજૂ કરવાની મને આજ્ઞા કરી અને આશીર્વાદ આપ્યા. વાર્તા-સાહિત્યના ઊંડાણમાં આપે કૃપા કરીને પ્રવેશ કરાવ્યો.

ચોથું સ્મરણ થાય છે પ.પૂ. ગુરુદેવ ગો. **શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ** (કાંકરોલી) અને તેમના કુમાર ગો. **શ્રી વ્રજેશકુમારજી** (કાંકરોલી)નું; જેમણે મારી વાર્તા-રુચિને ખૂબ ખૂબ આશીર્વાદોથી પરિપુષ્ટ કરી અને બુરહાનપુર મુકામે ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે વાર્તા-સપ્તાહમાં સ્વયં બિરાજી, મારા મુખથી કહેવાયેલી વાર્તાઓ અંગીકાર કરી, મને આશીર્વાદની મુશળધાર વર્ષામાં ભીંજવી દીધો. છેલ્લું સ્મરણ થાય છે પ.પૂ.ગો. **શ્રી ઈન્દિરાબેટીજીનું**; જેમણે વાર્તા-સાહિત્યને નવા સ્વરૂપે પ્રકટ કરવાનો મનોરથ કર્યો. મારી પાસે સતત ઉઘરાણી કરીને આ સાહિત્ય તૈયાર કરવા મને પ્રેર્યો અને તેના પ્રકાશનની વ્યવસ્થા આપના ટ્રસ્ટ દ્વારા સ્વીકારી લીધી. આ સૌના સ્મરણ સાથે મારે એક છેલ્લું ઋણ યાદ કરવું

છે અને તે છે મારા પરિવારનું તથા **શ્રી લવજીભાઈ ચૌધરીનું**; જેમની સહાયથી આ વાર્તા-સાહિત્ય વહેલામાં વહેલું તૈયાર થઈ શક્યું છે. પુષ્ટિમાર્ગીય પાઠશાળા (પાટણ)ના ટ્રસ્ટી મુ. શ્રી **રમણિકભાઈ** તો મારા વડીલ છે. તેમની પણ આ કાર્યમાં મને સતત કૃપા પ્રાપ્ત થઈ છે. મારા મિત્ર પ.ભ. પ્રા. **રાજનભાઈ કડિયાએ** મુદ્રણ અને ભાષાશુદ્ધિની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી છે. આ સૌનું ઋણ હું આનંદપૂર્વક સ્વીકારું છું.

'તુલસીક્યારો' ભાગ-૨ માટેનું સાહિત્ય પણ લગભગ તૈયાર છે અને એવી ઈચ્છા છે કે પ્રથમ પુસ્તકની પાછળ પાછળ તે દ્વિતીય પુસ્તક પણ વહેલામાં વહેલી તકે પ્રસિદ્ધ થાય અને વૈષ્ણવોના હાથમાં પહોંચે.

આજે મને સવિશેષ આનંદ એ વાતનો છે કે ફાગણ વદ-૯ શ્રીગુસાંઈજીનો ગુપ્તપ્રાકટ્ય મહોત્સવનો મંગલ દિન છે. યોગાનુયોગે મારી વર્ષગાંઠનો પણ તે દિવસ છે. જીવનનાં પચાસ વર્ષની અડધી સદી આજે શ્રીપ્રભુકૃપાએ પૂરી થાય છે અને સાથે સાથે વાક્પતિ શ્રીવલ્લભની કૃપાથી લખાયેલાં મારાં પુસ્તકોની પચાસની સંખ્યા પણ પૂરી થાય છે. આવો યોગાનુયોગ જીવનમાં ક્વચિત્ જ આવે અને એવો એક સુંદર યોગ આજે આવ્યો છે, ત્યારે એ સુયોગનું સૌભાગ્ય પ્રાપ્ત કરાવનાર શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવનાં ચરણકમળોમાં કોટાનકોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું છું.

વાર્તાઓના લેખનમાં, સંપાદનમાં હું કેવળ નિમિત્ત છું. મારો હંમેશનો એક જ અનુભવ છે કે ટેપરેકોર્ડર મારું છે, તેમાં વાગતી કૅસેટ તો શ્રીવલ્લભની છે! એ કૅસેટ સાંભળવામાં અને સમજવામાં ક્ષતિ રહી જવાનો પૂરો સંભવ છે. તેના કારણે કોઈ ક્ષતિ આ પુસ્તકમાં પણ આવી ગઈ હોય તે બનવાજોગ છે. પુસ્તકમાં જે કંઈ સુસંગત છે, સુંદર છે, ઉત્તમ છે તે શ્રીવલ્લભનું છે અને તેમાં જે કંઈ ક્ષતિ રહી ગઈ હોય તે મારી છે. એ ભાવથી આપ આ પુસ્તકનો સમાદર કરશો અને તેમાં રહેલી ક્ષતિઓ તરફ સ્વજનભાવે મારું ધ્યાન દોરી, ભૂલો સુધરાવશો, એવી વિનંતી.

મહેસાણા, તા. ૧૨-૩-૧૯૮૮
ફાગણ વદ ૯, સં. ૨૦૪૪
૫૧ મી વર્ષગાંઠ

દાસાનુદાસ
રમેશના
સદૈન્ય જયશ્રીકૃષ્ણ

ભગવદીય વાર્તાઓની ભાવભૂમિકા

(૧) ભગવદ્-ગુણગાનનો મહિમા :

દ્વારિકાલીલાનો એક ઓછો જાણીતો પ્રસંગ છે :

એક દિવસ બપોરનો સમય હતો. દ્વારકામાં દેવકીમાના મંદિરે ભગવાન શ્રીદ્વારકાધીશ-શ્રીકૃષ્ણનાં આઠેય પટરાણીઓ સાથે મળીને આવ્યાં. આઠેય પુત્રવધૂઓએ દેવકીમાનાં ચરણસ્પર્શ કરી, હાથ જોડી વિનંતી કરી : 'મા! તમારા પુત્ર શ્રીદ્વારકાધીશ અમને પતિરૂપે પ્રાપ્ત થયા છે, તે અમારું ખૂબ મોટું સૌભાગ્ય છે. તેમની અનેક અદ્ભુત લીલાઓનાં અમે સાક્ષી પણ છીએ; પરંતુ મા! તેમની બાળલીલાઓ પણ એવી જ અદ્ભુત છે, એવું અમે ક્યારેક ક્યારેક સાંભળીએ છીએ. અમારે તેમની બાળલીલાઓ સાંભળવી છે. અને તેથી અમે તમારી પાસે આવ્યાં છીએ. આજે અમને તમારા પુત્રની બાળલીલાઓ ન સંભળાવો?'

'વહુ બેટા, તમારો મનોરથ તો ઉત્તમ છે; પરંતુ હું તો અભાગિની માતા છું! કૃષ્ણને મેં જન્મ જરૂર આપ્યો, પરંતુ બાલકૃષ્ણને ઉછેરવાનું, એનાં બાલ-ચરિત્રોનો આનંદ માણવાનું ભાગ્ય મને નથી મળ્યું. એ આનંદના અધિકારી તો નંદરાણી યશોદા હતાં. કૃષ્ણ મારી પાસે આવ્યો ત્યારે તો અગિયાર વર્ષ વટાવી ચૂક્યો હતો અને પછી તો એ યુવાન રાજા બની ગયો હતો. એણે મથુરામાં ક્યારેક રમતમાંય બાળલીલા નથી કરી. હા, નંદબાવા ઘણી વાર મથુરા આવતા, વ્રજાંગનાઓ પણ દહીં વેચવા મથુરા આવતી; તેમનાં મુખેથી મારા એ લાડકવાયા લાલના લલિત લીલા-પ્રસંગો સાંભળવાનું સદ્ભાગ્ય મને મળતું રહ્યું હતું. હું જે જાણું છું તે જરૂર કહીશ.'

દેવકીમાએ દ્વારપાળને બોલાવ્યો અને આજ્ઞા કરી : 'ભાઈ, હવે આ ખંડમાં મારી આજ્ઞા વિના કોઈને પણ આવવા દઈશ નહીં.'

'મા! શ્રીદ્વારકાધીશ પધારે તો?'

'એમને પણ વિનંતી કરજે કે માતાની આજ્ઞા નથી.'

દેવકીમાતાએ આઠેય પુત્રવધૂઓની સામે શ્રીકૃષ્ણની બાળલીલાનાં ગુણગાન ગાવાનો પ્રારંભ કર્યો. સૌ લીલાશ્રવણમાં તલ્લીન થઈ ગયાં. કોઈને પોતાના દેહનું ભાન નથી, વીતતા સમયનોય કોઈને અણસાર નથી.

ત્યાં તો મોટા ભાઈ શ્રીબલરામજીને સાથે લઈ, શ્રીકૃષ્ણચંદ્રજી પધાર્યા. દ્વારપાળે મસ્તક નમાવી, હાથ જોડી, વિનંતી કરી : 'મહારાજ! અંદર પ્રવેશવાની આજ્ઞા નથી!'

'કોની આજ્ઞા નથી?' શ્રીદાઉજીએ નેત્ર લાલ કરી પૂછ્યું.

'મહારાજ! દેવકીમાતાજીની આજ્ઞા નથી.'

શ્રીકૃષ્ણચંદ્રજીએ મોટાભાઈના ખભા પર પ્રેમથી પોતાનો હસ્ત ધરી, તેમને શાન્ત કર્યા. નેત્રોના ઈશારે સૂચવ્યું : 'માતાની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય. અહીં જ ઊભા રહો.'

બંને ભાઈઓ દ્વારે ઊભા રહ્યા. ખંડમાંથી આવતા શબ્દો એકાગ્ર ચિત્તથી કાન દ્વારા ઝીલતા રહ્યા. પોતાની બાળલીલાનાં ચરિત્રો સાંભળતાં શ્રીરામ-કૃષ્ણ ત્રણ કલાક સુધી પોતાની બાળલીલાના ગુણગાનના શ્રવણમાં ડૂબી ગયા. ત્યાં વીણાના મંજુલ ધ્વનિ સાથે, નારાયણનું નામ-સંકીર્તન કરતા ભક્તરાજ નારદજી આવ્યા. શ્રીરામ-કૃષ્ણને પોતાના જ મહેલમાં એક દ્વાર પાસે સમાધિ જેવી સ્થિતિમાં ઊભેલા જોઈને નારદજીને પણ નવાઈ લાગી. નારદજી પણ ત્યાં ચુપચાપ ઊભા રહ્યા. તેઓ પણ પ્રભુનાં ગુણગાનના શ્રવણમાં તલ્લીન બની ગયા.

બે પ્રહર પછી દેવકીમાતાએ શ્રીબાલકૃષ્ણની બાળલીલાનું કીર્તન પૂરું કર્યું. સૌ ફરી પાછાં ભાનમાં આવ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે નારદજી સામે પોતાની કરુણાદષ્ટિ કરી. નારદજીએ પ્રભુનાં ચરણસ્પર્શ કરી, બે હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ! આજની આપની આ લીલા મને ન સમજાઈ!'

'કેમ?'

'મહારાજ! અમે ભક્તો તો આપના નામનું સંકીર્તન કરીએ, આપના રૂપને સ્મરીએ, આપના ગુણોનું ગાન કરીએ, આપની લીલાઓનું સંકીર્તન કરીએ. એ સર્વનું શ્રવણ અને સ્મરણ કરવામાં અમારી જાતને પણ ભૂલી જઈએ; પરંતુ મહારાજ! શું આપને પણ આપની કથા એટલી જ પ્રિય છે? શું આપનું ચિત્ત પણ આપની કથામાં આવું નિરુદ્ધ થઈ જાય છે?'

ભગવાન શ્રીકૃષ્ણે મંદ મંદ સ્મિત કરતાં, પોતાનું મુખારવિંદ હલાવીને હા કહી.

'નારદજી, આમ એકાએક કેમ આવવું થયું?' બલદેવજીએ પૂછયું.

'પ્રભુ! એક પ્રશ્ન લઈને આવ્યો હતો, પણ આપની લીલાના ગુણગાનનું શ્રવણ કરતાં જ્યાં મારી જાતને જ ભૂલી ગયો, ત્યાં પ્રશ્ન ક્યાંથી યાદ આવે? સારું થયું, આપે યાદ કરાવ્યું.'

'નારદ, શો પ્રશ્ન છે?'

'ભગવાન! ઘણી વાર તમને શોધવા ત્રણ લોકમાં ફરી આવું છું, વૈકુંઠમાં પણ જઈ આવું છું; પરંતુ ક્યાંય તમે મળતા જ નથી. એટલે એવું પૂછવા આવ્યો હતો કે તમારું એવું સ્થાયી સરનામું આપો, જ્યાં તમે હમેશાં બિરાજતા જ હો; જ્યાં તમે ન મળો એવું કદી બને જ નહીં.'

મંદ મંદ સ્મિત કરતાં ભગવાન શ્રીદ્વારકાનાથે આજ્ઞા કરી : 'નારદ, નોંધી લો એ સરનામું - **'મદ્ભક્તાઃ યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ।'** હે નારદ! હું બીજે કોઈ સ્થળે હોઉં પણ ખરો અને ન પણ હોઉં; પરંતુ એક સ્થળ એવું છે કે જ્યાં હું અચૂક હોઉં જ. જ્યાં મારા ભક્તો મારાં ગુણગાન ગાતા હોય, ત્યાં હું અવશ્ય હોઉં છું. મને સૌથી પ્રિય છે મારું ગુણગાન.'

'જય હો ભગવન્!'

સારસ્વતકલ્પની દ્વારિકાલીલામાં પ્રભુએ પોતાનું સ્થાયી સરનામું નારદજીને આપ્યું, ત્યારથી લઈને આજ સુધી અસંખ્ય વર્ષો પસાર થઈ ગયાં. એ વર્ષોની ગણતરી પણ આપણા જેવા સામાન્ય જનને અઘરી પડે. છતાંય પ્રભુએ પોતાનું એ વચન આજ સુધી પાળ્યું છે.

આજથી ૪૦૦ વર્ષ પહેલાંની વાત છે. મેવાડમાં સિંહાડ નામનું ગામ. પોતાની અનન્ય ભક્ત અજબકુંવરીને આપેલ વચન પૂરું કરવા શ્રીગોવર્ધનનાથજી મેવાડના સિંહાડમાં પહાડમાં પધાર્યા અને ત્યાં જ બિરાજ્યા. ત્યાં શ્રીહરિરાયચરણ પણ પધાર્યા. પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવીને શ્રીનાથજીના મંદિરની બાજુમાં જ પોતાની હવેલી સિદ્ધ કરાવીને બિરાજ્યા. શ્રીહરિરાયજીને સત્સંગનો ભારે આગ્રહ. રોજ રાત્રે વૈષ્ણવોની મંડળીમાં આપ બિરાજે અને એક ચિત્તથી ભગવદ્વાર્તા કરે. ભગવદ્વાર્તાના ચાહક એ વૈષ્ણવોય એવા; જેમને ભગવદ્વાર્તાના શ્રવણમાં દેહ, સમય કે સ્થળનું ભાન ન રહે! 'શ્રીવલ્લભાખ્યાન'-માં શ્રીગોપાળદાસભાઈ પુષ્ટિમાર્ગની વિશેષતા ગાય છે :

> **'એવો મારગ શ્રીવલ્લભવરનો રે, જ્યાં નહીં પ્રવેશ વિધિ હરનો રે,**
> **જ્યાં કાળ કર્મ નવ બાધે રે, યમ તે શિર ધનુષ ન સાધે રે.'**

એવા આ વૈષ્ણવો, એક ચિત્તથી દરરોજ ભગવદ્વાર્તાનું શ્રવણ કરે. ત્યાર બાદ સૌ હવેલીમાંથી બહાર આવી, રસ્તા વચ્ચે ઊભા રહી, ભગવદ્-વાર્તામાં

સાંભળેલા સિદ્ધાંતોનું પરસ્પર મનન-ચિંતન કરે. ધોળપદ ગાય. ભગવદ્વાર્તાના દિવ્ય રસમાં કોઈને સ્થળ-સમયનું ભાન ન રહે. મધ્ય રાત્રિ ક્યારનીય વીતી ગઈ હોય!

ત્યાં આજુબાજુમાં કેટલાંક જૈન કુટુંબો રહે. વૈષ્ણવો આમ મધરાત સુધી અવાજ કરે; એટલે તેમને ઊંઘમાં વિક્ષેપ પડે. એક દિવસ થાકીને તેઓ શ્રીહરિરાયચરણ પાસે આવ્યા. તેમણે કહ્યું : 'મહારાજ! તમારા સેવકો મધરાતથીયે વધારે સમય સુધી રસ્તા ઉપર શોરબકોર કરી, અમારી ઊંઘ બગાડે છે. રોજના માટે આવું કેમ ચાલે?'

'વારુ, હું આજે તપાસ કરીશ.'

રાત્રે વૈષ્ણવો ભગવદ્વાર્તા સાંભળીને રસ્તા ઉપર ભેગા થયા. સૌ ધોળ-કીર્તન ગાઈ રહ્યા હતા. ત્યાં શ્રીહરિરાયચરણ પધાર્યા. આપને અદ્ભુત દર્શન થયાં. વૈષ્ણવોની મંડળીની વચ્ચે સાક્ષાત્ શ્રીગોવર્ધનધર પ્રસન્ન થઈને નૃત્ય કરી રહ્યા હતા. આવાં અલૌકિક દર્શન થતાં શ્રીહરિરાયચરણ ભાવવિભોર બની ગયા. આપના મુખમાંથી અનાયાસ જ કીર્તનના શબ્દો સર્યા :

'ભાવ ભરી દેખો મેરી અઁખિયન, મંડલ મધ્ય બિરાજત ગિરિધર,
હૌં વારિ ઈન વલ્લભિયન પર,
મેરે તનકૌ કરૌં બિછૌના, શિશ ધરૌં ઈનકે ચરનન તર.'

હે નેત્રો, આજે તમારાં નેત્રોનું ફળ તમને મળી રહ્યું છે. તમે ભાવપૂર્વક દર્શન તો કરો! મારા વલ્લભીય વૈષ્ણવોના મંડળની વચ્ચે સાક્ષાત્ શ્રીગિરિધર બિરાજે છે! ધન્ય છે આ વલ્લભીય વૈષ્ણવોને! હું તેમનાં ઓવારણાં લઉં છું. આવા વલ્લભીય વૈષ્ણવોની હું શી સેવા કરું? એમના માટે મારા શરીરની પથારી કરી દઉં, એમનાં ચરણોમાં મારું મસ્તક ઝુકાવી દઉં! ધન્ય છે એમને, જેમના મુખથી થતાં ગુણગાન સાંભળવા સાક્ષાત્ શ્રીગોવર્ધનધર પધારી, કેટલી પ્રસન્નતાથી નૃત્ય કરી રહ્યા છે! પ્રભુની આજ્ઞા કદી ખોટી ન હોય - **'મદ્ ભક્તાઃ યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદઃ!'**

શ્રીહરિરાયચરણને યાદ આવી ગયો વ્રજલીલાનો એ પ્રસંગ. અક્રૂરજીની સાથે ભગવાન મથુરા પાછા પધાર્યા છે. પોતાનાં માતાપિતા નંદ-યશોદાને વચન આપીને પ્રભુ પધાર્યા હતા કે 'હું જલદી પાછો આવીશ.' પોતાના સખાઓને હૈયાસરસા ચાંપીને પ્રભુએ આજ્ઞા કરી હતી : 'ચપટી વગાડતાંમાં જ આવી પહોંચ્યો સમજો.' પોતાના હૃદયસમી ગોપિકાઓને પ્રભુએ નેત્રના ઈશારે કહી દીધું હતું : 'હું ક્યાંય જતો જ નથી! જુઓ, તમારાં નેત્રો અને હૃદયમાં છું, તમારી વાણી પર છું, તમારા કાનમાં છું, તમારા હૈયામાં છું, તમારા રોમેરોમમાં છું.' મથુરા પધારેલા પ્રભુ વ્રજમાં તો પાછા ન પધાર્યા; પણ પોતાના વ્રજવાસીઓને યાદ કરી કરીને એમના વિરહથી વ્યાકુળ બનેલા પ્રભુ, પોતાના સખા ઉદ્ધવને આજ્ઞા કરે છે : 'ભાઈ ઉદ્ધવ, તમે વ્રજમાં જાઓ. મારો સંદેશો યશોદામા અને નંદબાવાને આપો, ગોપગોપીઓને આપો. સૌને મારો વિરહ ઓછો વ્યાકુળ કરે એમ સમજાવો.'

ઉદ્ધવજી વ્રજમાં આવ્યા. ગોકુળમાં નંદ-યશોદા અને વૃદ્ધ ગોપો સાથે પ્રભુની લીલાનું સ્મરણ કર્યું. ત્યાંથી ઉદ્ધવજી વૃંદાવન ગયા. વૃંદાવનમાં શ્રીયમુનાજીના પાવન પુલિન ઉપર ગોપી-પરિષદમાં બેઠા. ગોપિકાઓ સાથે પણ શ્યામસુંદરનાં સ્મરણો તાજાં કર્યાં. આખાયે વ્રજમાં સૌ વ્રજવાસીઓ શ્રીકૃષ્ણના લીલાસ્મરણે તેમના હૃદયમાં ઉત્સવનો અનુભવ કરવા લાગ્યાં.

શ્રીમહાપ્રભુજી 'ઉત્સવ' શબ્દનો અર્થ આપે છે : 'સવ' એટલે આનંદ, 'ઉત્' એટલે બહાર પ્રકટ થવું. હૃદયમાં રહેલો આનંદ જ્યારે અનાયાસ બહાર પ્રકટ થાય, તે 'ઉત્સવ'. શ્રીમહાપ્રભુજી 'નિરોધલક્ષણ'માં આજ્ઞા કરે છે :

'ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્ યથા ।
વૃંદાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ।।'

ઉદ્ધવજીના આગમને ગોકુળ ને વૃંદાવનમાં જે સુમહાન ઉત્સવ ઉદ્ભવ્યો, એવો મારા મનમાં પણ ક્યારેક પ્રકટ થાઓ.

પ્રભુનાં ગુણગાનમાં સૌને આનંદ આવે છે. નાનાંમોટાં, ભણેલાં અને અભણ, સ્ત્રી અને પુરુષ, રાય અને રંક - સૌના હૃદયમાં પ્રભુનાં ગુણગાન ગાતાં આનંદના તરંગો જાગે છે. એનું કારણ શું? મહાનુભાવોએ એનું સુંદર કારણ આપ્યું : પ્રભુ પૂર્ણાનંદ છે. પ્રભુના પૂર્ણાનંદને સમજવા સાકરની પૂતળીને સમજી લો. સાકરમાંથી બનાવેલી પૂતળીનાં બધાં જ અંગો સાકરરૂપ છે, તેમ પ્રભુનાં સર્વ અંગ કેવળ આનંદરૂપ છે. સાકરની પૂતળીના કોઈ પણ ભાગનો સ્વાદ લઈએ, તો સાકરની મીઠાશ જ મળે. પૂર્ણાનંદ પ્રભુ આનંદદાતા છે. આવા પૂર્ણાનંદ પ્રભુ જ્યારે સાક્ષાત્ સ્વરૂપે પૃથ્વી પર પ્રકટ થાય છે ત્યારે પોતાના પરમાનંદ સ્વરૂપ દ્વારા સૌ ભક્તોને પૂર્ણ આનંદનું દાન કરે છે; પરંતુ પ્રભુ સાક્ષાત્ સ્વરૂપે પૃથ્વી પર બિરાજમાન હોતા નથી, ત્યારે તેમની અનવતાર દશામાં પ્રભુ તેમના નામ દ્વારા ભક્તોને આનંદનું દાન કરે છે. નામ અને રૂપ

દ્વારા પ્રભુ જ આપણા કાન અને નેત્રોનો વિષય બને છે અને આપણા હૃદયમાં બિરાજે છે. પ્રભુના રૂપમાં જેમ પૂર્ણાનંદ રહેલો છે, તેમ પ્રભુના નામમાં પણ પૂર્ણાનંદ રહેલો છે. તેથી શ્રીમદ્ ભાગવત, અન્ય ભગવદ્-વાર્તાઓ, અષ્ટછાપ આદિ મહાનુભાવ ભક્ત કવિઓનાં કીર્તન પ્રભુનાં નામ-સ્વરૂપ છે. જેમ પ્રભુનું રૂપ-સ્વરૂપ આનંદદાયક છે, તેમ પ્રભુનાં એ નામ-સ્વરૂપો પણ આનંદદાયક છે.

શ્રીમહાપ્રભુજી 'ગોપીગીત'નાં 'સુબોધિની'માં પ્રભુના નામ-સ્વરૂપનો મહિમા અદ્ભુત રીતે સમજાવે છે. પ્રભુમાં છ ધર્મો બિરાજમાન છે : ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. જેમ સૂર્યથી સૂર્યનાં કિરણો અલગ નથી, તેમ પ્રભુથી તેમના દિવ્ય ધર્મો પણ અલગ નથી. પ્રભુમાં બિરાજમાન આ છયે દિવ્ય ધર્મો પ્રભુના નામમાં, પ્રભુની કથામાં પણ બિરાજમાન છે. પ્રભુનું નામ અને પ્રભુની કથા આ છ દિવ્ય ધર્મોથી યુક્ત છે. ગોપીજનોને પ્રભુના સ્વરૂપમાં જેમ આ દિવ્ય છ ધર્મોનો અનુભવ થયો છે, તેમ પ્રભુના પરોક્ષમાં, તેમની કથામાં પણ આ દિવ્ય છ ધર્મોનો અનુભવ થયો છે; તેથી રાસલીલાના પ્રકરણમાં પ્રભુ જ્યારે ગોપીજનોની વચ્ચેથી અંતર્ધાન થયા, ત્યારે પ્રભુની કથાનાં ગુણગાન દ્વારા જ ગોપીજનો પ્રભુના સ્વરૂપ સહિત છ દિવ્ય ધર્મોને હૃદયમાં ધારણ કરીને તેમના પ્રાણ ટકાવી શક્યાં. તેથી તો એ ગોપિકાઓએ પ્રભુની કથાનાં ગુણગાન ગાતાં કહ્યું :

તવ કથામૃતમ્ તપ્તજીવનં કવિભિરીડીતમ્ કલ્મષાપહમ્ ।
શ્રવણમંગલં શ્રીમદાતતમ્ ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥

પ્રભુનું સ્વરૂપ જેમ અમૃતરૂપ છે, તેમ પ્રભુની કથા પણ અમૃતરૂપ છે. અને તેથી જ ભક્તો હમેશાં ભગવત્-કથામૃતનું પાન કરવાની અભિલાષા અને એનો આગ્રહ રાખતા આવ્યા છે.

શ્રીભાગવતજીનો પ્રસંગ છે : પરીક્ષિત રાજાને 'શ્રીભાગવત' સંભળાવવા મહામના શ્રીશુકદેવજી મહારાજ પોતે ગંગાકિનારે પધાર્યા. શ્રીશુકદેવજીના મુખથી શ્રીમદ્ ભાગવતનું કથામૃત ઝીલવા અનેક ઋષિમુનિઓ અને ભક્તો પણ આવી પહોંચ્યા. સૌ શ્રીમદ્ ભાગવતનું કથાશ્રવણ કરવા તત્પર બન્યા, ત્યાં દેવરાજ ઈન્દ્ર પોતાના હસ્તમાં સુવર્ણનો અમૃતકુંભ લઈ, અન્ય દેવોની સાથે કથાસ્થાનમાં આવ્યા. શ્રીશુકદેવજીને વંદન કરી, ઈન્દ્ર વિનંતી કરે છે : 'મહારાજ! અમારી એક વિનંતી છે. આપ પરીક્ષિતને તક્ષક નાગના દંશમાંથી બચાવવા પધાર્યા છો. પરીક્ષિતને આપ આ સ્વર્ગામૃતનું પાન કરાવો, તેથી તેને તક્ષક નાગના દંશની કોઈ અસર નહીં થાય, પરીક્ષિત અમર બનશે. બદલામાં આપ સ્વર્ગમાં પધારી, અમને આપના કથામૃતનું પાન કરાવો. સૌ દેવો સહિત હું આપને પધરાવવા આવ્યો છું.' શુકદેવજીએ પરીક્ષિત સામે દૃષ્ટિ કરી. પરીક્ષિતે હાથ જોડીને વિનંતી કરી : 'ભગવન્! મને હવે જીવવાનો લોભ નથી, તક્ષકનો ભય નથી. મારે તો આપના મુખથી ભગવત્-કથામૃતનું પાન કરવું છે, બીજી કોઈ અભિલાષા રહી નથી. મારે સ્વર્ગામૃત નથી જોઈતું.' ઈન્દ્રરાજ નિરાશ થઈને પાછા ફર્યા.

શ્રીદયારામભાઈએ સુંદર શબ્દોમાં કહ્યું :

'રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે,
પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું રે.'

શ્રીમહાપ્રભુજી પણ 'નિરોધલક્ષણ' ગ્રંથમાં આજ્ઞા કરે છે :

'મહતામ્ કૃપયા યાવદ્ ભગવાન દયયિષ્યતિ ।
તાવદાનંદસંદોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥'

ભગવાન જ્યારે આપણા ઉપર કૃપા કરે, ત્યારે જ મોટાઓની કૃપાથી ભગવાનનું અલૌકિક કીર્તન પ્રાપ્ત થાય છે. અને તે કીર્તન દ્વારા જ પ્રભુનો અલૌકિક આનંદ આપણને મળે છે.

આવા ભગવત્-કથામૃતને પ્રાપ્ત કરવા માટેનો રાજમાર્ગ શ્રીસૂરદાસજીએ બતાવ્યો છે :

'હરિજન સંગ છિનક જો હોહિ,
કોટિ સ્વર્ગસુખ કોટિ મોક્ષસુખ તીહિ સમ લહે ન કોઈ.
ભૂરિ ભાગ્ય સંચિત ફલ કૃષ્ણ કૃપા વ્હૈ જાકો,
'સૂરદાસ' હરિજનપદ મહિમા કો કહી સકે તાકો.'

આપણા ઉપર કૃષ્ણની કૃપા થાય, આપણા અનેક જન્મોમાં સંચિત પુણ્યોરૂપી ફળનો ભાગ્યોદય થાય, તો જ એક ક્ષણ માટે ભગવદ્-ભક્તનો સંગ મળે. ભગવદ્ ભક્તના સંગથી પ્રાપ્ત થનાર કથામૃત પાસે કરોડો સ્વર્ગનાં સુખો અને કરોડો મોક્ષનાં સુખો પણ તુચ્છ હોવાથી કોઈ તેમની આશા રાખતું નથી. આવા ભગવત્-કથામૃતનું પાન કરાવનાર ભગવદ્-ભક્તોનાં ચરણારવિંદનો મહિમા કોણ કહી શકે?

(૨) ભગવદ્-ભક્તોના ગુણગાનનો મહિમા :

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દિવ્ય ચરિત્રોની કથા છે. દશમ સ્કંધની ભગવત્કથાનું ગુણગાન કરતાં પહેલાં નવમ સ્કંધમાં

'ઈશાનુકથા' કહેવામાં આવી છે. 'ઈશ' એટલે પરમાત્મા, 'અનુ' એટલે અનુસરનાર. તેથી 'ઈશાનુ' એટલે ભગવદ્-ભક્ત, જે ભગવાનને અનુસરે છે. આવા ભગવદ્-ભક્તોની કથા એટલે ઈશાનુ-કથા. ભગવત્કથા કરતાં ભક્તની કથા વિશેષ છે; કારણ કે ભક્તોની કથા દ્વારા જ ભગવત્-કથામાં આપણો પ્રવેશ થાય છે. ભક્તોની કથાનું શ્રવણ કર્યા બાદ ભગવત્કથાના શ્રવણનો અધિકાર મળે છે. ભગવત્કથામાં ભગવચ્ચરિત્ર દ્વારા સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું હોય છે; જ્યારે ભગવદીયોની કથામાં તે તે સિદ્ધાંતો જીવનમાં કેવી રીતે આચરી શકાય, એનાં ઉદાહરણ બતાવવામાં આવ્યાં હોય છે.

ભગવાનની લીલા બે પ્રકારની હોય છે : કેટલીક લીલાઓ અનુકરણીય છે, તો કેટલીક લીલાઓ વિચારણીય છે. ભગવાનની સર્વ લીલાઓમાં જીવનો પ્રવેશ થવો મુશ્કેલ છે. ભગવદીયોની કથામાં ભક્તની સાથે ભગવાન અને ભક્તિની કથા પણ તાણાવાણાની જેમ ગૂંથાઈ ગઈ હોય છે, તેથી ભગવદીયની કથા આપણા જેવા સામાન્ય મનુષ્યોને માટે જીવનના આદર્શરૂપ અને દીવાદાંડીરૂપ હોય છે.

સમુદ્રમાં દીવાદાંડી ઊભી કરવામાં આવી હોય છે. ખાસ કરીને જે સ્થાનમાં વહાણને અથડાવાનો ભય વિશેષ હોય ત્યાં વહાણને ચેતવવા માટે આવી દીવાદાંડી ઊભી કરવામાં આવે છે. સંસાર-સાગરમાં આપણી જીવનનૌકાને અથડાવા માટેનાં સ્થાનો ઘણાં આવે છે. આવાં સ્થાનોમાં આપણને ચેતવવા માટે ભગવદીયોનાં દિવ્ય જીવનરૂપી દીવાદાંડીઓ આપણને માર્ગદર્શન આપે છે.

ભગવદીયોની વાર્તાઓ બે પ્રકારે વિચારવી પડે : મોટા ભાગના ભગવદીયોનાં ચરિત્રો આપણા જીવન-પ્રવાસ માટે લીલી બત્તીઓનું કામ કરે છે. ભગવદીયોએ જે માર્ગે પોતાનું જીવન વ્યતીત કર્યું છે, તે માર્ગે આપણને ચાલતા રહેવાનો બોધ મળે છે. ક્યારેક ક્યારેક ભગવદીયોના જીવનના કેટલાક પ્રસંગો લાલ બત્તી જેવા હોય છે. આવા પ્રસંગો દ્વારા ભગવદીયો એવું સૂચવે છે કે અમારા જીવનમાં આવી ભૂલ થઈ હતી, જેનું પરિણામ અમારે ભોગવવું પડ્યું છે, તો તમે તમારા જીવનમાં આવી ભૂલ ન થાય તે બાબતમાં સજાગ રહેજો.

ભગવત્-કથાને નાળિયેર જેવી કહી છે. નાળિયેરના મીઠા જળ અને ટોપરાનો આસ્વાદ કરવા માટે તેની ઉપરનાં છોડાં ઉખેડવાથી માંડીને અનેક પ્રયત્નો કરવા પડે છે. ત્યાર બાદ મીઠું ટોપરું અને જળ મળે છે. આમ, ભગવત્-કથાને સમજવા માટે પ્રભુની કૃપા અતિ આવશ્યક છે. તેથી ભગવદીયોએ ગાયું છે કે :

'જો લૌં હરિ આપુનપે ન જનાવે,
તો લૌં યહ માર્ગકો સિદ્ધાંત પઢે-સુને નહીં આવે.'

ભગવદીય કથા લીલી દ્રાક્ષ જેવી છે. લીલી દ્રાક્ષને મોંમાં મૂકતાંની સાથે જ તેનો મીઠો રસ પ્રાપ્ત થાય છે. લીલી દ્રાક્ષમાં તેની છાલ કે બીજ રસાસ્વાદમાં આડે આવતાં નથી. તેવી જ રીતે, ભગવદીયની સમગ્ર કથા રસપૂર્ણ હોય છે. તેને સમજવા કોઈ પણ પ્રકારનો શ્રમ કરવો પડતો નથી.

મહાનુભાવોએ બતાવ્યું છે કે ભક્તો દ્વારા જ ભગવાનની પ્રાપ્તિ સુલભ અને સરળ છે. ભગવદીયોનાં ચરિત્રો પણ આ વાતની સાક્ષી પૂરે છે. કોઈ ભગવદીય જ્યારે આપણો હાથ પકડે, ત્યારે આપણો બેડો પાર થઈ જાય છે. તેથી આ માર્ગમાં ભગવાનના જેટલી જ ભગવદીયની પણ મહત્તા છે. ભગવાનના ભક્તો પણ ભગવાનના દિવ્ય ષડ્ધર્મથી યુક્ત હોય છે. તેમના હૃદયમાં સદાય ભગવાન બિરાજમાન હોય છે. સર્વવ્યાપક પરમાત્માને ભક્તના ભાવને અનુરૂપ ભગવત્-સ્વરૂપ ધારણ કરીને ભક્તની પાસે પધારવું પડે છે. ઉત્તમ ભક્ત ભગવાન પાસે કશું માગતો નથી, તે તો પોતાનું સર્વસ્વ ભગવાનને આપતો હોય છે. ભક્તનું હૃદય સ્વીકારવા માટે ભગવાને ભક્તના ઘેર પધારવું પડે છે. આમાં જ ભક્તની અને તેની ભક્તિની મહત્તા રહેલી છે. તેથી તો વૃત્રાસુર જેવાએ ભગવાન પાસે માગ્યું કે મને આપના ભક્તોનો સત્સંગ સદાય પ્રાપ્ત થાઓ. ભગવાનને મેળવી આપનાર આવા ભક્તોની ગૌરવગાથાઓ ભગવત્-પ્રાપ્તિના માર્ગે ચઢાવનારી હોવાથી તેની ઉત્તમતા સ્વીકારવામાં આવી છે. માટે તો પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં આપણા વૈષ્ણવ પરિવારોમાં એવી સુસ્થાપિત પ્રણાલિકા અને પરંપરા રહી છે કે દરરોજ રાત્રે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવકો એવા ઉત્તમ ભગવદીયોની વાર્તાઓનું અચૂક વાચન-ચિંતન કરવું. તેથી શ્રીદયારામભાઈ આવા ભગવદીયોનાં ચરિત્રોની મહત્તા બતાવતાં ગાય છે :

'સકળ તત્ત્વનું તત્ત્વ છે એ સાર માંહે સાર,
પાઠ કરતાં માત્રમાં વશ થાય શ્રીનંદકુમાર.
ચોર્યાસી ચિત્ત લાવીને કરે પાઠ નિત ધરી નેમ,
પુષ્ટિપથ પ્રભુ પ્રસન્ન થાયે હૃદે બાઢે પ્રેમ.'

આ ભગવદીયોની વાર્તાઓ પુષ્ટિમાર્ગનાં સર્વ તત્ત્વોનું પણ તત્ત્વ છે. જેમ દૂધનું અંતિમ તત્ત્વ ઘી છે, તેમ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનો સાર આ વાર્તા-સાહિત્ય છે. તેનો પાઠ કરતાં શ્રીનંદનંદન આપણને વશ થાય છે, માટે એકાગ્ર ચિત્તથી,

નિત્ય નિયમપૂર્વક આ ભક્તોનાં ચરિત્રોનો પાઠ કરવાથી પુષ્ટિપ્રભુ પ્રસન્ન થઈ, પ્રેમસ્વરૂપે આપણા હૃદયમાં બિરાજે છે.

આમ, આપણે જોઈ ગયા કે ભગવદીયની કથા હકીકતમાં ભક્તિની કથા છે અને ભક્તિની કથા ભગવદીયની કથા છે. તેથી ભક્તિનું સાચું સ્વરૂપ સમજવા, ભક્તોનાં ચરિત્ર સમજવાં જરૂરી છે. ભગવાનના ચરિત્ર દ્વારા ભક્તિનું સ્વરૂપ સમજાતું નથી; કારણ કે ભગવાનનાં ચરિત્રોમાં અસુરો, જ્ઞાનીઓ, રાજાઓ અને અન્ય લોકોનાં ચરિત્રો પણ આવે છે. વળી, ભગવાનની કેટલીક લીલા ભક્તિવર્ધક હોય છે, તો કેટલીક લીલા ભક્તિવિરોધી પણ હોય છે; કારણ કે ભગવાનનું સ્વરૂપ સર્વાત્મક છે, જ્યારે ભક્તના ચરિત્રમાં ભક્તિવિરોધી કોઈ જ વાત હોતી નથી. ભક્તની કથા હમેશાં ભક્તિવર્ધક હોય છે; અને તેથી તેમાં ભગવાનની કથા પણ હોય છે. ભક્તમાં ભક્તિની મુખ્યતા હોય છે; તેથી તેની કથામાં પણ ભક્તિની જ મુખ્યતા હોય છે, ભગવાનની ગૌણતા હોય છે. ભક્તિના નિરૂપણ માટે જ તેમાં ભગવાનનું નિરૂપણ હોય છે. ભગવાન સાથે આનંદનો અનુભવ કરનાર ભક્ત ભગવાનની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિનું સ્વરૂપ છે. ભગવાનની આ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિને ભગવાનની કૃપાશક્તિનો સાથ મળતાં ભગવાન પ્રકટ થાય છે; તેથી જ્યારે પરમાત્મા ભક્તિની મુખ્યતા સ્વીકારે છે, ત્યારે તે ભગવાન સ્વરૂપે પ્રકટ થાય છે. આમ, ભગવાન એટલા તો સ્વતંત્ર છે કે તે ધારે ત્યારે પરતંત્ર પણ બની શકે છે, માટે ભક્તના ચરિત્રમાં ભગવાન ભક્તને આધીન બની જાય છે.

શ્રીગોકુલેશજીએ આપણને આ વાર્તા-સાહિત્ય દ્વારા એવા ભક્તોની કથા કહી છે, જેમણે હમેશાં પોતાના જીવનમાં પુષ્ટિભક્તિનું સ્વરૂપ જીવી બતાવ્યું છે. તેમણે પુષ્ટિ-પુરુષોત્તમની તનુવિત્તજા અને માનસી સેવા કરી છે અને તેમને પુષ્ટિ-પુરુષોત્તમનો અનુભવ થયો છે; માટે ભગવાનની કથા કરતાંય ભગવદીયની કથાની આપણે ત્યાં મુખ્યતા સ્વીકારવામાં આવી છે.

(૩) ભગવદીય વાર્તા-સાહિત્યનો ઈતિહાસ :

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પાસે અનેક મનુષ્યો આવતા. તેમાંથી કેટલાક તેમના સેવક થતા. તેમના સેવકોને જીવન જીવવાની બાબતમાં ક્યારેક મુશ્કેલીઓ અને મૂંઝવણો જણાતી. તેઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીને તેનો ઉપાય પૂછતા, ત્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પુષ્ટિભક્તિના સિદ્ધાંતો અને આદર્શો સમજાવતા. આ સિદ્ધાંતો સમજાવવા માટે કેટલીક વખત જેમણે આ સિદ્ધાંતોને જીવનમાં ઉતાર્યા છે, તેવા પોતાના કેટલાક સેવકોનાં દૃષ્ટાંતો પણ આપતા.

શ્રીમહાપ્રભુજીના એક સેવક થઈ થયા કૃષ્ણદાસ મેઘન. કૃષ્ણદાસ મેઘનની વાર્તામાં એક પ્રસંગ છે. વૈષ્ણવે કોનો સંગ કરવો અને કોનો સંગ ન કરવો, એવો પ્રશ્ન કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને પૂછયો. તેનો જવાબ આપતાં શ્રીમહાપ્રભુજીએ પોતાના બીજા એક સેવક ગજનધાવનનું દૃષ્ટાંત આપ્યું છે.

શ્રીમહાપ્રભુજીના એવા બીજા કૃપાપાત્ર સેવક હતા દામોદરદાસ સંભરવાળા. તેમની વાર્તામાં પણ એક પ્રસંગ છે. શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી કે 'જેમણે રાજા અંબરીષને જોયા ન હોય, તેઓ દામોદરદાસ સંભરવાળાને જુએ.'

શ્રીમહાપ્રભુજીના એક સેવક હતા માધવદાસ. તેમની વાર્તામાં એવી વિગત પ્રાપ્ત થાય છે કે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોની સામે માધવદાસની અડગ ટેકની પ્રશંસા કરી હતી.

શ્રીગુસાંઈજીએ પોતાના કૃપાપાત્ર સેવક ચાચા હરિવંશજીને સિપાઈગીરી કરનાર શ્રીમહાપ્રભુજીના સેવક રામદાસજીનો પ્રસંગ કહ્યો હતો. એ જ પ્રમાણે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળાની પુત્રી રુક્મિણીનો પ્રસંગ કહ્યો હતો.

આમ, પોતાના આવા સેવકોનાં ચરિત્રોનો ઉલ્લેખ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પોતે કરતા હતા.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સમયમાં અનેક ભક્તકવિઓ થઈ ગયા, જેમનાં પદો પુષ્ટિમાર્ગમાં સુપ્રસિદ્ધ છે. એવા કેટલાક ભક્ત કવિઓએ પણ આ ભગવદ્-ભક્તોનાં ચરિત્રોનો ઉલ્લેખ પોતાનાં પદોમાં કર્યો છે. જેમ કે અષ્ટછાપ પૈકીના શ્રીનંદદાસજી ગાય છે : 'વિશ્વવિદિત દિનિ ગતિ પ્રેતનકો કયોં ન જગત ઉદ્ધરો.' જેમાં તેમણે હતિત-પતિત નામનાં પ્રેતોના ઉદ્ધારનો નિર્દેશ કર્યો છે. એ જ ચરિત્રનો નિર્દેશ 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાળદાસભાઈ પણ કરે છે : **'હતિત-પતિતનું જુઓ તમે પ્રકટ એંધાણ.'**

એક બીજા ભક્તકવિ થઈ ગયા સગુણદાસ. સગુણદાસ ખંડન મિશ્ર નામના એક વૈષ્ણવના ચરિત્રનો ઉલ્લેખ કરતાં ગાય છે : **'સગુણદાસ મુખ કહત ન આવે, ગુણ ગાવત ખંડન બસત સમીપ.'**

શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજીના બે કૃપાપાત્ર સેવકોનો ઉલ્લેખ પોતાના એક પદમાં કરે છે : **'દમલા પ્રભુદાસ બડભાગી, તિનકો પુનિ પુનિ આપ સિખાવે.'**

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક અલીખાન પઠાણે વ્રજભાષામાં '૮૪ વૈષ્ણવોંકા સૂચિપત્ર' નામે એક વિસ્તૃત પદ્ય રચ્યું છે. બીજા સેવક વિષ્ણુદાસ છીપાએ '૮૪ વૈષ્ણવોં કા ચૌખરા' નામે વિસ્તૃત પદ્યરચના કરી છે.

આમ, આ સર્વ ભક્તકવિઓએ પોતાની પદ્ય-રચનાઓમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ભક્તોનાં ચરિત્રોનો ઉલ્લેખ કરી, સિદ્ધાંત સમજાવવા સુંદર પ્રયત્ન કર્યા છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પછી થઈ ગયેલા મહાનુભાવ આચાર્યો શ્રીગોકુલનાથજી અને શ્રીપુરુષોત્તમજીએ પણ પોતાના ગ્રંથોમાં સિદ્ધાંતના સ્પષ્ટીકરણમાં ભગવદીયોનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કર્યો છે. જેમ કે શ્રીગોકુલનાથજી **'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'**ની પોતાની સંસ્કૃત ટીકામાં **'ભક્તેષુજ્ઞાપિતાશયાય નમઃ'** એ નામનું રહસ્ય સમજાવતાં પદ્મનાભદાસજીનો ઉલ્લેખ કરે છે. ત્યાં તેમણે પદ્મનાભદાસજીને કરોડોમાં દુર્લભ કહ્યા છે. તેવી જ રીતે તેમણે 'શ્રીવલ્લભાષ્ટક'પરની પોતાની સંસ્કૃત ટીકામાં કૃષ્ણદાસ મેઘનના ચરિત્રનો ઉલ્લેખ કર્યો છે. દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજીએ **'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા'** ગ્રંથની પોતાની સંસ્કૃત ટીકામાં અલીખાન પઠાણનો ઉલ્લેખ કર્યો છે.

આ સર્વ ઉલ્લેખો એક બાબત સ્પષ્ટ રીતે સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીના સમયથી લઈને જ તેમના આવા કૃપાપાત્ર સેવકોનાં દિવ્ય ચરિત્રો સિદ્ધાંતોને સમજવા-સમજાવવા માટે ઉદાહરણરૂપે બતાવવામાં આવતાં, અને તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં આ ભગવદીયોનાં ચરિત્રોને વાર્તારૂપે રજૂ કરવાની શરૂઆત શ્રીગુસાંઈજીના સમય પછી થઈ હોય તેમ જણાય છે.

શ્રીગુસાંઈજીના એક સેવક હતા ગોવર્ધનદાસ. તેઓ વિરક્ત વૈષ્ણવ હતા. તેઓ હમેશાં વ્રજવાસ કરીને રહેતા હતા. તેમણે ઉજ્જૈનમાં રહેતા શ્રીગુસાંઈજીના સેવક કૃષ્ણ ભટ્ટ વિષે ઘણું સાંભળ્યું હતું. તેથી તેમનો સત્સંગ કરવા તેઓ વ્રજમાંથી ઉજ્જૈન ગયા. શ્રીકૃષ્ણ ભટ્ટે તેમનું ઘણું સન્માન કર્યું.

તેમણે કૃષ્ણ ભટ્ટને કહ્યું : 'ભટ્ટજી, હું તો તમારો સત્સંગ કરવા માટે જ આટલે દૂર આવ્યો છું. આપણે એકાંતમાં બેસી, શ્રીગુસાંઈજી કરાવે એટલો સત્સંગ કરી લઈએ.'

કૃષ્ણ ભટ્ટે તેમનાં પત્નીને કહ્યું : 'ગોવર્ધનદાસના મનોરથથી અમે બંને એકાંતમાં સત્સંગ કરવા બેસીએ છીએ. તમે શ્રીપ્રભુની સેવામાં તત્પર રહેજો. અમને પ્રસાદ વગેરે માટે વિક્ષેપ કરશો નહીં.'

બંને વૈષ્ણવો એક ઓરડીમાં સત્સંગ કરવા બેઠા. કૃષ્ણ ભટ્ટની વિનંતીથી ગોવર્ધનદાસે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવકોના પ્રેરક પ્રસંગો કહેવા માંડ્યા. વૈષ્ણવોની વાર્તા કરતાં પૂરા ત્રણ દિવસ અને ત્રણ રાત વ્યતીત થઈ ગયાં. બંનેને પોતાના દેહનું અનુસંધાન રહ્યું નહીં. ત્રણ દિવસ બાદ ગોવર્ધનદાસના મુખથી વૈષ્ણવોની વાર્તા વિરામ પામી. બંને ભાનમાં આવ્યા. ગોવર્ધનદાસ કૃષ્ણ ભટ્ટની વિદાય લઈ, વ્રજમાં પાછા ગયા.

કૃષ્ણભટ્ટે વિચાર કર્યો : સ્મરણ-શક્તિ તો અલ્પજીવી હોય છે. ગોવર્ધનદાસના મુખથી સાંભળેલા ભગવદીયોના પ્રસંગો થોડા સમયમાં ભુલાવા માંડશે. આ ભગવદીયોનાં ચરિત્રો કેવળ એક વખત સાંભળવાથી સંતોષ થાય તેમ નથી, તેમનું વારંવાર મનન અને ચિંતન કરવા જેવું છે. તેથી તેમણે આ વાર્તાઓ પોતાની યાદશક્તિ પ્રમાણે લખી લીધી. તેઓ પોતાને ત્યાં આવતા ગામ-પરગામના વૈષ્ણવોને સત્સંગમાં આ ભગવદીયોનાં ચરિત્રો સંભળાવતા.

આમ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સેવક વૈષ્ણવોની વાર્તાઓના મૂળ વક્તા શ્રીગોવર્ધનદાસજી હતા, તો એ વાર્તાઓના આદિ લેખક કૃષ્ણ ભટ્ટ હતા.

કૃષ્ણ ભટ્ટના એક પુત્રનું નામ હતું ગોવિંદ ભટ્ટ. જ્યારે કૃષ્ણ ભટ્ટનો ગોલોકવાસ થયો, ત્યારે ગોવિંદ ભટ્ટ કૃષ્ણ ભટ્ટનાં બધાં પુસ્તકો લઈ ગોકુળ ગયા. ગોકુળમાં તે વખતે શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી બિરાજતા હતા. ગોવિંદ ભટ્ટે શ્રીગોકુલનાથજીનાં ચરણોમાં બધાં પુસ્તકો પધરાવી દીધાં. તે પુસ્તક-સંગ્રહમાંથી શ્રીગોકુલનાથજીને વૈષ્ણવોની વાર્તાઓની એક પોથી પ્રાપ્ત થઈ. તે વાંચીને શ્રીગોકુલનાથજી ગદ્ગદિત થઈ ગયા. આપે વિચાર કર્યો : આ ગ્રંથ મહારત્નરૂપ છે, તેથી તેને તાળાકૂંચીમાં સુરક્ષિત રાખવા જેવો છે. શ્રીગોકુલનાથજીએ તે પોથીને પોતાના નિત્યપાઠનાં પુસ્તકો સાથે એક પેટીમાં પધરાવી, તેને તાળું વાસ્યું. આપશ્રીએ પોતાના નિત્ય-નિયમના પાઠમાં આ પોથીનો પાઠ કરવાનો પ્રારંભ કર્યો. તદુપરાંત, આપશ્રી દરરોજ રાત્રે ભગવદ્વાર્તા કરતા, ત્યારે આ વૈષ્ણવો પૈકી એક-બે વૈષ્ણવોની વાત પણ કરતા.

એક દિવસ રાત્રે સત્સંગમાં આપે દામોદરદાસ હરસાનીજીની વાર્તા કહેવાનો પ્રારંભ કર્યો. દામોદરદાસજીના દિવ્ય ચરિત્રમાં આપ એવા ભાવવિભોર બની ગયા કે તે ચરિત્રનું કીર્તન કરતાં જ મધરાત થઈ ગઈ. શ્રીગોકુલનાથજી રોજ નિયમથી 'શ્રીસુબોધિની'ની કથા પણ કહેતા. તે દિવસે રાત ઘણી વીતવાથી 'શ્રીસુબોધિની'ની કથા ન કહેવાઈ. તેથી એક વૈષ્ણવે વિનંતી કરી : 'કૃપાનાથ!

આજે કથા ન થઈ.' આપે મંદ સ્મિત કરતાં આજ્ઞા કરી : 'વૈષ્ણવ, આજે તો મેં તમને કથાનું ફળ કહ્યું છે.'

શ્રીગોકુલનાથજીનું આ વચનામૃત ભગવદીયોના ચરિત્રની મહત્તા સમજાવે છે. વેદરૂપી આંબાનું ફળ શ્રીમદ્ ભાગવત છે. શ્રીમદ્ ભાગવતમાં પ્રભુનાં દિવ્ય ચરિત્રોની કથા છે; પરંતુ તે ફળનો રસ સરળતાથી પ્રાપ્ત થતો નથી. જેમ કેરીમાં રહેલો રસ મેળવવા અનેક પ્રક્રિયાઓ કરવી પડે, તેમ શ્રીમદ્ ભાગવતની કથામાં રહેલો ગુપ્ત ભગવદ્રસ મેળવવા માટે પણ મથવું પડે. તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતરૂપી રસ-સમુદ્રનું મંથન કરી, 'શ્રીસુબોધિની'રૂપે આપણને રસદાન કર્યું છે. પરંતુ 'શ્રીસુબોધિની'નો રસ પણ આપણા જેવા સામાન્ય જીવો માટે દોહ્યલો છે. 'શ્રીસુબોધિની'માં જે ભગવત્-સ્વરૂપ પ્રકટ કરવામાં આવ્યું, તે જ સ્વરૂપ આ ભગવદીયોનાં હૃદયમાં નિત્યરૂપે બિરાજમાન છે. અને તેથી ભગવદીયોનાં ચરિત્રોરૂપે બહુ જ સહજ અને સરળ રીતે આ ભગવદ્ રસનો સ્વાદ આપણને પ્રાપ્ત થાય છે, તેથી સર્વ ભગવત્-કથાઓના ફળરૂપે ભગવદીયોની કથા છે, એમ શ્રીગોકુલનાથજીએ વૈષ્ણવોને સમજાવ્યું.

શ્રીગોકુલનાથજીની વૃદ્ધાવસ્થા થઈ, ત્યારે તેમનાં નેત્રોનું તેજ ઝાંખું થયું. તેથી દરરોજે સવારે આપ સ્નાન કરી, નિત્યપાઠના ગ્રંથોનો સ્પર્શ કરી, પોતાનાં નેત્રે લગાવતા. તેમાં આપ નિયમપૂર્વક ભગવદીયોની વાર્તાની આ પોથીનો પણ ચરણસ્પર્શ કરતા. આપશ્રીના જ્યેષ્ઠકુમાર શ્રીગોપાલજી દરરોજ આ ઘટનાનું નિરીક્ષણ કરતા. તેમને આશ્ચર્ય થતું કે આ પોથીમાં એવું શું ગુપ્ત રહસ્ય છે કે પોતાના પિતૃચરણ તેનો નિયમપૂર્વક ચરણસ્પર્શ કરે છે અને તેને તાળાકૂંચીમાં ગુપ્ત રાખે છે! એક દિવસ ભૂલથી પેટી ખુલ્લી રહી ગઈ, ત્યારે શ્રીગોપાલજીએ ગુપ્ત રીતે પેટી ખોલી, તે પોથી લઈ વાંચવા માંડી. ભગવદીયોનાં દિવ્ય ચરિત્રો વાંચતાં જ તેમને અત્યંત પ્રસન્નતા થઈ. તેમણે વિચાર કર્યો : આ પોથીની નકલ કરી લેવા જેવી છે. તેમણે પોતાના વિશ્વાસપાત્ર લહિયા નારાયણદાસને બોલાવ્યા અને ગુપ્ત રીતે તે પોથીની નકલ કરી આપવા આજ્ઞા કરી. નારાયણદાસે તેમની આજ્ઞા પ્રમાણે તે નકલ શ્રીગોપાલજીને કરી આપી. પાછળથી આ ઘટના શ્રીગોકુલનાથજીએ જાણી, ત્યારે આપશ્રીએ વિચાર કર્યો કે પ્રભુની ઇચ્છા જ આ ભગવદીયોનાં ચરિત્રો વૈષ્ણવોમાં પ્રસિદ્ધ થાય એવી જણાય છે. જેવી પ્રભુની ઇચ્છા! આમ, કૃષ્ણ ભટ્ટજીની પોથીની પ્રતિલિપિ ગ્રંથ સ્વરૂપે પ્રકટ થઈ.

બીજી બાજુ, શ્રીગોકુલનાથજીના મુખારવિંદથી રોજ રાત્રે સત્સંગમાં ભગવદીયોની વાર્તાઓના પ્રસંગો સાંભળીને ઘણા વૈષ્ણવો ઘેર જઈ, તે રાતે જ પ્રસંગો પોથીમાં લખી લેતા. આમ, વૈષ્ણવોની વાર્તાની પોથીઓ તૈયાર થતી ગઈ. શરૂઆતમાં આ ચરિત્રો પ્રસંગાત્મક સ્વરૂપમાં નિરૂપણ પામેલાં હતાં. શ્રીગોકુલનાથજી દ્વારા જેમને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા પ્રાપ્ત થઈ, તેવા શ્રીહરિરાય મહાપ્રભુએ આ ભગવદીયોનાં ચરિત્રો એકત્ર કરી, તેમને વ્યવસ્થિત સ્વરૂપમાં સંપાદિત કર્યાં. આપશ્રીએ વિચાર કર્યો કે આ સર્વ પ્રસંગોમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું ઘણું રહસ્ય રહેલું છે, જે વૈષ્ણવો પોતાની રીતે સમજી શકે તેમ નથી. તેથી વૈષ્ણવોને આ વાર્તા-સાહિત્યમાં રહેલ પ્રસંગોનો ભાવ સમજાવવા માટે આપે જે તે પ્રસંગ ઉપર વ્રજભાષામાં ટીકા લખી. તેને 'ભાવપ્રકાશ'નામથી ઓળખવામાં આવે છે. શ્રીહરિરાયચરણે આ ભગવદીયોનાં જીવનની અન્ય પણ ઘણી બાબતો એકત્રિત કરી, તે વાર્તાઓને ત્રણ જન્મની વાર્તાઓ રૂપે સંકલિત કરી છે. ભગવદીયોની પ્રસંગાત્મક (સંખ્યાત્મક) વાર્તાઓનો રચનાકાળ નીચે પ્રમાણે સ્વીકારવામાં આવ્યો છે. ૮૪ વૈષ્ણવોની વાર્તાઓનો રચનાકાળ સં. ૧૬૪૨ થી ૧૬૪૫ વચ્ચેનો; જ્યારે ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનો રચનાકાળ ૧૬૯૭નો સ્વીકારવામાં આવ્યો છે. આ વાર્તાસાહિત્યની પ્રાચીનતમ પ્રતિ ૧૬૯૭ની સાલની આજે ઉપલબ્ધ છે.

શ્રીહરિરાયચરણ દ્વારા આ વાર્તા-સાહિત્યનું જે ભાવાત્મક સંસ્કરણ તૈયાર થયું, તેનો રચનાકાળ સં. ૧૭૦૨નો સ્વીકારવામાં આવ્યો છે. આ સંસ્કરણની પ્રાચીનતમ પ્રતિ ૧૭૪૬ની સાલની આજે ઉપલબ્ધ છે. આ વાર્તા સાહિત્ય પૈકીની કેટલીક વાર્તાઓને વિશેષરૂપે 'ભાવસિંધુ'નામના ગ્રંથમાં સંગૃહીત કરવામાં આવી છે. તેનો રચનાકાળ સંવત ૧૭૮૦નો સ્વીકારવામાં આવ્યો છે.

આ વાર્તા-સાહિત્ય વ્રજભાષામાં ગદ્યસ્વરૂપે લખાયેલું છે. વ્રજભાષાના ગદ્યસ્વરૂપના પ્રારંભની જ આ કૃતિઓ છે. તેથી આ વાર્તા-સાહિત્યથી જ વ્રજભાષાના ગદ્યનો પ્રારંભ થયો છે. તે દૃષ્ટિએ પણ આ વાર્તાસાહિત્યનું ભાષાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે.

આ વાર્તાસાહિત્ય શુદ્ધ રીતે પ્રામાણિક અને ઐતિહાસિક છે. તેના વિષે થયેલાં અનેક સંશોધનોએ તેની પ્રામાણિક્તા અને ઐતિહાસિક્તા સિદ્ધ કરી છે. તેથી આ વાર્તાઓ કોઈ કવિ-કલ્પનાઓ નથી, કોઈ પરીકથાઓ પણ નથી. તેમાં અતિશયોક્તિને પણ કોઈ અવકાશ નથી. જેવા પ્રસંગો જે જે વૈષ્ણવોના જીવનમાં બન્યા છે, માત્ર તેવા પ્રસંગો જ, તે તે સ્વરૂપે કહેવામાં આવ્યા છે. પરિણામે, તેમાં ભક્તોની ભક્તિનો ઉત્કર્ષ છે, તો તેમાં તેમની માનવસહજ મર્યાદાઓ પણ છે.

આ વાર્તાસાહિત્ય સાથે સંબંધિત બીજું પણ ઘણું સાહિત્ય આજે સુપ્રાપ્ય છે. શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીએ આ ભગવદીયોનું દૈનિક નામસ્મરણ કરવા સંસ્કૃતમાં ૮૪ વૈષ્ણવોની નામાવલિનું એક સ્તોત્ર રચ્યું છે. શ્રીવિષ્ણુદાસ છીપાએ '૮૪ વૈષ્ણવોં કા ચૌખરા' અને શ્રી અલીખાન પઠાણે '૮૪ વૈષ્ણવોં કા સૂચિપત્ર' વ્રજભાષામાં રચ્યાં છે, જેનો ઉલ્લેખ આપણે આગળ જોઈ ગયા છીએ. એક બીજા વિદ્વાન ભક્તકવિ શ્રીનાથ ભટ્ટે આ વાર્તાઓને સંસ્કૃત પદ્યમાં રચી છે, જે 'સંસ્કૃતવાર્તા મણિમાલા'ના નામે પ્રસિદ્ધ છે. વિ. સં. ૧૭૦૩માં બિરાજમાન શ્રીકાકાવલ્લભ મહારાજે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોનાં ગુજરાતી ધોળ રચ્યાં છે. એ જ પ્રકારે વિ. સં. ૧૭૧૫માં બિરાજમાન શ્રીવ્રજભૂષણજી મહારાજે પણ ૮૪ વૈષ્ણવોનું ધોળ રચ્યું છે. સુપ્રસિદ્ધ ભક્તકવિ શ્રીદયારામભાઈએ ગુજરાતીમાં ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોના ધોળની રચના કરી છે. આ વાર્તાસાહિત્યને પદ્યસ્વરૂપે રચવાનો પ્રશસ્ય પ્રયાસ શ્રીગોપીનાથજી શર્મા નામના વિદ્વાન ભક્તકવિએ કર્યો છે. તેમણે ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની પદ્યાત્મક વાર્તાઓ રચી છે. એ ઉપરાંત વ્રજભાષા, હિંદી, ગુજરાતી, સિંધી અને અંગ્રેજીમાં પણ આ વાર્તાસાહિત્યના અનુવાદ તૈયાર થયા છે અને પ્રકાશિત પણ થયા છે.

ગુજરાતી ભાષામાં આ વાર્તા-સાહિત્યને નવલિકા સ્વરૂપે તૈયાર કરવાના પણ પ્રશસ્ય પ્રયત્નો થયા છે, જેમાં ગો.વા.શ્રી વ્રજરત્નદાસભાઈ ચિ. પરીખ (પાટણ)ની 'પુષ્ટિભક્તોની શ્રેષ્ઠ વાર્તાઓ' ભાગ ૧ થી ૧૦ વિશેષ પ્રસિદ્ધ છે.

આ વાર્તાસાહિત્ય ઉપર ઘણા વિદ્વાનોએ સંશોધનો કર્યાં છે. તેમના તે સંશોધન-નિબંધો જુદી જુદી યુનિવર્સિટીઓએ માન્ય રાખી, તેમને 'ડૉક્ટરેટ'ની પદવીઓ આપી છે. તેમાંના કેટલાક સંશોધન-નિબંધો પુસ્તકરૂપે પ્રકાશિત થયા છે, જ્યારે કેટલાક આજે પણ અપ્રકાશિત છે.

આમ, આ વાર્તાસાહિત્યનો પ્રારંભ આજથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે થયો છે. તેના પ્રારંભ માટે વિ.સં. ૧૬૪૨ની સાલ સ્વીકારીએ, તો આ સાહિત્યની આયુમર્યાદા આજે ૪૦૦ વર્ષની પૂરી થઈ છે. ૪૦૦ વર્ષમાં આ સાહિત્યે તેના આનુષંગિક વિવિધ સાહિત્યની રચના માટે ઘણી પ્રેરણા પૂરી પાડી છે તેમજ તેના દૈનિક સ્વાધ્યાય માટે પણ ઉત્તમ પ્રકારની ભાવભૂમિકા પૂરી પાડી છે.

(૪) ભગવદીય વાર્તાસાહિત્યનું પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં સ્થાન :

પુષ્ટિમાર્ગીય સાહિત્યને બે મુખ્ય પ્રકારોમાં વહેંચી શકાય : ૧. પ્રમાણાત્મક સાહિત્ય અને ૨. પ્રમેયાત્મક સાહિત્ય. પ્રમાણાત્મક સાહિત્યમાં સૈદ્ધાંતિક

સાહિત્યનો સમાવેશ થાય. જે સાહિત્ય પુષ્ટિમાર્ગના મુખ્ય સિદ્ધાંત રૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપનું પ્રતિપાદન કરે, તે પ્રમાણાત્મક સાહિત્ય. પ્રમેયાત્મક સાહિત્યમાં ભગવદીયોને થયેલા પ્રત્યક્ષ અનુભવનાં વર્ણનોનો સમાવેશ થાય, જેમને આપણે આપ્ત પ્રમાણ કહીએ છીએ. આવા અનુભવોનું વર્ણન સિદ્ધાંતના દૃષ્ટાંતરૂપ છે, તેથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતના ફળરૂપ શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવે છે. પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણ પ્રમેય સ્વરૂપ છે, તેથી એમના અનુભવોનું વર્ણન કરતું સાહિત્ય પ્રમેયાત્મક સાહિત્ય છે.

પ્રમેયાત્મક સાહિત્યને પણ બે પેટા વિભાગોમાં વહેંચી શકાય : (૧) પુષ્ટિનું પ્રમાણભૂત પ્રમેય સાહિત્ય, અને (૨) કેવળ ભાવાત્મક સાહિત્ય.

શ્રીપ્રભુનાં લીલા અને ગુણાનુવાદ સંબંધી સાહિત્ય પુષ્ટિનું પ્રમાણભૂત પ્રમેય સાહિત્ય છે, જેમાં અષ્ટછાપ મહાનુભાવ આદિ ભગવદ્-ભક્તોનાં પદો વગેરેનો સમાવેશ થાય છે. શ્રીમહાપ્રભુજી સંબંધી જે સાહિત્ય છે તે કેવળ ભાવાત્મક સાહિત્ય છે. ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા દ્વારા શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજાય છે, તેથી આ વાર્તાસાહિત્ય ભાવાત્મક સાહિત્ય છે. તેના એકેએક અક્ષરમાં શ્રીમહાપ્રભુજી ઓતપ્રોતરૂપે બિરાજે છે. જેમ શ્રીમદ્ ભાગવત શ્રીપ્રભુનું નામાત્મક સ્વરૂપ છે, તેમ આ વાર્તાસાહિત્ય શ્રીમહાપ્રભુજીનું નામાત્મક સ્વરૂપ છે. આ વાર્તાસાહિત્યમાં શ્રીમહાપ્રભુજી ત્રિવિધ સ્વરૂપે બિરાજે છે. આપશ્રીના જીવનચરિત્રરૂપે આપ આધિભૌતિક સ્વરૂપે બિરાજે છે. આપશ્રી દ્વારા પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતોરૂપે આપ જ્ઞાનાત્મક સ્વરૂપે બિરાજે છે, જે આપનું આધ્યાત્મિક સ્વરૂપ પણ છે. ભગવદીયોનાં હૃદયમાં આપ ભાવાત્મકરૂપે બિરાજે છે, જે આપનું આધિદૈવિક સ્વરૂપ છે.

મહાનુભાવ ભગવદીયોએ શ્રીમહાપ્રભુજીનાં સાત સ્વરૂપો વર્ણવ્યાં છે : **(૧) મુખ્ય પુરુષાકાર સુધા સ્વરૂપ (૨) આનંદરૂપ કૃષ્ણ સ્વરૂપ (૩) પરમાનંદરૂપ સ્વામિની સ્વરૂપ (૪) ભગવદ્ મુખારવિંદરૂપ ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપ (૫) વૈશ્વાનરરૂપ તાપાત્મક સ્વરૂપ (૬) વલ્લભરૂપ લીલામધ્યપાતી સ્વરૂપ અને (૭) સન્મનુષ્યાકૃતિરૂપ આચાર્ય સ્વરૂપ.** આ સાતેય સ્વરૂપોનું નિરૂપણ વાર્તાસાહિત્યમાં છે, તેથી શ્રીમહાપ્રભુજીનાં આ સાતેય સ્વરૂપોનો અનુભવ વાર્તાસાહિત્ય દ્વારા આપણને થાય છે.

કલ્પવૃક્ષરૂપ વેદના બીજરૂપ ગાયત્રી છે. તે કલ્પવૃક્ષરૂપ વેદના રસાત્મક ફળરૂપે શ્રીમદ્ ભાગવત છે. તેમાં વિલસતી ભગવત્-સુધારૂપ 'શ્રીસુબોધિની'

છે. તેનો ભક્તોના મનથી અનુભવાતો નિર્ગુણ ભાવાત્મક વિલાસ એ વાર્તા-સાહિત્ય છે, તેથી વાર્તાસાહિત્યને શ્રીહરિરાયચરણ પરમ ફળરૂપ કહે છે. તેના દ્વારા આપણી ભાવનાઓ દૃઢ થાય છે અને ભાવનાઓ દ્વારા ભાવનું પોષણ થાય છે, તેથી વાર્તાસાહિત્યને આપણા સંપ્રદાયમાં ભાવાત્મક સાહિત્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

(૫) શ્રીમદ્ ભાગવત અને ભગવદીય વાર્તાસાહિત્યની તુલના :

શ્રીમદ્ ભાગવતમાં મુખ્યત્વે ભગવત્કથા છે અને સાથે સાથે ભગવદ્-ભક્તોની પણ કથા છે; જ્યારે વાર્તા-સાહિત્યમાં મુખ્યત્વે ભગવદ્-ભક્તોની કથા છે અને સાથે સાથે ભગવદ્રૂપ શ્રીમહાપ્રભુજીની પણ કથા છે, તેથી આ બંને ભાવપ્રધાન સાહિત્યનું તુલનાત્મક નિરૂપણ વિચારવા યોગ્ય છે.

શ્રીમદ્ ભાગવત અલૌકિક ફળસ્વરૂપે વ્યાપી વૈકુંઠમાં સાક્ષાત્ બિરાજમાન છે. વાર્તાસાહિત્ય શ્રીપ્રભુની નિત્યલીલામાં નિર્ગુણ ભાવસ્વરૂપે બિરાજમાન છે. સર્વ જીવોના ઉદ્ધાર માટે વેદ વ્યાસજી અને શ્રીશુકદેવજી દ્વારા શ્રીમદ્ ભાગવતનું પૃથ્વી પર પ્રાકટ્ય થયું. તેવી રીતે, દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીગોકુલેશ પ્રભુચરણ અને શ્રીહરિરાયચરણ દ્વારા વાર્તાસાહિત્યનું પૃથ્વી પર પ્રાકટ્ય થયું. શ્રીમદ્ ભાગવતના વક્તા શ્રીશુકદેવજી શ્રીપ્રભુનું અક્ષરબ્રહ્મ સ્વરૂપ છે, વાર્તા-સાહિત્યના વક્તા શ્રીગોકુલેશ પ્રભુચરણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવત્સુધા અવ્યક્ત સ્વરૂપે વિલસે છે, તો વાર્તા-સાહિત્યમાં ભગવત્સુધા વ્યક્ત-નિરાવરણ સ્વરૂપે વિલસે છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રીપ્રભુની સારસ્વત-કલ્પીય અવતાર-લીલાઓનું નિરૂપણ છે, જ્યારે વાર્તા-સાહિત્યમાં નિત્યલીલાસ્થ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીનાં ભાવાત્મક સ્વરૂપોની ભાવમયી લીલાઓનું નિરૂપણ છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રવણમાત્રથી સર્વ લીલાસહિત શ્રીકૃષ્ણનો હૃદયમાં આવિર્ભાવ થાય છે, વાર્તા-સાહિત્યના શ્રવણથી પરમ ફળરૂપ ભાવનું દાન થતાંની સાથે જ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી હૃદયમાં બિરાજે છે. શ્રીમદ્ ભાગવત પ્રભુનાં દ્વાદશ અંગરૂપ છે, તો વાર્તા-સાહિત્ય ધર્મધર્મી ઉભય સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીનાં દ્વાદશ અંગરૂપ છે. શ્રીભાગવતમાં મર્યાદા અને પુષ્ટિભક્તિ તથા ભક્તોની કથા છે; જ્યારે વાર્તાસાહિત્યમાં કેવળ પુષ્ટિભક્તિ અને ભક્તોની કથા છે.

(૬) વાર્તાસાહિત્યમાં બિરાજતું શ્રીમહાપ્રભુજીનું દ્વાદશાંગ સ્વરૂપ :

શ્રીમહાપ્રભુજીનાં બે ચરણ અધિકારલીલા અને સાધનલીલા છે. અધિકારલીલા શ્રી પ્રભુદાસ જલોટાના ચરિત્રમાં અને સાધનલીલા શ્રી દિનકરદાસ શેઠના ચરિત્રમાં પ્રકટ છે. શ્રીમહાપ્રભુજીનાં બે સાથળ - સ્થાનલીલા અને પોષણલીલા છે. સ્થાનલીલા શ્રીપૂર્ણમલ્લ ક્ષત્રિયની વાર્તામાંથી અને પોષણ લીલા શ્રીકનૈયાલાલ ક્ષત્રિયની વાર્તામાંથી સમજાય છે. શ્રીમહાપ્રભુજીના બે કર - સર્ગ અને વિસર્ગ લીલારૂપ છે. સર્ગ લીલા એટલે શ્રી માધવ ભટ્ટ કાશ્મીરીનું ચરિત્ર; વિસર્ગલીલા એટલે શ્રી યાદવેન્દ્રદાસ કુંભારનું ચરિત્ર. શ્રીમહાપ્રભુજીના બે હસ્ત - ઊતિ અને આશ્રયલીલાનાં સ્થાન છે. ઊતિલીલા શ્રીપદ્મનાભદાસજીના ચરિત્રમાં છે, જ્યારે આશ્રયલીલા ગદાધરદાસના ચરિત્રમાં છે. શ્રીમહાપ્રભુજીનાં બે સ્તન મન્વંતરલીલા અને ઈશાનુકથા લીલા છે. શ્રીનારાયણદાસ બ્રહ્મચારીના ચરિત્રમાં મન્વંતરલીલાનું દર્શન છે, શ્રીગજન ધવનના ચરિત્રમાં ઈશાનુકથા છે. શ્રીમહાપ્રભુજીનું મસ્તક મુક્તિલીલા છે, જેનું નિરૂપણ કાશીના શેઠ પુરુષોત્તમદાસના ચરિત્રમાં છે. શ્રીમહાપ્રભુજીનું હૃદય નિરોધલીલા છે, જેનું નિરૂપણ શ્રીદામોદરદાસ હરસાનીજીના ચરિત્રમાં છે.

શ્રીમહાપ્રભુજી પ્રત્યેક ભગવદીય હૃદયરૂપી નિકુંજમાં બિરાજમાન છે, તેથી ૮૪ ભક્તોનાં ૮૪ હૃદય આપની નિકુંજોનાં સ્થાન છે, જેમ શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવોની વાર્તા વિદ્યમાન છે, તેમ શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકો પણ વિદ્યમાન છે. શ્રીમહાપ્રભુજીની એકએક બેઠક આપશ્રીની એકએક નિકુંજનું સ્થાન છે, જ્યાં આપ આધિદૈવિક સ્વરૂપે શ્રીસ્વામિનીજીરૂપે શ્રીપ્રભુથી માન કરી બિરાજ્યા છે. તેથી આપની એક એક બેઠકનું સ્થાન એક એક ભક્તના હૃદયનું સ્થાન છે. આમ, ૮૪ વૈષ્ણવોના હૃદયમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી, તે તે ભગવદીયોની વાર્તા-સ્વરૂપે આપણને તેમના સ્વરૂપનો અનુભવ કરાવે છે.

(૭) વાર્તા-સાહિત્યની ભાષાઓ અને તેના વિવરણ ગ્રંથો :

શ્રીમદ્ ભાગવતમાં ત્રણ ભાષાઓ પ્રાપ્ત થાય છે : (૧) લૌકિક ભાષા, જેમાં ભૌતિક ઈતિહાસ આલેખવામાં આવ્યો છે. (૨) પરમત ભાષા, (૩) સમાધિ ભાષા. આ જ પ્રકારે વાર્તા-સાહિત્યમાં પણ ત્રણ ભાષાઓ પ્રાપ્ત થાય છે. ભગવદીયોનો ભૌતિક ઈતિહાસ વાર્તા-સાહિત્યની લૌકિકી ભાષા છે, જે અલ્પરૂપે વ્યક્ત થઈ છે. શ્રીમહાપ્રભુજીએ અન્ય વિદ્વાનો સાથે કરેલ શાસ્ત્રાર્થ અને ક્યારેક ભગવદીયોએ પણ અન્ય મનુષ્યો સાથે કરેલ શાસ્ત્રાર્થ વાર્તા-સાહિત્યની પરમત ભાષા છે. તેનું પ્રમાણ પણ અલ્પ છે. વાર્તા-સાહિત્યમાં છુપાયેલું ભાવ-રહસ્ય વાર્તા-સાહિત્યની સમાધિ ભાષા છે, અને તે પૂર્ણરૂપે પ્રમાણાત્મક પણ છે. આ સમાધિ ભાષાનું નિરૂપણ સમગ્ર વાર્તા-સાહિત્યમાં પૂર્ણરૂપ થાય છે.

વાર્તા-સાહિત્યનું વિવરણ કરતા ત્રણ ગ્રંથો આપણને પ્રાપ્ત થાય છે. ઈતિહાસરૂપે શ્રીમહાપ્રભુજીની નિજવાર્તા, પરમતરૂપે શ્રીબેઠકચરિત્ર અને ભાવરહસ્યની સમાધિ ભાષારૂપે ઘરુવાર્તાઓના ગ્રંથો વિદ્યમાન છે, જે ગ્રંથો વાર્તા-સાહિત્યને સમજવામાં સવિશેષ ઉપયોગી છે.

(૮) ૮૪ અને ૨૫૨ના આંકડાઓનું રહસ્ય :

વાર્તા-સાહિત્યમાં શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવો અને શ્રીગુસાંઈજીના ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ સંકલિત થઈ છે. ઐતિહાસિક રીતે વિચાર કરીએ, તો શ્રીમહાપ્રભુજીએ પોતાના આયુષ્યકાળમાં લગભગ ૧૮ વર્ષ સુધી સતત ત્રણ વખત સમગ્ર ભારતની પરિક્રમા ચરણારવિંદથી ચાલીને કરી છે. 'શ્રીબેઠકચરિત્ર' આદિ આપના ચરિત્ર-ગ્રંથો પરથી એ સ્પષ્ટ સમજાય છે કે આપે અસંખ્ય જીવોને શરણે લઈ, તેમનો ઉદ્ધાર કર્યો છે. શ્રીમહાપ્રભુજીના સેવકોની સંખ્યા ઘણી મોટી હોય, તો કેવળ ૮૪ વૈષ્ણવોની જ વાર્તા કેમ? આ વાર્તા-સાહિત્યમાં માત્ર ૮૪ વૈષ્ણવોને જ સ્થાન કેમ મળ્યું? ૮૪ના આંકનું કોઈ રહસ્ય ખરું?

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ-શ્રીગુસાંઈજીને તો એવો નિયમ હતો કે દરરોજ બે જીવને શરણે લીધા પછી જ ભોજન કરવું. આપશ્રીના ૭૨ વર્ષના દીર્ઘકાલીન જીવનમાં અનેક જીવો આપના શરણે આવ્યાનું ઈતિહાસ નોંધે છે, તો તેમાંથી કેવળ ૨૫૨ વૈષ્ણવોની પસંદગી કેમ થઈ? ૨૫૨ના આંકનું પણ કોઈ રહસ્ય ખરું?

આ બંને પ્રશ્નોના જવાબ વાર્તા-સાહિત્યના 'ભાવપ્રકાશ'ના પ્રારંભે શ્રીહરિરાયચરણ બહુ સુંદર રીતે આપે છે. આપણા માર્ગમાં બધી જ વસ્તુ ભાવાત્મક છે, તેથી આંકડાઓ પણ ભાવાત્મક છે. સૌ પ્રથમ આપણે ૮૪ના આંકનું ભાવાત્મક રહસ્ય સમજીએ.

૮૪નો આંક ઉપયોગમાં લેવાનું **પહેલું કારણ** એ છે કે પ્રભુમાંથી વિખૂટા પડેલા પ્રભુના અંશરૂપ જીવાત્મા પૃથ્વી પર ૮૪ લાખ દેહયોનિ ધારણ કરે છે. જીવાત્મા ૮૪ લાખ યોનિના જન્મ-મરણના ચક્રમાં ફરતો ફરતો માનવદેહ ધારણ કરે છે, ત્યારે તેને ધર્માચરણનો અધિકાર પ્રાપ્ત થાય છે. તે જીવાત્મા દૈવી હોય, તો શ્રીમહાપ્રભુજીના માર્ગમાં શરણે આવે છે. આમ, ૮૪ લાખ યોનિના પ્રતિનિધિઓ તરીકે ૮૪ વૈષ્ણવોને પ્રસંદ કરવામાં આવ્યા છે. એક એક વૈષ્ણવ એક લાખ યોનિના જીવોનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી ૮૪ આંક દ્વારા એમ સૂચવવામાં આવ્યું કે મનુષ્ય તરીકે જન્મ ધારણ કર્યા પછી જીવ દૈવી હોવા છતાં શ્રીમહાપ્રભુજીના શરણે ન આવે અથવા શરણે આવ્યા પછી પણ શ્રીમહાપ્રભુજીની

આજ્ઞા પ્રમાણે ન ચાલે તો તેને ફરીથી ૮૪ લાખ યોનિના જન્મમરણના ચક્રનું દુઃખ વેઠવું પડશે. તેમાંથી બચવાનો એક જ રાજમાર્ગ છે; અને તે આ ભગવદીયોના જીવનનું અનુસરણ કરી, જન્મ-મરણના દુઃખમાંથી મુક્ત થવું અને ભગવત્પ્રાપ્તિ કરવી. માટે ૮૪ વૈષ્ણવોની વાર્તાઓ પ્રકટ થઈ છે.

૮૪ના આંકનું એક **બીજું ભાવરહસ્ય** શ્રીહરિરાયજી સમજાવે છે. જેમ શ્રીઠાકોરજીનું સ્વરૂપ દ્વાદશ અંગાત્મક છે, તેમ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ પણ દ્વાદશ અંગાત્મક છે. શ્રીઠાકોરજીના પ્રત્યેક અંગમાં શ્રીઠાકોરજીના દિવ્ય ષડ્ધર્મ અને સાતમું ધર્મી સ્વરૂપ બિરાજમાન છે, તેમ શ્રીમહાપ્રભુજીના દ્વાદશ અંગ પૈકી પ્રત્યેક અંગમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય ષડ્ધર્મ અને સાતમું ધર્મી સ્વરૂપ બિરાજમાન છે. તેથી બારને સાતે ગુણતાં ૮૪નો આંક પ્રાપ્ત થાય. આમ, આ ૮૪ વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના દ્વાદશ અંગના દિવ્ય ષડ્ધર્મ અને ધર્મી સ્વરૂપરૂપ છે.

૮૪ના આંકનો એક **ત્રીજો ભાવ** શ્રીહરિરાયચરણ બતાવે છે. શૃંગાર લીલાના ૮૪ પ્રકારો રસશાસ્ત્રે બતાવ્યા છે. તે રીતે શ્રીપ્રભુ વ્રજમાં શ્રીસ્વામિનીજી આદિ લીલાપરિકર સાથે ૮૪ પ્રકારે ભાવવિલાસથી વિલસે છે. પ્રત્યેક વ્રજભક્ત પોતાના એકએક પ્રકારના વિશિષ્ટ ભાવવિલાસથી શ્રીપ્રભુની પ્રસન્નતા માટે સેવાતત્પર છે, તેથી અહીં ૮૪ વૈષ્ણવો દ્વારા શ્રીપ્રભુની સેવાના ૮૪ પ્રકારના ભાવવિલાસ પ્રકટ થયા છે; માટે ૮૪ વૈષ્ણવોની વાર્તા છે.

૮૪ના આંકનું **ચોથું રહસ્ય** પણ છે. વ્રજના કોશ ૮૪ છે. ૮૪ કોશના વ્રજમાં શ્રીવ્રજાધીશ ૮૪ પ્રકારના ભક્તિભાવવાળા વ્રજવાસીઓ સાથે સદૈવ બિરાજે છે. પ્રત્યેક કોશમાં એકએક ભાવવાળા વ્રજભક્તની નિકુંજ આવેલી છે. શ્રીપ્રભુ પ્રત્યેક વ્રજભક્તની નિકુંજમાં પધારી, તેમના મનોરથો પૂર્ણ કરે છે, તેથી 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાળદાસભાઈ ગાય છે કે 'સકળ વ્રજમાં વ્હાલો **પોઢિયા કરે રે વિશ્રામ.**' આ ભાવથી ૮૪ વૈષ્ણવની વાર્તા છે.

શ્રીહરિરાયચરણે બતાવેલા **ચાર ભાવ** ઉપરાંત એક **પાંચમો પ્રકાર** પણ અન્ય મહાનુભાવોએ બતાવ્યો છે. ૮૪ ના આંકનો આકાર વિચારવા જેવો છે. ૮ના આંકનો આકાર પાવડા જેવો છે, જ્યારે ૪ના આંકનો આકાર નાનકડા રૂમાલમાં થોડું પરચૂરણ મૂકી, તેને ગાંઠ વાળી હોય તેવો છે. આ બંને આકાર આપણને અદ્ભુત વાત સમજાવે છે. જેમ ભૂમિ પર વેરાયેલા પદાર્થોને પાવડા વડે એકત્રિત કરી, કપડામાં બાંધી સાચવવામાં આવે; તેમ આપણા હૃદયમાં ભગવદ્ભાવના અંશો વેરવિખેર સ્થિતિમાં છે, તેમને એકત્ર કરી, સત્સંગરૂપી

વસ્ત્રમાં બાંધી, હૃદયરૂપી તિજોરીમાં વ્યવસ્થિત રીતે સાચવી રાખવા માટેની આવશ્યકતા છે, તેથી ૮૪નો આંક તેના વિશિષ્ટ આકાર દ્વારા આપણને એમ બતાવે છે કે જેમ આ વૈષ્ણવોએ પોતાના હૃદયમાં અલૌકિક ભગવદ્‌ભાવનો સંગ્રહ અને સંરક્ષણ કર્યાં છે; તેમ આપણે પણ તેમના માર્ગે ચાલીને અલૌકિક ભગવદ્-ભાવનું સંરક્ષણ કરવું જોઈએ.

એક બીજી દૃષ્ટિએ પણ ૮૪ના આંકનો વિચાર કરીએ, તો ૮નો આંક અને ૪નો આંક મળીને તેનો સરવાળો ૧૨ થાય. ૧૨ના આંકનું ૧૧+૧ એમ વિભાજન કરીએ તો ૧૧નો આંક આપણી એકાદશ ઈન્દ્રિયોનું સૂચન કરે છે, ત્યારે ૧નો આંક આત્માનું સૂચન કરે છે. એનો અર્થ એ થયો કે આપણી એકાદશ ઈન્દ્રિયો સહિત આપણા આત્માનું સમર્પણ, જેમનાથી આપણે હજારો વર્ષોથી છૂટા પડ્યા છીએ તેવા શ્રીગોપીજન-વલ્લભને કરીને, તે સમર્પણને સેવા દ્વારા આ વૈષ્ણવોએ ચરિતાર્થ કર્યું; તેમ આપણે પણ ભગવત્‌સેવાનો માર્ગ પૂર્ણ રીતે સ્વીકારવો જોઈએ. ૮નો આંક રાસલીલા પ્રકરણમાં બતાવેલ અષ્ટનિધિ સ્વરૂપો અને ૪નો આંક શ્રીપ્રભુનાં ચાર સ્વામિનીઓનું સૂચન કરે છે. સમર્પણ અને સેવાના માર્ગે ચાલતાં આ ભગવદીયોને અષ્ટનિધિ અને ચાર સ્વામિનીજી સ્વરૂપે રાસલીલાના ફળની પ્રાપ્તિ થઈ, તેમ શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને પણ પુષ્ટિમાર્ગનું એ પરમ ફળ મળશે જ. માટે, આ ભગવદીયોના જીવનનું સતત ચિંતન કરવું જોઈએ.

હવે આપણે ૨૫૨ના આંકનો વિચાર કરીએ. ૮૪ને ત્રણ વડે ગુણવાથી ૨૫૨ની સંખ્યા મળે છે. એનો અર્થ એમ થયો કે ૨૫૨ વૈષ્ણવોમાં કેટલાક વૈષ્ણવો ૮૪ પ્રકારના છે, બીજા કેટલાક વૈષ્ણવો બીજા ૮૪ પ્રકારના છે; તો ત્રીજા કેટલાક વૈષ્ણવો ત્રીજા ૮૪ પ્રકારના છે. આ ત્રણેય પ્રકારોને આપણે સમજીએ. શ્રીમહાપ્રભુજીના સેવક ૮૪ વૈષ્ણવોને નિર્ગુણ ભક્તો કહેવામાં આવ્યા છે. તે ભક્તો અંશી-સ્વરૂપ છે, જ્યારે શ્રીગુસાંઈજીના સેવકોમાંથી ૮૪ સેવકો સાત્ત્વિક ભાવપ્રધાન છે. બીજા ૮૪ સેવકો રાજસ ભાવપ્રધાન છે. ત્રીજા ૮૪ સેવકો તામસ ભાવપ્રધાન છે. તેઓ નિર્ગુણ અંશી ભગવદીયોના અંશરૂપ છે. નિર્ગુણ ભાવપ્રધાન ભક્તોનું લક્ષણ શું હોય? સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવપ્રધાન ભક્તોનું લક્ષણ શું હોય? તે પણ આપણે સમજવું જોઈએ. અંશી રૂપ એટલે શું અને અંશરૂપ એટલે શું, એનો પણ વિચાર કરવો જોઈએ.

આપણે એક રૂપિયો લઈને બજારમાં જઈએ અને તેનું પરચૂરણ માગીએ, તો વેપારી પચાસ પૈસાનો એક સિક્કો આપે, પચીસ પૈસાનો બીજો સિક્કો આપે, વીસ પૈસાનો ત્રીજો સિક્કો આપે અને પાંચ પૈસાનો ચોથો સિક્કો આપે. આ ચાર સિક્કા મળીને એક રૂપિયાની કિંમત થાય. તો આમાં રૂપિયો એ અંશી ગણાય, પરચૂરણના બીજા બધા સિક્કા રૂપિયાના અંશ ગણાય. આમ, ૮૪ ભગવદીયો અંશી સ્વરૂપ છે, તેમના વિવિધ ભાવરૂપ ૨૫૨ ભગવદીયો અંશરૂપ છે. આનો અર્થ એ થયો કે એક ૮૪ ભગવદીયોના ભાવરૂપ ૨૫૨ વૈષ્ણવોમાં ત્રણ વૈષ્ણવો છે; જેમાંના એક સાત્ત્વિક ભાવપ્રધાન છે, બીજા રાજસ ભાવપ્રધાન છે અને ત્રીજા તામસ ભાવપ્રધાન છે.

નિર્ગુણ ભક્ત કોને કહેવાય? જે ભક્તોનું જીવન ભાવપ્રધાન હોય અને તેના પરિણામે તેમનામાં ક્રિયાનું પ્રાધાન્ય ઓછું હોય, તેમને નિર્ગુણ ભક્તો કહેવામાં આવે છે. તેમના હૃદયમાં એવી અલૌકિક ભાવસ્થિતિ પ્રકટ થઈ હોય છે કે જેથી ભાવાત્મક પ્રભુ સદાસર્વદા તેમના હૃદયમાં બિરાજે છે અને પોતાની અનેક લીલાઓનો તેમને હમેશાં અનુભવ કરાવે છે. આમ, જેમના હૃદયમાં અલૌકિક ભાવાત્મા સ્વરૂપે શ્રીપ્રભુને શ્રીમહાપ્રભુજી સદાસર્વદા બિરાજમાન છે અને તેના પરિણામે જેમને બાહ્ય ક્રિયાઓની આવશ્યકતા ઓછી રહે છે, તે નિર્ગુણ ભાવપ્રધાન ભગવદીયો છે. આવા ભગવદીયોને શ્રીમહાપ્રભુજી ‘સર્વોત્તમ’ ભગવદીયો કહે છે.

જે ભક્તોમાં પ્રભુ પ્રત્યે કામભાવ છે, એટલે કે, ‘પ્રભુ મારા છે, તેથી હું પ્રભુના સુખ માટે પ્રભુની સેવામાં તત્પર છું’ એવા ભાવવાળા ભક્તોમાં ક્રિયાનું પ્રાધાન્ય વિશેષ હોય છે; તે તામસ ભાવપ્રધાન ભક્તો છે. આવા ભક્તોમાં સેવા માટેનો દૃઢ આગ્રહ રહેલો હોય છે. રાજસ ભાવપ્રધાન ભક્તોમાં પોતાના તન અને ધનનો પ્રભુના સુખ માટે વિનિયોગ કરાવતાં, પોતાના ઘરમાં બિરાજતા પ્રભુને વિવિધ પ્રકારે લાડ લડાવવાનો વિશેષ આગ્રહ હોય છે. સાત્ત્વિક ભાવપ્રધાન ભક્તો વિશેષ કરીને ભગવત્‌કથા શ્રવણ, કીર્તન, ગુણગાન, સ્મરણ અને ચિંતનમાં આસક્ત હોય છે. આમ, ૮૪ નિર્ગુણ ભક્તોના ત્રિવિધ ભાવરૂપ ૨૫૨ વૈષ્ણવોનાં દિવ્ય ચરિત્રો હોવાથી આ સાહિત્ય ‘૨૫૨ વૈષ્ણવોની વાર્તા’ કહેવાયું.

(૯) ‘વૈષ્ણવ’ એટલે શું?

‘૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા’ એમ આપણે કહીએ છીએ, ત્યારે ‘વૈષ્ણવ’ શબ્દનો અર્થ પણ બરાબર સમજી લેવો જરૂરી છે. સામાન્ય રીતે

આપણે ‘વૈષ્ણવ’ શબ્દની વ્યાખ્યા એવી આપીએ છીએ કે જેમણે શ્રીવલ્લભકુળ દ્વારા અષ્ટાક્ષર મંત્રની દીક્ષા લઈ, ગળામાં તુલસીની માળા ધારણ કરી છે તે વૈષ્ણવ. આપણી આ સમજ ખૂબ જ પ્રાથમિક છે. કેવળ તુલસીની માળા ધારણ કરવાથી જ વૈષ્ણવતાના આચરણનો સંતોષ લઈ શકાય નહીં. શ્રીદયારામભાઈએ ‘વૈષ્ણવ’ શબ્દની ખૂબ સુંદર વ્યાખ્યા આપી છે : વૈષ્ણવ શબ્દનો પહેલો ‘વ’ શ્રીવલ્લભનો છે, બીજો ‘વ’ શ્રીવિઠ્ઠલનો છે, ‘ષ્ણ’ શ્રીકૃષ્ણનો છે. જેમના હૃદયમાં શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીકૃષ્ણ સદાસર્વદા બિરાજમાન છે તે વૈષ્ણવ. ‘વ’ના ઉપરની બે માત્રા સેવા અને સત્સંગરૂપી છત્રનું સૂચન કરે છે. જે જીવ સેવા અને સત્સંગના છત્ર નીચે શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીને સમર્પિત બનીને રહે અને તેના ફળ-સ્વરૂપે શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજી તેના હૃદયમાં સદાસર્વદા બિરાજે તે વૈષ્ણવ. આ વાર્તા-સાહિત્યમાં કુલ ૩૩૬ વૈષ્ણવોનાં ચરિત્રો છે, તે આવી વૈષ્ણવતાનાં દ્યોતક છે.

આપણે ‘વાર્તા’ શબ્દને પણ સમજી લઈએ. સામાન્ય રીતે ભગવચ્ચરિત્રોના ગુણગાનને ‘કથા’ના નામે ઓળખવામાં આવે છે; જેમ કે શ્રીભાગવતની કથા. અહીં ‘કથા’ શબ્દ ન વાપરતાં ‘વાર્તા’ શબ્દનો પ્રયોગ થયો છે. એનું કારણ પણ વિચારવા જેવું છે. જ્યારે કોઈ એક વ્યક્તિ પૂર્વે બની ગયેલી ઘટનાઓને પોતે અનુભવ્યા વિના, બીજાના અનુભવના આધારે કહેતી હોય, ત્યારે તેના કથનને કથા કહેવામાં આવે છે. લૌકિક કથાઓ આપણાં દેહ અને ચિત્તને થકવી નાખે છે; જ્યારે ભગવત્કથા આપણા દેહ અને ચિત્તને પ્રસન્નતા આપે છે. ‘કથા’ શબ્દને ઊલટાવીએ તો ‘થાક’ શબ્દ બને. જે ભગવત્કથાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરતાં થાક ન લાગે તે જ સાચી કથા. આવી કથા કરનાર વ્યક્તિને પ્રભુની તે તે લીલાનો અંગત અનુભવ હોતો નથી, તે કેવળ પોતાની જીભ દ્વારા તે પ્રસંગનું નિરૂપણ કરે છે.

‘વાર્તા’ શબ્દ સંસ્કૃત ‘વૃત્’ ધાતુ ઉપરથી બન્યો છે. જે કંઈ બન્યું છે અથવા બની રહ્યું છે તેને ‘વૃત્’ ધાતુ ઉપરથી, ‘વર્તન’ શબ્દથી ઓળખીએ છીએ. આપણા અનુભવમાં બીજાઓનું જે વર્તન હોય, તેને આપણે આપણા પોતાના અનુભવના આધારે બીજાને કહીએ તે વાર્તા. વાર્તામાં સાંભળનાર અને કહેનાર બંને સમાન સ્વભાવના હોય છે. બંનેની તેમાં રુચિ હોવી જરૂરી છે; તેથી બંને સાથે મળીને પોતાના પ્રિય પાત્રની વાર્તા પરસ્પરને કરે છે. તેમાં તેમનો પોતાનો અનુભવ પ્રકટ થાય છે, તેથી વાર્તા સવિશેષ રુચિકર, આનંદપ્રદ અને આપણા ચિત્તને યોગ્ય માર્ગે દોરનારી હોય છે. તેથી અહીં, આ ભગવદીયોના પ્રસંગોને ‘કથા’ શબ્દથી ન ઓળખાવતાં ‘વાર્તા’ શબ્દથી ઓળખાવવામાં આવ્યા છે; કારણ કે આ ભગવદીયોના હૃદયમાં ભાવાત્માસ્વરૂપે બિરાજમાન શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીરૂપ ચતુર્થ કુમાર શ્રીગોકુલેશચરણ પોતાના અનુભવ પોતાના સમાનધર્મા ભક્તોની સન્મુખ હૃદય ખોલીને કહી રહ્યા છે. તેથી પ્રિય-પરિકર વચ્ચેની, પોતાના પ્રિયતમ પ્રભુ અને તેમના પ્રેમાસ્વાદ ભક્તોની આ વાર્તા કેવળ વક્તાના મુખથી કહેવાયેલી કોરી કથા નથી, પરંતુ વક્તાના હૃદયના અનુભવનું જ વાણી-સ્વરૂપ છે. આ વાર્તાઓ અન્ય સામાજિક વાર્તાઓના જેવી કલ્પનાકથાઓ નથી, તે સત્ય ઘટનાઓ પણ છે.

(૧૦) ત્રણ જન્મની વાર્તા એટલે શું?

શ્રીહરિરાયચરણ આ વાર્તાઓના ‘ભાવપ્રકાશ’માં સમજાવે છે કે આ બધા ભગવદીયોની વાર્તાઓ તેમના ત્રણ જન્મની વાર્તાઓ છે. આપણે આપણા પોતાના એક જન્મને જાણીએ છીએ, તેની વાર્તાને પણ જાણીએ છીએ; પરંતુ બીજા બે જન્મ ક્યા? ત્રણ જન્મનું રહસ્ય સમજાવતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે **દરેક જીવના ત્રણ જન્મ છે : આધિભૌતિક જન્મ, આધ્યાત્મિક જન્મ અને આધિદૈવિક જન્મ.** પૃથ્વી ઉપર માતાપિતાની કૂખે બાળકનો જે જન્મ થાય, તે આધિભૌતિક જન્મ. આ જન્મની વિગતો માતા-પિતા ક્યાંક નોંધી રાખે છે અને બાળક મોટો થતાં તેની જન્મ તારીખ વગેરેની વિગતો તેને આપવામાં આવે છે. આધિભૌતિક જન્મની અને જીવનની બધી વિગતોની માહિતી આપણી પાસે હોય છે.

આવો બાળક મોટો થતાં યોગ્ય સમયે તેને શ્રીમહાપ્રભુજીની કૃપાથી શરણમંત્રનું દાન પ્રાપ્ત થાય, ત્યારે તે વૈષ્ણવ બને છે. શરણમંત્ર પછી બ્રહ્મસંબંધ મંત્રનું દાન થતાં તે તેનો નવો જન્મ કહેવાય છે. જેમ બ્રાહ્મણના ઘરમાં જન્મેલો બાળક યજ્ઞોપવીત સંસ્કાર પામતાં બ્રાહ્મણ બને છે, તેમ વૈષ્ણવઘરમાં જન્મેલાં બાળક બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરતાં વૈષ્ણવ બને છે. તે તેનો આધ્યાત્મિક જન્મ છે.

આવા જીવ શ્રીપ્રભુની નિત્યલીલામાં કોઈક સ્વરૂપે વિદ્યમાન હોય છે, જે શ્રીપ્રભુની ઇચ્છાથી પૃથ્વી પર જન્મ્યા હોય છે. તેમનું નિત્ય લીલામાં જે રૂપ છે તે તેમનાં આધિદૈવિક જન્મ અને જીવન છે. શ્રીહરિરાયચરણ જીવના આ ત્રણેય જન્મ અને જીવનની વિગતો આ વાર્તા-સાહિત્યમાં આપણને આપે છે, તેથી આ વાર્તાઓ ત્રણ જન્મની વાર્તાઓ તરીકે પ્રસિદ્ધ છે.

(૧૧) શ્રીગોકુલેશપ્રભુએ વાર્તાઓ દ્વારા બતાવેલી વૈષ્ણવતાની કક્ષાઓ:

આ વાર્તા-સાહિત્યને આપણે ધ્યાનથી અવલોકીશું તો આપણને જણાશે કે પ્રત્યેક વાર્તાના પ્રારંભમાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે 'શ્રીમહાપ્રભુજીકે સેવક અમુક અમુક... તાકી વાર્તા ઔર વાર્તાકો ભાવ કહત હૈં.' આ બધી વાર્તાઓના પ્રારંભમાં તે તે વૈષ્ણવ માટે 'સેવક' શબ્દનો ઉપયોગ થયો છે. આવી જ રીતે, દરેક વાર્તાના અંતમાં એમ કહેવામાં આવ્યું કે 'વે ઐસે મહાન ભગવદીય હતે.' આમ, દરેક વાર્તાના અંતમાં 'ભગવદીય' શબ્દનો ઉપયોગ થયો છે. શરૂઆતમાં 'સેવક' અને અંતે 'ભગવદીય' કહેવાનું તારતમ્ય શું? આવો પ્રશ્ન આપણને થાય. શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ વૈષ્ણવતાની કક્ષાઓ સમજાવતો એક પ્રકીર્ણ ગ્રંથ લખ્યો છે. તેમાં આપ સમજાવે છે કે વૈષ્ણવતાની સીડીનાં ચાર પગથિયાં છે. સીડીનું સૌથી નીચેનું પગથિયું 'દાસ' પદવીનું છે, ત્યાર પછીનું પગથિયું 'સેવક' પદવીનું છે, ત્રીજું પગથિયું 'ભગવદીય' પદવીનું છે અને સૌથી ઉપરનું ચોથું પગથિયું 'તાદશી' પદવીનું છે.

જે મનુષ્ય બ્રહ્મસંબંધ લઈને ભગવત્સેવા કરવાનો પ્રારંભ કરે, તે સૌ 'દાસ' પદવી ધરાવે છે; કારણ કે પ્રારંભિક કક્ષામાં આવા જીવનો પ્રભુ સાથે સ્નેહનો સંબંધ બંધાયો નથી. આવો જીવ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા કરવાનો હજી તો પ્રારંભ કરે છે, તેથી આવા જીવ માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'સેવા કૃતિર્ગુરોર્રાજ્ઞા' - ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી. જે વૈષ્ણવ ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરે તે દાસ. લૌકિકમાં પણ આપણા ઘરના કામ માટે આપણે કોઈ નોકરને રાખીએ છીએ, ત્યારે તે નોકર આપણી સૂચના અને માર્ગદર્શન પ્રમાણે ઘરનું કામ કરે છે. તેમાં તે પોતાની બુદ્ધિનો વિશેષ ઉપયોગ કરતો હોતો નથી. આવા નોકરને 'દાસ' સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. સ્વામીની સૂચના પ્રમાણે કામ કરે તે દાસ.

લૌકિકમાં સ્વામીની સૂચના પ્રમાણે કામ કરતાં કરતાં તે દાસના મનમાં તેના સ્વામી પ્રત્યે થોડો થોડો સ્નેહ જાગવા લાગે છે. પરિણામે, સ્વામીની જરૂરિયાતોને તે સમજતો થાય છે, સ્વામીના ગમા-અણગમાને જાણતો થાય છે. હવે તેને સ્વામીની સૂચનાઓની જરૂર રહેતી નથી. તે પોતે જ સ્વામીના સુખનો વિશેષ વિચાર કરીને તે પ્રમાણે તેમની વિશેષ સેવા કરે છે. આમ, સ્વામીના સુખનો જાતે વિચાર કરતો થાય, ત્યારે તે દાસ મટીને 'સેવક' બને છે. જે સેવા કરે તે સેવક. સેવામાં સ્નેહની મુખ્યતા છે, એટલે સ્નેહપૂર્વક સેવા કરે તે સેવક. આવી રીતે દાસ-પદવીને પ્રાપ્ત કરેલ વૈષ્ણવ શ્રીગુરુદેવની આજ્ઞા પ્રમાણે સેવા કરતાં કરતાં પોતાનું તન અને ધન, પોતાના પ્રભુની સેવામાં લગાડતાં, ધીમે ધીમે મનને પણ સેવામાં એકાગ્ર કરતો જાય છે. હવે તેને તેના સ્વામી એવા પ્રભુ પ્રત્યે હૃદયમાં સ્નેહનો ભાવ વધતો જાય છે. પરિણામે, તેની સેવા કેવળ ક્રિયા ન રહેતાં સ્નેહની અભિવ્યક્તિ બને છે. આમ, જે તન, મન અને ધનનો પ્રભુની સેવામાં, પ્રભુના સુખ માટે, પ્રભુમાં સ્નેહપૂર્વક વિનિયોગ કરે તેનું નામ સેવક.

સ્નેહપૂર્વક સ્વામીની લૌકિકમાં સેવા કરતાં કરતાં આવો સેવક ઘરનો અંતરંગ માણસ બની જાય છે. પછી 'તે નોકર છે' એવો ભાવ ભુલાઈ જાય છે. પરિવારના એક સભ્યની જેમ જ સ્વામી તેને સ્વીકારે છે અને પોતાના મનની બધી વાતો નિ:સંકોચ તેની આગળ રજૂ પણ કરે છે. આમ, આવો સેવક સ્વામીનો અંગત સ્વજન બની જાય છે. આવી જ રીતે, શ્રીપ્રભુની સ્નેહપૂર્વક સેવા કરતાં વૈષ્ણવના હૃદયમાં ભક્તિરૂપી વૃક્ષ ઉપર પ્રેમના અંકુર ફૂટ્યા હોય છે. તે પ્રેમ-અંકુરનાં પાન અને પુષ્પ જ્યારે ફૂટે છે, ત્યારે તેને 'આસક્તિ'ના નામથી ઓળખવામાં આવે છે. લૌકિકમાંથી આસક્તિ છૂટે ત્યારે પ્રભુમાં આસક્તિ થાય છે; તેથી ગૃહ વગેરેમાં બેચેની જણાય છે. હૃદયના ભાવની આવી સ્થિતિ સેવા કરતાં કરતાં થાય, પ્રભુ વિના જીવને જરાય ગોઠે નહીં, ત્યારે તેને આસક્તિનો ભાવ કહે છે. પ્રભુમાં આવા આસક્ત બનેલ ભક્તને 'ભગવદીય'ની સંજ્ઞા આપવામાં આવી છે. આવી ભાવસ્થિતિમાં પ્રભુ પોતાના આવા ભક્તને પોતાનો સાનુભવ કરાવે છે.

સ્વામીનો સ્વજન બનેલ સેવક સ્વામીના જીવનનું જ્યારે અવિભાજ્ય અંગ બની જાય, ત્યારે તેની સેવકતાની પરાકાષ્ટા હોય છે. હવે સેવકને સ્વામી વિના ચાલતું નથી અને સ્વામીને પણ સેવક વિના ચાલતું નથી. આવી જ રીતે, જ્યારે ભગવદીય-અવસ્થાને પ્રાપ્ત કરેલ વૈષ્ણવ પોતાના સમગ્ર ચિત્તનો પ્રભુમાં નિરોધ કરે છે, ત્યારે પ્રભુનો પણ તે ભક્તમાં પૂર્ણ નિરોધ થાય છે. આ સ્થિતિમાં ભક્તને ભગવાન વિના ક્ષણભર પણ ચાલતું નથી, તો ભગવાન પણ ભક્તથી અળગા રહી શકતા નથી. સતત ભગવદ્- અનુભવ કરનાર આવો જીવ પ્રભુના વિપ્રયોગમાં સદાકાળ તલ્લીન રહે છે. પરિણામે, તેને બાહ્ય અનુસંધાન રહેતું નથી, તેને દેહના ધર્મો નડતા નથી; તે હમેશાં ભગવદ્-વિરહમાં તલ્લીન હોય છે, તેનાં સેવાનાં બાહ્ય સાધનો પણ આપોઆપ છૂટી જાય છે. આવી ભાવસ્થિતિને 'વ્યસન' અવસ્થા કહેવામાં આવે છે. તે ભક્તિરૂપી વૃક્ષનું પરમ ફળ છે. આવી અવસ્થાને પ્રાપ્ત કરેલ વૈષ્ણવ 'તાદશી' વૈષ્ણવ કહેવાય છે.

એક વખત શ્રીગોકુલેશપ્રભુના કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટજીએ શ્રીગોકુલેશપ્રભુને પ્રશ્ન કર્યો : 'કૃપાનાથ! તાદશી વૈષ્ણવ કેવા હોય?'

'ભટ્ટજી, ક્યારેક આવા વૈષ્ણવનાં દર્શન કરાવીશ.'

થોડા દિવસ પછી શ્રીગોકુલેશપ્રભુનો જન્મદિવસ આવ્યો. આપે ગોકુળવાસ કરીને રહેતા બધા વૈષ્ણવોને પોતાને ત્યાં પ્રસાદ લેવા નોતર્યા હતા. સૌ વૈષ્ણવો પ્રસાદ લેવા બેઠા હતા. શ્રીગોકુલેશપ્રભુ વૈષ્ણવોની મંડળીની વચ્ચે કલ્યાણ ભટ્ટજી સાથે પધારી રહ્યા હતા, ત્યાં એક વૈષ્ણવે વિનંતી કરી : 'મહારાજ! મારી બાજુમાં બેઠેલા આ વૈષ્ણવ પ્રસાદ લેતા નથી. તેઓ બેઠા બેઠા રડ્યા કરે છે!'

'કેમ રે વૈષ્ણવ! તમે શા માટે રડો છો? કેમ પ્રસાદ લેતા નથી?'

'મહારાજ! મને ક્ષમા કરજો. મારી સ્થિતિ આપ જાણો છો. હું મારા ઘેર બિરાજતા પ્રભુને લાડ લડાવી શકતો નથી, પ્રભુને ઉત્તમ સામગ્રીઓ આરોગાવી શકતો નથી. આજે મારા ઘેર મારા પ્રભુ આપની કાનિથી કેવળ બાજરીનો રોટલો અને શાક આરોગ્યા છે. આપની આજ્ઞાનો અનાદર ન થાય, માટે મારે અહીં પ્રસાદ લેવા આવવું પડ્યું છે. આ બધી ઉત્તમ સામગ્રીઓ હું મારા પ્રભુને આરોગાવી શક્યો નથી; એટલે મારા પ્રભુ જે સામગ્રી આરોગ્યા નથી તે મારાથી કેવી રીતે લેવાય? ન લઉં તો આપની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. મારા પ્રભુના સુખનો વિચાર કરતાં મારાં નેત્રો ભીંજાઈ ગયાં કે સુકોમળ પ્રભુને હું કંઈ લાડ લડાવી શકતો નથી.'

આપે આજ્ઞા કરી : 'વૈષ્ણવ, તમને ધન્ય છે. તમે અહીં આવ્યા, એથી મને વિશેષ આનંદ છે. તમે હવે તમારા ઘેર જઈ શકો છો.'

તે વૈષ્ણવ આપને દંડવત્ પ્રણામ કરી, હસતાં હસતાં ઘર તરફ ચાલ્યા ગયા.

શ્રીગોકુલેશપ્રભુએ કલ્યાણ ભટ્ટને આજ્ઞા કરી : 'ભટ્ટજી, આ મારો તાદશી વૈષ્ણવ. તેના પ્રભુ નથી આરોગ્યા તેવી કંઈ પણ સામગ્રી લેતાં તેનું મન કચવાવા લાગ્યું. પોતાના પ્રભુના સુખનો જ સર્વ કોઈ પ્રકારે વિચાર કરે તે તાદશી.'

શ્રીમહાપ્રભુજી પણ 'પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે **'શુદ્ધા પ્રેમ્ણા અતિ દુર્લભાઃ ।'** શ્રીપ્રભુમાં આવો વિશુદ્ધ પ્રેમ ધરાવતા ભક્તો અતિ દુર્લભ છે. આવા ભક્તોને શ્રીહરિરાયચરણ 'તાદશી' વૈષ્ણવો કહે છે.

શ્રીગોકુલેશ પ્રભુચરણ વાર્તાના પ્રારંભમાં 'સેવક' શબ્દ મૂકીને એવું સૂચવે છે કે શ્રીમહાપ્રભુજીના શરણે આવનાર સૌ દાસ-ધર્મને તો વરેલા છે જ; કારણ કે બ્રહ્મસંબંધ લેનાર જીવનું એકમાત્ર કર્તવ્ય ઘરમાં ભગવત્સેવા કરવાનું જ છે, અને તે કર્તવ્ય શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના શરણે આવેલા બધા જીવોએ બજાવ્યું છે. એટલે જ્યાં બધા જ દાસ હોય, ત્યાં દાસધર્મનું પાલન કરનાર માટે વિશેષ આશ્ચર્ય રહે નહીં. માટે જ શ્રીગોકુલેશપ્રભુ દાસ-ધર્મનું પાલન કરનાર વૈષ્ણવોનું સ્મરણ વિશેષરૂપે અહીં કરતા નથી; પરંતુ જેમણે દાસધર્મનું પાલન કરતાં કરતાં પ્રભુમાં સ્નેહ પ્રકટવાથી સેવક ધર્મ અપનાવ્યો છે, એવા વિશિષ્ટ વૈષ્ણવોનું આપ સ્મરણ કરે છે; અને તેવા વૈષ્ણવોના સેવક ધર્મના પ્રસંગથી આપ ભગવદીય વાર્તાનો પ્રારંભ કરે છે. માટે, પ્રત્યેક વાર્તામાં 'સેવક' શબ્દથી વાર્તાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આવા સેવકો પ્રભુની સેવામાં તત્પર રહેતાં રહેતાં ભગવદીયત્વને પ્રાપ્ત થયા, ત્યાં સુધીની કથા શ્રીગોકુલેશપ્રભુએ કહી છે; તેથી વાર્તાના અંતમાં 'ભગવદીય' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તાદશીયતા મહા દુર્લભ છે. તે શબ્દોમાં વર્ણવી શકાય તેવી નથી. માટે શ્રીગોકુલેશ પ્રભુચરણે તાદશીયતાના પગથિયાને ગુપ્ત રાખ્યું છે. આ વાર્તાસાહિત્યમાં તાદશીયતાના સોપાનને આપે પ્રકટ કર્યું નથી; પરંતુ આ ભગવદીયો તાદશીયતાને પ્રાપ્ત થયા છે એ નિર્વિવાદ છે.

આમ, આ વાર્તા-સાહિત્ય આપણને 'દાસ' પદવીથી લઈને 'તાદશી'ની પદવી સુધી જવાનો ઉત્તમ માર્ગ બતાવે છે, તેથી આ વાર્તાઓ વૈષ્ણવતાનો સર્વોચ્ચ આદર્શ છે.

(૧૨) આપણે આ વાર્તાઓ શા માટે જાણવી જરૂરી છે?

આ વાર્તાઓનો ઝીણવટથી વિચાર કરતાં સમજાય છે કે આ વાર્તાઓ બે પ્રકારની છે : મોટાભાગની વાર્તાઓ અનુકરણીય છે, જ્યારે કેટલીક વાર્તાઓ વિચારણીય છે. ભગવત્સેવા કરવાનો સિદ્ધાંત બધા વૈષ્ણવોએ જીવનમાં આચર્યો છે. ભગવત્સેવાના તેમના પ્રસંગો આપણને હંમેશ માટે અનુકરણીય છે. બીજી બાજુએ, આ વૈષ્ણવોના જીવનમાં ક્યાંક ક્યાંક એવું પણ બન્યું છે કે તેમનાથી અજાણતાંમાં કોઈક દોષ થયો છે, જેનો અપરાધ તેમને ભોગવવો પડ્યો છે.

શ્રીગુસાંઈજીના સેવક રૂપા પોળિયા થઈ ગયા. તેઓ શ્રીનાથજીના મંદિરની રખેવાળીની સેવા કરતા. રાત્રે પણ મંદિરના દ્વાર પર જાગતા બેસી રહેતા અને ચોકી કરતા. તેમને શ્રીનાથજી સાનુભાવ જતાવતા. એક દિવસ શ્રીનાથજીના મંદિરના ભીતરિયાએ રૂપાને કહ્યું : 'ભંડારમાંથી આ વાસણમાં ઘી આપો.' રૂપાએ ભંડારમાંથી વાસણમાં ઘી ભરીને આપ્યું. ત્યાર બાદ રૂપાએ સાવચેતીપૂર્વક માટી લઈને હાથ ધોયા; છતાં અજાણતાંમાં, જમણા હાથના અંગૂઠાના નખની બાજુની ફાટમાં શ્રીનાથજીના આરોગવાના ઘીનો એક સૂક્ષ્મ અંશ ચોંટી રહ્યો.

રૂપાએ બપોરે ઘેર જઈ રસોઈ કરી, શ્રીનાથજીનાં ધજાજીને ભોગ ધરી પ્રસાદ લીધો; ત્યારે ગરમ દાળમાં હાથ બોળતાં જમણા હાથના અંગૂઠાની બાજુમાં ચોંટી રહેલો ઘીનો અંશ દાળમાં ઓગળીને તેમના પેટમાં ગયો. શ્રીનાથજીને આરોગવાના ઘીનો અસમર્પિત અંશ અજાણતાંમાં પેટમાં ગયો, છતાં આ દોષનું પરિણામ ભારે દુઃખદ આવ્યું. રૂપો બીજા જન્મમાં શ્વાન બન્યા. શ્રીગુસાંઈજીએ કૃપા કરી તેમનો શ્વાનયોનિમાંથી પણ ઉદ્ધાર કર્યો.

આ પ્રસંગ વિચારણીય છે.

આ પ્રસંગ આપણને વિચાર કરવા પ્રેરે છે કે શ્રીપ્રભુને આરોગવાની સામગ્રીનો સૂક્ષ્મ અંશ પણ અસમર્પિત સ્વરૂપમાં આપણા ભોજનમાં ન આવી જાય, તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ. આવા અનેક વિચારણીય પ્રસંગો પણ વાર્તા-સાહિત્યમાં વિદ્યમાન છે.

આમ, અનુકરણીય પ્રસંગો અને વિચારણીય પ્રસંગો દ્વારા આ વાર્તા-સાહિત્ય આપણી જીવનનૌકાને ભવસાગરમાં સાચા માર્ગે દોરે છે; માટે તે દીવાદાંડી સમાન છે.

આ વાર્તા-સાહિત્ય, બીજી રીતે કહીએ તો, કલ્પવૃક્ષ સમાન પણ છે. કહેવાય છે કે કલ્પવૃક્ષની નીચે બેસનાર વ્યક્તિ જે કંઈ ઈચ્છે તે કલ્પવૃક્ષ આપે છે. આપણા જીવનમાં આપણને ઘણી મૂંઝવણો નડે છે, ઘણી સમસ્યાઓના ઉકેલ માટે આપણે મથીએ છીએ. તેનો ઉકેલ આ વાર્તા-સાહિત્ય આપણને સારી રીતે આપે છે. જેમ કે આપણને પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવન્નામ સતત લેતાં રહેવું. આ કેવી રીતે શક્ય બને? તો નારાયણદાસ દીવાનની વાર્તા સતત ભગવન્નામ લેવાનો સરળ માર્ગ આપણને બતાવે છે. 'ભૈયા, ગોકુલ કબ ચલેંગે?' એ પ્રસંગ ભગવન્નામ લેવાનો સરળ ઉપાય બતાવે છે. ક્યાંક આપણને એવો વિચાર આવે કે હજી વધુ જ્ઞાન મેળવીએ તો કેવું? ત્યાં રાણા વ્યાસની વાર્તામાં શ્રીનાથજીની આજ્ઞા થાય છે કે જ્ઞાન શાના માટે મેળવવું છે? જ્ઞાનનો ભાર ઊંચકવાને બદલે પ્રભુને સમજવાનું જ્ઞાન થયા પછી, પ્રભુમાં પ્રેમ વધારી, પ્રભુની સેવામાં જ તત્પર થવું. આમ, આ ભગવદીય કલ્પવૃક્ષની જેમ આપણી સમસ્યાઓનો આપણને સુંદર ઉકેલ આપે છે.

આપણા ચાર વેદ દ્વારા ભગવત્-સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વેદ કોઈ મનુષ્યે રચેલા નથી, તે સાક્ષાત્ પ્રભુના ઉચ્છ્વાસમાંથી પ્રકટેલા છે; તેથી તેને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવેલા છે. તે જ પ્રમાણે, આ વાર્તા-સાહિત્ય શ્રીગોકુલેશપ્રભુ અને શ્રીહરિરાયચરણના મુખારવિંદમાંથી પ્રકટ થયેલું હોઈ તે પંચમ વેદ છે; અને તેથી તે આપ્તવાક્ય - પ્રમાણ છે. માટે, આ વાર્તા-સાહિત્યના પ્રત્યેક શબ્દમાં શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિ રાખી, તેનું શ્રવણ, કીર્તન અને મનન હમેશાં કરતાં રહેવું જોઈએ. આ પરંપરા વાર્તા-સાહિત્યના પ્રાકટ્યથી લઈને આજ સુધીનાં ૪૦૦ વર્ષમાં સતત આપણાં ઘરોમાં ચાલુ રહી છે. આજે પણ આપણે આ વાર્તા-સાહિત્ય વાંચીએ છીએ અને સાંભળીએ છીએ; પરંતુ ત્યાં જ અટકી જઈએ છીએ! તેના રહસ્યને સમજવા, વિચારવા અને અપનાવવામાં આપણા પક્ષે ઘણી શિથિલતા છે, તેથી આ પારસમણિ પ્રાપ્ત થવા છતાં આપણે તેનો સુપેરે ઉપયોગ કરી શકતાં નથી. માટે આજના સમયમાં આ અમૂલ્ય નિધિરૂપ ભગવદીય વાર્તા-સાહિત્યને જાણવું અને સમજવું વિશેષ આવશ્યક છે.

હવે, આપણે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો એવા ૮૪ વૈષ્ણવોની દિવ્ય ચરિત્ર-વાર્તાઓનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરીશું.

◆

માનવતાનો મહેરામણ

જગતમાં જ્યાં સુધી માનવતાનો મીઠો સ્રોત વહેતો રહેશે, ત્યાં સુધી જગત દેવોના નિવાસસ્થાન સમું સુંદર બની રહેશે. માનવીનાં હૃદય એકમેકનાં સુખદુ:ખને પિછાણી, એકમેકના સુખદુ:ખમાં સમભાગી બની, પરસ્પર બંધુભાવથી રહી, જગતને સુંદર નંદનવન સમું બનાવી દે છે. કોઈને ક્યારેય કશી વાતની ઊણપ નથી લાગતી. '**વસુધૈવ કુટુંબકમ્**' - પૃથ્વી આખી એક કુટુંબ બની રહે છે.

જ્યારે માનવતાનાં આ જળ સુકાય છે, ત્યારે નંદનવન સમું આ જગત કોઈ સ્મશાનભૂમિ જેવું બની જાય છે. માણસ માણસને ખાવા ધાય છે. સઘળે સંગ્રહખોરી, સ્વાર્થ અને લોલુપતાનું તાંડવ રચાય છે અને વાતાવરણ બિહામણું તથા ગૂંગળાવનારું બની રહે છે. આવી સ્થિતિ થાય તેને શાસ્ત્રો '**ધર્મની ગ્લાનિ થઈ**' એમ કહે છે; અને ત્યારે પ્રભુનો કૉલ છે કે પોતે પૃથ્વી પર પ્રકટ થાય છે.

આ પ્રકારે ધર્મગ્લાનિ થાય, ત્યારે પૃથ્વી પર રહેતાં મનુષ્યોમાં બે ભાગલા પડી જાય છે. એક ભાગ સંગ્રહવૃત્તિવાળો બની જાય છે. તે કોઈ પણ પ્રકારે પોતાને ત્યાં જગતની સમૃદ્ધિ-સુખનાં સાધનો એકત્ર થાય તે માટે પ્રયત્નશીલ બની રહે છે. શાસ્ત્રો આવા લોકોને રાક્ષસો કે તામસ પ્રકૃતિના મનુષ્યો કહે છે. બીજો ભાગ એવો રહે છે કે જેને પેટનો ખાડો પૂરવા માટે ફાંફાં મારવાં પડે છે. પછી તો '**બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્?**' (ભૂખ્યા માણસ કયું પાપ નહીં કરે?) મતલબ કે આ પેટનાં બળ્યાં માનવો પેલા સંગ્રહખોરો પાસેથી પેટપૂરતું મેળવવા નીતિ-અનીતિનો ખ્યાલ છોડી, મન-ફાવતાં આચરણો કરે છે. ચોરી, લૂંટ, હિંસા વધે છે અને પછી કાયદા-કાનૂનોની લાંબી જંજાળ રચાય છે. આવા માનવો પણ એક બીજા પ્રકારની રાક્ષસ-સૃષ્ટિ જ બની રહે છે. પણ આવા મનુષ્યોને પેટનો ખાડો પૂરવાને યોગ્ય સાધન મળી રહે અને પ્રથમ પ્રકારના સંગ્રહવૃત્તિવાળાઓને ત્યાગવૃત્તિવાળા બનાવી શકાય, તો તેમનામાં દૈવી સંપત્તિનો ઉદય થવાનો સંભવ ઘણો હોય છે. સૌનાં પેટ અને સાથે આત્મા સંતોષાય (**અન્નેન વૈ પ્રાણાઃ**), પ્રભુનું આપ્યું પ્રભુનો પ્રસાદ સમજી સૌ વહેંચીને ભોગવે, તે માનવતાનો સાચો રસ્તો છે. આ રસ્તો છોડી કાયદાઓની ચુંગાલમાં

માનવસમાજ ફસાય છે અને દિનપ્રતિદિન ઘર્ષણ વધતું જ ચાલે છે. આવી રીતે ધર્મગ્લાનિ થાય છે ત્યારે ભગવાન પોતાના કૉલ પ્રમાણે શાસ્ત્રો દ્વારા, સંતો દ્વારા અથવા કોઈ વિભૂતિ દ્વારા પૃથ્વી પર પધારી, લાલબત્તી ધરે છે કે
'થોભી જાઓ. આ સર્વ પ્રભુનું છે, તેને ત્યાગપૂર્વક વહેંચીને ભોગવો.'

પ્રભુના આ આદેશોને જે લોકો અવગણે છે, તેમના બૂરા હાલ થાય છે અને જેઓ તે યુગપુરુષના આદેશને ઝીલે છે તેઓ બડભાગી બની, કૃતકૃત્ય થઈ જાય છે. એમનું જીવન ધન્ય બની જાય છે અને તેઓ અંતકાળે દૈવી સંપત્તિના અંગરૂપ બની જાય છે.

ઉપર જણાવ્યું તેમ, વહેંચીને ભોગવવાની અનેક રીતો છે. અને સમયે-સમયે તે જુદાજુદા રૂપે પૃથ્વીના માનવો સમક્ષ કોઈ અવતાર દ્વારા કે વિભૂતિ દ્વારા પ્રકટ થાય છે. વિક્રમની સોળમી સદીમાં જ્યારે જગત એક તરફથી ધર્મ-અધર્મના વિખવાદોના બુરખા પાછળ કેવળ સ્વાર્થી અને ઢોંગી લોકોના પંજામાં અટવાતું, દુ:ખીદુ:ખી થઈ રહ્યું હતું, બીજી તરફથી પરધર્મી આક્રમક યવનો તરફથી તેમ જ અહીંના જ વાસી સ્વાર્થમાર્ગીઓ તરફથી સંતો અને સમસ્ત માનવજાતની સતામણી થઈ રહી હતી, સમાજ ધર્મ શું અને અધર્મ શું - એની વિમાસણમાં ઝોલાં ખાઈ રહ્યો હતો; ત્યારે ભારતની આ પુણ્યભૂમિ પર ભગવદ્વદનાવતાર શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ, પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્રપ્રભુની પાવન પુણ્યભૂમિ વ્રજ, વૃંદાવન, ગોવર્ધન અને શ્રીયમુનામૈયાના પુનિત તીરેથી માનવતાનો એવો મહેરામણ વહાવ્યો કે 'આવો, જગતના ઝંઝાવાતોથી ત્રાસેલા, બળેલા-ઝળેલા માનવીઓ આવો. તમે સહુ તો જગતના કર્તા આદિપુરુષના અંશો છો. મૂંઝાઓ મા, આવો. તમારા સ્વરૂપને ઓળખો. બ્રહ્મસંબંધ કરો. તમે જે કંઈ તમારું માનો છો તે સર્વ પ્રભુનું છે, તેની સત્તા પ્રભુની છે; માટે તેને તમારા આત્મા સાથે અર્પણ કરો. તેથી સર્વ વસ્તુ દોષરહિત બની જશે, અહંતા-મમતાનાં દોરડાં તૂટી જશે અને જગતનાં બધાં દુ:ખો, સૂર્યપ્રકાશ આવતાં ઝાકળના પાણીની જેમ અદશ્ય બની જશે. પછી તમારો વહેવાર જેમ એક જ શેઠના અનેક નોકરો હોય, તેઓ જેમ પરસ્પર મિત્રો બની રહે છે, તેમ તમે સૌ એક ઈશ્વરના જ અંશો - ભાઈઓ-મિત્રો બની રહેશો અને સુખી થશો. પછી તમે તે પ્રભુના સેવક, તેની દીધેલી સંપત્તિના ટ્રસ્ટી બની રહો. સંપત્તિ પ્રમાણે ભગવત્પ્રસાદીથી સૌને સંતોષો.' માનવતાનો આ મહેરામણ, આ અમૃત-સંદેશો જગતને પહોંચાડવા આપશ્રીએ પગે ચાલીને ભારતભરમાં ત્રણ-ત્રણ વાર પરિક્રમા

કરી. અનેક તપ્ત હૃદયોએ આપશ્રીનો સંદેશ ઝીલ્યો અને જીવન ધન્ય કર્યું. આપશ્રીના સ્વ-લીલાપ્રવેશ પછી આપના પુત્રો અને આપના વંશમાંથી અનેક આચાર્યો અને આપશ્રીનો અમૃત-સંદેશ ઝીલનાર અનેક વિરક્તોએ પણ આ પ્રયાસમાં બનતો ફાળો આપ્યો.

શ્રીગોકુલેશપ્રભુએ માનવ-મહેરામણના આ અમૃતને લોકભોગ્ય બનાવવા વચનામૃતો દ્વારા અને વાર્તાઓ દ્વારા એક સુંદર પ્રયોગ આદર્યો. આપશ્રીએ બોધેલી એ વાર્તાઓ (૧) **શ્રીમહાપ્રભુજીના ચોર્યાશી વૈષ્ણવો**, અને (૨) **શ્રીવિઠ્ઠલેશપ્રભુના ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ** વૈષ્ણવી સાહિત્યમાં ખૂબ આદર પામી. કોઈ પણ પુષ્ટિમાર્ગીય મંદિર એવું નહીં હોય, જ્યાં આ વાર્તાઓ નિત્ય નિયમપૂર્વક વંચાતી ન હોય! કેમ કે આ પ્રત્યેક વાર્તામાં માનવતાનાં મહાન અમૃત-ઝરણાં વહી રહ્યાં છે. વાર્તાઓમાં પાનેપાને '**પ્રસાદ લેવડાવો અને પ્રથમ સૌનું પેટ ઠારો**'-નો અનુરોધ છે; કેમકે પેટની આગ હોલવાશે ત્યારે જ જગતમાંથી પાપ અને પાપીઓ સમેટાશે. વાર્તાઓમાં ઠેર-ઠેર 'તમે પ્રસાદ અહીં લેજો', 'જતા-આવતા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવજો' આવે છે. 'રોજ એક વૈષ્ણવને પ્રસાદ લેવડાવ્યા પછી જ પ્રસાદ લેવાનો નિર્ણય રાખજો' - આવું બહારગામ જતો પતિ પોતાની સ્ત્રીને કહી જાય છે. આ બધી વસ્તુઓ માનવતાના મૂળને સ્પર્શી જાય છે. જે દિવસે કોઈ વૈષ્ણવ ન મળે, ત્યારે પોતે ભૂખ્યા રહેવાના દાખલા પણ ઘણા છે.

ખાતાં સ્વાદ આવે તે સ્વાદ નથી, પણ અન્યને ખવડાવતાં જે સ્વાદ આવે, એ જ સાચો સ્વાદ છે. બાયડના બ્રાહ્મણની સ્ત્રી પોતાનો દેહ વેચીને આવેલા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવા તૈયાર થાય છે! આ શું નાનીસૂની વાત છે? બે બ્રાહ્મણ ભાઈ ચોરી કરી, જીવના જોખમે વૈષ્ણવોનું સમાધાન કરે છે! અશ્રદ્ધાનો મોટો પહાડ છે તે માનવતાના-શ્રદ્ધાના અમૃતજળથી ધોવાઈ જાય છે; ત્યાં પાપીનાં પાપ ધોવાઈ જાય છે અને વાણિયો ઊલટો પવિત્ર થઈ, તે બ્રાહ્મણની સ્ત્રીનો ધર્મનો ભાઈ બની જાય છે! અને મૃત બ્રાહ્મણ જીવિત થાય છે.

આજકાલ સમાજ બેવડું-કપડી-જીવન જીવીને આત્મવંચના કરી રહ્યો છે, એનો આપણને ખ્યાલ સુદ્ધાં નથી. એક તરફથી પુષ્ટિમાર્ગમાં પ્રભુને ધરાતી વિવિધ પ્રકારની સામગ્રીઓને, ખાવાની લોલુપતાને નામે કેટલાક અણસમજુઓ નિંદે છે કે પછી ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. એમાં એમને રસોઈની કળાનાં દર્શન નથી થતાં, પણ જિહ્વા-સ્વાદનાં દર્શન થાય છે! જ્યારે રોજ-બરોજ વધતી જતી હોટેલો-રેસ્ટોરાં-આગગાડીનાં સ્ટેશનોએ વેચાતી અનેકવિધ ખાદ્ય ચીજોના ભંડારો વગેરેનું કીડિયારું ઊભરાઈ રહ્યું છે; તેનો એમને કંઈક જ હિસાબ નથી. પુષ્ટિમાર્ગ આ કપટી જીવન કે આત્મવંચના નથી ઇચ્છતો. માણસની એ નબળાઈ કહો કે રસવૃત્તિ કહો, એને એ સમજે છે અને એને સ્પષ્ટ સ્વરૂપે સ્વીકારીને આજ્ઞા આપે છે કે જરૂર માણસને ખાવા-પીવાની, તેમાંય સારું ખાવા-પીવાની વૃત્તિ છે જ અને તે રહેશે; પણ તેને નિયંત્રિત કરી, પ્રભુ સન્મુખ વાળીએ, તો તેનાથી હાનિ ન થતાં લાભ જ થશે. એથી પુષ્ટિમાર્ગ આજ્ઞા આપે છે કે તમે જે કંઈ કરો તે તમારા માટે નહીં, તમારા પેટ માટે નહીં; કેવળ જીભની લોલુપતા માટે નહીં; પણ ભગવદ્અર્થે કરો. ને પછી ભગવદીયો સાથે મળી, તેમને પ્રથમ સંતોષી, પછી જ એ ભગવત્ પ્રસાદીનો સ્વાદ લો; તેને ભોગવો, તો જ પ્રભુ પ્રસન્ન થશે. એ કેટલી ભવ્ય ભાવના! કેટલી મધુર માધુરી! અનેકોને વહેંચીને પછી બચે તે તમે લો, છૂટ છે. પછી ક્યાં રહ્યો જિહ્વાસ્વાદ! અને ક્યાં રહી રસલોલુપતા! ખાઓ-પીઓ, પણ પ્રભુનું પ્રભુને સમર્પીને અને પછી વહેંચીને - ભગવત્પ્રસાદી કરી વૈષ્ણવોને વહેંચીને-ખાઓ-ભોગવો. આમ કરતાં ઇન્દ્રિયો પ્રભુની સન્મુખ થતી જશે અને વિષયો છૂટતા જશે. અત્યારના આપણા સમાજના સ્વાર્થી જીવનમાં ઘરનાં માણસ ઉપરાંત બહારનું એક માણસ પણ આંખના કણા સમાન ખૂંચે છે. બહારના માણસની સરભરા આપણને પરવડતી નથી, ત્યાં નિત્ય નિયમપૂર્વકના આ પુષ્ટિમાર્ગીય આદર્શથી જીવવું એ કેટલું દુષ્કર છે! છતાં એ રીતે જીવવાનું બીજાઓને કેમ નથી ફાવતું એય સમજાતું નથી!

મારો એક પ્રત્યક્ષ અનુભવનો જ દાખલો આપું. મારે એક મિત્ર સાથે ઉપર વર્ણવ્યા, તેવી કોટિના એક ગૃહસ્થને ત્યાં જવાનું થયું. ત્યાંના વાતાવરણનું વર્ણન શું કરું! ઘરમાં પેસતાં જ એક સાત વર્ષનું બાળક મળ્યું. નવીન આવનાર અમને જોઈ 'જયશ્રીકૃષ્ણ' કર્યાં અને કહ્યું : 'વૈષ્ણવજી, પધારો. હું મારા બાપુજીને આપ પધાર્યાની વધાઈ દઈ આવું.' એક સાહિત્યકારને પણ ટપી જાય એવી આ નાનકડા બાળકની વાણી સાંભળી, ત્યારે ઉચ્ચ પ્રકારના હિંદુ ગૃહસ્થના ઘરની સંસ્કૃતિ કેવી હોય છે એનું ભાન થયું. અમને આવા નાના બાળકમાં આ સંસ્કારિતા જોઈ નવાઈ લાગી; પણ જ્યારે અમે એ ઘરના વડીલ આગળ આ વાત કહી, ત્યારે તો અમને આ નવાઈ કેમ લાગી એની જ એ ભગવદીયને નવાઈ લાગી! એમને મન તો એ બધું સહજ જ હતું! ઘરનાં અન્ય સ્ત્રીજનોમાં પણ એ જ સંસ્કારિતા જોવામાં આવી. સવારથી સાંજ સુધીનો ઘરનો સઘળો કાર્યક્રમ બસ

પ્રભુસેવાથી જ ભરપૂર હતો. એમનો સઘળો વહેવાર પ્રભુમય હતો. આવાં ઘરોમાં કળિયુગ ડોકાય જ ક્યાંથી? ભગવદીયોની આ વાર્તામાં માનવતાનો એ મહેરામણ ઊભરાતો દેખાય છે ને તે દ્વારા આપણને માનવતાનું સાચું સ્વરૂપ શીખવે છે. આ વાર્તાઓ આપણને જીવનની એક નવીન દૃષ્ટિ આપે છે.

લક્ષ્મી પ્રભુના ચરણની દાસી છે. આ વાર્તાઓમાં ઠેરઠેર જોવામાં આવે છે કે જીવનમાં અને ભગવત્પ્રાપ્તિમાં લક્ષ્મીનું કશું જ સ્થાન નથી. અનેક ધનવાનો કરતાં, કેવળ પોતાનું સર્વસ્વ એવું દાતરડું ને દામણું વેચીને મેળવેલ ટકો ભેટ કરનાર પટેલનું - તેના ત્યાગનું સ્થાન ઊંચું છે (વાર્તા ૧૦૨). એક ગરીબ ખેડૂત જ્વરને લીધે, નાદુરસ્ત તબિયતને કારણે ચાલવા અશક્ત હોવા છતાં, સંઘવાળા લક્ષ્મીના મદમાં અંધ બની એ લાચાર માનવને સહાય-સહારો નથી આપતા, ત્યાં તો શ્રીગોવર્ધનધર પોતે શ્રીગુસાંઈજીને કહી, એને માટે શ્રીગુસાંઈજીની પોતાની ખાસ ગાડી મોકલાવી, તેને સૌથી પ્રથમ બોલાવે છે; અને લક્ષ્મીમદથી છકેલાઓનાં દર્શન પણ બંધ કરાવે છે (વાર્તા ૨૪). કેટલો ભવ્ય ને મધુર આદર્શ! ગરીબ પટેલની શંખાવલીનાં સામાન્ય ફૂલોની માળા સામે પધારી, માગીને શ્રીગુસાંઈજી સ્વીકારે છે (વાર્તા ૬૯). બીજી તરફ લાડબાઈ-ધારબાઈના લાખો રૂપિયા આપશ્રી પાછા હડસેલે છે. અરે, દ્રવ્યલાલચુ ભંડારી તે લે છે ને સત્યાનાશ વહોરી લે છે (વાર્તા ૧૭૦). આ વાર્તાઓમાંથી આવાં તો માનવતાનાં અનેક અમૃત મળી રહે છે. આત્મપ્રેમના ઓજસને સન્માનવાની આ રીત કેટલી માનવતાભરી અને મીઠી લાગે છે! લક્ષ્મી પણ આવા માનવીઓના હાથમાં જતાં પોતાને ધન્ય માને છે.

શ્રીમહાપ્રભુજીએ વહાવેલા આ મહાન મહેરામણમાં જગતના તમામ મદો તણાઈને શુદ્ધ થઈ ગયા છે. લક્ષ્મીમદ, વિદ્યામદ, કુળમદ, જાતિમદ વગેરે અનેક પ્રકારના મદો અહીં આવી, પ્રભુના પ્રેમમાં રંગાઈ, મદ મટી મધ-કેવળ ભગવદ્રસ બની ગયા છે. અહીં ધનવાન અને ગરીબ, સશક્ત અને રોગી, પંડિત અને મૂર્ખ, ઉચ્ચ વર્ણના અને હલકી વર્ણના, જીવતા મનુષ્યો, પશુઓ, પંખીઓ અને મૃત પ્રેતો તેમજ વૃક્ષ જેવાં સ્થાવરો પણ પ્રભુને શરણે આવી, બ્રહ્મસંબંધ પામી, પ્રભુના દિવ્ય પ્રેમનાં સમાન અધિકારી બની શક્યા છે. અહીં તો 'જાતપાઁત જાને નહીં કોય, હરિકો ભજે સો હરિકો હોય.'

આ પ્રમાણે કેવળ અન્ન વડે તૃપ્તિ કરાવવાની ક્રિયા ઉપદેશીને જ આ પુષ્ટિમાર્ગના - ભક્તિના રાજમાર્ગના પ્રવર્તકો અટકી ગયા હોત, તો તેમનું કાર્ય અધૂરું અને પાંગળું રહેત; કેમ કે અન્નથી થયેલી તૃપ્તિ તો ક્ષણિક છે. અન્નદાન એ મોટું દાન તો છે; તેથી અલબત્ત, સર્વભક્ષી એવી પેટની આગ હોલવાય છે, પણ તે થોડી વાર પૂરતી જ. ફરી પાછી એ આગ વધારે જોરથી ભભૂકે છે, એટલે એથીય મોટું દાન વિદ્યાદાન-જ્ઞાનદાન ગણાયું છે. તે વડે અન્નપ્રાપ્તિના અને તેથીય વધુ ઊંચા આત્મસંતોષના-આત્મોન્નતિના પાઠ ભણાય છે. બળ્યા-ઝળ્યા જઠરનો અગ્નિ ઠાર્યા પછી તરત જ તેમના આત્માની ભૂખનું નિવારણ કરવાના-શાશ્વત શાંતિ, આનંદ ને પરમાનંદની પ્રાપ્તિના માર્ગ પણ ખોલી આપવા, એ આ માર્ગનો અંતિમ આદર્શ છે. આ વાર્તાઓમાં એ વસ્તુ સ્પષ્ટ દેખવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી પોતાના વૈષ્ણવોને પોતાની પાસે રાખીને અથવા પોતે તેમના ઘેર તેમની સાથે રહીને ગ્રંથોનાં અધ્યયન કરાવે છે, સેવાની રીતભાત શીખવે છે અને નિત્ય સત્સંગ માટે આદેશ કરે છે. વળી, શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી તો જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં બપોરના તેમ જ રાતના નિજમંડળી બોલાવી, શ્રીમદ્ ભાગવત, શ્રીસુબોધિનીજીનું વાચન ચાલુ રાખતા અને કોઈ કોઈ ઠેકાણે સપ્તાહો કરતા. આ પ્રમાણે અન્નપરબ સાથે જ્ઞાનપરબ પણ ચાલુ કરવામાં આવી હતી. કહેવત છે કે 'ભણ્યા પણ ગણ્યા નહીં.' આ પ્રમાણે જ્ઞાન પણ કેવળ વિતંડાવાદ માટે ન બની જાય અને સાચી જીવનમાધુરી માણી શકાય, તેનું પ્રત્યક્ષ શિક્ષણ આપશ્રીએ સેવા દ્વારા આપ્યું. બ્રહ્મસંબંધ દીક્ષા આપીને તરત જ કહેવામાં આવતું કે શ્રીઠાકોરજી પધરાવી સેવા કરો. આ સેવા એટલે ઢીંગલા-ઢીંગલીની રમત નહીં; પણ અનેક કળાઓનો સમન્વય અને ઋતુકાળ આદિનું સંપૂર્ણ જ્ઞાન. પાકશાસ્ત્ર, શૃંગાર, આભૂષણ, વેષભૂષા, ચિત્રકળા, સંગીતકળા વગેરે બધી જ લલિતકળાઓનો સુંદર સમન્વય આ સેવામાં આવી જાય અને શરણે આવેલા ભક્તોનો સર્વ સમય તે દ્વારા કેવળ ભગવન્મય બની રહે. તેમને આ જીવનમાં જ આનંદ-પરમાનંદની પ્રાપ્તિ થાય અને સાથે સાથે કળાઓ પણ પ્રભુમાં યોજાવાથી ધન્ય બની જાય. પ્રભુથી ઇતર લૌકિક અર્થે યોજાયેલી કળાઓની અહીં કોડી જેટલી કિંમત છે, એ તો બાદશાહી દરબારમાં અત્યંત માન પામેલ તાનસેન ગવૈયાને શ્રીગુસાંઈજીએ તેની કદરમાં સોનામહોરો ઉપરાંત એક કોડી આપીને દર્શાવ્યું છે.

કેવળ અન્નદાનનો બોધ આપી પુષ્ટિમાર્ગના પ્રવર્તકો બેસી રહ્યા હોત, તો એમનાં નામ કોઈ દાનેશ્વરોની હારમાળામાં જરૂર નોંધાત, પણ પરિણામે એમણે ભિખારીઓનું કે માયકાંગલાઓનું જ સર્જન કર્યું હોત કે ભિક્ષુકોની એકાદ નવી

જમાત ઊભી કરી હોત. પણ અન્નદાન દ્વારા જઠરાગ્નિની શાંતિનો માર્ગ બતાવી, તરત જ સેવા અને તેની સાથે આવી જતી કળાઓ દ્વારા આપશ્રીએ એક એવો ઉચ્ચ કક્ષાનો સમાજ ઊભો કર્યો કે જેને માટે ભારતભૂમિ મગરૂર છે અને જેના વિના વસુધા વાંઝણી રહેત. આ સેવા અને તે માટે અપાતા જ્ઞાનબોધે જનસમાજ પર એવી તો ભવ્ય અસર પાડી કે એ પછી દિલ્હીના બાદશાહ જેવાને કુંભનદાસજી જેવા એક સાધારણ ખેડૂત પણ બેધડક કહી શકે છે :

ભક્તનકો કહા સિકરી સોં કામ?
આવત જાવત ટૂટત પન્હૈયા બિસર ગયો હરિનામ ।
જાકો મુખ દેખે દુઃખ ઉપજે તાકો કરન પરિ પરનામ ।
કુંભનદાસ લાલ ગિરિધર બિન યહ સબ જૂઠો ધામ ॥

(બાદશાહ, મારે સિક્રીનું શું કામ? મારે તો જતાં-આવતાં જોડા ફાટ્યા ને પ્રભુનામ ભૂલ્યો એ વધારામાં. જેનું મોઢું જોતાં દુઃખ થાય છે, એવા તને મારે પ્રણામ કરવા પડ્યા, પણ (યાદ રાખ) રાજા! મારા પ્રભુ શ્રીગિરિધારીલાલ વગર મારે માટે આ તારો સુંદર આવાસ જૂઠો છે.)

એ જ જ્ઞાનબોધના પ્રતાપે કાશીના ધનાઢ્ય શેઠ પુરુષોત્તમદાસ જેવા લૌકિક મોટાઈ છોડી, ગાયોનાં છાણ-વાસીદાં વિના સંકોચે ઉપાડી શકે છે.

આ વાર્તાઓમાં અન્યનું વગર મહેનતે ના ખાવું, ધન માટે ધર્મનો સોદો ના કરવો વગેરે જે પ્રત્યક્ષ સંસ્કાર જોવામાં આવે છે તે આ માર્ગમાં આવનાર માટે ઉચ્ચ કક્ષાનું વિદ્યાદાન છે. વિઠ્ઠલદાસ કાયસ્થને ગૌડ દેશના નારાયણદાસ મારફતે ચાબૂકનો માર પડે છે, તે પોતે સહી લે છે; પણ પોતાની વૈષ્ણવતા દેખાડી તેમાંથી બચાવ શોધતા નથી (વાર્તા ૬). બે પટેલ ભાઈ, પોતાને મજૂરી આપનાર વૈષ્ણવ હોઈ, રખે ને તે ‘અમને વૈષ્ણવ જાણી બીજા મજૂરોને અન્યાય કરે અને અમારા પર પક્ષપાત કરે’ એ બીકે કંઠી અને તિલક છુપાવીને મજૂરીએ જાય છે અને મૂળ વાત પ્રગટ થતાં જ કામ છોડી ચાલ્યા જાય છે (વાર્તા ૧૭૨). કિશોરીબાઈ પોતાને અન્ય વૈષ્ણવ તરફથી મળેલી સામગ્રી સિદ્ધ કરી પ્રભુને ધરાવે છે, તે આરોગવા પ્રભુ પધારતા નથી, તેથી પરાયું - પોતે વગર શ્રમે પ્રાપ્ત કરેલું - પ્રભુને અર્પી શકાય નહીં, એવો જે બોધ આપે છે તે કોઈ સાધારણ શાળા નહીં આપી શકે.

પુષ્ટિમાર્ગ તો શીખવે છે કે **‘કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્’** ખરેખર! દોષરહિત જો કંઈ પણ દૈવત્વ હોય, તો તે કેવળ શ્રીકૃષ્ણ જ છે. માટે પ્રભુ શ્રીકૃષ્ણ તરફ વળો, તેના સિવાય બધી શક્તિઓ દોષવાળી છે તે તરફ મન ના દોડાવો. કોઈનું ઓશિયાળાપણું ના વેઠો, કોઈનો ડર ના રાખો અને કૃષ્ણ સિવાય કશાની કામના ના રાખો. વળી, જ્યારે કૃષ્ણ સિવાય સઘળું જ સદોષ છે, અપૂર્ણ છે, તો કોઈના દોષ કે અપૂર્ણતા જોઈ ઘૃણા ના કરો કે ગ્લાનિ ના લાવો. અહીં પતિતોની ઘૃણા નથી. પ્રેમપૂર્વક તેમને પણ આવકાર છે. એ બધાં જ દોષવાળાં પણ જો નિર્દોષ એવા કૃષ્ણ તરફ વળશે અને કૃષ્ણને મળશે, તો એમના સર્વ દોષ ધોવાઈ જશે અને સૌ પરમાનંદના ભાગીદાર બની રહેશે.

પુષ્ટિમાર્ગે ગૃહસ્થ જીવનનો નિરાળો પંથ (પૃથક્ શરણમાર્ગ) બતાવ્યો છે અને એને કારણે તેના સાહિત્યમાં પણ એક નવી જ ભાત પડી છે. કેટલાક શબ્દપ્રયોગો અન્યત્ર જોવામાંય ન આવે એવા અહીં થયેલા છે.

આ વાર્તાઓનું નિત્ય વાચન કરી, એમાં રહેલી માનવતા જીવનમાં ઊતરે તો જીવન ધન્ય બની જાય. ઘર તો ગોલોક કે ગોકુળ બની જાય ને ઘેર ઘેર આનંદના ઓઘ ઊછળે. કંગાલિયતનું તો નામનિશાન જ ન રહે! જય હો ચોરાશી-બસોબાવન વૈષ્ણવોનો અને એમનાં આદર્શ જીવન ઘડનાર પુષ્ટિમાર્ગીય ઘડવૈયાઓનો!

પૂનમચંદ દોશી
(મોડાસા)

■

૮૪ વૈષ્ણવનાં લીલાનાં સ્વરૂપ, જાતિ, ગામ વગેરેની યાદી

નં.	વાર્તા	વૈષ્ણવનું નામ	જાતિ	ગામ	લીલાનું નામ	કોની સખી
૧	૧	દામોદરદાસ હરસાની	ક્ષત્રી	વર્ધા	લલિતાજી	શ્રીસ્વામિનીજીની
૨	૨	કૃષ્ણદાસ મેઘન	,,	સોરમજી પાસે	વિશાખાજી	,,
૩	૩	દામોદરદાસ સંભરવાળા	,,	કનોજ	ચિત્રાજી	,,
૪		તેમની દાસી	દાસી	,,	કૃષ્ણાવેશની	શ્રીયમુનાજીની
૫	૪	પદ્મનાભદાસ	કનોજિયા બ્રાહ્મણ	,,	ચંપકલતા	શ્રીસ્વામિનીજીની
૬		તુલસાં બેટી	,,	,,	મણિકુંડલા	ચંપકલતાની
૭		એક વૈષ્ણવ	સનોઢિયા બ્રાહ્મણ	,,	સૌરભી	લલિતાજીની
૮		પાર્વતી બેટીની વહુ	કનોજિયા બ્રાહ્મણ	,,	રૂપવિલાસિની	સુચરિતાની
૯		પુરુષોત્તમ મહેરા	ક્ષત્રી	,,	સુચરિતા	ચંપકલતાની
૧૦		રઘુનાથદાસ	કનોજિયા બ્રાહ્મણ	,,	ગુણાભિરાન્યા	સુચરિતાની
૧૧		પરમાનંદ સોની	સોની	અડેલ	ચંદ્રિકા	ચંદ્રાવલીજીની
૧૨	૫	રજો ક્ષત્રાણી	ક્ષત્રી	,,	રતિકલા	લલિતાજીની
૧૩	૬	પુરુષોત્તમદાસ શેઠ	,,	કાશી	ઈન્દુકલા	લલિતાજીની
૧૪		રુક્મિણી બેટી	,,	,,	મોદિની	ઈન્દુલેખાની
૧૫		ગોપાલદાસ બેટા	,,	,,	ગાનકલા	,,
૧૬	૭	રામદાસ સારસ્વત	સારસ્વત બ્રાહ્મણ	પૂર્વમાં રહેતા	પ્રેમમંજરી	રાધાસહચરીની
૧૭	૮	ગદાધરદાસ કપિલ	,,	કડા	કલકંઠી	કુમારિકાના યૂથમાં
૧૮	૯	વેણીદાસ	ક્ષત્રી	માણેકપુર	બેજાર (ગાડાકો બેલ)	વૃષભાનજીના
૧૯		માધવદાસ	,,	,,	રત્નપ્રભા	લલિતાજીની
૨૦		વેશ્યા (માધવદાસે રાખેલી)	વેશ્યા	મહાવન	ચંદ્રલતા	ચંદ્રાવલીજીની
૨૧	૧૦	હરિવંશ પાઠક	સારસ્વત બ્રાહ્મણ	કાશી	ગતિઉત્તાલિકા	વિશાખાજીની
૨૨	૧૧	ગોવિંદદાસ ભલ્લા	ક્ષત્રી	થાણેશ્વર	મનસુખા ગોપ	નંદજીના ખવાસ
૨૩		મથુરાનો હાકેમ	મ્લેચ્છ	મથુરા	કોષાધ્યક્ષ	કંસનો
૨૪	૧૨	અમ્મા ક્ષત્રાણી	ક્ષત્રી	કડા	રોહિણીજી	બળદેવજીની માતા
૨૫		મોટો દીકરો	,,	,,	અર્જુન	શ્રીઠાકોરજીના
૨૬		નાનો દીકરો	,,	,,	ભોજ	,,
૨૭	૧૩	ગજન ધાવન	,,	આગ્રા	શુભઆનના	શ્રીચંદ્રાવલીજીની

૨૮	૧૪	નારાયણદાસ બ્રહ્મચારી	સારસ્વત બ્રાહ્મણ	મહાવન	મધુરેક્ષણા	કુમારિકાના યૂથમાં
૨૯		ભત્રીજી ચતુરા	’’	’’	ચતુરા	મધુરેક્ષણાની
૩૦	૧૫	મહાવનનાં ક્ષત્રાણી	ક્ષત્રી	મહાવન	ભદ્રા	શ્રીસ્વામિનીજીની
૩૧	૧૬	જિયદાસ સૂરિ	’’	આગ્રા	શ્યામા	શ્રીયમુનાજીની
૩૨		પુરુષોત્તમદાસ (મોટા બેટા)	’’	’’	કાવેરી	શ્યામાની
૩૩		છબીલદાસ (નાના બેટા)	’’	’’	મનોહરા	’’
૩૪		કૃષ્ણદાસ (સાળા)	ક્ષત્રી	આગ્રા	હીરા	શ્યામાની
૩૫		હરજીભાઈ (મિત્ર)	’’	મથુરા	છબિધામા	’’
૩૬		મથુરામલ (મિત્ર)	’’	’’	મંજુકિ	’’
૩૭	૧૭	દેવા કપૂર	’’	કડા	પ્રવીણા	જશોદાજીની
૩૮		તેમનાં સ્ત્રી	’’	’’	રસલીના	’’
૩૯	૧૮	દિનકર શેઠ	’’	પ્રયાગ	મન આતુરી	ઠાકોરજીની
૪૦	૧૯	દિનકરદાસ	કાયસ્થ	માળવા	ધરાનંદ	નંદજીના ભાઈ
૪૧		મુકુંદદાસ	’’	’’	ધ્રુવનંદ	’’
૪૨	૨૦	પ્રભુદાસ જલોટા	ક્ષત્રી	સિંહનદ	મન્મથમોદા	લલિતાજીની
૪૩	૨૧	પ્રભુદાસ ભાટ	ભાટ	’’	કલહંસી	’’
૪૪		કિરત ચૌધરી	ચૌધરી	’’	ધોબી (કંસનો)	કંસની
૪૫	૨૨	પુરુષોત્તમદાસ	ક્ષત્રી	આગ્રા	માધવી	શ્રીચંદ્રાવલીજીની
૪૬		તેમનાં સ્ત્રી	’’	’’	માલતી	’’
૪૭	૨૩	ત્રિપુરદાસ	કાયસ્થ	શેરગઢ	હરણી	શ્રીઠાકોરજીની
૪૮	૨૪	પૂરણમલ્લ	ક્ષત્રી	અંબાલા	ચિત્રલેખા	શ્રીલલિતાજીની
૪૯	૨૫	યાદવેન્દ્રદાસ પ્રજાપતિ	કુંભાર	મહાવન	મદોન્મત્તા (બિજાર)	નંદજીનો સાંઢ
૫૦	૨૬	ગુસાંઈદાસ	સારસ્વત બ્રાહ્મણ	મથુરા	સુવા	નિકુંજનો પોપટ
૫૧		એક વૈષ્ણવ	સનોડિયા બ્રાહ્મણ	’’	ચતુરા	શ્રીચંદ્રાવલીજીની
૫૨	૨૭	માધવ ભટ્ટ કાશ્મીરી	કાશ્મીરી બ્રાહ્મણ	કાશ્મીર	રત્ના દાસી	શ્રીયશોદાજીની
૫૩	૨૮	ગોપાલદાસ વાંસવાડાવાળા	ક્ષત્રી	વાંસવાડા	રસપ્રકાશિકા	શ્રીયમુનાજીની
૫૪	૨૯	પદ્મા રાવળ	સાંચોરા બ્રાહ્મણ	ઉજ્જૈન	વિમલા	શ્રીરુક્મિણીની
૫૫	૩૦	પુરુષોત્તમદાસ જોશી	બ્રાહ્મણ	ગુજરાત	ગુનચૂડા	શ્રીરુક્મિણીની
૫૬		તેમનાં સ્ત્રી	’’	ગુજરાત	દુર્વાસા (સખી)	ગુનચૂડાની
૫૭	૩૧	જગન્નાથ જોશી	બ્રાહ્મણ	ખેરાળુ	સૌરભી	છબિસિંધિની

૫૮		તેમનાં માતા	''
૫૯		નરહરિ (મોટાભાઈ)	''
૬૦		મહીધર દેસાઈ	ક્ષત્રી
૬૧		ફૂલબાઈ ''	''
૬૨	૩૨	રાણા વ્યાસ	સાંચોરા બ્રાહ્મણ
૬૩		રજપૂતાણી	ક્ષત્રી
૬૪	૩૩	રામદાસ સાંચોરા	સાંચોરા બ્રાહ્મણ
૬૫		તેમનાં સ્ત્રી	''
૬૬	૩૪	ગોવિંદ દવે	''
૬૭	૩૫	રાજા દવે	''
૬૮		માધો દવે	''
૬૯	૩૬	ઉત્તમશ્લોકદાસ	''
૭૦	૩૭	ઈશ્વર દવે	''
૭૧	૩૮	વાસુદેવદાસ	સારસ્વત બ્રાહ્મણ
૭૨	૩૯	બાબા વેણુ	''
૭૩		કૃષ્ણદાસ ઘઘરી	ક્ષત્રી
૭૪		યાદવદાસ	બનિયા
૭૫	૪૦	જગતાનંદ પંડિત	સારસ્વત બ્રાહ્મણ
૭૬	૪૧	આનંદદાસ	ક્ષત્રી
૭૭		વિશ્વંભરદાસ	''
૭૮	૪૨	એક બ્રાહ્મણી અડેલની	બ્રાહ્મણી
૭૯	૪૩	એક ક્ષત્રાણી પ્રયાગની	ક્ષત્રાણી
૮૦	૪૪	સાસુ ગોરજા	''
૮૧		વહુ સમરાઈ	''
૮૨	૪૫	કૃષ્ણા દાસી	બ્રાહ્મણી
૮૩	૪૬	બૂલા મિશ્ર	સારસ્વત બ્રાહ્મણ
૮૪	૪૭	રામદાસ (મીરાંના પુરોહિત)	મેવાડા બ્રાહ્મણ
૮૫	૪૮	રામદાસ ચૌહાન	ક્ષત્રી
૮૬	૪૯	રામાનંદ પંડિત	સારસ્વત બ્રાહ્મણ
૮૭	૫૦	વિષ્ણુદાસ છીપા	છીપા

છીપા	છબિસિંધિ	શ્રીસ્વામિનીજીની
''	ગંધરેખા	છબિસિંધિની
અલીણા	કુરંગાક્ષી	ચંદ્રાવલીજીની
ચપલાનૈની		''
ગોધરા	નાગવેલિકા	ઈન્દુલેખાની
સિદ્ધપુર	રસએની	નાગવેલિકાની
રાજનગર	સુભગા	ઈન્દુલેખાની
(અમદાવાદ)	સુભદ્રા	સુભગાની
ખેરાળુ	તન્મધ્યા	સત્યભામાની
મણુંદ	કુંજરી	લલિતાજીની
(સિદ્ધપુર પાસે)	રસાલિકા	''
ગોધરા	સુશીલા	ચંદ્રાવલીજીની
ગોધરા	મેના	''
સિંહનદ	મનસુખા ગોપ	નંદજીના ખવાસ
કાશી પાસે	સૌરસેની	વિશાખાજીની
''	કામલતા	''
''	તિલકની	સૌરસેનીની
થાણેશ્વર	માધુરી	ભામાજીની
પ્રયાગ	નાગરી	કુમારિકાની
''	મલ્લિકા	''
અડેલ	શશીકલા	લલિતાજીની
પ્રયાગ	નીલા	સ્વામિનીજીની
સિંહનદ	નંદા	ચંદ્રભાગાની
''	વૃન્દા	''
પટણા પાસે	વ્રજમંગલા	સ્વામિનીજીની
લાહોર	સુમંદિરા	વિશાખાજીની
મેવાડ	કંદર્પા સખી	''
બુંદેલખંડ	મધુએની	લલિતાજીની
થાણેશ્વર	તમચર	નિકુંજમાં
આગ્રા પાસે	કમલા સખી	ચંદ્રાવલીજીની

૮૮	૫૧	જીવનદાસ ક્ષત્રી	ક્ષત્રી	સિંહનદ	ઈશ્વરી સખી	યમુનાજીની
૮૯	૫૨	ભગવાનદાસ	સારસ્વત બ્રાહ્મણ	હાજીપુર (પટણા પાસે)	સુગંધિની	વિશાખાજીની
૯૦	૫૩	ભગવાનદાસ ભીતરિયા	સાંચોરા બ્રાહ્મણ	રાજનગર પાસે	સુંદરી	લલિતાજીની
૯૧	૫૪	અચ્યુતદાસ સનોઢિયા	સનોઢિયા બ્રાહ્મણ	મથુરા પાસે	મધુરા	''
૯૨	૫૫	અચ્યુતદાસ ગૌડ	ગૌડ બ્રાહ્મણ	મહાવન	મોહિની	વિશાખાજીની
૯૩	૫૬	અચ્યુતદાસ સારસ્વત	સારસ્વત બ્રાહ્મણ	કડા	રસાત્મિકા	યમુનાજીની
૯૪	૫૭	નારાયણદાસ કાયસ્થ	કાયસ્થ	અંબાલા	વ્રજવિલાસિની	કુમારિકાની
૯૫	૫૮	નારાયણદાસ ભાટ	ભાટ	મથુરા	વાનર	ગોકુલના વાનર
૯૬	૫૯	નારાયણદાસ લુહાણા	લુહાણા	ઠઠ્ઠા (સિંધ)	કેતકી સખી	વિશાખાજીની
૯૭	૬૦	એક ક્ષત્રાણી સિંહનદની	ક્ષત્રાણી	સિંહનદ	સુનંદા	ઉપનંદની સ્ત્રી
૯૮	૬૧	દામોદરદાસની માતા વીરબાઈ	કાયસ્થ	શેરગઢ	વનદેવી	પુલિંદિનીજીની
૯૯	૬૨	ક્ષત્રી સ્ત્રી	ક્ષત્રી	સિંહનદ	હંસા	વિશાખાજીની
૧૦૦		પુરુષ સિંહનદના	''	''	રંગા	''
૧૦૧	૬૩	એક સુતાર અડેલના	સુથાર	અડેલ	શ્રીદામા સખા	ઠાકોરજીના સખા
૧૦૨	૬૪	એક ક્ષત્રી પૂર્વના	ક્ષત્રી	પટના પાસે	મોહિની	કુમારિકાની
૧૦૩		અન્ય માર્ગીય બ્રાહ્મણ	બ્રાહ્મણ	''	લક્ષનિ	મોહિનીની
૧૦૪	૬૫	લઘુ પુરુષોત્તમદાસ	ક્ષત્રી	કાશી	ઉમાશંકર	નંદરાયજીના ભાટ
૧૦૫	૬૬	કવિરાજ ભાટ	સનોઢિયા બ્રાહ્મણ	મથુરા	શાંડિલ્ય મુનિ	નંદજીના પુરોહિત
૧૦૬	૬૭	ગોપાલદાસ ઈંટોડાના	ક્ષત્રી	ઈંટોડા (પંજાબ)	નૃત્યકલા	લલિતાજીની
૧૦૭	૬૮	જનાર્દનદાસ ચોપરા	''	થાણેશ્વર	કૃષ્ણાવતી	કુમારિકાના યૂથની
૧૦૮	૬૯	ગડૂ સ્વામી	સનોઢિયા બ્રાહ્મણ	વૃન્દાવન	બંદી દાસી	નંદરાયજીની દાસી
૧૦૯	૭૦	કન્હૈયાલાલ ક્ષત્રી	ક્ષત્રી	આગ્રા	કમોદિની	લલિતાજીની
૧૧૦	૭૧	નરહરદાસ ગોડિયા	ગોડિયા બ્રાહ્મણ	બંગાલ	સુગંધરા	કુમારિકાના યૂથની
૧૧૧	૭૨	નરહર સંન્યાસી	ગૌડ બ્રાહ્મણ	ગુજરાત	ગુલાબી સખી	ચંદ્રાવલીજીની
૧૧૨		વેણી કોઠારી	વાણિયા	અસારવા	પાંડરિ સખી	ગુલાબીની સખી
૧૧૩	૭૩	સદૂ પાંડે	વ્રજવાસી	આન્યોર	ચંદ્રભાન ગોપ	વૃષભાનજીના ભાઈ
૧૧૪		સ્ત્રી ભવાની	''	''	શ્યામદે	યશોદાજીની નણંદ
૧૧૫		બેટી નરો	''	''	રામદે	''
૧૧૬		માનિકચંદ	''	''	મધુમંગલ	ઠાકોરજીના સખા
૧૧૭	૭૪	ગોપાલદાસ જટાધારી	ગૌડ બ્રાહ્મણ	પ્રયાગ	રસભદ્રા	લલિતાજીની

૧૧૮	૭૫	કૃષ્ણદાસ	બ્રાહ્મણ
૧૧૯		તેમનાં સ્ત્રી	’’
૧૨૦		જ્ઞાનચંદ બનિયા	વાણિયા
૧૨૧	૭૬	સંતદાસ ચોપરા	ક્ષત્રી
૧૨૨	૭૭	સુંદરદાસ	ગંગાપુત્ર બ્રાહ્મણ
૧૨૩		માધોદાસ	સારસ્વત બ્રાહ્મણ
૧૨૪	૭૮	માવજી પટેલ	આંજણા
૧૨૫		સ્ત્રી બિરજો	કણબી
૧૨૬	૭૯	ગોપાલદાસ ક્ષત્રી	ક્ષત્રી
૧૨૭	૮૦	બાદરાયણદાસ	પુષ્કરના બ્રાહ્મણ
૧૨૮		તેમનાં સ્ત્રી	બ્રાહ્મણ
૧૨૯	૮૧	સૂરદાસજી	સારસ્વત બ્રાહ્મણ
૧૩૦		લોભી બનિયા	વાણિયા
૧૩૧		અકબર બાદશાહ	દેશાધિપતિ
૧૩૨	૮૨	પરમાનંદદાસ	કનોજિયા બ્રાહ્મણ
૧૩૩		કપૂર જલધરિયા	ક્ષત્રી
૧૩૪	૮૩	કુંભનદાસજી	ગોરવા ક્ષત્રી
૧૩૫		બેટા કૃષ્ણદાસ	ગોરવા ક્ષત્રી
૧૩૬		ભત્રીજી કુંભનદાસની	’’ ’’
૧૩૭		રજપૂત માંટગાઁવના	રજપૂત
૧૩૮		સદુ પાંડેકો ભૈસા	પાડો
૧૩૯	૮૪	કૃષ્ણદાસ અધિકારી	પટેલ
૧૪૦		અવધૂતદાસજી	સનોઢિયા બ્રાહ્મણ
૧૪૧		વેશ્યાની છોકરી	વેશ્યા
૧૪૨		ગંગાબાઈ ક્ષત્રાણી	ક્ષત્રાણી
૧૪૩		શ્યામ કુંભન	કુંભાર
૧૪૪		બડે રામદાસ સાંચોરા	સાંચોરા બ્રાહ્મણ

બાડ-ચોઈલા	નંદા	ચંદ્રાવલીજીની
’’	શુભદા	’’
ગુજરાત	પેંલીગોપ	ઠાકોરજીના ગોપ
આગ્રા	ચંદ્રિકા	ચંદ્રાવલીજીની
જગન્નાથ પાસે	પીપરીશિલા	કુમારિકાના યૂથમાં
’’	લીલા	’’
ઉજ્જૈન	રૂપા સખી	ચંદ્રાવલીજીની
’’	હરખા	’’
નરોડા	જશવંત	નંદજીના ખવાસ
મોરબી	શ્રુતિરૂપા	લલિતાજીની
મોરબી	ગંગા	લલિતાજીની
સિંહી ગામ	ચંપકલતા સખી	સ્વામિનીજીની
(દિલ્હી પાસે)	કૃષ્ણ સખા	ઠાકોરજીના
ગોપાલપુર	બિરજા	લલિતાજીની
દિલ્હી	બાલમુકુંદ (બ્રહ્મચારી)	યોગભ્રષ્ટ
કનોજ	ચંદ્રભાગા	સ્વામિનીજીની
	તૌક સખા	ઠાકોરજીના
અડેલ	સોનજૂહી	ચંદ્રભાગાની
જમુનાવતા	વિશાખાજી	સ્વામિનીજીની
જમુનાવતા	ગાયોના ગોપ	લીલામાં ગોપ
’’	સરોવરિ	વિશાખાજીની
માંટગાઁવ	નેના ગોપ	ઠાકોરજીના
આન્યોર	વૃન્દા મલિન	વૃષભાનજીની
ચિલોતરા	લલિતાજી	સ્વામિનીજીની
(ગુજરાત)	ઋષભ સખા	ઠાકોરજીના
અડીંગ	કેતિની	કુમારિકાના યૂથમાં
આગ્રા	બહુભાષિની	લલિતાજીની
મથુરા	તામસી ભક્ત	ચંદ્રાવલીજીની
મહાવન	રસતરંગિની	વિશાખાજીની
ગુજરાત	મનોરમા	ચંદ્રાવલીજીની

૧. પ્રીત બઁધી શ્રીવલ્લભપદ સોં

(શ્રી દામોદરદાસ હરસાનીજી)

‘શ્રીવલ્લભ રસપાત્ર જે શ્રી દામોદરદાસ,
પદરજ વન્દુ એમની, ગુણ ગાવાની આશ;
મુજ વાણી મતિમૂઢ અતિ, થાવા એહ પવિત્ર,
અભિલાષ ધરી ગાઉં એ ભગવદી કેરું ચરિત્ર.’
- વ્ર. ચિ. પરીખ (પાટણ)

દક્ષિણ ભારતમાં, કાવેરી નદીના કિનારે, શ્રીરંગપટ્ટણમ્ ગામ. ત્યાં થીરદાસ નામના શ્રીમંત અને ધર્મનિષ્ઠ ક્ષત્રિય રહે. સૌ તેમને કપૂરચંદના નામે ઓળખે. હરિશરણી તેમની અટક. બોલતાં બોલતાં તેનું થઈ ગયું ‘હરસાની’. તેમનાં પત્નીનું નામ જશોદા.

તેમણે શ્રીરંગપટ્ટણમ્માં બે ધર્મશાળાઓ બંધાવી હતી. ધર્મશાળામાં ઊતરતા સાધુ-સંતો અને યાત્રાળુઓનો તેઓ સારો સત્કાર કરતા. તેમને સાધુ-સંતોની સેવામાં અને સત્સંગમાં ખૂબ પ્રીતિ હતી. પ્રૌઢાવસ્થા સુધી તેમને સંતાન ન હતું.

એક દિવસ એક મહાપુરુષ થીરદાસને ત્યાં આવી ચડ્યા. તેમણે થીરદાસની સેવાથી પ્રસન્ન થઈ, થીરદાસને કહ્યું : ‘વત્સ, તું ચિંતા ન કરીશ. તને ચાર પુત્રો પ્રાપ્ત થશે. તેમાંયે તારો ચોથો પુત્ર મહાન હરિભક્ત થશે. તે તારી ઈકોતેર પેઢીને તારી દેશે!’

સંતના આશીર્વાદ મળ્યા, પણ થીરદાસ અતિ ઉત્સાહી ન હતા, કારણ કે તેઓ હવે વૃદ્ધ બન્યા હતા. હવે પુત્ર થવાની આશા ક્યાંથી રહે? પરંતુ હરિભક્તો હરિ સમાન શક્તિવાળા હોય છે. તેઓ પણ અન્યથા કરી શકે છે. વૃદ્ધાવસ્થામાં થીરદાસને ત્યાં પહેલા પુત્રનો જન્મ થયો. તેનું નામ ચતુરદાસ પાડ્યું. એક વર્ષ પછી બીજા પુત્રનો જન્મ થયો, તેનું નામ ભગવાનદાસ પાડ્યું. ફરી એક વર્ષે ત્રીજા પુત્રનો જન્મ થયો. પછી તો થીરદાસની વય સિત્તેર વટાવી ચૂકી. તેમનાં પત્ની પણ વનમાં પ્રવેશી ચૂક્યાં હતાં.

સં. ૧૫૩૧ના મહા માસના શુક્લ પક્ષની ચતુર્થીનો દિવસ હતો. થીરદાસ દુકાને બેઠા હતા, ત્યારે ઘરની દાસી દોડતી આવી. હાંફતા અવાજે કહ્યું : ‘શેઠજી, વધાઈ છે! આપને ત્યાં ચોથા દીકરાનો જન્મ થયો છે. બાળક અદ્ભુત છે. આપ ઘેર પધારો.’

થીરદાસ ઘેર ગયા. નવજાત પુત્રનું મુખ જોયું. પુત્રના લલાટમાં દિવ્ય ભગવત્તેજ હતું. એ તેજમાં જાણે તિલક કર્યું હોય એવી ઝાંખી થતી હતી! બાળક પ્રસન્ન-વદન હતું. આંખો મીંચીને કોઈકના સ્મરણમાં ખોવાઈ ગયું હોય એવો મુખ પર ભાવ રમતો હતો. તે આજાનબાહુ હતું, અંગ સુવર્ણરંગી હતું, કેશ લાંબા હતા.

ભક્તકવિએ વધાઈ ગાઈ :

‘આજ બધાયો મંગલચાર,
માઘ માસ શુક્લ ચૌથ હૈ, હસ્ત નચ્છત્ર રવિવાર.
પ્રેમસુધાસાગર રસ પ્રગટ્યો, આનંદ બઢ્યો અપાર,
‘દાસરસિક’ જન જાય બલિહારી, સરબસ દિયો બાર.’

થીરદાસે તરત જ જ્યોતિષીઓને બોલાવ્યા. જ્યોતિષીઓએ ગ્રહોનું ગણિત માંડીને કહ્યું : ‘શેઠજી, તમારો આ પુત્ર ગુણવાન અને બુદ્ધિમાન છે; પરંતુ તે સંસારનો રાગી નહીં બને, તે હરિનો અનુરાગી હશે. તે મહાન ભગવદ્-ભક્ત બનશે. તેનાથી તમારા સૌ પૂર્વજોનો ઉદ્ધાર થશે. સાથે સાથે બીજા અનેક જીવોનો પણ ઉદ્ધાર થશે.’

આ સાંભળતાં જ થીરદાસને મહાત્માનાં વચનો યાદ આવ્યાં. તેમને આનંદ થયો કે મહાત્માના આશીર્વાદ તેમના જીવનમાં સાચા પડ્યા છે. તેમણે ચોથા પુત્રનું નામ રાખ્યું ‘દામોદરદાસ’. તેમના એક સંબંધીએ પૂછ્યું : ‘તમારા આ દીકરાનું નામ દામોદરદાસ કેમ રાખ્યું?’

થીરદાસે સ્વસ્થ ચિત્તે જવાબ આપ્યો : ‘ચોથો દીકરો મહાત્માની પ્રસાદી છે. તેના ગ્રહયોગ પણ કહે છે કે તે ભગવાનનો મહાન ભક્ત થશે. પ્રભુનું નામ છે દામોદર. ભાગવતમાં દામોદરલીલા આવે છે. પ્રભુ માતાના પ્રેમને વશ થઈ દોરડે બંધાયા હતા. આ દીકરો ભક્તોને વશ રહેનાર ભગવાનનો દાસ છે, માટે મેં એનું નામ દામોદરદાસ રાખ્યું છે.’

દામોદરદાસના જન્મ પછી થોડા જ દિવસોમાં તેમનાં માતા જશોદા હરિશરણ થયાં. થીરદાસે પોતે જ દામોદરનાં માતા બની, તેમનું લાલન-પાલન કરવા માંડ્યું. બાળક મોટો થતો જાય છે, સાથે સાથે પિતાની ચિંતા વધતી જાય

છે. બાળક હસતો નથી. રમાડવા માટે તેને કોઈ ખોળામાં લે તોય સામું જોતો નથી. યોગીની જેમ તેની નજર સતત નાસાગ્રે જ લાગેલી રહે છે! રહે જ ને! યોગીથીયે અધિક તે વિપ્રયોગી છે! ગોલોકધામમાંથી પૃથ્વી પર અવતરતાં તેમને પોતાના મૂળ સ્વરૂપની યાદ ભુલાઈ નથી. તેમના હૃદયમાં શ્રીવલ્લભના સ્મરણનું રમણ છે.

તેમની ચિત્તવૃત્તિ અંતર્મુખ છે. તેમને બહારની કોઈ ચીજવસ્તુમાં જરાય રસ નથી. તેમને ખાવાપીવા કે પહેરવા-ઓઢવાનું પણ ભાન રહેતું નથી. દિવસે દિવસે તેમનું શરીર સુકાતું જાય છે. તેમનાં નેત્રોમાંથી સતત આંસુ વહ્યા કરે છે.

થીરદાસે ગામના બધા જ જાણીતા વૈદ્યોને બતાવ્યું, આજુબાજુના નામી વૈદ્યોને બોલાવીને નિદાન કરાવ્યું; પરંતુ બાળકની નાડીમાં પણ રોગનો કોઈ અણસાર આવતો નથી. સુકાતા જતા બાળકનું મુખ દિવસે દિવસે વધુ ને વધુ તેજસ્વી બનતું જાય છે. આ જોઈ સૌ ચક્તિ થાય છે.

આખરે થીરદાસે દામોદરદાસને સારી રીતે ઉછેરવાના હેતુથી તેમના સૌથી મોટા પુત્ર ચતુરદાસને પરણાવ્યો. ઘરમાં પુત્રવધૂ આવી. તેમણે ઘરની બધી જવાબદારી ઉઠાવી લીધી, સાથે બાળક દામોદરદાસના ઉછેરની જવાબદારી પણ સંભાળી લીધી. તેમણે દામોદરદાસને માતાની જેમ વહાલ કરવા માંડ્યું, પરંતુ દામોદરદાસના વર્તનમાં કોઈ પરિવર્તન જણાતું નથી. તેઓ હમેશાં હવેલીના ઝરૂખામાં કલાકો સુધી બેસી રહે છે, જાણે કોઈની રાહ ન જોતા હોય!

સં. ૧૫૩૪ના કારતક માસની વાત છે. દક્ષિણમાં રામેશ્વર તરફથી સાધુસંતોનો ખૂબ મોટો સમૂહ યાત્રા કરતો કરતો શ્રીરંગપટ્ટણમ્ આવ્યો હતો. થીરદાસે વિચાર કર્યો : ‘આખી જિંદગી સંસારની ઘાણીમાં બળદની જેમ જોતરાયેલો રહ્યો છું. હવે મોટા પુત્ર અને તેની પત્નીએ વેપાર અને ઘરની જવાબદારી સંભાળી લીધી છે. હવે દામોદરદાસ પણ ચાર વર્ષનો થવા આવ્યો છે. વહુ તેને દીકરાની જેમ સાચવે છે, ત્યારે હું પણ આ સાધુસંતોની સાથે તીર્થયાત્રા કરી આવું.’

આવો વિચાર કરી, થીરદાસે મોટા પુત્ર અને તેની પત્નીને બધી જવાબદારી સોંપી અને તેઓ સંઘમાં યાત્રાએ જવા ભળી ગયા.

હજી તો યાત્રાની પહેલી મજલ હતી. થીરદાસ રાત્રે સૂઈ ગયા હતા. સ્વપ્નમાં તેમને ભગવાનનાં દર્શન થયાં. પ્રભુએ મરક-મરક સ્મિત કરતાં આજ્ઞા કરી : ‘થીરદાસ, તને મારી અલૌકિક ભેટ મળી છે.’

થીરદાસે કહ્યું : ‘મહારાજ! આપ કઈ ભેટની વાત કરો છો?’

‘થીરદાસ, તારો ચોથો પુત્ર દામોદરદાસ મારી ભેટ છે, મારા માટે જ તે જન્મ્યો છે. તું ઘેર પાછો જા. દામોદરદાસને સાથે લઈને તું સીધો ચંપારણ્ય જજે. મધ્યપ્રદેશમાં આવેલાં ચંપારણ્ય નામના વનમાં મારું પ્રાકટ્ય થવાનું છે. તું ત્યાં પહોંચી જજે. દામોદરદાસને લીધા વિના તું જઈશ, તો તારી યાત્રા ફળશે નહીં.’

સવાર પડતાં જ થીરદાસ શ્રીરંગપટ્ટણમ્ પાછા આવ્યા. ઘેર આવ્યા ત્યારે દામોદરદાસ રડતા હતા. થીરદાસે પુત્રવધૂને પૂછ્યું : ‘દામોદરદાસ કેમ રડે છે?’

પુત્રવધૂએ કહ્યું : ‘તમે ગયા ત્યારથી તે રડ્યા જ કરે છે. કોઈ પણ ઉપાયે તે શાંત થતા નથી. તમે ઘેર પાછા આવ્યા તે ઘણું સારું થયું. તમારે જ્યાં જવાનું થાય, ત્યાં દામોદરદાસને સાથે લઈને જ જજો. તેઓ તમારા ઘણા હેવાયા છે.’

થીરદાસ દામોદરદાસને લઈને પાછા યાત્રાએ નીકળ્યા. આગળ વધેલા યાત્રા-સંઘ સાથે જોડાઈ ગયા. યાત્રાની મજલ કાપતાં કાપતાં તેઓ સંઘ સાથે સં. ૧૫૩૫ના ચૈત્ર વદ ૧૧ની સવારે ચંપારણ્ય પહોંચ્યા.

ત્યાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું હતું. પ્રાકટ્યની અલૌકિક મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. સાડાચાર વર્ષની વયના દામોદરદાસે શ્રીવલ્લભનાં દર્શન કર્યાં. થીરદાસ લક્ષ્મણ ભટ્ટજીના પ્રભાવથી પ્રભાવિત થયા. તેમના સેવક બન્યા. દક્ષિણની યાત્રા પૂરી કરી, થોડા સમય બાદ તેઓ શ્રીરંગપટ્ટણમ્ પાછા આવ્યા.

થોડાંક વર્ષો પછી દક્ષિણમાં મુસલમાનોનો ઉપદ્રવ શરૂ થયો. થીરદાસ પોતાના કુટુંબ સાથે શ્રીરંગપટ્ટણમ્ છોડી, મધ્ય પ્રદેશમાં આવેલા વૃદ્ધનગર (હાલનું વર્ધા) આવ્યા. ત્યાં તેમણે પોતાનો કાપડનો વ્યવસાય ફરી શરૂ કર્યો. સંવત ૧૫૪૫માં થીરદાસ વૃદ્ધનગરમાં જ હરિશરણ થયા.

બાળપણથી જ દામોદરદાસ સંસારથી અલિપ્ત હતા. તેઓ ક્યારેય હસતા-રમતા નહીં. એક ઠેકાણે ચુપચાપ બેસી રહેતા અને મોટે ભાગે મીંચેલી આંખે વિચારમગ્ન રહેતા. ઘરનાં સ્વજનો ભોજન આપે તો ચુપચાપ કરી લેતા, ન આપે તો તેની પરવા ન કરતા. દિવસનો મોટા ભાગનો સમય પોતાના ઘરના ઝરૂખામાં બેઠાંબેઠાં જાણે કોઈની વાટ જોયા કરતા! એમનું મન કહેતું હતું : ‘તારા પ્રાણપ્રેષ્ઠ જરૂર પધારશે. એક દિવસ આ રાજમાર્ગ ઉપર જ પધારશે. તેઓ તારા માટે જ પધારશે, તું થોડીક ધીરજ રાખ.’

થીરદાસના વૈકુંઠવાસને એક વર્ષ વીતી ગયું. તેમના ત્રણ પુત્રોએ તેમના મામાને બોલાવીને કહ્યું, ‘મામા, અમારી ઈચ્છા છે કે અમે ચારે ભાઈઓ અલગ

થઈએ. તમારી હાજરીમાં જ અમે પિતાની સંપત્તિ વહેંચી લઈએ. પરંતુ દામોદરદાસ નાના છે, તમે તેમનું ધ્યાન રાખો અને તેમના ભાગે આવતી સંપત્તિ સાચવો, એવી અમારી વિનંતી છે. બધા ક્લેશનું મૂળ દ્રવ્ય છે. અમારા ભાઈઓમાં દ્રવ્યને કારણે ક્લેશ થાય એવું અમે ઈચ્છતા નથી, માટે દ્રવ્ય વહેંચી લઈ, અમે અલગ થઈને સારી રીતે રહી શકીશું.'

મામાએ કહ્યું : 'જેવી તમારી ઈચ્છા.'

દ્રવ્યના ચાર ભાગ કરવામાં આવ્યા. સૌ પોતપોતાનો ભાગ રાજી-ખુશીથી સ્વીકારી રહ્યા હતા, ત્યારે ભાઈઓએ દામોદરદાસને કહ્યું : 'ભાઈ, તારો આ ભાગ તું લઈ લે. તારી ઈચ્છા હોય તો મામા તેને સાચવશે.'

'હું તો આમાં કંઈ સમજતો નથી, તમને યોગ્ય લાગે તેમ કરો!'

આ સમયે દામોદરદાસ ઝરૂખામાં બેઠા હતા. બરાબર તે જ સમયે શ્રીવલ્લભ છજા નીચેના રાજમાર્ગ પરથી પધારી રહ્યા હતા. દામોદરદાસની નજર શ્રીવલ્લભ પર પડી. તેઓ ઊભા થઈ, મૂઠીઓ વાળીને દોડ્યા. દ્રવ્યની કે ઘરની યાદ વીસરી ગયા. શ્વાસભેર નીચે કૂદી પડ્યા. શ્રીવલ્લભનાં ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીવલ્લભે મંદ મંદ સ્મિત કરતાં આજ્ઞા કરી : 'દમલા, તું આવ્યો?'

દામોદરદાસના હૃદયમાં આનંદનો સાગર ઉછાળા મારી રહ્યો હતો. નેત્રોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. શ્રીવલ્લભે તેમને ઊભા કરી, તેમના મસ્તકે પોતાનો વરદ હસ્ત મૂકી કહ્યું : 'દમલા, હવે તો તું પ્રસન્ન છે ને?'

દામોદરદાસે હાથ જોડીને કહ્યું : 'મહારાજ! હું ક્યારનોય આપની જ રાહ જોઈ રહ્યો છું! આજે હું સનાથ થયો.'

શ્રીમહાપ્રભુજીની પાછળ પાછળ દામોદરદાસ ચાલવા લાગ્યા. તેઓ ઘર કે સંપત્તિનો વિચાર કરવા એક ક્ષણ પણ રોકાયા નહીં.

દ્રવ્યનો ભાગ વહેંચતા ભાઈઓને ખબર પડી કે દામોદરદાસ છજામાંથી ઊઠીને ક્યાંક ચાલ્યા ગયા છે, ત્યારે તેઓ તપાસ કરવા લાગ્યા. કોઈકે કહ્યું : 'રસ્તા ઉપર અગિયાર વર્ષનો એક છોકરો જતો હતો. તેણે સફેદ ધોતી પહેરી હતી અને ઉપરણો ઓઢ્યો હતો. તેની સાથે બીજા બે-ચાર માણસો હતા. તેની પાછળ પાછળ તમારા ભાઈ પણ ગયા છે.'

દામોદરદાસના ત્રણેય ભાઈઓને ચિંતા થઈ. તેઓ તેમને શોધવા નીકળ્યા. ગામ બહાર એક સુંદર જળાશય હતું. તેના કિનારે વૃક્ષરાજિ હતી. ત્યાં છાયામાં શ્રીવલ્લભ બિરાજ્યા હતા. તેમની સામે દામોદરદાસ બેઠા હતા. ત્રણેય ભાઈઓ શોધતા શોધતા ત્યાં આવી ચડ્યા. તેમણે શ્રીવલ્લભનાં દિવ્ય તેજપુંજ સ્વરૂપે દર્શન થયાં. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા, કશું બોલી ન શક્યા. તેઓ મનોમન વિચાર કરવા લાગ્યા : 'આ કોઈ સામાન્ય છોકરો નથી. આપણે કંઈક કહીશું તો આ અગ્નિ આપણને ભસ્મ કરી દેશે.' તેથી તેઓ ચૂપ રહ્યા. દામોદરદાસ ઊઠીને ભાઈઓ પાસે આવ્યા. તેમણે ભાઈઓને ઘેર પાછા જવા કહ્યું. તે વખતે દામોદરદાસનું સ્વરૂપ પણ દિવ્ય તેજોમય હતું. આથી ગભરાઈને ભાઈઓ પાછા ફરી ગયા.

દામોદરદાસને સાથે લઈ, શ્રીવલ્લભ દક્ષિણમાં આવેલા વિજયનગર તરફ પધાર્યા.

●

સંવત ૧૫૪૯ના વર્ષની આ વાત છે. દામોદરદાસ ૧૯ વર્ષના નવયુવાન હતા. શ્રીવલ્લભની વય ૧૪ વર્ષની હતી. શ્રીવલ્લભ ત્યારે ભારતપરિક્રમા કરતા ઝારખંડ પધાર્યા હતા. ત્યાં રાત્રિએ પ્રભુની સ્વપ્નમાં આજ્ઞા થઈ : 'વલ્લભ, હું વ્રજમાં શ્રીગોવર્ધન પર્વત પર પ્રકટ થયો છું. તમે સવેળા ત્યાં આવી, મને પર્વતમાંથી બહાર પધરાવી, મારી સેવા શરૂ કરો.'

પ્રભુની આજ્ઞાને મસ્તકે ચડાવી, શ્રીવલ્લભે ભારત-પરિક્રમાનો તેમનો માર્ગ બદલ્યો. તેઓ સીધા મથુરા થઈ ગોકુળ પધાર્યા. શ્રાવણ માસના શુક્લ પક્ષના દિવસો હતા. આપે ગોકુળમાં શ્રીયમુનાજીના કિનારે, ગોવિંદઘાટ ઉપર મુકામ કરી, શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. શ્રાવણ સુદ ૧૧ના રોજ પારાયણ પૂર્ણ થયું. રાત્રે શ્રીવલ્લભ ગોવિંદઘાટ ઉપર, શમી વૃક્ષની છાયામાં પોઢ્યા હતા. થોડેક દૂર દામોદરદાસ પણ સૂઈ ગયા હતા. શ્રીવલ્લભ વિચારતા હતા : 'પ્રભુએ ભૂતળ ઉપર જન્મેલા દૈવી જીવોનો ઉદ્ધાર કરવા મને પૃથ્વી પર મોકલ્યો છે. ભારત-પરિક્રમા કરતાં એવું જણાઈ આવે છે કે દૈવી જીવો પોતાના મૂળ સ્વરૂપને વીસરી ગયા છે. તેઓ લૌકિક જીવનમાં ગળાબૂડ છે અને તેથી અનેક પ્રકારના દોષોથી ભરેલા છે. બીજી બાજુ, પ્રભુ પૂર્ણ આનંદ-સ્વરૂપ અને નિર્દોષ છે. દોષવાન જીવ અને નિર્દોષ પ્રભુનો સંબંધ કેવી રીતે સ્થપાય?'

આ ચિંતનમાં મધરાત ક્યારે થઈ ગઈ, તેનો પણ ખ્યાલ રહ્યો નહીં. આકાશ શ્યામ વાદળોથી ઘેરાયેલું હતું. પરિણામે ચોમેર રાત્રિનો ગાઢ અંધકાર

પથરાયો હતો. બરાબર મધ્યરાત્રિના સમયે ગોવિંદઘાટ ઉપર શ્રીવલ્લભની સન્મુખ અલૌકિક પ્રકાશનું વર્તુળ રચાયું. એ તેજવર્તુળના મધ્યમાં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ કોટિકંદર્પ-લાવણ્ય શ્રીનાથજી પ્રકટ થયા. પ્રભુનાં દર્શન થતાં જ શ્રીવલ્લભ ઊભા થઈ ગયા. અતિ પ્રસન્નતાથી બે હાથ જોડી, પ્રભુના મધુરાધિપતિ સ્વરૂપની સ્તુતિ કરી. પ્રભુએ આજ્ઞા કરી : 'વલ્લભ, આ બ્રહ્મસંબંધ મંત્ર તમે તેના અધિકારી એવા દૈવી જીવોને આપજો. તે મંત્ર-દીક્ષાથી દીક્ષિત જીવોના દેહ અને આત્માના જન્મજન્માંતરના બધા જ દોષ નિવૃત્ત થશે. ભગવત્પ્રાપ્તિમાં આ દોષો તેમને બાધા નહીં કરે. આવા બ્રહ્મ સંબંધ મંત્રની દીક્ષિત જીવોને ભગવત્પ્રાપ્તિનો સાચો રાહ આપ બતાવજો. તમે જે જીવોને શરણે લેશો, એમનો હું પ્રસન્નતાથી સ્વીકાર કરીશ. તેમને હું ક્યારેય છોડીશ નહીં. આ મારી પ્રતિજ્ઞા છે.'

પ્રભુના મુખની મધુર આજ્ઞાનું શ્રવણ કરી, શ્રીવલ્લભ ખૂબ પ્રસન્ન થયા. હૃદયનો ભાર એકદમ હળવો થઈ ગયો.

શ્રીવલ્લભે શ્રાવણી માટે સૂતરના ૩૬૦ તારનું તૈયાર કરેલું કેશરી પવિત્રું પ્રભુને ધરાવ્યું અને મિશ્રીનો ભોગ ધર્યો.

સવાર સુધી શ્રીવલ્લભ ભગવત્સ્વરૂપ અને ભગવદ્આજ્ઞાના ચિંતનમાં પ્રસન્ન ચિત્તે નિમગ્ન રહ્યા. આપે પોતાના પ્રિય સેવક દામોદરદાસજીને વહેલી પરોઢે જગાડીને પૂછ્યું : 'દમલા, તૈંને કછૂ સૂન્યો?'

દામોદરદાસ જાગતા જ હતા. પોતાના ગુરુદેવની કૃપાથી તેમને પણ પ્રભુનાં દિવ્ય દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો અને ભગવદ્આજ્ઞાનું શ્રવણ થયું હતું; પરંતુ દામોદરદાસ સાચા સેવક હતા. તેઓ જાણતા હતા કે પ્રભુનાં વચનામૃત સમજવાની શક્તિ જીવની નથી, ગુરુની કૃપાથી જ પ્રભુનાં વચનામૃત હૃદયમાં અંકિત થાય અને તેનું રહસ્ય પ્રકાશિત થાય. દામોદરદાસે બે હાથ જોડી, વિનંતી કરી : 'મહારાજ! સુન્યો તો સહી, પરિ સમુઝ્યો નાહીં.'

ઘણીવાર આપણે ઘણું બધું સાંભળીએ છીએ, પણ તેનો અર્થ આપણને સમજાતો નથી. દામોદરદાસજીએ પણ આ જ વિનંતી કરી કે 'આપની કૃપાથી ભગવદ્વાણીના શ્રવણનો લાભ તો મળ્યો, પરંતુ તે ભગવદ્આજ્ઞાનું રહસ્ય આપની કૃપા થાય તો જ સમજી શકાય!' દામોદરદાસની આવી દીનતાથી શ્રીવલ્લભ અતિ પ્રસન્ન થયા.

'દમલા, શ્રીયમુનાજીમાં સત્વરે સ્નાન કરી આવ. આજે આ મંગલ પ્રભાતે પ્રભુએ આપેલ બ્રહ્મસંબંધ મંત્ર સૌ પ્રથમ હું તને આપીશ.'

દામોદરદાસજી સ્નાન કરી, શુદ્ધ શ્વેત ધોતી-ઉપરણો ધારણ કરી, લલાટમાં તિલક કરી, વિનમ્ર ભાવે શ્રીવલ્લભની સામે આવ્યા. તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીવલ્લભે તેમના હાથમાં તુલસીદળ આપી, પ્રભુની સન્મુખ બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી.

પછી વલ્લભે પૂછ્યું : 'દમલા, તને પ્રભુની આજ્ઞા સમજાઈ?'

'કૃપાનાથ! આપની કૃપા વિના તે કેવી રીતે સમજાય?'

'દમલા, પ્રભુએ મને જે આજ્ઞા કરી છે તે હું તને અક્ષરશઃ કહીશ. તને અવશ્ય સમજાશે.'

આમ કહીને, શ્રીવલ્લભે દામોદરદાસને સાડા આઠ શ્લોકનો **'સિદ્ધાંતરહસ્ય'** ગ્રંથ સંભળાવ્યો. તેનું શ્રવણ કરતાં જ, શ્રીવલ્લભની પૂર્ણ કૃપાથી, દામોદરદાસના હૃદયમાં પ્રભુની આજ્ઞા સ્પષ્ટ રીતે પ્રકાશિત થઈ.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં આજ્ઞા કરી કે 'શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશીની મધ્યરાત્રિએ, સાક્ષાત્ પ્રભુએ પ્રકટ થઈને જે કંઈ આજ્ઞા કરી છે, તે આજ્ઞા જ હું અક્ષરશઃ કહું છું.'

શ્રીવલ્લભ બતાવે છે કે 'પ્રભુએ પ્રથમ આજ્ઞા કરી - આ બ્રહ્મસંબંધ મંત્ર પ્રાપ્ત કરવાથી જીવોના પાંચ પ્રકારના દોષ નિવૃત્ત થાય છે, એટલે કે દૂર થાય છે. આથી જીવ પ્રભુને પ્રાપ્ત કરવા માટે શુદ્ધ બને છે, લાયક બને છે.'

બ્રહ્મસંબંધ લીધા પછી નિવૃત્ત થયેલા દોષ ફરીથી ન લાગે તે માટે અને પ્રભુને પ્રાપ્ત કરવા માટે, જીવે પ્રભુને બધું સમર્પણ કરીને, અસમર્પિત પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ નહીં.' સમર્પણ અને દાન વચ્ચેનો ભેદ પણ આ ગ્રંથમાં શ્રીવલ્લભ સ્પષ્ટ રીતે સમજાવે છે : 'આપણે પ્રભુને જે કંઈ અંગીકાર કરાવીએ છીએ તે સમર્પણ છે, દાન નહીં. વ્યક્તિ પોતાની માલિકીની વસ્તુ બીજાને આપી દે તો તે દાન છે; પરંતુ બીજાની માલિકીની વસ્તુ તેને પાછી સુપ્રત કરવી તે દાન નથી, તે સમર્પણ છે. જગતમાં આપણને જે કંઈ મળ્યું છે તે સર્વની માલિકી પ્રભુની છે, આપણી નથી. તેથી, પ્રભુનું સર્વ કંઈ પ્રભુને માટે વાપરવું અને પ્રભુના પ્રસાદ તરીકે તેનો ઉપયોગ કરવો એમાં દાનનો પ્રશ્ન રહેતો નથી.'

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'આ પ્રકારે સમર્પિત જીવન જીવવા માટે આપણે આપણું જીવન જીવવાની પદ્ધતિમાં કોઈ પાયાના ફેરફારો કરવાની જરૂર નથી. આપણી જે કોઈ જીવનશૈલી હોય, તે જીવનશૈલીને જાળવીને આપણે

આપણું સમગ્ર જીવન, આપણા કહેવાતા બધા પદાર્થો અને બધાં કાર્યો પ્રભુને સમર્પિત કરીને ઉપયોગમાં લેવાં જોઈએ.'

શ્રીમહાપ્રભુજીએ અંતે ગંગાજીનું સુંદર દૃષ્ટાંત આપ્યું : 'ગંગાજીમાં ઘણાં અશુદ્ધ જળ મળવા છતાં ગંગાજળની પવિત્રતા ખંડિત થતી નથી, બધાં અશુદ્ધ જળ પણ ગંગાજળ બની જાય છે. તેવી રીતે, દોષથી ભરેલો જીવ પણ પ્રભુના ચરણે સમર્પિત થતાં પ્રભુને લાયક બની જાય છે અને તેને પ્રભુની કૃપાથી જરૂર પ્રભુની પ્રાપ્તિ થાય છે.'

શ્રીવલ્લભે આ 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ દામોદરદાસજીને સમજાવ્યો અને તે દ્વારા પ્રભુની આજ્ઞાનું રહસ્ય દામોદરદાસજીના હૃદયમાં સ્પષ્ટ કર્યું. દામોદરદાસજીએ શ્રીવલ્લભને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

આમ, શ્રાવણ સુદ ૧૨ના રોજ બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા સૌ પ્રથમ દામોદરદાસજીને આપવામાં આવી. આ દિવસે પુષ્ટિમાર્ગની સ્થાપના થઈ; તેથી શ્રાવણ સુદ ૧૨નો દિવસ પુષ્ટિમાર્ગનો સ્થાપના-દિન છે. દામોદરદાસ દ્વારા આપણને સૌને બ્રહ્મસંબંધની દીક્ષા મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

ગોકુળથી શ્રીવલ્લભ શ્રીગોવર્ધન પર્વતની તળેટીમાં આવેલા આન્યોર ગામે પધાર્યા. દામોદરદાસ સાથે જ હતા. શ્રીગિરિરાજજીની કંદરામાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજીને બહાર પધરાવી, નાનકડું મંદિર સિદ્ધ કરી, તેમાં પાટ પધરાવ્યા.

પ્રભુનું લીલાસ્થળ વ્રજ શ્રીવલ્લભને અતિ પ્રિય હતું. તેમાંયે શ્રીગોવર્ધનની આસપાસની આદિવૃંદાવનની ભૂમિ શ્રીવલ્લભને સવિશેષ પ્રિય હતી. તેથી શ્રીવલ્લભ શ્રીગિરિરાજજીના મુખારવિંદની સામે જતિપુરામાં શમી વૃક્ષની નીચે બિરાજ્યા અને શ્રીભાગવતનું પારાયણ કર્યું. શ્રીવલ્લભ સમય મળતાં જ દામોદરદાસની સાથે ભગવત્લ્લીલાનું સ્મરણચિંતન કરતા.

શ્રીવલ્લભ અને દામોદરદાસ ભગવદ્‌વાર્તામાં તલ્લીન થઈ જતા. અવારનવાર શ્રીવલ્લભ દામોદરદાસને આજ્ઞા કરતા : 'દમલા, ભગવદ્‌વાર્તા કર્યે ઘણો સમય થઈ ગયો. શ્રીઠાકોરજીની વાર્તા ઘણા સમયથી કરી નથી...!' આમ, શ્રીઠાકોરજીના વિપ્રયોગમાં શ્રીવલ્લભ લીન થતા, વારંવાર યાદ કરીને ભગવદ્‌વાર્તા કરતા ને દામોદરદાસને સંભળાવતા.

શ્રીવલ્લભ દામોદરદાસને વારંવાર આજ્ઞા કરતા : 'દમલા, આ માર્ગ તારે માટે જ પ્રકટ થયો છે!'

આવા દામોદરદાસની ગોદમાં મસ્તક ધરીને શ્રીવલ્લભ એક દિવસ બપોરે શ્રીગિરિરાજજીની સન્મુખ પોઢ્યા હતા; ત્યારે શ્રીગોવર્ધન પર્વત પરના નિજમંદિરમાંથી સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી શ્રીમહાપ્રભુજી પાસે પધાર્યા. દામોદરદાસને પ્રભુનાં સાક્ષાત્ દર્શન થયાં. પ્રભુના ચરણારવિંદમાં ધરેલ રત્નજડિત નૂપુરની ઘૂઘરીઓનો રણકાર થઈ રહ્યો હતો. દામોદરદાસે શ્રીગોવર્ધનનાથજીને ઈશારાથી વિનંતી કરી : 'કૃપાનાથ, આપ ખૂબ ચંચળ છો. આપના અહીં પધારવાથી શ્રીઆચાર્યજી જાગી જશે. માટે કૃપા કરીને હમણાં અહીં ન પધારશો.'

દામોદરદાસની વિનંતી સ્વીકારી, શ્રીનાથજી શ્રીગોવર્ધન પર્વત પર જ એક વૃક્ષની છાયામાં ઊભા રહી ગયા. થોડા સમય બાદ શ્રીમહાપ્રભુજી જાગી ગયા. દૂર ઊભેલા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં. શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : 'બાવા, આપ ત્યાં કેમ ઠાડા છો? મારી પાસે પધારો.'

શ્રીગોવર્ધનનાથજી શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને ગોદમાં પધરાવ્યા અને કપોલ પર સ્પર્શ કરી વહાલથી પૂછ્યું : 'બાવા, આપ કેમ મારી નજીક નહોતા પધાર્યા?'

'શ્રીવલ્લભ, તમારા સેવકે નજીક ન પધારવા મને વિનંતી કરી હતી. મારા નજીક પધારવાથી તમે જાગી જાઓ, તેથી હું દૂર ઊભો હતો.'

આ સાંભળી શ્રીવલ્લભે દામોદરદાસને કહ્યું : 'દમલા, તેં શ્રીગોવર્ધનનાથજીને કેમ દૂર ઊભા રાખ્યા? પ્રભુને તેં શા માટે આટલો પરિશ્રમ કરાવ્યો? આ બરોબર ન કહેવાય.'

શ્રીગોવર્ધનનાથજીએ આજ્ઞા કરી : 'વલ્લભ, તમે દામોદરદાસ ઉપર ગુસ્સે ન થતા. તેમણે તો પોતાની ફરજ બજાવી છે. તેમણે આ જ કરવું જોઈએ. સેવકનો ધર્મ છે કે ગુરુની સેવા કરવી. માટે તમે દામોદરદાસ ઉપર જરાય ખિજાશો નહીં.'

શ્રીમહાપ્રભુજી શ્રીનાથજીની આજ્ઞા સાંભળી, ખૂબ પ્રસન્ન થયા.

શું શ્રીનાથજીને ખબર નહોતી કે શ્રીવલ્લભ અત્યારે વિશ્રામ કરી રહ્યા છે? આમ જાણવા છતાં, શ્રીનાથજી ત્યાં કેમ પધાર્યા? વાત એ છે કે શ્રીનાથજી દામોદરદાસની કસોટી કરવા પધાર્યા હતા. દામોદરદાસને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત દૃઢ થયો છે કે નહીં? તેઓ ગોવિંદ કરતાં ગુરુની શ્રેષ્ઠતા સમજ્યા છે કે નહીં? તે ચકાસવા માગતા હતા. હરસાનીજી શ્રીનાથજીની કસોટીમાંથી સંપૂર્ણ રીતે પાર ઊતર્યા.

●

શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી, ત્યારે શ્રીગુસાંઈજી યુવાન હતા. શ્રીગુસાંઈજીનાં માતૃચરણે શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'આપણા પુષ્ટિમાર્ગ વિશે જે કંઈ જાણવું હોય તે દામોદરદાસને પૂછજો. તમારા પિતૃચરણે તેમના હૃદયમાં પુષ્ટિમાર્ગ દૃઢ રીતે સ્થાપન કર્યો છે.'

એક સમયે દામોદરદાસજી શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજી એકલા બિરાજતા હતા. શ્રીગુસાંઈજીએ દામોદરદાસને પૂછ્યું : 'દામોદરદાસજી, તમે શ્રીઆચાર્યચરણને શું કરીને જાણો છો?'

'કૃપાનાથ! દુનિયાના બધા જ મનુષ્યો જગતમાં જગદીશને સૌથી મોટા ગણે છે, શ્રીઠાકોરજીથી મોટું બીજું કોઈ નથી તેમ સૌ કહે છે; પરંતુ મારે મન શ્રીઆચાર્યચરણ શ્રીઠાકોરજીથી પણ અધિક છે.'

'દામોદરદાસ, એ કેવી રીતે?'

'મહારાજ! દાન મોટું કે દાનનો આપનાર દાતા મોટો? કોઈની પાસે વધારે ધન હોય, તો તેથી બીજાઓને શું? એ ધન તે બીજાઓને દાનમાં આપે તો સૌ જાણે કે તેની પાસે ધન છે; માટે દાન કરતાં દાનનો આપનારો મોટો છે. શ્રીઆચાર્યચરણનું સર્વસ્વ શ્રીગોવર્ધનધર છે. પોતાનું સર્વસ્વ એવા પ્રભુ, તેમણે અમારા જેવા જીવોને સોંપી દીધા છે. ભલા, કોઈ પોતાના સ્વામીને સોંપી દે ખરા! માટે હું શ્રીમહાપ્રભુજીને સૌથી મોટા માનું છું અને તેથી જ તેમને 'મહાપ્રભુ' કહું છું.'

દામોદરદાસની આ ભાવના જાણીને શ્રીગુસાંઈજી ખૂબ પ્રસન્ન થયા.

●

શ્રીગુસાંઈજીએ મનોમન વિચાર કર્યો : ''દામોદરદાસ શ્રીમહાપ્રભુજીના પૂર્ણ કૃપાપાત્ર સેવક છે; તેથી શ્રીમહાપ્રભુજી દામોદરદાસને ત્રીજા દિવસે પોતાના સાક્ષાત્ અલૌકિક સ્વરૂપનાં દર્શન આપે છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજી પાસે પણ ત્રણ વખત એક જ વિનંતી કરી હતી : 'કૃપાનાથ! મારી પહેલાં દામોદરદાસનો દેહ ન છૂટે.' આવા દામોદરદાસ પિતૃચરણના અત્યંત કૃપાપાત્ર સેવક છે, તેથી દામોદરદાસના હૃદયમાં હમેશાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે.''

શ્રીગુસાંઈજી આવું વિચારતા હતા ત્યાં જ દામોદરદાસ આવ્યા. તેઓ શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'દામોદરદાસજી, તમે મને દંડવત્ પ્રણામ ન કરશો. તમે તો અમારા પિતૃચરણના પરમ કૃપાપાત્ર સેવક છો. મારું ચરણોદક પણ હું તમને નહીં આપું.'

દામોદરદાસજી ચૂપ રહ્યા.

બીજા દિવસે દામોદરદાસજીને શ્રીમહાપ્રભુજીએ દર્શન આપ્યાં. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'દમલા, તું શ્રીગુસાંઈજીને મારું જ સ્વરૂપ જાણ. તેમને અવશ્ય દંડવત્ પ્રણામ કરજે અને તેમનું ચરણોદક પણ લેજે.'

દામોદરદાસ શ્રીગુસાંઈજીની પાસે ગયા. તેમણે હાથ જોડી શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'મહારાજ! આજે શ્રીઆચાર્યચરણે કૃપા કરી, મને દર્શન આપીને આજ્ઞા કરી છે કે મારે આપને દંડવત્ પ્રણામ કરવાં અને આપનું ચરણોદક પણ લેવું.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા જાણી, શ્રીગુસાંઈજીએ તેમને ચરણોદક આપ્યું.

●

એક દિવસ શ્રીગુસાંઈજી બેઠકમાં બિરાજ્યા હતા. આપની પાસે કુંભનદાસ, ગોવિંદ સ્વામી વગેરે કૃપાપાત્ર ભગવદ્ભક્તો પણ બેઠેલા હતા. એકાંતમાં પ્રભુની લીલાના સ્મરણ-કીર્તનમાં તલ્લીન થઈ સૌ પ્રસન્ન હતા. શ્રીગુસાંઈજી પણ ખડખડાટ હાસ્ય કરી રહ્યા હતા, ત્યારે દામોદરદાસ ત્યાં આવ્યા. શ્રીગુસાંઈજીએ તેમનું આદર-સન્માન કર્યું. દામોદરદાસે દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી : 'મહારાજ! આપ આજ્ઞા આપો તો એક વાત કહું.'

'ખુશીથી કહો.'

'મહારાજ! આપણો પુષ્ટિમાર્ગ નિશ્ચિંત બનીને જીવવાનો માર્ગ નથી. આ માર્ગ તો પ્રભુની પ્રાપ્તિ માટે અત્યંત વિરહ-તાપ-ક્લેશનો માર્ગ છે.'

'દામોદરદાસજી, તમારી વાત બિલકુલ સાચી છે. તમને ધન્ય છે. તમારા હૃદયમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ સ્થાપ્યો છે. તમારી જેમ અમારા ઉપર પણ શ્રીઆચાર્યચરણની કૃપા થશે, ત્યારે ભગવત્પ્રાપ્તિ માટેના વિરહ-તાપ-ક્લેશનો અમને પણ અનુભવ થશે; કારણ કે આ માર્ગ તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ સિદ્ધ થાય છે.'

'મહારાજ! મને હૃદયમાં પ્રેરણા થઈ એટલે મેં આપને એક વાર વિનંતી કરી. આપ તો પ્રભુ છો, આપ જે કરશો તે યોગ્ય જ કરશો; પરંતુ પુષ્ટિમાર્ગ વિરહતાપનો માર્ગ છે.'

'દામોદરદાસજી, તમને ધન્ય છે. તમારા દ્વારા શ્રીઆચાર્યચરણે જ અમને આ શિખામણ આપી છે. તમે અમને સત્ય વાત નહીં બતાવો તો બીજું કોણ બતાવશે? તમને મળું છું ત્યારે મારું ચિત્ત અતિ પ્રસન્ન થાય છે. તમે જરાય

સંકોચ રાખ્યા વિના સુખેથી આપણા માર્ગના સિદ્ધાંત કહેજો. શ્રીમહાપ્રભુજીના તમારા જેવા સેવક અમને નહીં કહે તો બીજું કોણ કહેશે?'

શ્રીદામોદરદાસજીએ શ્રીગુસાંઈજીને દીનતાથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

●

એક દિવસ દામોદરદાસજીના પિતાના શ્રાદ્ધનો સમય હતો. શ્રીગુસાંઈજી પોતે દામોદરદાસને ત્યાં પધાર્યા. દામોદરદાસે ખૂબ પ્રેમથી શ્રીગુસાંઈજીને પધરાવ્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'દામોદરદાસ, આજે તમારા પિતાનો શ્રાદ્ધદિન છે, તેથી તમારા પિતાનું શ્રાદ્ધ કરાવવા માટે હું આવ્યો છું.' શ્રીગુસાંઈજીએ શ્રાદ્ધવિધિ કરાવ્યો અને પછી પોતાને ત્યાં પાછા પધાર્યા.

સાંજે ઉત્થાપનના સમયે દામોદરદાસ દર્શન કરવા આવ્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'દામોદરદાસ, આજે બપોરે તમારા પિતાનું મેં શ્રાદ્ધ કરાવ્યું, તમે મને શ્રાદ્ધ-દક્ષિણા આપી નથી.'

'મહારાજ! દક્ષિણામાં મેં આપને એક વાત કહેવાનો સંકલ્પ કર્યો છે, તે હું આપને કહીશ.'

દામોદરદાસે શ્રીમહાપ્રભુજી-રચિત 'સિદ્ધાંત-રહસ્ય' ગ્રંથના પહેલા દોઢ શ્લોકની વિસ્તૃત સમજૂતી શ્રીગુસાંઈજી સમક્ષ કહી.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'દામોદરદાસ, કેમ અટકી ગયા? ગ્રંથ પૂરો નથી થયો!'

'મહારાજ! મેં આજે દક્ષિણામાં આટલું જ કહેવાનો સંકલ્પ કર્યો હતો.'

'ભલે, પણ અમારે આપણા માર્ગની સેવાપ્રણાલિકા જાણવી છે. નિત્યની અને ઉત્સવોની સેવાપ્રણાલિકા અમને બતાવો. શ્રીમહાપ્રભુજીના બધા ગ્રંથો અમને સમજાવો.'

દામોદરદાસે ખૂબ જ દીનતાથી શ્રીગુસાંઈજી સમક્ષ સર્વ ગ્રંથો રજૂ કર્યા.

શ્રીદામોદરદાસજીને શ્રીમહાપ્રભુજીનાં દર્શન ત્રીજા દિવસે ન થાય તો ભારે બેચેની થતી, પેટમાં પીડા થતી, અત્યંત કષ્ટ થતું. જ્યારે દર્શન થાય ત્યારે જ બધું કષ્ટ દૂર થતું. દામોદરદાસ જેટલો સમય પૃથ્વી પર રહ્યા તેટલો સમય દર ત્રીજા દિવસે શ્રીમહાપ્રભુજી તેમને દર્શન આપતા અને તેમની સાથે ભગવદ્વાર્તા કરતા. શ્રીમહાપ્રભુજી પાસેથી સાંભળેલી ભગવદ્વાર્તા દામોદરદાસજી દીનતાથી શ્રીગુસાંઈજી પાસે કહેતા.

દામોદરદાસ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણને શ્રીમહાપ્રભુજી-રચિત ગ્રંથો શીખવતા. ગ્રંથોનું અધ્યયન કરાવવાની તેમની શૈલી વિદ્વાન ગુરુઓ કરતાં તદ્દ્ન ભિન્ન પ્રકારની હતી. તેઓ પ્રથમ શ્રીમહાપ્રભુજી પાસેથી મેળવેલી સમજણ કહી જતા. પછી તેઓ શ્રીગુસાંઈજીને દીનતાપૂર્વક કહેતા : 'બાવા, આપના શ્રીતાતચરણે આ ગ્રંથનો આવો અર્થ સમજાવ્યો હતો. આપ તેનો કંઈક વિશિષ્ટ અર્થ સમજાવશો?' શ્રીગુસાંઈજી તે ગ્રંથનો અર્થ દામોદરદાસજી સમક્ષ કહેતા.

શ્રીગુસાંઈજીએ 'શૃંગાર-રસમંડન' જેવા શ્રેષ્ઠ સંસ્કૃત ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથની રચના દામોદરદાસજીની સહાયતાથી કરી હોવાનું શ્રીગુસાંઈજી જણાવે છે. આમ, દામોદરદાસજીની પ્રતિભા કેવી ઉચ્ચ હશે? તેમણે કેટલાં દૈન્ય અને દાસભાવ સાચવીને અધ્યાપનનું કાર્ય કર્યું હશે?

એક વાર ઉત્સવોનો પ્રકાર જાણવાની જિજ્ઞાસાથી, માતાના સૂચનથી શ્રીવિઠ્ઠલેશ પોતે હરસાનીજીને ત્યાં પધાર્યા હતા. અત્યંત ભક્તિભાવથી શ્રીદામોદરદાસે શ્રીગુસાંઈજીને પધરાવ્યા. શ્રીગુસાંઈજીને વગર વિનંતીએ પોતાના ઘેર પધારેલા જોઈ, તેમના હર્ષનો પાર નહોતો. શ્રીગુસાંઈજીએ જે જે પૂછ્યું તે સુંદર રીતે દામોદરદાસે સમજાવ્યું. પોતે પુરુષોત્તમ-સ્વરૂપ હોવા છતાં, શ્રીગુસાંઈજીએ ભગવદ્-ભક્તનો ઉત્કર્ષ પ્રકટ કરવા, સર્વ કંઈ દામોદરદાસજીને પૂછીને કરવાનો પ્રકાર રાખ્યો હતો.

આવા શ્રીદામોદરદાસ હરસાની પૃથ્વી ઉપર ૭૭ વર્ષ સુધી બિરાજ્યા. સં. ૧૬૦૭માં તેમણે પૃથ્વીનો ત્યાગ કર્યો અને તેઓ નિત્યલીલામાં પધાર્યા.

શ્રીહરસાનીજી ન પ્રકટ્યા હોત, તો આપણો પુષ્ટિમાર્ગ પણ ક્યાંથી પ્રકટ્યો હોત? કારણ કે શ્રીમહાપ્રભુજીનું વચન છે કે 'દમલા, યહ માર્ગ તેરે લિયે પ્રકટ કિયો હૈ.' માટે, દામોદરદાસ પુષ્ટિસૃષ્ટિના અગ્રેસર છે. તેમની આડીથી પ્રકટ થયેલા આ કૃપામાર્ગમાં તેમના દ્વારા આપણા જેવા નિઃસાધન જીવોનો અંગીકાર થયો છે.

આવા 'ભગવત્-શિરોમણિ'નું દિવ્ય ચરિત્ર આપણા ભગવદીય વાર્તાસાહિત્યનું મંગલાચરણ છે. એ ચરિત્ર અદ્ભુત અને અલૌકિક છે. તેના સ્મરણમાત્રથી આપણે કૃતાર્થ થઈએ છીએ.

જેમને શ્રીવલ્લભે સૌ પ્રથમ બ્રહ્મસંબંધનું દાન કર્યું, જેમના હૃદયમાં શ્રીવલ્લભે પુષ્ટિમાર્ગનો સકળ સિદ્ધાંત સ્થાપિત કર્યો, જેમના હૃદયમાં સતત ભગવદ્-વાર્તા દ્વારા શ્રીવલ્લભ અલૌકિક રસવર્ષા વરસાવતા અને જેઓ તરસ્યા

ચાતકની જેમ એ અમૃતવર્ષાને ઝીલી તૃપ્ત થતા. પરિણામે જેમનું હૃદય નિરંતર ભગવદ્રસથી ભરેલું રહેતું, એવા ભક્તશિરોમણિ, મહાનુભાવ, પુષ્ટિસૃષ્ટિ અગ્રેસર શ્રીદામોદરદાસ હરસાનીજીને આપણે દીનતાપૂર્વક, કોટિ-કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.

રોમ રોમ રસના રટૂં તોઉં ન હોત બખાન,
જાનત હૈ જો બિરહીજન અનુભવ હોત પ્રમાન.
અકથ કથા કહાઁ લૌં કહૌં જાકો ચરિત્ર અનંત,
પરમ પુનિત સૌરભ સ્વજસ ગાવત સબ મિલ સંત.
શ્રીદામોદરદાસ કો દાસી કહું કે દાસ?
અપની કરુણા જાનકે કરો દાસ કો દાસ.

◆

શ્રીદામોદરદાસજી હરસાનીજીની વાર્તાનું ભાવદર્શન

લેખક : **ગો. શ્રીશ્યામમનોહરજી**
(કિશનગઢ-મુંબઈ)

શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની સર્ગ, વિસર્ગ, પુષ્ટિ, મન્વંતર વગેરે દસ પ્રકારની લીલાઓનું વર્ણન છે. તેમાં ભાગવતના નવમા સ્કંધમાં ભક્તિની કથા છે. તે લીલાને 'ઈશાનુકથા' કહેવામાં આવી છે. 'ઈશાનુ' એટલે ઈશના અનુગામી. 'ઈશ' એટલે પરમાત્મા. પરમાત્માને અનુસરનાર એટલે 'ભક્ત'. આવા ભક્તોની કથા એટલે ઈશાનુકથા.

ભક્તિની કથા હકીકતમાં ભગવદીયોની કથા હોય છે; કારણ કે ભક્તિનું સાચું સ્વરૂપ સમજવા માટે આપણે ભક્તોનાં ચરિત્રો સમજવાં પડે. ભગવાનના ચરિત્ર દ્વારા ભક્તિનું સ્વરૂપ સમજી શકાતું નથી; કારણ કે ભગવાનનાં ચરિત્રોમાં અસુરો પણ આવે છે, જ્ઞાનીઓ પણ આવે છે અને અન્ય પણ આવે છે. ભગવાનનું સ્વરૂપ સર્વાત્મક છે. ભગવાનની કેટલીક લીલાઓ ભક્તિને વધારનારી-ભક્તિવર્ધક હોય છે, તો તેમની કેટલીક લીલાઓ ભક્તિની વિરોધી પણ હોય છે. તેથી, ભગવાનના ચરિત્રથી ભક્તિનું સ્વરૂપ સમજી શકાતું નથી.

ભક્તના ચરિત્રમાં ભક્તિવિરોધી કોઈ પણ વાત હોતી નથી. ભક્તનું ચરિત્ર હમેશાં ભક્તિવર્ધક હોય છે. ભક્તના ચરિત્રમાં ભક્તિની કથાની સાથે ભગવાનની કથા પણ આવે છે. ભક્તના ચરિત્રની એ વિશેષતા છે કે તેમાં ભગવાનના સ્વરૂપની, ગુણ અને લીલાની કથા પણ આવે છે. આ ભગવત્કથા ભક્તના સંદર્ભમાં જ હોય છે, સ્વતંત્ર હોતી નથી.

ભક્તચરિત્રની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં ભક્તિની મુખ્યતા હોય છે, ભગવાનની ગૌણતા હોય છે. ભક્તિના નિરૂપણ માટે જ ભગવાનનું નિરૂપણ હોય છે. દા.ત., આપણે એમ કહીએ એ બાપ સાથે બેટો આવ્યો. ત્યારે આવવાની મુખ્ય ક્રિયા બેટાની છે, માટે બેટો મુખ્ય છે. બાપ બેટાની સાથે આવ્યો છે, માટે બાપની ગૌણતા છે. જોકે જીવનમાં બાપ મુખ્ય હોય, બેટો ગૌણ હોય. તેમ ભગવાનની મુખ્યતા હોવા છતાં ભક્તિના સંદર્ભમાં ભક્ત મુખ્ય છે. ભક્ત

ભક્તિ કરે છે ત્યારે બ્રહ્મ 'ભગવાન' સ્વરૂપ ધારણ કરી, ભક્ત પાસે આવે છે. માટે ભક્તના ચરિત્રમાં ભક્તિની મુખ્યતા છે.

ભગવાન સાથે ભક્ત આનંદનો અનુભવ કરે છે. આનંદનો અનુભવ કરનાર ભક્ત છે, માટે ભક્તિમાં ભક્તની મુખ્યતા છે. ભગવાન ભક્તની સાથે આનંદનો અનુભવ તો કરે જ છે, પરંતુ એ આનંદના અનુભવનો કર્તા ભક્ત છે, ભગવાન નથી; માટે ભક્તચરિત્રમાં મુખ્યતા ભક્તની છે. તેથી ભાગવતના નવમા સ્કંધમાં ભક્ત સાથે ભગવાનની લીલા કેવી હોય, તેનો આસ્વાદ આપણને મળે છે. તેમાં ભક્તોની કથામાં ભગવાનની કથા આવી જાય છે.

પરમાત્મા જ્યારે ભક્તિની મુખ્યતા સ્વીકારે છે, ત્યારે તે ભગવાનસ્વરૂપ ધારણ કરે છે. ભગવાન એટલા સ્વતંત્ર છે કે તેઓ ધારે ત્યારે પરતંત્ર પણ બની શકે છે; પરંતુ જીવ એવો સ્વતંત્ર નથી. તેથી જ્યારે ભગવાન તેમની સ્વતંત્રતાનો ઉપયોગ કરી પરતંત્ર બનવા ઈચ્છે, ત્યારે ભગવાન તે જીવ-ભક્તને આધીન બની જાય. ભક્ત માટે પરમાત્મા આવું સ્વરૂપ ધારણ કરે, ત્યારે આપણે તેમને 'ભગવાન' કહીએ છીએ; અને તેવા જીવને 'ભક્ત' કહીએ છીએ.

ભક્તો તો ઘણા થયા, પરંતુ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી જેમને બ્રહ્મસંબંધની દીક્ષા આપી અને પુષ્ટિભક્તિનું સૌભાગ્ય આપ્યું; તેવા ભક્તો વિલક્ષણ છે, વિશિષ્ટ છે. એવા ભક્તોની કથા એટલે ૮૪ વૈષ્ણવોની વાર્તા.

શ્રીમહાપ્રભુજીના શિષ્યો-સેવકો તો અનેક છે, પરંતુ તે બધાની કથા શ્રીગોકુલનાથજીએ આપણને કહી નથી. શ્રીગોકુલનાથજીએ શ્રીમહાપ્રભુજીના એવા ભક્તોની કથા કરી, જેમના જીવનમાં તેમણે હમેશાં પુષ્ટિભક્તિનું સ્વરૂપ જીવી બતાવ્યું છે, પુષ્ટિપુરુષોત્તમની તનુવિત્તજા અને માનસી સેવા કરી, તેમનો સાનુભવ કર્યો છે.

આ ૮૪ વૈષ્ણવો પૈકી એકએક વૈષ્ણવની વાર્તા ખૂબ ઝીણવટપૂર્વક વિચારીએ, તો તે દરેક વૈષ્ણવની વાર્તા માટે એકએક વર્ષ લાગે. આમ, ૮૪ વૈષ્ણવોની વાર્તાનું ચિંતન કરતાં ૮૪ વર્ષ લાગે.

આ ૮૪ વૈષ્ણવોમાં પ્રથમ શ્રીદામોદરદાસ હરસાનીજી છે. તેઓ શ્રીમહાપ્રભુજીના પ્રથમ સેવક છે, તેમ વાર્તામાં કહ્યું છે. તેનો અર્થ એવો નથી કે તેમની પહેલાં શ્રીમહાપ્રભુજીએ બીજા કોઈને શિષ્ય-સેવક કર્યા નહોતા. શ્રીમહાપ્રભુજીને વિ.સં. ૧૫૪૯માં બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ, તે પહેલાં આપ શરણે આવેલ મનુષ્યોને અષ્ટાક્ષર મંત્ર અને ગોપાલમંત્રની દીક્ષા આપી સેવક કરતા હતા. પરંતુ બ્રહ્મસંબંધની આજ્ઞા પછી જ આપે સેવામાર્ગનું પ્રવર્તન કર્યું. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું મુખ્ય કારણ પણ આ જ હતું. પુષ્ટિજીવને પુષ્ટિભક્તિનો અવસર પ્રદાન કરવા માટે આપ પ્રકટ થયા હતા. પુષ્ટિજીવના હૃદયમાં રહેલો પુષ્ટિભક્તિનો બીજભાવ અંકુરિત કરવા માટે આવશ્યક એવી કૃપાવૃષ્ટિ વરસાવવા, આપ કૃપામેઘના સ્વરૂપે ભૂતળ પર પધાર્યા હતા, તેથી પ્રભુની આજ્ઞા પ્રમાણે બ્રહ્મસંબંધની સર્વપ્રથમ દીક્ષા પુષ્ટિજીવોમાં અગ્રણી એવા શ્રીદામોદરદાસ હરસાનીજીને આપે આપી. તે અર્થમાં શ્રીદામોદરદાસ હરસાનીજી શ્રીમહાપ્રભુજીના પ્રથમ પુષ્ટિભક્ત છે.

દામોદરદાસજી ઉંમરમાં શ્રીમહાપ્રભુજીથી પાંચ વર્ષ મોટા. વર્ધા નામનું શહેર, જે નાગપુર પાસે આવેલું છે, તે તેમનું વતન. શ્રીમહાપ્રભુજી સૌ પ્રથમ દક્ષિણયાત્રાએ પધાર્યા, ત્યારે દામોદરદાસજીને વર્ધા શહેરના રાજમાર્ગ પર શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. તેમણે તે પહેલાં શ્રીમહાપ્રભુજીને જોયા ન હતા, તેમના વિષે કશું સાંભળ્યું ન હતું અથવા તેમના વિશે કશું જાણતા પણ ન હતા. શ્રીમહાપ્રભુજીના પહેરવેશમાં કોઈ નોંધપાત્ર વિશેષતા નહોતી. તે સમયના દક્ષિણી બ્રાહ્મણનું જ ભૌતિક સ્વરૂપ જોઈ લો! આપશ્રીએ કેવળ ધોતી-ઉપરણો જ ધારણ કર્યાં હતાં, જે પહેરવેશ તે સમયના બધા દક્ષિણી બ્રાહ્મણો પહેરતા હતા. છતાં શ્રીમહાપ્રભુજીને ઓળખવામાં દામોદરદાસજીને વિલંબ ન થયો. દામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીને કેવી રીતે ઓળખી લીધા હશે? દામોદરદાસજીની આંખોએ શ્રીમહાપ્રભુજીના કેવા અલૌકિક સ્વરૂપનાં દર્શન કર્યાં હશે, તે આપણે શું જાણીએ! તેમની એ આંખો કેવી હશે, જેમણે તરત જ શ્રીમહાપ્રભુજીના મૂળ સ્વરૂપને જાણી લીધું! આનું નામ જ સ્વરૂપાસક્તિ. સ્વરૂપાસક્તિ એટલે પુષ્ટિભક્તિ. પુષ્ટિભક્તિનો બીજભાવ પ્રતીક્ષામાં છે. દામોદરદાસજીએ પોતાના જીવનકાળનાં પંદર પંદર વર્ષ આ બીજભાવ રૂપી પ્રતીક્ષામાં વીતાવ્યાં હતાં.

શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને વારંવાર આજ્ઞા કરી : 'દમલા, આ માર્ગ તારા માટે છે.' આ આજ્ઞામાં વિશેષતા કોની? દમલાની કે શ્રીમહાપ્રભુજીની કૃપાની? શ્રીમહાપ્રભુજીના બીજા ભક્તોની અનન્યતામાં જરા પણ ઊણપ ન હતી. અને છતાં આ આજ્ઞા કેવળ દામોદરદાસજી માટે જ કરી છે. શ્રીમહાપ્રભુજી અને દામોદરદાસજીનો વિલક્ષણ-અલૌકિક સંબંધ છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે અન્ય ગોસ્વામી બાળકોનો પુનઃ પુનઃ અવતાર નથી, પરંતુ દામોદરદાસજીનો

પુનઃ પુનઃ અવતાર છે. તે એટલા માટે કે જ્યાં સુધી શ્રીદામોદરદાસજી પૃથ્વી ઉપર અવતરિત થતા રહેશે, ત્યાં સુધી પુષ્ટિ ભક્તિ પૃથ્વી પર પ્રકટ રહેશે. પુષ્ટિમાર્ગમાં જે જીવ શરણે આવે છે, તેમના પ્રતિનિધિ શ્રીદામોદરદાસજી છે. અને તેથી, દામોદરદાસજી શ્રીમહાપ્રભુજીના એવા સેવક છે કે જેઓ નિરંતર અવતરિત થતા રહે છે.

દામોદરદાસજીએ બ્રહ્મસંબંધ લઈને શ્રીઠાકોરજીની સેવા કરી નથી. તેઓ આજીવન શ્રીમહાપ્રભુજીની સેવામાં એવા તન્મય રહેતા કે તેમને શ્રીમહાપ્રભુજીથી અલગ શ્રીઠાકોરજી હોય તેવું જણાયું જ નથી અને તેથી શ્રીઠાકોરજીની યાદ આવી નથી.

આવી જ તન્મયતા સૂરદાસજીના જીવનમાં પણ જોવા મળે છે. સૂરદાસજીના જીવનમાં ભગવલ્લીલાની તન્મયતા છે; અને તેથી શ્રીગુસાંઈજીએ તેમને 'પુષ્ટિમાર્ગના જહાજ' તરીકે ઓળખાવ્યા છે.

દામોદરદાસજીની તન્મયતા તેમની સ્વરૂપાસક્તિને લઈને છે, તેથી તેઓ સદાકાળ ભગવદ્-વિપ્રયોગની સ્થિતિમાં જ રહ્યા છે. તેમના જીવન પરથી આપણને ફલિત થાય છે કે જ્યાં સુધી પુષ્ટિભક્તોના જીવનમાં ભગવદ્વિપ્રયોગ છે, ત્યાં સુધી પુષ્ટિમાર્ગ છે. જ્યારે આપણા જીવનમાં ભગવદ્-વિપ્રયોગ નહીં રહે, ત્યારે આ માર્ગની સ્થિતિ પણ નહીં રહે. શ્રીમહાપ્રભુજી અને દામોદરદાસજી બંને સાથે બિરાજી ભગવલ્લીલાનું ચિંતન કરતા. ભગવલ્લીલાના ચિંતનમાં સેવાનું પણ ક્યારેક વિસ્મરણ થતું. તેમણે પોતાના જીવન દ્વારા આપણને સમજાવ્યું છે કે સેવાની સાથે સાથે લીલાચિંતનમાં આપણું મન ડૂબેલું રહે તે ઉત્તમોત્તમ કલ્પ છે; પરંતુ સેવા ન બની આવે અને કથામાં ચિત્ત ડૂબેલું રહે, તો તે બીજો કલ્પ છે. બંને કલ્પમાં ભગવદ્-વિપ્રયોગ આવશ્યક છે. દામોદરદાસજીનું ચિત્ત ભગવત્કથામાં કેવું ડૂબેલું હશે કે તેમને જીવનભર ભગવત્સેવા પધરાવવાનો ખ્યાલ જ ન આવ્યો!

ઘણા વૈષ્ણવો દામોદરદાસજીની વાર્તાનો ખોટો અર્થ કરે છે. તેઓ કહે છે કે 'દમલાજીએ ભગવત્સેવા નથી કરી, તો આપણે શા માટે કરવી?' આવો પ્રશ્ન કરનાર ભૂલી જાય છે કે દમલાજીની સામે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા અને તેમના મુખારવિંદથી કહેવાતી ભગવત્કથામાં દમલાજી સદાકાળ તન્મય રહેતા હતા. તેથી દમલાજીમાં ભગવદ્-વિપ્રયોગનો ઉત્કટ ભાવ હમેશાં પ્રકટ રહેતો. ભગવદ્-વિપ્રયોગ તેમના હૃદયમાં અવતરિત થયેલો હતો. બીજા વૈષ્ણવોને સંયોગનું સુખ મળે, તે માટે દામોદરદાસજી સદાકાળ વિપ્રયોગનો અનુભવ કરતા. તેઓ વિપ્રયોગનો સાક્ષાત્ અવતાર હતા. પ્રભુને પ્રાપ્ત કરવાની જીવની હજારો વર્ષની પ્રતીક્ષાનું સાક્ષાત્ સ્વરૂપ એટલે જ દામોદરદાસજી.

ભગવત્સેવાનો પ્રથમ અધિકાર દામોદરદાસજીને મળ્યો હતો, કારણ કે દામોદરદાસજીને શ્રીમહાપ્રભુજીએ સર્વ પ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું હતું. તેમની સર્વ ઈન્દ્રિયો પ્રભુગામી હતી. માટે તો તેઓ 'દમલા' છે. દામોદરદાસજીએ ભગવાન તરફ જતી પોતાની સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ કરી, સંયોગનો આનંદ લેવાને બદલે વિપ્રયોગનો અનુભવ કરી, શ્રીમહાપ્રભુજીનું અનુસરણ કર્યું છે. ભગવત્સેવા ન બની આવે તેનો વિપ્રયોગ જે કોઈ વૈષ્ણવોને થાય, તે સૌને દામોદરદાસજીના અંશરૂપ માનવા; કારણ કે બધા જ ભગવત્સેવાના અધિકારી નથી. પરંતુ જેમનામાં સેવા કરવાની સહજ વૃત્તિ છે, તે સેવા ન કરે તો દામોદરદાસજીને અવશ્ય દુઃખ થાય.

શ્રીમહાપ્રભુજી બીજી પૃથ્વી-પરિક્રમા કરતાં કરતાં સં. ૧૫૪૯માં દામોદરદાસ હરસાનીજી વગેરે સેવકો સાથે ગોકુળ પધાર્યા, ત્યારે ત્યાં શ્રાવણ સુદ ૧૧ની મધ્યરાત્રિએ બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ હતી. તેના બીજા જ દિવસે આપશ્રીએ દામોદરદાસ હરસાનીજીને સર્વપ્રથમ બ્રહ્મસંબંધ આપ્યું હતું. બ્રહ્મસંબંધનું રહસ્ય સમજાવતાં શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યું છે કે આપણા મનુષ્યદેહની સાર્થકતા ભગવત્સેવામાં તેનો વિનિયોગ કરવામાં રહેલી છે. આપણે સેવાની પ્રવૃત્તિ સહજ રીતે કરવી જોઈએ. બાળપૂર્વક, મન ન હોવા છતાં સેવા કરવી જોઈએ નહીં. મન વિના સેવા કરવાથી ચિત્તમાં વિક્ષેપ થાય છે, આપણું મન ઉદ્વેગમાં રહે છે, તેથી આપણા ભાવનું ખંડન થાય છે. માટે સેવા સમજપૂર્વક, આગ્રહપૂર્વક અને પ્રેમપૂર્વક કરવી જોઈએ.

પોતાના દૈવી જીવોને ભગત્સેવામાં પ્રવૃત્ત કરવા માટે શ્રીમહાપ્રભુજીને ચિંતા થઈ. આ ચિંતા પણ બીજે કોઈ પણ બીજે કોઈ સ્થળે ન થતાં શ્રીગોકુળમાં થઈ. 'ગોકુળ' શબ્દનો અર્થ છે ઈન્દ્રિયોનું કુળ, એટલે માનવદેહ. શ્રીમહાપ્રભુજીને એ જ વિચાર આવ્યો કે આપણું શરીરરૂપી ગોકુળ શ્રીગોકુલાધીશમાં શી રીતે લાગેલું રહે?

એક બાજુ શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે : **'ચિંતા કાપિ ન કાર્યા ।'** - કદી ચિંતા કરવી નહીં; અને બીજી બાજુ આપણે કહીએ છીએ,

શ્રીમહાપ્રભુજીને ચિંતા થઈ. અહીં આપણે સમજી લેવું જોઈએ કે શ્રીમહાપ્રભુજીને જે વિચાર આવ્યો તે ચિંતા નહોતી, પણ જીવોના ઉદ્ધાર માટેનું ચિંતન હતું. પ્રભુએ સાક્ષાત્ પ્રકટ થઈ, બ્રહ્મસંબંધની આજ્ઞા આપી. આમ, બ્રહ્મસંબંધથી જીવને સેવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.

પ્રભુમાં મનને ચોંટાડવાના બે માર્ગો છે. તેમાંનો એક માર્ગ શાસ્ત્રોએ બતાવ્યો કે મનમાં રહેલી વિષયાસક્તિનો નાશ કરો. મન નિર્મળ બન્યા પછી પ્રભુમાં લાગશે. વિષયાસક્તિના નાશ માટે અનેક સાધનો બતાવવામાં આવ્યાં છે. દેહદમનના માર્ગો પણ બતાવ્યા છે; પરંતુ તે બધાં સાધનોથી વિષયાસક્તિ સંપૂર્ણ રીતે છૂટતી નથી, તે પણ હકીકત છે.

આ સંજોગોમાં શ્રીમહાપ્રભુજીએ મનને પ્રભુમાં ચોંટાડવાનો બીજો રસ્તો બતાવ્યો છે. તે છે સેવામાર્ગ. વિષયાસક્તિ સાથે પણ ભગવદાસક્તિ સેવામાર્ગ દ્વારા થઈ શકશે. જો આપણે સચ્ચાઈથી સેવા કરીશું, તો ધીમે ધીમે આપણા મનના સર્વ વિષયો પ્રભુ તરફ વળી જશે અને મન પ્રભુમાં લાગશે. આમ, સેવાનું સ્વરૂપ જ એવું છે કે તેના દ્વારા વિષયોમાં વૈરાગ્ય અને ભગવાનમાં અનુરાગ થાય. તે દ્વારા દઢ આશ્રય પણ બન્યો રહે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'જીવન જીવવાનો આ એક માર્ગ છે. માટે જે સેવા કરે છે, તેને ભગવદાસક્તિ માટે બીજા કોઈ બાહ્ય સાધનની આવશ્યકતા રહેતી નથી.' તેથી હરિરાયજીએ ગાયું છે કે -

'કાહેકો દેહ દમત, સાધન કર મૂરખ જન;
વિદ્યમાન આનંદ તજિ, ચલત ક્યોં અપાથે.'

આપણે જોયું કે વિષયો છોડી ભગવદાસક્તિ પ્રાપ્ત કરવી અશક્ય છે, પરંતુ ભગવદાસક્તિ વધારતા વિષયોમાં વૈરાગ્ય કેળવવો શક્ય છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે વિષયોને પ્રભુમાં સમર્પિત કરી દો અને ભગવત્પ્રસાદરૂપે તેમનો સ્વીકાર કરો.

આપણે ભોજન કરવું છે; પરંતુ શ્રીઠાકોરજીને ભોગ આવે એટલો સમય ધીરજ રાખીએ. ભોગ ધર્યા પછી તે મહાપ્રસાદનું ભોજન કરીએ. આમ કરવાથી વિકૃતિની કોઈ સંભાવના રહેશે નહીં. આપણા હૃદયમાં પ્રકટેલી ભક્તિની ધારાથી આપણા દોષોની મલિનતા ઘટી જશે.

આ માર્ગ શક્ય છે, કારણ કે જ્યારે આપણે પરમાત્મા તરફ જવા સમર્થ નથી, ત્યારે પરમાત્મા આપણા સુધી આવવા સમર્થ છે. આપણે બ્રહ્મ સાથે સંબંધ સ્થાપિત કરવા અસમર્થ છીએ. અંગ્રેજીમાં એક કહેવત છે કે 'ક્ષ નામની વ્યક્તિ **જો પર્વત સુધી ન જાય, તો પર્વતે ક્ષ સુધી જવું જોઈએ.'**

આપણે શ્રીઠાકોરજીને ભોગમાં ચણા ધરીએ કે છપ્પનભોગ ધરીએ. જો પ્રભુ તે સ્વીકારે, તો આપણે કહીશું કે બ્રહ્મમાં તે સ્વીકારવાની તાકાત છે, અને ન સ્વીકારે તો આપણે કહીશું, ભલી યહ ખેલવેકી બાની. આમ, સ્વીકારે તોપણ વાહ વાહ અને ન સ્વીકારે તોપણ વાહ વાહ!

શ્રીમહાપ્રભુજીએ આવો વિલક્ષણ સેવામાર્ગ પ્રવૃત્ત કર્યો, તેના પ્રથમ અધિકારી દમલાજી છે. તેમના દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે બ્રહ્મ જીવની નીચાઈ સુધી ઊતરી શકે છે. આપણા સંસારના કૂપમાં આપણને ડૂબતા બચાવવા પ્રભુ તેમાં કૂદી પડે છે. માટે આ માર્ગ પુષ્ટિમાર્ગ છે - પ્રભુની કૃપાનો માર્ગ છે.

બ્રહ્મસંબંધની આજ્ઞા બાદ શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને પૂછ્યું હતું, 'દમલા, તૈંને કછૂ સુન્યો?'

દામોદરદાસજીએ જવાબ આપ્યો, 'મહારાજ! સુન્યો તો સહી, પરિ સમુઝ્યો નાહીં.'

ઉપનિષદ, ગીતા, ભાગવત વગેરે શાસ્ત્રગ્રંથો દ્વારા પણ પ્રભુએ આજ્ઞાઓ કરી છે. જીવે તે સાંભળી છે, પરંતુ જીવ તે સમજ્યો નથી. કારણ, સાંભળવું એ એક બાબત છે અને સમજવું એ બીજી બાબત છે. શાસ્ત્રીય સંગીત સાંભળે છે ઘણા, પણ સમજે છે થોડા. વગર સમજ્યે સાંભળનાર પોતાનાં નસકોરાં બોલાવતા હોય છે. આમ, પ્રભુ પ્રત્યેક પુષ્ટિજીવને આહ્વાન આપે છે - આજ્ઞા કરે છે, પણ આપણે સમજતા નથી, તેથી આપણે નિરાંતે સૂઈ રહીએ છીએ.

શ્રીમહાપ્રભુજીની કૃપાથી દામોદરદાસજીએ સાંભળેલી આ ભગવદ્વાણી વેણુનાદથી જરાય કમ ન હતી. તે સાક્ષાત્ બ્રહ્મવિદ્યારૂપ હતી. આવી અલૌકિક ભગવદ્વાણીની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજી દ્વારા જ થાય, તે સેવક માટે ઉચિત છે. તે માટે ધીરજ ધરવી એ પુષ્ટિજીવનું પ્રથમ કર્તવ્ય છે. ભગવદ્વાણીની વ્યાખ્યા કરવામાં આપણે આપણી બુદ્ધિ ચલાવવી જોઈએ નહીં. આ વાત દામોદરદાસજીએ આ પ્રસંગ દ્વારા આપણને શીખવી છે.

શ્રીમહાપ્રભુજીએ આપણને જે સેવામાર્ગ બતાવ્યો, તેમાં સેવા કેવળ શ્રીઠાકોરજીની હોય, શ્રીમહાપ્રભુજીની સેવા ન થાય. શ્રીઠાકોરજીની સેવા શ્રીમહાપ્રભુજી કરે, વ્રજભક્તો કરે, આપણે તો તેમની કાનિથી આપણા હાથ

પવિત્ર કરીએ. આપણે એવી ભાવના કરવી કે આપણે નંદાલયની પડોશમાં રહીએ છીએ. શ્રીયશોદાજીના પડોશી હોવાને નાતે શ્રીયશોદાજીને સહાયતા કરવા સેવામાં જઈએ છીએ. આ ભાવથી આપણે સેવા કરવી જોઈએ. કારણ, જ્યાં શ્રીઠાકોરજી બિરાજે છે તે સ્થળ નંદાલય છે; માટે તે સ્થળમાં શ્રીયશોદાજી અને વ્રજભક્તોની કાનિથી આપણે સેવામાં પ્રવૃત્ત થઈએ, તેમનો સહાયક બનીએ; પરંતુ સેવા કરવાનો તેમનો અધિકાર આપણે છીનવી ન લઈએ. જ્યારે આપણે 'સેવા નથી બનતી' એમ કહી, આપણા માથે બિરાજતા શ્રીઠાકોરજીને ગ્વાલમંડલીમાં પધરાવી આવીએ છીએ, ત્યારે આપણે વ્રજભક્તોનાં ચરણરજ મટી જઈ, પૂતનાનો અવતાર બનીએ છીએ. આ વાત હમેશાં સ્મરણમાં રાખવા જેવી છે.

આપણા ઘરમાં જો કોઈ કુટુંબીજન રસોઈ બનાવનાર હોય, તો રસોઈ બનાવવાની ખટપટ આપણે શા માટે કરીએ? ભગવદ્‌વાણીની વ્યાખ્યાનું પણ તેવું જ છે. જે મુખારવિંદથી ભગવદ્‌વાણી થઈ છે, તે મુખારવિંદ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજી કૃપા કરી તેની વ્યાખ્યા આપણને સમજાવતા હોય, તો આપણે સ્વતંત્ર રીતે શા માટે વ્યાખ્યા કરવી જોઈએ? જ્યારે શ્રીમહાપ્રભુજીએ નિરંતર ભગવત્‌શાસ્ત્રોનું અવગાહન કરી, તેનો નિષ્કર્ષ આપણને સમજાવ્યો છે; ત્યારે તે સમજવાને બદલે આપણે આપણી અલગ બુદ્ધિ શા માટે ચલાવવી જોઈએ? તેથી શ્રીદામોદરદાસજીએ કહ્યું કે 'મહારાજ! ભગવદ્‌વાણીને સ્વતંત્ર રીતે સમજવાનું કામ મારું નથી. તમે સમજાવશો તો હું જરૂર સમજીશ.'

આમ, શ્રીદામોદરદાસજીએ આપણને એક મહત્ત્વની વાત બતાવી કે આપણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં જ દૃઢ વિશ્વાસ રાખવો અને તેને જ અનુસરવું. દરિયામાં જ્યાં જળ છીછરું હોય, ત્યાં નાવને ચેતવવા માટે દીવા-દાંડી રાખવામાં આવે છે; તેમ આપણા જેવા વૈષ્ણવો માટે દામોદરદાસજીએ આવી દીવાદાંડી બતાવી છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી હતી કે 'મારી પહેલાં દામોદરદાસજીનો દેહ ન છૂટે.' દામોદરદાસ જીવિત રહે તો સંપ્રદાયનો સિદ્ધાંત જીવિત રહે અને તે સિદ્ધાંત પ્રમાણે ચાલવાની પ્રેરણા પણ જીવિત રહે. ઘણાં પૂછે છે : 'પુષ્ટિમાર્ગ ક્યાં સુધી ચાલશે?' જવાબ સ્પષ્ટ છે. જ્યાં સુધી એક પણ વ્યક્તિ પુષ્ટિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે ચાલશે, ત્યાં સુધી પુષ્ટિ માર્ગ જીવિત રહેશે. માટે પુષ્ટિમાર્ગમાં આપણે ગુણવત્તા જાળવી રાખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

સંખ્યાબળની ચિંતા કરવાની જરૂર નથી. આપણે ભીડ ભેગી કરવી નથી, આપણે પુષ્ટિમાર્ગને સમજીને તે પ્રમાણે જીવે તેવા મનુષ્યો ભેગા કરવા છે. જ્યાં સુધી પુષ્ટિમાર્ગ જીવિત રહેશે, ત્યાં સુધી દામોદરદાસજી પણ જીવિત રહેશે. તેથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગના બધા સિદ્ધાંત દામોદરદાસજીના હૃદયમાં સ્થાપિત કર્યા છે. એ દામોદરદાસજી આપણા માર્ગદર્શક છે.

શ્રીગુસાંઈજીએ દામોદરદાસજીને પૂછ્યું કે 'તમે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીમાં કોને મોટા ગણો છો?' ત્યારે દામોદરદાસજીએ જવાબ આપ્યો, 'હું શ્રીઠાકોરજીથી શ્રીમહાપ્રભુજીને વધુ જાણું છું.'

દાન મોટું કે દાતા મોટો? આ જવાબમાં બુદ્ધિનો તર્ક નથી, હૃદયનો તર્ક છે. કોણ સારું કે કોણ ખરાબ તેનો નિર્ણય કરવાનો નથી. પત્નીને તેના પતિ તરફ પ્રેમ હોય છે અને તેના સસરા પ્રત્યે આદર હોય છે. જો તે પત્ની પોતાના પતિને આદર આપે અને સસરાને સ્નેહ કરે, તો તેથી સસરો સુખી થતો નથી. તેવી રીતે શ્રીદામોદરદાસજી કહે છે કે 'બડપ્પનમાં શ્રીમહાપ્રભુજી મોટા છે અને સ્નેહમાં શ્રીઠાકોરજી મુખ્ય છે. હું શ્રીઠાકોરજીને સ્નેહ કરું છું અને શ્રીમહાપ્રભુજીને આદર આપું છું.' દામોદરદાસજીની એક પણ ક્ષણ ભગવલ્લીલાના ચિંતન વિના નહોતી જતી, કારણ કે તેમને શ્રીઠાકોરજી અત્યંત પ્રિય છે.

આપણે દાન આપનાર દાતાનો આદર કરીએ છીએ, દાતા જે દાન આપે તે દાનને સ્નેહ કરીએ છીએ. આદર અને સ્નેહ બંને જુદી બાબત છે. જો આપણને પુષ્ટિમાર્ગમાં સ્નેહ થશે, તો જ આપણને શ્રીમહાપ્રભુજીની મહત્તા સમજાશે. આજે જેમને પુષ્ટિમાર્ગમાં સ્નેહ નથી, એવા ઘણા મનુષ્યો શ્રીમહાપ્રભુજીના નામને રડનારા અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું ખંડન કરનારા પેદા થયા છે. તેઓ શ્રીઆચાર્યચરણની બડાઈ કરે છે અને તેમના સિદ્ધાંતોનું ખંડન કરે છે. આ પાખંડ છે. જો શ્રીઆચાર્યચરણ મહાન છે, તો તેમના સિદ્ધાંતો પણ એટલા જ મહાન છે. વ્યક્તિને અને તેના સિદ્ધાંતને - બંનેને જે મહાન માને, તેના માટે કહી શકાય કે તેને તે વ્યક્તિમાં આદર છે.

શ્રીમહાપ્રભુજીની વાણી સિદ્ધાંત-સ્વરૂપે બિરાજે છે અને તે વાણીના અર્થ-પતિરૂપે સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી બિરાજે છે. બંનેમાં અભેદ છે. તેથી જો બંનેનો આદર કરીએ, તો તે વાત બરાબર છે; પણ એકનો આદર કરીએ અને એકનો ન કરીએ તો તે પાખંડ છે.

દામોદરદાસજીની વાર્તા દ્વારા વૈષ્ણવ અને ગુરુના સંબંધની વાત પણ સુંદર રીતે સમજવા મળે છે. આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં ગુરુ અને શિષ્ય બંને ગૃહસ્થ છે. અમારા બાળપણથી વૈષ્ણવો અમારાં ચરણસ્પર્શ કરતા આવે છે; પરિણામે, અમને બાળપણથી એવી ભ્રમણા રહે છે કે અમારે હવે અમારા વ્યક્તિત્વને વિકસિત કરવાની શી આવશ્યકતા છે? શ્રીદામોદરદાસજી તેમની વાર્તામાં શ્રીગુસાંઈજીનું અપમાન નથી કરતા, પરંતુ તેમના પ્રત્યે સ્નેહ છે, માટે અધિકારથી કહે છે કે **'આ માર્ગ હાંસી-ખેલનો નથી.'**

આપણે ત્યાં બે પ્રકારના વૈષ્ણવો જોવા મળે છે. એક વર્ગ એમ માને છે કે ગોસ્વામી બાળક જે કંઈ કરે તે લીલા છે. આ માન્યતાથી પુષ્ટિમાર્ગનું હિત નથી થયું, પણ અહિત વધારે થયું છે.

બીજો વર્ગ એમ માને છે કે આ મહારાજો નકામા છે. તેમનાથી આપણો સંપ્રદાય વગોવાયો છે.

આ બંને વર્ગની માન્યતા આપણને નુકસાન કરે છે. વૈષ્ણવોનું સાચું કર્તવ્ય એ છે કે ગુરુ-શિષ્યના સંબંધ નિભાવીને, શિષ્યને ઉચિત વિનયના સંબંધથી તેમણે આગ્રહપૂર્વક અમને પણ સાચી સૈદ્ધાંતિક વાત કરવી જોઈએ. જો આમ થયું હોત, તો આજની સ્થિતિ આવી ન હોત. જો દરેક ગામમાં દમલાજી જેવા દસ-બાર વૈષ્ણવો હોત, તો અપસિદ્ધાંતોનું આટલું બધું ચલણ થાત નહીં.

જેમ પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી છે, તેમ દામોદરદાસજી પણ વિરુદ્ધધર્માશ્રયી છે. એક બાજુ તેઓ કહે છે, 'સુન્યો તો સહી પરિ સમુઝ્યો નાહીં.' તો બીજી બાજુ શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે 'શ્રાદ્ધની દક્ષિણામાં હું આપને 'સિદ્ધાંત-રહસ્ય'નો દોઢ શ્લોક સમજાવીશ.' એક બાજુ સમજણ નથી પડી તેમ કહે છે, બીજી બાજુ પ્રેમથી સમજાવે છે. જો આવી સમજપૂર્વકનો સંબંધ આપણે શ્રીવલ્લભકુળ સાથે નિભાવી શકીએ, તો જ પુષ્ટિપથ પર ચાલવાનો આપણને અધિકાર છે. દરેક વૈષ્ણવનું જીવન આવું હોવું જોઈએ. ગુરુ-શિષ્ય વચ્ચે આવો મીઠો સંબંધ હોવો જોઈએ. તે સંબંધ કેવળ ચેલા મૂડવાનો સંબંધ નથી, પરંતુ પરિવારનો સંબંધ છે - 'અમે તમારા છીએ, તમે અમારાં છો.' જો આપણે ગુરુ-શિષ્ય એકમેક સાથે મળીને નહીં ચલાવીએ, તો પુષ્ટિમાર્ગનો આ રથ ચાલશે કેવી રીતે? રથને ચલાવવા બે બળદ જરૂરી છે. બંને વચ્ચે પરસ્પરનો સહયોગ પણ જરૂરી છે. એકબીજાને લાત મારવાથી કામ ક્યારેય નહીં ચાલે. આપણા વ્યવહારમાં આવો મધુર શુદ્ધાદ્વૈત સંબંધ આજના સમયે સવિશેષ આવશ્યક છે.

જેમ ગીતામાં મુખ્ય શ્રોતા અર્જુન છે, તેમ બ્રહ્મસંબંધના પ્રસંગમાં મુખ્ય શ્રોતા દમલાજી છે. જ્યાં સુધી દમલાજી પ્રશ્ન કરવા માટે બિરાજે છે, ત્યાં સુધી બ્રહ્મસંબંધની ગીતા પણ ગવાય છે. દમલાજી બધાંમાં બિરાજે છે. વૈષ્ણવ સ્ત્રી-પુરુષ-બાળક સૌમાં દમલાજી અંશરૂપે બિરાજમાન છે.

દમલાજીના પિતાના શ્રાદ્ધનો પ્રસંગ કેટલાક સાચો માનતા નથી. આ પ્રસંગ ગલત માનવા મારું મન કબૂલ થતું નથી. દમલાજીએ શ્રાદ્ધના પ્રસંગે દક્ષિણારૂપે 'સિદ્ધાંત-રહસ્ય'નો દોઢ શ્લોક સમજાવ્યો, તેનું કારણ એ છે કે પ્રાચીન સમયમાં આટલી જ દક્ષિણા અપાતી હતી. ઘણાં પૂછે છે, 'શું શ્રીગુસાંઈજી ગોર હતા? શ્રીમહાપ્રભુજી ગોર હતા? 'ગુરુ' શબ્દનો જ અપભ્રંશ 'ગોર' થયો છે. પ્રાચીન સમયમાં મોટા ઋષિઓ પણ પુરોહિત તરીકેની જવાબદારી બજાવતા હતા. જો શ્રીગુસાંઈજી ક્યારેક આવી જવાબદારી લે, તો તેમાં નવાઈની વાત નથી.

બંગાળના એક સમયના ચીફ જસ્ટિસ આશુતોષ મુકરજી ગંગાસ્નાન કરવા ગયા હતા. ત્યાં તેમનાથી અજાણ એવાં એક માજીની વિનંતીથી તેમણે શ્રાદ્ધકર્મ કરાવ્યું અને તેથી દક્ષિણા લેવા માટે તેઓ ઠેઠ તે માજીના મહોલ્લા સુધી ગયા હતા. તે સમયમાં સૌ બ્રાહ્મણત્વનું ગૌરવ કરતા, તેથી ધર્મ સંગઠિત હતો. આજે ગુરુ પ્રત્યે આદરભાવ નથી, બ્રાહ્મણત્વનું ગૌરવ નથી, તેથી ધર્મ પણ ક્ષીણ થયો છે.'*

---

* 'વૈષ્ણવ પરિવાર' વર્ષ-૧, અંક ૧ તથા અંક-૩ માંથી સાભાર

શ્રીહરિરાયજી વિરચિત

'ભાવપ્રકાશ'ની મહત્ત્વપૂર્ણ વાતો

શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ સમગ્ર વાર્તા-સાહિત્ય પર 'ભાવપ્રકાશ' નામની ટીકા લખી છે. આ ટીકામાં પ્રત્યેક વાર્તાના પ્રસંગનું રહસ્ય પ્રકટ કર્યું છે. શ્રીદામોદરદાસજીની વાર્તા પરના ભાવપ્રકાશમાંથી કેટલીક મહત્ત્વની વાતો આપણે સમજીએ.

પ્રશ્ન-૧ : શ્રીમહાપ્રભુજી દામોદરદાસજીને 'દમલા' કહી કેમ બોલાવતા?

જવાબ : મલ એટલે ગંદકી. અમલ એટલે શુદ્ધતા. સામાન્ય વૈષ્ણવમાં પણ મલ હોતો નથી, તો દામોદરદાસજીમાં મલ હોવાનો વિચાર થઈ શકે નહીં. અહીં હૃદયની શુદ્ધતાની વાત છે. કયા વૈષ્ણવનું હૃદય શુદ્ધ છે, એમ કહેવાય? જેને ભક્તિમાર્ગ પર ચાલતાં શ્રીઠાકોરજીમાં પ્રીતિ છે, તેનું હૃદય શુદ્ધ છે; પરંતુ જેને શ્રીઠાકોરજી કરતાંય શ્રીમહાપ્રભુજીમાં (શ્રીમહાપ્રભુજીના ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપમાં) અનન્ય પ્રીતિ છે તે દમલા. માટે શ્રીમહાપ્રભુજી દામોદરદાસજીને પ્રેમથી 'દમલા' કહીને બોલાવતા. દામોદરદાસજીને શ્રીમહાપ્રભુજીમાં આવો દૃઢ સર્વાત્મભાવ હતો, તેથી તેમણે શ્રીઠાકોરજીની અલગ સેવા પધરાવી નથી. તેઓ સદાય માનસી સેવામાં તલ્લીન રહેતા.

પ્રશ્ન-૨ : શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. જીવોના ઉદ્ધારનો માર્ગ તેમનાથી અજાણ્યો હોઈ શકે? તેમણે શા માટે જીવોના ઉદ્ધાર માટે ચિંતન કર્યું?

જવાબ : જગતમાં ઘણા જીવો માહાત્મ્યજ્ઞાનથી પ્રભાવિત થાય છે. જો શ્રીમહાપ્રભુજીએ પોતે જ બ્રહ્મસંબંધ મંત્ર પ્રકટ કરી જીવોને આપ્યો હોત, તો આવા માહાત્મી જીવોને શ્રીમહાપ્રભુજીમાં અને તે મંત્રમાં દૃઢ વિશ્વાસ ન થાત. તેથી શ્રીઠાકોરજીના મુખારવિંદથી બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ. આના કારણે જીવોનો વિશ્વાસ દૃઢ થયો.

પ્રશ્ન-૩ : દામોદરદાસજી ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા હતી, તેથી તેમને શ્રીઠાકોરજીનાં દર્શન શ્રાવણ સુદ-૧૧ની મધ્યરાત્રિએ થયાં હતાં. તેમણે શ્રીઠાકોરજીની આજ્ઞા પણ સાંભળી હતી, છતાં શા માટે એમ કહ્યું કે 'સુન્યો તો સહી, પરિ સમુઝયો નાહીં?'

જવાબ : શ્રીભગવદ્ગીતાના અગિયારમા અધ્યાયમાં અર્જુન ભગવાનને વિનંતી કરે છે કે 'આપનાં વચન આપની કૃપા વિના સમજી શકાય તેમ નથી. ગુરુની કૃપાથી જ ભગવદ્વાણી સમજી શકાય.' તેથી દામોદરદાસજીએ દીનતા પ્રકટ કરી કે 'આપ મારા ગુરુ છો. આપની કૃપા વિના હું પ્રભુનાં વચન કેવી રીતે જાણી શકું?' આમ, આ પ્રસંગમાં દીનતા સહિત સ્વામી-સેવકભાવ પ્રકટ કર્યો છે.

આ પ્રસંગમાં એક બીજો ભાવ પણ રહેલો છે. દામોદરદાસજીની ગુરુ-ભક્તિ અત્યંત દૃઢ છે. તેથી તેઓ એવું પણ સૂચવી રહ્યા છે કે 'આપ મારા ગુરુ છો, તેથી આપનાં વચનો મારે મન સર્વસ્વ છે. આપ જે કહો તે સોળ આની. મારે બીજું જાણવા-સમજવાની આવશ્યકતા નથી.'

આ પ્રસંગમાંથી એક ત્રીજો ભાવ પણ પ્રકટ થાય છે. શ્રીવલ્લભ પ્રભુ સાથેના વાર્તાલાપની અવનવી વાત કહેવા અત્યંત આતુર હતા. ત્યારે જો દામોદરદાસ એમ કહી દેત કે 'હા મહારાજ! હું બધું સમજી ગયો છું.' તો શ્રીવલ્લભને એ વાત કહેવાનો રસ રહે નહીં. પોતાના ગુરુદેવની પ્રસન્નતા એ જ ભક્તનું જીવન છે. તેથી દામોદરદાસે દીનતાથી કહ્યું, 'હું સમજ્યો નથી, આપ કૃપા કરી સમજાવો.'

એક ચોથો ભાવ પણ આમાં રહેલો છે. ભગવાન સાથે ભક્તોનો સંબંધ ગુરુદેવ દ્વારા જ સિદ્ધ થાય છે. ગુરુદેવની કૃપાથી જ ગોવિંદની પ્રાપ્તિ થાય છે. માટે ગુરુદેવ દ્વારા ગોવિંદને સમજી શકાય. ગોવિંદની આજ્ઞા પણ ગુરુદેવ દ્વારા જ સમજાય. સેવકમાં આવો દાસભાવ અને દીનતા હોવાં જરૂરી છે.

પ્રશ્ન-૪ : દામોદરદાસના પિતાનું શ્રાદ્ધ કરવા શ્રીગુસાંઈજી કેમ પધાર્યા હશે? દામોદરદાસજીના બ્રહ્મસંબંધથી શું પિતૃઓનો ઉદ્ધાર નહીં થયો હોય?

જવાબ : શ્રીભાગવતમાં પ્રહ્લાદજીના પ્રસંગમાં શ્રીનૃસિંહજી આજ્ઞા કરે છેઃ 'ભક્તની એકવીસ પેઢી તરી જાય છે.' તો દામોદરદાસજી તો પુષ્ટિમાર્ગીય ભક્ત છે, તેમના પિતૃઓના ઉદ્ધારનો સંદેહ તો છે જ નહીં; પરંતુ પુષ્ટિમાર્ગીના સંબંધ વિના તે પિતૃઓની પુષ્ટિમાર્ગમાં અંગીકાર ન થાય. પુષ્ટિમાર્ગમાં ગુરુ વિના દૃઢ અંગીકાર સંભવિત નથી, તેથી શ્રીગુસાંઈજીએ શ્રાદ્ધનું નિમિત્ત કરી, દામોદરદાસના પિતૃઓનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરાવ્યો. અહીં કદાચ એવી શંકા

પણ થાય કે દામોદરદાસજીની જેમ બીજા ગુરુભક્તોના પિતૃઓનો શું પુષ્ટિમાર્ગમાં અંગીકાર ન થાય? તેના જવાબમાં સમજવાનું કે બધા પુષ્ટિમાર્ગીય દૈવી જીવોના મૂળ આધિદૈવિક સ્વરૂપ દામોદરદાસજી છે, તેથી તેમના પિતૃઓનો પુષ્ટિસંબંધ થતાં જ પુષ્ટિમાર્ગીય તમામ વૈષ્ણવોના પિતૃઓનો પણ પુષ્ટિસંબંધ થઈ ગયો છે. દામોદરદાસજીની ભક્તિથી જ બધા પુષ્ટિજીવોમાં ભક્તિ પ્રકટ થઈ છે.

શ્રી દામોદરદાસ હરસાનીજીનું પ્રાકટ્ય
મહા સુદ ૪ના દિવસે જ શા માટે?

પ્રભુ અને પ્રભુના કૃપાપાત્ર ભક્તો, ઉત્તમ દિવસ અને ઉત્તમ મુહૂર્ત જોઈને પ્રકટ થાય છે. શ્રીદામોદરદાસ હરસાનીજીનું પ્રાકટ્ય મહા સુદ ૪ના દિવસે થયું હતું. આપણને પ્રશ્ન જાગે કે બીજા દિવસે વસંત પંચમી જેવો ઉત્તમ દિવસ હતો, તો તે ઉત્તમ દિવસને મૂકી દામોદરદાસજી મહા સુદ ૪ના દિવસે પ્રકટ કેમ થયા હશે? આ પ્રશ્નનો ઉત્તર ભગવદીયો પોતાના ભગવદ્-અનુભવના આધારે બે રીતે આપે છે, તેનું આપણે ચિંતન કરીએ.

મહા સુદ ૫ એટલે વસંતપંચમીથી વસંત ઋતુનો પ્રારંભ થાય છે. પાનખરમાં સુકાઈ ગયેલાં વૃક્ષોને નવી સુંદર કૂપળો ફૂટે છે અને વૃક્ષ-વેલીઓ ફરી ફૂલથી છવાઈ જાય છે. દામોદરદાસજી મહા સુદ ૪ના દિવસે પ્રકટ થઈ, પૃથ્વી પરના સૌ દૈવી જીવોને એમ સૂચવે છે કે 'હવે થોડાક જ સમયમાં શ્રીમહાપ્રભુજી પણ પ્રકટ થઈ, આપણા સૌનો ઉદ્ધાર કરશે. અત્યારે આપણા જીવનમાં જે પાનખર ઋતુ છે, તે શ્રીવલ્લભના પ્રાકટ્યથી પૂરી થઈ જશે અને જીવનમાં અલૌકિક વસંત ઋતુનું પ્રાકટ્ય થશે. પ્રભુનાં સેવા-સ્મરણરૂપી પુષ્પપલ્લવોથી આપણું જીવન સુંદર અને મધુર બનશે.'

મહા સુદ ૪ના દિવસની બીજી એક વિશિષ્ટ લીલાનું પણ સ્મરણ કરવા જેવું છે. તે દિવસે ગૌચારણ કરી, વૃન્દાવનથી વ્રજમાં પાછા પધારતાં પ્રભુએ વ્રજભક્તોને નેત્રસંકેતથી આજ્ઞા કરી હતી કે 'આજ રાત્રિએ તમારા મનોરથ પૂર્ણ કરવા હું તમારી નિકુંજમાં આવીશ.'

આવા એક વ્રજભક્ત તેમની નિકુંજના દ્વારે પ્રભુની રાહ જોતાં ઊભા છે. મધરાત થઈ ગઈ, પણ પ્રભુ પધાર્યા નથી. તેઓ ખૂબ જ વિરહાતુર છે. ત્યાં અચાનક કાળી કામળ ઓઢી પધારતા પ્રભુનાં દૂરથી તેમણે દર્શન કર્યાં. તેમને આનંદ થયો કે આખરે પ્રભુ પધાર્યા ખરા! પરંતુ શ્રીઠાકોરજી તેમની નિકુંજ

તરફની કેડીએથી ફંટાઈ બીજી કેડીએ આગળ પધાર્યા; ત્યારે તે વ્રજભક્તને ઘણું દુ:ખ થયું. તેમણે પ્રભુને બોલાવવા દૂરથી બૂમ પાડી, 'હે પ્યારે! આપ આમ બની-ઠનીને ક્યાં પધારી રહ્યા છો?' પ્રભુએ વિચાર કર્યો, 'આ સખી મને જોઈ ગઈ છે, પણ આજે તેની નિકુંજમાં જવું નથી.' એટલે પ્રભુ પોતાની કાળી કામળથી પોતાનું મુખ ઢાંકી, ઝડપથી આગળ વધ્યા.

પેલી વિરહાતુર સખીએ ફરીથી પૂછયું, 'તમારું મુખ બીજના ચંદ્ર જેવું શોભે છે. તમે લાખ ઢાંકશો તોયે છૂપું રહે તેમ નથી. બીજી કઈ સખી તમારા મનમાં આટલી વસી ગઈ છે?'

છતાં પ્રભુ આગળ વધવા લાગ્યા, ત્યારે તે ગુસ્સે થઈ કહેવા લાગી, 'શું આમ ચાલ્યા જ જશો? જરાક વાત કરવાયે નહીં ઊભા રહો? તમારામાં આટલો વિવેક પણ નથી?' છતાં પ્રભુ ઊભા ન રહ્યા ત્યારે તેણે કહ્યું, 'મહારાજ! જતાં જતાં હવે સાંભળી લો, 'આપણે બંનેને હવે બનશે નહીં. દૂરથી પ્રભુ પૂછે છે, 'અલી સખી! નહીં બને તો તું શું કરીશ?'

સખી જવાબ આપે છે, 'મહારાજ! કાલથી જ તેની ખબર પડશે. હવે પહેલાંની જેમ રડીશ નહીં. તમારી બધી ઠકુરાઈ ન કાઢી નાખું, તો હું વ્રજની ગોપી નહીં. વર્ષના ૩૬૦ દિવસમાં ૩૨૦ દિવસ તમારા અને કાલે વસંત-પંચમીથી લઈ ડોલ સુધીના ૪૦ દિવસ અમારા. તમને સૌ વડીલોની વચ્ચે ચૂંદડી પહેરાવીને, નવેલી નાર બનાવીને, તમારી મુરલી અને પીતાંબર આંચકી લઈને જો નાચ ન નચાવું, તો મારું નામ આ વ્રજની ગોપિકા નહીં!'

આવાં વ્રજભક્તોના પ્રતિનિધિ-સ્વરૂપે શ્રીદામોદરદાસજી ભૂતળ પર પ્રકટ થયા છે; માટે તેમનું પ્રાકટ્ય મહા સુદ ૪ના દિવસે થયું છે, તેમ પ્રાચીન ભગવદીયો કહે છે.

વ્રજની આ અદ્ભુત લીલાનું વર્ણન અષ્ટછાપ પૈકીના, શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર ભક્તકવિ. શ્રીનંદદાસજીએ નીચેના પદમાં કર્યું છે :

'બનઠન કહાઁ ચલે ઐસી કો મન ભાઈ સાંવરે કુંવર કન્હાઈ,
મુખ તો સોહે દૂજકો ચંદા છિપ છિપ દેત દિખાઈ ॥૧॥
ચલે હી જાત નેક ઠાડે રહો કૌન ઐસી રીત સિખાઈ,
'નંદદાસ' પ્રભુ અબ ન બનેગી નિકસ જાય ઠકુરાઈ ॥૨॥

●

શ્રી દામોદરદાસ હરસાનીજીનાં બેઠકજી :

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવના સ્વરૂપની એકવાક્યતા પુષ્ટિમાર્ગમાં સ્વીકારવામાં આવી છે. તેથી જેમ શ્રીમહાપ્રભુજી આદિ શ્રીવલ્લભકુળનાં બાળકોની બેઠકો ભારતભરમાં બિરાજે છે; તેમ શ્રીનાથજી અને શ્રીદામોદરદાસ હરસાનીજીની બેઠકો પણ બિરાજે છે. શ્રીદામોદરદાસ હરસાનીજીની ત્રણ બેઠકો શ્રીમહાપ્રભુજીની બેઠકો સાથે હાલ પ્રકટ બિરાજે છે. તેમનાં વિશિષ્ટ ચરિત્રો આપણને મળતાં નથી; પરંતુ તે બેઠકોએ જવાનું થાય, ત્યારે ત્યાં આપણે સેવા-દર્શનનો આનંદ લઈ, અવશ્ય દંડવત્ પ્રણામ કરવા.

શ્રીગોકુળમાં ઠકરાણીઘાટ પરનાં બેઠકજી :

આ બેઠકજી ઠકરાણીઘાટ પાસે આવેલાં શ્રીમહાપ્રભુજીનાં બડી બેઠકજીની સામે આવેલાં છે. આ જ સ્થાને શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને બ્રહ્મસંબંધ આપ્યું હતું. શ્રીમહાપ્રભુજીના આસુર-વ્યામોહ પ્રસંગ બાદ દામોદરદાસજી આ જ સ્થાને રહ્યા હતા અને ત્યાં શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજીનું સેવન કર્યું હતું.

શ્રીવૃન્દાવનમાં બંસીબટમાં આવેલાં બેઠકજી :

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની બાજુમાં દામોદરદાસજીનાં બેઠકજી પ્રકટ બિરાજે છે.

જામખંભાળિયામાં આવેલાં બેઠકજી :

સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં આવેલ જામખંભાળિયા ગામમાં, તળાવના કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે શ્રીદામોદરદાસજીનાં બેઠકજી પણ પ્રકટ બિરાજે છે.

શ્રીદામોદરદાસજીના ચિત્રની ભાવના :

શ્રીગોકુળમાં, ગોવિંદઘાટ પર શ્રીમહાપ્રભુજી શ્રીભાગવતની કથા કરે છે, ત્યારે શ્રીમાધવ ભટ્ટ કાશ્મીરી તે લખી રહ્યા છે. શ્રીકૃષ્ણદાસ મેઘન પાછળ બે હાથ જોડીને બેઠા છે. શ્રીદામોદરદાસ હરસાનીજી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. હોનહાર નામના ચિત્રકારે દોરેલા આ ચિત્રમાં શ્રીદામોદરદાસ હરસાનીજીનાં આપણને દર્શન થાય છે. આ ચિત્ર હાલ કિશનગઢના રાજમહેલના મંદિરમાં બિરાજે છે. આ ચિત્રની પ્રતિકૃતિ લગભગ દરેક વૈષ્ણવના ઘરમાં બિરાજે છે.

આ ચિત્રનો ભાવ કોટાના રાજા, ભગવદ્ભક્ત મહારાવજીને જુદો જ સ્ફુર્યો હતો. તેઓ કહે છે કે 'દામોદરદાસજી સ્વરૂપે શ્રીલલિતાજી શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી, વિનંતી કરી રહ્યાં છે, 'કૃપાનાથ! આપ હવે માન છોડી, નિત્યલીલામાં પ્રભુની પાસે પધારો.' ત્યારે શ્રીમહાપ્રભુજી પોતાનો અંગૂઠો અને આંગળી એકત્ર કરી આજ્ઞા કરી રહ્યા છે કે 'હું તારી એક પણ વાત હમણાં સાંભળીશ નહીં.'

આ ચિત્રજીનાં દર્શન કરીએ, ત્યારે આ અલૌકિક ભાવનાનું અવશ્ય સ્મરણ કરવું.

શ્રીદામોદરદાસજીનું નિત્યલીલાનું અલૌકિક સ્વરૂપ

લીલાનું સ્વરૂપ : શ્રીલલિતાજી
રંગ : ગોરોચનપ્રભા (ઉજ્જવલ લાલાશયુક્ત)
વસ્ત્રનો રંગ : મયૂરપિચ્છ
મુખ્ય સેવા : પાનની બીડી આરોગાવવાની
ભાવ : સખ્ય
વાદ્ય : બિન

શ્રી દામોદરદાસ હરસાનીજી રચિત પદો*

(૧) શ્રીનાથજીકો ધ્યાન

શ્રીનાથજીકો ધ્યાન મેરે નિશિ દિના રી માઈ,
મોહની મૂરતિ સોહની સૂરતિ ચિત્ત લિયો હૈ ચુરાઈ. (૧)

લાલ પાઘ લટકિ ભાલ ચિબુક વેસરિ કંઠમાલ,
કરણફૂલ મંદ હાસ લોચન સુખદાઈ.
મોરપિચ્છ સીસ ધરે મોતિન કે હાર ગરે,
બાજુબંધ પોહોંચી કર મુદ્રિકા સુહાઈ. (૧)

છુદ્રઘંટિકા જેહરી પગ નૂપુર બિછિયા સુદેશ,
અંગ અંગ દેખિ ઉર આનંદ ન સમાઈ.

---

* શ્રી હરિહરનાથ ટંકનકૃત 'વાર્તા-સાહિત્ય'ના આધારે

મુરલિકા અધર ધરે શ્યામ ઠાડે બ્રજ જુવતિ,
માંહ સપ્ત સુરનિ તીન ગ્રામ ગોવર્ધન રાઈ. (૨)
નિરખિ રૂપ અતિ અનુપ છાકે સુરનર વિમાન,
વલ્લભ પદકિંકર દામોદર બલિ જાઈ. (૩)

(૨) શ્રીવલ્લભ ગુણગાન કિયે

કલિ પ્રચંડ પાખંડ ન લાગત ત્રિવિધ તાપ તમ દૂર કિયે.
પ્રેમ પુલક સુખ કમલ મનોહર રોમ રોમ આનન્દ લિયે.
પરમ પ્રસન્ન રહત ઉર અંતર નાથ પ્રિયે નવનીત હિયે.
સબ સાધન સકૃત ઔર વ્રતકો ફલ ગહત એક નામ લિયે.
પરમ સમાધિ પૂરન પુરુષોત્તમ ભજનાનંદ પીયૂષ પિયે.
જયમંગલ જય કારજસોં ઘર જનકૃત જગ અવતાર લિયે.
જન થીરદાસ જાય બલિહારી શ્રીગિરધારી ગતિદાન દિયે.

શ્રીગોકુલેશપ્રભુ વિરચિત ભાવવાહી દુહા

આવો દમલા હસિ કહ્યો, ધારે શ્રીકર માથ,
મારગ દેખત રાજકો, કીનો આજ સનાથ. (૧)
નયન નીર ગદ્ગદ્ ગિરા, કહત ન આવે બૈન,
કૃપાદૃષ્ટિ રસ સિંચિકે, હર્યો તાપ તન મૈન. (૨)
દમલા મોસોં ન્યૂન નહીં, મમ રસકે અનુકૂલ,
શ્રીસુખતેં આજ્ઞા કરી, યહ મારગકો મૂલ. (૩)
પ્રગટ કિયે પથ તોહિ હિત, હે મમ રસકે પાત્ર,
દોષ ટરે મહા સુખ ભરે, તેરે સુમરન માત્ર. (૪)
વ્યાપિ રહ્યો સબ જનનમેં, જોં લૌં દમલા અંશ,
તોં લૌં શ્રીમહાપ્રભુન કો, દાન દેત નિજ વંશ. (૫)
અકથ કથા કહાઁ લૌં કહૂં, જાકો ચરિત્ર અનંત,
પરમપુનિત સૌરભ સ્વજસ, ગાવત મિલ સબ સંત. (૬)
નવ ઘન વલ્લભ માધુરી, બરસે દમલા સિંચ,
ઉમગી હૃદય સરોવરી, રોક્યો સબ જન બીચ. (૭)
દમલા શ્રીમહાપ્રભુનકો, સરસ સનેહ વિલાસ,
જાગત સોવત સ્વપ્નમેં, મિલી રહત રસરાસ. (૮)
રોમ રોમ રસના રટૂં, તોઉ ન હોત બખાન,
જાનત હૈં જો વિરહી જન, અનુભવ હોત પ્રમાન. (૯)
શ્રીદામોદરદાસ કો, દાસી કહૂઁ કે દાસ,
અપની કરુણા જાનકે, કર દાસકો દાસ. (૧૦)

૨. મહાનુભાવ મેઘન

(શ્રી કૃષ્ણદાસ મેઘન)

[૧]

પતિતપાવની ગંગાના રમણીય તટ પર, શ્રીસોરમજી પાસે એક નાનકડો આશ્રમ છે. ત્યાં કેશવાનંદ નામે એક પંડિત સ્વામી રહે છે. તેઓ યોગાભ્યાસી છે; જ્યોતિષ પણ જાણે છે. કેટલાક વિદ્યાર્થીઓ ત્યાં ભણવા માટે આવીને રહ્યા છે. પાસેના શ્રીનંદ ગામનો દસેક વર્ષનો એક તેજસ્વી ક્ષત્રિય બાળક કૃષ્ણદાસ ત્યાં ભણે છે. એણે એ સ્વામીની કંઠી પણ બાંધી છે.

ગુરુ જેને જે ભણવું હોય તે ભણાવે છે. કોઈને ભાષા-જ્ઞાન, તો કોઈને જ્યોતિષ અને કોઈને યોગવિદ્યા! વિદ્યાર્થીઓ ગુરુની સેવાચાકરી કરે છે. કૃષ્ણદાસને અહીં ભણતાં ભણતાં બે વર્ષ વીતી ગયાં છે.

એક દિવસ પંડિત કેશવાનંદ યોગસમાધિમાં બેઠા છે. સંવત ૧૫૩૫ની ચૈત્ર વદ એકાદશીનો દિવસ છે. યોગીને સમાધિમાં અલૌકિક આનંદની અનુભૂતિ થવા લાગી. જાણે દશે દિશાઓ હસી ઊઠે છે! દેવનાં દુંદુભિ અને મંગલ વાજિંત્રો વાગી રહ્યાં છે! પુષ્પવૃષ્ટિ થઈ રહી છે!

સ્વામીએ પોતાના જ્યોતિષ દ્વારાં એ પણ જાણેલું કે આ દિવસે કોઈ અપૂર્વ યોગ છે. એમને હવે ખાતરી થઈ ગઈ કે આ સમયે આ ભૂતળ પર સાક્ષાત્ ભગવાનનું પ્રાકટ્ય થઈ રહ્યું છે; તે સિવાય આવાં મંગલ ચિહ્નો અનુભવાય નહીં.

યોગીનું મન આનંદથી ભરાઈ ગયું. સમાધિ પૂરી થતાં આંખો ખોલી. કેટલાક શિષ્યો સામે બેઠેલા હતા. એમાં કૃષ્ણદાસ તો ખરા જ. આનંદના આવેશમાં ગુરુ ફરી ફરીને કહેવા લાગ્યા : ‘અરે શિષ્યો! કેવો સુંદર સમય છે! કેવો આનંદ વ્યાપી રહ્યો છે! અત્યારે આ ધરતી પર કોઈક સ્થળે સાક્ષાત્ પરમાત્મા પ્રકટ થઈ રહ્યા છે!’

લીલાના જીવ કૃષ્ણદાસ મેઘનના અંતરમાં પણ આજે સાહજિક આનંદની સ્ફૂર્તિ થઈ રહી હતી. ગુરુની આગાહી એ તલ્લીન બનીને સાંભળી રહ્યા હતા. એમના વચનમાં એમને પૂરી શ્રદ્ધા બેસી ગઈ. મનમાં અવનવો ભાવ પ્રગટે છે : ‘ગમે તેમ થાય, પણ ભગવાનને મારે મેળવવા છે!’

એ પૂછે છે, ‘ગુરુ મહારાજ! ભગવાન ક્યાં પ્રકટ થયા હશે?’

કેશવાનંદ એ નિશ્ચિત રૂપે કહી શકતા નથી, પણ કંઈક દિશાસૂચન કરે છે. કૃષ્ણદાસની તાલાવેલી વધતી જાય છે. જ્યારે જ્યારે તક મળે ત્યારે વિનંતી કરે છે, ‘ગુરુ મહારાજ, મારે બદરિકાશ્રમની યાત્રા કરવી છે; આજ્ઞા આપો તો જાઉં.’ મનમાં તો છે ભગવાનને શોધવા જવાની આતુરતા. પણ ગુરુ ના કહે છે, ‘કૃષ્ણદાસ, તું હજુ બાળક કહેવાય. આ અવસ્થામાં તને બદ્રિકાશ્રમ જવાની રજા કેમ કરીને અપાય?’ પરંતુ એની ખૂબ જ આતુરતા જોઈને છેવટે એક દિવસ ગુરુ રજા આપે છે.

કૃષ્ણદાસ એકલા-અટૂલા ત્યાંથી નીકળી પડે છે. બાર વર્ષનો બાળક ગુરુએ બતાવેલી દિશામાં જાય છે. ગામેગામ રોકાય છે. પૂછવા જેવું લાગે ત્યાં પૂછે છે. પત્તો લાગતો નથી તોયે નિરાશ ન થતાં આગળ વધે છે. અદ્‌ભુત તમન્ના છે! પગ-રસ્તાની મુસાફરી. ફરતાં ફરતાં છ વર્ષ વીતી જાય છે. સાતમે વર્ષે એ કાશી આવી પહોંચે છે.

શ્રીવલ્લભનો યજ્ઞોપવીત પ્રસ્તાવ ચાલી રહ્યો છે. મોટી ભીડ જામેલી છે. કુતૂહલવશ કૃષ્ણદાસ ત્યાં જુએ છે, તો આઠ વર્ષના તેજસ્વી બાળક ઘરના આંગણામાં ઊભા છે. મન સાક્ષી પૂરી રહ્યું છે, ‘આ જ છે એ ભગવાન!’ ભીડમાંથી માર્ગ કાઢતા એ દોડે છે. પાસે જતાં જ શ્રીવલ્લભ એમને બોલાવે છે, ‘આવ કૃષ્ણદાસ મેઘન! તું આવ્યો?’

‘હા પ્રભુ’ કહેતાં કૃષ્ણદાસ દંડવત્ પ્રણામ કરે છે. મનમાં આજે હર્ષનો પાર નથી. શ્રીવલ્લભને તે વખતે ભિક્ષા અપાતી હતી. પોતાની પાસે એક વીંટી હતી, તે કૃષ્ણદાસે ભિક્ષામાં આપી હતી.

પછી તે જીવનભર આપશ્રીની પાસે જ રહ્યા. આપનું શરણ સ્વીકારી લીધું. કદી છૂટા પડ્યા જ નહીં. જે વિકટ સ્થાનોમાં કોઈ વૈષ્ણવ સાથે ન હોય, ત્યાંયે કૃષ્ણદાસ તો હોય જ. જાણે આપની છાયા. છાયા કદી છૂટી પડે ખરી? કેવું બડભાગી જીવન!

[૨]

પ્રથમ પ્રદક્ષિણા વખતે શ્રીમહાપ્રભુજી બદરિકાશ્રમ પધારે છે. કૃષ્ણદાસને સાથે લીધા છે. ગુરુને બદરિકાશ્રમ જવાનું વચન આપીને નીકળ્યા છે ને! શ્રીવલ્લભ પોતાના દાસનું વચન કેમ મિથ્યા થવા દે?

બદરિકાશ્રમ પાસે પરલી અને કિરણી નામે પર્વતનાં શિખરો છે. ત્યાં થઈને શ્રીવલ્લભ પધારતા હતા. કૃષ્ણદાસે જોયું કે એક જબરદસ્ત શિલા જોશભેર ગબડતી નીચે આવી રહી છે. સાંકડો માર્ગ હતો. આઘાપાછા ખસવાની જગા નહોતી. પોતાના પ્રાણશ્રેષ્ઠને એ શિલા પરિશ્રમ આપે, તે પહેલાં કૃષ્ણદાસે કૂદીને હાથ વડે એને થંભાવી દીધી. શ્રીવલ્લભ ચકિત થતા, પોતાના સેવકનું આ પરાક્રમ જોઈ રહ્યા. પોતે એમની હિંમતને બિરદાવી. ઘણી પ્રસન્નતા બતાવી, એટલું જ નહીં; આજ્ઞા કરી : ‘કૃષ્ણદાસ, તું કંઈક માગ. હું તને શું આપું?’

કૃષ્ણદાસના મનમાં ઘણા સમયથી એક વિચાર આવ્યા કરતો હતો, ‘જેમણે મને આ ભગવાનના પ્રાકટ્યની વધામણી આપી, એ ગુરુને હું ભગવાનનો મિલાપ કરાવું તો સારું.’ એમના પ્રત્યેની આભારવશતાની લાગણી મનમાં ઘોળાયા કરતી હતી. આજે તક મળેલી જોઈને એમનાથી કહેવાઈ ગયું : ‘પ્રભુ, આપ મારા પૂર્વ-ગુરુને ઘેર પધારશો? એમને આપનાં દર્શન કરાવવાની મને ઘણી ઈચ્છા રહે છે.’

શ્રીવલ્લભ વિચારમાં પડી ગયા. અલૌકિક સામર્થ્યથી પોતે જાણ્યું કે એ પંડિત લીલાનો જીવ નથી. એને મારા સ્વરૂપનો અનુભવ નહીં થઈ શકે. પાંડિત્યના મદમાં એ શરણે પણ નહીં આવે. એને ઘેર પધારવાનું પ્રયોજન શું? એ તો એક પ્રકારનો અનાદર ગણાય! પોતે મૌન રહ્યા. એ મૌનને કૃષ્ણદાસે મૂક સંમતિ માની લીધી.

એક વાર શ્રીમહાપ્રભુજી સોરમજી પધાર્યા. કૃષ્ણદાસ સાથે જ હતા. લાગ મળતાં જ વિનંતી કરી : ‘કૃપાનાથ, મેં તે દિવસે વિનંતી કરેલી ને, મારા પૂર્વગુરુને ઘેર પધારવાની! એ અહીં જ રહે છે. આપ પધારશો ને?’

આપશ્રી મૌન રહ્યા. કૃષ્ણદાસ સમજી ગયા કે આપની ઈચ્છા નથી. વધુ આગ્રહ ન કરતાં કૃષ્ણદાસ એકલા જ કેશવાનંદ પાસે ગયા. એમને જોતાં જ ગુરુથી બોલાઈ ગયું : ‘કૃષ્ણદાસ, મેં સાંભળ્યું છે કે તેં બીજા ગુરુ કર્યા છે! ખરી વાત?’

‘ના, મહારાજ, મેં બીજા ગુરુ નથી કર્યા. આપના બતાવેલા ભગવાન મને મળ્યા છે! આપને એમનાં દર્શન કરાવવાની ઈચ્છાથી આવ્યો છું.’

કેશવાનંદના મુખ પર કંઈ ઉત્સાહ દેખાયો નહીં. એ જુદું જ વિચારી રહ્યા હતા : ‘કૃષ્ણદાસ વલ્લભાચાર્યનો સેવક થયો છે. એ મોટા આચાર્ય છે એ વાત

ખરી, પણ એ ભગવાન કેવી રીતે હોઈ શકે? કૃષ્ણદાસે કંઈક ભળતું જ શોધી લીધું છે!'

એ બોલ્યા : 'ભાઈ, તારી વાત મનાતી નથી. એ તો આચાર્ય છે. તું ભૂલ્યો લાગે છે.'

કૃષ્ણદાસે તો શ્રીવલ્લભના પુરુષોત્તમ-સ્વરૂપનો અનેક વાર અનુભવ કર્યો હતો. એમને લેશમાત્ર પણ સંદેહ ન હતો. વળી, કેશવાનંદની આ અશ્રદ્ધા ભરી વાતથી એમનું મન ઉત્તેજિત થઈ ગયું : 'અરે, જેમને લાભ અપાવવા હું વર્ષોથી આતુર છું, શ્રીવલ્લભનું દુર્લભ વચન માગ્યું છે, એ વ્યક્તિ આવું બોલે છે!' મનમાં દુઃખ થયું. પોતાનો અનુભવ સાચો પુરવાર કરી આપવાની એમનામાં તમન્ના પ્રગટી.

શિયાળાના દિવસ હતા. કેશવાનંદ પાસે અંગારાથી ભરેલી એક સગડી હતી. કૃષ્ણદાસ તરત ત્યાં આવ્યા. બે હાથ અંદર નાખી, અંગારાનો ખોબો ભરીને બોલ્યા : 'જો શ્રીવલ્લભ પૂર્ણ પુરુષોત્તમ ન હોય, તો આ અગ્નિ મારા હાથને બાળીને ભસ્મ કરજો, અને જો હોય તો એ શીતળ બની જજો.'

કેશવાનંદ ચકિત થતા જોઈ રહ્યા. ચમત્કાર થયો. એક મુહૂર્ત પર્યન્ત કૃષ્ણદાસે ધગધગતા અંગારા હાથમાં પકડી રાખ્યા, છતાં હાથને કંઈ પણ થયું નહીં! 'અરે, હવે નાખી દો, નાખી દો. ક્યાં સુધી પકડી રાખશો?' - ગુરુથી કહેવાઈ ગયું.

કૃષ્ણદાસે ખોબો ઠાલવી દીધો. એ જોઈ રહ્યા છે અને વિચારે છે : ગુરુ કંઈ કહે છે કે ચાલો, હું તમારી સાથે ભગવાનનાં દર્શને આવું છું! પણ એ કંઈ ન બોલ્યા. આટલો પ્રકટ પ્રતાપ જોવા છતાં એ શંકાશીલ અને નિરુત્સાહ રહ્યા. પંડિતાઈનો મદ એમને સત્યનો સ્વીકાર કરતાં રોકી રહ્યો હશે. પોતાનો શિષ્ય પોતાને મૂકીને અન્યની પાસે ગયો એ અસૂયાભાવ પણ નડતો હશે! ગમે તેમ હોય, મૂળ વાત તો એ કે લીલાના જીવ સિવાય બીજાને આકર્ષણ થાય જ ક્યાંથી!

કૃષ્ણદાસને પોતાની ભૂલ સમજાઈ. શ્રીવલ્લભના મૌનનું રહસ્ય અને પોતે અહીં ન પધાર્યા તેનો ભેદ પણ સમજાઈ ગયો. જે અનુચિત વૃત્તિ મનમાં રહ્યા કરતી હતી તે નીકળી ગઈ. એ ત્યાંથી ચાલ્યા ગયા.

●

[૩]

બીજી ભારતયાત્રામાં શ્રીમહાપ્રભુજી બદરિકાશ્રમથી આગળ વ્યાસાશ્રમ પાસે પધાર્યા. કૃષ્ણદાસ સાથે હતા. સ્થળ એવું વિકટ હતું કે જ્યાં મનુષ્યની ગમ્ય ન હતી. એક ઊંડી ગુફાના દ્વારા પાસે આપશ્રી અટક્યા. કૃષ્ણદાસને આજ્ઞા કરી, 'તું અંદર ન આવીશ. અહીં ઊભો રહેજે. ગુફાની અંદર હું જઈ આવું. વ્યાસજીને મળીને વાર્તલાપ કરવો છે.'

કૃષ્ણદાસ દ્વારા પાસે ઊભા રહ્યા. શ્રીવલ્લભ અંદર પધાર્યા. ત્યાં વ્યાસજી સામે આવીને, નમન કરીને આપને અંદર લઈ ગયા. આસન પર પધરાવીને કહે છે, 'મારા દ્વારા રચાયેલા ભાગવત ઉપર આપે સુબોધિની ટીકા લખી છે, એમાંથી કંઈક સંભળાવો.'

શ્રીમહાપ્રભુજીએ યુગલગીતના **'વામબાહુકૃત વામ કપોલો'** એ શ્લોકનું વિવેચન આરંભ્યું. એ એક જ શ્લોકનું વ્યાખ્યાન ત્રણ દિવસ પર્યન્ત ચાલ્યું. પછી ભ્રમરગીતમાં અર્ધો શ્લોક ખૂટતો હતો, તે પોતે વ્યાસજી પાસે પૂરો કરાવ્યો : **'આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્ ।'**

વ્યાસજીએ **'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્'** એ સૂત્ર કહ્યું અને શ્રીવલ્લભે એના પરનું ભાષ્ય રજૂ કર્યું. આમ, ગુફાની અંદર નહીં ધારેલો એવો સમય વ્યતીત થયો. કૃષ્ણદાસ આપના વિયોગમાં આજ્ઞાનું સ્મરણ કરતા, ગુફાની બહાર નીડર બનીને જડવત્ ઊભા છે. એકાંત જંગલ છે. બરફમય પ્રદેશ છે. ભૂખ-તરસનું ભાન નથી. કોઈ દેહાધ્યાસ લાગતો નથી. મનમાં વિરહનો સાગર ઊમટ્યો છે, 'અરે, આવા જોખમી સ્થાનમાં આપ એકલા પધાર્યા છે. શું થશે? દિવસ પર દિવસ જાય છે. આપને કંઈ પરિશ્રમ પડ્યો હશે તો! કંઈ અનુચિત બન્યું હશે તો!

સ્નેહી ભક્તને અત્યારે માહાત્મ્ય તો યાદ જ આવતું નથી. અતિ સ્નેહઃ અનર્થાય શંકતે ।અમંગળ શંકાથી મન ક્ષુબ્ધ થઈ રહ્યું છે, પણ અંદર જવાની આજ્ઞા નથી; એનું ઉલ્લંઘન કેમ થાય? એમણે નિશ્ચય કરી લીધો છે, 'આપ પધારીને દર્શન આપશે તો જીવીશ; નહીં તો અહીં જ ઊભો ઊભો વૃક્ષની જેમ દેહ સૂકવી દઈશ. અહીંથી ડગલું પણ ખસવું નથી. આપના વિના હું જીવી જ કેમ શકું?'

છેવટે, ત્રણ દિવસે આપનાં દર્શન થયાં ત્યારે કૃષ્ણદાસના જીવમાં જીવ આવ્યો. શ્રીમહાપ્રભુજી આશ્ચર્યચકિત થતા પૂછી રહ્યા છે, 'અરે કૃષ્ણદાસ, તું અહીં ઊભો જ રહ્યો છે? ક્યારનો?'

'પ્રભુ, આપ ઊભા રહેવાની આજ્ઞા કરીને અંદર પધાર્યા ત્યારનો. આપને છોડીને અહીંથી ક્યાં જાઉં?' શ્રીવલ્લભ અત્યંત પ્રસન્ન થયા : 'મારો કૃષ્ણદાસ આવો આજ્ઞાપાલક! આવો ટેકીલો! ધન્ય છે!' પોતે આજ્ઞા કરી, 'તું કંઈક માગ. હું તને શું આપું?'

કૃષ્ણદાસને યાદ આવી ગયો પોતાનો મુખરતાદોષ. જેને માટે આપશ્રી ઘણી વાર ટોકે છે, છતાં જતો નથી. એ હવે મારા સાધન-પ્રયત્નથી જવાનો પણ નથી. આપની કૃપા થાય તો જાય. તો લાવ ને, અત્યારે એ જ માગી લઉં!

હાથ જોડીને એ વીનવે છે, 'કૃપાનિધાન! એવી કૃપા કરો કે મારો મુખરતાદોષ જાય.'

આપશ્રીએ આશીર્વચન ઉચ્ચાર્યું : 'તથાસ્તુ! કૃષ્ણદાસ, તારો એ દોષ ગયો. હવે તું ભગવદ્‌રસનું અવધારણ ઉત્તમ પ્રકારે કરી શકીશ.'

કૃષ્ણદાસનો ભાવ હવે ઉચ્ચ કક્ષામાં પ્રવેશે છે.

[૪]

પોતાની ચરણરેણુ દ્વારા સકળ તીર્થોને સનાથ કરવા પધારેલા શ્રીવલ્લભાધીશ, બંગાળના ઉપસાગરને કાંઠે આવેલા 'સુન્દરવન' નામથી ઓળખાતા અરણ્યમાં, ગંગાસાગર-સંગમના પવિત્ર તીર્થપ્રદેશમાં પધાર્યા છે. આમ તો બીજા પણ સેવકો સાથે હોય, પરંતુ આ વિકટ સ્થળમાં તો એક જ સેવક સાથે છે; અને તે આપશ્રીના અંતરંગ મહાન આજ્ઞાપાલક કૃષ્ણદાસ મેઘન!

ઘોર જંગલ! રસોઈ માટેનું અન્નાદિક તો મળે જ ક્યાંથી? પ્રાતઃ કાળમાં ફલાહારની શોધમાં કૃષ્ણદાસ નીકળ્યા. વૃક્ષવેલિઓ અને ઝાડ-ઝાંખરાંની ગાઢ ઘટાઓમાં શોધતાં શોધતાં, જે કંઈ થોડાંક ફળ મળ્યાં તે લઈ આવ્યા. ગુરુદેવને આરોગાવ્યાં, પોતે પ્રસાદીરૂપે લીધાં. પછી તો આખો દિવસ વીત્યો ને રાત્રિ પડી ગઈ. કૃષ્ણ અષ્ટમી જેવી અંધારી રાત છે. કોઈક વૃક્ષઘટાની મધ્યમાં ગુરુદેવ પોઢ્યા છે. કૃષ્ણદાસ પાસે બેસીને આપશ્રીની ચરણસેવા કરી રહ્યા છે. વન્ય પશુઓ દ્વારા નિદ્રાવશ ગુરુદેવને કોઈ પરિશ્રમ ન પડે, તે માટે રાત્રિભર જાગૃત રહેવાનો સેવકે મનમાં નિર્ધાર કર્યો છે!

પરંતુ કૃષ્ણદાસ જુએ છે કે ગુરુદેવને નિદ્રા આવતી નથી. એમના મનમાં અપાર પરિતાપ પ્રકટે છે કે 'આજે હું આપશ્રીને કંઈ અન્નાહાર આરોગાવી શક્યો નહીં. આજે કંઈ એકાદશી નથી કે ફલાહાર ઉપર રહેવાનું હોય! ફળ તે ફળ અને અન્ન તે અન્ન! ફલાહારનો કેટલો આધાર? આપશ્રીને જરૂર ક્ષુધા લાગી હશે! અરે, અર્ધરાત્રિ થવા આવી, છતાં હજુ આપને નિદ્રા આવતી નથી. ક્ષુધાતુર અવસ્થામાં ઊંઘ ક્યાંથી આવે? હું મારો સેવક-ધર્મ લજાવી રહ્યો છું, હે પ્રભો!' એમના મુખથી નિઃશ્વાસ સરે છે!!

અહીં ગુરુદેવના મનમાં વિચાર આવે છે, 'દિવસે જો થોડે દૂર તપાસ કરી હોત, તો આ વન-પ્રદેશનાં ખેતરોમાં લીલી ડાંગર મળી આવત ખરી! આ વસંત ઋતુમાં, વધુ વરસાદના આ પ્રદેશમાં એ પ્રાપ્ય ખરી!' અને 'મનોમન સાક્ષી!' અંતરંગ સેવક છે ને! કૃષ્ણદાસના મનમાં પણ તે જ ક્ષણે એવી જ સ્ફુરણા થઈ, 'હું હમણાં જ જાઉં અને જ્યાંથી મળે ત્યાંથી લીલી ડાંગરની ધાણી કરાવીને લઈ આવું. ગુરુદેવને આરોગાવું.'

એમને લાગ્યું કે આપશ્રીની આંખ સહેજ મળી છે! પોતે સાચવીને ઊભા થયા. જવા માટે પગ ઉપાડ્યો; પણ સહેજ અટક્યા. આવા ઘોર જંગલમાં સ્વામીને એકલા મૂકીને જવું, એ કેમ બને? વળી વિચાર આવ્યો : 'પ્રભુ સર્વસમર્થ છે, મારા મનમાં જવાની પ્રેરણા કરનાર પણ આપ જ છે, તો પછી પોતે જ બધું અનુકૂળ કરશે.' છતાં જતાં જતાં જેમ લક્ષ્મણજીએ સીતાજીની પર્ણકુટીની આસપાસ શિલીમુખરેખા દોરેલી, તેમ એક નાની લાકડી લઈ ગુરુદેવની આસપાસ ભૂમિ ઉપર વર્તુળ દોરે છે અને આર્તહૃદયે ભગવન્નામ લેતાં લેતાં, વન્ય પશુઓને એમાં પ્રવેશવાની આણ દે છે. પછી, પોઢેલા ગુરુદેવને દંડવત્ પ્રણામ કરીને ત્યાંથી ચાલી નીકળે છે.

દૂર-સુદૂર વિસ્તરેલું એક ગાઢ અરણ્ય છે. કાજળકાળી ભયાનક મધરાત છે. ચોતરફથી વાઘ, વરુ, સિંહ જેવાં હિંસક પશુઓની ત્રાડો સંભળાય છે. પતિતપાવની ગંગા સહસ્ર શાખાઓરૂપી બાહુઓ વડે, પોતાના સ્વામી સાગરદેવને આલિંગવા માટે દોડી રહી છે! સાગર પણ એ પ્રેમઘેલી પ્રિયાને સત્કારવા અને મોજાંરૂપી ભુજાઓમાં સમાવી લેવા માટે માટે ગાંડોતૂર બનીને જાણે સામે ધસી રહ્યો છે! ઊછળતાં મોજાંની ઘેરી ગર્જનાઓ સંભળાય છે. ઢોળાવવાળા પ્રદેશમાંથી ધસી આવતાં વેગભર્યાં નીર સાગર-તરંગો સાથે અથડાય છે ને ભયાનક ધ્વનિ ઉત્પન્ન થાય છે. ગંગાપ્રવાહના જે કાંઠે પોતે હતા, એ બાજુ તો કોઈ ગામ હતું નહીં; પરંતુ સામે કાંઠે દીવા જેવું કંઈક દેખાતું હતું. દૂરદૂર કોઈ ક્ષેત્રપાલ તાપણું કરીને બેઠો હશે! તે અહીં નાનકડા દીવારૂપે દૃશ્યમાન થતું હતું; કેમ કે વચમાં

ગંગાજીનો વિશાળ પટ હતો. રાત્રિએ નાવ તો હોય જ ક્યાંથી? કૃષ્ણદાસે એ દીવા પરથી દિશા પકડી. લંગોટ મારી લીધો. વસ્ત્રો કાઢીને માથે બાંધ્યાં અને ગાઢ અંધકારમાં, ભયાનક રીતે ઘૂઘવતા ગંગાના નીરમાં એ વીર વૈષ્ણવે ઝંપલાવ્યું. દુર્બળ દેહમાં સબળ આત્મા હતો. બહાર જેવાં ધસમસતાં નીર હતાં, તેવી અંતરમાં સ્વામીનો શ્રમ નિવારવાની પ્રબળ ભાવના હતી. સ્વામી ભૂખ્યા છે, મારું જે થવાનું હોય તે થાય; પણ અત્યારે બેસી કેમ રહેવાય!

મોટા મગર અને ઊંડાં વમળોવાળી નદીનો વિશાળ પ્રવાહપટ વટાવીને ઝડપભેર તરતા એ સામે પાર પહોંચ્યા. હવે દીવો મોટો દેખાયો. એ દિશામાં દોડ્યા. જુએ છે તો એક ખેડૂત ડાંગરના ખેતરમાં બેસીને તાપી રહ્યો છે. એને કહ્યું, 'ભાઈ! મારે થોડીક લીલી ડાંગર જોઈએ છે! ખેતરમાંથી કાપી આપ ને!'

પેલો અર્ધી ઊંઘમાં ઝોકાં ખાતો બોલ્યો, 'જા, જા. સવારે આવજે. કોણ છે તું! રાત્રે તે વળી ડાંગર કપાતી હશે? મને પાપ લાગે!'

'અરે ભાઈ, તું જરા મારી વાત તો સાંભળ.' કૃષ્ણદાસે કહ્યું. અને એણે વાત સાંભળવા ઊંચી નજર કરી તો તાપણાના પ્રકાશમાં એ કોઈ પ્રભાવશાળી મહાપુરુષની દેદીપ્યમાન મુખાકૃતિ જોઈ. એનું મન તત્ક્ષણ પ્રભાવિત થઈ ગયું, 'મહારાજ, તમે કોણ છો? ક્યાંથી આવો છો, આ અર્ધી રાતે?' પેલાએ પૂછ્યું.

'હું ગમે ત્યાંથી આવું છું; પણ ખાસ કામ છે. તું આપે તો મોટો ઉપકાર! તને પાપ નહીં લાગે તેની ખાતરી આપું છું; છતાં ન મનાય તો બમણા પૈસા લે, ચારગણા લે. પુણ્યદાનમાં વાપરજે, એટલે પાપ ધોવાઈ જશે, બસ!'

'અરે મહારાજ, બમણા શું! મારે પૈસા જ નથી જોઈતા, લ્યો લઈ જાઓ.' તાપણાના અજવાળા ફરતાં ફરીને એણે જોઈએ તેટલી ડાંગર કાપી આપી. એની ના છતાં કૃષ્ણદાસે આગ્રહ કરીને કિંમત ચૂકવી.

'હવે ભાઈ, આ ડાંગરથી શું કામ ચાલે? એની ધાણી બનાવવી છે. કોઈ ભાડભૂંજો...?'

'મહારાજ, આટલી રાત્રે ભાડભૂંજો શું કરશે? પણ ચાલો, હું તમારી સાથે આવું છું. મહેનત કરી જોઈએ!' અને એ બંને પહોંચ્યા ગામમાં ભાડભૂંજાને ઘેર! ખેડૂતે હાંક મારી, 'અલ્યા એ! જરા બહાર આવ તો!' પેલો આંખો ચોળતો, હાથમાં દીવો લઈ બારણું ઉઘાડીને બહાર આવ્યો. જુએ છે તો કોઈ તેજસ્વી મહાપુરુષ પોતાનું આંગણું પાવન કરતા ઊભા છે!

'શું છે?' પેલાએ પૂછ્યું. ખેડૂતે એને સમજાવ્યું. વિના આનાકાનીએ એણે ભાડ સળગાવી અને ડાંગર માગી. કૃષ્ણદાસે કહ્યું, 'ભાઈ, તું આટલી મહેનત મારે માટે કરે છે; તો થોડીક વધારે કર. જરાક હાથ ધોઈ લે અને કોરા કરી લે.' એણે એ પણ કર્યું. કૃષ્ણદાસના મુખ સામે જોતાં જોતાં, એણે કાળજીથી ને પ્રેમથી એ લીલી ડાંગરની સરસ ધાણી શેકી આપી. કૃષ્ણદાસે સ્વચ્છ વસ્ત્ર બિછાવી ધાણી એમાં મુકાવી. ભાડના પ્રકાશમાં છાલછોતરાં બધાં જ વીણી કાઢ્યાં. ધાણી દડિયામાં ભરીને પોટકી બાંધી લીધી, અને જે કાંઠેથી આવ્યા હતા તે તરફ ચાલ્યા.

કાંઠે આવીને પોટલી તથા વસ્ત્રો માથે બાંધ્યાં ને લંગોટી મારી લીધી. આવતાં તો તાપણાના દીવાનીય એંધાણી હતી; જતાં તો એ પણ નહીં; છતાં 'શ્રીવલ્લભ'નું સ્મરણ કરતાં એ જ જળમાં ફરી ઝંપલાવ્યું અને તરતા તરતા પાછા મૂળ જગાએ આવી પહોંચ્યા.

હા, આ કોઈ મનુષ્યનું ગજુ ન હતું! એમના અંગઅંગમાં અલૌકિક સામર્થ્ય પ્રસરી રહ્યું હતું. એ બળથી જ આ સાહસ થઈ રહ્યું હતું. ભીનાં કપડાં બદલી લીધાં; ઝડપથી ચાલતા, આપશ્રી પોઢ્યા હતા ત્યાં આવ્યા. એક સુંદર વસ્ત્ર પાથરીને એ મહામૂલ્યવાન સામગ્રીના પડિયા ગોઠવી દીધા. ધીમે રહીને આપશ્રીનાં ચરણારવિંદ પોતાની ગોદમાં લઈ લીધાં. પાછા ચરણ દાબવા લાગ્યા. પહેલાંની ચરણસેવા પોઢાડવા માટેની હતી, હવેની જગાડવા માટેની.

પોતે તરત જાગ્યા. 'અરે કૃષ્ણદાસ! તું હજુ સૂઈ ગયો નથી? રાત કેટલી ગઈ હશે?' ત્યારે કૃષ્ણદાસ કહે છે, 'કૃપાનાથ, અર્ધરાત્રિ તો થઈ ગઈ છે!'

આપશ્રી કહે છે, 'કૃષ્ણદાસ, દિવસે પ્રયાસ કર્યો હોત તો ડાંગરની ધાણી કોઈ સ્થળેથી મળી આવત!' કૃષ્ણદાસ વીનવે છે, 'મહારાજ, દિવસે ન મળે તે રાત્રે મળે! આપની ઇચ્છા થાય, તો શું અશક્ય છે! આપ બિરાજો.' અને પોતે બેઠા થયા. કૃષ્ણ અષ્ટમીનો અર્ધ ચંદ્ર આકાશમાં ઉદિત થઈ રહ્યો હતો. એના અરુણ પ્રકાશમાં આપશ્રીએ દડિયા ભરીભરીને સામે જ સાજેલી સુંદર મનવાંછિત સામગ્રી જોઈ.

'અહો, કૃષ્ણદાસ! આ બધું તેં શું કર્યું? કેવી રીતે કર્યું? આ ઘોર રાત્રિમાં તેં આ સાહસ કર્યું? મારા મનની વાત તું જાણી ગયો? તારો પ્રેમ અદ્ભુત છે, મેઘન!' એમ કહેતાં, કૃપારસવશ શ્રીવલ્લભ પોતાના અંતરંગ ભગદીયને ભુજ ભરીને ભેટી પડ્યા. ભક્તના પ્રેમથી ભગવાન જાણે વશ થઈ ગયા!

મેઘન કહે છે, 'કૃપાનિધાન, આ કંઈ મારું બળ નથી. હું તો ક્યારનોય ગંગામાં વહી ગયો હોત! જે કંઈ થયું તે આપના જ કૃપાબળથી.'

'કૃષ્ણદાસ! પ્રાણન્યોછાવરીની આવી સેવા ને પાછી આટલી દીનતા! ધન્ય તારા ભાવને! તારા જેવો સેવક મળવા બદલ મને આજે ખૂબ આનંદ થાય છે. હા, તું કંઈક માગ; હું જરૂર આપીશ.'

કૃપાનિધાન મારે શું નથી કે હું માગું? સ્વામીની પ્રસન્નતા એ જ સાચા સેવકનું સર્વસ્વ! છતાં આપ પ્રસન્ન થયા છો તો એટલું આપો કે સ્વમાર્ગના સારરૂપ સમગ્ર સિદ્ધાંત મને હૃદયારૂઢ થાય!

'જોં લૌં હરિ આપુનપેં ન જનાવે,
તોં લૌં સકલ સિદ્ધાંત માર્ગકો, પઢેસુને નહીં આવે.'

'એ તો તને થયેલો જ છે કૃષ્ણદાસ! તેં આજે જે આચરી બતાવ્યો, એ જ માર્ગનો સિદ્ધાંત - સ્વામીના સુખની વિચારણા! સકળ સિદ્ધાંતોનું સારતત્ત્વ છે 'સેવા' - હરિની, ગુરુની અને ભગવદીયોની. આવો ને આવો સેવાભાવ તને સદૈવ સિદ્ધ થયેલો રહેશે. મારા અંતરની તને આશિષ છે. મેઘન! તારું હૃદય સદાયે ભગવદ્-અનુરાગ-રસથી ભરેલું રહેશે.' આપશ્રીનું વચનામૃત પાન કરતાં, કૃષ્ણદાસનું હૃદય ભાવવિભોર બની ગયું. કહ્યું, 'કૃપાનિધાન, હવે આપ વધુ વિલંબ ન કરો. કૃપા કરીને આ સામગ્રીનો અંગીકાર કરો તો મારું હૃદય શીતળ થાય.'

શ્રીવલ્લભે માનસીમાં એ સામગ્રી પોતાના પ્રાણપ્રેષ્ઠને આરોગાવી અને પછી ભક્તમનોરથપૂરક શ્રીવલ્લભ, અતિ સરાહના કરતાં કરતાં ભક્તના ભાવરસથી ભરેલી એ રસીલી સામગ્રી પરમ પ્રેમથી આરોગ્યા. 'આવો સ્વાદ તો છપ્પનભોગમાંયે ન હોય' - આપ વિચારી રહ્યા હતા. પછી, પોતે આગ્રહ કરીને, અધરામૃત સ્વાદયુક્ત એ મહાપ્રસાદ કૃષ્ણદાસને લેવડાવ્યો. ભક્ત સુખ પામતાં, પોતાને જ સુખ થઈ રહ્યું છે એમ આપશ્રીનું હૃદય અનુભવી રહ્યું હતું. કહે છે કે સાચો પ્રેમ આમ પરસ્પર જ હોય છે!

ધન્ય છે કૃષ્ણદાસની આ અપ્રતિમ આદર્શ ગુરુભક્તિને!

યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતાહ્યર્થાઃ, પ્રકાશન્તે મહાત્મનઃ ॥

જેને ભગવાનમાં પરમ ભક્તિભાવ છે, અને તેવો જ ભક્તિભાવ ગુરુદેવમાં છે; તેવા મહાન આત્માઓને જ, વેદશાસ્ત્રોની અલૌકિક વાણીના સાચા અર્થો અંતરમાંથી સ્ફુરિત થાય છે...

[૫]

એક વખત એક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી, મહારાજ! કૃષ્ણદાસ શ્રીઠાકોરજીની લીલાની ગુપ્ત વાત બધાંની આગળ કહે છે.'

'કેમ રે કૃષ્ણદાસ, આ વાત સાચી છે?'

'કૃપાનાથ, આપ આ વૈષ્ણવને જ પૂછી જુઓ. મેં તેમને શું કહ્યું છે?'

'મહારાજ, અમે સાંભળ્યું તો હતું, પણ અમને કંઈ યાદ નથી.'

શ્રીમહાપ્રભુજી મુસ્કરાઈને મૌન રહ્યા.

એક વખત શ્રીમહાપ્રભુજી બપોરે વિશ્રામ કરી રહ્યા હતા. કૃષ્ણદાસ તેમની ચરણસેવા કરતા હતા. કૃષ્ણદાસે વિનંતી કરી, 'મહારાજ, આજ્ઞા હોય તો કેટલાક પ્રશ્નો પૂછું.'

'જરૂર પૂછ.'

'મહારાજ, શ્રીઠાકોરજીને કઈ વસ્તુઓ પ્રિય છે?'

શ્રીઠાકોરજી સદા ઉત્તમોત્તમ વસ્તુઓના ભોક્તા છે; પરંતુ આપને ગોરસ (દહીં) અતિ પ્રિય છે. અને વળી તેનાથીયે વિશેષ ભક્તનો નિઃસ્વાર્થ સ્નેહ પ્રિય છે.'

'શ્રીઠાકોરજીને કઈ વસ્તુઓ અપ્રિય છે?'

'શ્રીઠાકોરજીને ધુમાડો ઘણો અપ્રિય છે, પરંતુ તેમના ભક્તનો દ્વેષ કરનાર વ્યક્તિ વધારે અપ્રિય છે.'

'મહારાજ, શ્રીરામચંદ્રજી સમસ્ત અયોધ્યાવાસીઓને સાથે લઈને સ્વધામ પધાર્યા; પરંતુ પિતા દશરથને સ્વર્ગ આપ્યું, તેનું શું કારણ?'

શ્રીરામચંદ્રજી પરમ દયાળુ છે. રાજા દશરથે પોતાનું વચન સત્ય કરવા ખાતર ભગવાનને વનમાં મોકલ્યા અને પરિશ્રમ કરાવ્યો. આ અપરાધથી દશરથને સ્વર્ગ પણ ન મળે; છતાં ભગવાને દયા કરી સ્વર્ગ આપ્યું.'

'મહારાજ, ભક્ત થઈને પણ જીવ પ્રભુની લીલાને જાણી શકતો નથી, તેનું કારણ શું?'

'ભક્ત થવા છતાં જીવ વિધિપૂર્વક પોતાની અહંતા અને મમતાનું પ્રભુને સમર્પણ કરતો નથી. શરણે આવ્યા પછી તે દાસ બન્યો છે; તેથી તેણે પ્રભુને આધીન રહેવું જોઈએ. પ્રભુ જે કરે તે સર્વોપરી, એવો વિશ્વાસ રાખવો જોઈએ. સમર્પણનો માર્ગ દીનતાનો માર્ગ છે; તેથી દીનતા રાખી ભગવદીયનો સંગ

કરવો જોઈએ. જીવ જે કંઈ કરે છે તે અંતઃકરણપૂર્વક કરતો નથી, તેથી પ્રભુ અપ્રસન્ન થાય છે. ભક્તે ઉત્તમ ભક્તોનો સત્સંગ કરવો. શ્રીભાગવત આદિ ગ્રંથોનો સ્વાધ્યાય કરવો. આમ કરવાથી ભક્તમાં ભગવદ્‌ભાવ ઉત્પન્ન થાય છે. તદુપરાંત, ભક્તે ભાવપૂર્વક શ્રીઠાકોરજીની સેવા પણ કરવી જોઈએ. તેમ કરવાથી તેને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થાય છે.'

શ્રીમહાપ્રભુજીનાં આ વચનામૃતો સાંભળી કૃષ્ણદાસ ઘણા પ્રસન્ન થયા.

કૃષ્ણદાસ નિત્યલીલામાં વિશાખા સખીનું સ્વરૂપ છે. જેમ શરીર સાથે તેનો પડછાયો નિરંતર જોડાયેલો રહે, તેમ શ્રીસ્વામિનીજીની સેવામાં વિશાખાજી રહે છે. આથી અહીં એ જ પ્રકારે કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીની સેવા કરી. શ્રીમહાપ્રભુજીએ જ્યારે નિત્યલીલા પ્રવેશ કર્યો, ત્યારે તેમના વિરહમાં કૃષ્ણદાસના પ્રાણ છૂટી ગયા.

સિદ્ધાંત નવનીત :

પ્રશ્ન : કૃષ્ણદાસજીને શ્રીમહાપ્રભુજીએ વરદાન આપવા છતાં તેમને પુષ્ટિમાર્ગનો મર્મ કેમ સમજાયો નહીં?

જવાબ : કૃષ્ણદાસજીમાં તેમના વિદ્યાગુરુ માટે ગુરુભાવ હતો. શ્રીમહાપ્રભુજી સિવાય અન્યમાં ગુરુભાવ હોઈ, અન્યાશ્રય થવાથી તેમને પુષ્ટિમાર્ગનો મર્મ સમજાયો નહીં તેમજ તેમનો મુખરતાદોષ પણ દૂર થયો નહીં.

પ્રશ્ન : મુખરતાદોષ એટલે શું?

જવાબ : મુખરતા એટલે વાચાળતા. બિનજરૂરી બહુ બોલબોલ કરવું એ દોષ છે. મન વાતોમાં પરોવાયેલું રહે, તો તેવા મનમાં પ્રભુની લીલાનું ચિંતન થાય નહીં. પરિણામે, પ્રભુનો રસાનુભવ ન થાય. માટે જરૂર પૂરતું બોલવું અને વાણીનો નિરોધ કરવો. મુખરતાદોષ છોડવો કેટલો કઠિન હશે કે જેથી કૃષ્ણદાસજી જેવા ભગવદીયને પણ તે માટે શ્રીમહાપ્રભુજીના આશીર્વાદ માગવા પડ્યા!

પ્રશ્ન : શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસને પોતાની સાથે વ્યાસાશ્રમમાં કેમ ન લઈ ગયા?

જવાબ : કૃષ્ણદાસને તેમના વિદ્યાગુરુમાં ગુરુભાવ હોવાનો અન્યાશ્રય થવાથી તેમનું અલૌકિક ઐશ્વર્ય ઘટ્યું હતું. વળી, કૃષ્ણદાસે વરદાન માગ્યાં, ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જીવ શું માગી જાણે? તેણે શ્રીઠાકોરજી માગ્યા હોત તો તે પણ આપી દેત. માટે જીવે કશું માગવું નહીં. પરમાનંદજી ગાય છે કે 'માગે સર્વસ્વ જાત હૈ પરમાનંદ ભાખે.'

પ્રશ્ન : કૃષ્ણદાસે કહેલી લીલાની વાતો વૈષ્ણવોને કેમ યાદ રહી નહીં?

જવાબ : પાત્ર વિના રસ સ્થિર થતો નથી. કહ્યું છે કે -

'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે.'

◆

૩. શ્રીદ્વારકાધીશના કૃપાપાત્ર !

(શ્રીદામોદરદાસ સંભરવાળા)

[૧]

લીલાના જીવો ભિન્ન ભિન્ન પ્રકારે આકર્ષાઈને શ્રીવલ્લભાધીશના શરણમાં આવ્યા છે. દામોદરદાસ સંભરવાળાને શરણે આવવામાં એક તામ્રપત્ર નિમિત્ત બન્યું હતું.

હસ્તિનાપુરમાંથી તેમને ચિત્રલિપિવાળું તામ્રપત્ર મળ્યું; અને તે જ રાત્રિએ પ્રભુએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે 'જે આ પત્રનો સાચો ભાવાર્થ સમજાવે તેને શરણે તું જજે.' દામોદરદાસે અનેક સાધુસંતો અને પંડિતોને તે બતાવ્યું; પરંતુ કોઈનાય અર્થઘટનથી તેમને સંતોષ થયો નહીં. હજુ એ શોધમાં જ હતો, ત્યાં તો પરિક્રમા કરતા કરતા શ્રીવલ્લભ કનોજ પધાર્યા. કૃષ્ણદાસ મેઘન દ્વારા એમને સાંકેતિક સમાચાર મળ્યા. એમની પાછળ એ આપશ્રીની પાસે પહોંચ્યા. દર્શન કરતાં જ ઓળખ્યા કે 'જેને શોધું છું તે આ જ!' અત્યંત હર્ષ થયો. આપશ્રીએ તામ્રપત્ર લઈ આપવાની આજ્ઞા કરી.

દામોદરદાસ કહે છે, 'કૃપાનાથ! મેં આપને ઓળખી લીધા. હવે એની શી જરૂર છે?'

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, 'એમ નહીં; તને ભગવદાજ્ઞા થઈ છે તે રીતે જ તારે કરવાનું છે.'

એ તામ્રપત્ર લઈ આવ્યા. આપશ્રીએ એની ચિત્રલિપિના સંકેતોને સાંગોપાંગ સમજાવ્યા. પછી એમને શરણે લીધા. દામોદરદાસજી પૂછે છે, 'મહારાજ! હવે મારું કર્તવ્ય શું?' આપશ્રી સૌની જેમ એમને પણ આજ્ઞા કરે છે, 'ભગવત્સ્વરૂપ પધરાવીને સેવા કરો.'

તપાસ કરતાં, કનોજના કોઈ નારાયણ દરજીને ત્યાંથી અત્યંત પ્રાચીન અને અતિ મનોહર એવું શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ પ્રાપ્ત થયું; જેની સેવા રાજા અંબરીષ જેવા અનેક ભક્તોએ કરેલી.

નારાયણ દરજી ભગવદાજ્ઞાથી આબુ પર્વત પરના ઋષીશ્વર પાસેથી આ સ્વરૂપને પધરાવી લાવ્યો હતો. હવે એને આજ્ઞા થઈ હતી કે 'શ્રીવલ્લભાચાર્યજીનો સેવક મને પધરાવવા આવશે. મારે હવે ત્યાં પધારવું છે.'

દામોદરદાસ ત્યાંથી ધામધૂમથી એ સ્વરૂપ પધરાવી લાવ્યા. શ્રીવલ્લભે એ સ્વરૂપને પુષ્ટ કરી, એમને માથે પધરાવી આપ્યું.

દામોદરદાસ જાતિએ ક્ષત્રિય હતા. કરોલીના ચંદ્રવંશી રાજાના પ્રધાન હતા. અતિશય ધનાઢ્ય હતા. એમના સસરા પણ એવા જ ધનસંપન્ન! લગ્ન વખતે દીકરીને દાયજામાં પુષ્કળ સંપત્તિ સાથે એકસો દાસીઓ આપી હતી. દામોદરદાસને ત્યાં નહાવા માટે ગરમ પાણી મૂકવાના દેગ પણ ચાંદીના રહેતા. રાજા અંબરીષને ત્યાં વૈભવી સેવાનો અંગીકાર કરનારા શ્રીદ્વારકાધીશને પુનઃ એવા વૈભવનો અંગીકાર કરવાની ઈચ્છા થઈ. આ સંપત્તિવાન ભક્તને ત્યાં નિજેચ્છાથી પધાર્યા પછી સેવાના વૈભવમાં શું બાકી રહે! ઘણી પ્રીતિથી અને અત્યંત વૈભવથી દામોદરદાસ, પત્ની સહિત, શ્રીદ્વારકાધીશની સેવા કરવા લાગ્યા. વિવિધ પ્રકારના ભોગ-રાગ-શૃંગારથી પ્રભુને લાડ લડાવી રીઝવવા લાગ્યા. દાયજામાં આવેલી દાસીઓ પૈકી એક દાસી લીલાનો ઉચ્ચ કક્ષાનો જીવ! એના પર પણ પ્રભુની ઘણી કૃપા થઈ.

કેટલોક સમય વીતી ગયો. અહીં બધું તો પ્રભુને સુખરૂપ હતું. એમની હવેલીમાં પ્રભુને બિરાજવાનું મંદિર પણ સુંદર હતું. પરંતુ એ જમાનામાં ચોરીના ઘણા ઉપદ્રવને કારણે ધનિકોને ત્યાં ઘરનાં બારી-બારણાં તદ્દન ઓછાં રાખવામાં આવતાં. એટલે ઉષ્ણકાળના દિવસોમાં પ્રભુને તાપ વિશેષ લાગતો. રાત્રિએ પણ મંદિરમાં પવનની આવ-જા નહીં. દિવસે સેવાસમયે તો દાસી પંખો કરે; પરંતુ પોઢ્યા પછી તો મંદિરનેય તાળા-મંગળ થઈ જાય. પ્રભુને આ રીતે પરિશ્રમ પડતો.

વિશેષમાં, એક વાર એવું બન્યું કે એક રાત્રે સખત ઉકળાટ હતો, ત્યારે દામોદરદાસ પોતાને ગરમી સહન ન થવાથી બહાર ઓટલા પર ખાટ નંખાવીને સૂઈ ગયા. આ તો વળી મોટો અપરાધ થયો. 'યથા દેહે તથા દેવે'નો સિદ્ધાંત ત્યાં ચુકાઈ ગયો. સ્નેહમાર્ગની રીત વીસરાઈ ગઈ. કૃપાળુ પ્રભુ પોતાના ભક્તની ભૂલ ન સુધારે તો કેમ ચાલે! શ્રીદ્વારકાધીશે પોતાની કૃપાપાત્ર દાસીને રાત્રિમાં આજ્ઞા કરી, 'તું મારું મંદિર ખોલી નાખ અને પંખો કર. મને બહુ તાપ લાગે છે.'

દાસીએ તરત જ તેમ કર્યું. કેટલીક વાર પંખો નાખ્યા પછી પ્રભુએ આજ્ઞા કરી કે 'હવે તું સૂઈ જા, પણ મંદિર ખુલ્લું રાખ.' પવન માટે દ્વાર ખુલ્લાં મૂકીને દાસી સૂઈ ગઈ.

સવારે દામોદરદાસ ઊઠીને ઘરમાં આવ્યા. જુએ છે તો મંદિરનાં બારણાં ખુલ્લાં પડ્યાં છે. પ્રથમ તો ચોરીની શંકા થઈ, પણ એવું તો કંઈ જણાયું નહીં. ઘરમાં પૂછપરછ કરી. દાસીએ કહ્યું એ વાત આ રીતે બની છે. ત્યારે દામોદરદાસ જરા ખિજાયા, 'કૃષ્ણા! તને આજ્ઞા થઈ, તો તારે મને કહેવું જોઈએ ને! તેં બારોબાર શા માટે મંદિર ખોલ્યું? તું ઘરની માલિક છે? હું ઘેર નહોતો? તારી શેઠાણી પણ ઘરમાં જ હતીને!'

ત્યાં તો પ્રભુએ દાસીનો પક્ષ લીધો, 'એણે જે કર્યું છે તે મારી ઈચ્છા પ્રમાણે જ કર્યું છે. તું એના પર ખિજાય છે શા માટે? મને આવા ધામમાં મૂકીને તું તો બહાર પવનમાં જઈને સૂઈ ગયો; અને ઉપરથી એને ઠપકો આપે છે? આ તારા સ્નેહનાં લક્ષણ!'

પોતે શેઠ છે અને આ તો દાસી છે; પોતે ભગવદીય છે અને દાસી એટલે કંઈ નહીં - એ એમનો ભ્રમ ભાગી ગયો; ગર્વ ગળી ગયો. દાસીની અલૌકિકતા સમજાઈ. પોતાની બંને ભૂલો માટે ઘણો પશ્ચાત્તાપ થયો. પત્ની સુમિત્રા પણ ત્યાં હાજર હતી. એને પણ લાગ્યું કે પોતાના ભાવમાંયે કંઈક ઊણપ હોવી જોઈએ કે જેથી પ્રભુએ પોતાને આજ્ઞા ન કરી. દાસીનો ભાવ એને પોતાનાથી ચઢિયાતો લાગ્યો. પ્રભુએ સાક્ષાત્ આજ્ઞા કરી અને પાછો એનો પક્ષ લીધો! એણે વિચાર્યું: 'પ્રભુ મને આજ્ઞા ક્યાંથી કરે? મારાથી કંઈ અન્યાશ્રય થયો હશે. કંઈક વિમુખતા આવી ગઈ હશે.' દામોદરદાસ વિચારે છે : 'પ્રભુ તો સ્નેહ અને દીનતાને વશ છે. મારામાં કંઈક ધનમદ હશે. સ્નેહની રીત તો હું ચૂક્યો જ છું!'

પ્રીતમ પ્રીત હી તેં પૈયે,
યદ્યપિ રૂપગુણશીલ સુઘરતા, ઈન બાતન ન રીઝૈયે.

આમ વિચારતાં મનમાં ઘણો તાપ-ક્લેશ થયો. લાગણીના આવેશમાં એક કઠિન પ્રતિજ્ઞા એમનાથી લેવાઈ ગઈ, 'પ્રભુને બિરાજવાનું ઉત્તમ હવાશીલ મંદિર તૈયાર ન થાય ત્યાં સુધી હું ઉપવાસ કરીશ.' પત્ની પાસે જ હતી. એ બોલી : 'હાં હાં, જરા વિચાર કરો. આ તે કંઈ બેચાર દિવસનું કામ છે? ઉતાવળ કરીને જેવું તેવું મંદિર બનાવવું છે? ભૂખ્યા રહીને તે ક્યાં સુધી કામ થઈ શકશે?'

જેમતેમ કરીને ઉપવાસને બદલે 'ફળાહાર'નો નિર્ણય કરાવ્યો. એમાં પ્રતિજ્ઞા પણ સચવાતી હતી. તરત જ મંદિર બનાવવાનું કાર્ય શરૂ થયું. સંપત્તિ ઘણી હતી, સાથે આવડત પણ એવી જ.

લીલાધામમાં એમનું સ્વરૂપ ચિત્રા સખીનું! સેવા પણ મંદિરની સજાવટ કરવાની! એટલે અહીં પણ પ્રભુએ એ સેવા લેવા માટે આ લીલા રચી!

અંતે એક સુંદર મંદિર તૈયાર થયું, જેમાં પ્રભુના સુખ માટે સર્વ પ્રકારની સગવડો હતી. નિજમંદિર, બિમારી, ચૉક, ફૂવારા, દક્ષિણ-પશ્ચિમના જાળી-ઝરૂખા, વિવિધ પ્રકારની કળા-કારીગરી અને સુશોભનો! બિરાજીને પ્રભુ પ્રસન્ન થાય એવું મનોહર સ્થાન સિદ્ધ થઈ ગયું. સુંદર મુહૂર્તમાં પ્રભુને એમાં પધરાવ્યા, ત્યારે મોટો ઉત્સવ મનાવ્યો. વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીને સારા પ્રમાણમાં ભેટ મોકલી. શ્રીદ્વારકાધીશ એમના મનોરથોને પૂરતા, ત્યાં વર્ષો સુધી બિરાજ્યા.

[૨]

દામોદરદાસ શક્ય તે બધી સેવા જાતે કરવાનો આગ્રહ રાખતા. પત્ની પણ ભાવુક હતી. પિતાએ પુત્રીના સુખ નિમિત્તે દાયજામાં દાસીઓ આપી હતી, છતાં સેવાને લગતાં કાર્યો તો સુમિત્રા જાતે જ કરતી. જોકે એક સેવા તે નહોતી કરી શકતી - જળ ભરવાની. પ્રભુનાં ઝારીજીનું જળ બહારથી લાવવાનું હતું. ક્ષત્રિય જાતિના રિવાજ પ્રમાણે સારા ઘરની સ્ત્રીઓ બજારમાં થઈને પાણી ભરવા જઈ શકતી નહીં. દામોદરદાસ જાતે આ જળ ભરવા જતા - તે પણ તેમના સસરાની દુકાન પાસેથી જ પસાર થઈને! એ જ માર્ગ હતો. એમને એ વાતનો જરાય સંકોચ પણ ન હતો. પ્રભુસેવામાં શરમ શાની? સેવા કરતાં જો લોકલાજ નડે તો ભગવદ્ભાવ શેનો?

ન લોકવેદ સાપેક્ષ્યં, સર્વથા યત્ર વર્તતે ।
સાપેક્ષતા સ્વામિસુખે, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥૬॥
લોકવેદ ભયાભાવો, યત્ર ભાવાતિરેકતઃ ।
સર્વ બાધકતા સ્ફૂર્તિઃ, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥૯॥
('પુષ્ટિમાર્ગ લક્ષણાનિ' - શ્રીહરિરાયજી)

ભાવાર્થ : જ્યાં લોક કે વેદની અપેક્ષા સર્વથા રહેતી નથી; અપેક્ષા માત્ર પ્રભુના સુખની જ રહે છે, તેનું નામ પુષ્ટિમાર્ગ. (૬)

જ્યાં અત્યંત ભાવાવેશ પ્રગટ થતાં, લોક-વેદનો ડર પણ છૂટી જાય છે. આ બધું જ બાધક છે, એવું અંતરમાંથી સ્ફૂરે છે, એનું નામ પુષ્ટિમાર્ગ. (૯)

પુષ્ટિભાવ એવો હોય છે કે જ્યાં લોકલજ્જા, વેદમર્યાદા અને કુલકાનિ - બધું જ દૂર થઈ જાય છે. દામોદરદાસ આવી ઉચ્ચ કક્ષાના ભગવદીય હતા. દાસદાસીઓ હોવા છતાં એ જાતે જ પ્રભુને આરોગવાનું જળ લઈ આવતા. એમને તો શરમ ન આવી, પણ એમના સસરાને આવી. એમણે આવીને જમાઈને સમજાવ્યા. જે કંઈ કહ્યું તે જમાઈ સાંભળી રહ્યા; પણ એમના મનમાં કંઈક જુદું જ આવી રહ્યું હતું :

તમારા કહ્યા ઉપર રે, હવે નિશ્ચય કરવું;
દયાના પ્રભુ ભજવા રે, કોઈથી નવ ડરવું.

સસરાના ગયા પછી એમણે પત્નીને બોલાવીને કહ્યું : 'હું એકલો રોજ જળ ભરવા જાઉં છું તે ઠીક નથી. તું સાથે આવે તો?' પત્ની ભગવદીય હતી. પતિનો પ્રભાવ પણ ઘણો હતો. મનમાં સંકોચ થવા છતાં એ મોંઢે ના ન કહી શકી. પતિ સમજ્યા કે હા તો કહી, પણ મન વગરની છે. બીજે દિવસે બંને જણ સાથે, બજાર વચ્ચે સસરાની દુકાન આગળ થઈ, ગાગરો લઈને નીકળ્યાં. હવે આ તો હદ થઈ ગઈ! સસરો તો શરમનો માર્યો નીચેથી ઊંચું ન જોઈ શક્યો! રાત પડી એટલે પાછો આવ્યો. જમાઈને જાણે નવ ગજના નમસ્કાર કરતો હોય તેમ કાકલૂદી કરતો કહેવા લાગ્યો, 'જમાઈરાજ, કાલે મારી મોટી ભૂલ થઈ ગઈ, હોં! બોલ્યુંચાલ્યું માફ કરજો. રોજ કરતા હતા તેમ ભલે કરો. હવે ફરીને હું કહેવા નહીં આવું!'

દામોદરદાસે જોયું કે સસરાજીને બહુ દુઃખ લાગ્યું છે! ભલે એની દીકરીને આગ્રહ ન હોય, તો મારે શા માટે એની પાસે જળ ભરાવવું? એટલી સેવા મને વધારે મળશે. બીજે દિવસે જળ ભરવા જતી વખતે એમણે પત્નીને કહ્યું : 'કાલે તારા બાપુજી આવેલા. એ કહી ગયા છે કે મારી દીકરી પાસે પાણી ન ભરાવશો. તો તું જળ ભરવા આવીશ નહીં. સમજી!'

'સારું ત્યારે' - સુમિત્રાએ કહ્યું. એને ગઈ કાલે શરમ પણ ઘણી જ આવી હતી. પિતાને ખરાબ લાગ્યું એ પણ એને ન ગમ્યું. વળી, પતિ પણ ના કહે છે. ખરા મનથી નહીં ને ઉપર ઉપરથી કહેતા હોય તોયે શું? એણે તક ઝડપી લીધી. 'ભાવતું હતું ને વૈદે કહ્યું' એના જેવું થયું. ગમતી વાત સ્વીકારી લીધી, 'ભલે ત્યારે. હવે હું જળ ભરવા નહીં આવું.' પાછા દામોદરદાસ એકલા જ જળ ભરવા જવા લાગ્યા.

વાત તો આ નાની દેખાય છે, પણ એમાં તત્ત્વ મોટું હતું. પત્નીને લોક-કા'નનો અન્યાશ્રય લાગ્યો. અન્યાશ્રય પ્રભુને ઘણો અપ્રિય છે. એના ભાવમાં આ એક મોટી ક્ષતિ આવી ગઈ.

[૩]

દામોદરદાસનો નિર્મળ ભાવ છે. પતિ-પત્ની હળીમળીને પ્રભુની સુખપૂર્વક સેવા કરે છે. સુમિત્રાને બધી વાતે સંતોષ છે, પણ એક વાતનો અસંતોષ! પરમાત્માએ બધું આપ્યું છે; પણ શેર માટીની ખોટ રાખી છે. આટલી બધી સંપત્તિનું ભવિષ્યમાં શું થશે? પ્રભુની સેવાનો ક્રમ પણ મારી પાછળ કોણ સંભાળશે? મનમાં ઊંડે ઊંડે ચિંતા રહ્યા કરે છે. દામોદરદાસને શ્રીમહાપ્રભુજી પ્રત્યે પણ અત્યંત ભાવ હતો. એક વાર આગ્રહ કરીને આપશ્રીને કનોજ પોતાના ઘરમાં પધરાવ્યા. ખૂબ જ પ્રીતિપૂર્વક સેવા-ટહેલ કરે છે. એમનાં સેવા અને ભાવ જોઈને આપશ્રી ઘણા પ્રસન્ન છે.

એક રાતે આપની ચરણસેવા કરતા દામોદરદાસ બેઠા છે. વાર્તાપ્રસંગો ચાલે છે. ત્યાં આપશ્રીના મનમાં એક સ્ફુરણ થયું. પોતે આજ્ઞા કરી : 'દામોદરદાસ, તારા મનમાં કંઈ અભિલાષા હોય તો કહે.'

એ વિનંતી કરે છે : 'કૃપાનિધાન, આપ આટલું બધું સેવાનું સુખ આપી રહ્યા છો; એથી અધિક સુખ બીજું કયું હોય કે જેની ઇચ્છા કરું?'

આપશ્રી આજ્ઞા કરે છે, 'એમ નહીં, તારી પત્નીને કંઇ ઇચ્છા હોય તો પૂછી જો.' દામોદરદાસ જઈને પત્નીને પૂછે છે. પત્ની કહે છે, 'જ્યારે પોતે પ્રસન્ન થઈને આજ્ઞા કરે છે ત્યારે વિનંતી કરો ને કે આપની કૃપાથી એક પુત્ર થાય તો સારું.' દામોદરદાસ આવીને પત્નીની ઇચ્છા આપશ્રીને નિવેદન કરે છે. પોતે આજ્ઞા કરે છે, 'ભલે, પુત્ર થશે.' અને વાત ત્યાંથી અટકે છે. શ્રીમહાપ્રભુજી ત્યાંથી વિદાય થઇને અડેલ પધારે છે. થોડા જ સમયમાં અશક્ય વાત શક્ય બને છે. જે વર્ષો સુધી નહીં થયેલું તે થાય છે. પત્નીને ગર્ભાધાન પ્રાપ્ત થાય છે. આ સંજોગોમાં સૌને સ્વાભાવિક આનંદ થાય જ!

પરંતુ પુષ્ટિ-સિદ્ધાંતની દૃષ્ટિએ આ બાબતમાં ભૂલ થઈ ગઈ છે. હરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કેવળ નિષ્કામ હોવી ઘટે. સાચો ભગવદીય કદી કોઈ પણ લૌકિક કામનાની માગણી ન કરે. સેવામાં મુક્તિ સુદ્ધાંનું ફળ તુચ્છ છે, તો લૌકિકની તો વાત જ શી? સાક્ષાત્ પ્રકટ પુરુષોત્તમે પ્રસન્ન થઈ માગવાની

આજ્ઞા કરી, ત્યારે સર્વશ્રેષ્ઠ કોઈ અલૌકિક ફળ માગ્યું હોત, તોય નિ:શંક મળી જાત! પણ પુત્રપ્રાપ્તિ જેવું તુચ્છ લૌકિક ફળ માગ્યું. પત્નીના ભાવમાં એક ક્ષતિ લોકકા'નના અન્યાશ્રયની આવેલી હતી અને આ બીજી તુચ્છ ફળવાંછના આવી. આ પણ ઘણું અનુચિત! એક દોષ બીજા દોષને ખેંચી લાવે છે અને બીજો ત્રીજાને! એક પગથિયું ચૂક્યા પછી આખો દાદર પડી જવાય છે!

'ઈદં તૃતીયમ્' - વળી ત્રીજું પણ બન્યું.

એક વાર મહોલ્લામાં કોઈ તેલિયો રાજા આવી ચઢ્યો. અગાઉ આવા તેલિયાઓ, મેલી વિદ્યાને જોરે, લોકોને સાચુંખોટું ભવિષ્ય કહેતા પોળોમાં ફરતા. અંધશ્રદ્ધાળુ લોકો એને તેલ ચઢાવતા અને ખાવાનું પણ આપતા. મહોલ્લાની સ્ત્રીઓ ભેગી થઈ ગઈ. ભવિષ્યની વાતો પૂછવા લાગી. કોઈ બહેનપણીએ આવીને સુમિત્રાને વાત કરી, 'તું યે પુછાવ ને! તારે દીકરો આવશે કે દીકરી?' એટલામાં તો એક દાસી દોડી. જાણે હું વહેલી વહેલી શેઠાણીને વહાલી થાઉં! શેઠાણીએ પણ એને રોકી નહીં. શ્રીમહાપ્રભુજીનું સ્પષ્ટ વરદાન પુત્રજન્મનું હોવા છતાં કંઈક વિશેષ ખાતરી કરી લેવાનું એના મનમાં આવી ગયું. સ્ત્રીસહજ અધીરાઈ! વળી જાતે તો કંઈ કરવાનું હતું નહીં. દાસી જાય છે તો ભલે! એણે એને રોકી નહીં. થોડી વારમાં દાસી હરખાતી હરખાતી પાછી આવી, 'શેઠાણી બા! તમને દીકરો થશે, હોં! તેલિયા રાજાએ તરત કહી આપ્યું.'

આ વાત સાંભળતાં શેઠાણીનું મુખ મલકાયું. બસ, હદ થઈ! આ ત્રીજો દોષ તો ઘણો ગંભીર થઈ ગયો. શ્રીવલ્લભના વચનમાં એટલી વિશ્વાસની ઊણપ હતી ને! કે જે આ રખડતા તેલિયાના કહેવાથી પૂરી થઈ. અવિશ્વાસથી તો ઈન્દ્રજિતનું બ્રહ્માસ્ત્ર પણ જૂઠું પડી ગયેલું ને!

કામકાજ ચાલ્યા કરે છે. દામોદરદાસને તો આ વાતની કંઈ જ ખબર પણ પડી નહીં. આમ, દિવસો પસાર થાય છે, પ્રસૂતિનો સમય નજીક આવતો જાય છે. શ્રીમહાપ્રભુજીને કોઈ કાર્ય પ્રસંગે ફરીથી કનોજ પધારવાનું થયું. દામોદરદાસ આપનાં ચરણસ્પર્શ કરવા ગયા. તરત આપશ્રીએ રોક્યા, 'મને અડકીશ નહીં.'

દામોદરદાસ ચમક્યા. વીનવે છે : 'કૃપાનિધાન, આ જીવ દોષોથી ભરેલો તો છે જ, પણ કંઈ આજ્ઞા કરો તો સમજાય!'

આપશ્રી કહે છે, 'તારી પત્નીને અન્યાશ્રય દોષ લાગ્યો છે; અને તેં એના હાથનું ખાનપાન કર્યું છે. પૂછી જો એને!'

પતિએ આવીને પત્નીને પૂછ્યું. તેલિયાના પ્રસંગ પછી એના મનમાંયે પશ્ચાત્તાપ થયા કરતો હતો. એ પણ ભગવદીય હતી ને! મનમાં વાત ડંખી રહી હતી, પણ શું થાય? ભૂલ થઈ ગઈ હતી. એ વાત પતિને કહેવાની હિંમત ચાલતી ન હતી; પણ હવે એ વાત કહેવી પડી, 'આપશ્રીની વાત ખરી છે. એક દિવસ આવું બની ગયું હતું.'

દામોદરદાસે શ્રીમહાપ્રભુજીને વાત નિવેદન કરી. આપશ્રીથી કહેવાઈ ગયું, 'પુત્ર થશે, પણ અન્યાશ્રય દોષે કરીને તે મ્લેચ્છ થશે.'

ઘણો મોટો અનર્થ થઈ ગયો. પતિ કરતાંયે પત્નીને વિશેષ દુઃખ થયું. એક તો પોતે સ્વધર્મ ચૂકી હતી; તે નિશ્ચિત થઈ ગયું. બીજું, જેને માટે વર્ષોથી આશા સેવી હતી તે પુત્ર હવે એને મન નકામો બની ગયો. પ્રભુસેવામાં કામ ન લાગે, ઊલટ મ્લેચ્છ થઈ જાય, તે પુત્ર શા કામનો? તે દિવસથી એણે સેવામાં નહાવાનું બંધ કરી દીધું. પેટમાં મ્લેચ્છ પુત્ર છે; પ્રભુને સ્પર્શ કેમ થાય? વળી, પોતાની માતાને બોલાવીને સુમિત્રાએ કહી દીધું : 'મા, વાત બધી આમ બની ગઈ છે. પુત્ર થશે; પણ હું તો એનું મોં પણ જોવાની નથી. તારે લઈ જવો હોય તો લઈ જજે.'

મા આશ્ચર્યચકિત થઈ ગઈ. પુત્રીની દઢતા પાસે એનું કશું ચાલ્યું નહીં. પ્રસવનો સમય થતાં, એણે ખરેખર આંખે પાટા બાંધી પુત્રને જન્મ આપ્યો, રખે ને મોં દેખાઈ જાય! તરત જ માતા એને લઈ ગઈ. ધાવ રાખીને દીકરાને મોટો કર્યો.

ચાલીસ દિવસ થઈ ગયા. સુમિત્રા નાહીને પ્રભુની સેવા કરવા લાગી. હવે એ શુદ્ધ હતી. ભગવત્કૃપાથી ત્રણે દોષો એને દેહમાંથી દુષ્ટ પુત્રરૂપે બહાર નીકળી ગયા હતા. ધર્મની દઢતા એવી સિદ્ધ થઈ કે માની મમતા એને લેશ પણ બાધા ન કરી શકી. પુત્રને જોવાની ઈચ્છા સરખી એને કદી થઈ નથી. પુત્ર પોતાની પાસે ન આવે એનોય પાકો બંદોબસ્ત કરી રાખ્યો હતો. એ દઢતાને પણ ધન્ય છે ને!

દામોદરદાસનો ભાવ તો પ્રથમથી જ દઢ હતો.

[૪]

દામોદરદાસને વૈષ્ણવો પ્રતિ પણ અતિ પ્રેમ હતો. શ્રીમહાપ્રભુજીનાં દર્શને અડેલ જતાં વૈષ્ણવો, વચમાં કનોજ આવે ત્યાં એમને ઘેર જ ઊતરતા. દામોદરદાસ તેમનું પ્રેમપૂર્વક સમાધાન કરતા. વિદાય થતી વખતે દરેકની સાથે શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કહેવડાવતા. દંડવત્ પ્રણામ ખાલી હાથે કેમ થાય? એટલે એકેક

સુવર્ણમુદ્રા અને શ્રીફળ ભેટ મોકલાવતા. વૈષ્ણવો દંડવત્ પ્રણામ અને ભેટ સાથે દામોદરદાસના સમાચાર આપશ્રીને કહેતા.

શ્રીમહાપ્રભુજી એમનો ભાવ જાણી પ્રસન્ન થતા. એમના પર વિશેષ કૃપા કરવાની એક વાર આપને ઈચ્છા થઈ. એટલે પોતાના અંતરંગ હરસાનીજીને એમને ઘેર મોકલ્યા. દામોદરદાસને અપાર હર્ષ થયો; એમને ભેટ્યા. તે દિવસે મોટો ઉત્સવ માન્યો. એમની ખૂબ શુશ્રૂષા કરી. મહાપ્રસાદ લેવામાં હરસાનીજીએ એવો આગ્રહ રાખ્યો કે હું અનસખડી પ્રસાદ જ લઈશ. કંઈ ઉપાય ન હતો. આ કારણે પતિ-પત્નીએ પણ સખડી પ્રસાદ ન લીધો.

ઘણા આગ્રહથી હરસાનીજીને થોડો વધુ દિવસ રાખ્યા. પ્રસાદનો ક્રમ તો રોજ આવો જ રહેતો. બંને ભગવદીયો રાત્રિ-દિવસ ભગવદ્વાર્તા કર્યા કરે. દામોદરદાસ, શ્રીવલ્લભના આ અંતરંગ ભગવદીયને, આપશ્રીના અંતરંગ પ્રસંગો પૂછતા જાય અને હરસાનીજી કહેતા જાય. કહેતાં કહેતાં રસાવિષ્ટ થઈ જાય. સાંભળીને દામોદરદાસ રસવિવશ બની જાય. નિરંતર આમ ચાલ્યા કરે છે. સેવા-પ્રકાર પત્ની સંભાળે છે. છેવટે નિરુપાયે હરસાનીજીને વિદાય આપવી પડી. સાથે વિવિધ વસ્ત્ર, સામગ્રી, સુવર્ણમુદ્રાઓ આદિ ભેટ મોકલાવી; પોતાના દંડવત્ પ્રણામ કહેવડાવ્યા. હરસાનીજીએ આવીને આપશ્રીને ભેટ સહિત દંડવત્ પ્રણામ પહોંચાડ્યા, ત્યારે આપશ્રીએ એમના સમાચાર પૂછ્યા. એમના ભાવની વાતો જાણી. સાથે સાથે એ પણ પૂછી લીધું કે 'તમે શું મહાપ્રસાદ લેતા હતા?'

અહીં, પતિ-પત્નીનો ભાવ હરસાનીજી જેવા ભગવદીયના સંગથી ઘણી ઉચ્ચ કક્ષાને પ્રાપ્ત થયો છે. એક વાર બેઠાં બેઠાં જ દામોદરદાસના મનમાં પ્રેરણા થઈ કે 'શ્રીવલ્લભ મને બોલાવી રહ્યા છે.' ખરેખર તે વખતે શ્રીમહાપ્રભુજી આવી ઈચ્છા કરી જ રહ્યા હતા.

એમણે પત્નીને કહ્યું, 'તું સાવધાનતાથી પ્રભુની સેવા સંભાળજે.' અને પોતે કનોજથી નીકળીને અડેલ આવ્યા. શ્રીમહાપ્રભુજી તે સમયે ભોજન કરીને બિરાજતા હતા. દામોદરદાસ આપશ્રીને દંડવત્ પ્રણામ કરી, ભેટ ધરીને સામે ઊભા રહ્યા; પણ આપશ્રીએ એમની સામે જોયું નહીં, એમને બોલાવ્યા નહીં. એ થોડીક ક્ષણોમાં તો દામોદરદાસના પરિતાપનો પાર ન રહ્યો. એમનાથી રહેવાયું નહીં. વિનંતી કરી, 'કૃપાનિધાન! મારો શો અપરાધ?' અને આપશ્રીએ સામે જોયું. ઉદાસીનતા દેખાડતાં વચન ઉચ્ચાર્યાં, 'મારા અંતરંગ હરસાનીજીને સખડી પ્રસાદ કેમ ન લેવડાવ્યો?' દામોદરદાસ વીનવે છે : 'કૃપાનાથ, અમે તો ઘણી

વિનંતી કરેલી; છતાં એમણે ન લીધો. આપ એમને પૂછો તો સારું કે કેમ ન લીધો?' બસ, દામોદરદાસને તપાવવા માટે જ આટલી અવળી લીલા દેખાડી. પછી તરત પોતે પ્રસન્નતા બતાવી, ચરણસ્પર્શ આપ્યા. અધરામૃત મહાપ્રસાદ લેવડાવ્યો, શ્રીઅંગની ટહેલ કરાવી અને સુંદર વચનામૃત પણ કર્યાં.

પછી કેટલાક દિવસ એમને પોતાની પાસે રાખ્યા. હરસાનીજીના સંગથી દામોદરદાસને શ્રીવલ્લભના ભાવાત્મક સ્વરૂપનો જે અનુભવ મનથી થયો હતો, તેવાં અહીં સાક્ષાત્ દર્શન થયાં. એમ કહો કે આપશ્રીએ એવી અલૌકિક ઝાંખી કરાવી. પછી કનોજ જવા માટે આશીર્વાદ સાથે વિદાય આપી, 'દામોદરદાસ, તને સકલ ફળ ફલિત થશે.' ભાવવિવશ બનેલા તે, આશીર્વાદ પ્રાપ્ત કરીને ત્યાંથી નીકળ્યા. જેમ તેમ કરીને ઘેર પહોંચ્યા, ત્યારે શ્રીદ્વારકાધીશ પ્રભુ રાજભોગ આરોગીને બિરાજેલા હતા. એ નાહીને નિજમંદિરમાં ગયા. જુએ છે તો કોઈ અદ્ભુત અલૌકિક નિકુંજ છે. અગણિત વ્રજભક્તો સાથે શ્રીઠાકોરજી વિવિધ પ્રકારે લીલાવિહાર કરી રહ્યા છે.

દર્શન કરતાં દામોદરદાસ ભાવવિહ્વળ થઈ ગયા. પત્ની નિજમંદિરમાં જાય છે, ત્યાં તેને પણ એવાં જ દર્શન થાય છે. તે આ વાત પતિને કહેવા લાગે છે, ત્યાં તો જુએ છે કે પતિ મૂર્છિત થઈ ગયેલા છે. જેમ તેમ કરીને બહાર લાવ્યાં, ત્યાં તેમનો દેહ છૂટી ગયો. એ ભગવલ્લીલામાં પ્રાપ્ત થઈ ગયા હતા.

[૫]

હવે શું કરવું? એની મોટી ગૂંચવણ થઈ. ભગવદીય પત્ની ઘરનું સર્વસ્વ ગુરુ-ઘેર મોકલવા ઈચ્છતી હતી. પોતાનાં માતાપિતા કે સગાંસંબંધીઓને આ વાત રુચે નહીં. એથીય વિશેષ ડર પુત્રનો હતો. ખરેખર એ મ્લેચ્છ બની ગયેલો હતો.

રાજ્યકર્તા યવનોનો પ્રભાવ એ સમયે લોકો પર ઘણો હતો. કોઈ મ્લેચ્છોના સંપર્કમાં પુત્ર આવી ગયેલો. શ્રીવલ્લભની વાણી મિથ્યા થાય જ કેમ? પિતા પછી હક પુત્રનો થાય. એ પુત્ર હક કરતો આવે ત્યારે શું થાય? પત્નીના હૃદયમાંથી જ એક સ્ફુરણ થયું, 'હું હમણાં પતિના દેહત્યાગની વાત લોકોમાં જાહેર કરું, તો આ ઉપાધિ થાય ને! હમણાં ભલે ને આ વાત ગુપ્ત રહેતી!' પોતાની અંતરંગ દાસીને મોકલી, એક-બે પરિચિત ભાવુક ભગવદીયોને બોલાવી; પોતાની ઈચ્છા એમને જણાવી -

'ભાઈઓ! જે કંઈ દ્રવ્ય, આભૂષણો, પ્રભુનો વૈભવ ઈત્યાદિ છે તે બધું જ મારે શ્રીવલ્લભને ઘેર મોકલવું છે. તમે કંઈક ઉપાય કરી આપો.' વૈષ્ણવો નાવ ભાડે કરી લાવ્યા. રાત્રિના એકાન્તમાં, લાખો રૂપિયાની સંપત્તિ નાવમાં ગોઠવાઈ ગઈ. સાથે સુંદર ઝાંપીજીમાં શ્રીદ્વારકાધીશ પ્રભુને પધરાવ્યા. શ્રીઠાકોરજીની સાથે એમની કૃપાપાત્ર પેલી દાસીને પણ બેસાડી. વૈષ્ણવોએ ઘણી કુનેહથી આ બધી વ્યવસ્થા પાર પાડી. નાવને રવાના પણ કરી દીધી. સમય ગણતાં નાવ ત્રીસેક કોસ પર પહોંચી હશે, ત્યારે જ્ઞાતિજનોને દામોદરદાસના દેહત્યાગની ખબર મોકલાવી. જ્ઞાતિજનો આવ્યા; માતાપિતા આવ્યાં. કનોજના વૈષ્ણવો પણ આવ્યા. શોકનું વાતાવરણ છવાઈ ગયું. સૌએ મળીને દેહનો અંતિમ સંસ્કાર કર્યો. પાછળથી પુત્રને ખબર પડી. તે પણ લોકોની શિખવણીથી પોતાનો હક કરવા માટે દોડી આવ્યો. આવીને જુએ છે તો સંપત્તિ બધી વગે થઈ ગઈ છે. એ પોતાની સ્થિતિ તો જાણતો જ હતો. માતા તો એનું મોં પણ જોવા માગતી નહોતી. થાકીને એ ચાલ્યો ગયો.

માતાપિતા પુત્રીને પૂછે છે, 'બહેન, આ બધું શું થઈ ગયું?' તેં ઘરમાં કંઈ રાખ્યું નથી? હવે તારું શું થશે?'

પુત્રી કહે છે, 'મા, તમારી પાસે ઘણુંયે છે! તમે આપશો તે ખાઈશ. મારે શી ચિંતા છે?' પણ આ તો ખાલી કહેવાની વાત હતી. એના મનમાં તો જુદું જ હતું. એ ક્ષત્રિયાણી હતી. પતિના દેહવિલય પછી જીવવાના એને કોડ ન હતા. તેમાંય આવા ભગવદીય પતિ. દેહ છૂટતી વખતે સાક્ષાત્ લીલાનો અનુભવ થયો હતો. પત્નીના હૃદયમાં પણ એ લીલાપ્રાપ્તિની આતુરતા રમી રહી હતી.

પતિના દેહત્યાગ પછી એણે અન્નજળ લીધાં જ નહીં. ત્રણ-ચાર દિવસમાં એણેય દેહ છોડી દીધો. પતિની સહગામિથી બનીને તે ભગવલ્લીલામાં પ્રાપ્ત થઈ. વૈદિક ક્રિયા પણ બંનેની સાથે જ થઈ.

●

હવે પેલી નાવનું શું થયું તે જોઈએ. નાવ અડેલ આવી પહોંચતાં શ્રીમહાપ્રભુજીને ત્યાં સમાચાર પહોંચાડવામાં આવ્યા. કોઈ વૈષ્ણવે જઈને કહ્યું કે 'શ્રીદ્વારકાધીશ સર્વ સંપત્તિ સાથે નાવમાં પધાર્યા છે.'

આ વખતે શ્રીગોપીનાથજી બહાર હતા. કદાચ વય મોટી નહીં હોય. શ્રીમહાપ્રભુજી અંદર બિરાજતા હતા, ત્યાં જઈને એમણે ખબર આપી, 'અરે તાતજી! નારાયણ પ્રભુ લક્ષ્મીજી સહિત પધાર્યા છે!'

શ્રીવલ્લભને પુત્રની વાણીમાં એવો ધ્વનિ લાગ્યો કે એમણે લક્ષ્મીને પ્રાધાન્ય આપ્યું હોય. આપશ્રીથી કહેવાઈ ગયું : 'અરે લાલ, ઠાકોરજીનો વૈભવ જોઈને તારું મન લલચાયું?' પુત્રને પણ જરા ખોટું લાગી ગયું; એમનાથી બોલાઈ ગયું: 'તાતજી, તમારો થઈને ઠાકોરજીની સંપત્તિની કામના રાખે તેનો નિર્વંશ જાય.'

અને ખરેખર, આ સંપત્તિએ ભવિષ્યમાં એ અનર્થ કર્યો પણ ખરો. શ્રીગોપીનાથજીના એકના એક પુત્ર શ્રીપુરુષોત્તમજી અપુત્ર રહીને લીલામાં પધાર્યા. એમનો વંશ ત્યાંથી જ અટકી ગયો.

આ બધું આમ કેમ? સમજાય તેવું જ છે. દામોદરદાસના દેહત્યાગ પછી એમની સંપત્તિનો કાયદેસરનો માલિક એમનો પુત્ર થયો. પુત્ર મ્લેચ્છ હતો, એટલે એ આસુરી સંપત્તિ થઈ. આસુરી સંપત્તિ અલૌકિકમાં આવે તો તે ત્યાં પણ અનર્થ જ કરે ને! લાડબાઈ-ધારબાઈની વાત જાણીતી જ છે.

સર્વસામર્થ્યવાન શ્રીવલ્લભ, આ સંપત્તિની ભાવિ અનર્થકારિતાને સમજી ગયા. વૈષ્ણવને આજ્ઞા કરી, 'શ્રીદ્વારકાધીશ પ્રભુને નાવમાંથી પધરાવી લાવો અને સર્વ સંપત્તિ સહિત નાવને શ્રીયમુનાજીમાં ડુબાડી દો.' નાવ ડુબાડવામાં આવી. સરચચૂકથી કહો કે ગમે તેમ, પણ સાથે આવેલી દાસી પણ નાવ સાથે શ્રીયમુનાજીને પ્રાપ્ત થઈ. પતિ, પત્ની અને દાસી - ત્રણે શ્રીદ્વારકાધીશનાં કૃપાપાત્ર હતાં ને! ત્રણેને એક સહ અલૌકિક ગતિ પ્રાપ્ત થઈ. કેવું નવાઈ જેવું બની ગયું!

શ્રીહરિરાયજી સમાધાન કરે છે કે 'આ દાસી લીલાધામમાં શ્રીયમુનાજીની સખી હતી. અહીં પણ તે સદેહે શ્રીયમુનાજીને પ્રાપ્ત થઈ. સાથે બધી સંપત્તિ પણ શ્રીયમુનાજીને અંગીકાર થઈ.

બાહ્ય દૃષ્ટિએ ગમે તેમ હોય. દામોદરદાસનાં પત્નીએ તો પોતાના મનના ભાવથી આ બધી સાધનસામગ્રી અલૌકિક અંગીકાર માટે મોકલી હતી. બાહ્ય રીતે નહીં, તો ભાવાત્મક રીતે, શ્રીવલ્લભે એનો અલૌકિક વિનિયોગ કરાવ્યો જ. પ્રત્યક્ષ નહીં; પરોક્ષ રીતે, શ્રીયમુનાજી દ્વારા! જ્યાં બધું જ અદ્‌ભુત અને અલૌકિક હોય, ત્યાં લૌકિક દૃષ્ટિએ આવી બાબતોને વિચારી જ કેમ શકાય?

પતિ-પત્નીને થયેલ અલૌકિક અનુભવની વાત વૈષ્ણવોએ શ્રીવલ્લભને કહી, તેમ જ પત્નીએ છેવટે જે અદ્‌ભુત દૃઢતા દર્શાવી, તે બધો પ્રકાર આપશ્રીને નિવેદન કર્યો અને આપશ્રીએ ભગવદીયોના એ ભાવની સુંદર સરાહના કરી.

આવા એ બડભાગી નિજજનોનું સદૈવ સ્મરણ કરીએ અને કૃતાર્થ થઈએ.

■

૩. (૧) માનસી સા પરા મતા

(શેઠ દામોદરદાસની દાસી)

કનોજમાં શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર શેઠશ્રી દામોદરદાસ સંભરવાળા રહે. તેઓ કનોજના નગરશેઠ અને કનોજના રાજાના દીવાન હતા. તેમનાં લગ્ન થયાં ત્યારે તેમના સસરાએ તેમને દાયજામાં ૨૦૦ દાસીઓ આપી હતી, તેમાં એક દાસી દૈવી જીવ હતી. તેનું નામ હતું કૃષ્ણા. શ્રીમહાપ્રભુજીએ જ્યારે દામોદરદાસ અને તેમનાં પત્નીને બ્રહ્મસંબંધ આપ્યું, ત્યારે કૃષ્ણા પણ શ્રીમહાપ્રભુજીની સેવક થઈ હતી.

દામોદરદાસજી અને તેમનાં પત્ની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે શ્રીદ્વારકાધીશ પ્રભુની ખૂબ ભાવપૂર્વક સેવા કરતાં. કૃષ્ણા શેઠની આજ્ઞા પ્રમાણે બહારની પરચારગીની બધી સેવા કરતાં હતાં. તેમના હૃદયમાં ભગવદ્‌ભાવ ખૂબ હતો. તેઓ હમેશાં માનસી સેવામાં લીન રહેતાં. તેમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી માનસી સેવા સિદ્ધ થઈ હતી.

ઉનાળાના દિવસો હતા. એક દિવસ રાત્રે શ્રીઠાકોરજીને મંદિરમાં પોઢાડી, શેઠ દામોદરદાસ બહાર ચોકમાં જઈ સૂઈ ગયા હતા. ગરમી સખત હતી. શ્રીદ્વારકાધીશ પ્રભુને રાત્રે કૃષ્ણાને આજ્ઞા કરી : 'કૃષ્ણા, મને સખત ગરમી લાગે છે. તું મારા મંદિરનાં કમાડ ખોલી, મને પંખો કર.'

કૃષ્ણા સફાળી ઊભી થઈ ગઈ. મંદિર પાસે જઈ, દંડવત્‌ પ્રણામ કરી તેણે કમાડ ખોલ્યાં અને પ્રભુને પંખો કરવા લાગી. સવાર થવા આવ્યું. વાતાવરણમાં ઠંડક થઈ, ત્યારે પ્રભુની આજ્ઞા થઈ : 'હવે તું જા.'

કૃષ્ણા પ્રભુને શીતળ પવન આવે તે માટે મંદિરનાં દ્વાર ખુલ્લાં મૂકી, ત્યાંથી ગઈ અને પોતાના સ્થાને જઈ સૂઈ ગઈ.

સવારે દામોદરદાસજીએ અપરસમાં સ્નાન કરી, મંદિર પાસે જઈ જોયું, તો મંદિરનાં દ્વાર ખુલ્લાં હતાં. તેમણે તપાસ કરવા માંડી. કૃષ્ણાએ આવીને કહ્યું, 'શેઠજી, કાલે મને પ્રભુની આજ્ઞા થઈ હતી, તેથી મેં રાત્રે દ્વાર ખોલી, પંખો કરવાની સેવા કરી હતી.' શેઠ દામોદરદાસ કૃષ્ણા પર ગુસ્સે થયા. તેઓ કહેવા લાગ્યા : 'તેં શા માટે દ્વાર ખોલ્યાં? તેં મને જાણ કેમ ન કરી?' કૃષ્ણા ચૂપ રહી. તે કશું બોલી નહીં.

શ્રીદ્વારકાધીશ પ્રભુએ દામોદરદાસજીને આજ્ઞા કરી, 'તમે મારા ભક્તને શા માટે ઠપકો આપો છો? તેણે મારી આજ્ઞાનું પાલન કર્યું છે.'

'પણ પ્રભુ! આપે મને શા માટે આજ્ઞા ન કરી?'

'હું તમને શા માટે કહું? તમને ગરમી લાગી, તો તમે ચોકમાં જઈ સૂઈ ગયા અને નિરાંતે ઊંઘી ગયા. તમે મારા સુખનો ક્યાં વિચાર કર્યો હતો? જ્યારે કૃષ્ણા આ ગરમીમાં મને કેટલો પરિશ્રમ થતો હશે, તેનો વિચાર કરતાં જીવ બાળતી હતી. જે મને સ્નેહ કરે છે, તેને હું પણ સ્નેહ કરું છું.'

દામોદરદાસજીએ પ્રભુની ક્ષમા માગી.

●

'શેઠજી ઘરમાં છે?'

કૃષ્ણા દ્વાર પર આવી. તેણે અજાણ્યા માણસને દ્વાર પર ઊભેલા જોયા. તેણે પૂછ્યું : 'આપ શેઠજીને મળવા આવ્યા છો? શેઠજી તો ઘોડા ખરીદવા માટે નકાસ નામના સ્થળે ગયા છે.'

આગંતુકો શેઠજીને મળ્યા વિના ચાલ્યા ગયા.

શેઠજી પ્રભુની સેવા પહોંચીને બહાર આવ્યા, ત્યારે બીજી દાસીએ હાથ જોડીને વિનંતી કરી, 'શેઠજી, આજે કૃષ્ણા જાણીજોઈને ખોટું બોલી છે. આપ સેવામાં હતા, ત્યારે બહારગામના કોઈક વૈષ્ણવો આપને મળવા આવ્યા હતા. કૃષ્ણાએ કહ્યું કે શેઠજી ઘોડા ખરીદવા નકાસ નામના સ્થળે ગયા છે. તેથી તે વૈષ્ણવો પાછા ચાલ્યા ગયા.'

શેઠજીને અસત્ય બોલવા માટે કૃષ્ણા પર ખોટું લાગ્યું. તેમણે કૃષ્ણાને બોલાવીને પૂછ્યું, 'કેમ રે કૃષ્ણા! હું સેવામાં હતો, તે તું જાણતી નહોતી? તું પરદેશી વૈષ્ણવો પાસે ખોટું કેમ બોલી કે હું ઘોડા ખરીદવા માટે નકાસ ગયો છું.!

'શેઠજી, મને ક્ષમા કરજો; પણ હું ખોટું બોલી નથી. આપ સેવામાં હતા, ત્યારે આપના મનમાં કયા કયા વિચારો ચાલતા હતા તે જરાક યાદ કરી જુઓ. આપનો દેહ સેવામાં હતો, પરંતુ આપનું મન અને હૃદય સેવામાં હતાં ખરાં? જ્યારે તે આગંતુકોએ મને પૂછ્યું કે શેઠજી ક્યાં છે, ત્યારે મેં આપના મનની જ વાત તેમને જણાવી હતી. શું તે વખતે આપ સેવા કરતાં કરતાં ભાવભાવના

અને લીલાભાવનામાં તલ્લીન હતા? આપ તે વખતે ઘોડા ખરીદવા માટે નકાસ જવાનો વિચાર નહોતા કરતા? માટે મેં તેમને કહ્યું કે શેઠજી ઘોડા ખરીદવા નકાસ ગયા છે. શેઠજી, આપણા પ્રભુ શ્રીમહાપ્રભુજીએ આપણને આજ્ઞા કરી હતી કે 'ચિત્ત પ્રભુમાં પરોવાય તે જ સાચી સેવા. તનુવિત્તજા સેવા ચિત્ત પ્રભુમાં પરોવવા માટે છે. તે સેવા કરતાં જો સેવાની ક્રિયા થયા કરે અને મન બીજે ભટક્યા કરે તો તેને સેવા કેવી રીતે કહેવાય? માટે પ્રભુકૃપાથી મને જે સ્ફુરણા થઈ, તે મેં કહ્યું હતું.'

'કૃષ્ણા! તને ધન્ય છે! તેં આજે મારી આંખો ખોલી. આજ સુધી મારામાં સેવા કરવાનો ઘમંડ હતો. હું એમ માનતો હતો કે મારા જેવી સેવા બીજાથી બનતી નથી. પ્રભુ મારા પર જ પ્રસન્ન છે; પરંતુ આજે મને મારી પામરતાનું ભાન થયું છે. તારા પર શ્રીમહાપ્રભુજીની અને શ્રીદ્વારકાધીશ પ્રભુજીની પૂર્ણ કૃપા છે. માટે જ તને માનસી સેવા સિદ્ધ થઈ છે, અને તેથી જ તું બીજાના મનની વાત જાણી શકે છે! કૃષ્ણા, આપણો માર્ગ વિશિષ્ટ છે. અહીં રાયરંકના કોઈ ભેદ નથી. પ્રભુની દૃષ્ટિમાં સૌ જીવો સરખા છે. તે તે જીવના અધિકાર પ્રમાણે પ્રભુ તેમને ફળનું દાન કરે છે. સેવાનું સાચું સ્વરૂપ અને સેવાનો સાચો મર્મ આજે તારા દ્વારા હું સમજ્યો છું. હવેથી જરૂર સેવા દરમ્યાન દેહ, ઇન્દ્રિય, મન અને અંતઃકરણ તેમાં પરોવાયેલાં રહે, એવી હું કોશિશ કરીશ.'

કૃષ્ણા શેઠને પ્રણામ કરી, ઘરમાં ચાલી ગઈ.

વિશેષ વિચાર

(૧) આ વાર્તામાં સેવાનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંત-મુક્તાવલિ' ગ્રંથમાં આ સ્વરૂપ સમજાવ્યું છે. ચિત્તનું પ્રભુમાં પરોવાયું તેનું નામ સેવા. ચિત્તની આવી એકાગ્રતા માટે તનુ-વિત્તજા સેવારૂપી સાધન આવશ્યક છે. તે કરતાં કરતાં ભગવત્કૃપાથી ફળરૂપા માનસી સેવા સિદ્ધ થાય છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સેવાનું આ સ્વરૂપ સમજી, સેવામાં તત્પર થવું જોઈએ. ઘણી વખત આપણે સેવા કરીએ, ત્યારે આપણો દેહ સેવાની ક્રિયા કરતો હોય છે; પરંતુ આપણા મન-હૃદય બીજે ક્યાંક ભટકતાં હોય છે. આમ થાય તો તે સાચી સેવા નથી. સેવા એક પ્રકારનો ભક્તિયોગ છે. જેમ યોગમાં તલ્લીનતા અને એકાગ્રતા જરૂરી છે, સાધન વગેરે આઠેય અંગો જરૂરી

છે; તેમ સેવામાં પણ તે બધી બાબતો જરૂરી છે. યોગની પ્રક્રિયા નીરસ, મુશ્કેલ અને અઘરી છે; જ્યારે સેવાની પ્રક્રિયા સરળ, સુલભ અને સરસ છે. માટે મનની એકાગ્રતા એ સેવાનું મુખ્ય લક્ષણ બનવું જોઈએ. સેવામાં દીનતા, પ્રેમ અને ભાવની પ્રધાનતા છે. સાધનો ગૌણ છે તે વાત ધ્યાનમાં રાખવી જોઈએ.

(૨) અહીં એક બીજી શંકા પણ થાય કે કૃષ્ણાને શેઠના મનની વાત કેવી રીતે જણાઈ?

આ શંકા અવાસ્તવિક છે, કારણ કે આજે પણ એવી ઘણી વ્યક્તિઓ હોય છે, જેઓ બીજાના મનમાં ચાલતા વિચારોને જાણી શકે છે. બીજાના મનના વિચારો જાણવા તે પ્રભુએ આપેલી એક પ્રકારની શક્તિ છે. યોગીઓને આ શક્તિ સહજ રીતે પ્રાપ્ત થતી હોય છે. સેવા પણ ભક્તિયોગ હોવાથી, જેમને માનસી સેવા સિદ્ધ થાય છે, તેવા ભક્તો બીજાના મનના વિચારોને સહજ રીતે જાણી શકે છે, તેમાં કશું નવાઈ પામવા જેવું નથી.

(૩) આ વાર્તા દ્વારા એક ત્રીજો સિદ્ધાંત ફલિત થાય છે, 'યથા દેહે તથા દેવે.' જ્યાં સુધી આપણે દાસ-ધર્મથી સેવા કરીએ છીએ, ત્યાં સુધી આ સિદ્ધાંતનું સમજપૂર્વક પાલન કરવું જોઈએ. આપણને આપણા દેહ માટે જેનાથી પ્રસન્નતા થાય, તે સેવા પ્રભુને અંગીકાર કરાવવી જોઈએ. ઉનાળામાં આપણે બંધ ઓરડામાં પવન વિના ન સૂઈ રહી શકીએ, તો સુકોમળ પ્રભુ કેવી રીતે ત્યાં પોઢે? તેનો વિચાર કરી, પ્રભુના સુખ માટે શક્ય હોય તે સર્વ વ્યવસ્થા વિચારવી જોઈએ અને કરવી જોઈએ. જ્યાં પ્રભુના સુખની વ્યવસ્થા ન બની આવે, ત્યાં તેનો તાપ કરવો અને આપણે પણ પ્રભુ જે પરિસ્થિતિમાં બિરાજતા હોય, તે પરિસ્થિતિમાં જ આપણું જીવન જીવવાનો આગ્રહ રાખવો જોઈએ. પ્રભુને મિસરી ભોગ આરોગાવી, આપણે પોતે સર્વ પ્રકારની રસોઈ બનાવીને ભોજન કરીએ તે ઉચિત નથી. પ્રભુના સુખમાં જ આપણે આપણું સુખ માનવું જોઈએ. જે આવી રીતે વર્તે છે, તેમના પર પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુના સુખને ગૌણ ગણી, જે પોતાના સુખ માટે જીવે છે, તેના પર પ્રભુ કદી પ્રસન્ન થતા નથી.

(૪) મૂળ વાર્તા : લૌંડી (દાસી)ની વાર્તા
વાર્તા નં.૩માં (૮૪ વૈષ્ણવોની વાર્તા)
લીલાસ્વરૂપ : કૃષ્ણાવેશની, શ્રીયમુનાજીની સખી, નિર્ગુણ ભક્ત.

◆

૪. કોટિમાં વિરલા : પદ્મનાભદાસ

(શ્રી પદ્મનાભદાસજી)

(૧) અવ્યાવૃત્તિની પ્રતિજ્ઞા :

અતિ પ્રસિદ્ધ કનોજ નગરી છે. ત્યાં એક પવિત્ર બ્રાહ્મણ વસે છે. એ વિદ્વાન છે, ભાગવત્‌ના કથાકાર છે. પરંપરાથી વ્યાસગાદી ચાલતી આવી છે. ગામમાં એમનું સારું માન છે. ઘરમાં શ્રીમદ્ ભાગવતનું નિત્ય પૂજન થાય છે. પતિ-પત્ની બધી વાતે સુખી છે, સમૃદ્ધ છે; પણ એક સંતાનની ખોટ છે. એ ઊણપ એમને ઘણી સાલે છે.

એક વાર એ યાત્રાર્થે નૈમિષારણ્ય ગયા. રાત્રે સ્વપ્નમાં ભગવદાજ્ઞા થઈ, 'હે વિપ્ર! આ સ્થળે માત્ર દુગ્ધપાન કરીને તું ભાગવત સપ્તાહ કર. તને ભગવદ્-ભક્ત પુત્ર થશે.'

વ્યાસ ઘણા પ્રસન્ન થયા. આજ્ઞાનુસાર કાર્ય કર્યું. પછી ત્યાં આવેલા સૂત, શૌનક આદિના આશ્રમોમાં દંડવત્ પ્રણામ કરીને ઘેર આવ્યા. થોડા સમયમાં એમને ત્યાં પુત્રજન્મ થયો. ઘરમાં અને ગામમાં સૌને આનંદ થયો. પુત્રનું નામ રાખ્યું પદ્મનાભદાસ.

પુત્ર મોટો થાય છે. પિતા એને ભણાવે છે. એ એટલું બધું ભણે છે કે સર્વશાસ્ત્રજ્ઞ બની જાય છે. પિતાથીયે સવાયો પુત્ર! પિતા હરિશરણ થયા પછી પુત્ર કથા કહેવા લાગે છે. હજારો શ્રોતાઓ એકઠા થાય છે. કથા સાંભળી ધન્યતા અનુભવે, એવી અદ્‌ભુત છે એમની કથા-શૈલી! એ સમર્થ વક્તાની કીર્તિ રાજદ્વારમાં પહોંચે છે! હમેશાં તો એ પોતાની વ્યાવૃત્તિ અર્થે જ કથા કહેતા. શ્રોતાઓ તરફથી પુષ્કળ આવક રહેતી; પરંતુ દરેક અધિક માસમાં એ અવ્યાવૃત્ત બનીને શ્રોતાઓને ભાગવત-શ્રવણ કરાવતા. એને પોતાનો સ્વધર્મ માનતા.

એક વર્ષે અધિક માસમાં, દૂધના આહાર પર રહીને, એમણે ભાગવત કથા કરી. સપ્તાહનો છેલ્લો દિવસ હતો. રાત્રે પ્રભુએ સ્વપ્નમાં આજ્ઞા કરી, 'પદ્મનાભદાસ, હવે તારાં ભાગ્ય ખૂલે છે. શ્રીવલ્લભાચાર્યજી અડેલથી વ્રજમાં પધારે છે. આજે કનોજ પાસે થઈને પધારશે. તું એમને શરણે જજે. પછી હું તારે ઘેર પધારીશ. તારી સેવાનો અંગીકાર કરીશ. હું મથુરામંડલનો નાથ છું. તું મારો નિજજન છે.'

આંખ ખૂલી ગઈ. મનમાં ચટપટી લાગી કે ક્યારે સવાર પડે! પોતાના અનેક સંબંધીઓની સાથે સામૈયું કરવા પદ્મનાભદાસ સામે ગયા. આપશ્રી પધાર્યા. દર્શન થતાં જ એ ભાવવિવશ ગદ્‌ગદિત થઈ ગયા. નેત્રોમાંથી હર્ષનાં આંસુ ચાલ્યાં. ચરણારવિંદમાં પડ્યા. આપશ્રીએ કૃપાદૃષ્ટિ કરી, હાથ પકડીને બેઠા કર્યા. એમને માથે હાથ મૂક્યો.

પદ્મનાભદાસ કહે છે : 'કૃપાનિધાન, આજે મારું જીવન સફળ થયું.' પછી વાજતે-ગાજતે આપશ્રીને ગામ બહાર બગીચામાં પધરાવ્યા. બિરાજવાની સુંદર વ્યવસ્થા કરી. સાંજે આપશ્રીનાં કથા-વચનામૃત શ્રવણ કરતાં પદ્મનાભદાસ પ્રભાવિત થઈ ગયા. એમને દૃઢ પ્રતીતિ થઈ કે આ તો સાક્ષાત્ પુરુષોત્તમ છે. લીલામધ્યપાતી વિના આ બધું કોણ જાણી શકે! પછી પોતાની પરિસ્થિતિ આપશ્રીને નિવેદન કરી અને સહકુટુંબ શરણે લેવા વિનંતી કરી. શ્રીવલ્લભે કૃપાપૂર્વક નામનિવેદન કરાવ્યું. પદ્મનાભદાસનો ગામમાં એવો પ્રભાવ હતો કે એમને શ્રીવલ્લભને શરણે ગયેલા જોઈને કનોજનાં સેંકડો સ્ત્રી-પુરુષો આપશ્રીને શરણે આવ્યાં.

પદ્મનાભદાસે વિનંતી કરી, 'કૃપાનાથ, હવે મારું કર્તવ્ય શું?'

આપે આજ્ઞા કરી, 'પદ્મનાભદાસ, કર્તવ્ય પછી પૂછો. અકર્તવ્ય શું તે પહેલાં સમજી લો.'

એ વીનવે છે, 'તો પ્રભુ! પહેલાં એ આજ્ઞા કરો.'

આપશ્રીએ 'તત્ત્વદીપ' નિબંધના બે શ્લોકો એમને સંભળાવ્યા -

અથવા સર્વદા શાસ્ત્રં, શ્રીભાગવતમાદરાત્ ।
પઠનીયં પ્રયત્નેન, સર્વહેતુવિવર્જિતમ્ ॥
વૃત્ત્યર્થં નૈવ યુન્જીત, પ્રાણૈઃ કંઠગતૈરપિ ।
તદભાવે યથૈવ સ્યાત્, તથા નિર્વાહમાચરેત્ ॥

'પદ્મનાભદાસ! શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું નિત્યપ્રતિ આદરપૂર્વક પઠન કરવું, પણ ઉદર-પોષણ માટે એનો કદાપિ ઉપયોગ ન કરવો. તે એટલે સુધી કે ભૂખને લીધે પ્રાણ જતા હોય, પ્રાણ કંઠે આવીને અટક્યા હોય, તોપણ નહીં! બીજા કોઈ

પણ પ્રકારે ઉદરનિર્વાહ કરી લેવો. કારણ એ કે ભાગવત ભગવદ્રૂપ છે. એના બાર સ્કંધ તે શ્રીનાથજીનાં દ્વાદશ અંગ છે. ભાગવત વાંચીને પેટ ભરવું તે ભગવાનને વેચવા જેવો મહદ્ અપરાધ છે!'

શ્રીવલ્લભની આજ્ઞા થતાં, તે જ ક્ષણે પદ્મનાભદાસે જળથી અંજલિ ભરી અને પ્રતિજ્ઞા કરી : 'આજ પછી કથાની વ્યાવૃત્તિ કદાપિ નહીં કરું!' શ્રીવલ્લભ એમને રોકે છે : 'એમ નહીં પદ્મનાભદાસ! બધી કથાઓની હું વાત નથી કરતો. શ્રીમદ્ ભાગવતનું જ કહું છું.'

'કૃપાનિધાન! હવે તો પ્રતિજ્ઞા લેવાઈ ગઈ! આપની કૃપાથી એ જીવનભર પાળવાની છે.' દૃઢનિશ્ચયી ટેકીલા પદ્મનાભદાસે હાથ જોડી વિનંતી કરી.

'પણ તમારે તો પરંપરાનો આ વ્યવસાય છે! બધી કથાઓ છોડશો, તો ઘરનો વ્યવહાર કેમ ચાલશે?' શ્રીવલ્લભ જરા કસોટી કરી રહ્યા હતા.

ભગવદીય કહે છે : 'મહારાજ, બીજું ગમે તે કરી લઈશ, પણ આ તો હવે નહીં જ.' શ્રીવલ્લભ એમનો ઉત્તમ નિશ્ચય જોઈને અતિ પ્રસન્ન થયા. પોતે અવ્યાવૃત્તિના પક્ષને તો ઉત્તમ બતાવ્યો છે, અને આ ઉત્તમ ભગવદીય શરણે આવતાં જ એ ઉત્તમ પક્ષ અપનાવી રહ્યા છે. હવે પદ્મનાભદાસ વિનંતી કરે છે : 'પ્રભુ, હવે કર્તવ્ય શું? એ આજ્ઞા કરો.'

આપશ્રી કહે છે : 'કર્તવ્ય! આપણા માર્ગમાં કર્તવ્ય તો મુખ્ય એક જ છે. ભગવત્સ્વરૂપ પધરાવીને સેવા કરો.'

પદ્મનાભદાસ ફરી વીનવે છે : 'પ્રભુ! આપની કૃપાથી જરૂર કરીશ. પણ મારામાં જે ઊણપ છે, તે પહેલાં નિવેદન કરું છું. મેં ષડ્દર્શન આદિ બધાં શાસ્ત્રો જોયાં છે. વિવિધ વિચારધારાઓ જાણી, અનેક મત-મતાંતરોથી મારું મન ડહોળાયેલું છે. બીજાઓને ભક્તિની વાતો સમજાવું છું, પણ મૂર્તિપૂજા અથવા સ્વરૂપ-સેવામાં મારા મનને પૂરો વિશ્વાસ નથી. ભગવત્સ્વરૂપમાં મારું મન કેમ લાગશે, પ્રભુ?'

શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : 'પદ્મનાભદાસ, બધું જ થશે. થોડી ધીરજ રાખો. કૃપા થતાં આ માર્ગમાં કશું જ અશક્ય રહેતું નથી!' પછી વિવિધ વચનામૃતો દ્વારા પદ્મનાભદાસના ભાવને પોષતા, સ્વમાર્ગના સિદ્ધાંતો સમજાવતાં, શ્રીવલ્લભ થોડોક સમય કનોજ બિરાજ્યા. પછી એમને સાથે લઈને ત્યાંથી વ્રજમાં પધાર્યા.

(૨) પ્રભુપ્રાકટ્ય પ્રસંગ :

વ્રજમાં વિચરતાં એક દિવસ સવારે શ્રીવલ્લભ એમને પોતાની સાથે કર્ણાવલ લઈ ગયા. મહાવન પાસે રમણરેતી સ્થળ છે, ત્યાં શ્રીયમુનાજીને સામે કાંઠે કર્ણાવલ આવેલું છે. આપશ્રી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. પદ્મનાભદાસ પાસે ઊભા છે. ત્યાં એક અદ્‌ભુત દૃશ્ય દેખાયું. મોટા અવાજ સાથે શ્રીયમુનાજીની કરાડ તૂટી અને નદીના ધસમસતા નીરમાં પડી. યમુનાજીનાં જળ ઊંચાં ઊછળ્યાં. તેની સાથે જ એક વિશાળ ભગવત્-સ્વરૂપ પ્રગટ થયું. ભવ્ય અને સુંદર! તાલવૃક્ષ સમું ઊંચું! અદ્‌ભુત અસાધારણ! અવર્ણનીય! પદ્મનાભદાસ આશ્ચર્યચક્તિ થઈ દર્શન કરી રહ્યા છે! ભગવાન શ્રીવલ્લભની સામે પધારીને આજ્ઞા કરે છે : 'મારી સેવા કરો.'

શ્રીવલ્લભ હસ્ત જોડીને વિનંતી કરે છે : 'પ્રભુ, આપ ભલે પ્રકટ્યા. પણ કલિયુગના અલ્પકાય મનુષ્યો આપના આવા મોટા સ્વરૂપની સેવા કેવી રીતે કરી શકે? આપ મારી ગોદમાં બિરાજી જાઓ તો સારું!' અને તરત જ પ્રભુએ નાનું રૂપ ધારણ કર્યું. શ્રીવલ્લભની ગોદમાં આવીને બિરાજ્યા. પ્રભુનું મસ્તક શ્રીવલ્લભની હડપચીએ અડક્યું. આ નાનું સ્વરૂપ પણ અતિ સુંદર હતું. પીઠિકામાં શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, ગોપ-ગોપી, મથુરામંડળનાં નિકુંજાદિ અનેક ચિહ્નો હતાં. શ્રીવલ્લભે ત્યાં જ આપનું નામકરણ કર્યું - **'શ્રીમથુરાનાથજી.'**

પદ્મનાભદાસ સામે કૃપાદૃષ્ટિ કરી પોતે પૂછ્યું : 'કેમ, હવે તો વિશ્વાસ બેઠો ને! આ સ્વરૂપ તારે માટે જ પ્રકટ્યું છે, તે તારે માથે પધરાવી આપું છું. તું એમની અતિ પ્રેમપૂર્વક સેવા કરજે. એ તારા સર્વ મનોરથ પૂર્ણ કરશે. પદ્મનાભદાસ! આ માર્ગમાં સેવાથી અધિક બીજું કંઈ જ નથી.'

પદ્મનાભદાસ આ દૃશ્યથી અતિ પ્રભાવિત થયેલા હતા. એમનું મન અહોભાવથી ભરાઈ ગયું. તે પુનઃ પુનઃ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા : 'કૃપાનિધાન, આપે અતુલિત કૃપા કરી. મારું અહોભાગ્ય પ્રકટ્યું. મારું સર્વસ્વ માનીને આપની આજ્ઞાનુસાર, જીવનભર પ્રભુને સેવીશ. હવે મારે લૌકિક-વૈદિકનું શું પ્રયોજન છે? અવ્યાવૃત્તિનો પ્રકાર તો મેં સ્વીકાર્યો જ છે.'

સેવાપ્રકાર સમજી લઈને, પ્રભુને પધરાવીને, પદ્મનાભદાસ કનોજ આવ્યા. પ્રભુને પરમ સુખ થાય એવો ઉત્તમ સેવાક્રમ ચાલુ કર્યો. ગામના અનેક વૈષ્ણવો એમને ઘેર દર્શન-સત્સંગ માટે આવવા લાગ્યા. પદ્મનાભદાસના સંગથી વૈષ્ણવોના હૃદયમાં શુદ્ધ પુષ્ટિભાવ પ્રકટ થતો ગયો, એમનું જીવન ધન્ય બનતું ગયું.

પદ્મનાભદાસ એક પ્રખર પંડિત છે. સેવાના અનવસરમાં સ્વમાર્ગના ગ્રંથોનું અવગાહન કરે છે. શ્રીવલ્લભનું લીલામધ્યપાતી પરમ રસાત્મક સ્વરૂપ એમના અંતરમાં વસી જાય છે. વિવિધ ભાવભાવનાઓ સ્ફુરિત થાય છે. શ્રીવલ્લભમાં એવા તન્મય બની જાય છે કે સંસ્કૃતમય શૈલીવાળી કઠિન પદરચનાઓ કરે છે. તેમાં શ્રીવલ્લભના સ્વરૂપનું અદ્‌ભુત વર્ણન કરે છે. આવાં ચાલીસેક પદો અત્યારે પ્રાપ્ત થાય છે. એની ટીકાઓ વાંચીને પણ એ પદોના નિગૂઢ ભાવોને સમજવાનું કાર્ય કઠિન છે.

અહર્નિશ સેવા, સ્મરણ અને સત્સંગ ઘરમાં ચાલ્યા કરે છે. પરિવારમાં પત્ની છે. મોટી પુત્રી તુલસાં છે. એક પુત્ર છે. પુત્રવધૂ પાર્વતી અને એક બીજી પુત્રી પણ છે. તુલસાં સેવામાં સહાયતા કરે છે. રસોઈ તો એ જ કરે છે. પરણીને થોડા સમયમાં વિધવા થયેલી તુલસાં પિતાને ઘેર રહે છે. પદ્મનાભદાસના સંગપ્રભાવથી સમગ્ર પરિવાર ભગવદીય બન્યો છે.

અગાઉની સારી સંપત્તિ હોવાથી થોડોક સમય તો સેવા-પ્રકાર સારી રીતે ચાલે છે; પણ હવે કથાની આવક બંધ થઈ. નવાં ઝરણાં વિના તો કૂવાનાં નીર પણ ખૂટે! એક દિવસ વિચાર થયો, એટલે પોતે એક યજમાનને ઘેર ગયા. યજમાનો સારા હતા. ઘણો આદર-સત્કાર કર્યો, દાનદક્ષિણા આપ્યાં, તે લઈને પોતાને ઘેર આવ્યા; પણ ઘેર આવીને એ ઉદાસ થઈ ગયા. મનમાં મંથન ચાલતું હતું, ‘અત્યાર સુધી હું કોઈના ઘેર ગયો નથી. ભિક્ષારૂપે કંઈ લીધું નથી. કથાના બદલામાં ઘેર બેઠાં શ્રોતાઓની આવક આવ્યા કરતી, તે માન સાથેની કમાણી હતી. આજે હું સામે ચાલીને યજમાનને ઘેર ગયો. દાનદક્ષિણા લીધી. મેં કેવું ખોટું કર્યું!

‘અરે, આમ તો હું કેવળ બ્રાહ્મણ હતો. બ્રાહ્મણ તરીકે દાન માગી શકું; પણ તેય મેં કદી માગ્યું નથી. હવે તો હું વૈષ્ણવ થયો. તુલસીમાળા ધારણ કરી. વળી વિરક્ત પણ ન કહેવાઉં; ગૃહસ્થ છું. છતાં માગવા ગયો. વૈષ્ણવ થઈને હું ભિક્ષુક બન્યો! માળાને લજવી! મને શરમ છે!

‘પ્રભુએ હાથ-પગ આપ્યા છે. કંઈક ધંધોયે કરી શકાય; પણ શો ધંધો કરવો? પ્રથમથી જ વ્યાસ-કાર્ય કર્યું છે! બીજું હવે શું બને? પણ કંઈ નહીં, જે બનશે તે કરીશ. અરે, કોડીઓ વેચવા બેસીશ. બીજું ગમે તે કરીશ, પણ ભિક્ષાવૃત્તિ તો આજ પછી નહીં જ કરું!’

તેઓ દૃઢનિશ્ચયી હતા. નિશ્ચય કર્યો અને તે પાળ્યો. ફરી કદી કોઈ યજમાનને ઘેર ગયા નહીં. હા, અનાયાસ સ્વેચ્છાએ કોઈ યજમાન ઘેર આવીને આપી જાય તો લે, બાકી ઘરમાંની સંપત્તિ વપરાય. ખર્ચાતાં ખર્ચાતાં એ ખૂટવા લાગી. દ્રવ્યનો સંકોચ થતો ગયો, છતાં યથાલાભ સંતોષ માનીને મનથી આનંદમાં રહેતા. સેવા-સ્મરણમાં જ સમય પસાર થતો. શ્રીમથુરાધીશજી પરમ પ્રસન્ન રહેતા અને અતુલિત કૃપા દર્શાવતા. શ્રીવલ્લભાધીશના સ્વરૂપ-ચિંતનમાં પોતે મગ્ન રહેતા. એમ દિવસ વીતતા ગયા.

(૩) વચનપાલક ભગવદીય પરિવાર :

હવે નાની પુત્રી ઉંમરલાયક થઈ હતી, એના સગપણની ચિંતા છે. આમ તો એમની જ્ઞાતિમાં એટલે કે કનોજિયા બ્રાહ્મણોમાં સારા સારા મૂરતિયા હતા. પદ્મનાભદાસનું ઘર ઘણું પ્રતિષ્ઠિત હતું; એટલે તરત સગપણ ગોઠવાઈ જાત. પણ એ તો જુદું જ વિચારી રહ્યા હતા. અવૈષ્ણવને તો પુત્રી અપાય જ કેમ? પ્રાણ જાય તો ભલે, પણ આ તો ન જ થાય! એ સમયમાં શરૂ થતો સંપ્રદાય! કનોજિયા બ્રાહ્મણોમાં વૈષ્ણવ કુટુંબો ઓછાં. તેમાંય પાછો ઉંમરલાયક મૂરતિયો હોવો જોઈએ. હવે શું કરવું, એ એમને માટે ભારે ચિંતાનો વિષય થઈ પડ્યો.

ભગવદીયો દામોદરદાસ સંભરવાળા પણ કનોજમાં રહેતા. કોઈ ઉત્સવ-પ્રસંગે એમને ઘેર વૈષ્ણવોની મંડળી રાખેલી. ઘણા વૈષ્ણવો આવેલા. પદ્મનાભદાસ પણ ત્યાં ગયા. ભગવદ્‌વાર્તા પછી એમણે વાત મૂકી : ‘ભાઈઓ, મારી પુત્રી માટે કોઈ વૈષ્ણવ મૂરતિયો જોઈએ છે. ઘણા દિવસથી એની ચિંતામાં છું.’

કોઈક વૈષ્ણવ બોલ્યા : ‘પદ્મનાભદાસજી, આ સામે બેઠા એ બ્રાહ્મણ વૈષ્ણવનો પુત્ર છે. સારો ભાવિક છે. તમારી પુત્રી માટે લાયક છે.’

‘એમ? ત્યારે લાવો કંકુ!’ તરત જ એને વિવાહ-તિલક કરી દીધું. ‘શ્રીગોવર્ધનનાથકી જે’ બોલાઈ ગઈ. વૈષ્ણવો ઘણા પ્રસન્ન થયા. સૌ વિચારી રહ્યા હતા : ‘વૈષ્ણવતાનો કેવો સુંદર આગ્રહ!’

પછી એ ઘેર આવ્યા. દીકરી તુલસાંને વાત કરી, ‘બહેન, પ્રભુએ મારી ચિંતા આજે દૂર કરી. અમુક વૈષ્ણવનો પુત્ર મળી ગયો. મેં તો ત્યાં ને ત્યાં તિલક પણ કરી દીધું.’

‘અરે રે પિતાજી! તમે આ શું કર્યું?’ તુલસાંને આંચકો લાગ્યો. તે ભારે વિચારમાં પડી ગઈ. પછી બોલી: ‘આપણે કનોજિયા છીએ અને એ તો સનોડિયા

છે. આપણા લગ્નમાં જ ગોળની બહાર! હવે શું થશે? જ્ઞાતિજનો ન્યાત બહાર મૂકશે. મોટા ઝઘડામાં સંડોવાવું પડશે. ઘણો ક્લેશ થશે.' ખરેખર, એ જમાનામાં લગ્નમાં ગોળને ભારે મહત્ત્વ અપાતું. જ્ઞાતિના આગેવાનોની જોહુકમી ચાલતી. રૂઢિ વિરુદ્ધ કરે તે દંડાઈ જતા. બદનામી પણ ઘણી. તુલસાં આ ઉપાધિની કલ્પનાથી અકળાઈ ઊઠી.

પિતા કહે છે : 'શું થાય? મેં તો એટલું જ જોયું કે મૂરતિયો વૈષ્ણવ છે. વૈષ્ણવને જોતાં જ બધો ભેદભાવ ભૂલી ગયો. હશે, જે થયું તે થયું. પ્રભુ સૌ સારાં વાનાં કરશે.'

'અરે બાપુજી! તમે વ્યવહારમાં કંઈ સમજતા નથી. આવું ના ચાલે. મારી વાત માનો. સગાઈ ફોક કરી આવો.' તુલસાં મક્કમતાથી કહી રહી હતી.

'અરે રે બેટી, તું આ શું બોલી? વૈષ્ણવ મંડળીમાં, વૈષ્ણવના દીકરાને મારે સગે હાથે કરેલું તિલક હું ફોક કરું? એ તો બને જ કેમ?'

'ના બાપુજી, તમારે કરવું જ પડશે.' તુલસાં ગળગળી થઈ ગઈ હતી.

'એમ? ભલે ત્યારે. પણ એક કામ કર. ઘરમાંથી મને ચપ્પુ લાવી આપ.'

'ચપ્પુ! અત્યારે શું કરવું છે?' તુલસાંને કંઈ સમજ પડી નહીં.

'કેમ? પહેલાં આ અંગૂઠો કાપી નાખું; જેના વડે તિલક કરેલું તે. પછી સગાઈ ફોક કરવા જાઉં.'

'અરે રે પિતાજી, અંગૂઠો તે કપાય?'

'તો બહેન? કરેલું તિલક કંઈ ભૂંસાય! મારાથી એ કદી નહિ બને!'

પછી તુલસાંના મામાને ખબર પડી, એટલે એ સમજાવવા આવ્યા. પગે લાગીને કહે છે : 'જુઓ ભાઈસા'બ! એ વૈષ્ણવના દીકરા માટે ગોળમાંથી હું સરસ કન્યા લાવી આપું, પછી તો સગાઈ ફેરવવામાં વાંધો નથી ને?'

પદ્મનાભદાસ કહે છે : 'ભલે, ભલે. લાવી આપો. પછી આ બંને કન્યાઓનું લગ્ન હું એની સાથે કરી આપીશ. મને બેવડા કન્યાદાનનો લાભ મળશે; પણ સગાઈ ફેરવવાની તો વાત જ ન કરશો.'

મામા થાકીને પાછા ગયા. એ ટેકીલા ભગવદીયનો ટેક ભગવાને છેક સુધી નભાવ્યો. જ્ઞાતિજનો ચર્ચા કરીને બેસી રહ્યા. આગેવાનો ધમપછાડા કરીને થાક્યા. ભગવદિચ્છાથી સંજોગો જ એવા બન્યા કે સૌ ઝખ મારીને રહ્યા. પદ્મનાભદાસે પોતાની પુત્રીનું લગ્ન એ વૈષ્ણવ સાથે જ કર્યું. એ પુત્રી અને

જમાઈ બંને ભગવદીય બન્યાં. શ્રીમથુરાધીશની એમના ઉપર અતુલિત કૃપા થઈ. એ જમાઈને વૈષ્ણવો પ્રત્યે એવો ભાવ થયો કે શ્રીમહાપ્રભુજીનાં દર્શને અડેલ જતા વૈષ્ણવોને વચમાં કનોજ આવે, ત્યારે તે પોતાને ઘરે લઈ આવે. બંને જણ મળીને સરસ આગતા-સ્વાગતા કરે. વૈષ્ણવો ઘણા પ્રસન્ન થતા. ભગવદીયોની પ્રસન્નતા જોઈને ભગવાન અધિક પ્રસન્ન થતા.

એક દિવસ પદ્મનાભદાસને એનો અનુભવ થયો. એ કોઈ કાર્યાર્થે પુત્રીને ઘેર ગયા, ત્યારે જોયું કે એણે શ્રી...ને ભોગ ધરેલા હતા. પૂછયું, 'બહેન, તારે માથે સ્વરૂપ તો પધરાવ્યું નથી, તું ભોગ કોને ધરે છે?'

પુત્રી કહે : 'પિતાજી, તમે જ અંદર જઈને જુઓ ને!'

પદ્મનાભદાસ ટેરાની અંદર જઈને જુએ છે, તો પોતાના જ સેવ્ય શ્રીમથુરેશ પ્રભુ ત્યાં પધારેલા છે અને ઘણી પ્રસન્નતાથી આરોગી રહ્યા છે. એ ભાવવિવશ બની ગયા : 'અરે બેટી, હું તો જાણતો હતો કે તુલસાં ઉપર જ કૃપા થઈ છે. આજે જાણ્યું કે એથીયે વિશેષ કૃપા તારા ઉપર છે. આવી કૃપા ક્યારથી થઈ, બહેન?'

'પિતાજી, તમારી કૃપાથી વૈષ્ણવોની થોડીઘણી ટહેલ અમારાથી બનવા લાગી, ત્યારથી પ્રભુ ઘણી પ્રસન્નતા દર્શાવે છે. વિનંતી કરતાં જ પોતે ભાવાત્મક સ્વરૂપે રોજ પધારે છે. અમારી ગાંડીઘેલી સેવાનો સાક્ષાત્ અંગીકાર કરે છે.' આ સાંભળતાં જ પદ્મનાભદાસ મૂર્છિત થયા. મૂર્છા વળી ત્યારે લોક-વિરુદ્ધ છતાં, પુત્રી પાસેથી માગીને થોડોક મહાપ્રસાદ લીધો. પ્રભુનું સાક્ષાત્ અધરામૃત હતું ને!

વળી, કેટલોક સમય વીત્યો. એમનો ભગવદીય પુત્ર નાની વયમાં ભગવચ્ચરણમાં પહોંચી ગયો. પદ્મનાભદાસને તો એનો શોક હોય જ શાનો! પણ મા ઘણું દુઃખ કરવા લાગ્યાં. એથી સેવામાં અંતરાય થવા લાગ્યો. પદ્મનાભદાસમાં અલૌકિક સામર્થ્ય હતું. પત્નીને દિવ્ય દૃષ્ટિ આપીને દેખાડ્યું કે 'જો, આ પુત્ર નૂતન દેહ ધરીને શ્રીમથુરેશ્વરજીની સેવામાં આવી ગયો છે! એનો તે શોક હોય?' તરત જ માતાનો શોક નિવૃત્ત થઈ ગયો.

આવો હતો એમનો સમગ્ર ભગવદીય પરિવાર.

(૪) નાની વાતમાં મોટું સાહસ :

શ્રીવલ્લભાધીશ નિજસેવકો સહિત શ્રીમદ્ ગોકુળથી અડેલ તરફ પધારી રહ્યા હતા. કનોજ પાસે થઈને પધારવાનું હતું. પદ્મનાભદાસને ત્યાં મુકામ રાખવાનો હતો. શહેર આવવાની થોડી વાર હતી.

એક વણઝારો પણ અનેક પોઠિયાઓ ઉપર માલ ભરીને પોતાના થોડાક માણસો સાથે કનોજ તરફ જઈ રહ્યો હતો. દૂર દેશાવરથી લાવેલો પોતાનો માલ ત્યાં વેચવાનો હતો. ધીમી ગતિએ ચાલતા પોઠિયાઓ સાથે એ લોકો પણ ધીમે ધીમે જઈ રહ્યા હતા. પાછળથી મેઘન આદિ વૈષ્ણવો સાથે વણઝારો જરા વાતે વળગ્યો. શ્રીવલ્લભના પ્રભાવનું એને કંઈક આકર્ષણ પણ થયું હશે!

'ભાઈ, આ તમારી સાથે છે એ કોણ છે?' એણે પૂછયું. કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીનું નામઠામ અને થોડોક પરિચય આપ્યો. આપશ્રીના ગુણગૌરવ વિશે એમનાથી કહેવાઈ ગયું. વણઝારો આશ્ચર્યચક્તિ થઈને સાંભળતો રહ્યો. મનમાં કંઈક આદરભાવની લાગણી પણ થઈ આવી.

'તમે બધા ક્યાં જવાના?' સહજ કુતૂહલથી વણઝારાએ પૂછયું.

'ભાઈ, જવું છે તો પ્રયાગ પાસે અડેલમાં; પણ બે દિવસ કનોજમાં મુકામ કરવાનો છે. ત્યાં અમારા એક વૈષ્ણવ પદ્મનાભદાસ વ્યાસ રહે છે. એમને ઘેર રહેવું છે.'

'એમ! ચાલો ત્યારે, તમારા જેવાનો મેળાપ અનાયાસે જ થઈ ગયો.' વણઝારો બોલ્યો. પછી સૌ આગળ ચાલ્યા. ત્યાં તો કોઈક વૈષ્ણવે ટકોર કરી, 'જુઓ, સૂર્યાસ્ત થવા આવ્યો છે. હજુ ખાસ્સું ચાલવાનું છે. શું રસ્તા વચ્ચે રાત રહેવું છે? વાતો મૂકો ભાઈ, અને જરા પગ ઉપાડો.' વાત ખરી હતી. વૈષ્ણવો તથા આપશ્રી જરા ઝડપથી ચાલ્યા. વણઝારો તો પોઠોની ધીમી ગતિ સાથે, તેના માણસો સાથે ચાલી રહ્યો હતો. એનાથી ઝડપ થઈ શકે એમ નહોતી. એ લોકો દિવસના પ્રકાશમાં ચલાય એટલું ચાલ્યા. અંધારું થવા આવ્યું, ત્યારે જે સ્થળ હતું ત્યાં પોઠો પડી.

એ જમાનામાં અત્યારના જેવાં હાઈ-વે પર દોડતાં ઝડપી વાહનો નહોતાં કે લાઈટો નહોતી. હજારો રૂપિયાનો માલ સાથે હતો. પોલીસ બંદોબસ્ત પણ આવો નહોતો, એટલે થોડાક ચોકિયાતો સાથે રાખેલા. પરંતુ અર્ધી રાતે મોટી સંખ્યામાં સશસ્ત્ર લૂંટારા ત્રાટક્યા, ત્યારે ચોકિયાતો બચાવ ન કરી શક્યા. વણઝારાનો માલ બધો લુંટાઈ ગયો. જિંદગીભર મહેનત કરીને કમાયેલું ધન ગુમાવતાં એના દુઃખનો પાર ન રહ્યો. બૈરીછોકરાં પણ રોતાં-કકળતાં બેઠાં છે. વણઝારો જેમ તેમ કરીને રાત વિતાવે છે. મનમાં વિચારોનું ઘમસાણ ચાલી રહ્યું છે.

'થોડી વાર પહેલાં તો હું કેવો સુખી હતો! અરે, પેલા રસ્તામાં સાથે થઈ ગયા હતા, એમને જોઈને પણ કેવો આનંદ આવતો હતો! કેવા મહાપુરુષ દેખાતા હતા! શું એમનું તેજ!'

'મન કહે છે કે એ મારી સાથે હોત, તો મને આ દુઃખ ન પડત! પણ એ તો આગળ જતા રહ્યા. હવે હું એમને જઈને મળું. એમના સેવક કહેતા હતા કે 'એ બહુ જ દયાળુ છે. સાક્ષાત્ ભગવાન છે. ભગવાન સૌનું દુઃખ દૂર કરે, તો મારું કેમ નહીં કરે! હું એમને જ મળું. મારું દુઃખ એ જરૂર મટાડશે.'

એણે એની બૈરીને વાત કરી. સવાર થતાં એ એકલો ઊપડ્યો. ત્રણ-ચાર કલાકમાં તો કનોજ આવી પહોંચ્યો. પદ્મનાભદાસનું ઘર તો શહેરમાં જાણીતું હતું. પૂછતો પૂછતો એ ઘેર આવ્યો. અંદરના ભાગમાં શ્રીમહાપ્રભુજી તુલસાં વગેરેની સહાયથી રસોઈ સિદ્ધ કરી, ભોગ ધરી, ભોજન કરવાની તૈયારીમાં હતા. પદ્મનાભદાસ બહાર ઓસરીમાં બેસીને, બહારની વ્યવસ્થા કરતા હતા. ત્યાં તો વણઝારો રડતો-કકળતો, બૂમો પાડતો આવ્યો.

પદ્મનાભદાસ વિચારમાં પડી ગયા. 'આ બધું શું?' વણઝારો ઘરમાં આવીને પૂછે છે : 'ભાઈસા'બ, તમારે ત્યાં મહેમાન આવ્યા છે તે ક્યાં છે!' પદ્મનાભદાસ કહે છે : 'અંદર ભોજન કરી રહ્યા હશે. પણ તું કોણ છે? તારે તેમનું શું કામ છે? તારે ભલે જે કામ હોય તે, પણ અહીં બૂમો પાડીશ નહીં. ચાલ, બહાર આવીને વાત કર.'

એ વિચારી રહ્યા હતા : 'આપશ્રી સાંભળશે તો બહાર પધારશે. આ માણસની માથાકૂટમાં આપને ભોજનનો ઘડી બે ઘડીનો પણ વિલંબ થશે. આપશ્રીને શ્રમ પડશે. એવું થવા દઉં તો મારો દાસધર્મ લાજે.' એ વણઝારાનો હાથ પકડીને ઘરની બહાર લઈ ગયા. પૂછે છે : 'બોલ, હવે તારી બધી વાત માંડીને કહે.' વણઝારાએ રડતાં રડતાં બધી વાત કહી.

રૂપિયા સત્તર હજારનો માલ લૂંટાઈ ગયો એ પણ કહ્યું.

પદ્મનાભદાસ સમજી ગયા કે આમાં શ્રીમહાપ્રભુજીની કંઈ પણ જવાબદારી નથી. પરંતુ દયાળુ સ્વભાવને લીધે પોતે એના દુઃખની વાત સાંભળવા રહેશે, એનાથી આપને ખેદ પણ થશે, ભોજનમાં એટલો વિલંબ પણ થશે. હું એવું કેમ થવા દઉં! માથે પાઘડી મૂકી એ બહાર જવા તૈયાર થયા. વણઝારાને સાથે લીધો. એક વૈષ્ણવ પણ એમની સાથે ગયા. પહોંચ્યા એક જાણીતા શાહુકારને ત્યાં.

'આવો આવો, પદ્મનાભદાસ, ધન્ય ભાગ્ય મારાં કે આજે મારું આંગણું પાવન કર્યું. બોલો, હું આપની શી સેવા કરી શકું?' કનોજમાં સૌને એમના તરફ ઘણો આદરભાવ હતો.

'શેઠ, રૂપિયા સત્તર હજાર જોઈએ છે. આ વેપારીને આપવાના છે. વ્યાજ સાથેનો દસ્તાવેજ હું તમને કરી આપીશ. એમાં મારો ધર્મ ગીરો લખીશ.' પદ્મનાભદાસે બધો ખ્યાલ આપ્યો.

'અરે મહારાજ! તમારે દસ્તાવેજ કરવાનો હોય જ નહીં. અને ગીરોની તો વાત જ શી! તમારું એક વચન જ બસ છે. બીજી બધી ખટપટ જવા દો.' શાહુકાર ખરા હૃદયથી કહી રહ્યો હતો. પણ પદ્મનાભદાસે માન્યું નહીં, 'ના, શેઠજી, દસ્તાવેજની ના કહેતા હો, તો મારે બીજે જવું પડશે અને ધર્મ ગીરો તો એટલા માટે મૂકીશ કે જલદી પતાવવાની ચીવટ રહે.'

એ જમાનામાં ધર્મનું મહત્ત્વ ઘણું જ હતું. તેમાંયે પદ્મનાભદાસ જેવા પોતાનો ધર્મ ગીરો મૂકે, એથી મોટી જામીનગીરી બીજી કઈ હોય? શાહુકાર સમજી ગયો. ખતપત્ર તૈયાર થયું. પદ્મનાભદાસે સહી કરી. સાક્ષીની સહીની તો શાહુકારે ના જ કહી દીધી. રૂપિયા સત્તર હજાર રોકડા ગણીને, થેલીઓ ભરીને, વણઝારાને સોંપી દીધા. એ જમાનાની એ રકમ! વણઝારાના આનંદ અને આશ્ચર્યનો તો પાર નહોતો.

આવા ધર્મિષ્ઠ મહાપુરુષના ગુરુ કેવા પ્રતાપી હશે, એ વિચાર એના મનમાં રમી રહ્યો હતો. આભારવશ બનીને એ પગે લાગે છે. પદ્મનાભદાસની અને શ્રીમહાપ્રભુજીની ગદ્‌ગદ્ કંઠે, એ ફરીફરીને પ્રશંસા કરે છે અને રૂપિયા લઈને જાય છે.

પદ્મનાભદાસ ઘેર જવા નીકળ્યા. સાથેના વૈષ્ણવ પણ આશ્ચર્યચક્તિ થતા સાથે આવી રહ્યા છે. માથે આટલું મોટું દેવું ચઢ્યું, છતાં મનમાં ખૂબ ખૂબ આનંદ થઈ રહ્યો છે. એ વિચારે છે : 'આજે ગુરુદેવના શ્રમનિવારણાર્થે આટલું અલ્પ કાર્ય મારાથી થયું. આપની કૃપાથી જ આ બન્યું. મારું જીવન ધન્ય બની ગયું! સ્વામીનું સુખ ન વિચારે તે સેવક શાનો? કૃષ્ણદાસ મેઘને જીવના જોખમે મુરમુરા લાવીને આરોગાવેલા, એવું તો મારાથી બન્યું નથી.' આટલું કરવા છતાં પદ્મનાભદાસના મનમાં દીનતા ઊભરાઈ રહી હતી.

વળી, એક વિચાર આવ્યો : 'આ વણઝારો તો ગામેગામ ફરનારો. એ જ્યાં જ્યાં જશે ત્યાં શ્રીવલ્લભનો યશ પ્રસારતો રહેશે. કેવી સરસ તક મળી ગઈ!' આમ વિચારતા વિચારતા એ ઘેર પહોંચ્યા. શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કર્યાં. આપશ્રીએ અંદરથી વણઝારાની થોડીક વાત સાંભળી હતી, એટલે આવતાં જ પૂછ્યું, 'અરે પદ્મનાભદાસ! તું ક્યાં ગયો હતો?'

એ ઉત્તર આપે છે : 'કૃપાનાથ, એ તો સહેજ કામ હતું, એટલે જઈ આવ્યો. ખાસ કંઈ નથી...'

પેલા સાથેના વૈષ્ણવથી ન રહેવાયું. એણે બનેલી બધી વાત આપશ્રીને નિવેદન કરી.

શ્રીમહાપ્રભુજી ભાવવિવશ થતાં વિચારી રહ્યા છે : 'અરે, મારો પદ્મનાભ આવો! મારા સુખ અને યશ માટે એણે આટલું મોટું સાહસ ખેડ્યું. ધન્ય છે એને! પરંતુ ઉપરથી જુદું જ દેખાડ્યું. પરીક્ષાર્થે થોડોક ઠપકો આપવા માંડ્યો : 'પદ્મનાભ, આ બધું તેં શું કર્યું? અમે એ વેપારીના કંઈ ચોકીદાર હતા? એના માલનો અમે કંઈ વીમો ઉતાર્યો હતો? એવી કઈ જવાબદારી હતી કે આટલી મોટી રકમ દેવું કરીને ચૂકવવી પડી? અને તે પાછો ધર્મ ગીરો મૂકીને? ઋણ તો કેવું બાધક છે! ક્ષણભંગુર દેહ છૂટી જાય, તો એને માટે જન્મ લેવો પડે! પ્રભુપ્રાપ્તિમાં અંતરાય થાય! વળી, ધર્મ તે કંઈ ગીરો મૂકવાની ચીજ છે? એ તો શિર માટે હોય. આ તેં શું કર્યું?'

પદ્મનાબદાસ બે હાથ જોડીને વિનંતી કરે છે : 'કૃપાનાથ, આપને જે શ્રમ થાત, એની આગળ આ બધું કંઈ વિસાતમાં નથી. ઋણ નહીં જ રહી જાય. પ્રભુ સર્વસમર્થ છે. એવું થવા જ કેમ દે? ગમે તેમ કરીને ભરી દઈશ. એની કંઈ ચિંતા નથી. વળી, ધર્મી-સ્વરૂપ કાજે મર્યાદાધર્મ ગીરો મૂક્યો છે, એમાંયે કંઈ ખોટું નથી, મહારાજ!'

શ્રીવલ્લભ પોતાના 'કોટિમાં વિરલા' ભગવદીયના સુદઢ પુષ્ટિભાવને જોઈને અતિ પ્રસન્ન થયા. કેટલાક દિવસ ત્યાં બિરાજીને કૃપાપૂર્વક ભગવદ્‌રસનો અનુભવ કરાવ્યો.

પદ્મનાભદાસનો ભાવ હવે અતિ ઉચ્ચ કક્ષામાં પ્રવેશી રહ્યો છે.

◆

[૨]

આપશ્રી ત્યાંથી અડેલ પધાર્યા. હવે પદ્મનાભદાસ વિચારે છે : 'પેલું ઋણ વાળવા કંઈક કરવું જોઈએ. શું કરીશું? એક ઉપાય છે. રાજાજીએ કથા સંભળાવવાનું ઘણી વાર કહ્યું છે, પણ અવ્યાવૃત્તિના સંકલ્પને લીધે મારે ના કહેવી પડી છે. હવે મારે હા કહેવી પડશે; ભલે નિયમમાં એટલો અપવાદ આવે.'

એ પહોંચ્યા રાજદરબારમાં. 'રાજાજી, આપે મને શ્રીમદ્ ભાગવત સંભળાવવા ફરમાવેલું. એ તો શક્ય નથી, પરંતુ આપની ઈચ્છા હોય તો મહાભારત સંભળાવું.'

રાજાજીએ ઘણી પ્રસન્નતા બતાવી. દિવસ નક્કી થયો. કથા શરૂ થઈ. રાજા, રાજપરિવાર, દરબારીઓ, સૈનિકો તથા નાગરિકો શ્રવણ કરી રહ્યા છે. કથા દિન-પ્રતિદિન જામી રહી છે. શ્રોતાઓની સંખ્યા વધતી જ જાય છે. સૌને ભારે રસ પડ્યો છે. હવે આવતી કાલે તો યુદ્ધવર્ણન આવવાનું છે. કથાકારે રાજાને ચેતવ્યા, 'હવે સૈનિકોને એકેય હથિયાર સાથે રાખવા દેશો નહીં; નહીં તો કથામંડપ જ રણમેદાન બની જશે.'

રાજાએ બંદોબસ્ત કર્યો. યુદ્ધવર્ણન વખતે સૈનિકોને એવું શૂરાતન આવી જતું કે તેઓ અંદર અંદર મુક્કાબાજી અને લાતાલાતી કરવા મંડી જતા. જ્યાં જે રસ આવતો તે પદ્મનાભદાસજી આબેહૂબ જમાવતા. એમની કથાશૈલી એવી અદ્ભુત હતી. કથા પૂરી થઈ. રાજાએ ઘણું સન્માન કર્યું. ઘણી મોટી રકમ દક્ષિણા તરીકે આપવા માંડી, પણ એમણે નમ્રતાથી કહ્યું : 'રાજાજી, મારાથી કંઈ ન લેવાય. આપ એટલું કરો કે અમુક શાહુકારને મારે રૂપિયા સત્તર હજાર, વ્યાજ સાથે આપવાના છે; તે આપ મારા વતી ચૂકવજો. બસ એ જ મારી દક્ષિણા.'

રાજાને ઘણી નવાઈ લાગી. ખૂબ આગ્રહ કર્યો, પણ એમણે દક્ષિણા લેવાની ના કહી દીધી. કથાની આજીવિકા નહીં કરવાનો સંકલ્પ એમણે આર્થિક મુશ્કેલીના સમયમાં પણ પાળ્યો.

શ્રીગોકુલેશપ્રભુ સરાહના કરે છે : **'પદ્મનાભદાસ સરિખે વૈષ્ણવ કોટિમેં વિરલા!'**

કેવા ટેકી ભગવદીય! કેવું આદર્શ જીવન!

●

સિદ્ધાંત-નવનીત

(૧) પુષ્ટિમાર્ગમાં ગુરુભક્તિનો આદર્શ અતિ ઉચ્ચ કોટિનો છે.

(૨) મર્યાદાભક્તોનું કાર્ય ટેક સાચવતાં થાય છે. પુષ્ટિભક્તોનો ટેક છોડાવીને પ્રભુ કૃપા કરે છે. આ પ્રસંગે પદ્મનાભદાસનો ટેક અમુક અંશે પણ છૂટ્યો, એ પુષ્ટિતત્ત્વનું લક્ષણ છે.

(૩) પદ્મનાભદાસે કયો ધર્મ ગીરો મૂક્યો? - પોતાનો દાસ ધર્મ અને શ્રેષ્ઠ પુષ્ટિધર્મ તો એમણે આચરી બતાવ્યો; પણ જે ગીરો મૂક્યો તે લૌકિક-વૈદિક ધર્મ. એનું મહત્ત્વ ભગવદીયને મન ઓછું હોય છે.

(૪) ઋણ રહી જાય અને દેહ છૂટે તો બાધક થાય; પરંતુ કાળ ભગવાનની અને ભગવદીયની ઈચ્છાશક્તિને આધીન રહે છે. પેલાં ભગવદીય ડોશીમાએ કાળને આઠ વખત પાછો કાઢેલો! કાળનો ડર પણ ભગવદીયને હોય નહીં!

'તેને કાળ ધર્મ નવ બાધે રે, યમ તે શિર ધનુષ્ય ન સાંધે રે.'

(વલ્લભાખ્યાન)

(૫) ગુરુઆજ્ઞાનું પાલન :

નિજસેવકોના સમાજ સહિત શ્રીવલ્લભ એક વાર પ્રયાગ પધાર્યા. રાત્રિનો સમય છે. કથા થઈ ચૂકી છે. આપના અંતરમાં કંઈક સ્ફુરણા થઈ. આજે કેવો ઉત્તમ યોગ છે! આત્યંતિક શુભ મુહૂર્ત! આ સમયે યદિ ગર્ભાધાન થાય, તો પરમ પ્રતાપી બાળક પ્રકટે. આપને લાગ્યું કે ભગવદિચ્છા પણ કંઈક આવી જ છે.

પરંતુ શ્રીમહાલક્ષ્મીજી તો અડેલ બિરાજતાં હતાં. અડેલ દૂર નહોતું, પણ વચમાં વિશાળ પટવાળી સરિતા વહી રહી હતી. રાત પડતાં નાવ બધાં બંધાઈ ગયાં હતાં. શ્રીમહાલક્ષ્મીજીને પ્રયાગ પધરાવી લાવવાનું શક્ય નહોતું; છતાં ભગવદિચ્છા થાય ત્યાં અશક્ય પણ શું હોય! પોતે વૈષ્ણવોને સૂચન કર્યું અને પૂછ્યું: 'આ કાર્ય કોણ કરશે?' સૌ એકબીજાની સામે જોતા રહ્યા. પદ્મનાભદાસ તત્ક્ષણ ઊભા થયા, 'કૃપાનિધાન! હું જાઉં છું.'

મનમાં પૂરો વિશ્વાસ છે કે આપશ્રીની ઈચ્છા છે તો કાર્ય કેમ પાર નહીં પડે! **'અશક્યમપિ યચ્છક્યં તદ્ભવેત્ સર્વથૈવ હિ ।'** એ ઊપડ્યા.

વૈષ્ણવો અંદરઅંદર ગુસપુસ કરતા રહ્યા, 'ભાઈ ગયા છે તો ખરા, પણ કેમ કરીને પધરાવી લાવવાનો છે?' એકે બીજાને કહ્યું.

બીજા વૈષ્ણવ બોલ્યા : 'ગયા એવા પાછા આવશે, બીજું શું!'

પદ્મનાભદાસ ઝડપથી નદીતીરે પહોંચ્યા. રાત્રે નાવ તો ચાલુ હોય જ શાનાં? પણ સામેથી દશેક વર્ષનો એક છોકરો ડોંગી હંકારીને આવતો દેખાયો. ડોંગી નજીક આવી. બાળક પૂછે છે : 'કેમ, સામે પાર જવું છે?'

પદ્મનાભદાસે 'હા' કહી.

'બેસો.' બાળકે કહ્યું.

એ ડોંગીમાં બેસી ગયા. હોડી ચાલી. સામો કિનારો આવી ગયો. બાળક પૂછે છે : 'પાછા ફરવું છે કે?'

એમણે હા કહી. બાળક કહે છે : 'તો હું અહીં જ છું. જલદી આવો.'

પદ્મનાભદાસ પહોંચ્યા. શ્રીમહાલક્ષ્મીજીને દંડવત્ પ્રણામ કરીને ગુરુદેવની ઈચ્છા જણાવી. પોતે પધારવા તૈયાર થયાં. પદ્મનાભદાસ આપને પધરાવીને નદીતીરે આવ્યા. ડોંગી ત્યાં જ હતી, તેમાં બેસી ગયા. સામે કાંઠે આવતાં બંને નાવમાંથી ઊતર્યાં. ઊતરીને જુએ છે, તો નથી ડોંગી કે નથી બાળક! તેઓ સમજી ગયાં કે આ તો ભગવાનનું જ કાર્ય! મુકામ પર આવ્યાં. જે કંઈ બન્યું તે આપશ્રીને નિવેદન કર્યું. શ્રીવલ્લભે ઘણી પ્રસન્નતા બતાવી. પદ્મનાભદાસ દંડવત્ પ્રણામ કરીને ત્યાંથી મુકામે ગયા, જ્યાં બીજા વૈષ્ણવો સૂઈ ગયા હતા.

સૌના મનમાં ચટપટી હતી, એટલે કોઈને ઊંઘ નહીં આવેલી. આવતાં જ પૂછપરછ ચાલી : 'શું કરી આવ્યા, મોટાભાઈ? ગયા એવા આવ્યા ને? અમે તો પહેલેથી જ જાણતા હતા!' કોઈ ઉતાવળિયા વૈષ્ણવે બોલી નાખ્યું.

'ના રે ના, શ્રીઅક્કાજીને પધરાવીને આવ્યો.' પદ્મનાભદાસે કહ્યું અને એમણે ડોંગી અને બાળકની વાત પણ જણાવી દીધી.

'ત્યારે તો તમે પ્રભુને પરિશ્રમ કરાવ્યો. આપણા માર્ગમાં પ્રભુને શ્રમ આપવાનું ક્યાં કહ્યું છે? આ તો ભાઈ, તમે અનુચિત કર્યું હોં!' કોઈ વધુ ડાહ્યા વૈષ્ણવે એમની ભૂલ કાઢી.

પદ્મનાભદાસ કહે છે : 'વૈષ્ણવરાજ, તમે જે સિદ્ધાંત સમજ્યા છો, તે જરા અધૂરો છે. આપણા પોતાના લૌકિક કાર્ય માટે જો પ્રભુને શ્રમ થાય, તો જરૂર ખેદ થાય! પણ આ તો શ્રીમહાપ્રભુજીની ઈચ્છાથી ભગવાને કાર્ય સિદ્ધ કર્યું છે. શ્રીવલ્લભ પ્રભુના વહાલા છે - પ્રાણપ્રિય છે. એમને માટે કાર્ય કરવામાં પ્રભુ શ્રમ માને જ નહીં! વળી, ગુરુદેવની આજ્ઞાનું પાલન કરવું તે તો આપણો દાસધર્મ છે. એનું પાલન નહીં કરવામાં અપરાધ થાય!' પછી સૌ સૂઈ ગયા. બીજે દિવસે

કથાના સમયે વૈષ્ણવોની વાત જાણીને શ્રીવલ્લભે સ્વમુખે આજ્ઞા કરી : 'વૈષ્ણવ! કલ જો કછુ ભયો, સો હમારી ઈચ્છાસું ભયો હૈ. યા બાતમેં તુમ સંદેહ મતિ કરો.'

ભગવદીયો મનમાં સમજી ગયા કે પદ્મનાભદાસે પ્રભુને શ્રમ કરાવ્યો નથી, એમનો શ્રમ દૂર કર્યો છે!

કઈ રીતે? શ્રીવલ્લભ ખરેખર શ્રીકૃષ્ણ-સ્વરૂપ છે. વસ્તુતઃ કૃષ્ણ એવા શ્રીકૃષ્ણને રાધાજીનો વિયોગ હોય અને સખીજન મિલાપ કરાવીને વિયોગ દૂર કરે, તો તે ઉત્તમ સેવા ગણાય કે શ્રમ કરાવ્યો ગણાય? બીજા વૈષ્ણવો જે ન સમજી શક્યા અને ન કરી શક્યા તે પદ્મનાભદાસે કરી બતાવ્યું. શ્રીગોકુલેશપ્રભુના કથન અનુસાર એ કોટિમાં પદ્મનાભદાસજી વિરલા ખરા જ ને!

(૬) ભાવનાનો પ્રભાવ (છોલા) :

કનોજમાં પદ્મનાભદાસના સંગથી અનેક ભગવદીયો થયા. તેઓ નિત્ય તેમ જ ઉત્સવમાં પદ્મનાભદાસને ઘેર આવતા. શ્રીમથુરેશજીની સેવામાં પણ એમની સહાયતા મળતી. પદ્મનાભદાસનો પરિવાર પણ ભગવદીય અને સેવા-સહાયક હતો. સત્સંગનો ક્રમ નિત્ય ચાલ્યા કરતો. એમની ભગવદ્‌વાર્તામાં તો બાકી જ શું હોય!

આમ વર્ષો વીત્યાં. પદ્મનાભદાસ અવારનવાર શ્રીવલ્લભનાં દર્શને જતા; પરંતુ એક વખત એવી ઈચ્છા થઈ કે શ્રીને પધરાવીને કુટુંબ સહિત અડેલ જઈને રહીએ તો કેવું સારું! નિત્યપ્રતિ આપશ્રીના લાવણ્યામૃતનું અને વચનામૃત-રસનું પાન કરીએ. નિર્ણય થઈ ગયો. અડેલ આવીને મકાન રાખીને રહ્યા. ઘરમાં સૌ શ્રીઠાકોરજીની સેવા કરે છે. એમનાં પત્ની શ્રીમહાલક્ષ્મીજીની ટહેલ કરવા જાય છે. જીવનની ધન્યતા અનુભવે છે. શ્રીવલ્લભની વિશેષ કૃપા થાય છે. પદ્મનાભદાસનો ભાવ અતિ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો છે. બધું સુંદર રીતે ચાલે છે. આમ, કેટલોક સમય વીતી જાય છે.

પણ લૌકિક દષ્ટિએ એક મુશ્કેલી વધતી જાય છે. અવ્યાવૃત્તિ અને અયાચક વૃત્તિનો નિયમ છે. કનોજમાં તો યજમાનો તરફથી વિના માગ્યે કંઈ ને કંઈ આવતું રહેતું. અહીં અડેલમાં એ આવક બંધ થઈ ગઈ. કાશીના શેઠ પુરુષોત્તમદાસે એમને કહેવડાવેલું : 'ભાઈ, તમે અડેલમાં સારી રીતે રહો. જે દ્રવ્ય જોઈએ તે હું મોકલી આપીશ.' ત્યારે પદ્મનાભદાસે વિવેકપૂર્વક એનીયે ના લખી દીધી હતી. પરિણામ એ આવ્યું કે ઘરમાં પ્રભુને નિત્ય તેમ જ ઉત્સવોએ ધરવા માટે, અનસખડી આદિ

સામગ્રી કરવાની સગવડ રહી નહીં. પણ એનોય વાંધો નહોતો. જેના મનમાં અલૌકિક સામર્થ્ય છે, તેને લૌકિક પદાર્થોની કે ધનની અપેક્ષા રહે જ શાની!

તે પ્રભુનું સુખ વિચારે છે. જુદી જુદી સામગ્રીઓ આરોગાવવાના મનોરથ મનમાં થયા કરે છે, પણ પાસે તો કંઈ છે નહીં. એમણે નવી જ રીત વિચારી. સફેદ ચણાને રાત્રે ભીંજવી રાખે. સવારે એને તળી કાઢે. એમાં અવેજ (મસાલો) પધરાવે, સરસ બને. પછી પ્રભુને રાજભોગ ધરે, ત્યારે એ ચણાની એકેક ઢગલી પાતળમાં કરતા જાય અને વિનંતી કરે કે 'પ્રભુ! જુઓ આ બુંદી છે, આ મોહનથાળ છે, આ ઠોર છે, આ મગજ છે. વળી આ પેંડા, બરફી છે. આ પાપડ, ભુજેના છે, આ મેળવણી છે. મનથી પણ એની ભાવના કરતા જાય. શ્રીમથુરેશપ્રભુ એ ચણાની ઢગલી એ જ સામગ્રીના ભાવથી આરોગે. પ્રસાદમાં પણ તેવો તેવો સ્વાદ આવી જાય.

આ બધું અદ્‌ભુત હતું, પણ અશક્ય નહોતું - **'માનસી સા પરા મતા.'** મનમાં અપાર સામર્થ્ય છે. 'ભજ સખિ ભાવ ભાવિક દેવ' - ભાવાત્મક પ્રભુ ભાવનાનો અંગીકાર કરે છે. ભગવદીયનું મન ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યારે બધું સહજ બની શકે છે. પ્રત્યક્ષ પદાર્થ કરતાંયે ભાવનાનો અંગીકાર વિશેષ થાય છે. કૌતુકવાળી વાત છાની રહેતી નથી. આ વાત કોઈ વૈષ્ણવ જોઈ ગયા. એમણે શ્રીમહાપ્રભુજીને વાત પહોંચાડી : 'કૃપાનાથ! પદ્મનાભદાસને ધનનો એટલો બધો સંકોચ છે કે પ્રભુને ચણા ધરીને ચલાવે છે. મેં નજરોનજર જોયું છે.'

શ્રીવલ્લભ એમના ઉત્કટ ભાવને જાણતા હતા. પોતે એમને ઘેર પધાર્યા. ભોગ ધરવાનો જ સમય હતો. એ ચણા[૧]ની ઢગલીઓ પાતળમાં કરી રહ્યા હતા. આપશ્રીએ પૂછ્યું : 'પદ્મનાભદાસ! આ બધું શું?'

પદ્મનાભદાસે ખરે ખરું કહી દીધું. આપશ્રીનું મન ભરાઈ આવ્યું, 'ઓહો, મારા એક વચન ઉપર જેણે મોટી વ્યાવૃત્તિ છોડી, એમને જ દ્રવ્યનો આટલો સંકોચ! અને ધન નથી તોયે મનની ભાવના કેવી છે! ચણાની ઢગલીમાં સામગ્રીની ભાવના! પ્રભુ એ ઢગલી એ સામગ્રીના ભાવથી જ આરોગે છે. ધન્ય છે એમના ભાવને.' પછી પોતે પાછા પધાર્યા.

પદ્મનાભદાસ સમજ્યા કે મારો દ્રવ્ય-સંકોચ જોઈને આપશ્રીના મનમાં દુઃખ થયું છે, એટલે હવે અહીં રહેવું ઉચિત નથી. વેળાસર કનોજ ચાલ્યા જવું.

---

૧. નોંધ : વ્રજભાષાની વાર્તામાં 'છોલા' ધરતા, એવા શબ્દો છે. ઉત્તર પ્રદેશમાં સારી જાતના સફેદ મોટા ચણાને અત્યારે પણ છોલા જ કહે છે. છોલા એટલે આવા ચણા. બીજો કોઈ અર્થ નથી.

શ્રીવલ્લભે શ્રીમહાલક્ષ્મીજીને વાત કરી. એમણે કહ્યું : 'આપણે ત્યાં ઘણીયે સામગ્રી છે. એમને મોકલી આપીએ.' એ સાંજે દાળ, ચોખા, ચુન, ઘી વગેરે કોઈની સાથે મોકલી આપ્યું. પદ્મનાભદાસ વધુ જાગૃત થયા, 'અરે આ તો લેવાય જ કેમ? આ તો ગુરુ-દ્રવ્ય. હવે તો જલદી અહીંથી ઊપડીએ.'

તુલસાંને કહી દીધું : 'આ આવ્યું છે તે સાવ અલગ સાચવીને ઢાંકી રાખ. પાછું મોકલવાનું છે, હોં!' તુલસાં તરત સમજી ગઈ.

બીજે દિવસે બીજું સીધુ-સામગ્રી આવ્યાં. એ પણ એ જ રીતે મુકાવી દીધાં. નાવ ભાડે કરીને કનોજ જવાનો પાકો નિર્ણય કરી લીધો. આ પણ પ્રભુની લીલા જ ને! પદ્મનાભદાસ અડેલ આવતાં કરીને કનોજના વૈષ્ણવોનો ભાવ સત્સંગ વિના શિથિલ થઈ જતો હતો. એને માટે પણ એમને કનોજ પાછા મોકલવાની પ્રભુની ઈચ્છા હશે. પ્રભુના એકેક કાર્યમાં અનેક હેતુઓ હોય છે.

શ્રીમથુરેશજીને નાવમાં પધરાવ્યા. સામાન ગોઠવાઈ ગયો. પછી પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજી પાસે વિદાય લેવા ગયા. દંડવત્ પ્રણામ કર્યા. વિદાય માગી. આપશ્રી પૂછે છે : 'પદ્મનાભદાસ! આમ અચાનક કેમ?' પદ્મનાભદાસ વીનવે છે : 'કૃપાનાથ! આપ બધું જ જાણો છો. શ્રીમથુરેશજી નાવમાં પધાર્યા છે. આપ પ્રસન્નતાથી વિદાય આપો.' - કહેતાં કહેતાં કંઠ ગદ્‌ગદિત થઈ ગયો અને તે રડી પડ્યા.

શ્રીમહાપ્રભુજી આશ્વાસન આપે છે : 'પદ્મનાભદાસ, તમે તો મારું હૃદય છો. જ્યાં તમે ત્યાં હું. હું હમેશાં તમારી સાથે જ છું, એમ માનજો. પ્રભુને નાવ પર તમારા વિના ગમતું નહીં હોય, તમે જાઓ. મારી આજ્ઞા છે કે હું પણ થોડા સમયમાં કનોજ પધારીશ.'

પદ્મનાભદાસ પ્રેમવિહ્વળ છે. દેહનું ભાન નથી. એકલા જઈ શકે તેમ નથી. શ્રીવલ્લભ દિનકરદાસને એમની સાથે મોકલે છે. એ સાચવીને લઈ જાય છે. નાવવાળાને પણ સારી રીતે ભલામણ કરે છે. પ્રેમથી ભેટીને પછી છૂટા પડે છે. તુલસાં વગેરે તો સાથે છે જ. નાવ ચાલુ થાય છે. શ્રીવલ્લભના વિરહમાં મૂર્છિત અવસ્થામાં જ રાત્રિ પસાર થાય છે. સવાર પડતાં નાવ કનોજ નજીક આવે છે, ત્યારે તુલસાં એમને શુદ્ધિમાં લાવે છે.

કનોજ ગામ આવી ગયું છે. ગામમાં ખબર મોકલાવાય છે. પદ્મનાભદાસની નાની પુત્રીનો વર ભગવદીય છે. ઘણા વૈષ્ણવોને સાથે લઈને એ સામે આવે છે. પ્રભુને પધરાવીને ઘેર જાય છે. બીજા વૈષ્ણવો પણ સેવામાં સહાયતા કરવા નહાય

છે. પ્રભુને સમયસર ભોગ ધરાવાય છે. વૈષ્ણવોને સત્સંગનો લાભ મળતો થાય છે. કેટલાક સમય પર્યન્ત સેવાક્રમ અને સત્સંગ ચાલે છે. પછી પદ્મનાભદાસનો દેહ અશક્ત થતો જાય છે; ત્યારે એ શ્રીમથુરેશજીને વિનંતી કરે છે - ‘બાવા! મારાથી કંઈ બનતું નથી. આપને પરિશ્રમ થાય છે. આપની શી ઇચ્છા છે? આજ્ઞા કરો તો શ્રીવલ્લભને ઘેર પધરાવું.’ શ્રીઠાકોરજી ઘણી કૃપા દર્શાવે છે. આજ્ઞા કરે છે : ‘તારી સેવાથી હું ઘણો પ્રસન્ન છું. તું શોચ કરીશ નહીં. તારા પછી પુત્રી તુલસાં, પુત્રવધૂ પાર્વતી અને તેના પુત્ર રઘુનાથદાસ પાસે પણ સેવા લઈશ. પછી શ્રીવલ્લભને ઘેર પધારીશ.’ એ પ્રકારે જ બન્યું. આ બધાં ભગવદીય થયાં. નાની પુત્રીના ભાવની ઉચ્ચતા તો પહેલાં જ જોઈ ગયા છીએ.

આવા હતા કોટિમાં વિરલા શ્રીવલ્લભના પરમ કૃપાપાત્ર આપણા મહાનુભાવ શ્રીપદ્મનાભદાસજી.

સિદ્ધાંત-નવનીત

(૧) આ મહાન ભગવદીયના જીવન-પ્રસંગો આપણને ઘણું શીખવી જાય છે.

વિભાગ (૧) અવ્યાવૃત્તિની વિશેષતા (૨) ભગવત્સ્વરૂપ અને સેવામાં શ્રદ્ધા (૩) વૈષ્ણવીય સંબંધનો આગ્રહ તેમજ વૈષ્ણવોની સેવા દ્વારા થતી પ્રભુની કૃપા (૪) ગુરુભક્તિનું સ્વરૂપ (૫) ગુરુવચન ઉપર વિશ્વાસ (૬) ભક્તિમાર્ગમાં ભાવનાથી સર્વ સિદ્ધ થાય છે તે.

(૨) આવાં ચરિત્રો જાણીને, એને અનુસરવા પ્રયાસ કરવો જોઈએ, છતાં જે ન બને તેને માટે દીનતા, નિઃસાધનતા વિચારવી જોઈએ. જુઓ શિક્ષાપત્ર ૨૪ શ્લોક ૧૩ (યથા પૂર્વકથા શ્રુત્વા).

(૩) પદ્મનાભદાસે રચેલાં ૪૫ પદો ટીકા સહિત પ્રકટ થયાં છે, તે બહુ મનનયોગ્ય છે. એમનાં પદોની થોડીક પ્રથમ પંક્તિઓ આ રહી :

૧. કેસરકી ધોતી પહેરે, કેસરી ઉપરના ઓઢે;
   તિલક મુદ્રા ધરિ બેઠે, શ્રીલક્ષ્મણ ભટ્ટ ધામ.
૨. શ્રીમદ્ વલ્લભ રૂપ સુરંગે.
૩. હેલિ રસમય શ્રીવલ્લભસુત પ્રકટ ભયે આજ.
૪. મધુર બ્રજદેશ બસિ મધુર કીનો.
૫. ઐસી બંસી બાજી, બનઘનમેં,
   મહા મુનિનકી સમાધિ લાગી.

■

૪ (૧) : સ્મરણનું ફળ

(શ્રીપદ્મનાભદાસની દીકરી તુલસાં)

કનોજમાં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક પદ્મનાભદાસજી રહે. તેમને ત્યાં મોટી દીકરીનો જન્મ થયો. દીકરી રૂપ, ગુણ અને શીલથી અદ્ભુત હતી. સ્વભાવે શાંત અને સાત્ત્વિક હતી. પદ્મનાભદાસજીને સમજાયું કે આ દીકરી મહાન ભગવદ્ભક્ત થશે; માટે તેમણે દીકરીનું નામ પાડ્યું તુલસાં.

તુલસાં મોટી થઈ, ત્યારે તેના પર પદ્મનાભદાસજીના ખૂબ સારા સંસ્કાર પડ્યા. તે ધર્મપરાયણ બની, માતાપિતા સાથે ભગવત્-સેવામાં જોડાવા લાગી. તેનાં લગ્ન પછી થોડા જ મહિનામાં તેના પતિ હરિશરણ થયા. તુલસાં બાળવિધવા થયાં. તેમને સંસારનું જરાય જ્ઞાન ન થયું. તેઓ પિતા પાસેથી શ્રીમદ્ ભાગવત અને શ્રીસુબોધિનીજીનું શ્રવણ કરતાં અને ભગવદ્-વાર્તા-રસમાં નિમગ્ન રહેતાં. પિતાની સાથે શ્રીમથુરેશજીની સેવામાં હમેશાં તત્પર રહેતાં. શ્રીમથુરેશજીમાં તેમને પૂર્ણ આસક્તિ થઈ. તેઓ શ્રીમથુરેશજીને પોતાનું સર્વસ્વ માનવા લાગ્યાં.

એક દિવસ રાજભોગ પછી અનોસરના સમયમાં તુલસાં પોતાના ઘરમાં બેઠાં બેઠાં પોતાના પ્રિયતમ શ્રીમથુરેશજીના સ્વરૂપનું ધ્યાન કરતાં હતાં. ધ્યાન કરતાં કરતાં તેમાં એવાં ડૂબી ગયાં કે પ્રભુના એ સ્વરૂપ-સુધારસનું તેઓ પાન કરવા લાગ્યાં. તેમ કરતાં ભગવદિચ્છાએ તેમના ધ્યાનમાંથી શ્રીમથુરેશજી અંતર્ધાન થયા. તુલસાંને બહુ વિરહ થયો. તેઓ રડવા લાગ્યાં : ‘અરે પ્રભુ, મને મૂકી ક્યાં ચાલ્યા ગયા? મારો શો અપરાધ થયો? ગોપિકાઓની જેમ તેમનું રોમરોમ પોકારી રહ્યું હતું : ‘હા નાથ! રમણપ્રેષ્ઠ! ક્વાસિ ક્વાસિ મહાભુજ! હે પ્રભુ, આપ ક્યાં છો? આપ જલદી પ્રકટ થાઓ, આપના વિના હું રહી શકતી નથી.’

તુલસાંનો વિરહ પ્રભુની સહન ન થયો. તુલસાંના હૃદયમાં બિરાજેલું શ્રીમથુરેશજીનું અલૌકિક સ્વરૂપ તુલસાં સામે પ્રકટ થયું. તુલસાંને પ્રભુનાં સાક્ષાત્ દર્શન થયાં. તુલસાંએ આનંદવિભોર બની, એ સ્વરૂપને પોતાના હૃદય સાથે ચાંપી દીધું. તુલસાંની વિનંતીથી એ સ્વરૂપ સદાય તુલસાંના માથે બિરાજ્યું. (આ સ્વરૂપ શ્રીછોટા મથુરેશજી તરીકે પ્રસિદ્ધ છે અને હાલ કોટામાં બિરાજે છે.) તુલસાંએ ઘણાં વર્ષો સુધી આ સ્વરૂપની સેવા કરી.

એક દિવસ કૃષ્ણદાસ નામના એક વૈષ્ણવ અનાયાસ તુલસાંના ઘેર આવ્યા. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. કનોજના જ વતની હતા. તેમને આવેલા જોઈ, તુલસાં અત્યંત પ્રસન્ન થયાં. તેમણે વિચાર કર્યો : 'આજે મારા પર શ્રીમહાપ્રભુજીની પૂર્ણ કૃપા થઈ છે, જેથી મારા ત્યાં વણતેડ્યા વૈષ્ણવ અતિથિ બનીને પધાર્યા છે. આજે પ્રભુએ મારી સામગ્રી જરૂર ખૂબ પ્રેમથી આરોગી છે. તે વિના અનાયાસ વૈષ્ણવ આવે નહીં. આજે મારા માટે ખરેખર ઉત્સવનો દિવસ છે!'

તુલસાંએ કૃષ્ણદાસને વિનંતી કરી : 'ભાઈ, રાજભોગ આવ્યા છે. આપ જલદી સ્નાન કરી લો. રાજભોગ સરે એટલે અહીં જ મહાપ્રસાદ લેજો.'

'બહેન, હું તો તમને ભગવત્સ્મરણ કરવા જ આવ્યો છું. સ્નાન તો ઘેર જઈને જ કરીશ.' કૃષ્ણદાસે ઉત્તર આપ્યો.

તુલસાંએ ઘણો આગ્રહ કર્યો; પરંતુ કૃષ્ણદાસ માન્યો નહીં અને તેઓ ભગવત્સ્મરણ કરી, તેમને ઘેર ચાલ્યા ગયા. તુલસાંને મનમાં ઘણું દુઃખ થયું : 'અરેરે! અનાયાસ વૈષ્ણવ મારે ત્યાં આવ્યા અને પ્રસાદ લીધા વિના પાછા ગયા. જરૂર મારો કંઈક અપરાધ થયો હોવો જોઈએ. તે વિના આવું બને નહીં.'

તુલસાંએ બધો મહાપ્રસાદ ગાયોને લેવડાવી દીધો. તેઓ આખો દિવસ દુઃખ કરતાં બેસી રહ્યાં. તેમનાં નેત્રોમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં, હૃદય ભરાઈ આવતું હતું. શું કરવું, તે સૂઝતું ન હતું. સાંજ થઈ. હૃદયનું દુઃખ હૃદયમાં દબાવી, તેમણે ફરી અપરસમાં સ્નાન કર્યું, શયન સુધીની સેવા પહોંચ્યાં; પરંતુ બધો મહાપ્રસાદ ફરી ગાયોને લેવડાવી, તેઓ દુઃખ કરતાં રાતભર બેસી રહ્યાં.

રાત્રે શ્રીમથુરેશજી તેમનું દુઃખ સહન કરી શક્યા નહીં. આપે તુલસાંને સ્વપ્નમાં દર્શન આપીને આજ્ઞા કરી : 'તુલસાં, તું આટલો બધો ઉદ્વેગ ન કર. કાલ સવારે કૃષ્ણદાસ તારે ત્યાં જરૂર આવશે. તેમને તું ધરાઈને મહાપ્રસાદ લેવડાવજે. તેઓ પોતાના ઘરે મહાપ્રસાદ નહીં લે. તું ચિંતા કરીશ નહીં.'

તુલસાં ખૂબ પ્રસન્ન થયાં. તેમની નિદ્રા ઊડી ગઈ. તેમણે તરત જ અપરસમાં સ્નાન કર્યું. તેમણે વિચાર કર્યો, કૃષ્ણદાસ બ્રાહ્મણ છે; પરંતુ તેમની જ્ઞાતિ અમારા કરતાં ઊંચી ગણાય છે, માટે જ્ઞાતિબાધને લઈને તેમણે ગઈ કાલે મારે ત્યાં મહાપ્રસાદ નહીં લીધો હોય! માટે આજે તેમના મનને દુઃખ ન થાય, તેથી અનસખડી મહાપ્રસાદ લેવડાવીશ.'

આમ વિચાર કરી, તુલસાંએ સખડી-અનસખડીની બધી સામગ્રી સિદ્ધ કરી. સમય થયે પ્રભુને જગાડી, મંગળાભોગ ધર્યો અને પછી તેઓ પ્રભુને શૃંગાર કરવા બેઠાં. ત્યાં કૃષ્ણદાસજી આવ્યા. તેમણે તુલસાંને ભગવત્સ્મરણ કર્યાં. તુલસાં ખૂબ પ્રસન્ન થયાં. રાજભોગ ધર્યા પછી તુલસાંએ કૃષ્ણદાસને વિનંતી કરી : 'ભાઈ, આપ ઊઠો. સ્નાન કરો.'

'બહેન, હું સ્નાન કરી, અપરસમાં જ આવ્યો છું.'

તુલસાં પ્રસન્ન થયાં. સમય થયે રાજભોગ સરાવી, તુલસાંએ કૃષ્ણદાસને વિનંતી કરી : 'આજે પ્રભુની મારા પર પૂર્ણ કૃપા થઈ છે; કારણ આપ જેવા ભગવદીયોએ કૃપા કરી છે, માટે વધાઈ ગાઓ.'

રાજભોગ બાદ તુલસાંએ કૃષ્ણદાસની પાતળ કરી, અનસખડી મહાપ્રસાદ ધરવા માંડ્યો. કૃષ્ણદાસે કહ્યું: 'બહેન, આજે તો હું સખડી મહાપ્રસાદ જ લઈશ.'

'ભાઈ, તમે મનમાં જરાય દુઃખ કરશો નહીં. તમે અનસખડી મહાપ્રસાદ લેશો, તોયે હું પ્રસન્ન થઈશ. હું જાણું છું કે તમારા મનમાં મારા વિશે અભાવ નથી; પરંતુ જ્ઞાતિના વ્યવહારને કારણે તમારા મનમાં સંકોચ હોય એ સ્વાભાવિક છે.'

'બહેન, તમારી વાત સાચી છે; પરંતુ કાલે રાત્રે સ્વપ્નમાં તમારી કૃપાથી મને તમારા સેવ્ય સ્વરૂપ શ્રીમથુરેશજીનાં દર્શન થયાં અને આજ્ઞા થઈ છે, માટે હું આવ્યો છું. હું સખડી મહાપ્રસાદ જ લઈશ. ગઈ કાલે મેં તમારું દિલ દુભવ્યું છે, તે માટે મને ક્ષમા કરો.' તુલસાંએ ખૂબ પ્રસન્નતાથી તેમને મહાપ્રસાદ લેવડાવ્યો.

એક વખત શ્રીગુસાંઈજી તુલસાંને ત્યાં કનોજ પધાર્યા. તુલસાંની ઉંમર ત્યારે ૯૦ વર્ષ જેટલી હતી. તુલસાંએ શ્રીગુસાંઈજીની ખૂબ ભાવપૂર્વક સેવા કરી. શ્રીગુસાંઈજી ભોજન કરી બિરાજ્યા હતા. આપે આજ્ઞા કરીઃ 'તુલસાં, ભગવદ્-વાર્તા કરો.'

તુલસાંની ભગવદ્‌વાર્તા સાંભળી, આપ બહુ પ્રસન્ન થયા. આજ્ઞા કરી : 'દીકરી તો પદ્મનાભદાસજીની છે ને! તુલસાં, એક પ્રશ્ન પૂછું? તમને શ્રીઠાકોરજી સાનુભાવ જતાવે છે?'

'કૃપાનાથ! હું તો પેટ ભરીને ખાઉં છું. આખી રાત નિરાંતે ઊંઘું છું અને સમય મળે ત્યારે દરરોજ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરું છું.'

તુલસાંની આવી દીનતા જોઈ, શ્રીગુસાંઈજી તેમના પર ખૂબ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી : 'શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો નિત્ય પાઠ કરવાનું પરમ ફળ તુલસાં પામ્યાં છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજી તેમને સર્વ અનુભવ જતાવે છે; પરંતુ તેઓ પોતાના મુખથી કશું કહેતાં નથી. તેમની દીનતાને ધન્ય છે.'

●

વિશેષ વિચાર

(૧) શ્રીમહાપ્રભુજી **'નિરોધલક્ષણ'** ગ્રંથમાં આજ્ઞા કરે છે : 'જ્યારે પોતાનો ભક્ત, પોતાના માટે અત્યંત ક્લેશયુક્ત વિરહ કરે છે, તેમ પ્રભુ જુએ છે ત્યારે તેઓ કૃપાયુક્ત બની; તે ભક્તના હૃદયમાંથી બહાર પ્રકટ થાય છે.' માટે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવો માટે નિત્યનો જીવન-પ્રકાર બતાવતાં **'ચતુઃશ્લોકી'** ગ્રંથમાં આજ્ઞા કરી છે કે 'વૈષ્ણવોએ હમેશાં સેવા અને સ્મરણ કરવાં. તે બંને કદાપિ છોડવાં નહીં. સેવાના અનવસરના સમયમાં વિરહ-તાપયુક્ત બની પ્રભુનું સ્મરણ કરવાથી, ભગવત્-સ્વરૂપની પ્રાપ્તિ અવશ્ય થાય છે. જ્યાં સુધી વિરહનો અનુભવ થતો નથી, ત્યાં સુધી ભગવત્-સ્વરૂપનો અલૌકિક અનુભવ થતો નથી.

(૨) આપણા આંગણે આવેલા વૈષ્ણવોનું પ્રેમપૂર્વક સન્માન અવશ્ય કરવું જોઈએ. આપણા માર્ગમાં વૈષ્ણવોને શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીથી જરા પણ ઊતરતા ગણવામાં આવ્યા નથી. તેથી વૈષ્ણવો પ્રત્યે સર્વોત્તમ, શુદ્ધ પ્રેમ રહેવો જોઈએ. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે : **'દાસ રસિક બલૈયા લે લે વલ્લભિયનકી ચરણરજ અનુસર!'** પરમાનંદદાસજી પણ પોતાને આંગણે આવેલા વૈષ્ણવનું સન્માન કરતાં ગાય છે : 'આયે મેરે નંદનંદનકે પ્યારે.'

શ્રીસૂરદાસજી કહે છે : 'પ્રભુએ આપણને પોતાના કર્યા છે તેવું ક્યારે જાણવું? જ્યારે આપણું મન **'ભક્તનકી સેવા ભક્તચરનરજ સદા લુભાને'** બને ત્યારે માનવું કે પ્રભુની આપણા પર કૃપા થઈ છે. **'પ્રભુ જન પર પ્રસન્ન જબ હોહિં, તબ વૈષ્ણવજન દરસન પાવે, પાપ રહે નહીં કોઈ.'** કૃષ્ણદાસજી પણ આ જ વાત સમજાવે છે : **'તાહિકો સિર નાઈયેં જો શ્રીવલ્લભસુત-પદરજ-રતિ હોય.'** શ્રીવલ્લભજી મહારાજ પણ ગાય છે : **'આયે મેરે શ્રીબલ્લભકે દાસ તાકે સમ નાહીં ત્રિભુવનમેં સુનો વેદ સુનો વેદ ઈતિહાસ.'** માટે પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવોની સેવા મુખ્ય છે. વૈષ્ણવોની સેવામાં હરિ-ગુરુની સેવાનો આપોઆપ સમાવેશ થઈ જાય છે; કારણ કે વૈષ્ણવના હૃદયમાં શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી હમેશાં બિરાજેલા છે. માટે વૈષ્ણવ આપણા આંગણે આવે, ત્યારે હૃદયના સાચા પ્રેમભાવથી તેમનું સન્માન કરવું અને યથાશક્તિ આપણાથી જે બની આવે તે સેવા કરી, તેમને પ્રસન્ન કરવા જોઈએ.

(૩) તુલસાંએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'હું પેટ ભરીને ખાઉં છું.' શ્રીહરિરાયચરણ આ પ્રસંગનું રહસ્ય 'ભાવ-પ્રકાશ'માં ખૂબ સુંદર રીતે સમજાવે છે. તેનો એક ભાવ એ છે કે તેમાં દીનતા છે : અમે તો સંસારી જીવો છીએ, પશુઓની જેમ ખાઈએ છીએ અને સૂઈએ છીએ. લોકો અમારી એવી નિંદા ન કરે કે અમે પદ્મનાભદાસજી જેવાનાં વંશજ થઈ સેવા કરતાં નથી, માટે સેવા કરીએ છીએ. માટે અમને પ્રભુ ક્યાંથી અનુભવ જતાવે? પરંતુ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરીએ છીએ, કારણ કે અમ જેવા સંસારમાં રચ્યાપચ્યા અધમ જીવો પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો ભાવ જાણ્યા વિનાયે જો તેનો પાઠ કરે, તો તે દ્વારા પ્રભુ બધા અનુભવ જતાવે છે. આમાં અમારો કોઈ પુરુષાર્થ નથી. શ્રીમહાપ્રભુજીનું આ પ્રતાપબળ છે. તેમના ગ્રંથના પાઠથી પ્રભુ કૃપા કરે છે.

આ વચનોનો **બીજો ભાવ** એ છે કે અમે અનેક જન્મથી પ્રભુની વિખૂટાં પડેલાં છીએ. આપની કૃપાથી અમને અમારા મૂળ સ્વરૂપનું ભાન છે, માટે કોઈ યોનિમાં અમે પેટ ભરીને ખાધું નથી કે સુખપૂર્વક ઊંઘ્યાં નથી. પ્રભુ ક્યારે મળે, તેનો જ વિરહ કર્યો છે. હવે આપે કૃપા કરી અમને શરણે લીધાં, તેથી આ જન્મમાં અમારું પેટ ભરાયું છે અને પ્રભુનો દઢ આશ્રય થવાથી સુખ-પૂર્વક નિદ્રા આવી છે. અગાઉના બધા જ જન્મો અવિદ્યાના કારણે અમે દુઃખમાં વીતાવ્યા છે.

ત્રીજો ભાવ એ પણ છે : 'અમે અલૌકિક ભગવદ્-રસ માટે જેટલાં અધિકારી છીએ, તેટલો અનુભવ શ્રીઠાકોરજી આપની કૃપાથી અમને જતાવે છે અને તે રસથી અમારું પેટ ભરાય છે. આપની કૃપાથી શ્રીઠાકોરજી અમારી નિકુંજમાં બિરાજી, અમને સ્વરૂપાનંદનું દાન કરે છે, તેથી શ્રીઠાકોરજી સાથે અમે સુખપૂર્વક નિદ્રા લઈએ છીએ; કારણ કે પ્રભુ સાથે અમારો સ્વકીયા ભાવ છે. માટે અમને હવે કશી ચિંતા નથી.'

આ પ્રસંગમાંથી આટલી વાત ખૂબ સ્પષ્ટ થાય છે -

આજના સયમાં આપણાથી માર્ગની રીત પ્રમાણે ભગવત્-સેવા વગેરે સાધનો બનતાં નથી, ત્યારે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો નિયમપૂર્વક અને આદરપૂર્વક

આપણે નિત્યપાઠ કરવો જોઈએ. શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક શ્રીમહાપ્રભુજીની વાણીનો પાઠ કરવાથી જરૂર શ્રીકૃષ્ણના અધરામૃતની પ્રાપ્તિ થાય છે, એવો સૌ ભગવદીયોનો અનુભવ છે. 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં પણ શ્રીગુસાંઈજી એ જ આજ્ઞા કરે છે. શ્રીમહાપ્રભુજીની વાણી પણ સ્વરૂપાત્મક છે; માટે આપણે તે વાણી દ્વારા શ્રીમહાપ્રભુજીની સ્વરૂપ-સુધાને આપણા હૃદયમાં પધરાવી શકીએ છીએ. તેથી અર્થ ન સમજાય, તો પણ શ્રીમહાપ્રભુજીના સર્વ ગ્રંથોનો પાઠ કરવાનો આપણે ખાસ આગ્રહ રાખવા જેવો છે.

શ્રીગોપાલદાસભાઈ 'વલ્લભાખ્યાન'માં આજ્ઞા કરે છે : **'ગ્રંથ સર્વે રસરૂપ કીધા પોતાને સિદ્ધાંત.'** માટે આપના સર્વ ગ્રંથો, આપના અલૌકિક સ્વરૂપરસથી પરિપૂર્ણ છે.

◆

(૪) મૂળ વાર્તા :-

તુલસાં : વાર્તા નં. ૪/૧ (૮૪ વૈ.ની વાર્તા)
લીલા-સ્વરૂપ : મણિકુંડલા, ચંપકલતાની સખી
સાત્ત્વિક ભક્ત. જ્ઞાતિ : કનોજિયા બ્રાહ્મણ
પિતા : પદ્મનાભદાસજી, વતન : કનોજ
સેવ્ય સ્વરૂપ : શ્રીછોટે મથુરેશજી (હાલ કોટા)

પદ્મનાભદાસજીકી બેટી તુલસાં

(દોહા) પદ્મનાભકી પુત્રિકા તુલસાં તાકો નામ ।
કૃપાપાત્ર મથુરેશકી સેવા હી તેં કામ ॥

(છંદ) પદ્મનાભકી સુતા કરત હરિ સેવા ઐસી ।
નિજ પિતુકે ઘર હોત રહી પ્રથમહિ તે જૈસી ॥
વૈષ્ણવકે પ્રતિ પ્રેમ રહત તુલસાંકો યા બિધિ ।
અતિ સનેહ નિજ ઈષ્ટદેવ પ્રભુકે પ્રતિ જા બિધિ ॥
હરિદાસનતેં પ્રેમ જબહિં જાકે જિય આવે ।
જાનિય તબહિં અવશ્ય કૃપા હરિકી વહ પાવે ॥
વા તુલસાંકે યહાઁ એક વૈષ્ણવ ચલિ આયો ।

અતિ આદર બૈઠાય પરમ નિજ ભાગ્ય મનાયો ॥
'લીજિયે મહાપ્રસાદ' કહી; વૈષ્ણવ નહીં માની ।
બિનપ્રસાદ ઘર ગયો તબહિં તુલસાં પછતાની ॥
ઉદય ભયો કછુ પાપ, તાપ મન મહઁ અતિ કીન્હો ।
જેહિ કારણ હરિદાસ આજ ભોજન નહીં લીન્હો ॥
ઈહિ બિધિ મન પછિતાય જબહિં તુલસાં નિશિ સોઈ ।
સ્વપ્ન કહી મથુરેશ કરહુ ચિન્તા જનિ કોઈ ।
પ્રભુકી આજ્ઞા પાય વહી દૂજે દિન આયો ।
દાલભાત પકવાન આદિ ભોજન સબ પાયો ॥

(દોહા) અતિ પ્રસન્ન તુલસાં ભઈ તાહિ પ્રસાદ લિવાય ।
નિજ દાસન તેં પ્રેમ જહઁ તહઁ પ્રસન્ન હરિરાય ॥

(છંદ) પ્રભુકી કૃપા અપાર તઉ જિય ગર્વ ન ધરતી ।
અપનો દોષ બિચાર સશક્તિ સેવા કરતી ॥
એક દિન (શ્રી)વિઠ્ઠલદાસ તહાઁ કરિ કૃપા પધારે ।
સેવાકો ક્રમ દેખિ હરષિ હિય બચન ઉચારે ॥
પદ્મનાભકી સુતા અહો ઐસી હી ચહિયે ।
સોઈ પૂત સપૂત પૂર્વજોં કે મગ બહિયે ॥
પૂનિ પૂછિ પ્રભુ કહા શ્યામ અનુભવ દિખરાવત?
હૌં સમકિત નહીં નાથ પરી સોવત અરુ ખાવત ॥
ગર્વરહિત અરુ સરલ બાત સાઁચી સુનિ તાકી!
અતિ પ્રસન્ન મન ભયે દેખિ રહની પ્રભુ વાકી ॥
હરિસેવા તેં પહુઁચિ પાઠ ગ્રંથનકો કરતી ।
હરિસુમરન તેં રહિત એક પલ પાઁવ ન ધરતી ॥

(દોહા) તા તુલસાંકે પ્રેમ હરિ દૂજો રૂપ બનાય ।
પ્રકટ ભયે નિજ રૂપતેં લઘુ મથુરેશ કહાય ॥
સો પ્રભુ અજહૂ પ્રેમવશ કોટા રહે બિરાજ ।
પદ્મનાભકી પુત્રીકી સુરતિ કરાવત આજ ॥

◆

૪. (૨) : વૈષ્ણવ-સેવાનું ફળ

(શ્રીપદ્મનાભદાસની નાની દીકરી)

'તુલસાં, તારી નાની બહેન યમુનાના વિવાહ કરીને આવ્યો!' ઘરમાં આવતાં જ પદ્મનાભદાસજીએ સમાચાર આપ્યા.

'પિતાજી! કયા ગામ વિવાહ કર્યા? કોની સાથે કર્યા?'

'બેટા, આપણા ગામ કનોજમાં જ કર્યા'

'પણ પિતાજી! આપણા ગામમાં, આપણી જ્ઞાતિમાં યમુનાને લાયક કોઈ મૂરતિયો જ નથી. તમે કોની સાથે વિવાહ કર્યા?'

'બેટા તારી વાત સાચી છે. આપણી જ્ઞાતિમાં ઉંમરલાયક કોઈ મૂરતિયો નથી; પણ મેં વૈષ્ણવોને કહી રાખ્યું હતું. એક વૈષ્ણવે એક મૂરતિયો બતાવ્યો. તે છે તો બ્રાહ્મણ, પણ બીજા ગોળનો છે; પરંતુ ભગવત્-કૃપાએ તે શ્રીમહાપ્રભુજીનો સેવક છે. એટલે મેં ઘડી-પળની રાહ ન જોતાં, ભગવદ્વાર્તામાં જ તેના લલાટમાં પ્રસાદી કુમકુમથી તિલક કરી, વિવાહ નક્કી કરી નાખ્યા. આપણી યમુનાને આવો વૈષ્ણવ પતિ ક્યાંથી મળે? પ્રભુ જે કરે તે ભલી કરે.'

'પણ પિતાજી, આપણા ગામમાં આપણો ખૂબ મોટો સમાજ છે. સમાજ બહાર તમે દીકરી પરણાવશો એટલે સમાજના લોકો આપણને હેરાન કરશે. આપણું મન સેવા-સ્મરણમાંથી વિક્ષિપ્ત થશે. માટે મારું માનો તો હજી આ સગપણ ફોક કરી દો.'

'તુલસાં, જો તારી એવી જ ઇચ્છા હોય, તો એક કામ કર. જા, ઘરમાંથી છરી લઈ આવ.'

'પિતાજી, સગપણ ફોક કરવા માટે છરીની જરૂર કેવી રીતે પડે? તેમાં તો આપણે એટલું જ કહેવડાવી દેવાનું છે કે અમારી ઇચ્છા નથી.'

'તુલસાં, જે અંગૂઠાથી શ્રીમહાપ્રભુજીના સેવકના લલાટમાં પ્રસાદી કુમકુમનું તિલક કર્યું અને વચન આપ્યું, એ અગૂંઠાથી હવે બીજાના લલાટમાં હું કેવી રીતે તિલક કરી શકું? શ્રીમહાપ્રભુજીના સેવકને દુઃખ થાય, તેવું મારાથી કેવી રીતે કહી શકાય? માટે એ છરીથી અંગૂઠો જ કાપી નાખું, જેથી મારે બીજા કોઈને તિલક કરવાનું રહે નહીં!'

પદ્મનાભદસાજીનો આવો દૃઢ આગ્રહ અને વૈષ્ણવ પ્રત્યેનો અનન્ય પ્રેમ જોઈ તુલસાં ચૂપ થઈ ગયાં. તેમને ખાતરી થઈ કે પિતાજીને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય છે, માટે તેઓ લૌકિક-વૈદિક કોઈ વાતને સ્વીકારશે નહીં કે મહત્ત્વ પણ આપશે નહીં. માટે ભગવદિચ્છા માનીને થયેલો સંબંધ વધાવી લેવો.

યમુનાનાં લગ્ન લેવાયાં. પતિનું નામ છે કૃષ્ણદાસ. યમુના લગ્ન કરી સાસરે ગઈ. તેનું સાસરું કનોજ શહેરમાં જ આવેલું છે.

'યમુના, તારા પિતાની જેમ મારા ત્યાં ભગવત્-સેવા બિરાજતી નથી. ઘરમાં ભગવત્-સેવા કરવાની આજ સુધી મારા માટે અનુકૂળતા પણ ન હતી; કારણ કે હું એકલો હતો. આજ સુધી વૈષ્ણવોની સાથે રહીને મેં તો વૈષ્ણવોની સેવા કરી છે અને ભગવદ્-વાર્તાનું શ્રવણ કર્યું છે. એને પરિણામે જ ભગવદીય પિતાની પુત્રી મને મળી છે. તારા સંગથી મારામાં પણ થોડીક ભાવના વધશે અને તારા સંગનો મને પણ રંગ લાગશે. હવે તું કહે તેમ આપણો ગૃહસંસાર ગોઠવીએ.'

'આપ આવું કહી મને શરમાવશો નહીં. મારા પિતાજીએ એટલું જ જોયું છે કે આપ શ્રીમહાપ્રભુજીના સેવક છો. પિતાજીએ જ્ઞાતિ-સમાજનો વિચાર કર્યો નથી. જો એવો વિચાર કર્યો હોત, તો કદાચ હું કોઈક શૈવ બ્રાહ્મણના ઘેર ગઈ હોત. આપના દ્વારા મારાથી પણ હરિ-ગુરુ-વૈષ્ણવનાં યથાશક્તિ સેવા-સ્મરણ થયા કરશે. આપ જેમ આજ્ઞા કરશો તેમ આપણે કરીશું.'

'યમુના! પ્રભુએ આપણા બંનેનું ગુજરાન ચાલે તેનાથી વિશેષ દ્રવ્ય આપ્યું છે. કમાવા જવાની ફિકર કરવી પડે તેમ નથી. મને થોડા મહિનાઓથી આ ગામમાં એક બાબતની ઊણપ લાગ્યા કરે છે. જ્યાં સુધી શેઠ દામોદરદાસજી અહીં હતા, ત્યાં સુધી તો પરદેશી વૈષ્ણવોને આ ગામમાં મુકામ કરવાની કે મહાપ્રસાદ લેવાની કોઈ અગવડ ન હતી. તેમનું ઘર સૌના માટે રાતદિવસ ખુલ્લું હતું; પરંતુ શેઠજી અને તેમનાં પત્નીના ગોલોકવાસ પછી વૈષ્ણવોનો વિસામો ચાલ્યો ગયો છે. વ્રજમાં અને અડેલમાં જનારાં સૌ વૈષ્ણવોને અહીંથી જ પસાર થવાનું હોય છે. ગામમાં વૈષ્ણવોના મુકામ માટે બીજી કોઈ સગવડ નથી. માટે મને એમ લાગે છે કે આપણે બની શકે તેટલી વૈષ્ણવોની સેવા કરીએ તો કેમ? તારા ભગવદીય પિતા શ્રીમથુરેશજીને ખૂબ લાડ લડાવે છે. તેમની જેમ ભગવત્સેવા કરવાની અનુકૂળતા આપણી પાસે નથી, તો આપણે વૈષ્ણવોની

સેવા કરવાનું ગોઠવીએ એવી મારી ઇચ્છા છે. તું જો સંમતિ આપે અને સહાય કરે તો આ બની શકે.'

'આપનો વિચાર ખૂબ ઉત્તમ છે. પિતાજી તો હમેશાં એમ કહેતા કે હરિ-ગુરુ-વૈષ્ણવ સમાન છે. તેમનામાં ભેદભાવ જોવો નહીં. વૈષ્ણવ પ્રસન્ન થાય, તો વૈષ્ણવની કૃપાથી જ શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય અને શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થાય તો તેમની કૃપાથી શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે. માટે આપણા માર્ગમાં વૈષ્ણવની કૃપા સર્વોપરી છે. આપ જેમ આજ્ઞા કરશો તેમ હું આપની સાથે વૈષ્ણવોની સેવા કરવા તત્પર છું. મારે શું કરવાનું તે આપ મને બતાવો.'

'યમુના! આપણે ત્યાં ખેતીની સારી આવક છે. ખેતી માટે બે ગાડાં પણ છે, બળદો પણ છે. કામ કરનારા માણસો પણ છે. હું દરરોજ બે ગાડાં લઈ સવારે ગામ બહાર જઈશ. આવતા-જતા વૈષ્ણવોની રાહ જોઈશ. જે વૈષ્ણવો આવશે, તેમને ગાડામાં બેસાડી આપણે ત્યાં લઈ આવીશ. પ્રભુકૃપાથી ઘર પણ મોટું છે. તું પ્રેમથી સામગ્રી સિદ્ધ કરજે. આપણે ત્યાં પ્રભુ નથી બિરાજતા; પરંતુ તારા પિતાજીના સેવ્ય શ્રીમથુરેશજીનું સ્મરણ કરી, તેમને ભાવનાથી ભોગ ધરજે. પરદેશી વૈષ્ણવોને આપણે પ્રેમથી મહાપ્રસાદ લેવડાવીશું. તેમની સ્નેહપૂર્વક સેવા કરીશું, તેમને જે ચીજ-વસ્તુઓની જરૂર હશે તે આપણાથી બનતી આપીશું અને અહીંથી નાવમાં બેસાડી, તેમને અડેલ પહોંચાડીશું. વ્રજમાં જવું હશે તેમને વ્રજમાં જવાની વ્યવસ્થા કરી આપીશું. આમ, આપણે તન-મન-ધનથી વૈષ્ણવોની ટહેલ કરીશું.'

'આપની ભાવના ખૂબ ઉત્તમ છે. વૈષ્ણવોની ટહેલ કરતાં મને પણ આનંદ થશે. માટે આપની આજ્ઞા પ્રમાણે કાલથી જ શરૂ કરીએ.'

બીજા દિવસથી કૃષ્ણદાસ અને યમુના વૈષ્ણવોની ટહેલમાં લાગી ગયાં. રોજ સવારે વહેલાં સ્નાનાદિથી પરવારી, ગાડાં જોડાવી, તે ગાડાં લઈ કૃષ્ણદાસ ગામ બહાર જઈ વૈષ્ણવોની રાહ જોતા બેસતા. આવતા-જતા વૈષ્ણવોને ખૂબ આગ્રહથી ભગવત્-સ્મરણ કરી, ગાડામાં બેસાડી પોતાના ત્યાં લઈ આવતા. તેમના શરીરે તેલમર્દન કરી, ઉષ્ણ જળથી સ્નાન કરાવી તેમનો પરિશ્રમ દૂર કરતા. તેમને ખૂબ આગ્રહપૂર્વક મહાપ્રસાદ લેવડાવતા. તેમની સાથે રાત્રે ભગવદ્-વાર્તા કરતા અને વાતવાતમાં તેમની મુશ્કેલીઓ જાણી લઈ, તેઓ ન જાણે તેમ તેમના સામાનમાં જરૂરી ચીજવસ્તુઓ છૂપી રીતે મૂકી દેતા. તેમને ખૂબ આગ્રહ કરી બે-ચાર દિવસ પોતાને ત્યાં રાખતા અને પછી તેમને વિદાય આપતા.

આમ કરતાં કરતા ઘણા મહિના વીતી ગયા. પદ્મનાભદાસજી મનમાં વિચાર કરવા લાગ્યા : 'મારી મોટી દીકરી તુલસાં પર તો ભગવત્કૃપા થઈ છે. તેને સેવાનો સાચો રંગ લાગ્યો છે, પણ તેને વિપ્રયોગનો પણ એવો ઉત્તમ અનુભવ થયો છે કે પ્રભુએ સાક્ષાત્ દર્શન આપ્યાં અને તે સ્વરૂપ તેના માથે બિરાજ્યું છે. મારે તેની કશી ચિંતા કરવાની રહી નથી. આમ તો નાની દીકરી યમુના પણ ગુણિયલ છે, પરંતુ તેના ત્યાં ભગવત્સેવા બિરાજતી નથી. તે બંને જણ કેવી રીતે તેમનો જીવનનિર્વાહ કરે છે, તેની મને ખબર નથી. આજે ઘેર રાજભોગ વહેલા થઈ ગયા છે; તો લાવ, જઈને દીકરી અને જમાઈને ભગવત્ સ્મરણ કરતો આવું અને તેમનો જીવન-પ્રકાર જાણતો આવું.'

પદ્મનાભદાસજી યમુનાને ત્યાં આવ્યા. યમુના ઘેર જ હતી. પિતાને અચાનક આવેલા જોઈ તે ખૂબ રાજી થઈ. પ્રેમથી પિતાને અંદર બોલાવ્યા.

'યમુના! ઠાકોરજીનો શો સમય છે?'

'પિતાજી! અમારે ત્યાં સમય કેવો? સમય તો આપને ત્યાં હોય, જ્યાં શ્રીમહાપ્રભુજીની કાનિથી પ્રભુ સાક્ષાત્ બિરાજે છે અને સેવા અંગીકાર કરે છે! અમે તો પેટ ભરીએ છીએ.'

'યમુના! કૃષ્ણદાસ ક્યાં છે?'

'તેઓ બહાર ગયા છે. હમણાં આવતા જ હશે. બસ, હવે તૈયારી છે.'

'યમુના, આ ટેરો શાનો છે?'

'પિતાજી, જે કંઈ સામગ્રી સિદ્ધ થઈ છે, તેનો ભાવનાથી ભોગ ધર્યો છે. ભોગ સરાવવાનો સમય થઈ ગયો છે. આપ અંદર પધારો.'

પદ્મનાભદાસજી ટેરો સરકાવી અંદર ગયા. એક પાટલા પર કોરું વસ્ત્ર બિછાવેલું હતું. પાસે ઝારીજી ભરેલાં હતાં, સન્મુખમાં ભોગ સાજ્યો હતો, ત્યાં પાટલા પર પદ્મનાભદાસજીએ પોતાના સેવ્ય શ્રીમથુરેશજીને સાક્ષાત્ બિરાજેલા જોયા. શ્રીમથુરેશજી ચારેય શ્રીહસ્તથી ભોગ આરોગી રહ્યા હતા. આપશ્રીના પ્રસન્ન મુખારવિંદનાં દર્શન કરતાં પદ્મનાભદાસજીને રોમરોમ આનંદ થઈ આવ્યો. તેઓ ગદ્ગદ્ થઈ ગયા. દેહનું ભાન રહ્યું નહીં અને ત્યાં ભૂમિ પર જ ઢળી પડ્યા.

યમુનાએ પિતાજીને સાંત્વન આપી બેઠા કર્યા. સ્વસ્થ થઈને પદ્મનાભદાસજીએ કહ્યું : 'યમુના! તમને બંનેને ધન્ય છે. તમારા પર પ્રભુએ

અનહદ કૃપા કરી છે. હું તો માનતો હતો કે તુલસાં જ ભગવત્સેવા કરે છે; પણ તું તો તુલસાંથીયે ચડી ગઈ!'

'પિતાજી, આપ આમ કહો તે બરાબર નથી. પ્રભુની મૂળ કૃપા તો આપના ઉપર અને મોટી બહેન ઉપર છે. અમારાથી તો પ્રભુની કંઈ સેવા બનતી નથી, પરંતુ જે બને તે વૈષ્ણવોની થોડી ટહેલ કરી લઈએ છીએ. એટલે એ વૈષ્ણવોની કૃપાથી પ્રભુ અમારા મનનો ભાવ માની લે છે. પેલા કીર્તનમાં કહ્યું છે ને કે 'રાઈ જિતની સેવાકો ફલ માનત મેરુ સમાન.' એવું અમારા માટે બન્યું છે!'

' બેટા! તને અને જમાઈને બંનેને ધન્ય છે! સાચે જ જે હરિભક્તોની ટહેલ કરે છે તેને વશ શ્રીહરિ રહે છે, એ વાતમાં જરાય આશ્ચર્ય નથી. આજે હું સર્વ લૌકિક-વૈદિક નિયમોનો ત્યાગ કરીને તારા ઘરનો મહાપ્રસાદ લઈશ; કારણ કે તારી આડીથી ભોજન કરતાં સાક્ષાત્ પ્રભુએ મને દર્શન આપ્યાં છે. પ્રભુનું સાક્ષાત્ અધરામૃત તારે ત્યાં મહાપ્રસાદ સ્વરૂપે બિરાજે છે.'

યમુના ખૂબ રાજી થઈ. પદ્મનાભદાસજીએ ખૂબ ભાવપૂર્વક ચાર કોળિયા મહાપ્રસાદ લીધો અને યમુનાને કહ્યું : 'બેટા! તમારાં બંનેની સેવા જોઇને હું ખૂબ પ્રસન્ન થયો છું. તમે આવા જ પ્રેમથી હમેશાં વૈષ્ણવોની સેવા કર્યા કરજો. તમારા પર વૈષ્ણવો દ્વારા શ્રીમહાપ્રભુજીની અને શ્રીઠાકોરજીની પૂર્ણ કૃપા છે. આવી અલભ્ય કૃપા એ વૈષ્ણવોની સેવાનું જ ફળ છે, કારણ પ્રત્યેક વૈષ્ણવના હૃદયમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી બિરાજે છે. વૈષ્ણવ સ્વરૂપે તેઓ જ તમારો ભાવ અને તમારી સામગ્રી અંગીકાર કરે છે. માટે વૈષ્ણવ-સેવાનો તમારો આદર્શ ખૂબ ઉત્તમ છે.'

●

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તામાં વૈષ્ણવ-સેવાનો સિદ્ધાંત ખૂબ સ્પષ્ટ રીતે સમજાવ્યો છે. સૂરદાસજીએ ગાયું છે કે 'ભક્ત વિરહ કાતર કરુણામય ડોલત પાછે લાગે' - પ્રભુ હમેશાં પોતાના ભક્તોની પાછળ પાછળ ફરે છે. માટે જ આપણા આંગણે આવેલા ભક્તોનું હૃદયપૂર્વક અને પ્રેમપૂર્વક સ્વાગત કરવું જોઈએ. દરેક વૈષ્ણવનું એ સહજ કર્તવ્ય છે કે પોતાને ત્યાં આવેલા વૈષ્ણવનું, પછી ભલે તે વેશધારી હોય કે નામધારી હોય; પણ યથાશક્તિ આદરપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક સન્માન કરવું. તુલસીદાસજીએ ગાયું છે કે -

હરિજન આવે દ્વાર પે હસી નમાવે શિશ,
વાકે મનકી વે જાને મેરે મન જગદીશ.

શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં વૈષ્ણવો ઉપર પોતાપણાનું મમત્વ રાખવા અંગે સ્પષ્ટ આજ્ઞા કરે છે : '**સ્વકીયતા તદીયેષુ તદ્ભિન્ને ભિન્નતા મતાઃ**' શ્રીહરિરાયજી આવી આજ્ઞા 'શિક્ષાપત્ર'માં અનેક સ્થળે કરે છે. આપ સમજાવે છે કે 'વૈષ્ણવોની સેવા શ્રીઠાકોરજીની સેવા જેટલા જ આગ્રહ અને આદરપૂર્વક કરવી જોઈએ. શ્રીઠાકોરજીની સેવા કરીએ અને વૈષ્ણવોની સેવા ન કરીએ, તો પ્રભુ ક્યારેય પ્રસન્ન થતા નથી.'

આપણા માર્ગમાં એવી ભાવના છે કે વૈષ્ણવ અનાયાસ મહેમાન બની આપણે ત્યાં આવે, ત્યારે માનવું કે આજે પ્રભુ ખૂબ પ્રસન્નતાપૂર્વક આપણી સામગ્રી આરોગ્યા છે. વૈષ્ણવોનું આવું સ્વરૂપ જાણવું જોઈએ.

'વૈષ્ણવ' શબ્દ પણ સમજવા જેવો છે. વૈષ્ણવમાં પહેલો 'વ' શ્રીવલ્લભનો છે, છેલ્લો 'વ' શ્રીવિઠ્ઠલનો છે; વચ્ચેનો 'ષ્ણ' શ્રીકૃષ્ણનો છે. જેમના હૃદયમાં શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ એમ ઉભય સ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ બિરાજે છે, તે વૈષ્ણવ. ગદાધરદાસજીની વાર્તામાં પણ પ્રસંગ છે કે તેમના પાડોશી દેવા કપૂરને ગદાધરદાસજીને ત્યાં પ્રસાદ લેતા વૈષ્ણવોના સમૂહ વચ્ચે ભોજન કરતા પ્રભુનાં દર્શન થયાં હતાં. કૃષ્ણ ભટ્ટની વાર્તામાં પણ પ્રસંગ છે કે વૈષ્ણવો માગીને મહાપ્રસાદ લે તે ઠાકોરજીએ માગીને આરોગ્યા બરોબર છે. માટે વૈષ્ણવોમાં આવો ઉત્તમ ભાવ રાખી, ગામમાં આવતા પરદેશી વૈષ્ણવોનું સન્માન કરવું, તેમજ ગામના અને પોતાના પરિવારના સર્વ વૈષ્ણવોનું પણ સન્માન કરવું અને તેમની યથાશક્તિ સેવા કરવી એ પ્રત્યેક વૈષ્ણવ માટે પ્રથમ આવશ્યક કર્તવ્ય છે.

(૨) જ્યારે ઘેર ભગવત્-સ્વરૂપ ન બિરાજતું હોય, ત્યારે ભોગ ધરવા માટે કેવો પ્રકાર હોય તે પણ આ વાર્તા આપણને શીખવે છે. શુદ્ધ રીતે સિદ્ધ કરેલી બધી સામગ્રી એકાંતમાં સાજીને પ્રભુને આરોગવા માટે વિનંતી કરવામાં આવે છે, ત્યારે પ્રભુ અહીં પધારીને તે સામગ્રી આરોગે તેવી ભાવના ન કરવી; કારણ કે તેમાં આરોગવા પધારવાનો પ્રભુને પરિશ્રમ થાય છે; પરંતુ પ્રભુ જ્યાં બિરાજ્યા છે, તે સ્થળે છાકરૂપે આ બધી સામગ્રી લઈને આપણે જઈએ છીએ અને પ્રભુને આરોગાવીએ છીએ, તેવી ભાવના કરવી.

(૩) લૌકિકમાં કન્યાદાન આપ્યું હોય તે દીકરીના ઘરનું અન્ન માતા-પિતા લેતાં નથી, પરંતુ સામાન્ય અન્ન અને મહાપ્રસાદ વચ્ચેનો ભેદ આ વાર્તા

આપણને બતાવે છે. અન્નમાં જે દોષો રહેલા છે તે મહાપ્રસાદમાં હોતા નથી. મહાપ્રસાદ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. માટે, મહાપ્રસાદના ભાવથી જે કણિકા લેવામાં આવે તેનાથી કોઈ દોષ લાગતો નથી; બલકે, મહાપ્રસાદરૂપે હૃદયમાં ભગવત્સ્વરૂપ પધારતાં હૃદય વધુ નિર્મળ બને છે. માટે મહાપ્રસાદમાં લૌકિક બુદ્ધિ રાખવી નહીં.

પદ્મનાભદાસજીકી છોટી કન્યા

(દોહા) તુલસાંકી છોટી બહિન હરિદાસકી દાસ ।
પતિપત્ની સેવા કરેં નિશદિન સહિત હુલાસ ॥
(છંદ) પદ્મનાભકી સુતા મિલ્યો વર વૈષ્ણવ ઐસો ।
હરિદાસના પ્રતિ પ્રેમ લખિય લાખનમેં જૈસો ॥
સેવા વિવિધ પ્રકાર વૈષ્ણવ જન પાઈ ।
દેખત હોઈ પ્રસન્ન મિલે માનહુ હરિ રાઈ ॥
વૈષ્ણવ જો કનોજ હોઈ પ્રભુ દરસનકો જાતે ।
તિનકો આપુ લિવાય સસુરકે ગૃહ ઠહરાતે ॥
અપની ગાડી ભેજિ એક મંજિલ તેં લાવેં ।
બહુ વિધિ કરિ સમ્માન શકટ બૈઠારિ પઠાવેં ॥
સેવાકી અસ રીતિપ્રીતિ મન મહઁ નિરધારી ।
કછુ દિનમેં યહ બાત ભઈ બહુવિધ વિસ્તારી ॥
વૈષ્ણવ અધિક પ્રસન્ન હોઈ આશિષ દૈ જાવેં ।
દમ્પતી અતિ હરષાય પ્રેમ સેવામેં લાવેં ॥
નિજ દાસન પ્રતિ પ્રેમ પેખિ હરિ અતિ અનુરાગે ।
દમ્પતી પૈ કરિ કૃપા બતાવન અનુભવ લાગે ॥
પદ્મનાભ દિન-રૈન વિચારત નિજ મનમાંહી ।
યા પુત્રી ગૃહ સેવ્ય સ્વરૂપ બિરાજત નાહીં ॥
લેતે હોઈ પ્રસાદ, બિના પ્રભુ ભોગ ધરાયે ।
એક દિન યહી વિચાર અચક કન્યાગૃહ આયે ॥
પ્રભુ કહઁ ભોગ ધરાય જબહિં બાહર ચલિ આઈ ।

પદ્મનાભ તહઁ આઈ તબહિં પૂછત મુસક્યાઈ ॥
'કહા સમય હૈ પુત્રિ!' સમય હુઈ હૈ આપુન ઘર ।
'હૌં તો સોવત ખાતુ ધ્યાન તુવ ચરનન કો ધર' ॥
જબ પુનિ ભોગ સરાય કિયે દરસન પંડિતવર ।
નિજ પ્રભુ શ્રીમથુરેશ બિરાજત નિજ તનયાઘર ॥
પ્રભુ પદપદ્મ નિહાર નયન દોઉ ભરિ આયે ।
પુલકિત તનમન મોદ કંઠ ગદ્ગદ્ સુખ છાયે ॥
ધન્ય ધન્ય મમ સુતા ધન્ય મેરે જામાતા ।
જિન પર યા બિધિ કૃપા કરત નિત યશુમતિજાતા ॥
પુનિ પુત્રી તેં કહી ભઈ કરુણા યહ કૈસે?
પુત્રી સબ બિધિ કહહુ પ્રકટ પાયે હરિ જૈસે ॥
પ્રથમ આપુકી કૃપા, કૃપા પુનિ વૈષ્ણવરાઈ ।
કછુ નહીં સાધન બન્યો શકટકી બાત સુનાઈ ॥
હરિસેવા તેં ગુનત અધિક હરિ-વૈષ્ણવ સેવા ।
તાહીકે જુ પ્રતાપ મિલે પુરુષોત્તમ દેવા ॥
હમ તુલસાંકો ધન્ય જાતિ તાકે ગુણ ગાવત ।
તા તુલસાંતેં અધિક ભઈ બેટી મન ભાવત ॥
કછુ યક મહાપ્રસાદ લેઈ આયે ઘર પંડિત ।
પુનિ સેવાકે સમય આવતે નિત્ય અખંડિત ॥
(દોહા) કેવલ કેશવ જનકૃપા અરુ સાધન નહીં લેશ ।
પદ્મનાભકી પુત્રિકા પાયે શ્રીમથુરેશ ॥

◆

૪(૩) : શ્રીપદ્મનાભદાસનાં પુત્રવધૂ અને પૌત્ર

(૧) માતા અને પુત્ર

પદ્મનાભદાસનાં પુત્રવધૂ પાર્વતી કનોજમાં શ્રીમથુરાધીશની સેવા ખૂબ પ્રેમથી કરી રહ્યાં હતાં. એમના પુત્ર રઘુનાથદાસ હવે ગોકુળથી કનોજ આવ્યા. સેવાનો ભાવ તો મનમાં થયેલો જ હતો. અહીં એ સેવામાં પણ જોડાયા; પરંતુ માતા સાથે પુત્રને ઝાઝો મેળ ન પડ્યો. પુત્રને લાગતું કે 'મા તો અભણ છે અને હું આવો ભણેલો! વળી, માર્ગના ગ્રંથો પણ શીખીને આવ્યો છું. સેવા-રીતિ હું જાણું એટલી એ ક્યાંથી જાણે? હું જુદો રહીને સેવા કરું તો સરસ કરી બતાવું!'

એમનામાંથી વિદ્યાનો મદ હજુ પૂરો ગયો ન હતો. એમણે કહી દીધું : 'મા, મને તારી સાથે ફાવતું નથી. મારે અલગ રહીને સેવા કરવી છે.' માતાનું હૃદય દીનતાથી ભરેલું હતું. એણે હઠ ન કરી. ભગવદ્ ઈચ્છા માની, એમણે સંમતિ આપી. શ્રીમથુરાધીશને પધરાવીને રઘુનાથદાસ જુદા રહેવા ગયા.

પરંતુ પાર્વતી સેવા વિના રહી કેમ શકે? એ પુત્રને ત્યાં જાય, અપરસનું જળ ભરી લાવે, પાત્રો માંજી આપે. જેટલી બને તેટલી ઉપરની ટહેલ કરી આપે. મુખ્ય સેવા પુત્રને કરવા દે છે. સેવામાંથી પરવાર્યા પછી પાર્વતી પોતાને ઘેર આવીને, ભાખરી જેવું બનાવે. ભાવનાથી પ્રભુને ભોગ ધરી દે, પછી જળના ઘૂંટડા સાથે એ ભાખરી ખાઈ લે.

શ્રીઠાકોરજીની મુખ્ય સેવા છૂટી એની વિરહ-વ્યથામાં એણે આવું જીવન સ્વીકાર્યું. દેહસુખ છોડી દીધું. સહન કરવાની રીત અપનાવી, પણ શ્રીમથુરેશજી એનું દુ:ખ સહી ન શક્યા. ભગવાન અને ભગવદીય વચ્ચે પરસ્પર સ્નેહ હોય છે. ભક્ત દુ:ખી ત્યારે ભગવાન પણ દુ:ખ પામે છે! શ્રીઠાકોરજીએ સાક્ષાત્ આજ્ઞા કરી : 'પાર્વતી, તું મને એકલી ભાખરી કેમ ધરે છે? મને ભાવતી નથી. મારું ગળું છોલાય છે!'

પાર્વતી વિનંતી કરે છે : 'બાવા, આપ તો રઘુનાથને ત્યાં જાતજાતની સામગ્રી આરોગો છો. હું તો પેટને ભાડું આપવા પૂરતું કરી લઉં છું.'

'ના, મને તારી ધરેલી સામગ્રી વધારે ભાવે છે. તેથી અહીં આરોગવા પધારું છું.' પાર્વતી સમજી ગઈ કે 'હું દુ:ખ ભોગવું છું તે મારા પ્રભુને સુહાતું નથી. પ્રભુ, પોતાને મિષે, મારા સુખ માટે આજ્ઞા કરે છે.' - ત્યારથી એ બધી રસોઈ કરીને ધરવા લાગી.

રઘુનાથદાસે જોયું કે માતા પાસેથી શ્રીમથુરેશજીને પધરાવી લીધા, ત્યારથી એ દુ:ખ કરે છે. એને લીધે શ્રીઠાકોરજી મારા ઉપર અપ્રસન્ન રહે છે. નથી સેવામાં આનંદ આવતો કે નથી પ્રભુ અનુભવ જતાવતા. એમને પોતાની ભૂલ સમજાઈ અને પસ્તાવો થવા લાગ્યો. માતા પાસે આવીને કહે છે : 'માજી, શ્રીમથુરેશજીને તમે પધરાવો. હું તમારી સાથે રહીને, તમે જે કહેશો તે સેવા-ટહેલ કરીશ. મારાથી મોટી ભૂલ થઈ ગઈ છે. મેં તમને દુ:ખી કર્યાં છે અને શ્રીમથુરેશજીને અપ્રસન્ન કર્યા છે. મને ક્ષમા કરો, બા!'

પાર્વતી તો સરળ સ્વભાવની હતી. હૃદય સ્નેહાળ અને દીનતાવાળું હતું. તરત પુત્રની વાત સ્વીકારી લીધી. શ્રીમથુરેશજીને પોતાને ઘેર પધરાવ્યા. ફરી પાછાં બંને જણ હળીમળીને સેવા કરવા લાગ્યાં. રઘુનાથદાસનો મદ નિવૃત્ત થયો અને તેમનામાં દીનતા આવી. શ્રીમથુરેશજી પ્રસન્ન થયા અને અનુભવ જતાવવા લાગ્યા.

આમ, પદ્મનાભદાસના પરિવાર-પુત્રી, પુત્રવધૂ અને પૌત્ર - પાસે સેવા કરાવ્યા પછી શ્રીમથુરેશજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા.

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીગોકુલેશપ્રભુનું એક વચનામૃત છે : પ્રસાદ લેવડાવનાર કરતાં લેનાર ઊંચો; કેમ કે એને દીનતા રહે છે. ભગવદ્વાર્તા કહેનાર કરતાં સાંભળનાર ઊંચો; કેમ કે એને દીનતા વિશેષ રહે છે.

(૨) દીનતાનું એક લક્ષણ એ છે કે વિદ્યા, ધન, સામર્થ્ય વગેરેમાં પોતાના કરતાં ઊતરતા વૈષ્ણવને પણ ચઢિયાતા માનવા.

પ્રભુ કોના પર વહેલી કૃપા કરશે તે કોણ જાણી શકે! દીનતા એ નિ:સાધનતાનો આ માર્ગ છે.

(૩) વૈષ્ણવે પોતાના સુખ કરતાં સામી વ્યક્તિના સુખદુ:ખનો વિશેષ ખ્યાલ રાખવો જોઈએ.

દર્શન, સેવા, શ્રવણ વગેરેનો લાભ બીજા વૈષ્ણવને પહેલો આપીએ તો પ્રભુ વહેલા પ્રસન્ન થાય છે.

અલૌકિક પણ સ્વાર્થ સાધવો એ કામભાવ છે. સામાનું સુખ વિચારવું એ સર્વાત્મભાવ છે. કામભાવ કરતાં સર્વાત્મભાવની કક્ષા ચઢિયાતી છે.

(૪) કર્મમાર્ગમાં કૃતિ, જ્ઞાનમાર્ગમાં વિદ્વત્તા અને ભક્તિમાર્ગમાં હૃદયનું દૈન્ય અને સ્નેહ પ્રાધાન્ય ભોગવે છે. આ ભૂલવા જેવું નથી.

●

(૨) વિદ્વત્તા અને દીનતા

પદ્મનાભદાસના પૌત્ર રઘુનાથદાસ કાશી જઈને વિવિધ શાસ્ત્રો ભણ્યા; ઘણી વિદ્યા સંપાદન કરી. પછી શ્રીગોકુળ આવ્યા.

શ્રીગુસાંઈજી નિત્ય સુબોધિનીજીની કથા કહેતા, ત્યારે રઘુનાથદાસને શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર એવા પદ્મનાભદાસના પૌત્ર જાણીને સૌથી આગળ બેસાડતા. પરંતુ રઘુનાથદાસને એમ લાગતું કે હું કેવો પંડિત છું કે આપશ્રી મને પોતાની પાસે બેસાડીને સંભળાવે છે! મને આવું માન આપે છે! વળી, કોઈવાર એવું પણ મનમાં આવી જાય કે ચાચા હરિવંશજી મારા જેવું ભણેલા નથી, એમને ભેટ વગેરે માટે પરદેશ મોકલે છે તે કરતાં મને મોકલે તો! ત્યાં મારો વિશેષ પ્રભાવ પડે ને!

વાતોચીતો ઉપરથી વૈષ્ણવોને એમના મનની આ વાત જાણવામાં આવી; એમના વિદ્યામદનો ખ્યાલ આવી ગયો. ભગવદીય પરમાનંદદાસ સોનીએ એક દિવસ એમને પરીક્ષાર્થે પૂછયું : 'ભાઈ રઘુનાથદાસ! તમે તો કાશી જઈને ઘણાં શાસ્ત્ર-પુરાણ ભણી આવ્યા છો. વળી, સુબોધિનીજી પણ સૌથી આગળ બેસીને સાંભળો છો; તો જરા આટલી વાત સમજાવો ને! શ્રીભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધ ને ઉત્તરાર્ધ એમ બે ભાગ પાડવામાં આવ્યા છે. ખરી રીતે તો બંનેમાં સરખા અધ્યાય હોવા જોઈએ; પરંતુ પૂર્વાર્ધમાં ૪૯ અધ્યાય અને ઉત્તરાર્ધમાં ૪૧ અધ્યાય છે, એવું કેમ?'

રઘુનાથદાસ બહુ મથ્યા, પણ એનો ઉત્તર ન આપી શક્યા. એ ઝંખવાણા પડી ગયા. ત્યાં તો 'અરે ભાઈ! યોગ્યતા તો મનમાં ચાચાજીથીયે અધિક માનો છો!' કહી પરમાનંદદાસે હળવેકથી ટોણો માર્યો અને પૂછેલા પ્રશ્નનું રહસ્ય પોતે સમજાવ્યું. હવે રઘુનાથદાસનું અહમ્ જરા ઓછું થયું. એમને પોતાની ઊણપ સમજાઈ. બીજે દિવસે કથાસમયે એમણે શ્રીગુસાંઈજીને બે હાથ જોડી વિનંતી કરી : 'કૃપાનાથ! હું શાસ્ત્રો તો ભણ્યો, પણ ભક્તિ-ગ્રંથોનાં રહસ્યો મને સમજાતાં નથી.'

આપશ્રી આજ્ઞા કરે છે : 'રઘુનાથદાસ! આ માર્ગ જ એવો છે કે કૃપા વિના કશું ન સમજાય અને કૃપા તો દીનતા આવે ત્યારે થાય.' પછી આપશ્રીએ કૃપાપૂર્વક એમને ચાર સ્તોત્રો શીખવ્યાં અને સમજાવ્યાં. હવે સિદ્ધાંત સમજાવો. સાથે સાથે ભગવત્સેવાનો ભાવ પણ મનમાં થયો.

ક્રમશઃ એ સ્વમાર્ગના સારા વિદ્વાન બન્યા.

'જૌ લૌં હરિ આપુનપેં ન જનાવે,
તૌ લૌં સકલ સિદ્ધાંત માર્ગકો, પઢેસુને નહીં આવે.'

●

સિદ્ધાન્ત નવનીત

(૧) વિદ્યા, ધન કે કોઈ પણ સાધનથી નહીં; દીનતા, સ્નેહ અને કૃપાથી જ જીવ પુષ્ટિભક્તિમાર્ગ માટે યોગ્ય બને છે. અહીં સાધનનો કે વિદ્વત્તાનો મદ બાધક થાય છે.

(૨) સ્વમાર્ગનો સિદ્ધાન્ત ઘણો અટપટો છે. સદૈવ સાન્નિધ્યમાં રહેનારા કૃષ્ણદાસ મેઘનને પણ શ્રીવલ્લભ પાસે માગવું પડ્યું કે 'સિદ્ધાંત હૃદયારૂઢ થાય એવી કૃપા કરો!'

(૩) હવે એ જોઈએ કે પૂછેલા પ્રશ્નનો સાચો ઉત્તર શો?

પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં અધ્યાય સરખા નથી, પણ પ્રકરણો સરખાં છે. શ્રીમદાચાર્યચરણે આ સમજાવ્યું છે.

દશમ સ્કંધમાં કુલ પ્રકરણો પાંચ છે (અધ્યાય ૯૦). આ પૈકી અઢી પ્રકરણ પૂર્વાર્ધમાં અને અઢી ઉત્તરાર્ધમાં છે તે નીચે પ્રમાણે -

પૂર્વાર્ધ અધ્યાય ૪૯ (૪૬ + ૩ ક્ષેપક)

૧. જન્મ પ્રકરણ (અધ્યાય ૪ 'ચતુર્વ્યૂહ' સમેત)

૨. તામસ પ્રકરણ (અધ્યાય ૨૮) પ્રકરણ ૪

(૧) પ્રમાણ પ્રકરણ (અ.૭) (૨) પ્રમેય પ્રકરણ (અ.૭) (૩) સાધન પ્રકરણ (અ.૭) (૪) ફલ પ્રકરણ (અ.૭)

(દરેકમાં ૬ ધર્મો અને સાતમા ધર્મી એમ સાત અધ્યાય છે.)

૩. રાજસ પ્રકરણ (અર્ધું પૂર્વાર્ધમાં) બે પ્રકરણ

(૧) પ્રમાણ પ્રકરણ (અ.૭) (૨) પ્રમેય પ્રકરણ (અ.૭) પ્રક્ષિપ્ત અધ્યાય ૩ (૧૨, ૧૩ અને ૧૪મો) આમ, કુલ ૪૯ અધ્યાય (અઢી પ્રકરણ) પૂર્વાર્ધમાં.

ઉત્તરાર્ધ (અધ્યાય ૪૧) (અઢી પ્રકરણ) :

રાજસ પ્રકરણ (બાકીનું અર્ધું) (બે પ્રકરણ) (૩) સાધન પ્રકરણ (અ.૭) (૪) ફલ પ્રકરણ (અ.૭)

૪. સાત્ત્વિક પ્રકરણ (અ.૨૧) ત્રણ પ્રકરણ

(સાત્ત્વિક ભક્તોને પ્રમાણની અપેક્ષા નથી.)

(૧) પ્રમેય પ્રકરણ (અ.૭) (૨) સાધન પ્રકરણ (અ.૭) (૩) ફલ પ્રકરણ (અ.૭)

૫. ગુણ પ્રકરણ (અ.૬) (ભગવાનના છ ગુણધર્મો હોવાથી) કુલ પાંચ પ્રકરણ (૮૭ + ૩ ક્ષેપક = ૯૦ અધ્યાય)

પ્રકરણ અનુસાર પૂર્વ અને ઉત્તર બે અર્ધ ભાગ બરાબર થઈ રહે છે. માટે બંને સમાન છે, એમાં સંશયને કોઈ સ્થાન રહેતું નથી.

■

૫. પ્રેમ ત્યાં નેમ નહીં

(શ્રી રજોબાઈ ક્ષત્રાણી)

'ભટ્ટજી, આપની સલાહ લેવા આવ્યો છું.'

'આવો આવો રામદાસજી, કુશળ છો ને?' કહી, તરત ઉમેર્યું; 'જોકે વ્યવહાર-કુશળ તો તમે છો, શેઠજી! વ્યવહારમાં અમને શાની સમજ પડે?' દેવન ભટ્ટે શેઠ રામદાસજીને આવકાર આપ્યો. દેવન ભટ્ટને સૌ 'જયકૃષ્ણ ભટ્ટ' પણ કહેતા.

'ભટ્ટજી, વ્યવહારની આંટીઘૂંટીઓ ઉકેલતાં તો પળિયાં આવ્યાં, પણ વ્યવહાર એ જ સાચું જીવન નથી, એવું ભાન પણ હમણાં થયું. આપણે વર્ષોથી અહીં કાશીમાં ગંગાજીના કિનારે જોડાજોડ રહીએ છીએ. તમારા સંગથી મારા પર પણ ગંગામૈયાની કૃપા થઈ છે. ગંગામૈયાએ મને મારી ૨૧ પેઢીને પણ ન ખૂટે તેટલું ધન આપ્યું છે, પણ એ ધનને સાચવનાર ક્યાં છે? ભટ્ટજી, ૬૦ વર્ષ તો થયાં. હવે દીકરાની આશાયે ક્યાંથી રખાય?'

'શેઠજી, તમે ક્ષત્રિય છો. હિંમત રાખવી એ તમારો સ્વભાવ છે. જે ધારણ કરી રાખીએ તેનું નામ ધન. જે દ્રવે-વહેતું રહે-તે દ્રવ્ય. પરોપકારમાં ખર્ચાય તે પૈસા સાચા. તમારી સંપત્તિ ધન નથી, પણ દ્રવ્ય છે. માટે પ્રભુએ આપેલું દ્રવ્ય તમારા હાથે ધાર્મિક કાર્યોમાં વાપરો, દાન-પુણ્ય કરો અને શેષ જીવન દ્રવ્ય પાછળ ગાળવાને બદલે ભગવાનની ભક્તિમાં ગાળો.'

દેવન ભટ્ટની આ સલાહ શેઠ રામદાસના ગળે ઊતરી ગઈ. શેઠે પોતાના દ્રવ્યના સદુપયોગની યોજનાઓ વિચારવા માંડી. તે જ રાત્રે તેમને સ્વપ્નમાં શ્રીગંગાજીનાં દર્શન થયાં, 'વત્સ, તારી ભક્તિથી હું તારા પર પ્રસન્ન છું. તું ચિંતા ન કર. તારું દ્રવ્ય દૈવી છે. પ્રભુના સુખ માટે તેનો સુંદર ઉપયોગ કર. તારી ૭૧ પેઢી તારે એવું અદ્‌ભુત કન્યારત્ન તારે ત્યાં અવતરશે. તે દીકરી ભગવાન શ્રીકૃષ્ણના અલૌકિક વ્રજભક્તનું સ્વરૂપ હશે, માટે વ્રજભક્તોની રજરૂપી તે દીકરીનું નામ 'રજો' રાખજે.'

રામદાસજી ખૂબ આશ્ચર્ય પામ્યા. શ્રીગંગાજીના આશીર્વાદ ફળવાની તેઓ રાહ જોવા લાગ્યા. એક વર્ષ બાદ તેમને ત્યાં પુત્રી અવતરી. જન્મથી જ આ

બાળકી સ્વરૂપવાન અને તેજસ્વી હતી. તેના લલાટમાં દિવ્ય તેજ હતું. તે ખૂબ જ મોહક અને મીઠડી હતી. જાણે સાક્ષાત્ વ્રજભક્ત જ જોઈ લો!

શ્રીગંગાજીના આશીર્વાદનું સ્મરણ કરી, રામદાસજીએ પુત્રીનું નામ રજો પાડ્યું. તે જ અરસામાં દેવન ભટ્ટના ત્યાં પણ આધિદૈવિક મહાલક્ષ્મી સ્વરૂપા અલૌકિક કન્યારત્નનું પ્રાકટ્ય થયું. દેવન ભટ્ટે તેનું નામ 'મહાલક્ષ્મી' રાખ્યું.

રજો અને મહાલક્ષ્મી સમાન વયનાં હતાં. બંનેના પરિવાર વચ્ચે અત્યંત ગાઢ સંબંધ અને પ્રેમ હતાં, તેથી બંને આખો દિવસ સાથે જ રહેતાં અને રમતાં. તેમ કરતાં કરતાં બંને મોટાં થયાં. બંને જણ દરરોજ ગંગાસ્નાન કરવા સાથે જતાં હતાં. રજોની ઉંમર ૧૦ વર્ષની થઈ. પ્રભુએ આપેલું સૌંદર્ય પૂર્ણરૂપે વિકાસ પામ્યું હતું. તેનાં રૂપ અને ગુણ જોઈ સૌ જ્ઞાતિજનો વિચાર કરતા : 'આપણા દીકરા માટે આ છોકરી પુત્રવધૂ તરીકે પ્રાપ્ત થાય તો કેવું સારું!' સૌ પોતાના દીકરા માટે સામે ચાલીને શેઠ રામદાસ પાસે રજોનું માગું કરતાં.

'રજોની મા, આપણી દીકરી સામાન્ય નથી. ગંગાજીએ સ્વપ્ન દ્વારા કરેલી આજ્ઞા ભુલાઈ નથી. તે પ્રભુની સેવા કરવા માટે જગતમાં ભૂલી પડેલી ગોપી છે. માટે તેના લાયક પતિ મળે તો જ તેની સગાઈ કરવી. સગાઈ કરવાની ઉતાવળ કરવા જેવી નથી.' શેઠ રામદાસ કહેતા.

'તમારી વાત સાચી છે. દેવન ભટ્ટની મહાલક્ષ્મી પણ સાક્ષાત્ મહાલક્ષ્મી જ છે. એ કન્યા પણ મહાઅલૌકિક જણાય છે. તેની કૃપાથી જ મારી બેટીનું ભાગ્ય ફળશે. બંને બહેનપણીઓ છે. તેમનાં લગ્નનો પણ એવો કંઈ મેળ જામે કે જેથી સાસરવાસ કર્યા પછી પણ નજીક નજીક રહી શકે તો સારું.' તેમનાં પત્નીએ પણ મનની વાત કહી નાખી.

શેઠ રામદાસજી દેવન ભટ્ટ પાસે ગયા. તેમણે ભટ્ટજીને પ્રણામ કરી, વિનંતી કરી : 'ભટ્ટજી, આપની દીકરી મહાલક્ષ્મી સાક્ષાત્ લક્ષ્મીજીનો અવતાર છે. અમારી રજો અને આપની મહાલક્ષ્મી સાક્ષાત્ લક્ષ્મીજીનો અવતાર છે. અમારી રજો અને આપની મહાલક્ષ્મી વચ્ચે ગાઢ સ્નેહ છે. બંનેની લગ્નની વય થવા આવી છે. આપે મહાલક્ષ્મી માટે શો વિચાર કર્યો!'

'શેઠજી, મારી લાજ તો શ્રીગંગાજીને હાથ છે. હું રહ્યો ગરીબ બ્રાહ્મણ. આપની વાત સાચી છે, દીકરી લક્ષ્મી-સ્વરૂપા છે. એને લાયક એવો અલૌકિક પતિ મળશે, તો તેની સાથે હું વિવાહ કરીશ; નહીં તો મારી દીકરી ભલે કુંવારી રહે, પણ સામાન્ય બ્રાહ્મણ સાથે મારી દીકરીને હું કદાપિ પરણાવીશ નહીં!'

'ભટ્ટજી, આપનો આગ્રહ ઉત્તમ છે, પણ તમારાં કુટુંબીજનો અને તમારો પરિવાર તમારી દીકરીને કુંવારી રહેવા દેશે ખરાં?'

'શેઠજી, સંઘર્ષ થશે તો સહન કરીને પણ મક્કમ રહેવા પ્રયત્ન કરીશ. વાત મારા વશમાં નહીં રહે તો ગંગાજીમાં દેહ પાડી દઈશ, પરંતુ મારા હાથે મારી દીકરી ગમે તેને આપીશ નહીં.'

એક દિવસ રાત્રે સાક્ષાત્ પ્રભુએ દેવન ભટ્ટને સ્વપ્નદર્શન આપી આજ્ઞા કરી : 'આપની પુત્રી માટે અલૌકિક વર ભૂતળ પર પ્રકટ થયો છે. તે મારું જ સ્વરૂપ છે. તેઓ શ્રીલક્ષ્મણ ભટ્ટજીના પુત્ર શ્રીવલ્લભ તરીકે સુપ્રસિદ્ધ છે. તેમનાં માતા અને પરિવાર કાશીમાં જ રહે છે. તેઓ થોડા સમયમાં ભારતપરિક્રમા કરી કાશી પધારશે. તેમની સાથે તમારી દીકરીનાં લગ્ન કરો.'

ભટ્ટજી ખૂબ પ્રસન્ન થયા. બીજા દિવસે જ તેમણે શ્રીવલ્લભ સાથે પોતાની પુત્રી પરણાવવાનો નિશ્ચય કર્યો. ભગવત્કૃપાથી શ્રીવલ્લભ સાથે શ્રીમહાલક્ષ્મીજીનાં સગપણ થયાં અને લગ્ન પણ લેવાયાં.

શેઠ રામદાસજીએ દેવન ભટ્ટને વિનંતી કરી : 'ભટ્ટજી, પ્રભુએ મને ઘણું દ્રવ્ય આપ્યું છે. ધાર્મિક કાર્યોમાં તે વાપરવાની તમે મને સલાહ આપી હતી. આપની દીકરીનું લગ્ન આપે લીધું છે, ત્યારે એ લગ્નનો સર્વ ખર્ચ કરવાની મને આજ્ઞા આપો. મારે મન જેવી રજો છે, તેવી જ મહાલક્ષ્મી પણ છે. આપ લગ્ન કરવામાં જરાય કસર રાખશો નહીં. આ દ્રવ્ય આપનું જ છે, તેમ માની ભારે ધામધૂમથી લગ્ન કરો.' શ્રીમહાલક્ષ્મીનાં લગ્ન શ્રીવલ્લભ સાથે ખૂબ ધામધૂમથી સંપન્ન થયાં.

રામદાસજીએ વિચાર કર્યો : 'હવે મારી દીકરી રજોનું પણ સગપણ કરવું જોઈએ.' પરંતુ હજી રજોને લાયક યોગ્ય મૂરતિયો મળતો ન હતો. રામદાસજી, તેમનાં પત્ની અને રજો શ્રીવલ્લભનાં સેવક થયાં, શ્રીવલ્લભના શરણે આવ્યાં. શ્રીવલ્લભે આજ્ઞા કરી : 'શેઠજી, તમારી દીકરી રજો સામાન્ય કન્યા નથી. અલૌકિક ભક્તરત્ન છે.'

'મહારાજ! આપની વાત સાચી છે, પરંતુ તેને લાયક અલૌકિક પતિ ક્યાં છે? લગ્ન કોની સાથે કરવાં, તેની મને ભારે મૂંઝવણ છે.'

'શેઠજી, તમે ચિંતા ન કરો. લોક-વ્યવહાર માટે લોક-વ્યવહારવત્ સંબંધ બાંધવો જ પડે. તમારી દીકરીનું લગ્ન તમારી જ્ઞાતિના મૂરતિયા સાથે નહીં

કરાવો, તો તમારો સમાજ તમારી નિંદા કરશે, તમને ઘણું દુઃખ આપશે. તમારી દીકરી પણ તેથી દુઃખી થશે. માટે મૂરતિયાનો વિચાર કર્યા વિના તમારી જ્ઞાતિમાંથી કોઈ સારો સુપાત્ર છોકરો શોધી, તેને મારી પાસે લાવો. હું તેને શરણે લઈ સેવક કરીશ. પછી તે જીવ લૌકિક રહેશે નહીં. તેની સાથે રજોનાં લગ્ન કરજો. આ મારી આજ્ઞા છે.'

રામદાસજીએ શ્રીવલ્લભની આજ્ઞા સાથે ચડાવી, જ્ઞાતિમાં સુપાત્ર છોકરાની શોધ શરૂ કરી. તેમના પુરોહિતને કહ્યું : 'પેલા જીવણદાસનો દીકરો શ્યામદાસ છે, પરંતુ તેઓ ખૂબ ગરીબ છે. દીકરો બધી રીતે સુપાત્ર છે. તેનું મન પણ ભક્તિભાવમાં લાગેલું છે. આપની ઈચ્છા હોય તો ત્યાં વાત ચલાવું.'

'પુરોહિતજી, તમે જીવણદાસને કહો કે તેમનું આખુંયે કુટુંબ જો શ્રીમહાપ્રભુજીનું સેવક થાય, તો હું તેમને ત્યાં મારી દીકરી આપું.'

જીવણદાસને આ સમાચાર મળતાં તેઓ ખૂબ રાજી થયા. આવા મોટા ઘરની દીકરી તેમને ત્યાં પુત્રવધૂ તરીકે આવે તે માટે તેમણે સેવક થવાનું સ્વીકાર્યું. તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. શ્રીવલ્લભે શ્યામદાસને નામ-નિવેદન-મંત્ર આપી સેવક કર્યા. રામદાસજીએ રજોનાં લગ્ન શ્યામદાસ સાથે કર્યાં. લગ્ન બાદ રજો અને શ્યામદાસે સાથે શ્રીમહાપ્રભુજી અને શ્રીમહાલક્ષ્મીજીનાં ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. આપે નવપરિણીત યુગલ પર કૃપાદૃષ્ટિ કરી. શ્યામદાસની દૃષ્ટિ અલૌકિક થઈ ગઈ.

તે મનમાં વિચારવા લાગ્યા : 'મારાં પત્ની રજો કોઈ સામાન્ય લૌકિક સ્ત્રી નથી. તેમનાં રૂપ, રંગ અને તેજ જગતની અન્ય સ્ત્રીઓથી જુદાં છે. તેઓ પ્રભુને લાયક છે. માટે હું તેમની સાથે લૌકિક સંબંધ રાખીશ નહીં. રજોના પુણ્યથી જ મને શ્રીમહાપ્રભુજી જેવા સમર્થ ગુરુદેવનું શરણ પ્રાપ્ત થયું છે. તેમની કૃપાથી જ મારી મુક્તિ થશે.'

શ્યામદાસે પોતાનો આ નિશ્ચય ઘરમાં કોઈને જણાવ્યો નહીં. કેવળ રજો સાથે તેણે આ વાત કરી. શ્યામદાસના આવા ભાવને જાણીને રજો અત્યંત પ્રસન્ન થઈ. બંને દરરોજ શ્રીમહાપ્રભુજીનાં દર્શન અને ચરણસ્પર્શ કરવા માટે જતાં હતાં. થોડા સમય બાદ શ્રીમહાપ્રભુજી ત્રીજી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા. શ્રીમહાલક્ષ્મીજીએ રજો દ્વારા શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'આપ અમને પણ સાથે આવવાની આજ્ઞા આપો. આપના વિના અમે અહીં એકલાં રહી શકીશું નહીં.'

'અહીં કાશીમાં શેઠ પુરુષોત્તમદાસ આપણા સેવક છે. તેમને ત્યાં શ્રીમદનમોહનજી બિરાજે છે. તેઓ મારું જ સ્વરૂપ છે. શેઠજી મારા જ ભાવથી તે સ્વરૂપની સેવા કરે છે. માટે તમે દરરોજ ત્યાં જ પધારજો અને અપરસમાં સ્નાન કરી, ચરણસ્પર્શ કરી, ઘેર આવી ભોજન કરજો. આપને તે સ્વરૂપ દ્વારા મારો અનુભવ થશે.' શ્રીમહાપ્રભુજીએ આશ્વાસન આપ્યું.

શ્રીમહાલક્ષ્મીજીની સાથે રજો પણ દરરોજ શેઠ પુરુષોત્તમદાસને ત્યાં જતાં. રજોને પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીમદનમોહનજીના સ્વરૂપમાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં.

આમ કરતાં થોડાંક વર્ષો વીત્યાં. શ્રીમહાપ્રભુજી ત્રીજી ભારતપરિક્રમા પૂર્ણ કરી કાશી પાછા પધાર્યા. આપે હવે ગૃહસ્થાશ્રમ ધારણ કરવાનો નિશ્ચય કર્યો. શ્રીમહાલક્ષ્મીજીના પિતાએ પોતાના ઘરની સર્વ સંપત્તિ શ્રીવલ્લભને સોંપી દીધી. તેમના ઘરમાં પંચાયત પૂજા હતી. તેમાંથી શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ આપે પોતાની પાસે સેવામાં પધરાવી લીધું અને બાકીનાં દેવ-દેવીઓને ગંગાજીમાં પધરાવી દીધાં. પછી શ્રીમહાપ્રભુજીએ પ્રયાગના સામા કિનારે શ્રીયમુનાજીના તટ પર આવેલા અડેલ નામના સ્થાનમાં સ્થિરવાસ કરવાનો નિર્ણય કર્યો અને આપ અડેલ પધાર્યા.

થોડા સમય પછી દેવન ભટ્ટ અને તેમનાં પત્ની હરિશરણ થયાં. રજો શ્રીમહાપ્રભુજીનાં દર્શન વિના કાશીમાં અત્યંત વિરહ કરવા લાગ્યાં. તેમનાં નેત્રમાંથી સતત અશ્રુ વહેતાં હતાં. તેમણે વિચાર કર્યો : 'મારા પ્રભુ શ્રીવલ્લભ વિના આ દેહને રાખીને શું કરું?' તે જ દિવસે વહેલી સવારે રજોને પોતાના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન થયાં.

આપે આજ્ઞા કરી : 'તું ચિંતા ન કર. હું તને હમેશાં મારાં ચરણારવિંદ પાસે જ રાખીશ. તું તારા મૂળ સ્વરૂપનો વિચાર કર. લીલામાં તારું સ્વરૂપ રતિકલા સખીનું છે. તું લલિતાજીની સખી છે. યુગલ સ્વરૂપના વિહાર માટેની સામગ્રી સિદ્ધ કરવાની તારી સેવા છે, પરંતુ તે સામગ્રી અંગીકાર કરાવવાનો તારો અધિકાર નથી. તે અધિકાર માત્ર લલિતાજીનો છે. યુગલ સ્વરૂપને સામગ્રી આરોગાવવાનો તારો મનોરથ નિત્યલીલામાં પરિપૂર્ણ થયો નથી, માટે જ તું ભૂતળ પર આવી છે અને અહીં તારો એ મનોરથ હું અંગીકાર કરીશ. માટે લીલાનો સંબંધ વિચારી દેહત્યાગ કરીશ નહીં. તારા સર્વ મનોરથો પૂર્ણ થશે.'

શ્રીવલ્લભની આ આજ્ઞા સાંભળી રજોને રોમાંચ થઈ આવ્યા. તે થોડીક વાર મૂર્છા પામી ગઈ. રજોના પિતાએ વિચાર કર્યો : 'રજોને મહાલક્ષ્મીજી વિના અહીં ગમતું નથી. તો ચાલો, આપણે અડેલ જઈને રહીએ. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં હમેશાં દર્શન થશે અને તેમની સેવા પણ થશે.'

રજોના પિતા રજો વગેરેને લઈ અડેલ આવ્યા અને ત્યાં સ્થિરવાસ કરી રહેવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ રજોના પિતાના માથે શ્રીબાલકૃષ્ણજીનું અતિ છોટું સ્વરૂપ પધરાવી આપ્યું. આ સ્વરૂપ સાક્ષાત્ આપનાં માતૃચરણની ગોદમાં ખેલતું સ્વરૂપ હતું. રજોનાં માતાપિતાએ થોડા દિવસ સેવા કરી. પછી તેઓ હરિશરણ થયાં. ત્યારે રજો ધીરજ રાખી શ્રીમહાપ્રભુજી અને શ્રીબાલકૃષ્ણજીની તન-મન-ધનથી સેવા કરવા લાગ્યાં. ઘરમાં જેટલી સામગ્રી સિદ્ધ કરે તે સર્વ સામગ્રી શ્રીબાલકૃષ્ણજીને અને શ્રીમહાપ્રભુજીને અંગીકાર કરાવે. દરરોજ સવારે ત્રણ વાગે સ્નાન કરી, શ્રીમહાપ્રભુજીને ત્યાં ટહેલ કરવા માટે જતાં. શ્રીમહાપ્રભુજીની સેવામાં હમેશાં તત્પર રહેતાં.

●

'કૃપાનાથ, રજોનો મનોરથ છે કે આપ તેના હાથની અનસખડી શયન ભોગમાં આરોગો.' એક વાર શ્રીમહાલક્ષ્મીજીએ વિનંતી કરી.

'તે કેવી રીતે બની શકે? આપણે વર્ણાશ્રમ ધર્મનું પાલન નહીં કરીએ, તો બીજું કોણ કરશે? જ્ઞાતિએ આપણે બ્રાહ્મણ છીએ, રજો ક્ષત્રિય છે.'

આપની વાત સાચી છે. વેદ-મર્યાદાનું ભૂતળ પર આપ પાલન કરો તે સર્વથા ઉચિત છે; પરંતુ અહીં આપ આપની નિકુંજમાં બિરાજ્યા છો. રજોને તેના લીલાસ્વરૂપની ઝાંખી કરાવી, આપે કૃપા કરી તેનો મનોરથ અંગીકાર કરવાની આજ્ઞા કરી હતી. માટે આપ આપની જ બનાવેલી એ મર્યાદાનું ઉલ્લંઘન કરી, રજો જેવાં નિષ્કામ ભક્તિસભર હૃદયવાળાં ભક્તના મનોરથની સામગ્રી આરોગો, તેવી આપને પુનઃ વિનંતી કરું છું.'

'ભલે, જો આ જ ભાવથી રજો સામગ્રી અંગીકાર કરાવતી હોય તો મને વાંધો નથી.' શ્રીમહાપ્રભુજીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો. ત્યારથી દરરોજ સાંજે રજો શ્રીમહાપ્રભુજીને આરોગાવવા સુંદર અનસખડીની સામગ્રી સિદ્ધ કરી, શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવતાં અને શ્રીમહાપ્રભુજીને ખૂબ ભક્તિભાવથી આરોગાવતાં. ત્યારે શ્રીમહાલક્ષ્મીજી પાસે બિરાજી શ્રીમહાપ્રભુજીને પંખો કરતાં.

આમ કરતાં ઘણા મહિના વીતી ગયા. શ્રાદ્ધ પક્ષના દિવસ આવ્યા. શ્રીલક્ષ્મણ ભટ્ટજીના શ્રાદ્ધનો દિવસ હતો. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મભોજન માટે ઘણા બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું હતું.

'કૃપાનાથ! શ્રાદ્ધની બ્રહ્મભોજનની સામગ્રી સિદ્ધ કરવા ભંડારમાં પૂરતું ઘી નથી.' એક વૈષ્ણવે નિવેદન કર્યું.

'એમ હોય તો રજોને ત્યાં જાઓ. મારું નામ દઈને તેને કહેજો કે પિતૃચરણના શ્રાદ્ધ માટે ઘી આપો.'

વૈષ્ણવ રજોબાઈના ઘેર આવ્યા. રજોબાઈને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા જણાવી. રજોબાઈએ જવાબ આપ્યો, 'ભાઈ, મારા ઘરમાં પણ શ્રીલક્ષ્મણ ભટ્ટજીના શ્રાદ્ધ માટે બ્રહ્મભોજન કરાવવાનું ઘી નથી.'

વૈષ્ણવે જઈને શ્રીમહાપ્રભુજીને સમાચાર કહ્યા. આપે આજ્ઞા કરી : 'ફરીથી જાઓ અને મારું નામ દઈને કહો.' વૈષ્ણવ બીજી વાર ગયા, ત્યારે પણ રજોબાઈએ તે જ જવાબ આપ્યો. વૈષ્ણવે પાછા આવી તે વાત કહી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'ત્રીજી વખત જાઓ અને કહેજો કે શ્રીમહાપ્રભુજીએ જલદી ઘી મંગાવ્યું છે. રસોઈમાં અવેર થાય છે.' રજોએ ત્રીજી વાર પણ એ જ વાત કહી. વૈષ્ણવે આવીને ફરીથી એ જ સમાચાર આપ્યા; ત્યારે શ્રીમહાપ્રભુજી મૌન રહ્યા.

સાંજનો સમય થયો. રોજની જેમ રજો અનસખડીની સામગ્રી સિદ્ધ કરી, શ્રીમહાપ્રભુજીને આરોગાવવા માટે ગયાં. આપે રજોના હસ્તમાં વસ્ત્રથી ઢાંકેલી સામગ્રીની થાળી જોઈ. દરરોજ રજોને જોતાં જ આપ તેમના તરફ કૃપાદૃષ્ટિ કરતા, પણ આજે આપે રજો સામે જોયું પણ નહીં. રજોને ખૂબ જ ક્લેશ થયો. ક્ષણવાર મન મક્કમ કરી, તેઓ ત્યાં જ ઊભાં રહ્યાં; પરંતુ મનમાં એટલું બધું દુઃખ થયું કે તેઓ ત્યાં જ ઢળી પડ્યાં. શ્રીમહાલક્ષ્મીજી પાસે જ બિરાજ્યાં હતાં. તેમણે રજોને પોતાની છાતીસરસમાં ચાંપ્યાં. તેમની આ સ્થિતિ જોઈ શ્રીમહાલક્ષ્મીજીને પણ ખૂબ લાગી આવ્યું. આપે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'કૃપાનાથ! રજોનું દુઃખ મારાથી સહન થતું નથી.'

'આપ કાયર થશો નહીં. પ્રભુ જે કરે છે તે સારું જ કરે છે.'

થોડા સમય પછી રજો સાવધાન થયાં. તેમણે હાથ જોડી, શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'કૃપાનાથ! આજ મારો એવો કયો અપરાધ થયો છે કે આપ મારી સામે કૃપાદૃષ્ટિ પણ કરતા નથી. મારા માટે તો આ લોક અને પરલોકમાં આપ જ જીવન છો. અમે જીવ, સ્વભાવે જ દુષ્ટ છીએ.'

'રજો, આજે પિતૃચરણના શ્રાદ્ધ માટે ઘી લેવા તારે ત્યાં મેં ત્રણ વખત વૈષ્ણવને મોકલ્યા હતા. તેં તેમને ઘી ન આપ્યું! જો તારા ઘરમાં ઘી નહોતું, તો આ સામગ્રી કેવી રીતે સિદ્ધ કરીને લાવી?'

'કૃપાનાથ! મારી ભૂલ થતી હોય, તો આપ સમર્થ છો, માટે ક્ષમા કરજો. પરંતુ મારો સંબંધ આપની સાથે છે, આપના પિતૃચરણ સાથે નથી. મારા ઘરમાં જે કંઈ છે તે બધું જ આપનું છે, આપના ઉપયોગ માટેનું છે. આપ આજ્ઞા કરો તો મારું સર્વ કંઈ લાવીને આપનાં ચરણારવિંદમાં ધરી દઉં. જ્યાં આપણે પોતાનું ગણતાં હોઈએ, ત્યાં માગવા-મંગાવવાની વાત જ ન હોય. ઈચ્છા થાય ત્યારે મેળવી જ લેવાનું હોય. આ દેહ કોનો છે? આ ઘર કોનું છે? આપ આવી આજ્ઞા કરી અમને ભ્રમમાં કેમ નાખો છો? અમે તો આપનાં છીએ. અમારી બુદ્ધિના પ્રેરક પણ આપ છો. આપે જ હૃદયમાં બિરાજી આપની આજ્ઞાનો જવાબ અપાવ્યો છે. આપ જ આમ કરી, અમારા જેવા નિઃસાધન જીવોને આપનાથી દૂર કરશો, તો અમે કેવી રીતે જીવીશું?'

રજોની આવી દીનતાભરી વાણી સાંભળી શ્રીમહાપ્રભુજી અત્યંત પ્રસન્ન થયા. આપે પ્રસન્નતાથી રજોની સામે કૃપાદષ્ટિ કરી. ત્યારે રજોએ વિનંતી કરી, 'કૃપાનાથ! આપે મારો અપરાધ ક્ષમા કરવાની કૃપા કરી છે, તો હવે આપ આ સામગ્રી અંગીકાર કરો.'

'રજો, શાસ્ત્રની રીત છે કે શ્રાદ્ધના દિવસે એક જ વખત ભોજન થાય, બે વખત નહીં. માટે આજે તો તારી આ સામગ્રી હું લઈ શકીશ નહીં.'

'કૃપાનાથ, જ્યાં હૃદયનો શુદ્ધ ભાવ છે, જ્યાં સાચો સ્નેહ છે ત્યાં શાસ્ત્રવચન નડતરરૂપ થતાં નથી. શાસ્ત્રના વિધાન કરતાં હૃદયનો ભાવ ઉત્તમ છે, તેમ આપ હમેશાં અમને સમજાવો છો. આજે આપ જ ભક્તિપક્ષનો સ્વીકાર ન કરતાં જ્ઞાનપક્ષનો સ્વીકાર કરશો, તો અમે ક્યાં જઈશું? અમારું શું થશે? આપ સૌના અંતર્યામી છો, સૌના હૃદયને જાણો છો. માટે આપના મૂળ સ્વરૂપનું સ્મરણ કરી લોક-વેદ મર્યાદાનો ત્યાગ કરી, કેવળ શુદ્ધ ભક્તિને ગ્રહણ કરો.'

રજોનાં આવાં આગ્રહયુક્ત દીન વચન સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા અને રજોની સામગ્રી આપે અંગીકાર કરી.

●

અડેલમાં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક શ્યામદાસ સુતાર રહેતા હતા. તેઓ દરરોજ રજોબાઈને ત્યાં આવતા. રજોબાઈ તેમને પ્રેમ અને આગ્રહથી

શ્રીમહાપ્રભુજીનો મહાપ્રસાદ લેવડાવતાં. શ્યામદાસજી રજોબાઈને ત્યાં જાય, તે તેમનાં પત્નીને ગમતું નહીં. એક દિવસ તેમનાં પત્નીએ શ્યામદાસજીને રજોબાઈને ત્યાં જતાં રોક્યા. શ્યામદાસજી ચૂપ રહી ઘરમાં રહ્યા.

શ્યામદાસજીની રાત સુધી રાહ જોઈ, પણ તેઓ ન આવ્યા, તેથી રજોબાઈએ તે દિવસે મહાપ્રસાદ લીધો નહીં. બધા પ્રસાદ ગાયોને ધરી દીધો. રજો મનમાં દુઃખ કરવા લાગ્યાં : 'આજે મારો એવો શો અપરાધ થયો હશે કે મારે ઘેર વૈષ્ણવ મહાપ્રસાદ લેવા આવ્યા નહીં!'

રજોબાઈએ બીજા દિવસે એક વૈષ્ણવને શ્યામદાસજીના ત્યાં મોકલ્યા. શ્યામદાસજીનાં પત્નીએ વૈષ્ણવને ખોટું કહ્યું : 'તેઓ ઘેર નથી.' વૈષ્ણવે આવીને આ સમાચાર આપ્યા. રજોબાઈ ખૂબ દુઃખી થયાં. તેઓએ મહાપ્રસાદ લીધો નહીં. તે વિચારવા લાગ્યાં : 'પ્રભુએ મારી શી વિચારી હશે, તે સમજાતું નથી.' તેમની સાથે ઘરમાં એક ક્ષત્રાણી વૈષ્ણવ રહેતાં હતાં. તેમને કહ્યું : 'વૈષ્ણવ આવે તો તેમને પ્રસાદ લેવડાવજો. હું શ્રીમહાપ્રભુજીને ત્યાં જાઉં છું.'

આમ, રજોબાઈ બે દિવસ સુધી ભૂખ્યાં રહ્યાં.

બીજા દિવસે રાત્રે શ્યામદાસ સુતારને ત્યાં શ્રીમહાપ્રભુજી અલૌકિક સ્વરૂપે પધાર્યા. શ્યામદાસનાં પત્નીને સ્વપ્ન દ્વારા દર્શન આપ્યાં અને આજ્ઞા કરી : 'તેં મારી રજોને બહુ દુઃખી કરી છે. તું જૂઠું બોલી છે. તારા પતિ પર તેં શંકા કરી છે, માટે કાલે સવારે હું તને દર્શન કે ચરણસ્પર્શ આપીશ નહીં. તું તારા પતિને અત્યારે જ રજોને ઘેર મોકલ.'

તે બાઈની આંખ ખૂલી ગઈ. તે પતિના પગે પડી. તેણે વિનંતી કરી : 'મારો અપરાધ ક્ષમા કરો. આપ અત્યારે જ રજોના ઘેર જાઓ અને આપ ખુશીથી મહાપ્રસાદ લો. આપને નહીં જવા દઉં, તો મને કાલે સવારે શ્રીમહાપ્રભુજી દર્શન નહીં આપે. મને હમણાં સ્વપ્ન દ્વારા આજ્ઞા થઈ છે.'

શ્યામદાસજી રજોને ત્યાં આવ્યા. રજોને ખૂબ જ આનંદ થયો. શ્યામદાસજીએ સર્વ હકીકત કહી. રજોબાઈને પશ્ચાત્તાપ થયો : 'અરેરે! મેં આવી હઠ કરી, તેથી શ્રીમહાપ્રભુજીને આટલો બધો પરિશ્રમ થયો. મારો દાસધર્મ ગયો.'

તેમણે શ્યામદાસજીને વિનંતી કરી : 'ભાઈ, આપનું અને આપનાં પત્નીનું મન માને તો આપ જરૂર પધારજો, પરંતુ હવે આ વાતનો હું નિયમ નહીં રાખું; કારણ કે નિયમ રાખવાથી પ્રેમમાં કસર પડી છે.'

સવારે રજોબાઈ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા લાગ્યાં. ચરણસ્પર્શ કરતાં આપનો ડાબો ચરણારવિંદ સહેજ સૂઝેલો જોયો. રજોબાઈએ પૂછ્યું : 'કૃપાનાથ! આવો શ્રમ કેમ થયો?'

'રજો, શ્યામદાસજીની વહુએ આ શ્રમ કરાવ્યો છે.' આ સાંભળી રજોબાઈને ખૂબ દુઃખ થયું. એટલામાં શ્યામદાસનાં પત્ની પણ આવ્યાં. તેમણે પણ આ સાંભળ્યું. તેમને ભારે દુઃખ થયું. તેમણે શ્રીમહાપ્રભુજીનાં ચરણાવિંદમાં દંડવત્ પ્રણામ કરી, રુદન કરતાં કરતાં ક્ષમા માગી. આપે આજ્ઞા કરી : 'બાઈ, જે થવાનું હતું તે થયું, પણ હવે પછી તમારા પતિ સાથે આવો ક્લેશ કરશો નહીં.'

શ્રીમહાપ્રભુજીએ ત્રીજી વખત ભગવદ્-આજ્ઞા થતાં ભૂતળત્યાગ કરવાનો નિર્ણય કર્યો. આપે સંન્યાસ ધારણ કર્યો, ત્યારે રજોને અત્યંત ક્લેશ થયો. તેમને સખત તાવ ચઢી આવ્યો. ચોથા દિવસે રજોબાઈ ભગવત્ચ્ચરણારવિંદને પ્રાપ્ત થયાં.

શ્રીમહાપ્રભુજીએ રજોબાઈની સરાહના કરતાં આજ્ઞા કરી : 'રજો શુદ્ધ પ્રેમનું સ્વરૂપ છે. દાસમાં દામોદરદાસ હરસાની મુખ્ય છે, તો દાસીમાં રજોબાઈ મુખ્ય છે. એ બંને મારાં અંગ-સ્વરૂપ છે.'

•

સિદ્ધાંત નવનીત

(૧) પ્રશ્ન-૧ : શ્રીમહાપ્રભુજીએ પિતાના શ્રાદ્ધ માટે રજોને ત્યાંથી ઘી મંગાવવા ત્રણ વખત વૈષ્ણવને કેમ મોકલ્યા?

જવાબ : પ્રથમ વખતની આજ્ઞા વેદ - આજ્ઞા હતી. બીજા વખતની આજ્ઞા લોક - આજ્ઞા હતી. ત્રીજા વખતની આજ્ઞા કુળ - આજ્ઞા હતી. ભક્તિમાં વેદ, લોક અને કુળ એ ત્રણેય બાધક છે. રજોના હૃદયમાં નિર્ગુણ ભક્તિમાર્ગ પૂર્ણ સ્વરૂપે પ્રકટ થયો છે કે કેમ તે ચકાસવા માટે જ આપે ત્રણ વખત આજ્ઞા કરી અને રજોએ ત્રણેય આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું.

જો રજો આ ત્રણ આજ્ઞા અથવા ત્રણ પૈકી એક આજ્ઞા પણ સ્વીકારી લેત, તો શ્રીમહાપ્રભુજી સાંજે રજોના હાથે સિદ્ધ થયેલી સામગ્રી આરોગત નહીં; કારણ રજો લોક, વેદ અને કુળનો ત્યાગ કરી ચૂક્યાં, પછી જ તેમના હાથની સામગ્રી શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરી છે.

પ્રશ્ન-૨ : શું શ્રીમહાપ્રભુજીને ઘેર ખરેખર ઘી ખૂટ્યું હતું?

જવાબ : ના, રજોના હૃદયની પરીક્ષા કરવા માટે જ શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવને મોકલ્યા હતા. 'સારસ્વત કલ્પ'ની રાસલીલામાં પણ રાસ માટે આવેલાં વ્રજભક્તોને ઘેર જવા માટે પ્રભુએ જેવા ભાવથી આજ્ઞા કરી હતી, તેવા જ ભાવથી અહીં રજોને શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી હતી.

પ્રશ્ન-૩ : શ્રીમહાપ્રભુજી વેદ-મર્યાદાના પ્રતિપાલક છે, તો શું અહીં વર્ણાશ્રમ ધર્મનું ઉલ્લંઘન કર્યું નથી?

જવાબ : ના, કારણ કે ગોપીજનોની જેમ રજોબાઈને પણ શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થયેલ હોવાથી તેઓ લૌકિક સ્ત્રી નહોતાં, પરંતુ વેદની શ્રુતિના ભાવરૂપ હતાં. જેમને સ્વતંત્ર ભક્તિ પ્રાપ્ત થાય છે, તે આત્મારૂપ બની જાય છે. પછી તેમાંથી સ્ત્રી અને પું બંને ભાવ નષ્ટ થઈ જાય છે. આ વાર્તા શુદ્ધ ભક્તિની પરમોત્કૃષ્ટ સ્થિતિનું સુંદર નિરૂપણ કરે છે. આ વાર્તામાં પુષ્ટિમાર્ગનો 'વૈરાગ્ય' સુંદર રીતે બતાવ્યો છે. પુષ્ટિમાર્ગનો વૈરાગ્ય વિરહરૂપનો છે, તેનો અનુભવ રજોબાઈને શ્રીમહાપ્રભુજીની કૃપાથી હમેશાં થતો હતો, તેથી રજોબાઈએ સર્વ પ્રકારની લૌકિકાસક્તિનો સર્વાંશે ત્યાગ કર્યો હતો.

પ્રશ્ન-૪ : રજોબાઈના સેવ્ય શ્રીબાલકૃષ્ણલાલજી અત્યારે ક્યાં બિરાજે છે?

જવાબ : રજોબાઈના સેવ્ય શ્રીબાલકૃષ્ણલાલજી હાલ મુંબઈમાં મોટા મંદિરમાં બિરાજે છે. રજોબાઈ પછી તેમને ત્યાં રહેતાં ક્ષત્રાણી વૈષ્ણવે આ સ્વરૂપની સેવા કરી હતી. પછી તે સ્વરૂપ શ્રીગુસાંઈજીને ત્યાં પધરાવ્યું હતું. આપણા સંપ્રદાયમાં સૌથી નાનામાં નાનું આ સ્વરૂપ છે. રજોબાઈ આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીના ભાવથી જ સેવતાં હતાં.

(૨) **મૂળ વાર્તા** : રજોબાઈ ક્ષત્રાણી, અડેલનાં વાસી. વાર્તા નં. ૫
લીલા-સ્વરૂપ : રતિકલા, શ્રીલલિતાજીનાં સખી, નિર્ગુણ ભક્ત.
શ્રીસ્વામિનીજી માટે સામગ્રી સિદ્ધ કરવાની સેવા.
વતન : કાશી. **સ્થિરવાસ** : અડેલ. **જ્ઞાતિ** : ક્ષત્રિય
સેવ્ય-સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી (હાલ મુંબઈ)

■

૬. ગૃહસ્થ છતાં ત્યાગી

(શ્રી પુરુષોત્તમદાસ શેઠ)

શ્રીવલ્લભાધીશને શરણે સમર્થ કવિઓ, પંડિતો અને રાજાઓ આવ્યા છે, તેમ મોટા ધનપતિઓ પણ આવ્યા છે.

કાશીમાં શેઠ પુરુષોત્તમદાસ કોટિધ્વજ કહેવાતા. ચોર્યાશી કરોડ રૂપિયાની સંપત્તિ તેમની પાસે હતી! શ્રીમહાપ્રભુજીની કૃપા થતાં, એમનામાં કેવી સેવા-પરાયણતા આવી, પ્રભુમાં કેવો પ્રેમ સિદ્ધ થયો, લૌકિક-વૈદિક મોહ કેટલી હદે છૂટી ગયો તે ખરેખર આશ્ચર્યજનક છે.

એ એકલા જ નહીં, સાથે પરિવાર પણ એવો જ બન્યો. એમના પુત્ર ગોપાલદાસ વિરહાવસ્થામાં જ રહેતા. પુત્રી રુક્મિણી અહર્નિશ સેવામાં અનુરક્ત રહેતાં. એ બધું જોતાં, શ્રીવલ્લભના અલૌકિક પ્રભાવની ઝાંખી થયા વિના રહેતી નથી!

કાશીના રાજા, નાણાંની જરૂર પડતાં, શેઠ પુરુષોત્તમદાસ પાસે નાણાં લેવા આવતા. એક વખત, જ્યારે રાજા આવ્યા ત્યારે શેઠ ગૌશાળામાં પ્રભુની ગાયોની સેવા કરી રહ્યા હતા. પોતડી પહેરેલા શેઠ, ગોબરભર્યા હાથે, રાજાની સામે આવીને ઊભા રહ્યા, ત્યારે રાજાના મુખમાંથી શબ્દો નીકળી ગયા : 'અરે! ત્યાગી-વૈરાગી તો ઘણા જોયા, પણ આવા ગૃહસ્થ ત્યાગીને તો હું આજે જ જોઉં છું.'

આ આપણા મહાનુભાવ શેઠ પુરુષોત્તમદાસ! જે આટલા ધનિક હોવા છતાં, આવા કૃપાપાત્ર હતા. તેઓ નિત્ય રાત્રે ભગવદ્‌વાર્તા સાંભળવા અન્ય ભગવદીયને ત્યાં જતા, ત્યારે કાશીવિશ્વેશ્વરની આજ્ઞાથી કાલભૈરવ તેમના ઘરની ચોકી કરતા! અરે વિશ્વેશ્વર મહાદેવ જેમની પાસેથી માગીને ભગવત્પ્રસાદ લેતા!

પુષ્ટિસિદ્ધાંત એમને કેવો સ્ફુરિત થયેલો! ભગવત્સેવાની તુલનામાં, મર્યાદા-સાધનોને એ કેવાં તુચ્છ સમજતા હતા, તે દર્શાવતો એક સુંદર પ્રસંગ મળી જાય છે.

એ જમાનામાં સાધનોનો મોહ સમાજમાં ઘણો હતો. તેમાં તીર્થયાત્રા તો દરેકના જીવનનું અનિવાર્ય ધ્યેય રહેતું. ભારે કષ્ટ અને જોખમો વેઠીને પણ પ્રત્યેક વ્યક્તિ તીર્થ કરવાનો આગ્રહ રાખે. એટલો બધો તીર્થયાત્રાનો મહિમા! પણ પુષ્ટિભક્તની વાત ન્યારી છે.

કાશીમાં ગંગાસ્નાન માટે ભારતભરમાંથી નરનારીઓ આવતાં, પરંતુ ગંગાજીની પાસે જ જેમનું ઘર હતું; તે આ શેઠનાં પુત્રી રુક્મિણી ચોવીસ વર્ષ પર્યંત ગંગાસ્નાન કરવા ગયેલાં નહીં. આ પણ મહદ્ આશ્ચર્ય જ ને?

અને શેઠ પુરુષોત્તમદાસ! એમને માથે બિરાજતા શ્રીમદનમોહનજીની સેવા, એ જ એમનું સર્વસ્વ હતું. એમને લાડ લડાવીને રીઝવવા એ જ એમનું જીવન-ધ્યેય. એ સેવા પાસે અન્ય સાધનો કે તીર્થયાત્રાઓની એમને મન કોડીનીય કિંમત ન હતી! પરંતુ સમાજમાં રહેનારને કેટલીક વાર અનિચ્છાએ પણ કેટલાંક કાર્યો કરવાં પડે છે. શેઠને એક વાર આવું બન્યું.

એમને એક મામા હતા. મામાને તીર્થનો ઘણો આગ્રહ. ગયા શ્રાદ્ધ કરવા જવું હશે; પણ મનમાં એમ કે પૈસાદાર ભાણેજ સાથે આવે તો સારું. બધી વાતે અનુકૂળતા રહે. મામા ભાણેજને ઘણી વાર કહ્યા કરે : 'ચાલો ને, એક વાર ગયાજી જઈ આવીએ.' ભાણેજ બહાનાં કાઢીને વાત ટાળે. પણ એક વાર એમનાથી હા કહેવાઈ ગઈ. મામાએ વાત પકડી લીધી. જવાનો દિવસ નક્કી થયો. શેઠે બે ગાડીઓ તૈયાર કરાવીને કહ્યું :

'મામા, આ ગાડી તૈયાર છે, તેમાં તમે નીકળો. ઘેર રાજભોગ થઈ જાય; એટલે પ્રસાદ લઈને હું બીજી ગાડીમાં તમારી પાછળ જ આવું છું. રસ્તામાં મળી જઈશું. એક ગાડીના બળદ જરા ધીમા છે, એટલે મેળ પડી જશે.'

મામા રવાના થયા. શેઠ પ્રસાદ લઈ (જમી)ને નોકરની સાથે, પાછળ ગાડીમાં નીકળ્યા. નક્કી કરેલું એટલે જવું તો પડે જ! પણ મન પાછું પડે છે! 'હું આ શું કરું છું? પ્રભુસેવા છોડીને તીર્થ કરવા જાઉં છું!' મન ના કહેતું રહ્યું અને એ ગાડીમાં બેઠા.

પ્રભુ નિજજનોના ભાવનું પોષણ કરે છે. જ્યાં ચૂકે ત્યાં દોરવણી આપે છે. એવા સંજોગો ઉપસ્થિત કરે છે; એવી બુદ્ધિ પણ પ્રેરે છે.

શેઠ પાંચ-છ કોશ ગયા હશે, ત્યાં માર્ગમાં એક રીંગણનું ખેતર આવ્યું. સરસ મજાનાં તાજાં ચમકતાં કાળાં રીંગણ ઊગેલાં હતાં; એટલું જ નહીં, ખેતરના માલિકે રીંગણ તોડીને એક ટોપલો ભરેલો તે શેઠની નજરે પડ્યો. કોઈ પણ સુંદર વસ્તુ પોતાના પ્રભુને અંગીકાર કરાવવાની મનોવૃત્તિ એમની નિત્ય રહેતી...

રીંગણ જોતાં જ એમનું હૈયું હાથ ન રહ્યું : 'આવું સુંદર શાક તો મારા પ્રભુને લાયક છે!'

માલિકે માગ્યા તેટલા પૈસા આપીને ટોપલો મુકાવી દીધો ગાડીમાં! ગાડીવાનને કહી દીધું : 'જેમ બને તેમ જલદી ઘર તરફ હાંક.'

અહીં ઘેર શ્રીમદનમોહનપ્રભુ રુક્મિણીને આજ્ઞા કરે છે : 'તું જલદી પૂરી તૈયારી કર. તારા પિતાજી ઉત્તમ રીંગણ લઈને આવે છે.'

રુક્મિણી જરા વિચારમાં પડી ગઈ. 'બાપુજી તો ગયાજી ગયા છે. ને આ શું! પણ ભગવદાજ્ઞા માનીને એણે પૂરીઓ કરવા માંડી. પૂરીઓ થઈ રહેવા આવી ત્યાં તો બળદના ઘૂઘરા સંભળાયા. ગોપાલદાસે દ્વાર ખોલ્યાં ને શેઠ ઘરમાં આવ્યા. પૂછે છે : 'રુક્મિણી! પ્રભુને શો સમય છે?'

એ કહે છે : 'બાપુજી, પૂરી તૈયાર છે અને રીંગણની રાહ જોવાય છે. સૌ મળીને શાક કરી આપો, એટલે શયનભોગ ધરાય.'

શેઠ સમજી ગયા કે શ્રીઠાકોરજીએ રુક્મિણીને આગળથી જણાવી દીધું છે! એ અપરસમાં નહાયા. પ્રભુને શયનભોગ ધરાવ્યો. શેઠે પુત્રને કહ્યું : 'ગોપાળદાસ, જે મળે તે વૈષ્ણવોને આગ્રહ કરીને પ્રસાદ લેવા બોલાવી લાવ.'

પુત્રે એ કાર્ય કર્યું. શયનભોગ સર્યા. આવેલા વૈષ્ણવો સહિત સૌ પ્રસાદ લેવા બેઠાં. એ દિવસે રીંગણના શાકમાં સૌને અદ્ભુત સ્વાદ આવ્યો. આવે જ ને! તીર્થયાત્રાનું ફળ એ રીંગણમાં ઊતરી આવ્યું હતું. પ્રભુ અતિ પ્રસન્નતાપૂર્વક એ આરોગ્યા હતા.

'લોકવૈદિક ત્યાગ શરણ ગોપીશકો' તે તો પુષ્ટિપથનો મર્મ છે! પોતાનો ભક્ત પોતાને માટે લૌકિક-વૈદિકનો ત્યાગ કરવા અને સ્વામી સુખ વિચારવા કેટલો તત્પર છે, તે પ્રભુ જુએ છે. અરે, એ જોઈને પોતે આનંદિત થાય છે.

સ્વાર્થત્યક્તાખિલ સ્વીય પરમાર્તિ મહોત્સવમ્ । - શ્રીહરિરાયજી

પ્રભુ પ્રેમના ભૂખ્યા છે અને સાચો પ્રેમ ત્યાગની અપેક્ષા રાખે છે! પોતાના રંચક સુખ માટે, ગમે તેવી મોટી વસ્તુનો ત્યાગ કરતાં પણ પુષ્ટિભક્ત નહીં અચકાય! પ્રેમ-ભક્તિ આવી ન્યોછાવરી માગે છે!

પછી તો મામા ગયાજી જઈને પાછા આવ્યા. ભાણેજને જરા ઠપકો આપ્યો : 'આવું કર્યું તમે! મને બનાવ્યો?'

ભાણેજ કહે : 'એવું તે હોય, મામા! ગમે તેને પૂછી જોજો. હું તમારી પાછળ ને પાછળ જ આવવા ગાડીમાં નીકળેલો કે નહીં? અરે, પાંચ-છ કોશ સુધી આવ્યો પણ ખરો; પરંતુ એક ખાસ અગત્યનું કામ યાદ આવ્યું. કર્યા વિના ચાલે તેમ જ ન હતું. એટલે પાછા ફરવું પડ્યું. શું થાય, મામા! ગૃહસ્થી રહ્યા એટલે બધું સંભાળવું પડે. બાકી હું તમને કદી ખોટું કહું?'

પોતાના ભાવની સાચી વાત તો બીજાને કહેવાય જ કેમ? ભગવદ્ભાવ તો ગોપનયોગ્ય છે. કહેતા ફરવાથી પ્રભુ અપ્રસન્ન થાય. મામાને જેમ તેમ સમજાવી દીધા અને મામા સમજી ગયા!

●

વિશેષ નોંધ :

(૧) આધિદૈવિક સ્વરૂપ :

(ક) શેઠ પુરુષોત્તમદાસ - ઈન્દુલેખા (શ્રીસ્વામિનીજીનાં સખી)

(ખ) ગોપાલદાસ - ઈન્દુલેખાની સખી ગાનકલા

(ગ) રુક્મિણી - ઈન્દુલેખાની સખી મોહિની

ઈન્દુલેખાની બીડી આરોગાવવાની સેવા, તેથી અહીં-ભૂતળ પર શ્રીઠાકોરજીને પ્રતિદિન બાવન બીડાંનો જોગ.

(૨) આધિભૌતિક સ્વરૂપ :

૧. વતન - કાશી

૨. જ્ઞાતિ - ક્ષત્રિય

૩. સેવ્ય સ્વરૂપ - શ્રીમદનમોહનજી, હાલ પોરબંદરમાં બિરાજે છે.

■

૬(૧) : અખંડ સેવાપરાયણતા

(શેઠ પુરુષોત્તમદાસની બેટી રુક્મિણી)

[૧]

સારસ્વતકલ્પની વ્રજલીલા આ યુગમાં પ્રકટ કરવાની ભગવાનને ઈચ્છા થઈ, ત્યારે પોતાનાં કૃપાપાત્ર એવા વ્રજભક્તોને ભિન્ન ભિન્ન સ્થળે પ્રગટ કર્યા. પોતે શ્રીગોવર્ધનધર સ્વરૂપે અને સ્વામિનીજી શ્રીવલ્લભ સ્વરૂપે પ્રકટ થયાં. વ્રજભક્તો પ્રેમલક્ષણા ભક્તિને વરેલા હતા. તેમના ભાવસ્વરૂપ એવા શુદ્ધ પુષ્ટિજીવોને શ્રીઠાકોરજીમાં સહજ પ્રીતિ થઈ આવતી. પ્રભુ એમની પ્રેમભરી સેવાનો સાક્ષાત્ અંગીકાર કરતા.

કાશીના કોટિપતિ શેઠ પુરુષોત્તમદાસની પુત્રી રુક્મિણી આવી પરમ કૃપાપાત્ર હતી. એ પાંચેક વરસની થઈ, ત્યારથી પ્રભુની ફૂલની માળાઓ કરવા લાગેલી. સાતેક વર્ષની વય થતાં મોતીની માળાઓ પરોવતી. બીજી નાની નાની સેવાઓ તો ખરી જ. ઘરમાં શ્રીમદનમોહનપ્રભુ બિરાજતા. રુક્મિણી સમય સમયનાં દર્શન કરતી. પ્રભુ રસમય સ્વરૂપે ઝાંખી આપતા. રુક્મિણી એકીટસે એમને નીરખ્યા કરતી. કોઈ અનિર્વચનીય ભાવો એના અંતરમાંથી ઉદ્ભવતા. દર્શન બંધ થતાં વિરહ એવો થાય કે નેત્રોમાંથી અશ્રુ સરે. રાત્રિ-દિવસ પ્રભુનું સ્વરૂપ એના હૃદયમાં રમ્યા કરતું.

એના મનનો આ ભાવ બીજું તો કોઈ જાણી ન શક્યું. પિતાને કંઈક ખ્યાલ આવતો ગયો કે પુત્રી પર અનોખી કૃપા થઈ રહી છે. પુત્રી હવે કંઈક મોટી - નવ વરસની - થઈ છે. એ જમાનામાં આ તો લગ્નયોગ્ય વય ગણાતી. શેઠની બહેનને હવે ચટપટી થવા લાગી. એ કહે : 'ભાઈ, હજુ તમે જાગતા નથી? છોકરી કેવડી થઈ ગઈ છે!'

રુક્મિણી વયમાં નાની, પણ સમજમાં મોટી હતી. વળી એનું રૂપ અગાધ હતું. એની મીઠી વાણી અને વિનયી રીતભાત જોનારને મુગ્ધ કરી દેતાં.

બહેનનું ચિત્ત લૌકિકમાં વિશેષ હતું. વ્યવહારકુશળ પણ ખરી! મૂરતિયો શોધવાનું પણ એને જ સોંપાયું. ઘરના મોભા પ્રમાણે એક સારો મૂરતિયો શોધી કાઢ્યો. સગપણ નક્કી કરી દીધું. રુક્મિણીને ખ્યાલ આવી ગયો કે આ શું થાય છે. જોકે આ ગમ્યું નહીં, એની લગની તો શ્રીમદનમોહન પ્રભુમાં લાગેલી હતી.

સાસરિયાં વસન ચઢાવવા આવ્યાં. પિતાએ પ્રસાદીવસ્ત્ર અને પ્રસાદી કુંકુમ આપ્યું. તે તો પુત્રીનો ભાવ જાણતા જ હતા. અસમર્પિત એવી કોઈ ચીજ રુક્મિણી માટે યોગ્ય ન હતી. પ્રસાદી વસ્ત્રનું જ વસન ચઢાવ્યું.

હવે તો તે અપરસમાં પણ નહાય છે. શ્રીઠાકોરજીની સેવામાં રસપૂર્વક ભાગ લે છે. સાંજે ઉત્થાપન તો એ જાતે જ કરે છે. સેવા વિના એક દિવસ પણ રહી શકતી નથી. આ કંઈ એક જન્મના સંસ્કાર થોડા જ છે! પ્રભુ સાથેની પૂર્વની પ્રીત, પૂર્વાવસ્થામાં જ પ્રકટી ચૂકી છે!

પણ ફોઈબાને લગ્નનો લહાવો લેવાની ઉતાવળ આવી ગઈ છે. શેઠે કંઈક ના કહેવા છતાં, એણે લગ્નનું મુહૂર્ત જોવડાવી લીધું.

હવે બીજી વાત આવી. બહેન કહે છે : 'ભાઈ, જુઓ. તમે કાશી નગરીના નગરશેઠ રહ્યા. લગન મોટી ધૂમધામથી કરવાં પડશે. કસર કરવા જશો તો નહીં ચાલે, હા.' બહેન જાણતી હતી કે ભાઈ ને ન્યાતજાતની મોટાઈમાં રસ નથી; પણ એને પોતાને ઘણો રસ હતો. ક્ષત્રિય જાતિમાં સ્વાભિમાન ઘણું! એટલે આગળથી આમ ચોખવટ કરવા માંડી.

ભાઈ કહે છે : 'બહેન, એ નહીં બને.' મારું ધન તો શ્રીઠાકોરજીનું છે. મારે લોકોમાં મોટાઈ જોઈતી નથી. જેટલું આવશ્યક હશે તેટલું ખર્ચ પ્રભુની આજ્ઞા લઈને હું તો કરીશ.'

વાત પણ ખરી. જે શેઠ રાજા પાસે ગોબરભર્યા હાથે પોતડી પહેરીને આવેલા, તેમને કોઈ પ્રતિષ્ઠાની ઈચ્છા તો હોય જ ક્યાંથી? બહેનને પણ લાગ્યું કે ભાઈને બધી વાતમાં તંગ કરવા ઠીક નથી. એણે ચતુરાઈ વાપરીને ફેરવી તોળ્યું, 'ભલે ભલે, તમારે જે કરવું હોય તે ખર્ચ કરજો, બસ!'

એના મનમાં હતું કે ભાઈ નહીં કરે તો વધારાનું ખર્ચ હું કરીશ. એમાં શું? કરોડપતિની બહેન કંઈ કમ નહોતી.

લગ્નનો દિવસ નજીક આવી રહ્યો છે. રુક્મિણી એટલું સમજી કે કોઈક પતિ સાથે હવે જીવનનો સંબંધ બંધાય છે; પણ એના પતિ શા માટે? એને બહુ સમજાયું નહીં, પણ એનાથી કંઈ બોલાય તેમ ન હતું. એ પરાધીન હતી. સમગ્ર સ્ત્રી જાતિ ત્યારે પરાધીન હતી. 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય.' નવ વર્ષની

બાલિકા! ફોઈબા આંખ કાઢે તો થઈ રહ્યું! એને બાની બીક નહોતી લાગતી એટલી ફોઈબાની લાગતી.

બીજું તો એ કંઈ બોલી શકી નહીં, પણ પિતાને એણે એટલું કહ્યું : 'બાપુજી, આપણા મદનમોહનજીનું એકેય ચિત્ર નથી! એકાદ ચિત્રજી ઉતરાવો ને!' પિતા સમજી ગયા. સુંદર ચિત્ર તૈયાર કરાવી દીધું.

વળી બીજો પ્રશ્ન આવ્યો. અવૈષ્ણવ મૂરતિયા સાથે રુક્મિણી ફેરા ફરે જ કેમ? એનો પણ ઉપાય થયો. લગ્નપ્રસંગે શ્રીમહાપ્રભુજીને પધરાવવામાં આવ્યા. શેઠની વિનંતીથી આપશ્રીએ મૂરતિયાને શરણે લઈને વૈષ્ણવ કર્યો.

હવે લગ્નનો દિવસ આવ્યો. રુક્મિણીને નવવધૂ બનાવીને ચૉરીમાં લાવવામાં આવી. પણ એ એકલી ન આવી. પોતાના પ્રિય શ્રીમદનમોહનજીનાં ચિત્રજીને, છાનામાના ચોળીમાં સંતાડીને લાવી. એણે તો એમ જ માન્યું કે મારાં લગ્ન શ્રીમદનમોહનજી સાથે થાય છે. ભલે ને લોકો ગમે તે માને!

લગ્નસમયે એને એટલુંયે કુતૂહલ ન થયું કે વરને જરા ધારીને જોઈ તો લઉં. દૃષ્ટિ એની નીચી જ રહી. સૌ વિચારતાં રહ્યાં કે 'છોકરી નાની છે, પણ કેટલી શરમાય છે! કેટલું સમજે છે!'

લગ્ન થઈ ગયાં અને એને સાસરે વળાવી. એક દિવસ સાસરું જોયું તે જોયું, ફરી વાર નહીં. એકાદ માસમાં ન બનવાનું બની ગયું. કોઈ આકસ્મિક કારણે મૂરતિયો પ્રભુચરણમાં પહોંચી ગયો.

કુટુંબીજનો ઉપર તો જાણે દુઃખનો ડુંગર તૂટી પડ્યો. શેઠની બહેનના ક્લેશનો તો પાર જ નથી! એણે તો લગ્નની ઉતાવળ કરાવી હતી! ભાગ્યયોગ માનીને મન વાળવા સિવાય હવે બીજો કોઈ ઉપાય ન હતો.

પરંતુ ભગવદીયો માટે તો ભાગ્ય કરતાંય ભગવદિચ્છાનું પ્રાબલ્ય વિશેષ! પોતાનો કૃપારસ વરસાવવા માટે પ્રભુએ જ રુક્મિણીને આમ લૌકિક બંધનથી મુક્ત કરી દીધી હતી.

લૌકિકમાં ક્લેશનો સંબંધ થાય, તે હરિના અંગીકારનું લક્ષણ છે!

લૌકિક ક્લેશસંબંધો, હરિ-અંગીકૃત લક્ષણમ્ ।

(શિક્ષાપત્ર ૪, શ્લોક ૨૪)

◆

[૨]

રુક્મિણીના મનમાં તો કંઈ હતું જ નહીં. આ વયે લગ્નમાં જે ન સમજે તે વૈધવ્યમાં શું સમજે? વળી, એણે તો પોતાના 'દુલહા' શ્રીમદનમોહનજીને જ માનેલા હતા. છતાં એને એક મોટું દુઃખ સહેવું પડ્યું. એક વર્ષનું લાંબું સૂતક લાગ્યું. પોતાના પ્રિય પ્રભુની સેવા છૂટી. જ્યાં એક પળનો અંતરાય જુગ જેવો લાગે, ત્યાં એક વર્ષની વાત જ શી કરવી? એના વિરહ-દુઃખનો પાર ન રહ્યો, પણ વસ્તુતઃ એ દુઃખ નહોતું. એ તો વિપ્રયોગરૂપી પરમ ફળનું દાન હતું. પ્રભુ નિજજનના હૃદયમાં પોતાનો આનંદ સિદ્ધ કરવા માટે, આમ વિરહમાં તપાવે છે. અગ્નિમાં તપે ત્યારે જ સુવર્ણ શુદ્ધ થાય છે ને!

રાસ વખતે વ્રજભક્તોને પણ એમ જ થયેલું! બોલાવીને, થોડું સુખ આપીને મન હરણ કરી લીધું. પછી અંતર્ધાન થઈને, અત્યંત તપાવીને, પછી જ મહારાસનું સુખ આપ્યું. રુક્મિણીને જીવનભર સુખ તો આપવાના જ છે, પણ અત્યારે તો એની ભારે કસોટી થઈ રહી છે. સાંસારિક દેહસંબંધોનો તો એને ખ્યાલ નથી, પણ પ્રબળ લાગણીભર્યું એનું બાલહૃદય, પ્રભુ પ્રતિ સહજ સ્નેહથી ખેંચાઈ રહ્યું છે. આમેય બાલહૃદય ઘણું ભાવનાશીલ હોય છે! મોટી વયે જ્ઞાન વધતાં ભાવ મંદ પડે છે. પ્રભુને તો આવો નિષ્કામ, નિર્દોષ, સહજ સ્નેહ બહુ ગમે છે!

જે કોઈ કોરી સેવામાં અડકી શકાય, તે તો રુક્મિણી પરમ પ્રેમથી કરે જ છે; પણ પ્રિયતમ પ્રભુના સ્પર્શ વિના એનાથી રહેવાતું નથી. લીલાનો સંબંધ અને જન્મજન્મના સંસ્કાર બાલવયમાં જ ઉદ્ભવ પામ્યા છે.

હાથ વડે એ પ્રભુના ચરણસ્પર્શ નથી કરી શકતી, પણ મનને લોકવેદનું કયું બંધન રોકી શકે? 'મનકે હાથન નાથકે, પુનિ પુનિ પકરત પાય.' પરંતુ તન વિનાનું મન અધૂરું તો ખરું જ ને! કેમેય કરીને આ દિવસો જતા નથી! દૂર રહીને સમય-સમયનાં દર્શન કરે છે, પણ સેવા માટે મન તલસે છે. એ વિરહથી કૃશ થતી જાય છે, સૌ માને છે કે છોકરી નાની છે, પણ વૈધવ્યનું દુઃખ કેટલું લાગ્યું છે! પિતા સિવાય કોઈનેય એની અલૌકિક મનઃ સ્થિતિનો ખ્યાલ નથી!

જેમ તેમ કરતાં હવે વર્ષ પૂરું થવા આવ્યું છે. વિરહની પરાકાષ્ટા થઈ ગઈ છે, ધીરજની હદ આવી ગઈ છે! એક દિવસ રાજભોગ સમયે રુક્મિણી દર્શન કરે છે. શ્રીમદનમોહનજી હસતા હસતા રસકટાક્ષપૂર્વક એની સામે જોઈ રહ્યા છે. પણ લોકવેદની આમન્યાનો પહાડ વચમાં ખડો છે! પ્રિયને સ્પર્શી શકતી

નથી. પાસે હોવા છતાં જાણે લાખો ગાઉ દૂર છે! રુક્મિણી વિરહથી વિહ્વળ થઈ ગઈ છે! મૂર્છિત થઈને નીચે પડે છે!

ઘરમાં બધાં ગભરાઈ જાય છે. માતા રડવા લાગે છે. કોઈ ભાનમાં લાવવા ઉપચારો કરે છે, તો કોઈ વૈદ્યને બોલાવવા દોડે છે. શેઠ બધાંને ધીરજ આપે છે. એ તો જાણે છે કે આ રોગમાં વૈદ્ય બિચારો શું કરવાનો છે!

‘સાસ-નનંદ ઉપચાર, પચિહારી, પરમ કાહૂ પાયો રી,
વૈદ્ય બુલાય ઢંઢોરી નારી, ચિંતા રોગ બતાયો રી.’

આ ગોપીના જેવી સ્થિતિ અત્યારે રુક્મિણીની થઈ છે.

શેઠ કામને બહાને સૌને બહાર મોકલીને રુક્મિણીના કાનમાં એટલું જ કહે છે : ‘બહેન, આજે સાંજે ઉત્થાપન વખતે તને શ્રીમદનમોહનજીનાં ચરણસ્પર્શ કરાવીશું, હોં!’ અને આ સાંભળતાં જ રુક્મિણી સચેત થઈ જાય છે. તે દિવસે, આ બધી ગડમથલમાં, ઘરમાં કોઈને ખાવું ભાવ્યું નહીં. રુક્મિણીને પણ આપોઆપ વ્રત થઈ ગયું. સાંજે ઉત્થાપનનો સમય થયો. રુક્મિણીને અપરસમાં નવરાવી. શેઠે પત્નીને કહી દીધું : ‘તું એને સુંદર વસ્ત્રાભૂષણો પહેરાવ, કાજળ-બિંદી કર, શ્રીઠાકોરજીની સેવામાં એને જેવાતેવા વેશે નથી જવાનું. પ્રભુને એ ન ગમે!’

માતાએ ઘરનાં કમાડ બંધ કરીને, પુત્રીને સુંદર વેશ સજાવ્યો. પછી રુક્મિણીએ વિવિધ મેવા સિદ્ધ કર્યા. શેઠે ઘંટાનાદ કરી ઉત્થાપન કર્યા. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ધ્યાન કરીને રુક્મિણી માટે આપશ્રીની આજ્ઞા માગી. પછી રુક્મિણીને સૂચવ્યું કે ‘હવે તું મંદિરમાં જા અને પ્રભુને મેવા-ભોગ ધર.’

શેઠ તો પછી બીજી સેવામાં લાગ્યા. રુક્મિણી આનંદના આવેશમાં મેવાનો થાળ લઈને મંદિરમાં જાય છે. નીચે નમીને પ્રભુ પાસે ધરવા જાય છે. ત્યાં તો મદનમોહન પ્રભુએ પોતાનો ડાબો ચરણારવિંદ લંબાવ્યો અને રુક્મિણીને મસ્તકે મૂક્યો. રુક્મિણીએ તે લઈને પોતાના હૃદય સાથે લગાવ્યો. એનાં રોમરોમ પ્રફુલ્લિત થઈ ગયાં. આનંદની અવધિ આવી ગઈ. ધોમધખતા ઉનાળા પછી જાણે નીલમેઘ સહસ્ર ધારાએ વરસી રહ્યો હતો. વિરહાશ્રુ તો એણે વર્ષભર વહાવ્યાં હતાં. આજે હર્ષાશ્રુ એના કપોલ અને ઉરઃસ્થલ પર થઈને સરી રહ્યાં હતાં.

શેઠ ઝારીજી ભરીને ધરવા આવતા હતા, ત્યાં આ અલૌકિક ઝાંખી એમને ક્ષણવાર થઈ ગઈ. પિતાને પણ પરમ આનંદ થયો. લીલામાં તો બન્ને પરસ્પર

સખીઓ જ છે! પુરુષોત્તમદાસ શેઠ શ્રીસ્વામિનીજીની સખી ઈન્દુલેખા છે. રુક્મિણી ઈન્દુલેખાની સખી મોદિની છે! આજે તો એનું લીલાનું નામ પણ સાર્થક થઈ રહ્યું છે. પરમ મોદ-હર્ષ-એના રોમરોમમાં વ્યાપી ગયો છે! હવે નિત્યપ્રતિ એ રસભરી સેવામાં નહાય છે. ઘરનાં માણસો તો આટલું સમજે છે કે ‘ચાલો, દીકરીનું મન ભક્તિમાં લાગ્યું એટલું સારું થયું; નહીં તો આખી જિંદગી કેમ કરીને જાત!’ એના અંતરના ભાવને કેવળ પિતાજી જ જાણે છે.

‘અનુભવી બિના અનુભવ કહા જાનહી, જાકો પિયા નહીં ચિત્ત ચોરે.’

[૩]

હવે તો રુક્મિણી મોટી થઈ છે, યુવાન વયમાં છે. પ્રભુની તમામ સેવા એણે સંભાળી લીધી છે. રસોઈની સેવા તો એની પાસે કરાવવાની સ્વયં શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી છે. ઘરમાં કરોડો રૂપિયાની સંપત્તિ છે. નોકર-ચાકરનીયે કંઈ ખોટ નથી, છતાં રુક્મિણી પ્રત્યેક સેવા પોતાને હાથે કરે છે : ‘જલ ભરવું, વીણવું, દળવું, ખાંડવું, રસોઈ કરવી - બધું જાતે જ. અરે, સેવાના રસમાં રાત્રે એ ઊંઘતી પણ નથી. શ્રીઠાકોરજી મંદિરમાંથી આજ્ઞા કરે કે ‘રુક્મિણી, તું થોડુંક તો સૂઈ જા. તું ઊંઘતી નથી એટલે મને નિંદર નથી આવતી.’ ત્યારે વળી ચટાઈ બિછાવીને, પ્રભુનું મન રાખવા ખાતર, થોડુંક સૂઈ લે છે.

ભોગ-રાગ-શૃંગારથી લાડ લડાવીને પ્રભુને રીઝવવા, નૂતન નૂતન સામગ્રીઓ કરીને પોતાના પ્રાણેશને આરોગાવવી, વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદ લેવરાવવો એ જ એનું જીવનકાર્ય બની ગયું છે. અહર્નિશ સેવા ને સ્મરણ; સ્મરણ ને સેવા, એમાં જાણે એ ખોવાઈ ગઈ છે!

આવા જીવનમાં લૌકિક-વૈદિક કાર્યોને તો સ્થાન જ ક્યાંથી હોય? ગંગાજીના તટ પર એની હવેલી છે. ગંગા-સ્નાન કરવા દૂરદૂરથી લોકો આવે છે. વાર-તહેવારે તો મેળો જામે છે. સગાં-સંબંધીઓ બધાં નિયમિત ગંગાસ્નાન કરે છે. ત્યારે રુક્મિણીને તો ગંગાજી યાદ પણ નથી આવતાં! પરમ ફળરૂપ સેવા આગળ ગંગા-સ્નાનનું સ્મરણ ક્યાંથી રહે! જેને સાક્ષાત્ ભગવાનનો દૃઢ આશ્રય છે, તેને તીર્થનો આશ્રય ગમે જ કેમ? ત્યાં જવાની એને ઈચ્છા પણ થતી નહોતી.

પરંતુ પરોપકારી લોકોને પારકી ચિંતા બહુ હોય છે! જ્ઞાતિજનો એની ચર્ચા કરવા લાગ્યાં : ‘જુઓ ને, આ રુક્મિણી બાળવિધવા છે, તોયે નથી કોઈ

દિવસ ગંગાસ્નાન કરતી દેખાતી કે નથી કાશી વિશ્વેશ્વરનાં દર્શને જતી. કાયાના કલ્યાણનીયે છે કંઈ વાત! કોણ જાણે ઘરમાં આખો દિવસ શું કર્યા કરે છે! ઘરનાં માણસોયે કેવાં છે!'

લોકો એકબીજાના કાન કરડે છે. મોટા ઘરનાં માણસોને મોઢે કહેવાની તો કોની હિંમત ચાલે! પણ વાત ઊડતી-ઊડતી રુક્મિણીના મામાને કાને આવી. એનેય વાત તો ખરી લાગી. એને થયું : કોઈ ન કહે તો ભલે, મારે તો મારી બહેનને કહેવું જ પડશે!

એ આવ્યા ત્યારે રુક્મિણી સેવામાં હતી. શ્રીઠાકોરજીનાં દર્શન કરીને સામેના ચોકમાં નજર કરે છે તો શું દેખાય છે? જાણે ત્યાં ગંગા-જમનાનો પ્રવાહ વહી રહ્યો છે. મહાદેવજી ત્યાં ઊભા ઊભા પ્રભુનાં દર્શન કરી રહ્યા છે! આંખો ચોળીને એણે જોયું. પણ એ જ દૃશ્ય! મામા શિખામણ આપવાનું તો ભૂલી ગયા. રુક્મિણીને બે હાથ જોડીને ભગવત્સ્મરણ કર્યાં. સેવાનો અલૌકિક પ્રતાપ સમજમાં આવી ગયો હતો. પોતે જે માટે આવેલા તે વાત કહી. પછી બોલ્યા : 'બહેન, ચિંતા કરીશ નહીં. હવે જે તારી વિરુદ્ધ કહેશે તેને હું બરાબર જવાબ આપીશ. તારું ખરું સ્વરૂપ તો હું આજે જ સમજ્યો!'

પણ રુક્મિણી ગંગાસ્નાન નહોતી કરતી, એમ પણ કેમ કહી શકાય! પોતાની રીતે તો એ કરતી જ હતી. કાર્તિક, માગશર અને મહા માસ આવે ત્યારે કાશીની સ્ત્રીઓ ગંગાજીનાં વ્રતો કરતી, ત્યારે એ રુક્મિણી પોતાના પ્રભુને અધિક સામગ્રીઓ કરીને આરોગાવતી અને અધિક વૈષ્ણવોને બોલાવી પ્રસાદ લેવડાવતી. એ એનું વ્રત હતું, ઉત્તમ પ્રકારનું એ ગંગાસ્નાન હતું!

શેઠ પુરુષોત્તમદાસ વૈષ્ણવ થયા પછી કાશી વિશ્વેશ્વરને મંદિરે જતા નહીં. એક વાર મહાદેવજીએ એમની પાસે મહાપ્રસાદની માગણી કરી, ત્યારથી ઉત્સવોનો પ્રસાદ પહોંચાડવા તે ત્યાં જવા લાગ્યા; પરંતુ એમના પુત્ર ગોપાલદાસ કે પુત્રી રુક્મિણી તો કદીયે ત્યાં ગયાં નહીં. અનન્યતાનું સ્વરૂપ એ બન્ને સુંદર રીતે સમજતાં હતાં.

ગોપાલદાસ પણ સેવામાં ભાગ લેતા. એમનો ભાવ પણ ઘણો ઉચ્ચ કક્ષાનો! સેવાના અનવસરમાં એ વિરહનાં પદો રચી રચીને ગાયા કરતા. એમની રચેલી 'લલના'ની ધમારો પ્રસિદ્ધ છે!

'શ્યામ છબીલે મન હર્યો, શ્રીવૃંદાવનકે ચંદ લલના.'

'મદનમોહનકે વારને, બલબલ દાસ ગોપાલ લલના.'

શેઠ લીલામાં પ્રાપ્ત થયા પછી ગોપાલદાસ વિશેષ સહાયતામાં રહેતા. ભાઈબહેન મળીને સુંદર સેવા કરતાં. નિત્યપ્રતિ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવતાં. વૈષ્ણવ કહે : 'રુક્મિણીબહેન, અમને કંઈક તો સેવા બતાવો.' ત્યારે રુક્મિણી કહેતી : 'ભાઈ, તમે અહીં આવો, મહાપ્રસાદ લો, એ જ તમારી સેવા છે. કેમકે એથી અમને બહુ સુખ થાય છે. અમારા પ્રભુ વિશેષ પ્રસન્ન થાય છે. સામાને સુખ થાય તેવું કરવું, પ્રભુ પ્રસન્ન થાય તેમ કરવું એનું નામ સેવા! બોલો, મારી વાત ખરી કે નહીં?' વૈષ્ણવો એનો અપ્રતિમ ભાવ જોઈને મૌન બની જતા!

[૪]

એક વખત સૂર્યગ્રહણ આવ્યું. આવે વખતે ગંગા-સ્નાનનું ઘણું જ માહાત્મ્ય! દેશપરદેશથી શ્રદ્ધાળુઓ આવે. શ્રીગુસાંઈજી અડેલથી કાશી પધાર્યા. દૈવી જીવોના ઉદ્ધારાર્થે પોતે પ્રકટ્યા છે અને દૈવી જીવો અહીં વિશેષ હોય! એ જીવનો અંગીકાર થઈ જાય ને!

'મણિકર્ણિકા ઘાટે સ્નાન કરવા શ્રીગુસાંઈજી પધાર્યા છે' એવા સમાચાર મળતાં જ રુક્મિણી ત્યાં ગઈ. આપશ્રીનાં દર્શન કરીને ઘણી આનંદિત થઈ. આપશ્રી પણ એના ઉત્કૃષ્ટ ભાવને જાણતા. રુક્મિણીને જોઈ ઘણી પ્રસન્નતા બતાવે છે અને પરીક્ષાર્થે પૂછે છે :

'રુક્મિણી, તું રોજ ગંગાસ્નાન કરે છે કે નહીં?'

'ના મહારાજ, આજે ચોવીસ વર્ષે આવી છું - આપશ્રીને પધારેલા જાણી ને!' આ સાંભળતાં આપનું હૃદય ગદ્‌ગદિત થયું. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત આવાં ભગવદીયો જ સમજ્યાં છે! 'પ્રભુ-સેવા આગળ કોઈ તીર્થ કે કોઈ સાધનોની પુષ્ટિજીવોને સ્પૃહા જ રહેતી નથી! કેવળ સેવા-પરાયણતા જ એમનું સર્વસ્વ હોય છે!' - પોતે આમ વિચારી રહ્યા છે!

વળી આપશ્રી પૂછે છે : 'રુક્મિણી, પ્રભુ કંઈ સાનુભાવ જતાવે છે કે?'

એ ઉત્તર આપે છે : 'મહારાજ, પેટ ભરીને ખાઉં છું ને આંખ ભરીને ઊંઘું છું. બીજું કંઈ આવડતું નથી. પ્રભુ ક્યાંથી અનુભવ જતાવે?'

આપશ્રી વિચારે છે : 'આટલી ઉચ્ચ સેવા અને સાથે આવી દીનતા! પછી પ્રભુ કૃપા કરવામાં શું બાકી રાખે! અરે, પ્રભુ આની સેવાના ઋણમાંથી ક્યારે મુક્ત થશે?'

વ્રજભક્તોને પણ ભગવાને એ જ કહ્યું હતું ને! ‘હે ગોપીઓ, દેવતાઓનાં શત વર્ષ પર્યંત તમારી સેવા કરું તોયે તમારા ઋણમાંથી હું મુક્ત નહીં થાઉં! એવો તમારો પ્રેમ છે!’ રુક્મિણી પણ વ્રજભક્તનું જ પ્રાકટ્ય છે ને!

પછી તો ગોપાલદાસ અને રુક્મિણીએ, આગ્રહપૂર્વક આપશ્રીને ઘેર પધરાવ્યા. ઘણા ભક્તિભાવથી આપની સેવા કરી. એમની ઉચ્ચ ભાવાવસ્થા જોઈને આપશ્રીથી કહેવાઈ ગયું : ‘શું કરીએ, ગયા વિના ચાલે તેમ નથી. મનમાં તો એવું થાય છે કે નિરંતર આવા ભગવદીયોની પાસે રહેવાય તો કેવું સારું!’

ઘણી વાર પોતે સ્વયં એમને ઘેર પધારતા; પ્રસન્નતા બતાવતા, ત્યારે આ ભગવદીયો આનંદ-વિભોર બની જતા. આપશ્રીની સેવા-ટહેલ કરવામાં જીવનનું સાર્થક્ય અનુભવતાં. હરિ-ગુરુ-વૈષ્ણવની સેવા એ જ એમનું જીવન બની ગયું હતું.

ગોપાલદાસજી કીર્તનો ગાઈને ભાવનું પોષણ કરતા; ત્યારે બહેનને તો હૃદયમાં જ સર્વ લીલાઓ રમી રહી હતી. હવે રુક્મિણીની પણ અવસ્થા થઈ હતી. ગોપાલદાસની પત્નીની સહાયતાથી, જીવનના છેલ્લા શ્વાસ પર્યંત પ્રભુની સેવા કરી અંતે ભગવલ્લીલામાં પ્રાપ્ત થયાં, ત્યારે શ્રીમદનમોહનજી ગુરુગૃહે પધાર્યા.

શ્રીગુસાંઈજીને સમાચાર મળ્યા, ‘રુક્મિણી ગંગા પામ્યાં.’ (કાશી જેવાં તીર્થોમાં દેહનો અંતિમ સંસ્કાર એવી રીતે થાય છે કે શબને અંગૂઠે અગ્નિ લગાડીને પછી એને ગંગાજીમાં વહેવડાવી દેવામાં આવે છે. એટલે આમ બોલવાનો રિવાજ પડ્યો છે.)

સમાચાર સાંભળીને આપશ્રી રોમાંચિત થઈ ગયા. કહેનાર વૈષ્ણવને સંબોધીને આજ્ઞા કરી : આવું ન બોલો. એમ કહો કે, ગંગાને રુક્મિણી મળી.

તીર્થો સૌને પાવન કરે, પણ તીર્થોને પાવન કરે છે ભગવદીયો!

કેવું આદર્શ જીવન! કેવી અખંડ સેવાપરાયણતા!

શ્રીઠાકોરજી ગુરુઘેર પધાર્યા. તે પછી કોઈ તાદશી વૈષ્ણવને શેઠના ઘરમાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. અલૌકિક સ્વરૂપે, ભાવાત્મક રીતે બિરાજતા જોયા. એટલે ત્યાં જ આપશ્રીની બેઠક પ્રકટ કરવામાં આવી. અદ્યોપિ પર્યન્ત કૃપાપાત્ર ભગવદીયોને એ સ્થળનાં દર્શન કરતાં, અલૌકિક આનંદનો અનુભવ થાય છે.

■

૭. પુષ્ટિની વિશિષ્ટતા

(શ્રી રામદાસજી સારસ્વત)

મર્યાદા-ભક્તોનાં ચરિત્રોમાં એવા અનેક પ્રસંગો મળી આવે છે કે પોતાનાં લૌકિક કાર્યો કરી આપવા માટે એમણે પ્રાર્થના કરીને પ્રભુને શ્રમ કરાવ્યો છે; અથવા તો ભગવાન લૌકિક કાર્ય કરી આપે ત્યારે રાજી થયા છે. પરંતુ પુષ્ટિ ભક્તોની ભાવના વિલક્ષણ છે! એમની ભક્તિ નિષ્કામ હોય છે. પોતાના સુખ માટે પ્રભુને શ્રમ ન આપતાં, પ્રભુના સુખ માટે પોતે શ્રમ લે છે. પ્રેમભક્તિનું આ છે પરાત્પર સ્વરૂપ!

લૌકિકમાં પણ સાચો પ્રેમ બદલાની અપેક્ષા રાખતો નથી. પોતાના સ્નેહી માટે સર્વ કંઈ ન્યોછાવર કરી દેવાની તમન્ના હોય છે!

અને ભક્તિ એટલે શું? ભગવાનમાં સર્વથી અધિક પ્રેમ તે ભક્તિ; તો એ ભગવત્પ્રેમ શું ભગવાન પાસેથી લૌકિક બદલો લેવા માટે હોય? ના. આપણે ભગવાનની ભક્તિ કરીએ, અને સાથે એવી પ્રાર્થના પણ કરીએ કે ‘હે ભગવાન! અમને ધનવૈભવ, પુત્રપરિવાર કે બીજાં લૌકિક સુખો આપો,’ તો એને સાચી ભક્તિ ન કહેવાય. એ તો વણિકબુદ્ધિનો વેપારી સોદો જ કહેવાય! પોતાનાં લૌકિક દુઃખો દૂર કરવા પ્રભુને શ્રમ આપવો તે પણ બાધક જ થાય. અરે, પ્રભુ સ્વયં શ્રમ લઈને કરે, તો પણ પુષ્ટિ ભક્તને એ ગમે નહીં.

શ્રીમહાપ્રભુજીના સેવક રામદાસજીના જીવનમાં આ તત્ત્વ કેટલું સુંદર જોવા મળે છે! એમના પિતાજી પાસે ધન ઘણું હતું. નાનપણમાં લગ્ન થયું. પિતા ગુજરી ગયા. રામદાસ થોડા મોટા થતાં એક વાર યાત્રાએ નીકળ્યા. ગંગા-સાગર-સંગમ આગળ નદીકિનારે લાલનનું એક સુંદર સ્વરૂપ મળ્યું. પછી શ્રીજગન્નાથજી ગયા. ત્યાં શ્રીવલ્લભ પધારેલા હતા. આપશ્રીનાં દર્શનનો યોગ મળ્યો. જતાં જ આપશ્રીએ બોલાવ્યા : ‘અરે રામદાસ, તને ગંગાસાગર પાસેથી લાલન મળ્યા છે, તે ક્યાં છે?’

રામદાસ આશ્ચર્યચક્તિ થયા. તદ્દન અજાણ્યા. પ્રથમ વાર જ મળે છે, છતાં નામ દઈને બોલાવ્યો. વળી, લાલનની બાબત પણ જણાવી દીધી! તે પ્રભાવિત થઈ વિચારે છે : ‘આ કોઈ મહાપુરુષ છે. હું એમને શરણે જાઉં.’

રામદાસનું ગામ ત્યાંથી નજીકમાં હતું. શ્રીમહાપ્રભુજીને આગ્રહ કરીને પોતાને ઘેર પધરાવી લાગ્યા. પત્ની સહિત પોતે સેવક થયા. લાલનને આપશ્રીએ પુષ્ટ કરી આપ્યા, સેવા-રીતિ પણ સમજાવી. પાંચ દિવસ પોતે ત્યાં બિરાજ્યા. ઘણા ભક્તિભાવથી રામદાસે આપશ્રીની સેવા-ટહેલ કરી.

આપની કૃપા, સેવા અને વચનામૃત-શ્રવણથી માર્ગનો સિદ્ધાંત એમને હૃદયારૂઢ થયો. પધારતી વખતે આપશ્રીએ પૂછયું : 'રામદાસ, તમારો વ્યવહાર ક્ષત્રિયો સાથે દેખાય છે અને ક્ષત્રિયો તો અભક્ષ્યાભક્ષ્ય કરનારા હોવાનું સંભળાય છે! આચારશુદ્ધિનો સ્વધર્મ તમારાથી કેમ સચવાશે!'

રામદાસ કહે છે : 'મહારાજ, મારે હવે વ્યવહારનું શું કામ છે? આપની કૃપાથી ઘરમાં ધન ઘણું છે. હું તો કોઈને સ્પર્શીને જલપાન પણ નહીં કરું. હું ને મારા નવનીતપ્રિયજી! બીજાનું મારે કામ જ શું છે, પ્રભુ!'

હવે આપશ્રી ત્યાંથી અન્યત્ર પધાર્યા. રામદાસે ખરેખર કડક અપરસનું પાલન શરૂ કરી દીધું. આખો દિવસ સેવા અને સ્મરણ! રાત્રિ-દિવસ અપરસમાં જ રહે, અપરસ વિના જળ પણ ન પીએ. શ્રીઠાકોરજીને ઘણાં લાડ લડાવે છે. ભગવત્સુખ માટે છૂટે હાથે ધન ખર્ચાઈ રહ્યું છે. પ્રભુ અતિ પ્રસન્ન રહે છે. હસે છે, બોલે છે, ખેલે છે અને વિવિધ અનુભવ જતાવે છે.

આમ, રામદાસ અવ્યાવૃત્ત બનીને સેવા કરી રહ્યા છે. નોકરી, ધંધો, રોજગાર કે ધીરધાર કંઈ જ નહીં કરવાનું. લૌકિક સુખમાં કે લોકપ્રતિષ્ઠામાં પણ ચિત્ત નહીં. પત્ની પણ સેવામાં સહાયતા કરે છે. પુત્ર-પરિવાર તો કંઈ છે નહીં. એવી કોઈ કામના પણ રામદાસના મનમાં રહી નથી. ભગવાન ઉપર અટલ વિશ્વાસ છે, એટલે ભવિષ્યનીયે ચિંતા નથી. કેટલાંક વર્ષો આમ વહી જાય છે. પરંતુ કહેવાય છે કે કાઢતાં કાઢતાં તો કૂવાનાં જળ પણ ખૂટે, જો નવાં ઝરણાં ન આવતાં હોય તો! રામદાસની તિજોરીમાં નવાં ઝરણાંને તો અવકાશ હતો જ નહીં. વાપરતાં જ્યારે અમુક જ મૂડી બાકી રહી, ત્યારે રામદાસ વિચારમાં પડી ગયા, 'હવે પછી શું? થોડા સમયમાં આ મૂડી તો ખલાસ થશે. પ્રભુનો ભોગવૈભવ તો ઘણો બધો રાખ્યો છે. એ બધો કેમ નભશે? હવે કંઈક કરવું જોઈએ.'

નજર પહોંચાડી, તો એક માર્ગ જડ્યો. એ પ્રદેશમાં વણકરો પાસે હાથશાળ પર કાપડ વણાવવાનો ઉદ્યોગ ચાલતો હતો. અમુક માણસો એ ધંધો કરતા, પણ એ લોકોને ધંધા માટે મૂડી જોઈએ; મૂડી ધીરનાર જોઈએ. રામદાસે એ તકનો લાભ લીધો. (એ લોકો 'તાંતી' કહેવાતા. તાંત એટલે કાપડ વણવાની સાળ. એ પરથી 'તાંતી.') તાંતી લોકોને રામદાસે વ્યાજે નાણાં ધીર્યાં. વ્યાજનો દર પણ ઊંચો હતો. ઘણા સારા પ્રમાણમાં આવક શરૂ થઈ. રામદાસને થયું કે 'ચાલો, હવે જિંદગીભરની નિરાંત; મૂડીમાંથી નહીં વાપરવું પડે!' પણ આપણા પ્રભુને નિરાંત ગમતી નથી. એમને તો પોતાનો ભક્ત લૌકિકમાં અસ્વસ્થ રહે એ ગમે છે -

લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ॥

પ્રભુએ નાટક રચ્યું. એક દિવસ પોતે જાણે ઉદાસ થઈ ગયા છે એવાં દર્શન આપ્યાં. રામદાસ ચમક્યા : 'મારો શો અપરાધ પડ્યો હશે?' ઘણી વિનંતી કરી. શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી : 'મને અહીં ગમતું નથી. તેં તો મને તાંતીના આધારે રાખ્યો છે!'

રામદાસજી સમજી ગયા. પોતાના પ્રભુને ન સુહાય એવું કોઈ કાર્ય ભગવદીય કેમ કરે? ભલે ને લાખો રૂપિયાનું નુકસાન થતું હોય કે પ્રાણ પણ જતા હોય! એમણે કહ્યું : 'બાવા, આપ સુખેથી બિરાજો; હું હમણાં ને હમણાં પૈસા પાછા લઈ આવું છું.'

રામદાસ પત્નીને કહે છે : 'આપણી એક ગંભીર ભૂલ થઈ છે. શાસ્ત્ર કહે છે કે વ્યાજનું ધન હીન અને કનિષ્ઠ છે. વ્યાજ એ તો દ્રવ્યનો મેલ! અને તે પણ હીન જાતિ પાસેથી આવેલું વ્યાજ-ધન! એના પર આપણા પ્રભુની સેવા નભે! પ્રભુ કેમ અપ્રસન્ન ન થાય? વળી, એ ધનને આશરે આપણું જીવન બની ગયું. આશ્રય તો ભગવાનનો જોઈએ. હવે હું ધીરેલાં નાણાં પાછાં લઈ આવું છું; ભલે પછી ગમે તે થાય!'

પત્ની સિદ્ધાંતમાં બહુ સમજતી ન હતી, પણ પતિની 'હા' માં 'હા' મિલાવવાનો એનો સ્વભાવ જ હતો. રામદાસ ઊપડ્યા, તાંતી પાસે!

'અરે ભાઈ તાંતી! મારે પૈસાની તત્કાળ જરૂર પડી છે. ગમે તેમ કરો, પણ મારાં નાણાં પરત કરી દો.'

તાંતી કહે છે, 'રામદાસજી, નાણાં ધીર્યે તો હજુ થોડોક જ સમય થયો છે; એટલામાં ક્યાંથી જરૂર પડી ગઈ? અમે મોં માગ્યું વ્યાજ પણ આપીએ છીએ. હમણાં ચલાવો તો સારું.'

રામદાસે એને જેમતેમ સમજાવી દીધા. એ લોકોએ પૈસા પાછા આપી દીધા. નાણાં આવીને પાછાં તિજોરીમાં પડ્યાં. એમાંથી ખર્ચ થવા માંડ્યું અને થોડા સમયમાં તો તિજોરીનું તળિયું આવી ગયું!

રામદાસ વિચારે છે : 'હવે? આ તો ભારે થઈ! પણ કંઈ નહીં. પ્રભુની ઈચ્છાથી આ કર્યું છે, એ જ કોઈ માર્ગ સુઝાડશે. સેવામાં નેગભોગ ઓછો નથી જ કરવો. પ્રભુને શ્રમ થાય, તો આપણો દાસધર્મ જાય!'

નેગ-ભોગવૈભવ હતો તેવો જ ચાલુ રહ્યો. બજારમાંથી તમામ વસ્તુભાવ આવ્યે જાય છે : રોકડેથી નહીં, પણ ઉધાર! વેપારી જે જોઈએ તે ઉધાર આપે છે. શો વાંધો? ગર્ભશ્રીમંત માણસ છે, એના પૈસા ક્યાં જવાના છે!

પણ દરેક વાતને હદ હોય છે. વેપારીનું દેવું વધતું જાય છે. થોડું પણ ચૂકવાતું રહેતું નથી. એને દાળમાં કંઈક કાળું હોવાથી શંકા જાય છે. એ પૈસા માગે છે. છેવટે તકાદો કરે છે અને રામદાસને શરમાવાનું થાય છે. જેની આટલી બધી શાખ, એને બારણે માગનાર! અને તે પણ માણસ ભેગાં કરીને ગમે તેમ બોલી જાય! આ તો હદ થઈ ગઈ!

હવે શું થાય! તિજોરી તો સાવ ખાલી હતી. દેવું ક્યાંથી ચૂકવાય? હવે રામદાસના મનમાં કંઈક ગડભાંજ, અજંપો ને ક્લેશ જાગ્યાં. નોકર-ચાકરને તો ઘણા વખતથી રજા અપાઈ ગઈ હતી; ખરીદી કરવા બજારમાં જાતે જવું પડતું. એ મોદીની દુકાન પાસેથી જવાનુંયે ટાળતા હતા; કદાચ રસ્તે જતાં હાથ પકડે ને ફજેતી કરે તો! **સંભાવિતસ્ય ચાકીર્તિઃ, મરણાદતિરિચ્યતે ।** આબરૂદારને અપકીર્તિ મરણથીયે અધિક દુઃખકર લાગે છે!

વળી, થોડાક દિવસ વીત્યા ત્યાં કોઈક બે વૈષ્ણવ રામદાસને બોલાવવા આવ્યા છે. એમને ઘેર કંઈક ખાસ પ્રસંગ હશે. રામદાસ જવા માટે આનાકાની કરે છે, કેમ કે એ રસ્તે જ પ્રથમના મોદીની દુકાન હતી, પણ વૈષ્ણવોએ માન્યું નહીં; રામદાસને જવું પડ્યું. પેલા બે જણનું ઓથું લઈને, રામદાસ લપાતા-છુપાતા ચાલે છે, પણ મોદી જોઈ ગયો, 'અરે, રામદાસજી! ભાઈ રામદાસ! જરા અહીં તો આવો.' મોદીએ બૂમ પાડી.

'મોદીજી, હું બહુ ઉતાવળમાં છું. વળતાં આવું છું... આવીશ, જરૂર આવીશ.' રામદાસ ગભરાટમાં જવાબ દે છે. 'આ બે વૈષ્ણવોના દેખતાં મોદી મને તંગ કરવાનો' એવું માની રામદાસજી છુટકારાનો માર્ગ શોધે છે!'

'અરે ભાઈ, બે મિનિટ; હું વધારે નહીં રોકું. પછી તો હું ઘેર જવાનો છું. આવો તો ખરાં.' અને રામદાસ ત્યાં જાય છે. મોદી કહે છે : 'ભાઈસાહેબ, મારો કંઈ વાંકગુનો થયો હોય તો માફ કરજો. તમે મારી દુકાન કેમ સાવ છોડી દીધી? તે દિવસે તમે રૂપિયા બધા ચૂક્તે કરી ગયા, ઉપરથી રૂપિયા ૧૦૦ જમા મૂકતા ગયા! પછી વિચાર કેમ બદલાઈ ગયો કે બીજી દુકાનેથી ઉપાડ કરવા માંડ્યા! જુઓ ચોપડો, તમારે હાથે જમા કરી ગયા છો!'

રામદાસ ચમક્યા. એ તો કંઈ જાણતા જ ન હતા! એમના ઠાકોરજી શ્રીનવનીતપ્રિયજી, રામદાસનું રૂપ ધરીને આ કાર્ય કરી ગયા હતા. મોદીએ ચોપડો બતાવ્યો. પ્રભુના સુંદર હસ્તાક્ષર જોયા. ખરેખર રૂા. ૧૦૦/- જમા પડેલા હતા. મોટી રકમનું દેવું પણ ચૂકવાઈ ગયું હતું. મોદી એમના મોં પરની મૂંઝવણ જોઈ શક્યો; પણ કંઈ સમજ્યો નહીં.

એને જેમતેમ સમજાવી દઈ, ત્યાંથી તેઓ વૈષ્ણવને ઘેર ગયા. કામ પતાવીને પાછા ઘેર આવી ગયા. એ રાત્રે એમને ઊંઘ ન આવી. વિચારો અને લાગણીઓનો ઉદ્રેક થઈ રહ્યો હતો, 'પ્રભુને મારે માટે આવો શ્રમ લેવો પડ્યો? આવું કેમ બન્યું? હું ઘરમાં અપરસમાં જ બેસી રહું, કામ-ધંધો કંઈ કરું નહીં; ત્યારે આવું બને ને! એ અપરસ - એ આચારધર્મ શા કામનો કે જેથી પ્રભુને પરિશ્રમ થાય! મારી મોટી ભૂલ થઈ ગઈ. હવે શું કરવું?'

'હવે હું પરદેશ જાઉં. પત્ની ઘેર રહીને પ્રભુની સેવા કરશે. હું કમાઈને એને દ્રવ્ય મોકલીશ.' એ વિચારે છે. 'પણ ક્યાં જાઉં? પ્રયાગ અનુકૂળ પડશે. મોટું શહેર છે. પ્રસિદ્ધ તીર્થ છે. કંઈ ને કંઈ કામ મળી રહેશે. વળી સામે જ અડેલ છે. શ્રીમહાપ્રભુજીનાં દર્શને પણ અવારનવાર જવાશે.'

પત્નીને સેવા સોંપી, પ્રભુને સુખ થાય તે રીતે કરવાની ભલામણ કરીને એ તો ઊપડ્યા. પ્રયાગમાં એમને બીજું કંઈ કામ નહીં, પણ સૈનિકની નોકરી મળી. નોકરીમાં દાખલ થઈ ગયા. પગાર સારો હતો. બીજી બધી રીતે અનુકૂળતા હતી, પણ સિપાઈગીરી કરતાં આચારધર્મ ક્યાંથી સચવાય? અપરસ ઓછી જ પળાય? પુષ્ટિ-સિદ્ધાન્ત મનમાં રમી રહ્યો હતો : બીજું બધું ભલે છૂટી જાય, ભગવત્સુખનો વિચાર ન છૂટવો જોઈએ.

સાપેક્ષતા સ્વામિ-સુખે, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ।

જ્યાં સ્વામીના સુખની જ અપેક્ષા રહે છે, તેનું નામ પુષ્ટિમાર્ગ.

- શ્રીહરિરાયજી

આમ કરતાં ઠીક ઠીક દિવસો વીત્યા. એક દિવસ રામદાસ શ્રીમહાપ્રભુજીનાં દર્શને અડેલ ગયા છે - એ જ સિપાઈના વેશમાં. હથિયાર બાંધેલાં છે. દર્શન થતાં જ ભાવવિવશ બની ગયા; લાંબા થઈને દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીમહાપ્રભુજીએ પ્રસન્નતા બતાવી અને વચનામૃત કર્યાં :

'રામદાસ, તોકો ધન્ય હૈ! તોકો ધન્ય હૈ!'

રામદાસ કંઈક બોલવા ગયા, પણ બોલી ન શક્યા. એમનો કંઠ રૂંધાઈ ગયો હતો. પાસે બેઠેલા વૈષ્ણવો વિચારમાં પડી ગયા. મનમાં આવ્યું કે શ્રીમહાપ્રભુજી આ ભાઈની પહેલાંની વાત જાણીને શાબાશી આપે છે. હવે એમનામાં શું રહ્યું છે? છેવટે જતાં ધર્મ છૂટી ગયો.

ત્યાં મનની વાતને જરા જુદી રીતે રજૂ કરતા, એક વૈષ્ણવ બોલ્યા : 'કૃપાનાથ! રામદાસજી બહુ સારા ભગવદીય હતા. કોઈથીય ન બને એવું એ પાળતા હતા. જળ પણ અપરસ વિના નહીં પીવાનું. ઠાકોરજીની સેવાનો વૈભવ પણ ઘણો હતો. પણ શું થાય, મહારાજ! વેળા વેળાની છાંયડી છે. હવે તો બિચારાનો બધોયે ધરમ છૂટી ગયો છે! પ્રભુ રાખે એમ રહેવાનું!'

શ્રીમહાપ્રભુજી આ કહેનારનો મર્મ સમજી ગયા. વૈષ્ણવના મનનો ભ્રમ દૂર કરવા પોતે આજ્ઞા કરી : 'અરે વૈષ્ણવ! એનો ધર્મ છૂટી ગયો નથી, પરિપૂર્ણ થયો છે; માટે જ હું એને ધન્યવાદ આપું છું. જો એ અપરસ અને આચારધર્મને જ વળગી રહ્યા હોત, પ્રભુએ ઋણ ચૂકવ્યું તેથી પ્રસન્ન થયા હોત, તો એ પુષ્ટિધર્મથી ચલિત થયા હોત! પ્રભુનું સુખ વિચારીને વ્યાવૃત્તિ કરવા નીકળ્યા છે. સાચો સિદ્ધાંત તો એ જ સમજ્યા છે! તમે રોજ કથાવાર્તા સાંભળો છો, છતાંયે સમજ્યા નહીં.'

'જોં લૌં હરિ આપુન પેં ન જનાવેં,
તોં લૌં સકલ સિદ્ધાંત માર્ગકો પઢે-સુને નહીં આવે.'

'વૈષ્ણવો, તમે જુઓ, એની ધીરજને પણ ધન્ય છે! તમામ દ્રવ્ય વપરાઈ ગયું, માથે ઋણ થયું, પ્રતિષ્ઠા હતી તેય ગુમાવી; છતાં એણે દુઃખ-ક્લેશ કર્યાં નથી; સેવાનો કે પ્રભુસુખનો આગ્રહ છોડ્યો નથી કે અભાવ પણ આવ્યો નથી. ભાવની દૃઢતા તો જુઓ.'

'આ માર્ગમાં ભગવાન ભક્તની દૃઢતાની કોઈ વાર કસોટી કરે છે, ત્યારે જો ધીરજ છૂટે તો ધર્મ ગયો કહેવાય! રામદાસનો ધર્મ ગયો નથી, પણ વૃદ્ધિંગત

થયો છે! ધર્મી સ્વરૂપ એવા પ્રભુના સુખ માટે તમામ ધર્મો છોડી શકાય છે. આ છે પુષ્ટિપથનું રહસ્ય! સમજ્યા?'

વૈષ્ણવો આ રહસ્ય સમજતાં આનંદિત થયા.

પછી સમય થતાં આપશ્રી સ્નાન કરવા પધાર્યા. ત્યાં વચમાં એક મોટો ખાડો પડેલો જોયો. 'આ ખાડો હજુ પુરાયો નથી?' એમ કહેતાં પોતે સ્નાનાર્થે પધાર્યા. થોડી વારમાં આપશ્રી પાછા પધાર્યા ત્યારે એ ખાડો પુરાઈ ગયેલો જોયો. રામદાસ પોતાના સૈનિકવેશમાં જ, કોદાળી-પાવડો લઈને એ ખાડો પૂરવા તરત મંડી ગયા હતા. આપશ્રીએ જોયું કે એમનાં કપડાં બધાં ધૂળથી ખરડાઈ ગયેલાં હતાં.

રામદાસની આ સેવા અને આવું આજ્ઞાપાલન જોતાં, આપશ્રી વળી અધિક પ્રસન્ન થયા. વૈષ્ણવો પણ અંદર-અંદર એમના ભાવની સરાહના કરી રહ્યા હતા.

●

વિશેષ નોંધ :

(૧) આધિદૈવિક સ્વરૂપ :

રામદાસ સારસ્વત - પ્રેમમંજરી (શ્રીરાધાસહચરીજીનાં સખી)

(૨) આધિભૌતિક સ્વરૂપ :

૧. વતન - જગન્નાથપુરી નજીકનું પૂર્વનું ગામ
૨. જ્ઞાતિ - સારસ્વત બ્રાહ્મણ
૩. સેવ્ય સ્વરૂપ - શ્રીનવનીતપ્રિયજી.

■

૮. ટેકની કસોટી

(શ્રી ગદાધરદાસ)

(૧)

તીર્થરાજ પ્રયાગમાં મકર-સ્નાનનો મોટો મેળો ભરાયો છે. કડાથી એક બ્રાહ્મણ યુવક ગદાધરદાસ ત્યાં સ્નાનાર્થે આવે છે. પોતાના કાકાને ઘેર તેઓ મુકામ કરે છે. શ્રીવલ્લભાધીશ પણ મકર-સ્નાન નિમિત્તે ત્યાં પધારેલા છે. કેટલાક શૈવી બ્રાહ્મણો શાસ્ત્રાર્થ માટે આપશ્રીની પાસે આવે છે. તેમની સાથે આ કાકો-ભત્રીજો પણ ત્યાં આવે છે. વાર્તાલાપ થાય છે.

શ્રીમહાપ્રભુજી બ્રાહ્મણોના પ્રશ્નોના સચોટ પ્રત્યુત્તરો આપે છે. ગદાધરદાસના કાકાએ પૂછયું : 'ભગવાન તો એક છે, તો જુદા જુદા વૈષ્ણવ સંપ્રદાયો રામને, નૃસિંહને, કૃષ્ણને, નારાયણને કેમ માને છે?

શ્રીવલ્લભે જવાબ આપ્યો : પૃથ્વીનો એક ચક્રવર્તી રાજા હોય, છતાં દરેક દેશના, ગામના જુદા જુદા રાજાઓ પણ હોય. તે બધા ચક્રવર્તી રાજાના આજ્ઞાપાલક હોય, પણ બધા કહેવાય તો રાજા જ. તેમ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ સર્વોપરી છે. બીજા બધા તેમના વ્યૂહ, અંશ, કલારૂપો છે; તેથી શ્રીકૃષ્ણના આજ્ઞાકારી છે, છતાં બધા ઠાકોર જ કહેવાય.'

ગદાધરદાસને એમાં બહુ રસ પડે છે. આપશ્રીની વાણીથી તે આકર્ષાય છે. દૈવી જીવ છે. ત્રીસેક વર્ષની યુવાન વય છે. મનમાં ઘણો ઉત્સાહ છે. સત્ય શોધવાની તમન્ના છે. શ્રીવલ્લભના સિદ્ધાંતો એમને સર્વશ્રેષ્ઠ લાગે છે. બ્રાહ્મણો વાર્તાલાપ કરીને ઊઠે છે; પણ ગદાધરદાસને ત્યાંથી ખસવું ગમતું નથી. એ બેસી રહે છે. પછી આપશ્રીનાં ચરણોમાં પડે છે અને વિનંતી કરે છે : 'કૃપાનાથ! મને શરણે લો.'

શ્રીવલ્લભ એમની પરીક્ષા કરતાં કહે છે : 'ગદાધર! તું વૈષ્ણવ થઈશ તે તારા કાકાને કેમ ગમશે? પહેલાં એમની રજા લઈ લે.'

ત્યારે ગદાધરદાસથી સહસા કહેવાઈ જાય છે : 'મહારાજ, એ બહિર્મુખ મને કેમ કરીને હા કહેશે! અને હવે મારે એ લોકો સાથે સંબંધ પણ શો રહેવાનો છે? આપનો વિરોધ કરનારા શૈવો સાથે મારે જલપાનનોયે સંબંધ ક્યાં રાખવો છે કે મારે એમનાથી ડરવાનું હોય. પ્રભુ! આપ મને સત્વરે શરણે લો તો સારું!' યુવકનાં આ ભાવભર્યાં વચનો સાંભળતાં શ્રીવલ્લભને ઘણો આનંદ થયો. પોતે કહે છે : 'અહા! અત્યારથી આવો આગ્રહી છે, તો વૈષ્ણવ થયા પછી કેવો ટેક નિભાવશે!'

ત્રિવેણીમાં સ્નાન કરવા મોકલે છે. પછી બ્રહ્મસંબંધ આપે છે. કર્તવ્ય પૂછતાં ભગવત્સેવાની આજ્ઞા કરે છે. સેવા માટે સ્વરૂપ જોઈએ. ગદાધરદાસ જાણતા હતા કે એમના કાકાને ઘેર, અગાઉના સમયનું મદનમોહનજીનું એક સ્વરૂપ છે. ગદાધરદાસ તે લેવા જાય છે. શ્રીવલ્લભને શરણે ગયાની વાત પણ કાકાને જણાવે છે. કાકા સમજે છે કે હવે આપણું કંઈ ચાલવાનું નથી. એ સ્વરૂપ એમને આપે છે. શ્રીવલ્લભ એ સ્વરૂપને પુષ્ટ કરી આપે છે. 'ભક્તિવર્ધિની' આદિ ગ્રંથો એમને સમજાવે છે. ગદાધરદાસના મનમાં એક વાત ખાસ ઊતરી જાય છે : **અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં, પૂજયા શ્રવણાદિભિઃ ।**

(શ્રીકૃષ્ણનાં સેવા અને સ્મરણ અવ્યાવૃત્ત થઈને કરવાં, ધંધો-રોજગાર છોડીને કરવાં, એ ઉત્તમ પક્ષ છે.)

જોકે વ્યાવૃત્તિની સાથે સાથે હરિમાં ચિત્ત રાખવાનો બીજો માર્ગ પણ આપશ્રીએ બતાવ્યો છે, પરંતુ બીજો તે બીજો! ઉત્તમ કક્ષાના અધિકારી ગદાધરદાસે અવ્યાવૃત્તિનો જ માર્ગ સ્વીકારી લીધો.

ઘરની યજમાનવૃત્તિ હતી. જન્મજાત વૈરાગ્યને લીધે પરણ્યા તો હતા જ નહીં. માતાપિતા પણ હરિશરણ થયેલાં હતાં. ઘરમાં એકલા રહેતા હતા. પ્રભુ પધરાવીને ઘેર આવ્યા. ઘર, પાત્રો વગેરે શુદ્ધ કર્યાં. સેવાક્રમ ચાલુ કર્યો. યજમાનોને ત્યાં જવાનું બંધ કરી દીધું. યજમાન સદ્ભાવ રાખીને ઘેર આવીને સ્વેચ્છાએ કંઈક આપી જાય તો ભલે! પોતે તો રાતદિવસ સેવા-સ્મરણમાં એકચિત્ત બની જાય છે! અને ત્યાગવૃત્તિ એવી છે કે જે દિવસે જે કંઈ આવે, તે સામગ્રી પ્રભુને આરોગાવે અને વૈષ્ણવોને બોલાવીને એ મહાપ્રસાદ લેવડાવી દે. આવતી કાલની ચિંતા નહીં. ગૃહસ્થ છતાં વિરક્ત! વૈષ્ણવો પ્રસન્ન થાય, તેમાં એમને પ્રભુની પ્રસન્નતા દેખાતી.

નાનપણથી સારું એવું ગ્રંથોનું અધ્યયન હતું. હવે સ્વમાર્ગીય ગ્રંથો શીખ્યા. કવિત્વના જન્મજાત સંસ્કારો હતા. સેવાસ્મરણ કરતાં કરતાં હૃદયમાં અપૂર્વ

ભક્તિભાવ પ્રકટ્યો અને સુંદર પદરચનાઓ કરવા લાગ્યા. કીર્તનો સ્ફૂરે તે ગાય, પ્રભુને રીઝવે અને વૈષ્ણવોને સંભળાવે; અને પ્રભુઈચ્છાથી જે કંઈ પ્રાપ્ત થાય એમાં આનંદથી રહે.

ઉત્તમ પદરચનામાં જે એકાગ્રતા જોઈએ તે અવ્યાવૃત્તિને કારણે એમને પ્રાપ્ત થયેલી; સાથે સાથે પ્રભુની અત્યંત કૃપા! શ્રીમદનમોહનજી સાનુભવ જતાવતા. આવા ભગવદીયની વાણી પ્રાસાદિક બને એમાં શું આશ્ચર્ય! એમનાં રચેલાં અતિ ઉચ્ચ કક્ષાનાં કાવ્યો પ્રસિદ્ધ છે.

વૈષ્ણવોનો એમના પ્રત્યે એવો સદ્ભાવ કે ઘેર આવે, સેવા વગેરેમાં એમને સહાયતા કરે, એમનો સત્સંગ કરીને ધન્યતા અનુભવે.

શ્રીમહાપ્રભુજીના સેવક વેણીદાસના ભાઈ માધવદાસ એક દિવસ એમને ઘેર આવ્યા. અંદરની સેવામાં તો એ જઈ શકે તેમ હતું નહીં. એમનું જીવન જ જુદા પ્રકારનું હતું. એમણે વેશ્યા રાખેલી હતી. એ માધવદાસ ઘેર આવ્યા ત્યાં વાત થઈ કે આજે રાજભોગમાં ધરવા માટે કંઈ શાક નથી.

માધવદાસ પૂછે છે : 'ભાઈ, મારું લાવેલું કામ આવે તો હું શાક લાવી આપું.' ગદાધરદાસે હા કહી.

ભગવદીયો કોઈના દોષ જોતા નથી. વળી, માધવદાસની વાણીમાં એમને દીનતા દેખાઈ. જ્યાં દીનતા ત્યાં પ્રભુની પ્રસન્નતા!

માધવદાસ ગયા. ખેતરમાંથી ચીલ (બથવા)ની ભાજી લઈ આવ્યા. પછી પૂછે છે : 'ભાઈ, મારી સુધારેલી (સમારેલી) કામ આવશે?'

ગદાધરદાસે સંમતિ આપી. માધવદાસે તે ભાજી સ્વચ્છ કરીને, સરસ તૈયાર કરી દીધી. પછી પ્રભુને રાજભોગ ધરાયો. ગદાધરદાસના અંતરમાં એવો અનુભવ થયો કે આજે ભાજી પ્રભુ ઘણી પ્રસન્નતાથી આરોગી રહ્યા છે!

પછી વૈષ્ણવોને પ્રસાદ લેવા બેસાડ્યા. એમણે ભાજીના અદ્ભુત સ્વાદની સરાહના કરી. ગદાધરદાસ વિશેષ પ્રસન્ન થયા. એમનાથી કહેવાઈ ગયું : 'માધવદાસ! તમારી આજની સેવા ઘણી સુંદર થઈ છે. કહું છું કે પ્રભુકૃપાથી તમને સુદૃઢ ભક્તિ પ્રાપ્ત થશે.' અને એ આશીર્વાદ ફળ્યા.

તે દિવસથી માધવદાસનું જીવન નિર્મળ થતું ગયું. એ સારા ભગવદીય બની ગયા. એવો હતો ગદાધરદાસજીના વચનનો પ્રતાપ!

◆

(૨) પરિતાપની પરાકાષ્ઠા

ભગવાન ભગવદીયની કસોટી કરે છે, ત્યારે જ પૂર્ણ ફળનું દાન આપે છે! વિદ્યાર્થી ગમે તેવો હોશિયાર હોય, પણ પરીક્ષા વખતે જ તેની સાચી કસોટી થાય છે. એમાં પાર ઊતરે ત્યારે ખરો!

ગદાધરદાસને એક વાર એવો પ્રસંગ બન્યો. ઘરમાં કંઈ પણ હતું નહીં. યજમાનને ત્યાંથી પણ કંઈ આવ્યું નહીં. તે દિવસે મંગળાથી શયન પર્યન્ત પ્રભુને કંઈ પણ સામગ્રી ધરી શક્યા નહીં. કોઈની પાસે કંઈ માગવું તો નહીં જ-એવું વ્રત હતું. ઉધાર લાવવાનું પણ સિદ્ધાંત-વિરુદ્ધ! એમણે કોઈને કંઈ પણ કહ્યું નહીં. પ્રત્યેક સમયના ભોગમાં પ્રભુને માત્ર જળની લોટી ધરતા ગયા.

માનસી તો એમને સિદ્ધ હતી. માનસીમાં ઘણીયે સામગ્રીઓ ધરી હશે, પણ પ્રકટ બિરાજતા પ્રભુને પ્રત્યક્ષ સામગ્રી ધરી શકાઈ નહીં. વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવી શકાયો નહીં. બધો નિત્યક્રમ આજે છૂટ્યો. મનમાં ભારે પરિતાપ થયો. પ્રભુને શયન કરાવીને આખા દિવસના ભૂખ્યા પોતે સૂઈ ગયા. મનમાં મોટી ઊથલપાથલ છે, 'આજે મારા પ્રભુને અત્યંત શ્રમ થઈ રહ્યો છે!'

આમ, એમને વિરહાર્તિનું પ્રદાન પ્રભુએ કરી દીધું, પણ પછી પ્રભુ એમનો ક્લેશ સહી શક્યા નહીં. મોડી રાત્રે બુદ્ધિપ્રેરક ભગવાને એક યજમાનને પ્રેરણા કરી. યજમાન એમને ઘેર આવ્યો. સીધુ-સામગ્રી અને સાથે રૂપિયા ચાર દક્ષિણાના પણ લાવ્યો હતો. આજ એને ઘેર શ્રાદ્ધ હતું. ગોરને આપવા માટે સીધુ કાઢેલું તે રાત્રે એને યાદ આવ્યું. એ લઈને આપવા માટે આવ્યો. બારણાં ખખડાવીને ઊઘડાવ્યાં. લાવેલું બધું આપ્યું. ગદાધરદાસ રાજી થયા અને તરત દોડ્યા બજારમાં. બજાર તો બંધ હતું, પણ એક કંદોઈ બીજે દિવસે વેચવા માટે જલેબી બનાવી રહ્યો હતો. ઘીની સુવાસથી મઘમઘતી તાજી સુંદર કેસરી જલેબી! ગદાધરદાસને એ જોતાં જ ગમી ગઈ. પૂછ્યુંઃ 'ભાઈ, આમાંથી કોઈને વેચી તો નથી ને? ચાખી પણ નથી ને?'

'ના મહારાજ, હજી હમણાં જ તૈયાર કરવા માંડી છે. લઈ જાઓ.' - કંદોઈએ ખાત્રી આપી. પૈસા આપીને એમણે જલેબી લઈ લીધી. ઘેર આવી, અપરસમાં નાહીને પ્રભુને જગાડીને એ જલેબી ભોગ ધરી. હવે એમના મનમાં ટાઢક વળી. પણ હજી એ અધૂરી હતી. પ્રભુને પોઢાવીને પાડોશમાંથી એક-બે વૈષ્ણવોને બોલાવી લાવ્યા. મહાપ્રસાદ એમને લેવડાવી દીધો, પછી પોતે ભૂખ્યા જ સૂઈ ગયા.

બધું નવાઈ જેવું તો ખરું જ! કંદોઈની દુકાનની જલેબી પ્રભુને ભોગ ધરાય? એ કંઈ વ્રજમાં પણ નહોતા. તો પછી કેમ ધરી? કેવળ પ્રભુના સુખનો વિચાર જ મનમાં રમી રહ્યો હતો, 'મારા પ્રભુ ભૂખ્યા છે! જલદી શું ધરી શકાય?' માત્ર એટલું જ જોયું કે સામગ્રી અર્ધભુક્ત નથી. કોઈને વેચી નથી, ચાખી નથી! 'સિદ્ધાન્ત-રહસ્ય'માં શ્રીવલ્લભ એ જ આજ્ઞા કરે છે કે 'દેવાધિદેવને તમે અર્ધભુક્ત વસ્તુ ન ધરશો.'

અને, શયન કરીને પ્રભુને પોઢાવ્યા પછી રાત્રે ફરી જગાવાય ખરા? ના. છતાં, એ પણ કર્યું. હૃદયમાં તાપ છે ને કે મારા પ્રભુ ભૂખ્યા છે! પરિતાપનીયે પરાકાષ્ઠા! કૃષ્ણદાસ મેઘન, શ્રીવલ્લભ ભૂખ્યા પોઢેલા ત્યારે, જીવને જોખમે જઈને મુરમુરા લઈ આવેલા! આપશ્રીને જગાવીને આરોગાવેલા! એવો જ ભાવ અહીં ગદાધરદાસને શ્રીઠાકોરજીમાં પ્રકટ થયો હતો. વસ્તુતઃ તો બન્ને સ્વરૂપો એક જ છે ને!

આવા હતા આપણા મહાન ભગવદીય ગદાધરદાસજી!

●

(૩) હાંસીમાંયે હિત!

ભગવદ્ભક્તોના નિંદકો ઘણા હોય છે. ભગવદીયોની હાંસી ઉડાવવામાં પણ એમને રસ પડે છે!

ગદાધરદાસ બ્રાહ્મણ વૈષ્ણવ હતા. એમનાં સગાં-સંબંધી અને પાડોશી શૈવ હતાં. એ જમાનામાં શૈવો અને વૈષ્ણવો વચ્ચે કેટલોક વિરોધ ચાલે. નરસિંહ મહેતા જેવાનીય ઠેકડી ઉડાવવામાં નાગરી ન્યાતે, એમનાં વેવાઈ-વેવાણે ક્યાં કશું બાકી રાખ્યું હતું?

એક વાર કોઈ એક વણઝારો કડા ગામમાં આવી પહોંચ્યો. એને પોતાના સામાનની હેરફેર માટે બળદ (પોઠિયા)ની જરૂર હતી. વણઝારો ગદાધરદાસના ફળિયામાંથી પસાર થતો હતો, ત્યાં એક ઓટલા પર બેઠેલા બેચાર બ્રાહ્મણોને જોઈને સહજ પૂછયું : 'ભાઈ, મારે બળદ ખરીદવા છે. ક્યાં મળશે?'

લાડુના જમણથી તૃપ્ત અને ભાંગના ઘેનમાં મસ્ત એવા એક ભૂદેવને આ વખતે મશ્કરી સૂઝી. એ બોલ્યોઃ 'જો, પેલું ઘર દેખાય છે ને! ત્યાં એક ગદાધર કરીને રહે છે. એ બળદની દલાલી કરે છે. એને ઘેર જઈને વાત કર. તારે જોઇએ તેવા બળદિયા લાવી આપશે. પણ જોજે, એ જરા અડિયલ માણસ છે. સીધી રીતે હા નહીં કહે. તું કેડો લેજે. ના કહે તોય આગળથી રૂપિયા એને આપી દેજે ને! પછી તારું કામ પાર પડ્યું સમજજે!'

બિચારા વણઝારાએ વાત સાચી માની લીધી. ગદાધરદાસ પાસે આવીને એણે બળદ લાવી આપવાનું કહ્યું. એમણે એને ઘણીયે ના કહી અને સમજાવ્યો : 'ભાઈ, હું બળદ વિશે કશું જાણતો જ નથી. મારાથી તારું કામ નહીં થાય. તું જા.' પણ પેલાએ તો રૂપિયા એક સો પૂરા ગજવામાંથી કાઢીને મૂકી દીધા અને કહ્યું : 'જુઓ મહારાજ! તમારા ફળિયાવાળાએ જ મને કહ્યું છે કે તમે બળદની દલાલી કરો છો. હું તમારી વાત નહીં માનું. કાલે આ વખતે પાછો આવીશ. તમે તમારે બળદો લાવી રાખજો, ભાઈ સાહેબ!' આમ કહીને એ સીધો જ ત્યાંથી ચાલી નીકળ્યો.

ગદાધરદાસની એક જ રીત હતી : જે આવે તે પ્રભુને અંગીકાર કરાવી દેવું અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો. આજ તો મોટો મનોરથ કરવાનો આવ્યો. એ સમયમાં રૂપિયા ૧૦૦/-માં તો પુષ્કળ સીધુ-સામગ્રી આવે. એ બધું લાવ્યા. બીજે દિવસે વૈષ્ણવોને ઘેર બોલાવ્યા. વિવિધ સામગ્રીઓ સિદ્ધ કરી, પ્રભુને ભોગ ધર્યો અને કેટલાક વૈષ્ણવોને પ્રસાદ લેવા નોતર્યા.

બપોરનો સમય છે. વૈષ્ણવો બધા પ્રસાદ લેવા બેઠા છે, અને પેલો વણઝારો આવ્યો : 'લાવો મહારાજ! બળદ લાવીને ક્યાં બાંધ્યા છે? બતાવો એટલે હું જોઈ લઉં!'

ગદાધરદાસ કહે છે : 'ભાઈ, બાંધ્યા નથી; છૂટા જ છે. જો અહીં જ બેઠા બેઠા ચરી રહ્યા છે.'

વણઝારો ગૂંચવાયો : 'મહારાજ, આ તો માણસો જમવા બેઠા છે, હું તો બળદની તો બળદની વાત કરું છું.'

'એવું નથી ભાઈ! જો સાંભળ, શ્રીકૃષ્ણ ભગવાન ગાયો ચરાવતા હતા. બળદ ગાયોના પુત્ર ને! એટલે કૃષ્ણભક્તો-વૈષ્ણવો-ભગવાનના બળદો જ કહેવાય! બળદ બધું કામ કરે, તેમ અમારા આ વૈષ્ણવો; જે સેવા આપીએ તે કરી આપે છે. આ જે જમી રહ્યા છે તે મહાપ્રસાદ પણ તારા જ રૂપિયાનો છે. ભગવાનના બળદો એ ખાઈ રહ્યા છે; માટે આ બધાંમાંથી જે પસંદ પડે તેમને તું લઈ જા.'

વણઝારો વધુ અકળાયો : 'મહારાજ, તમે મારી મશ્કરી કરો છો.'

ગદાધરદાસ કહે છે : 'ભાઈ, મશ્કરી નથી કરતો. કાલે તને સલાહ આપનારા મારા હિતસ્વીઓએ, ખરી મશ્કરી તો કરેલી!'

પછી એમણે માંડીને બધી વાત વણઝારાને સમજાવી. સાથે સાથે વૈષ્ણવ ધર્મની વાત પણ સમજાવી અને પછી એને પણ ત્યાં પ્રસાદ લેવા બેસાડ્યો.

પ્રભુનો પ્રસાદ અને તે આવા મહાનુભાવના હાથનો લેતાં, વણઝારાની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. મૂળનો તો એ દૈવી જીવ હતો જ. આટલા સત્સંગથી એનું મન બદલાઈ ગયું. એ કહેવા લાગ્યો : 'મહારાજ, મને વૈષ્ણવ કરો. ભલું થજો તમારા પાડોશીઓનું કે એમને આવી હાંસી કરવાનું સૂઝ્યું. જોકે એમની વાત સાચી પણ પડી છે. એમણે કહેલું કે તારું કામ થઈ જશે અને તે ખરેખર થઈ ગયું.'

ગદાધરદાસે પછી પત્ર લખી આપીને એને અડેલ મોકલ્યો અને શ્રીમહાપ્રભુજીનો સેવક કરાવ્યો. વણઝારો સારો વૈષ્ણવ થઈ ગયો.

ભગવાન પોતાના જનને કેવી વિચિત્ર રીતે પણ ખેંચી લે છે, એની આ એક અદ્‌ભુત વાત ગણાય!

●

સિદ્ધાંત નવનીત

(૧) ગદાધરદાસનાં રચેલાં કીર્તનો ઉપરથી એમનો ઉચ્ચ કોટિનો ભાવ, એમની વિદ્વત્તા અને વિશિષ્ટ કવિત્વશક્તિનો સુંદર પરિચય પ્રાપ્ત થાય છે. એવાં અનેક પદોમાંથી થોડાંકનો ઉલ્લેખ કરું.

૧. **સુંદર શ્યામ સુજાન સિરોમણિ, દેહું કહા કહી ગારી જૂ;**
બડે લોગકે અવગુન બરનત, સકુચ હોત જિય ભારી જૂ.
૨. **આજ કહુઁ તેં યા ગોકુલમેં, અદ્‌ભુત બરખા આઈ હો.**
(જન્માષ્ટમીની વધાઈ છે. અદ્‌ભુત વૃષ્ટિનું રૂપક છે.)
૩. **શ્રીગોકુલ રાજકુમાર લાલ રંગભીને હો.**
(ધમારનાં પદોમાં છે. સરસ આલંકારિક વર્ણન છે.)
૪. **નવલ વ્રજરાજકો લાલ ઠાડો સખિ.** (મંગળાનું કીર્તન છે.)
૫. **આજ નંદલાલ મુખચંદ્ર નૈનન નિરખ.** (મંગળાનું કીર્તન છે.)

●

આ કીર્તનોનો અર્થ તથા અવગાહન અને ગાન અંતરમાં અલૌકિક આનંદ પ્રગટાવનારાં છે.

(૨) **શ્રીઠાકોરજીએ ગદાધરદાસના કાકાનું મન ફેરવ્યું અને ઠાકોરજીનું સ્વરૂપ ગદાધરદાસને હમેશાં માટે આપી દીધું**, કારણ કે ભગવદીય જેનું ઘર છોડે, ત્યાં શ્રીઠાકોરજી પણ કદાપિ ન બિરાજે. ગદાધરદાસે કાકાના ઘરનો ત્યાગ કર્યો, તેથી શ્રીઠાકોરજી પણ ત્યાંથી પધારી ગયા.

(૩) **ગદાધરદાસે જળની લોટી ધરી, પણ સામગ્રી ઉધાર ન લાવ્યા;** કારણ કે ઉધાર લાવેલી વસ્તુની કિંમત ન ચૂકવાય, ત્યાં સુધી તેના પર ઉધાર આપનારની સત્તા ગણાય. તેથી તેનું કરજ ન ચૂકવાય, ત્યાં સુધી તે આપણી સેવા બનતી નથી. શ્રીગુસાંઈજીની સ્પષ્ટ આજ્ઞા છે કે અન્યના દ્રવ્યથી સેવા કરવી નહીં. વળી, આવતી કાલની કોઈને ખબર નથી. ઉધાર લીધેલ કરજ ચૂકવાય તે પહેલાં જો મૃત્યુ થાય તો તે કરજ ચૂકવવા બીજો જન્મ લેવો પડે.

(૪) **ગદાધરદાસે જળની લોટી ધરવા ઉપરાંત માનસીમાં સર્વ સામગ્રી ધરી હતી, છતાં તેમને પરિતાપ કેમ થયો?**

તેનું કારણ એ છે કે માનસીમાં આરોગાવેલી સામગ્રીઓથી વૈષ્ણવનું સમાધાન થઈ શક્યું નહીં. બીજું, તેમની ઇન્દ્રિયોને તે દિવસે સેવા ન મળી! પુષ્ટિમાર્ગની રીત એ છે કે પોતાના હાથથી અને પોતાના દ્રવ્યથી સામગ્રી સિદ્ધ કરી ભોગ ધરતાં, વ્રજભક્તોના ભાવથી માનસી કરવી. આપણા હાથે સામગ્રી સિદ્ધ કરી ભોગ ધરવામાં પ્રીતિ ન હોય, તો વ્રજભક્તોનો ભાવ છૂટી જાય છે. પછી તે મર્યાદા-માર્ગની રીત બની જાય છે.

(૫) **ગદાધરદાસ પર વૈષ્ણવો પ્રસન્ન હતા**, કારણ કે તેમના પર શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી પ્રસન્ન હતા. આ બંને સ્વરૂપો હમેશાં વૈષ્ણવના હૃદયમાં બિરાજમાન છે અને બુદ્ધિપ્રેરક છે. નિષ્કપટ અને શુદ્ધ ભાવવાળા વૈષ્ણવ પર શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ સદા પ્રસન્ન રહે છે.

(૬) **શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગ્યા છે તેની ખાતરી શી?**

જ્યારે વૈષ્ણવ મહાપ્રસાદ લઈ, તેની સરાહના કરે, ત્યારે જાણવું કે શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગ્યા છે. ત્યારે શ્રીઠાકોરજીની અને વૈષ્ણવની બંને સેવા સિદ્ધ થાય છે.

(૭) **માધવદાસ લોકમાં પ્રતિષ્ઠિત ન હતા**, પરંતુ તેમના હૃદયમાં પ્રભુ પ્રત્યે શુદ્ધ પ્રેમ હતો અને દીનતા હતી, તેથી તેમની સેવા શ્રીઠાકોરજીએ અંગીકાર

કરી. આ પુષ્ટિમાર્ગની વિશેષતા છે. દીન, હીન, પતિતની સેવા અંગીકાર કરી પ્રભુ તેને પણ શુદ્ધ કરે છે.

(૮) ગદાધરદાસનું વૈષ્ણવ-મહિમા વર્ણવતું નીચેનું પદ ચિંતનીય છે :

ગોવિંદ પદપલ્લવ સિર પર બિરાજમાન,
તિનકો કહા કહિ આવૈ સુખકો પ્રમાન ।
બ્રજ દિનેસ દેસ બસત, કાલાનલ હૂ ન ત્રસત,
વિલસત મન હુલસત કરિ લીલા રસપાન ।
ભીંજૈ નિત નૈન રહત, હરિકે કહત ગુનગાન,
જાનત નહીં ત્રિવિધ તાપ, માનત નહીં આન ।
તિનકે મુખકમલ દરસ, પાવસ પદરેનુ પરસ,
અધમ જન 'ગદાધર' સે પાવત સન્માન ।

(૯) ગદાધરદાસજીનું નિત્યલીલાનું સ્વરૂપ :

લીલાનું નામ - કલકંઠી, શ્રીરાધાસહચરીજીનાં કુમારિકાઓનાં યૂથનાં સખી.
લીલામાં સેવા - શ્રીરાધાસહચરીજી ગાન કરે, ત્યારે તેમાં સૂર પુરાવવાની. તેમનો કંઠ બહુ મધુર છે. શ્રીયમુનાજીનો દૃઢ આશ્રય છે.

ભૂતળ પરનું સ્વરૂપ :
જ્ઞાતિ - કપિલ સારસ્વત બ્રાહ્મણ
વતન - પ્રયાગ નજીકનું કડા ગામ
સેવ્ય સ્વરૂપ - શ્રીમદનમોહનજી (હાલ જામનગર)

■

---

૯. મનોરથ : મોતીની માળાનો

(શ્રી વેણીદાસ તથા માધવદાસ)

શ્રીમહાપ્રભુજીના સેવક વેણીદાસ અને માધવદાસ બે ભાઈઓ. વેણીદાસ વ્યવહારુ અને માધવદાસ ધૂની સ્વભાવના હતા.

ગદાધરદાસે આશીર્વાદ આપ્યા, ત્યારથી માધવદાસનું જીવન નિર્મળ થવા લાગ્યું. વેશ્યા હતી તેને દૂર કરી, પોતે ભગવત્સેવાને માર્ગે ચઢ્યા. જે ધૂન લૌકિકમાં હતી તે હવે અલૌકિકમાં લાગી ગઈ.

એક વખત કોઈ ઝવેરી કીમતી મોતીની માળાઓ લઈને કડા ગામે આવ્યા. એમાં એક તો અત્યંત સુંદર માળા હતી. એની કિંમત પણ ઘણી મોટી હતી. માધવદાસને એ જોતાં જ મન થઈ ગયું : 'મારા શ્રીનવનીતપ્રિયજીને આવી માળા ધરાવું તો કેવું સારું!'

એ વેણીદાસને કહે છે : 'મોટાભાઈ, મારે આ માળા લેવી છે. એ ધરાવીએ તો પ્રભુ કેવા રીઝે!'

'અરે, આ તું શું બોલ્યો! આપણું ગજુ નથી કે આ માળા માટે આટલું ખર્ચ કરીએ.' ભાઈએ વ્યવહારુ વિચાર કરતાં ના પાડી.

'પ્રભુ-સુખના મનોરથમાં ખર્ચનો વિચાર કરાય?' માધવદાસે કહ્યું.

જવાબ મળ્યો : 'જે ખર્ચ કરીએ છીએ, તે પ્રભુને માટે જ કરીએ છીએ ને! માળાથી શું વધારે છે!'

પણ માધવદાસને તો ખરી ધૂન લાગી હતી. એ બોલ્યા : 'ભાઈ, તમે ખર્ચ ન કરશો; મારે કરવું છે. ચાલો, આપણે ભાગ વહેંચી લઈએ. તમે તમારી રીતે રહો અને હું મારી રીતે!'

મિલકતની વહેંચણી થઈ ગઈ, પણ માધવદાસના ભાગમાં આવેલી રકમ માળા ખરીદવા માટે પૂરતી ન હતી. એટલે એ મૂડી લઈને દક્ષિણ પ્રદેશમાં વેપાર કરવા માટે ગયા. ત્યાં સારું કમાયા. અનેક સ્થળે શોધીને, પેલી માળાથીયે ઉત્તમ અને કીમતી મોતીની માળા ખરીદી. પછી તે લઈને ખૂબ ઉમંગભેર ઘેર આવવા નીકળ્યા.

રસ્તામાં એક મોટી નદી આવી. બીજા પ્રવાસીઓ સાથે એ પણ નાવમાં બેઠા. નાવ મધ્યધારાએ પહોંચી, ત્યાં તો વાવાઝોડું થયું. નાવ હાલકડોલક થઈ રહી છે. પ્રવાસીઓ ગભરાઈ ઊઠ્યા છે; મૃત્યુને સમીપ આવતું જોઈને સૌ કકળાટ કરી રહ્યા છે, પણ એક નવાઈની વાત! માધવદાસ હસી રહ્યા છે, ધીમું ધીમું કંઈક બોલી રહ્યા છે. સૌને લાગે છે કે 'આ કોઈ મહાપુરુષ છે. એને મરણનો પણ ભય નથી.'

એ હસે જ ને! શ્રીનવનીતપ્રિયજી એમને દર્શન આપી રહ્યા છે. દસેક વર્ષના બાળકના હાથમાં લાલ લાકડી છે. લાકડી નાવમાં દબાવી રહ્યા છે અને કહી રહ્યા છે : 'માધવદાસ, તું મને છોડીને કેમ ગયો?'

'પ્રભુ, આપને માટે માળા લેવા ગયેલો.'

ઠાકોરજી આજ્ઞા કરે છે : 'તું જો, મારી પાસે કેવી રીતે માળાઓ છે!' પોતે ધરેલી કીમતી મુક્તામાળાઓ પ્રભુ બતાવે છે.

માધવદાસ કહે છે : 'પ્રભુ એમાં શું! મારા મનોરથની માળા અંગીકાર કરો, ત્યારે મને આનંદ થાય ને!'

શ્રીઠાકોરજી કહે છે : 'હું નાવ ડુબાવું છું. મરી જઈશ તો માળા મને કેવી રીતે ધરીશ? તારું બળ કેટલું? બોલ, નાવ ડુબાવું ને?'

બિલકુલ ગભરાયા વિના, માધવદાસ કહે છે, નિજેચ્છાતઃ કરિષ્યતિ । આપની ઈચ્છામાં આવે તેમ કરો. એમનું મુખ હસી રહ્યું છે.

આવી દઢતા જોઈને પ્રભુ પ્રસન્ન થયા. લાકડી ઉઠાવી લીધી. બહાર વાવાઝોડું શમી ગયું. નાવ બચી ગઈ. લોકો સમજ્યા કે આ ભક્ત સાથે હોવાથી, એમને પ્રતાપે જ આપણે સૌ બચ્યાં. સૌ માધવદાસને આભાર માનવા લાગ્યાં. નાવ કિનારે પહોંચી. માધવદાસ પ્રવાસ પૂરો કરીને પોતાને ઘરે આવ્યા. મનોરથની માળા પોતાના ઠાકોરજીને ધરી. ભગવદીય અને ભગવાન બન્ને ખૂબ પ્રસન્ન થયા.

અત્યારે પણ એ માળા ધરાય છે, જે માધવદાસની માળાને નામે ઓળખાય છે!

ભગવદીયની ભાવનાનો કેવો અવનવો વિલાસ!

◆

સિદ્ધાંત નવનીત

(૧) પ્રભુના સુખનો મનોરથ, એ જ પુષ્ટિ-ભક્તોનું સર્વસ્વ હોય છે. જપ, તપ, તીર્થ, વ્રતાદિ સાધનો મર્યાદા જીવોને ગમે છે.

સાપેક્ષતા સ્વામીસુખે, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે!

- હરિરાયજી

(૨) **'કિમાસનં તે ગરુડાસનાય । કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય ।'** - એ શ્લોકમાં દર્શાવેલ વિચારો મર્યાદા જીવો માટે છે. ગરુડાસન, કૌસ્તુભ-ભૂષણ, લક્ષ્મીપતિ પુષ્ટિભક્તોના સેવ્ય નથી; શ્રીયશોદોત્સંગલાલિત સેવ્ય છે. ભક્તની અલ્પ વસ્તુની પણ તે અપેક્ષા રાખે છે, એનાથી સંતુષ્ટ થાય છે - **સ્વલ્પવસ્તુષુ તોષિતઃ ।**

શ્રીવલ્લભના સેવામાર્ગની આ વિશેષતા છે.

(૩) **ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ।**

'પ્રભુના સ્વરૂપની સેવા માટે જ પુષ્ટિજીવને પ્રકટ કર્યા છે, બીજા કોઈ હેતુથી નહીં.' - શ્રીમદાચાર્યચરણ.

એટલે કોઈ પણ સંજોગોમાં તનુ-વિત્તજા સેવાને ગૌણતા ન આપવી જોઈએ. જો માધવદાસે વિચાર્યું હોત કે કૌસ્તુભમણિના આભૂષણવાળા ભગવાનને મારી મોતીની માળાની શી જરૂર છે? તો તેમનો પુષ્ટિભાવ નષ્ટ થઈ ગયો હોત.

(૪) નાવમાં પ્રભુએ જે અનુભવ કરાવ્યો, તે એટલા માટે કે માધવદાસને પોતાના પ્રયત્નનું અભિમાન ન આવે. સેવામાં દૈન્ય આવશ્યક છે. નારાયણદાસ બ્રહ્મચારીએ કરી બતાવ્યું છે એ પ્રકારે દૈન્ય કરી શકાય - પુષ્ટિસ્વરૂપને ભૂલીને, મર્યાદાભાવનાથી નહીં.

'સેવાયાં વા કથાયાં વા' અનુસાર નામ-સેવા કરનારે પણ સ્વરૂપ-સેવાની ગૌણતા ક્યારેય ન દર્શાવવી જોઈએ. અહીં સેવાને પ્રથમ સ્થાન છે. સ્વરૂપસેવા તો પુષ્ટિમાર્ગના પ્રાણરૂપ છે! રાગ-ભોગ-શૃંગારથી પ્રભુને લાડ લડાવવામાં જ અસંખ્ય પુષ્ટિભક્તોએ જીવનની સાર્થક્તા અનુભવી છે.

સપ્તશ્લોકીમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુ આજ્ઞા કરે છે કે **'મધુભિત્ સેવાખ્ય ।'**

'શ્રીઠાકોરજીનું દુર્લભ મિલનસુખ પ્રાપ્ત કરાવનાર, અદ્‌ભુત સેવામાર્ગ શ્રીવલ્લભે પ્રગટ કર્યો છે.'

એ સેવામાર્ગનું સાચું સ્વરૂપ આવા ભગવદીયોના વાર્તાપ્રસંગો આપણને સમજાવે છે.

(૫) નિત્યલીલામાં અલૌકિક સ્વરૂપ :

વેણીદાસ - શ્રીવૃષભાનજીના ગાડાના બળદ; ઋષભ સખાને શીંગડું મારવાના અપરાધથી ભૂતળ-ગમન.
માધવદાસ - શ્રીલલિતાજીની સખી રત્નપ્રભા.

ભૂતળ પરનું સ્વરૂપ :

વેણીદાસ અને માધવદાસ - બે સગા ભાઈ
જ્ઞાતિ - ક્ષત્રિય
વતન - પ્રયાગ નજીક આવેલું કડા ગામ
સેવ્યસ્વરૂપ - શ્રીનવનીતપ્રિયજી

■

૯(૧) સ્ત્રી-શૂદ્રનો ઉદ્ધાર કરવા સમર્થ

(માધવદાસે રાખેલી વેશ્યા)

માધવદાસ એક વેશ્યાના પરિચયમાં આવ્યા. તેમણે તેને પોતાના ઘરમાં સ્થાન આપ્યું. આથી કડાના વૈષ્ણવોને ઘણું દુઃખ થયું. તેઓ માધવદાસને ઘણું સમજાવવા લાગ્યા, પરંતુ માધવદાસ કોઈની વાત કાને ધરતા નહીં. આથી વૈષ્ણવો માધવદાસની નિંદા કરતા.

થોડા સમય બાદ શ્રીમહાપ્રભુજી કડા પધાર્યા, ત્યારે વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી : 'મહારાજ, માધવદાસે વેશ્યાને ઘરમાં રાખી છે. અમે ઘણું સમજાવ્યા, પણ તેનો ત્યાગ કરતા નથી.'

શ્રીમહાપ્રભુજીએ માધવદાસને પૂછ્યું, ત્યારે માધવદાસે કહ્યું : 'હા, મહારાજ, મારું મન તેના ઉપર આસક્ત થયું છે તેથી રાખી છે.'

શ્રીમહાપ્રભુજીએ માધવદાસને આ વાત ત્રણ વખત પૂછી. માધવદાસે ત્રણે વખત આ એક જ જવાબ આપ્યો, તે સાંભળી શ્રીમહાપ્રભુજી મૌન રહ્યા.

વૈષ્ણવોએ કહ્યું : 'મહારાજ, જોયું? માધવદાસે તો હવે આપની આમન્યા પણ તોડી! છતાં આપ તેમને કેમ કંઈ કહેતા નથી?'

'વૈષ્ણવો, તમે આ બાબતની ચિંતા ન કરો. માધવદાસનું મન વેશ્યા પર ભલે આસક્ત છે. તે મનને લૌકિકમાંથી અલૌકિકમાં આસક્ત કરવાની પ્રભુ કૃપા કરશે, ત્યારે જરાયે સમય નહીં લાગે. ગદાધરદાસ જેવા ભગવદીયના તેમને આશીર્વાદ મળ્યા છે કે તમારી ભક્તિ દૃઢ થશે. ભગવદીયના આશીર્વાદ કદાપિ મિથ્યા ન થાય; માટે આ બધી પ્રભુની લીલા છે, એમ માની ચિંતા ન કરશો.' શ્રીમહાપ્રભુજીની માધવદાસ પર એવી કૃપા થઈ કે તેમનું લૌકિકાસક્ત મન બદલાયું. તેમણે વેશ્યાનો સંગ છોડ્યો. તેઓ વૈષ્ણવતાની રીતે જીવન વ્યતીત કરતાં ઉત્તમ વૈષ્ણવ બન્યા. તેમનું મન પ્રભુમાં આસક્ત થયું.

માધવદાસથી ત્યજાયેલી વેશ્યાને પણ પોતાના જીવન પર ભારે નફરત આવી. તેણે વિચાર કર્યો : 'પ્રભુએ મને માધવદાસ જેવા વૈષ્ણવનો સંગ કરાવ્યો છે. મારું અત્યાર સુધીનું જીવન ભલે પાપમય હોય, પણ હવે મારે પણ વૈષ્ણવી જીવન જીવવું છે. તે જુદું ઘર લઈને રહેવા લાગી. વેશ્યાનો વ્યવસાય છોડી

દીધો. તે ઘી ચોપડ્યા વિનાની રોટલી-ભાખરી ખાઈ પંદર વર્ષ સુધી ત્યાગમય જીવન જીવી. ત્યાર બાદ શ્રીગુસાંઈજી કડા પધાર્યા, ત્યારે તે બાઈ શ્રીગુસાંઈજી પાસે આવી અને એણે વિનંતી કરી : 'મહારાજ, મને શરણે લો.'

'બાઈ, અમે વેશ્યાને કેવી રીતે સેવક કરીએ?'

આ સાંભળી તે બાઈ ખૂબ દુઃખી ગઈ. ઘેર પાછી ફરી. અન્નજળનો ત્યાગ કરીને ઘરના એક ખૂણામાં પડી રહી. આમ, આઠ દિવસ વીતી ગયા. તે બાઈ દિવસમાં એક વખત શ્રીગુસાંઈજીના મુકામે આવી, દૂરથી દર્શન કરી જાય.

આઠ દિવસ બાદ શ્રીગુસાંઈજી કડાથી આગળ પધારવા તૈયાર થયા. ત્યારે અન્નજળના ત્યાગથી શિથિલ બનેલી તે બાઈ બે માણસનો ટેકો લઈ, શ્રીગુસાંઈજી પાસે આવી અને તેણે વિનંતી કરી : 'મહારાજ, અન્નજળ છોડ્યે આજે નવમો દિવસ છે. આપ મને શરણે નહીં લો, તો મારા પ્રાણ હવે ટકશે નહીં.' શ્રીગુસાંઈજીએ જાણ્યું કે તેનું મન હવે શુદ્ધ થયું છે, તેથી આપે કૃપા કરી તેને નામ-નિવેદન મંત્ર આપી સેવક કરી.

'મહારાજ, માધવદાસજીના સંબંધે મને શ્રીમહાપ્રભુજીનાં અને આપનાં દર્શન થયાં. મારા જેવી પતિતાનો આપે ઉદ્ધાર કર્યો. હવે આપ આજ્ઞા કરો તેમ હું કરું.'

શ્રીગુસાંઈજીએ તેને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી સેવા કરવાની આજ્ઞા કરી. આપે વૈષ્ણવોને આજ્ઞા કરી : 'આ બાઈને સેવાની બધી રીત શીખવજો.'

આ બાઈ ખૂબ પ્રેમથી પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની સેવા કરવા લાગી. તેમ કરતાં માસિક ધર્મના દિવસ આવ્યા. વૈષ્ણવોએ કહ્યું : રજસ્વલા-ધર્મમાં સેવા ન થાય. ઘરમાં વાસણ, જળ વગેરેને સ્પર્શ ન થાય.' પણ તેને શ્રીઠાકોરજી પર અનહદ પ્રેમ! તેથી સેવા વિના રહી ન શકે. તેણે અટકાવના ચાર દિવસોમાં પણ સેવા કરી! પછી પાંચમા દિવસે અપરસ નવી જમાવી, શ્રીઠાકોરજીને પંચામૃત કરાવી સેવા કરવા લાગી. આથી વૈષ્ણવોએ તેની સાથેનો વ્યવહાર છોડી દીધો.

શ્રીગુસાંઈજી બીજી વાર કડા પધાર્યા, ત્યારે વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને આ વાત કહી. શ્રીગુસાંઈજીએ તે બાઈને આમ કરવાનું કારણ પૂછ્યું. તે બાઈ બોલી: 'મહારાજ, મારા પૂર્વજીવનમાં મારા શરીર પર જેટલાં રુંવાડાં છે, તેટલા પુરુષોનો પતિભાવે મેં સંગ કર્યો છે. આપની કૃપાથી તેમાંથી હું મુક્ત થઈ છું. આપે મને અલૌકિક પતિ મેળવી આપ્યા, તેમનાથી હું ચાર દિવસ પણ દૂર રહી શકતી નથી. પાંચમા દિવસે અપરસ કાઢવાની અને પંચામૃત કરાવવાની મર્યાદા પણ રાખું છું. આપ અંતર્યામી છો. મારા હૃદયને જાણો છો. આપ આજ્ઞા કરશો તેમ કરીશ.'

'બાઈ, તું જેમ કરે છે તેમ જ કર. તું જલદી ઘેર જા. શ્રીઠાકોરજી તારા વિના સૂના છે. અમે તારા ઉપર પ્રસન્ન છીએ.'

શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી : 'આ બાઈના હૃદયનો ભાવ શુદ્ધ છે, માટે તે જેમ કરે તેમ તેને કરવા દેજો. કોઈ તેને લડશો નહીં કે રોકશો નહીં. સાથે સાથે તેની દેખાદેખી પણ કરશો નહીં. તેના ઉપર શ્રીઠાકોરજી મર્યાદાભંગથી પ્રસન્ન છે, પરંતુ તમારા ઉપર શ્રીઠાકોરજી મર્યાદા સાચવવાથી પ્રસન્ન રહેશે.'

●

સિદ્ધાંત નવનીત

આ વાર્તાના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે :

(૧) વૈષ્ણવે કોઈની નિંદા ન કરવી જોઈએ, છતાં વૈષ્ણવો માધવદાસની કેમ નિંદા કરતા?

વૈષ્ણવો માધવદાસજીની નિંદા ઈર્ષાભાવથી નહોતા કરતા, પણ વેશ્યા સંગ છોડાવવાના શુભ હેતુથી જ કરતા હતા. તેથી નિંદાનો દોષ તેમને લાગ્યો નથી. વૈષ્ણવે દોષભાવ કે ઈર્ષાભાવથી કોઈની નિંદા ન કરવી; કારણ કે તે બાધક બને છે.

(૨) માધવદાસ જેવા ભગવદીયે વેશ્યાનો સંગ કરવાનું લોકવિરુદ્ધ કામ કેમ કર્યું?

શ્રીમહાપ્રભુજીની કૃપાથી માધવદાસજીને સમજાયું હતું કે તે બાઈ મૂળમાં દૈવી જીવ છે. તેનો પ્રભુ અંગીકાર કરે તો સારું. આ જ ભાવથી તેમણે તે બાઈને અપનાવી હતી. લૌકિક કામવાસનાથી અપનાવી ન હતી.

'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી.'

માટે તેમણે લોકનિંદા વેઠી હતી.

(૩) શ્રીમહાપ્રભુજીએ માધવદાસને વેશ્યા રાખવા અંગે ત્રણ વખત પૂછ્યું તેનું પ્રયોજન શું?

જો માધવદાસ સાચું બોલતા હશે, તો તેમના જવાબમાં દ્દઢતાપૂર્વક સત્ય વચન જ નીકળશે. તેઓ આડીઅવળી વાત નહીં કરે.

(૪) તે વેશ્યા દૈવી જીવ છે, તેમ જાણવા છતાં માધવદાસે તેને શરણે લેવા શ્રીમહાપ્રભુજીને કેમ વિનંતી ન કરી?

કારણ કે માધવદાસજી શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે બાઈના લીલાના સ્વરૂપને જાણતા હતા. તે લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી ચંદ્રલતા છે. શ્રીગુસાંઈજી શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ છે, તેથી શ્રીગુસાંઈજી તેને સેવક કરી તેનો ઉદ્ધાર કરશે.

વળી, તે બાઈના દોષોની શુદ્ધિ અર્થે પશ્ચાત્તાપ પણ જરૂરી હતો; તેથી માધવદાસે તેને પોતાના ઘરમાંથી દૂર કરી.

●

વૈષ્ણવ પરિચય :

નામ/જ્ઞાતિ : વાર્તામાં નથી, વેશ્યા તરીકે પ્રસિદ્ધ
વતન : મહાવન
સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
લીલા સ્વરૂપ : ચંદ્રલતા; શ્રીચંદ્રાવલીજીનાં સખી.

■

૧૦. ઉતાવળિયો સ્વભાવ

(શ્રી હરિવંશ પાઠક)

શ્રીમહાપ્રભુજી એક વાર કાશી પધારેલા. શેઠ પુરુષોત્તમદાસને ત્યાં મુકામ હતો. પંડિતો અવારનવાર આપની પાસે આવતા. ત્યાં એક સારસ્વત બ્રાહ્મણ હતા - હરિવંશ પાઠક. એમણે સાંભળ્યું કે પત્રાવલંબન ગ્રંથ રચીને, માયામતના પંડિતોને પરાજ્ય આપનારા શ્રીવલ્લભાચાર્યજી અત્રે પધાર્યા છે. એમને મન થયું : 'જોઈએ તો ખરા, એ કેવા છે!'

વળી, મનમાં ઘડીભર વિચાર પણ ઝબક્યો, 'ભાઈ, આપણે તો શ્રીગણેશના ઉપાસક છીએ. વિઘ્ન હરનારા અને મંગળ કરનારા દેવની કૃપા છે, પછી બીજાનું શું કામ છે?'

ત્યાં તો મન ફર્યું, 'બધા કહે છે કે આ આચાર્ય પ્રતાપી છે, જોવા જેવા છે. તો ચાલો ને, એક વાર જોઈ લઈએ. એમાં શું જાય છે? ... પણ હા, ઘરના ગણેશની પૂજાનો સમય થવા આવ્યો છે. એમાં મોડું નહીં ચાલે. દેવ કોપે તો બગાડી નાખે. તરત પાછા આવી જવું પડશે.' એમ રઘવાટ કરતા નીકળ્યા.

આમેય એમનો સ્વભાવ ઉતાવળિયો હતો. જે કંઈ કરે એ બધામાં ઉતાવળ! એ જલદી જલદી ચાલ્યા. શ્રીમહાપ્રભુજી પાસે વૈષ્ણવોની ભીડ હશે; એટલે દૂરથી જરા જોઈ લીધા. મનમાં થયું કે 'ઓહો! આ પણ આપણા જેવા બ્રાહ્મણ છે. વધારે ભણેલા હશે, બીજું શું! ચાલો, ચાલો, ગણેશપૂજનનું મોડું થઈ જાય છે.'

તરત એ પાછા ફર્યા. ઘેર આવીને પૂજાનો સામાન લીધો. જલદી જલદી પૂજાની ઓરડી તરફ જવા લાગ્યા. ત્યાં વચમાં જ ઉંબરાની જોરદાર ઠેસ વાગી. એ પડ્યા - એવા પડ્યા કે માથામાં કલાગી ચોટ લાગી. એ બેશુદ્ધ થઈ ગયા. મૂર્છિત અવસ્થામાં એમના આરાધ્ય દેવ ગણેશજીનાં દર્શન થયાં. ગણેશજી કહી રહ્યા હતા : 'મૂર્ખ, તું શ્રીવલ્લભાચાર્યજીને છોડીને અહીં ચાલ્યો આવ્યો? દંડવત્ પ્રણામ પણ ન કર્યાં, ઘણું ખોટું કર્યું! એ તો પૂર્ણપુરુષોત્તમ છે. એમનો અનાદર થયો, માટે તને આ ઠેસ વાગી છે. પાછો જા, ક્ષમા માગ. એ તારો અપરાધ ક્ષમા ન કરે, ત્યાં સુધી મારી પાસે આવીશ નહીં.'

ગણેશ અંતર્ધાન થયા. મૂર્છા વળી. પાઠકને પસ્તાવો થયો. જેમ તેમ કરીને ઊઠ્યા. સ્વસ્થ થઈને ચાલ્યા. શ્રીમહાપ્રભુજી પાસે દંડવત્ પ્રણામ કર્યાં. હાથ

જોડીને વિનંતી કરી : 'કૃપાનાથ, હું આપનો અપરાધી છું. મારા દોષની ક્ષમા આપો. મને શરણમાં લો.'

શ્રીમહાપ્રભુજી મંદ હાસ્ય કરતાં વ્યંગ કરે છે : 'અરે પાઠકજી, તમેય બ્રાહ્મણ છો ને અમેય બ્રાહ્મણ છીએ. શરણે આવવાની વાત કેમ કરો છો?'

હરિવંશ સમજી ગયા કે 'મારા મનમાં આવેલી વાત પણ આ પ્રભુ જાણે છે. ગણેશજીની વાત સાચી છે. આ પુરુષોત્તમ છે.' પછી એમણે બનેલી બધી વાત કહી. પછી વિનંતી કરી : 'મહારાજ, હું અજ્ઞાની જીવ ક્યાં અને આપ પ્રભુ ક્યાં! ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી! ગણેશજીએ આપનું સ્વરૂપ ઓળખાવ્યું છે. હવે મને છેતરશો નહીં, પ્રભુ!'

શ્રીવલ્લભ એમનું દૈન્ય જોઈને પ્રસન્ન થયા. નામમંત્ર આપ્યો. પછી પાઠકે વિનંતી કરી કે 'મારે ઘેર પધારીને સ્ત્રી-પુત્ર-પુત્રીને પણ શરણે લો.'

પોતે ઘેર પધાર્યા. ભગવત્સ્વરૂપ મંગાવ્યું. અપરસમાં સ્નાન કરાવી સૌને નામ-નિવેદન કરાવ્યાં. શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપને પંચામૃત કરાવી, સૌને સ્નાન કરાવી ભોગ ધરીને, એમને માથે પધરાવી આપ્યું. પછી પોતે ભોજન કર્યું. સૌને અધરામૃત મહાપ્રસાદ લેવરાવ્યો. નિત્ય સેવા કરવાની આજ્ઞા કરીને પોતે પુરુષોત્તમદાસ શેઠને ઘેર પધાર્યા.

પછી આપશ્રી તો કાશીથી બીજે પધાર્યા. હરિવંશ પાઠક રોજ શેઠને ઘેર આવવા લાગ્યા. સેવારીતિ, માર્ગના સિદ્ધાંતો, બધું પૂછીપૂછીને જાણતા ગયા. સેવા ખૂબ પ્રેમપૂર્વક કરવા લાગ્યા. શ્રીઠાકોરજી પ્રસન્નતાથી સેવાનો અંગીકાર કરે છે. કંઈ કંઈ અનુભવો પણ જતાવે છે.

[૨]

હરિવંશ પાઠકને વ્યવસાય અંગે પટનાના હાકેમ સાથે સંબંધ રહેતો; એટલે ઘણી વાર ત્યાં જવું પડતું. હાકેમ પણ એમના ઉપર ઘણો રાજી રહેતો. એક વાર ફાગણ માસમાં પટના જવાનું થયું. કામકાજમાં થોડા દિવસ નીકળી ગયા. દોલોત્સવ નજીક આવી રહ્યો હતો. શ્રીઠાકોરજીને છોડીને આવેલા, એટલે મન ઘેર હતું; પરંતુ કામ બાકી હતું અને દૂરનો પગ રસ્તો! એટલે ઘેર જવાનો નિર્ણય લઈ શક્યા નહીં.

શ્રીઠાકોરજીને આ ન ગમ્યું. રાત્રે દર્શન આપીને આજ્ઞા કરી : 'હરિવંશ! તું મને દોલ નહીં ઝુલાવે?' આટલું કહીને પ્રભુ પધાર્યા.

પાઠકજી બેઠા થઈ ગયા, 'અરે, આ તો મોટી ભૂલ થઈ ગઈ! મારે કોઈ પણ ઉપાયે ઘેર પહોંચવું જોઈએ. પણ હવે દિવસ તો બે-ત્રણ જ બાકી છે. ચાલીને જતાં તો ઘણા દિવસ નીકળી જાય. શું કરીશું?'

સવારમાં જ પહોંચ્યા હાકેમ પાસે, 'સાહેબ, તે દિવસે તમે રાજી થઈને મને કંઈક માગવાનું કહેલું ને! હું આજે કંઈક માગવા માટે આવ્યો છું.'

'બોલો, બોલો.' હાકેમે કહ્યું, 'તમે કહો તે કરી આપું.'

પાઠકજી કહે છે, 'જરૂરી કામ આવી ગયું છે. બે દિવસમાં જ બનારસ પહોંચવું છે, ચાલે તેમ નથી. કંઈક બંદોબસ્ત કરી આપો.'

હાકેમે તરત જ બે ઘોડા સાથે બે માણસો આપ્યા. ડાકની જેમ ઘોડા દોડાવતા પાઠકજી પટનાથી કાશી આવી પહોંચ્યા. શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન કરીને પ્રસન્ન થયા. 'પ્રભુ! આપની કૃપાથી આવી ગયો છું.' એમ વિનંતી કરતાં દંડવત્ પ્રણામ કર્યાં. ઘરમાં કોઈને શ્રીઠાકોરજીની આજ્ઞાની તો વાત કરી જ નહીં. પુત્રની સહાયતાથી જલદી દોલ બાંધ્યો. પત્ની અને પુત્રી સહિત ઝટપટ સામગ્રીઓ કરી. બીજે દિવસે પ્રભુને દોલ ઝુલાવ્યા, ત્યારે તેમને અનિર્વચનીય આનંદ થયો. ઘણી પ્રસન્નતાથી પ્રભુ ઝૂલ્યા અને ખેલ્યા.

જે કાર્ય માટે પ્રભુની સાક્ષાત્ આજ્ઞા થઈ, જેના માટે પોતે આટલે દૂરથી દોડી આવ્યા, એના આનંદમાં શું બાકી રહે! પ્રભુ પણ પોતાના જનની આતુરતા જોઈને વિશેષ પ્રસન્ન થાય છે. શીતળ ભાવ આ માર્ગમાં કામનો નથી.

પછી તો હરિવંશજી નાનો-મોટો દરેક ઉત્સવ, ગમે તેમ કરીને, ઘેર જ કરતા. ઘરના પ્રભુની સેવા એ જ એમનું સર્વસ્વ બની ગયું.

ભગવદીય અને ભગવાનનું કેવું પરસ્પર સ્નેહાકર્ષણ! કેવી તમન્ના! કેવી સેવાભાવના! શ્રીવલ્લભનો અદ્ભુત સેવામાર્ગ આવો પ્રેમરસ-પૂરિત છે!

પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિ-ચરણાંભોજ સેવાખ્યવર્ત્મ ।
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રીહુતાશેતિ મન્યે ॥

(શ્રીવલ્લભાષ્ટકમ્)

(વૈશ્વાનર શ્રીવલ્લભે પ્રકટ થઈને વ્રજપતિની સેવાનો જે માર્ગ પ્રકટાવ્યો છે, તે નિજજનો ઉપર કૃપા કરવા માટે જ છે.)

ઉત્સવ કરીને પાછા પટના જવું પડ્યું. હાકેમે પૂછ્યું, 'પાઠકજી, એવું શું કામ આવેલું કે આટલી જલદીથી જવું પડ્યું?'

'સાહેબ શું કરું? છોકરો બિમાર થઈ ગયેલો. સારું થયું કે હું જઈ પહોંચ્યો. ઘરનાં માણસો ગભરાઈ ગયેલાં; એટલે મને બોલાવ્યો હતો.'

હૃદયનો ભાવ અને પ્રભુનો અનુભવ, બીજાઓને જણાવવા માટે નથી હોતો. એ તો હૃદયમાં જ સમાવવાનો હોય છે. સ્નેહમાર્ગનું આ રહસ્ય છે.

●

સિદ્ધાંત નવનીત

(૧) ખૂબીની વાત એ છે કે મૂળલીલામાં જે જીવની જે પ્રકૃતિ હોય તેને અનુસરીને જ અહીં પણ કાર્ય થાય છે. હરિવંશ પાઠક લીલામાં વિશાખાજીની સખી 'ઉત્તાલિકા' છે. એની ચાલ ઉતાવળી છે. સેવા-સાહિત્ય, સામગ્રી વગેરે જલદી સિદ્ધ કરી આપીને એ વિશાખાજીને પ્રસન્ન કરતી હતી.

અહીં પણ ઉતાવળિયો સ્વભાવ રહ્યો. દર્શનમાં ઉતાવળ કરી, પૂજા માટે ઉતાવળા ચાલ્યા. છેવટે દોલ ઝુલાવવા પણ ઉતાવળે આવવાના સંજોગો ઊભા થયા. પ્રભુસંબંધી કાર્યોમાં ઉતાવળમાં પણ એક જાતનો આનંદ હોય છે. એમાં આતુરતા પોષાય છે. શીતળ ભાવ નથી રહેતો. શીતળ ભાવ કામનો નથી.

(૨) ગોસ્વામી બાળકો પરદેશમાં હોય, તો ઉત્સવો ઉપર પોતાનાં નિધિસ્વરૂપ પાસે પધારવાનો આગ્રહ રાખે છે. વૈષ્ણવો પણ ઉત્સવ ઉપર કંઈ ને કંઈ વિશેષતા કરે છે. વાર્તા-સાહિત્યમાં જગન્નાથ જોષીનો પ્રસંગ છે અને કોકિલા વનમાં દોલ બાંધીને ઝુલાવનાર વૈષ્ણવની વાર્તા છે.

(૩) પુષ્ટિમાર્ગીય શિક્ષાના ધોળમાં ભગવદીય મોટાભાઈ વર્ણન કરે છે -

ઉત્સવના દિવસો કદી, ભૂલીએ નહીં લવલેશ;
ઉત્સવ દિન ઉત્સાહથી, કરીએ કાંઈ વિશેષ.

(૪) કોટામાં બિરાજતા શ્રીનવનીતપ્રિયજી હરિવંશજીના ઠાકોરજી છે.

(૫) શ્રીઠાકોરજીના અનુભવની વાત કોઈને કહેવી નહીં. ગુપ્ત રાખવી, 'પ્રકટ કર્યે રસ જાય.'

(૬) નામ- હરિવંશ પાઠક
જ્ઞાતિ - સારસ્વત બ્રાહ્મણ; વતન - કાશી
સેવ્યસ્વરૂપ - શ્રીનવનીતપ્રિયજી (હાલ : કોટા)
લીલાનું સ્વરૂપ - ઉત્તાલિકા, વિશાખાજીની સખી.

■

૧૧. પ્રભુ અપ્રસન્ન શાથી થાય?

(શ્રી ગોવિંદદાસ ભલ્લા)

શ્રીવલ્લભાધીશ થાણેશ્વર પધાર્યા ત્યારે અનેક જીવો આપને શરણે આવેલા. તેમાં એક ક્ષત્રિય ગોવિંદદાસ પણ હતા. થાણેશ્વરના હાકેમના લશ્કરમાં એ સૈનિક હતા. પગાર તો સાધારણ હતો, પણ પરંપરાગત દ્રવ્ય એમની પાસે ઘણું હતું. એ પરણેલા પણ હતા.

શરણે આવ્યા પછી એ આપશ્રીને વિનંતી કરે છે : 'મહારાજ, હવે મારે શું કરવાનું?'

આપશ્રીએ આજ્ઞા કરી : 'ભગવત્સ્વરૂપની સેવા કરો.'

ગોવિંદદાસ ફરી વિનંતી કરે છે : 'કૃપાનાથ! મારી પાસે દ્રવ્ય તો ઘણું છે, પણ મારી સ્ત્રી એવી છે કે સેવામાં સહાયક નહીં થાય; ઊલટું અંતરાય કરશે. એવો ક્લેશ કરશે કે ઘરમાં રહીને હું સેવા નહીં કરી શકું. મારે શું કરવું?'

આપશ્રી સમજાવે છે : 'ગોવિંદદાસ, સ્વમાર્ગમાં સેવા જ મુખ્ય કર્તવ્ય છે. એમાં જે કોઈ અંતરાય કરે, તેનો ત્યાગ કરવો.'

અનુકૂલે કલત્રાદૌ, વિષ્ણોઃ કાર્યાણિ કારયેત્ ।
ઉદાસીને સ્વયં કુર્યાત્, પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ॥
તત્ ત્યાગે દૂષણં નાસ્તિ, યતઃ કૃષ્ણબહિર્મુખાઃ ।
અનુકૂલસ્ય સંકલ્પઃ, પ્રતિકૂલવિસર્જનમ્ ॥
- પંચશ્લોકી

(સ્ત્રી વગેરે સેવામાં અનુકૂળ હોય, તો તેમને સેવામાં સાથે રાખવાં. ઉદાસીન હોય તો જાતે સેવા કરવી. પ્રતિકૂળ હોય તો સેવા માટે ગૃહનો ત્યાગ કરવો. જ્યાં કૃષ્ણથી બહિર્મુખ લોકો છે, તેનો ત્યાગ કરવામાં દોષ નથી. અનુકૂળ સ્વીકારવું, પ્રતિકૂળ છોડવું.)

ગોવિંદદાસ કહે છે : 'મહારાજ, સ્ત્રીનો ત્યાગ કરું, ઘર પણ છોડી દઉં. મને કશાનો મોહ નથી; પણ દ્રવ્યનું શું કરવું? આપ જ માર્ગ બતાવો.'

'જે દ્રવ્ય હોય તેના ચાર ભાગ કરો. એક ભાગ શ્રીનાથજીને અંગીકાર કરાવો. બીજો સ્ત્રીના ભરણપોષણ માટે રાખો. એ ફરજનું પણ પાલન કરવું જોઈએ. બાકીના બે ભાગ ભગવત્સેવા માટે તમારી પાસે રાખો.'

ગોવિંદદાસ વિચારે છે : 'એમ નહીં. એક ભાગ મારે શ્રીમહાપ્રભુજીને ભેટ ધરવો જોઈએ. પોતે એ નહીં કહે.'

છેવટે ઉપર પ્રમાણે દ્રવ્યના ભાગ કરીને, થાણેશ્વર છોડીને એ વ્રજમાં મહાવનમાં જઈને વસ્યા. ઘરની ભગવત્સેવા તો બને તેમ હતી નહીં. મહાવનમાં એક મર્યાદા-મંદિર હતું, ત્યાં મથુરાનાથ ઠાકોરજી હતા. નંદરાયજીના સમયના તે ઠાકોર હતા. મંદિર બ્રાહ્મણના કબજામાં હતું. ગોવિંદદાસ ત્યાં સેવા કરવા રહ્યા. પોતાના પૈસામાંથી સામગ્રી કરીને ભોગ ધરતા. પ્રસાદ નીકળે તે બધો સાધુબાવાઓને જમાડી દેતા. પોતે એમાંથી ન લેતા. આમ, કેટલાક સમય પર્યન્ત ચાલ્યું પણ ધનની નવી આવક નહીં, એટલે મૂડી ખલાસ થઈ ગઈ. પછી પારકા મંદિરમાં કોણ રાખે? એટલે મહાવન છોડીને જતિપુરા આવ્યા. શ્રીનાથજીની સેવા-પરચારગી કરવા લાગ્યા.

એમના શરીરમાં બળ ઘણું હતું. સેવા એવી અજોડ કરે કે રાતમાં ત્રણ વાગે ઊઠે. સ્નાન કરી ગાગર લઈ, ૧૮ માઈલ ચાલીને છેક જમુનાજીમાંથી જળની ગાગર ભરી લાવે. પર્વત ઉપર ચડાવે. ભારે મહેનતની સેવા. આવીનેય પાછું બેસવાનું નહીં. શ્રીજીના રાજભોગનાં બધાં પ્રસાદીપાત્રો માંજી કાઢે. પછી જાય ભિક્ષા માગવા. જતાં પહેલાં તિલક-કંઠી છુપાવી દે. વૈષ્ણવતા દેખાડીને ભિક્ષા મગાય નહીં. ગોવર્ધન ગામ અને આસપાસ બધે ફરી આવે.

જેવું બળ હતું એવો જ ખોરાક હતો. રોજનો પાંચ-સાત શેર જેટલો આહાર! એટલો આટો મળે એટલે પાછા આવે. ભાખરી જેવું બનાવે. શ્રીજીની ધજાને દેખાડી, ચરણામૃત પધરાવીને ખાઈ લે. વળી પાછા શ્રીજીનાં શયન ભોગમાં પાત્રો એકલા માંજી કાઢે! આવી દિનચર્યા કેટલોક સમય ચાલી.

સેવા કરતા રહે, મનમાં ફુલાતા રહે : 'મારા જેવી સેવા કરનાર છે કોઈ બીજો સેવક! અરે, બીજા તો પાછા મંદિરનો પ્રસાદ ખાય છે. મારે તો એક મિસરીની કાંકરીય ખપે નહીં. હું જાતે મારો નિર્વાહ મેળવી લઉં છું. વિરક્ત છું, એટલે ભિક્ષાનો અધિકાર છે. હું કેવો છું! બધાને નીચા પાડી દઉં છું. લોકો મારાં વખાણ કરતા હશે! મારી કેવી વાહવાહ બોલાતી હશે! શાબાશ, ગોવિંદદાસ, શાબાશ!'

આવું બધું ઘણી વાર મનમાં આવી જતું. અભિમાનનો પારો દિવસે દિવસે ઊંચો ચઢતો જતો. કોઈનું કહેવું ગણકારે નહીં. બીજા બધા એમની નજરમાં તુચ્છ લાગતા.

[૨]

પ્રભુને અભિમાન જરા પણ ગમે નહીં. આવી અસાધારણ સેવા કરવા છતાં, એ સેવા શ્રીજીને ગમતી નહીં. શ્રીગોવર્ધનધર અપ્રસન્ન હતા અને દિવસે દિવસે વધુ ને વધુ ઉદાસીનતાથી દર્શન આપતા; પણ ગોવિંદદાસને મદના નશામાં કંઈ સમજ પડી નહીં. એમનો સ્વભાવ પણ ઘણો તામસી બન્યો હતો. વાતવાતમાં બીજા સેવકો સાથે લડી પડતા. હવે કોઈ એમને બોલાવવાનીય હિંમત કરતું નહીં. અધિકારી અને વૈષ્ણવો પણ નારાજ રહેતા. પણ વિના વેતને આટલું કામ કરનારા બીજું કોણ મળે? એટલે અધિકારીજી એમને છોડતા નહીં. આમ દિવસો પર દિવસો પસાર થઈ રહ્યા હતા.

છેવટે એક વખત એમના અંહકારની પરાકાષ્ઠા આવી ગઈ. ઝઘડાબાજી પણ ખૂબ વધી ગઈ. શ્રીજી અત્યંત અપ્રસન્ન થઈ ગયા.

શ્રીમહાપ્રભુજી ત્યારે અડેલ બિરાજતા. શ્રીજીને ત્યાં જતાવ્યું કે 'આપનો એક સેવક મને બહુ જ પજવી રહ્યો છે. એનું કંઈક કરો.'

શ્રીવલ્લભ તરત અડેલથી જતિપુરા પધાર્યા. આગ્રા, મથુરા અને જતિપુરામાં અનેક સ્થળે આપશ્રી તપાસ કરે છે. જે સેવક મળે તેને તેની દિનચર્યા વિશે પૂછે છે. કશો નિર્ણય થતો નથી.

છેવટે ગિરિરાજજી ઉપર મંદિરમાં પધાર્યા. શ્રીજીનાં દર્શન કરે છે. અતિ ઉદાસીનતાથી શ્રીજી બિરાજી રહ્યા છે. શ્રીવલ્લભ વિનંતી કરે છે ત્યારે પુનઃ એ જ આજ્ઞા કરે છે : 'આપનો સેવક મને બહુ જ પજવે છે!'

આ સંજોગોમાં શ્રીજીને ઝાઝું પૂછવાનુંય ઉચિત લાગતું નથી. સૌ સેવકોને બોલાવીને આપશ્રી પૂછી રહ્યા છે. એમ કરતાં ગોવિંદદાસનો વારો આવ્યો. પોતે પૂછે છે : 'તમે શી સેવા કરો છો? કઈ રીતે નિર્વાહ કરો છો?'

'મહારાજ, હું સવારથી રાત સુધી લેશ પણ આરામ કરતો નથી. બીજાઓથી ન બને તેવી સેવા હું કરું છું, છતાં મંદિરમાંથી કંઈ પણ લેતો નથી; કણિકાપ્રસાદ પણ નહીં! ભિક્ષા માગીને મારો નિર્વાહ ચલાવું છું.' ગોવિંદદાસે બધી વાત વિગતવાર કહી બતાવી.

અને શ્રીમહાપ્રભુજી તરત જ સમજી ગયા કે મારા શ્રીજી આ સેવકથી જ અપ્રસન્ન થયેલા છે. આ સેવક વિપરીત વર્તન કરી રહ્યો છે. પ્રભુ અપ્રસન્ન થાય, એમાં શું આશ્ચર્ય!

આપશ્રીએ પૂછ્યું : 'ગોવિંદદાસ, તમે આટલે દૂરથી જળ ભરી લાવો છો, બે વખત પાત્રો માંજો છો અને વળી ભિક્ષા માગવા જાઓ છો. એમાંય ઘણું ફરવું પડતું હશે. આ બધું કરવામાં તમને કષ્ટ તો થતું જ હશે!'

'હા, મહારાજ. ઘણુંયે કષ્ટ થાય, પણ સહન કરું છું. બીજાઓની જેમ સામાન્ય સેવા કરું, તો એમાં મારી વડાઈ શી! જુઓ, મારા ખભા ઉપર ગાગરનાં કેવાં ચાઠાં પડ્યાં છે! શરીર કેટલું સુકાઈ ગયું છે?'

આ સાંભળી આપે આજ્ઞા કરી : 'ગોવિંદદાસ! આપણા પ્રભુ અક્લિષ્ટકર્મા છે, સુખસેવ્ય છે. આપણે વિશેષ દેહકષ્ટ ભોગવીએ તે પ્રભુને પ્રિય નથી. વળી, તમે પ્રસાદ બિલકુલ લેતા નથી, તે તો ઘણું ખોટું! પ્રભુનું અધરામૃત તો ફલરૂપ છે. એનો અનાદર કરો તે શ્રીજીને કેમ ગમે? તમારા મનથી તમે સારું કરવા જાઓ છો, પણ પુષ્ટિસિદ્ધાંતથી વિરુદ્ધ વર્તો છો! હું કહું છું કે તમે અહીં મંદિરમાં પ્રસાદ લેવાનું શરૂ કરો. તમારી ભિક્ષા માગવાની મહેનત અને કષ્ટ પણ જશે!'

ગોવિંદદાસ કહે : 'એ કેમ બને? હું મંદિરનું કંઈ પણ નહીં લઉં. પ્રસાદ હોય કે ગમે તે હોય! દેવઅંશ કેવી રીતે લેવાય?'

શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંત-રહસ્યનો સિદ્ધાંત સમજાવ્યો :

> દત્તાપહાર વચનં, તથા ચ સકલં હરેઃ ।
> ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં તમ્ ॥

છતાં તે જરાયે તેમના મનમાં ઊતર્યો નહીં. ગોવિંદદાસે હઠ છોડી નહીં. એ તો એ જ જીદ પકડીને બેઠાઃ 'પ્રસાદ હું નહીં લઉં.'

શું થાય? જીવ મર્યાદા કોટિનો હશે! અન્યથા જ્ઞાન મનમાં દૃઢ થઈ ગયેલું. અહંકારી સ્વભાવને લીધે એની જીદ પકડાઈ ગયેલી. એ હઠ છોડી ન શક્યા. શ્રીમહાપ્રભુજી સમજી ગયા. થોડોક વધુ દાણો દાબી જોયો, 'ત્યારે તમે એમ કરોઃ અમારી સાથે રહો. અમારી તપેલીમાં પ્રસાદ લેજો.'

'ના રે ના, એ પણ કેમ લેવાય? ગુરુ-અંશ હું સર્વથા નહીં લઉં.' ગોવિંદદાસ મક્કમતાથી બોલ્યા.

શ્રીમહાપ્રભુજી અતિ અપ્રસન્ન થયા. મારો સેવક, છતાં મારી આજ્ઞા માનતો નથી. સિદ્ધાંત સમજાવું છું તે સમજતો નથી. આ બધું કેવું વિપરીત છે! મારા શ્રીજી જેના વર્તનથી ખિજાયા, અપ્રસન્ન અને ઉદાસ થઈ ગયા, એ સેવકનું મારે શું કામ છે? પોતે ખીજીને આજ્ઞા કરી : 'તો પછી સેવા છોડીને ચાલ્યા જાઓ. તમારું અહીં કામ નથી.'

ગોવિંદદાસનો અહંકારનો પારો વધુ ઊછળ્યો. મનમાં થયું : 'આવી અજોડ સેવા કરવા છતાં અહીં મારી કોઈને કિંમત નથી, બધા બેકદર છે!' ખોટું ઘણું લાગ્યું, પણ કંઈ બોલી શક્યા નહીં. રીસ ચઢાવીને, સેવા છોડીને ત્યાંથી ચાલ્યા ગયા.

હવે શ્રીજીની ઉદાસીનતા દૂર થઈ. એ જોઈને આપશ્રીને સંતોષ થયો.

[૩]

ગોવિંદદાસ ત્યાંથી મથુરા ગયા. ત્યાં પણ પ્રવૃત્તિ તો જોઈએ. ઘણા સમયથી સેવાકાર્ય માટે ટેવાયેલા હતા. મનનું સહજ વલણ મર્યાદા તરફ હોઈને મથુરામાં કેશવરાયજીના મંદિરની સેવાનો ઈજારો રાખ્યો. પુષ્ટિમાંથી વળી મર્યાદામાં! ત્યાં વળી કેટલોક સમય વીત્યો.

એક વખત ત્યાં એક વિચિત્ર બનાવ બની ગયો. ગોવિંદદાસને કોઈક ઉત્તમ કારીગર મળી ગયો. તે કારીગર ચિત્રવિચિત્ર ડિઝાઈનો પાડીને પલંગની પાટી સરસ ભરી જાણતો હતો. કેશવરાયજીની પલંગડી માટે ગોવિંદદાસે એની પાસે પાટી ભરાવીને, કામ એવું કરાવ્યું કે જોનારની નજર ચોંટી જાય. મથુરાના મ્લેચ્છ હાકેમે આ વાત જાણી. એણે એ જ કારીગરને બોલાવીને પોતાના પલંગ માટે પાટી ભરાવી. જે મળવા આવે તેને હાકેમ એ પાટી બતાવવા લાગ્યો. સૌ વખાણ કરતા, પણ એક જણે જરા જુદું કહ્યું; કારણ કે એણે કેશવરાયજીના મંદિરની પાટી જોયેલી હતી.

'સાહેબ, પાટી તો સારી ભરાઈ છે; પણ કેશવરાયજીના મંદિર જેવી તો નહીં જ!'

હાકેમને ચટપટી થઈ. જોઉં તો ખરો, એ પાટી કેવી છે! હું એ પડાવી લઉં! એની પાસે સત્તા હતી. થોડાક સૈનિકો સાથે એ મંદિરમાં ઘૂસ્યો. તિબારીમાં જ પલંગડી પડી હતી. ખરેખર, પાટી ઘણી વધારે સરસ હતી. એ જોઈને મુગ્ધ થઈ ગયો. પોતાનો શોખ પોષવા એ પલંગડીમાં બેસી ગયો. ગોવિંદદાસે આ અંદરથી

જોયું. તામસી પ્રકૃતિના એ ક્ષત્રિયનું લોહી ઊકળી ઊઠ્યું, 'આ હાકેમ મારા ભગવાનની પલંગડી પર ચડી બેઠો!'

તત્ક્ષણ હાથમાં ગુપ્તી લઈને તે દોડ્યા આવ્યા અને હાકેમની છાતીમાં એ ભોંકી દીધી. ત્યાં ને ત્યાં એનો ખેલ ખલાસ થઈ ગયો. સાથેના સૈનિકોએ પોતાનાં હથિયાર ઉપાડ્યાં. પુજારીની ત્યાં જ હત્યા કરી. મંદિરમાં લોહીની ધારાઓ વહી. ભારે ગમખ્વાર બનાવ બની ગયો.

'વર્ષો સુધી ભગવાનની સેવા કરનાર વ્યક્તિનો કેવો કરુણ અંત!' સૌ વિચારી રહ્યા હતા.

●

કેટલાક સમય પછી કોઈ વૈષ્ણવે શ્રીમહાપ્રભુજી પાસે આવીને આ વાત કહી અને વિનંતી કરી : 'કૃપાનાથ! આટલી હદે આ બધું આમ કેમ બની ગયું? એમાં કંઈ રહસ્ય હશે ખરું?'

શ્રીવલ્લભે આજ્ઞા કરી : 'પહેલી વાત તો એ કે ગોવિંદદાસે સેવા ઘણી કરી; પણ તામસપણું હોવાથી અહંકાર છોડી ન શક્યા. શ્રીજી ઉદાસીન થઈ ગયા. પ્રભુ જેના પર અપ્રસન્ન થાય, તેની આવી જ ગતિ થાય એમાં શું આશ્ચર્ય! - 'તામસાનાં અધોગતિઃ ।'

બીજું એ કે દરેકમાં પૂર્વના સંબંધો પણ કારણરૂપ હોય છે. ગોવિંદદાસ ભલ્લા પૂર્વે શ્વેતવારાહ કલ્પમાં નંદરાયજીના ઘરના પાડાના અવતારમાં હતા. તે વખતે મંદિર બનાવતાં એમની પીઠ પર ઘણો બોજો વહ્યો હતો. એ જ પ્રકારે આ જન્મમાં પણ મહેનતની સેવા કરી, પશુની જેમ ભાર વહ્યો, પણ પુષ્ટિમાર્ગની સેવામાં વ્રજભક્તોના ભાવોનો અનુભવ એ ન કરી શક્યા. પ્રભુના અધરામૃતમાં રુચિ ન થઈ. મૂળમાં તો પશુજીવ! એટલે જડ બુદ્ધિ ખરી ને!

'વળી, સારસ્વત કલ્પમાં તેઓ મનસુખા ગોપ હતા. તેઓ નંદરાયજીના સૈનિક હતા. હથિયાર બાંધતા. નંદરાયજી તેમના દ્વારા મથુરામાં કંસને કર ચૂકવતા. પ્રભુ મથુરા પધાર્યા, ત્યારે મનસુખો પણ સાથે ગયો. ત્યાં તેણે કંસનો કર લેનારને લૂંટીને માર્યો. તે માણસ પૃથ્વી પર મુસલમાન સૂબો બન્યો. તેણે પૂર્વજન્મનું પોતાનું વેર લીધું.

પરંતુ ગોવિંદદાસ દૈવી જીવ તો ખરો જ. એથી પ્રવાહી જીવો જેવી એની અસદ્ગતિ નહીં જ થાય. અંતમાં એનું મૂળ સ્વરૂપ એને પ્રાપ્ત થશે, પરંતુ વ્રજજનો જેવું ફળ તો નહીં જ.'

ગોવિંદદાસના જીવનનું રહસ્ય જાણીને વૈષ્ણવોને સંતોષ થયો.

વસ્તુતઃ તો આ બધી ભગવાનની લીલા છે! આપણું જીવન પણ ભગવાનની લીલાના અંગરૂપ જ છે ને! એ જેમ નચાવે તેમ નાચીએ. એ જેમ રાખે તેમ રહીએ. જીવ માત્ર પરતંત્ર છે. સ્વતંત્ર છે કેવળ ભગવાન!

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે.

●

સિદ્ધાંત નવનીત

(૧) આપણી થોડીક વાર્તાઓ આવા પ્રકારની છે. અમુક વૈષ્ણવોથી અમુક પ્રકારના દોષો થયા અને એનું અમુક પરિણામ આવ્યું.

દા.ત. અન્યાશ્રય (સંભરવાળા દામોદરદાસ વગેરે), **વૈષ્ણવનો અપરાધ** (રામાનંદ પંડિત), **અંહકાર-દોષ** (આ વાર્તામાં), **ગુરુનો અપરાધ** (કૃષ્ણદાસ અધિકારી) ઇત્યાદિ.

આ વાર્તાઓ ઉપરથી આપણે તે તે દોષોથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ.

(૨) સ્વમાર્ગમાં દૈન્ય જ પરમ તત્ત્વ છે. પ્રભુ કોઈનું અભિમાન નિભાવતા નથી. મદવાળી વાણી કે વર્તનથી, શાપ દ્વારા, લીલાના જીવોને પણ ભૂતળ પર આવવું પડે છે. અહંકાર મહાબાધક છે.

(૩) સેવા-સ્મરણ અધિક અધિક કરતા રહેવું, પરંતુ આપણાથી જે બને છે તે પ્રભુ કૃપા કરીને કરાવે છે; ત્યારે કરી શકીએ છીએ, આપણા બળથી થતું નથી. આ વાત નિરંતર યાદ રાખવી. ભગવન્નામ લેવું એ પણ જીવની શક્તિની વાત નથી.

ત્વન્નામોચ્ચારણેડપ્યસ્તિ ન જીવેષ્વધિકારિતા ।। (વિજ્ઞપ્તિ)

(૪) આ સ્નેહમાર્ગ છે. પ્રભુમાં આપણો જેવો સ્નેહ હોય, તેવો પ્રભુનો સ્નેહ આપણામાં હોય છે. આપણે દેહદમન કરીએ, તે પ્રભુને ગમતું નથી. મનથી દુઃખ કરીએ તો પણ હૃદયમાં બિરાજતા પ્રભુ દુભાય છે. સદૈવ આનંદમાં રહેવું અને ભગવત્સેવા કરવી એ પુષ્ટિ-સિદ્ધાન્ત છે.

'કોમલ બચન, દીનતા સબસોં, સદા પ્રફુલ્લિત રહીએ.' (સૂરશ્યામ)

(૫) કષ્ટસાધ્ય સેવા મર્યાદા-કક્ષામાં જાય છે. આનંદપૂર્વક થતી સેવા એ પુષ્ટિપ્રકાર છે. આપણો સમગ્ર સેવાક્રમ આનંદને પોષનારો છે.

(૬) પ્રભુને આપેલું પાછું લેવાય નહીં, એ બીજા માર્ગની વાત છે. અહીં તો પ્રસાદીરૂપે લેવામાં હિત છે.

ઉચ્છિષ્ટભોજિનો દાસાઃ તવ માયાં જયેમહિ ।

(શ્રીમદ્‌ભાગવત સ્કંધ ૧૧/અ.૬/શ્લોક ૪૬(॥))

(૭) સેવા નિષ્કામ ભાવે (બદલાની ઈચ્છા રાખ્યા વિના) કરવી તે ઉત્તમ છે, પરંતુ પ્રસાદીરૂપે કણિકા પ્રાપ્ત થાય; તો તે ન લેવાનો હઠાગ્રહ દોષરૂપ છે, ભગવત્પ્રસાદનો અનાદર છે.

(૮) શ્રીજી એવા ઉદાસીન થયા કે ગોવિંદદાસનું નામ લેવાનું પણ ટાળ્યું. શ્રીમહાપ્રભુજીને શોધવું પડ્યું કે કયો સેવક ખિજાવે છે.

(૯) પંચશ્લોકીમાં, શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે સેવામાં સ્ત્રીપુત્રાદિ અનુકૂલ હોય, તો તેમની સહાયતા લેવી. તેમનાથી જે સેવાકાર્યો બને તે તેમની પાસે કરાવવાં. જો તેઓની રુચિ જ સેવામાં ન હોય તો જાતે સેવા કરવી. પણ જો તેઓ સેવામાં પ્રતિબંધ કરે, તો તેમનો ત્યાગ કરવો. જેના સંગથી શ્રીકૃષ્ણથી બહિર્મુખ થવાય એવાં બહિર્મુખ સંબંધીઓનો ત્યાગ કરવામાં દોષ નથી. અનુકૂળને રાખવાં, પ્રતિકૂળને છોડવાં, પણ પ્રભુની સેવા તો ન જ છોડવી.

(૧૦) અભિમાનો મદશ્ચાપિ, સતતં તદ્‌વિરોધિનૌ ।
તૌ વિજ્ઞાય પ્રયત્નેન, પરિત્યાજ્યૌ ફલાર્થિભિઃ ॥

(શિક્ષાપત્ર ૩૩, શ્લોક ૪-૫)

(અભિમાન અને મદ ભક્તિનાં સતત વિરોધી છે. તે જાણી, ભક્તિના ફળની ઈચ્છા રાખનારાઓએ તેમનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો.)

(૧૧) મૂળ નામ - ગોવિંદદાસ ભલ્લા
જ્ઞાતિ - ક્ષત્રિય
વતન - થાણેશ્વર (પંજાબ)

લીલાનું સ્વરૂપ - સારસ્વત કલ્પમાં મનસુખા ગોપ; શ્વેતવારાહ કલ્પમાં નંદરાયજીનો પાડો.

■

૧૨. માતૃ-વાત્સલ્ય

(શ્રી અમ્મા ક્ષત્રાણી)

અમ્માકે દ્વૈ પુત્ર કહત મૈયાતેં અમ્મા;
હરિહૂ અમ્મા કહે, ધન્ય પ્રભુ! જૈ જૈ ખમ્મા.

ભક્તિમાર્ગની આ બલિહારી છે. સર્વસમર્થ શ્રીહરિ અસમર્થ જીવને આધીન બનીને રહે છે. એના અંતરનો જેવો ભાવ તેવું સ્વરૂપ ધરે છે, તેવી લીલા દર્શાવે છે. શ્રીવલ્લભના કૃપામાર્ગમાં ગુરુકૃપાથી આ અશક્ય વાત શક્ય બને છે.

લૌકિક બુદ્ધિથી ન સમજાય તેવી આ બાબત છે; છતાં સાવ સાચી છે, નિ:સંશય છે. શ્રીમહાપ્રભુજીની સેવક એક 'અમ્મા ક્ષત્રાણી'ના ચરિત્ર ઉપરથી એની પૂરી પ્રતીતિ થાય છે.

કડા નામે ગામ, જ્યાં ભગવદીય કવિ ગદાધરદાસ રહેતા હતા. ત્યાં શ્રીમહાપ્રભુજી એક વાર પધાર્યા. તે જ રાત્રિએ ત્યાંની એક ક્ષત્રાણીને સ્વાનુભવ થયો. શ્રીબાલકૃષ્ણ પ્રભુ બાળકરૂપે એની પાસે પધારીને કહી રહ્યા હતા : 'તું મને તારે ઘેર પધરાવ. મારી સેવા કર. અહીં સારસ્વત બ્રાહ્મણ વૈષ્ણવ ગદાધરદાસને ઘેર શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, એમની પાસે હું છું. તું એમની સેવક થા, મને તારે ઘેર પધરાવી જા અને મારી સેવા કર.'

અમ્માને આનંદ અને આશ્ચર્ય થયાં. એને લાગ્યું કે આ સાધારણ સપનું નથી, કંઈક જુદું જ છે. આતુરતાથી સવાર પડવાની રાહ જોતી એ જાગતી જ રહી. સવાર થતાં જ નીકળી. ઘર શોધી કાઢ્યું. ખરેખર શ્રીમહાપ્રભુજી પધારેલા હતા. દર્શન કરતાં જ એનાં રોમરોમ પ્રફુલ્લિત થયાં. લીલાનો સંબંધ છે ને?

એણે દંડવત્ પ્રણામ કર્યાં. પછી ઘણી દીનતાથી સ્વપ્નના સમાચાર કહ્યા અને પોતાને શરણે લેવા વિનંતી કરી.

આપશ્રીએ એ લીલાના જીવને ઓળખ્યો. એના પર શ્રીઠાકોરજીની કૃપા થયેલી જાણી. નામ-નિવેદન કરાવ્યું. પોતાનાં બે નાનાં બાળકોને પણ એ સાથે લાવેલી, એમને શરણે લીધાં અને આજ્ઞા કરી : 'આ બંને જીવો લીલા-સંબંધી છે. હું તને જે શ્રીઠાકોરજી પધરાવી આપું છું, તેમને ધરેલો પ્રસાદ જ આ બાળકોને ખવરાવજે. અસમર્પિત જરાયે નહીં. નહીં તો એમને લીલાપ્રાપ્તિમાં

અંતરાય થશે.' આપની પાસે શ્રીબાલકૃષ્ણજીનું એક સુંદર સ્વરૂપ હતું. પોતે પુષ્ટ કરેલું એ સ્વરૂપ અમ્માને માથે પધરાવી આપ્યું અને આજ્ઞા કરી :

'જો, આ તારા બાળક છે. તે તને સોપું છું. બાળકની જેમ જ પ્રેમથી એમને સાચવજે. સાચા સ્નેહથી સેવા કરજે. લૌકિક બાળક તો અનિત્ય હોય છે. ગમે ત્યારે ચાલ્યા પણ જાય. આ અલૌકિક બાળક આ લોકમાં અને પરલોકમાં તને સર્વ સુખ આપશે. યશોદાજી અને રોહિણીજીએ શ્રીબાલકૃષ્ણને કેવા પ્રેમથી લાડ લડાવેલાં! જાણે છે ને? એવા પ્રેમથી આમને રાખજે. એનું ફળ અનિર્વચનીય છે.'

આ આજ્ઞા કરતાં શ્રીવલ્લભે એવી કૃપાદૃષ્ટિ કરી કે અમ્માના હૃદયમાં એવો જ વાત્સલ્યભાવ સ્ફુરવા લાગ્યો. અમ્મા શ્રીઠાકોરજીની સેવા શ્રીવલ્લભે બતાવેલી રીતિ અનુસાર કરવા લાગી. એમ કરતાં એના અંતરમાંથી પ્રીતિ સ્ફુરિત થવા લાગી. એને એમ નથી લાગતું કે 'આ ભગવાન છે, હું ભક્તિ કરું છું; એનું ફળ મારે મેળવવું છે.' એને તો એમ જ લાગે છે કે 'આ મારા નાનકડા બાળક છે, કેવા મજાના છે! એમને માટે શું કરું! એ પ્રસન્ન રહે, સુખમાં રહે તો મને કેવું સુખ લાગે છે! બસ, હવે તો આ જ મારું સર્વસ્વ છે.'

શ્રીબાલકૃષ્ણજી પણ બાળકરૂપે એને સાક્ષાત્ અનુભવ કરાવે છે. પછી વાત્સલ્યભાવમાં શું બાકી રહે!

અમ્માનું પૂર્વજીવન જોઈએ તો, પહેલાં તો એનું કુટુંબ મોટું હતું. પણ એ જમાનામાં રોગાદિ ઉપદ્રવો ઘણા થતા. રોગચાળો ચાલ્યો, એમાં બીજાં બધાં તો ચાલ્યાં ગયેલાં. અમ્મા અને તેના બે નાના દીકરા જ ભાગ્યવશાત્ બચેલા : એક ચાર વરસનો અને બીજો બે વરસનો હતો. એની પોતાની ઉંમર પણ કંઈ મોટી નહોતી. એ વિધવા નારી દીકરાના ભાવિ માટે મનમાં અનેક અરમાનો લઈને જીવન ટકાવી રહી હતી.

સંપત્તિ તો ઘરમાં સારી હતી; પણ પતિનું સુખ ગુમાવી બેસવાથી એનું મન આળું બની ગયું હતું. હવે જીવનમાં સુખની આશા ક્યાંથી રહે! 'લૌકિકમાં દુઃખ પડે તે હરિના અંગીકારનું લક્ષણ છે.' - એ ન્યાયે, એનો અલૌકિકમાં અંગીકાર કરવા શ્રીહરિએ એનું જીવન આવું બનાવ્યું હશે! ભગવાનની લીલાનો કોણ પાર પામે? પરંતુ સેવામાર્ગને અનુસરતાં એના હૃદયમાં કોઈક અવનવા સુખનાં ઝરણાં ફૂટવા લાગ્યાં. પતિવિયોગનું દુઃખ ઓસરવા લાગ્યું. અલૌકિક સુખનો સંચાર થવા લાગ્યો.

શ્રીબાલકૃષ્ણજી બાળકના પ્રેમનો અનુભવ કરાવે છે. એની સાથે બોલે છે, ખેલે છે, જે જોઈએ તે માગે છે. દીકરા 'અમ્મા-અમ્મા' કરે છે, તેમ શ્રીઠાકોરજી પણ 'અમ્મા' કહીને એને બોલાવે છે. ધન્ય ભાગ્ય એનાં!

એ ક્ષત્રાણીનું નામ તો ગમે તે હશે; પણ શ્રીઠાકોરજીએ એને અમ્મા કહી, એટલે આપણે પણ 'અમ્મા' નામથી જ ઓળખીએ છીએ.

શ્રીહરિરાયપ્રભુ લીલાનો સંબંધ સમજાવે છે. ત્યાં એનું સ્વરૂપ રોહિણીજીનું છે. શ્રીઠાકોરજીમાં રોહિણીજીને ઘણું વાત્સલ્ય હતું. અહીં પણ એનો એવો બાલભાવ સ્ફુરિત થયો. એના બે પુત્રો પણ લીલાસંબંધી છે. શ્રીઠાકોરજીના અંતરંગ સખા અર્જુન અને ભોજ સખાનું પ્રાકટ્ય છે. માટે તો શ્રીબાલકૃષ્ણજી બાળકરૂપે એમની સાથે ખેલે છે, બાલસહજ ચેષ્ટાઓ કરે છે. આ લીલાનો અનુભવ અમ્માને થતો રહે છે. આમ કેટલોક સમય વીત્યો. ભગવાનની લીલા અટપટી છે. બેમાંનો મોટો દીકરો હતો એને કંઈક થયું ને તે હરિશરણ થયો.

માતૃપ્રેમને લીધે અમ્માને દુઃખ થાય તે સ્વાભાવિક હતું, પરંતુ વિશેષ કારણ એ હતું કે અમ્મા જાણતી હતી કે બાલકૃષ્ણલાલ એની સાથે ખેલતા હતા; એટલે એને ઘણું દુઃખ લાગ્યું. થોડા દિવસ થયા હશે અને એનો બીજો - નાનો પુત્ર પણ ગયો. હવે તો અમ્માને અત્યંત દુઃખ થયું : 'લાલનનાં બન્ને ખિલોનાં ગયાં. હવે એ કોની સાથે ખેલશે?' આવી પ્રબળ લાગણીએ એના મનને ઘેરી લીધું. મનમાં દુઃખ થયું; એટલું જ નહીં, એ વારંવાર રડ્યા કરતી. સેવા-સમયે તો જેમ તેમ મનને ઠેકાણે રાખે; પણ પછી છૂટે મોંએ રડે.

એ જમાનામાં ક્ષત્રિયોમાં એવો રિવાજ પડી ગયેલો કે મરનારની પાછળ લાંબો સમય લોકો રડ્યા કરતાં. અમ્મા એનાથી ટેવાઈ ગઈ હતી. કુટુંબના છેલ્લા સંભારણા સમા બબ્બે પુત્રો જાય અને એ રડે નહીં, તો લોકો પણ એને કેવી કહે! પતિને ગુમાવ્યો ત્યારથી મન તો આળુ હતું જ; રડવાને ટેવાઈ ગયેલી હતી! પુત્રો જતાં પણ એ જ ચાલુ રહ્યું. પરંતુ, શ્રીઠાકોરજીને આ ગમે નહીં. ઘણી વાર કહે, 'અમ્મા, તું રડીશ નહીં; રડીશ નહીં.'

માતા રડે ત્યારે લૌકિક બાળક પણ ઉદાસ થાય છે ને! પણ, શું થાય! અમ્મા મન વાળી જ શકતી નહોતી. આમ કેટલાક દિવસ સુધી ચાલ્યું.

અમ્માને શરણે લીધા પછી અમુક જ સમયમાં શ્રીમહાપ્રભુજી તો સંન્યસ્ત ગ્રહણ કરીને પછી લીલામાં પધારેલા; એટલે શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઈજીને

જતાવ્યું, 'અમ્મા રડ્યા કરે છે, મને ગમતું નથી. એ માનતી નથી. આપ પધારીને એને સમજાવો.'

શ્રીવિઠ્ઠલેશ અડેલથી કડા પધાર્યા. સમજ પાડી : 'અમ્મા, આ શું કરો છો! શ્રીઠાકોરજીને ન ગમે તે આપણાથી કેમ થાય! આટલી કૃપા છે તોયે તમે સમજતાં નથી. આજ પછી દુ:ખ કરવાનું અને રડવાનું બંધ કરી દો જોઈએ.'

અમ્માને શ્રીગુસાંઈજી પ્રત્યે સારો ભાવ હતો અને શ્રીગુસાંઈજીને અમ્મા પ્રત્યે એવી જ આદરની લાગણી હતી. તાતચરણની કૃપાપાત્ર સેવક ખરી ને! આપનો ઠપકો સાંભળીને અમ્માએ મનમાં ગાંઠ વાળી; વિનંતી કરી, 'બાવા, મારી ભૂલ થઈ. શ્રીઠાકોરજીને મેં શ્રમ કરાવ્યો. હવે આપ કહો છો તેમ જ કરીશ, મનમાંયે દુ:ખ નહીં કરું! મારા ખરા લાલ તો મારી પાસે જ છે. એ તો મને કદી છોડવાના નથી. પણ હું અજ્ઞાની જીવ! કંઈ સમજી નહીં. આપને પણ શ્રમ કરાવ્યો. લાલનને ન ગમે એવું હવે કદીયે નહીં કરું. પણ બાવા! મારા મનમાં એક વાત રહે છે: 'મારી પાછળ શોક કોણ પાળશે?'

એ લોકોમાં એક આવી વૃત્તિ પણ રહેતી હશે કે પાછળ શોક પળાય, એમાં પોતાની મહત્તા ગણાય.

શ્રીગુસાંઈજીએ શ્રીઠાકોરજીને કહ્યું. લાલન કહે છે : 'ઓહો અમ્મા! શું હું તારો પુત્ર નથી? તું ચિંતા કેમ કરે છે? તારો શોક હું પાળીશ.'

નવાઈની વાત એ છે કે શ્રીબાલકૃષ્ણજી હજુ એ અમ્માનો શોક પાળે છે! આ લાલન નાથદ્વારામાં શ્રીનવનીતપ્રિયજીની સાથે બિરાજે છે. બધાં આભૂષણ ધરાવે છે, પણ શ્રીમસ્તકે કંઈ પણ ધરવા દેતા નથી. મોટાઓને એવો અનુભવ થયેલો કે ટોપી, મુકુટ કે કંઈ પણ ધરે તો લાલન ફેંકી દે છે. (ઉઘાડું માથું એ શોકની નિશાની. પહેલાંના સમયમાં કોઈ ખુલ્લે માથે જતા હોય, તો તરત પૂછે- કોણ મરી ગયું?)

અમ્માનો શોક સેંકડો વર્ષથી લાલન આમ પાળી રહ્યા છે. પ્રેમભક્તિ માર્ગની આ એક અજબ ઘટના ગણાય ને!

●

[૨]

શ્રીગુસાંઈજી ત્યાંથી અન્યત્ર પધાર્યા. અમ્મા અધિકાધિક વાત્સલ્યથી લાડ લડાવવા લાગ્યાં. લાલનને જગાવતી વખતે હાથે ફૂલેલ કે અત્તર લગાડે. મનમાં એવો ભાવ કે શ્રીઠાકોરજી કેવા સુકુમાર છે! મારી હથેળીઓને કોમળ બનાવીને સ્પર્શ કરું તો શ્રમ ન પડે ને! કેવી સુંદર ભાવના!

શ્રીઠાકોરજી અમ્માની ધરેલી સામગ્રીઓને ઘણા પ્રેમથી અંગીકાર કરતા. ફરી એક વાર શ્રીગુસાંઈજી કડા પધાર્યા, ત્યારે મુકામ તો ગદાધરદાસને ઘેર હતો; પણ ત્યાંથી અમ્માને ઘેર પધાર્યા. લાલનને મંગળભોગ ધરેલા હતા. ટેરો સરકાવીને આપ અંદર પધાર્યા. જુએ છે તો લાલન દૂધનો કટોરો શ્રીહસ્તમાં લઈને હસતા હસતા આરોગી રહ્યા છે. આપશ્રી બહાર પધાર્યા અને વચન ઉચ્ચાર્યાં : 'અમ્મા, અહોભાગ્ય છે તમારાં, લાલન પ્રસન્નતાથી દૂધ આરોગતાં સાક્ષાત્ દર્શન આપે છે.'

અમ્માએ શ્રીગુસાંઈજીને કંઈક આરોગવાની વિનંતી કરી. આપે આજ્ઞા કરી : 'આ જે દૂધ ધર્યું છે તે ભોગ સરાવીને લઈને તમે ત્યાં મુકામે આવો.'

અમ્માને જઈને એ દૂધ શ્રીગુસાંઈજીને પોતાના હાથે આરોગાવ્યું. આપ ઘણા પ્રસન્ન થયા. અધરામૃત વૈષ્ણવોને આપ્યું. એના અલૌકિક સ્વાદનું તો પૂછવું જ શું?

આ પરમ કૃપાપાત્ર અમ્મા ક્ષત્રાણીનો વાત્સલ્ય ભાવ આપણે માટે સેવાનો ઉત્તમ આદર્શ પૂરો પાડે છે.

●

સિદ્ધાંત નવનીત

(૧) સદા સર્વાત્મના સેવ્યો ભગવાન્ શ્રીગોકુલેશ્વરઃ ।

(ગોકુલેશ્વર અર્થાત્ ગોકુળમાં બિરાજતા ભગવાન યશોદોત્સંગલાલિત એવા શ્રીકૃષ્ણની સેવા સદા સર્વાત્મભાવે કરવી. - શ્રીગુસાંઈજી)

આ વચન અનુસાર સેવામાં બાલભાવ રાખવાનું કહેવામાં આવે છે. જોકે બાલભાવમાં પણ કિશોરભાવ અંતર્ગત રહેલો જ છે. શ્રીગુસાંઈજી-રચિત પલનાનું પદ **'પ્રેંખ પર્યંક શયનમ્'** - વિચારવાથી આ તત્ત્વ સમજાશે.

(૨) બીજું, સદાનંદ શ્રીકૃષ્ણની આનંદમય સેવામાં અને સ્મરણમાં શોક, ઉદ્વેગ, ક્લેશ, ચિંતા એ મનોવૃત્તિઓ બાધક છે, અંતરાય કરનારી છે. એ પ્રભુને પ્રિય નથી, એ વાત આમાં સમજાય છે. મનને કોઈ પણ રીતે સમજાવીને તે દૂર કરવી જોઈએ.

ગયે નહીં શોચ, આયે નહીં આનંદ,
ઐસે મારગ વહિયે, હરિરસ તબહી તો જાય પૈયે.
(સૂરશ્યામ)

ઘરમાં રહેનારાને ધુમાડો અપ્રિય લાગે, તેમ હૃદયમાં બિરાજતા પ્રભુને શોક-ક્લેશ અપ્રિય લાગે છે. શોકાતુર હૃદયમાં શ્રીહરિ રહેતા જ નથી. 'યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ' - એ આદર્શ સેવનાર વૈષ્ણવને આ કેમ પાલવે!

(૩) નાનાં બાળકોને પણ અસમર્પિત ન ખવરાવવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી. એ કેટલી બધી સૂચક છે!

શ્રીગોકુલેશપ્રભુનું વચનામૃત છે કે વૈષ્ણવના બાળકને ગળથૂથીમાં પણ પ્રસાદી દ્રવ્યો જ આપવાં જોઈએ.

'અસમર્પિત વસ્તૂનામ્ તસ્માદ્ વર્જનમાચરેત્' - એ આજ્ઞાનું પાલન આપણે સૌને માટે કેટલું જરૂરી છે!

એક પ્રસંગ છે : શ્રીહરિરાયજીનાં વહુજી લીલારાસમગ્ન બનીને, દેહ છોડીને, લીલાધામમાં પધારવાની તૈયારીમાં હતાં. અહીં એમની સેવામાં જરૂર હતી. શ્રીહરિરાયજીએ અસમર્પિત જવનું જળ પીવડાવ્યું અને લીલાપ્રાપ્તિ એ વખતે અટકી ગઈ. અસમર્પિત ખાનપાનની બાધકતા વિચારવા જેવી ખરી.

◆

હવે પદ્યવાર્તામાંથી કેટલાક અંશો જોઈએ :

(શ્રી)બાલકૃષ્ણ પ્રભુ નામ, ધામ અમ્માકે બિરાજે;
સુત માતાવત્ પ્રેમ રાખિ હરિકો સુખ સાજે.

'અમ્મા! તૂ મતિ રોય,' કહે પ્રભુ જો દુઃખ પાવત;
યોં બાલકકી ભાઁતિ તાહિ બહુવિધ સમઝાવત.

જો પ્રભુ કહુઁ ઐશ્વર્યભાવ તાકોં દિખલાતે;
અમ્માકે વાત્સલ્યભાવ કૈસે રહ પાતે!

તબ શ્રીવિઠ્ઠલ આય તહાઁ તાકોં સમઝાયો;
'હરિ ઈચ્છા' મન માની રહો, દુઃખ દૂર બહાઓ.

તુમરે રોવત ખેદ હોત હરિકો - જિય ગુનિયે;
સેવકકો યહ ધર્મ નાઁહિ, તુમ ચિત્ત દૈ સુનિયે.

તબતેં રોવત રહી સુની શ્રીબિટ્ઠલ બાની;સેવા કરત
સનેહભરી, જ્યાં રોહિનીરાની.

પ્રાત હી ઈતર-ફુલેલ લગાકર હરિહીં જગાવે;
વિવિધ ભાઁતિ પકવાન પ્રેમ કરિ હરિહીં જિમાવે.

શ્રીવલ્લભ પદકમલ રહત જે અતિ વિશ્વાસી;
તિનકોં સુંદરશ્યામ દેત સુખ અતિ રસરાસી.

એક દિન ભી જિહિં શ્યામ દરસ દે સો બડભાગી;
અમ્માતેં તો નિત્ય લાલ બતરાત, હોત સુખપાગી.

તા અમ્માકી પ્રીતિ-રીતિ કો સકે બખાની;
ઉર વાત્સલ્ય અપાર, શક્તિ તહાઁ કવિમુખ બાની.

(દોહા) શ્રીઠાકોર 'અમ્મા' કહે, કરિ કરિ અતિ અનુરાગ;
'અમ્મા' સબ સંસારકી અમ્મા! તૂ બડભાગ!

શ્રીવલ્લભે આજ્ઞા કરી કે આ બાળકોને પણ અસમર્પિત ખવડાવીશ નહીં. એ વિષય હવે આવે છે :

(છંદ) પ્રભુકો મહાપ્રસાદ સદા શ્રદ્ધાયુત લીજે;
બિના પ્રસાદી વસ્તુ કબહુઁ બાલકન નહીં દીજે.
પ્રભુપ્રસાદ સુખ સ્વાદ સરસતા નિજ જિય જાને;
ખટરસ, વ્યંજન છત્તીસ અસમર્પિત રુચિ નહીં માને.

શ્રીગુસાંઈજીનો દૂધનો પ્રસંગ - હવે સંક્ષેપમાં :

શ્રીપ્રભુચરણ પધારિ જબરિ જબહિ ટેરા સરકાયો;
ભીતર સુંદરશ્યામ દૂધ પીવત લખિ પાયો.
અમ્માતેં કહિ ભવન આપુને દુગ્ધ મંગાયો;
શ્રીવિઠ્ઠલ પયપાન કિયો સુખ અદ્ભુત પાયો.
અમ્માતેં હરિ હઁસત-ચહત-બોલત મુખ બતિયાઁ
અમ્મા ભરિભરિ પ્રેમ લગાવત સુતવત્ છતિયાઁ;

યહ સુખ બિના બિશ્વાસ, બિના ગુરુકૃપા, ન પાવે;
ગુરુ કરુણા જબ કરહિં, તબહિં તાહિ હરિ અપનાવે.
યા બિધિ અમ્મા રાખિ સતત વલ્લભપદ પ્રીતિ;
સેવા કરત સનેહ ભરી, ગહિ મારગ રીતિ.
પ્રભુપદ પદ્મપરાગ પ્રેમ વૈષ્ણવ ચિત્ત ચહિયે;
યાતેં અધિક ચરિત્ર ઔર ઈનકો કહા કહિયે.

●

નામ - વાર્તામાં પ્રસિદ્ધ નથી, પણ શ્રીઠાકોરજી અમ્મા કહેતા, એટલે વાર્તામાં 'અમ્મા' કહ્યાં છે. અમ્મા એટલે મા.
જ્ઞાતિ - ક્ષત્રિય
વતન - પ્રયાગ પાસેનું કડા ગામ.
પુત્રો - બે (બાલ્યાવસ્થામાં હરિશરણ થયા.)
સેવ્યસ્વરૂપ - શ્રીબાલકૃષ્ણજી (હાલ શ્રીનાથદ્વારામાં શ્રીનવનીતપ્રિયજીની સાથે બિરાજે છે.)
લીલાનું સ્વરૂપ : અમ્મા - રોહિણીજી
મોટો પુત્ર - અર્જુન સખા;
નાનો પુત્ર - ભોજ સખા

■

૧૩. પ્રેમ, આસક્તિ અને વ્યસન દશા

(શ્રીગજન ધાવન)

[૧]

આગ્રામાં એક ધનવાન ક્ષત્રિય વેપારી હતો. ધન હોય ત્યાં મોજશોખની વૃત્તિ વિશેષ હોય છે. એ ધનિકને એક વાર શોખ જાગ્યો : 'આજે તો નદીની અંદર નાવમાં બેસીને ભવાઈ જોવી છે.' ભવૈયાઓને કહી દીધું. સાંજ પડતાં જ તે પોતાના ચાર પુત્રોને લઈને, મોટા મિત્રમંડળ સાથે ત્યાં ગયો. ભવાઈ ચાલુ થઈ. મધ્યરાત્રિનો સમય થવા આવ્યો. ભવૈયાઓનું નાચગાન જોરશોરથી ચાલી રહ્યું છે. બધા જોવામાં તલ્લીન છે. ત્યાં નદીમાં અચાનક પૂર આવ્યું. તરતા આવતા કોઈ વૃક્ષ સાથે નાવ જોશથી અથડાયું અને ભાંગ્યું. બધા ડૂબ્યા અને ખેંચાયા. પૂરનું જોશ ઘણું હતું. દૈવસંયોગે એ ક્ષત્રિયના સૌથી નાના પુત્ર ગજનના હાથમાં નાવનું તૂટેલું એક મોટું લાકડું આવી ગયું. એને વળગીને તરતો તરતો એ ચારેક ગાઉ ઉપર નદી કાંઠે નીકળ્યો. એ એકલો જ બચ્યો. બીજા બધા જ મરી ગયા.

બીજે દિવસે ઘેર આવીને ગજને માતાને આ દુઃખદ સમાચાર કહ્યા. ક્ષત્રિય-પત્ની સતી થઈ. હવે ઘરમાં ગજન એકલા જ રહ્યા. ધન ઘણું હતું. દુકાનો ચાલતી હતી, પણ જીવનની ક્ષણભંગુરતા વિચારતાં ગજનને વૈરાગ્ય આવી ગયો. મન લૌકિકમાંથી નીકળી ગયું. વેપારધંધો બંધ કરી દીધો. ચિત્તવૃત્તિ ધર્મ તરફ વળી ગઈ. વારંવાર પ્રભુસ્મરણ કર્યા કરે. મન થાય ત્યારે યમુના-કિનારે એકલા જઈને બેસે. કોઈની સાથે ઝાઝું બોલે પણ નહીં.

એક દિવસ નદીકાંઠે બેઠેલા, ત્યાં એક સમદુઃખિયો મિત્ર મળી ગયો. નામ એનું જિયદાસ. એમને પણ સંસાર તરફ વૈરાગ્ય આવેલો હતો. તેઓ કંઈ ને કંઈ વાતો કરવા લાગ્યા, ભગવાનની જ વાતો. ભગવાન કેમ મળે એની ઈચ્છા હૃદયમાં ઉત્કટ થતી ગઈ.

પછી સાધનોને માર્ગે ચઢ્યા. એમાં દ્રવ્ય પણ વપરાવા લાગ્યું. દિવસે ભગવત્કથાનું શ્રવણ અને રાત્રે સાધુસંતો સાથે હરિકીર્તન. વ્રત-ઉપવાસ પણ કર્યા કરે. એકાદશી વ્રત નિર્જળ કરે. રાત્રિભર જાગરણ અને ભગવદ્-ગુણગાન!

પણ એમ ભગવાન મળવા કંઈ સહેલા છે! એ તો કોઈ મહાપુરુષની કૃપા થાય તો મળે. એવા કોઈ મહાનુભાવની પ્રતીક્ષામાં હવે એ દિવસો ગાળવા લાગ્યા. એક એકાદશીની રાત્રિએ ગજનને ભગવદાજ્ઞા થઈ: 'શ્રીમહાપ્રભુજીને શરણે જા. તારું કાર્ય સિદ્ધ થશે.'

બીજે દિવસે યમુના-કિનારે આવ્યા. જુએ છે તો તેજસ્વી મહાપુરુષ શ્રીવલ્લભાધીશ ઘાટ પર બિરાજીને સંધ્યાવંદન કરી રહ્યા છે. ક્ષણવારમાં પાછાં એ જ સ્વરૂપમાં શ્રીઠાકોરજીનાં - શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન થયાં. એ સ્વરૂપમાં એમનું મન આસક્ત થઈ ગયું. દંડવત્ પ્રણામ કર્યાં. વિનંતી કરી : 'કૃપાનાથ, મને શરણે લો.' ગઈ કાલનું વ્રત તો હતું જ. તરત નામ-નિવેદન કરાવ્યું. પછી કર્તવ્ય પૂછતાં આપશ્રીએ એમને પોતાની સાથે ગોકુળ આવવાની આજ્ઞા કરી. હરસાનીજી, મેઘનજી આદિ ભગવદીયો સાથે ગજનને લઈને પોતે ગોકુળ પધાર્યા. ત્યાં મહાવનની કોઈ ક્ષત્રાણી શ્રીયમુનાજીમાંથી મળેલાં ચાર સ્વરૂપો આપી ગઈ. એમાં એક શ્રીનવનીતપ્રિયજીનું હતું.

બીજે દિવસે શ્રાવણ વદ નોમ હતી. શ્રીમહાપ્રભુજીએ નંદમહોત્સવ કર્યો. કેવી રીતે? વસ્ત્રનું પલનું બનાવ્યું. ચાર ભગવદીયો એના ચાર છેડા પકડી રહ્યા. અંદર શ્રીનવનીતપ્રિયજીને પધરાવ્યા. શ્રીવલ્લભ પ્રેમવિવશ થઈ પ્રભુને ઝુલાવવા લાગ્યા. ત્યાં તો નંદ, યશોદા, ગોપગોપી બધાં અલૌકિક સ્વરૂપે પ્રકટ થયાં. નૃત્યગાન થયાં. ભગવદીયોને એ લીલાનાં સાક્ષાત્ દર્શન થયાં. ગજન ધાવન પ્રેમવિભોર બનીને નૃત્ય કરવા લાગ્યા. સૌને એવો આનંદ આવ્યો કે શ્રીપ્રભુને સોનાના પલનામાં ઝુલાવ્યા હોત, તોયે એવો સુખાનુભવ ન થાત!

એ શ્રીનવનીતપ્રિયજી ગજન ધાવનને માથે પધરાવ્યા. સેવાની રીતભાત શીખવી અને આજ્ઞા કરી : 'ગજન! આ પ્રભુ અમારું સર્વસ્વ છે. મનના નિરોધપૂર્વક એમને જેટલાં બને તેટલાં લાડ લડાવો. એમાં જ પરમ ફલની પ્રાપ્તિ થશે.'

[૨]

ગજન પ્રેમવિવશ બનીને શ્રીનવનીતપ્રિયજીને પધરાવીને ઘેર આવ્યા. લૌકિક તો છૂટેલું જ હતું. વ્યાવૃત્તિ પ્રત્યે અણગમો થયો. દુકાન કોની ને વાત શી? દુકાનો બંધ કરી દીધી. દ્રવ્ય ભેગું કરી લીધું. મર્યાદા-સાધનો કરતા હતા તે પણ બધાં છૂટી ગયાં. હવે ગજન પરમ પ્રેમથી શ્રીઠાકોરજીની એકાંતિક સેવા કરવા લાગ્યા. ઘરમાં નોકર તો હતો, જે સવારે બજારમાંથી જોઈએ તે સામગ્રી લાવી આપીને જતો રહે. પછી બારણાં બંધ કરીને ગજન સેવામાં નહાય. જાતે સુંદર સામગ્રી બનાવે. અર્ધી સામગ્રી થાય એટલે મંદિર ખોલીને શ્રીને જગાવે. બાલભોગની સામગ્રી હોય તે મંગલભોગમાં ધરે. પ્રેમપૂર્વક વિનંતી કરે. પછી રસોઈઘરમાં જાય. ઠાકોરજી આરોગતા જાય અને ગજનને બોલાવતા જાય : 'ગજન, તું મારી પાસે કેમ બેસતો નથી? મને ગમતું નથી!'

ગજન ફરી ફરીને કહેતા જાય : 'બાવા હું આ રહ્યો, પાસે જ છું. આપ આરોગો.' આમ, વાતો ચાલ્યા કરે. પછી રસોઈ પહોંચીને મંગલભોગ સરાવે. સ્નાનસિંગાર કરાવે. એ સમયે ગામના વૈષ્ણવો એમને ત્યાં દર્શન કરવા આવે. ભગવદીયોને પ્રભુ પ્રસન્નવદને દર્શન આપે. કોઈ વાર મહાનુભાવ સંતદાસજી એમને ઘેર આવતા. આવીને ઘણા પ્રસન્ન થતા. એમને ધન્યવાદ આપતા. બંને એકબીજાનું સ્વરૂપ ઓળખી ગયા હતા.

વૈષ્ણવો શૃંગારનાં દર્શન કરીને જાય, પછી બારણાં બંધ. ગજન આખો દિવસ ઘરમાં જ રહેતા, અનોસરમાં પણ મંદિર પાસેથી ખસે નહીં. ઠાકોરજી વિના એ રહી ન શકતા. ઠાકોરજીને એમના વિના ગમતું નહીં. પરસ્પર આસક્તિ લાગી ગઈ હતી. ગજન આવી અવસ્થા અનુભવી રહ્યા હતા.

'વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યુ રહે મન.
કહેવાય વ્યસન આવું જવ થાય, સામાસામી હૃદય વિંધાય.'
(ભક્તિપોષણ)

ગજન લીલામાં સખી શુભાનના છે, શ્રીચંદ્રાવલીજીને પરમ પ્રિય છે. વળી, કૃષ્ણાવતાર વખતે પણ શ્રીઠાકોરજીની સમવયસ્ક સખી તરીકે પ્રાકટ્ય હતું. પ્રભુ સાથે બાળલીલાની રમતો ઘણી કરી છે. કિશોરલીલામાં શ્રીચંદ્રાવલીજી સાથે રહીને શ્રીઠાકોરજી સાથે વિલાસ કર્યો છે! માટે તો શ્રીગુસાંઈજીના ઠાકોર શ્રીનવનીતપ્રિયજી એમને માથે શ્રીમહાપ્રભુજીએ પધરાવી આપ્યા છે. બાળભાવનું સ્વરૂપ અને તે પણ કિશોરભાવથી યુક્ત!

ગજનનું લીલાનું સખીભાવનું સ્વરૂપ અહીં આવિર્ભાવ પામતું ગયું. પ્રથમ બાલભાવ અને પછી કિશોર રસનું સુખ પ્રભુ આપવા લાગ્યા. બાલભાવથી ગજનને ઘોડો બનાવે અને પીઠ પર બિરાજીને દોડાવે. આમ કરતાં એમનાં ઘૂંટણ ઘસાઈ ગયાં. કિશોર લીલારસ અનુભવતા તેનાં ચિહ્નોય જણાતાં. સંતદાસજી જેવા એ ઉપરથી

એમનું સ્વરૂપ સમજી જતા. પ્રભુ વિરુદ્ધ-ધર્માશ્રયી છે. બાળક પણ છે અને રસિક-શિરોમણિ પણ છે, 'બાલો રસિકમૂર્ધન્યઃ' - ઉભય પ્રકાર ભક્તોને સુખ આપે છે.

આમ, વર્ષો વીત્યાં. દેહ અશક્ત થયો અને મન આસક્ત થઈ ગયું. હવે દેહથી પ્રત્યક્ષ સેવા બરાબર બનતી નહીં અને મનની આસક્તિને લીધે અનોસર કરવાનું ભૂલી જતા. ચિત્તવૃત્તિ શ્રીનવનીતપ્રિયજીમાં ઓતપ્રોત થઈ ગઈ. સંપૂર્ણ નિરોધ કક્ષા સિદ્ધ થઈ ગઈ.

શ્રીઠાકોરજીએ જાણ્યું કે હવે તો એને ગૃહનિવાસ પણ બાધક થાય છે. પોતે આજ્ઞા કરી : 'ગજન, મને શ્રીમહાપ્રભુજીને ઘેર પધરાવી જા.'

ગજન આકળવિકળ થઈ ગયા : 'પ્રાણેશ! આપ પધારશો, પછી હું કેમ કરીને જીવીશ?'

પ્રભુ આજ્ઞા કરે છે : 'ગભરાઈશ નહીં. જ્યાં હું ત્યાં તું મારી પાસે જ રહેજે.' હવે એમને કંઈક ધીરજ આવી. આજ્ઞા માનીને શ્રીજીને ઝાંપીજીમાં પધરાવી લીધા. ઘરની તમામ ચીજો શ્રીમહાપ્રભુજીને અંગીકાર કરાવવા માટે ગાડામાં ભરાવી લીધી. પોતે નીકળ્યા. આગ્રાના વૈષ્ણવોને ઘણું દુઃખ થયું. સૌ વળાવવા આવ્યા. કેટલાક તો ગોકુળ સુધી સાથે આવ્યા. રાત્રે શ્રીમહાપ્રભુજી કથા કહી રહ્યા હતા, તે સમયે ગજન ત્યાં આવી પહોંચ્યા. દંડવત્ પ્રણામ કર્યાં. વિનંતી કરી : 'કૃપાનાથ! શ્રીનવનીતપ્રિયજી પધાર્યા છે.'

'આમ અચાનક?' આપશ્રીને આશ્ચર્ય થયું. પણ પોતે ગજનની અવસ્થા જાણતા હતા; એટલે તરત સમજી ગયા કે પ્રભુની આજ્ઞા થઈ હશે ત્યારે જ પધરાવ્યા હશે! સામગ્રી કરાવી. પ્રભુને ભોગ ધરાવ્યો. પોઢાવવા માટે શૈયા તૈયાર નહોતી; એટલે શ્રીવલ્લભ પોતાના અંગ પર સુગંધિત પદાર્થ લગાડી, શ્રીનવનીતપ્રિયજીને સાથે લઈને પોઢ્યા. પોતે સ્વામિની-સ્વરૂપ છે ને!

બીજે દિવસે નવી શૈયા બનાવરાવી, પણ શ્રીનવનીતપ્રિયજી કહે છે : 'આ શૈયા તો નાની છે. હું તો આપની સાથે જ પોઢીશ.' બીજે દિવસે પણ સાથે જ પોઢ્યા. વળી મોટી શૈયા બનાવરાવી. પ્રભુને સમજાવીને તેના પર પોઢાવ્યા. મર્યાદા તો સાચવવી જોઈએ ને!

[૩]

હવે ગજન નિત્યપ્રતિ નિજમંદિરના દ્વાર પાસે બેસી રહેતા. મનોમન પ્રભુ સાથે વાતો કર્યા કરતા. આમ થોડોક સમય વીત્યો. એ વ્યસન દશાને પ્રાપ્ત થયા હતા, એટલે દેહધર્મો પણ બાધા ન કરતા. મંદિર પાસેથી લેશ પણ ખસતા નહીં.

એક દિવસની વાત છે. શ્રીઅક્કાજીએ પ્રભુને રાજભોગ ધર્યા અને પછી જોયું તો બીડાં બાંધવાનાં પાન નહોતાં. બીજું કોઈ હાજર નહોતું, એટલે ગજનને કહ્યું : 'બજારમાંથી પાન લાવી આપો ને!'

ગજને આજ્ઞા માથે ચઢાવી. ગમે તેવી ઉચ્ચ કક્ષામાં પણ ગુરુ-આજ્ઞાનો લોપ કેમ થાય? પાન લેવા ચાલ્યા. મંદિરની બહાર તો નીકળ્યા, પણ આગળ જઈ ન શક્યા. વિરહજ્વર ચઢી આવ્યો. મૂર્છિત થઈ ગયા, ત્યાં જ પડી ગયા.

ગજન પાછા ન આવતાં, શ્રીઅક્કાજીએ બીજા માણસને બોલાવીને પાન મંગાવ્યાં. બીડાં બાંધીને ભોગ સરાવવા પધાર્યાં. જુએ છે તો શ્રીનવનીતપ્રિયજી ઉદાસ થઈને, હાથ ખેંચીને બિરાજી રહ્યા છે. રાજભોગ આરોગ્યા જ નથી.

પોતે માણસને દોડાવ્યો : 'ગજન જ્યાં હોય ત્યાંથી જલદી બોલાવી લાવ.' એ માણસે ગજનને મૂર્છામાંથી જાગૃત કર્યા. સાથે લઈ આવીને મંદિર પાસે બેસાડ્યા. એ વિનંતી કરી રહ્યા હતા, 'પ્રભુ, હું આપની પાસે આવ્યો છું હોં, આપ આરોગો.' - ત્યારે પ્રભુ પ્રસન્ન થઈને આરોગ્યા.

[૪]

વળી થોડોક સમય વીત્યો. હવે તો એમનો દેહ સાવ અશક્ત થઈ ગયો હતો. એક રાત્રે એમને ઘણી તરસ લાગી. પાસે રહેનાર વૈષ્ણવ ઊંઘી ગયા હતા. ગજનમાં એને બોલાવવાનીયે શક્તિ નહોતી. શ્રીનવનીતપ્રિયજીએ સાક્ષાત્ દર્શન આપ્યાં અને ઝારીનું પ્રસાદીજલ પાયું. ઘણો સ્નેહ દર્શાવ્યો. પછી સવાર થતાં તો એમનો દેહ છૂટી ગયો.

તે દિવસે શ્રીમહાપ્રભુજી શ્રીનવનીતપ્રિયજીને જગાવવા પધાર્યા, ત્યારે આપનું મુખારવિંદ અતિ ઉદાસીન જોયું. પ્રભુ પોતાના જનના વિયોગથી ઘણા શ્રમિત હતા. ભક્ત તો ભગવાનનો વિરહ કરે, પણ ભગવાન ભક્તનો વિરહ કરે તે તો નવાઈ જેવું ને! પુષ્ટિભક્તિની એ વિશિષ્ટતા છે!

'ભક્ત વિરહ-કાતર કરુણામય, ડોલત પાછેં લાગે.'

કેટલાક દિવસ સુધી શ્રીનવનીતપ્રિયજી ઉદાસીન રહ્યા. શ્રીવલ્લભ આશ્વાસન આપતા રહ્યા. ગજન ધાવનને અલૌકિક દેહ પ્રદાન કરીને શ્રીનવનીતપ્રિયજીની સેવામાં સામેલ કર્યા, ત્યારે આપની ઉદાસીનતા દૂર થઈ.

આવા હતા આપણા મહાન ભગવદીય શ્રી ગજન ધાવન!

સિદ્ધાંત નવનીત

(૧) ‘ભક્તિવર્ધિની’માં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે ‘ભક્તિબીજ દઢ થવા માટે ઘરમાં રહીને સ્વધર્મનું પાલન કરવું. અવ્યાવૃત્ત બનીને શ્રીકૃષ્ણને ભજવા.’- આ રીતે ગજન ધાવને કર્યું.

પરિણામે, આ ફળ તેમને પ્રાપ્ત થયું. પ્રેમ પછી આસક્તિ. પછી વ્યસન દશા થતાં એવી સુદઢ ભક્તિ થઈ કે જે કદી ગઈ નહીં. વ્યસન-અવસ્થા થતાં એમનું જીવન કૃતાર્થ થઈ ગયું.

(૨) **દુરારાધ્યસ્ય સેવૈવ વશીકરણસાધનમ્ ।**

- પ્રભુને પ્રસન્ન કરવા મુશ્કેલ છે; પણ આવા પ્રભુના સેવા વડે ભક્તને આધીન બની જાય છે. (શિક્ષાપત્ર)

(૩) પોતાના જનોને લૌકિકમાં વૈરાગ્ય સિદ્ધ કરવાનું પણ પ્રભુ જ સંજોગો દ્વારા કરે છે.

(૪) પુષ્ટિભાવ પ્રકટ થાય, ત્યારે મર્યાદાનો મોહ અને મર્યાદા-સાધનો છૂટી જાય છે.

(૫) આ શ્રીનવનીતપ્રિયજી અત્યારે શ્રીનાથદ્વારામાં બિરાજે છે અને દર્શનનો આનંદ આપે છે.

●

નામ - ગજન ધાવન

જ્ઞાતિ - ક્ષત્રિય

વતન - આગ્રા

સેવ્ય સ્વરૂપ - શ્રીનવનીતપ્રિયજી

લીલાનું સ્વરૂપ - શુભાનના, શ્રીઠાકોરજીનાં બાળસખી. શ્રીચંદ્રાવલીજીના યૂથનાં સખી.

■

---

૧૪. આદર્શ ત્યાગ-વૈરાગ્ય

(શ્રીનારાયણદાસ બ્રહ્મચારી)

ભૂમિકા : કોણ કહેશે કે પુષ્ટિમાર્ગમાં ત્યાગ-વૈરાગ્ય, જ્ઞાન કે બ્રહ્મચર્યનો સ્વીકાર નથી! હા, એટલું ખરું કે મર્યાદામાર્ગ કરતાં એનું સ્વરૂપ વિલક્ષણ છે. વૈરાગ્યની વ્યાખ્યા અહીં આ પ્રકારની છે :

ભગવદતિરિક્તેષુ રાગાભાવઃ વૈરાગ્યમ્ ।

- ભગવાનના સંબંધ સિવાયની બાબતોમાં પ્રેમ ન હોય, એનું નામ વૈરાગ્ય!

ત્યાગ કેવો? **વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ ।** વિરહના અનુભવ કાજે બીજું સર્વ કંઈ છૂટી જાય તેનું નામ સાચો ત્યાગ! ભગવાં કપડાં પહેરીને, કુટુંબને રડાવીને ઘરમાંથી ભાગી જવું એ સાચો ત્યાગ કે વૈરાગ્ય નહીં!

બ્રહ્મચર્ય શું? બ્રહ્મ એટલે ભગવાનમાં જ મન વિચર્યા કરે તે. ચિત્ત નિરંતર પ્રભુનું ચિંતન કર્યા, કરે, તો તે બ્રહ્મચર્ય સાચું.

બ્રહ્મચર્ય તો ભગવદ્ધર્મમાં સહાયક છે. એના પાલનથી શારીરિક, માનસિક અને આત્મિક શક્તિઓની વૃદ્ધિ થાય, દઢતા પ્રાપ્ત થાય, ચિત્તવૃત્તિ ઊર્ધ્વગામી બને અને કોઈ પણ કાર્યમાં ઉત્તમતા થાય, તો ભગવદ્ધર્મની પ્રગતિમાં એ સહાયક શા માટે ન થાય! બીજી રીતે, ‘રસિકાઃ કામવર્જિતાઃ’ એ દષ્ટિએ રસાત્મક લીલાચિંતનની પાત્રતા પણ એનાથી થાય જ! સેવા માટેનું સામર્થ્ય વૃદ્ધિંગત થાય! સંક્ષેપમાં કહીએ તો બ્રહ્મચર્ય એ જ સાચું જીવન! ‘મરણં **બિંદુપાતેન, જીવનં બિંદુધારણાત્ ।**’

વાર્તા-સાહિત્યમાં અવધૂતદાસ જેવા વિરક્તોનાં ચરિત્રો પણ પ્રાપ્ત થાય છે. જોકે સેવા માટે ગૃહસ્થાશ્રમને આવશ્યક માનેલો છે; પરંતુ તે લૌકિક ભોગના પ્રાધાન્યવાળો નહીં; ભગવત્સેવાના પ્રાધાન્યવાળો!

ન ભવેત્ પ્રાયશો ભોગે, તદીયાનાં ક્વચિન્મનઃ ।
તથાપિ ચેદ્ ભવેદ્ભોગો, નિવાર્યઃ સર્વથૈવ હિ. ॥

(ભગવદીયોનું મન લૌકિક ભોગાસક્ત થતું નથી, છતાં થાય તો સર્વથા એનું નિવારણ જ કરવું જોઈએ. - શિક્ષાપત્ર)

ઘરમાં રહેવા છતાં મન વનમાં, *'સૂરદાસ ગોકુલકી ગોપી, ઘરહી મેં બન કીનો'* અને *'પરમાનંદ બસત હૈં ઘરમેં જૈસે રહત બટાઉ ।'* ઘર તો જાણે એમની અતિથિશાળા. વટેમાર્ગુનું મુસાફરખાનું!

પુરુષોત્તમદાસ શેઠ કરોડોની સંપત્તિ ધરાવતા હોવા છતાં, પોતડી પહેરીને ગાયોની સેવા કરતા. એમનાં જ સંતાનો, ગોપાલદાસ અને રુક્મિણી! ગૃહસ્થ છતાં કેવું વિરક્ત જીવન ગાળતાં!

પુષ્ટિમાર્ગનો અંતિમ આદર્શ આ છે. વ્યવહાર-દશામાં જે ભોગ પ્રાપ્ત હોય, તે પણ અનાસક્તિથી જ થવા જોઈએ. વસ્તુતઃ તો આ માર્ગ અનાસક્તિ, વિરહતાપ, નિષ્કામ ભાવ અને ત્યાગમય જીવનનો છે. જે કંઈ ભોગવિલાસ દેખાય છે તે દૃષ્ટિભ્રમ છે. બહારનું દૃશ્ય જુદું ને અંદરનું દૃશ્ય જુદું છે.

[૧]

શ્રીવલ્લભાધીશના કૃપાપાત્ર ભગવદીય હતા ત્યાગી નારાયણદાસ બ્રહ્મચારી, જેમણે પરમ પ્રીતિથી સેવીને શ્રીગોકુલચંદ્રમાજીને રીઝવ્યા હતા!

નિધિસ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજી! ફલપ્રકરણની લીલાના મહારાસનું સ્વરૂપ! એ રાસ-રસેશ્વરને જેમણે સેવાથી પ્રસન્ન કર્યા, એવું અલૌકિક જીવન! એમની જીવનચર્યા આરંભથી જોઈએ.

વ્રજમાં નિવાસ. મહાવનના એ વાસી હતા. માતાપિતા બાલ્યાવસ્થામાં મૂકી ગયાં. મોટાભાઈએ એમને મોટા કર્યા. એમના જન્મજાત ત્યાગથી મોટાભાઈ એવા પ્રભાવિત થયેલા કે એમની પૂરેપૂરી કાળજી રાખે. ગૃહસ્થની રીતે રહેવા નાનાભાઈને ઘણું સમજાવે, પણ માને એ બીજા!

બાલક નારાયણ નાનપણથી જ વૈરાગી. શ્રીયમુનાજીને કાંઠે જઈને પડ્યા રહે. ખાવા-પીવાનું તો ભાન નહીં, પણ કપડાં પહેરવાનુંયે નહીં! શુકદેવજીનું પણ એમ જ હતું ને! મોટાભાઈ હાથ પકડીને લાવે, ત્યારે કંઈક ખાઈ લે. પાછા યમુનાતટે ચાલ્યા જાય. મસ્ત બનીને શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન ધર્યા કરે. ભાઈ ઘણું કહે, પણ વસ્ત્ર પહેરવાની વાત તો ગળે ઊતરે જ નહીં!

પણ એક દિવસ એ મનમાં ઊતરી. રાત્રે શ્રીયમુનાજીની આજ્ઞા થઈ : 'નારાયણદાસ, તું આમ નિરાવરણ બેસી રહે છે, તેથી અમને લજ્જા આવે છે. આવું ન કર. વસ્ત્ર પહેરવા લાગ.' અને સવારે એ પહોંચ્યા ઘેર. જઈને મોટા ભાઈને કહે : 'ભાઈ, મને પહેરવાનાં એક-બે વસ્ત્ર આપો.' ભાઈ તો રાજી થઈ ગયા. 'હાશ, હવે કંઈક સુધરતો લાગે છે! આજ કપડામાં ચિત્ત લાગ્યું, તો કાલે બીજામાં પણ લાગશે.'

વસ્ત્ર પહેરીને એ ચાલ્યા ગયા! પાછી એ જ દિનચર્યા, એ જ જીવન!

[૨]

એક દિવસ એમાંયે પલટો આવ્યો! લીલાધામના એ જીવ! પ્રભુને એમનો અંગીકાર વિચાર્યો. શ્રીવલ્લભાધીશ મહાવન પધાર્યા. નારાયણદાસ આકર્ષાયા, 'મારે શરણે જવું છે!' ત્યારે તો તેમની વય ચાલીસ વર્ષની થવા આવી હતી. એ મોટાભાઈની પાસે ગયા. જઈને કહે, 'ભાઈ, મારે શ્રીમહાપ્રભુજીને શરણે જવું છે. ખાલી હાથે ન જવાય. મને કંઈક ભેટ ધરવા આપો.'

મોટાભાઈ વિચારે છે, 'જે પૈસાને કદી અડક્યો નથી, તે આજે પૈસાની માગણી કરે છે. હવે તો કંઈક પલટો આવશે.' વળી એ મનથી રાજી થયા.

મોટાભાઈ કહે : 'ભાઈ, તમારે જેટલા પૈસા લેવા હોય તેટલા લઈ લો.'

નાનાભાઈ કહે : 'ના, તમારે જેટલા આપવા હોય તેટલા આપો.'

જે આપ્યું તે લઈને આવ્યા શ્રીમહાપ્રભુજી પાસે. આપશ્રીએ નામ દઈને બોલાવ્યા : 'નારાયણદાસ, આવ્યા?'

એ કહે છે : 'કૃપાનિધાન! આપની જ રાહ જોઈ રહ્યો હતો. આજે મને કૃતાર્થ કર્યો. હવે શરણમાં લ્યો, પ્રભુ!'

આપશ્રીએ નામનિવેદન કરાવ્યું. એમણે કર્તવ્ય પૂછ્યું. આપશ્રીએ આજ્ઞા કરી : 'હજુ થોડાક દિવસ શ્રીયમુનાજીનું સેવન કરો, એથી તમારું કાર્ય સિદ્ધ થશે.'

પછી ઘેર આવી, ભાઈ-ભત્રીજીને પણ શ્રીવલ્લભને શરણે જવા કહ્યું. એ વૈષ્ણવ થયાં. નારાયણદાસના પ્રભાવથી મહાવનના કેટલાયે જીવો આપને શરણે આવ્યા. લગભગ આખું મહાવન જ કહો ને! કોઈક મંદભાગી જ આ મહાલાભથી વંચિત રહ્યા હશે!

હવે ભાઈ નારાયણદાસ ઘરમાં જ રહેવા લાગ્યા. મોટાભાઈને આશા બંધાણી, સાથે થોડો લોભ પણ જાગ્યો. એક દિવસ લાગ જોઈને સમજાવવા લાગ્યા : 'ભાઈ, મારી એક વાત માનો. તમે જાણો છો કે મારે કોઈ પુત્ર નથી. આ એક પુત્રી ચતુરા છે, પણ તે બાલવિધવા છે. પિતાનો વંશ રહે તો કેવું સારું! માટે ભાઈ, તમે હવે લગ્ન કરી લો ને!'

નારાયણદાસ કહે છે : 'મોટાભાઈ, આ તમે શું બોલ્યા? મારું લગ્ન તો શ્રીનંદનંદન સાથે ક્યારનુંય થઈ ગયું છે. ફરીફરીને તે કંઈ પરણાય! તમે મારા હિતચ્છુ થઈને આવી સલાહ આપો છો! અલૌકિક કલ્પવૃક્ષ મળ્યા પછી શું થોરિયાને વળગવા જાઉં? આ પરમ સુખ છોડીને વિવિધ પીડા આપનારા કાંટાળા સંસારમાં પલોટાઉં?'

મોટાભાઈ સમજી ગયા : 'આની દઢતા આગળ હવે સમજાવટ નકામી! એમની બ્રહ્મચર્યનિષ્ઠા તો એવી કે સ્ત્રીમાત્રની સામે દષ્ટિ કરીને જોતાયે નહીં. લક્ષ્મણજીની વાત છે : અપહૃત સીતાજીનાં આભૂષણોની ઓળખ પૂછી, ત્યારે એ બોલેલા : 'નાહં જાનામિ કેયૂરં, નૂપુરં... સદા ।' હું બાજુબંધને નહીં ઓળખું, કુંડળને પણ નહીં ઓળખું. માત્ર સીતાજીનાં નૂપુરને ઓળખી શકીશ, કેમ કે નિત્ય એમનાં ચરણમાં વંદન કરતો હતો, ત્યારે તે નજરે પડતાં.

દ્રવ્યની બાબતમાં પણ એમની દઢતા અજબ હતી. ધનનો સ્પર્શ જ ન કરતા, પણ ભગવાન કોઈની કસોટી કર્યા વિના રહે ખરા? ગામ બહાર શૌચ માટે જાય, ત્યાં હાથપગ ધોવા માટી લેવા માંડે, ત્યાં સુવર્ણ નજરે પડતું. છિટ્ છિટ્ કરતા એના પર માટી વાળી દે અને ઘેર ચાલ્યા આવે! આવી અપૂર્વ ત્યાગ-દશા! કોઈ કોઈ વાર તો એવું કૌતુક થતું કે સૂઈ રહ્યા હોય, ત્યાં પથારીની આસપાસ સુવર્ણમુદ્રાઓ આવીને પડતી; છતાં તેઓ જરાયે લલચાય નહીં. ઊલટું ભત્રીજીને કહેતા, 'બેટી ચતુરા! જો તો, અહીં ઠામઠામ બગાડ (વિષ્ટા) પડ્યો છે, તે જરા કાઢી નાખ ને!'

ત્યારે ભત્રીજી તે કાઢી નાખતી અને જગા પણ ધોઈ દેતી! કાકાએ બગાડ કહ્યો (કેમ કે શાસ્ત્રમાં સુવર્ણને અગ્નિવિષ્ટા કહ્યું છે.), તો એ જગા પણ અશુદ્ધ થઈને! વળી, એમના વચન પર એને એવો અટલ વિશ્વાસ! અને વિશ્વાસ કેમ ન હોય! બંને લીલાના જીવો છે. લીલામાં નારાયણદાસ છે મધુરેક્ષણા - શ્રીરાધાસહચરીજીનાં સખી અને ભત્રીજી છે મધુરેક્ષણાની સખી - ચતુરા! લીલાનો સંબંધ અહીં પણ ચાલુ છે.

[૩]

પરંતુ મોટાભાઈ સાધારણ કોટિના જીવ! એમની ચિત્તવૃત્તિ લૌકિકમાં ખરી! એક વાર નારાયણદાસની પથારીની આસપાસ સુવર્ણ ફેલાયેલું હતું. એટલામાં મોટાભાઈ એમને ઘેરથી આવી ચઢ્યા. એમની દષ્ટિની ધનલોલુપતા નાનાભાઈ પારખી ગયા અને બોલ્યા : 'મોટાભાઈ, આ ધન ઘણું છે. તમારી

ઈચ્છા હોય તો લઈ જાઓ.' કેવળ પરીક્ષાર્થે એ કહી રહ્યા હતા. ભાઈના ત્યાગપ્રભાવથી અંજાયેલા મોટાભાઈથી ઈચ્છા-વિરુદ્ધ પણ કહેવાઈ ગયું : 'ના રે ભાઈ, મારે શું કરવું છે! મારી પાસે તો ઘણુંય છે!' - એમ કહેતા તે ત્યાંથી જતા રહ્યા. પણ થોડી જ વારમાં પાછા આવ્યા.

જોયું કે ભાઈને ઊંઘ આવી ગઈ છે. જરા ખખડાટ પણ કરી જોયો, છતાં જાગ્યા જણાયા નહીં. 'ઊંઘતા બોલે, પણ જાગતા ન બોલે!' તરત ટોપલો લઈ આવ્યા અને એમાં બધું ભર્યું. ઊંચકીને ચાલ્યા. ઘરની બહાર નીકળ્યા ત્યાં સુધી તો એ સુવર્ણ રહ્યું ને પછી થઈ ગયો કીચડ! ટોપલામાંથી નીતરવા લાગ્યો. મોટાભાઈનું માથું ને મોઢું, કપડાં અને શરીર, બધું કીચડ કીચડ થઈ ગયું. પોતાની દીકરીને એમનાથી બૂમ પડાઈ ગઈ, 'ચતુરા, ચતુરા!'

નારાયણદાસ જાગતા જ હતા. બારીએ દોડ્યા આવ્યા. ભાઈની શોભા જોઈ, નીચે આવીને ટોપલો ઉતરાવ્યો અને પૂછ્યું : 'ભાઈ, આ બધું શું?' મોટાભાઈ પસ્તાવો કરતા એમને પગે પડવા લાગ્યા ને બોલ્યા : 'નારાયણ, તને ધન્ય છે! તારા ત્યાગને ધન્ય છે! હું તો માયાનો જીવ! આખરે માયામાં ખરડાયો! તારું સ્વરૂપ મેં જાણ્યું નહીં, એટલે મારી આ દશા થઈ! ભાઈ, હવે તું એવી કૃપા કર કે હું પણ આ માયામોહમાંથી છૂટું.'

તે દિવસથી મોટાભાઈ નારાયણદાસની ઘણી બધી આમન્યા રાખતા થઈ ગયા.

[૪]

આચાર્યશ્રીની આજ્ઞાનુસાર નારાયણદાસે વળી થોડા દિવસ શ્રીયમુનાજીનું સ્મરણ-સેવન કર્યું. પછી એક દિવસ મન ઊપડ્યું તે ચાલ્યા ગોકુળ... શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, વિનંતી કરી, 'મહારાજ, હવે મને મુખ્ય કર્તવ્ય બતાવો.'

આપશ્રીએ આજ્ઞા કરી : 'કર્તવ્ય તો આ માર્ગમાં એક જ છે, ભગવત્સેવા કરો. હું તમારે માથે શ્રીગોકુલચંદ્રમાજીનું મનોહર સ્વરૂપ પધરાવી આપું છું. એ મારું સર્વસ્વ છે. પરમ પ્રીતિથી એમની સેવા કરજો. તે તમારા સર્વ મનોરથો પૂરશે.' પ્રભુ પધરાવીને એ ઘેર આવ્યા. સેવામાં તત્પર થઈ ગયા.

મોટાભાઈ, ભાભી અને ભત્રીજી પણ એમાં સહાયતા કરવા લાગ્યાં. ઘેર ગાયો હતી. એ ગાયોનું દૂધ, દહીં, ઘી, માખણ ને ખીર પ્રભુને સમર્પતા. પ્રભુસેવા

સાથે ગૌસેવા પણ જાતે કરતા અને તે પણ કેવી! ગાયને ઘાસ પણ ધોઈ ધોઈને ખવરાવતા. ગાયોના સુખમાંયે પ્રભુની પ્રસન્નતા રહે ને!

એવી જ સાવધાની પ્રત્યેક સેવાસામગ્રીમાંયે રાખતા. ક્ષણે ક્ષણે પ્રભુનું સુખ વિચારતા. તેમ છતાં, મનમાં દૈન્ય અને પરિતાપ તો એટલો રહેતો કે રાજભોગ ધરીને, બહાર આવી જપપાઠ કરવા બેસે ત્યારે નયનોમાંથી આંસુ સ્રવે અને કહ્યા કરે : 'અરે, મારાથી કંઈ સચવાતું નથી; સેવાસામગ્રીમાં ઘણા દોષો થઈ જતા હશે. સુકુમાર પ્રભુ કેમ કરીને આરોગતા હશે!'

ત્યારે ભત્રીજી કહેતી : 'બાબા, શ્રીમહાપ્રભુજીનો કોઈ પણ સેવક કોઈ પણ રીતે શ્રીજીને ભોગ ધરે, તો તે શ્રીજી પ્રસન્નતાથી અંગીકાર કરે છે, તો તમે તો આપના કૃપાપાત્ર છો! આમ ખેદ શા માટે કરો છો?'

પોતે કહેતા : 'બેટી! સેવાનું સ્વરૂપ મહાઅલૌકિક છે! કરવા જેવું તો ઘણું વધારે છે. આપણાથી એમાંનું કાંઈ બનતું નથી. શ્રીવલ્લભની કાનિથી જ પ્રભુ આપણે ઘેર બિરાજે છે. પ્રભુ પ્રસન્નતા દેખાડે છે, તે પણ આપણું મન રાખવા ખાતર જ! આપણે કોણ માત્ર!'

બાબાની આવી ભાવભરી વાણી સાંભળતાં, ભત્રીજી ભાવવિવશ બની જતી. વળી બાબા કહેતા : 'બેટી, પ્રભુ પ્રસન્નતાથી આરોગ્યા, એ તો ત્યારે જાણીએ કે જ્યારે અચાનક વૈષ્ણવ આવી ચઢે અને મહાપ્રસાદ લે. પણ એવું આપણું ભાગ્ય ક્યાંથી હોય!' - જેવો ભાવ એમનો શ્રીગોકુલચંદ્રમાજીમાં સિદ્ધ થયો હતો, તેવો જ શ્રીમદાચાર્યચરણમાં અને તેટલો જ વૈષ્ણવોમાં હતો. ભગવત્કૃપામાં પછી શું બાકી રહે!

[૫]

નારાયણદાસ ખીર ઘણી સરસ સિદ્ધ કરતા અને શ્રીગોકુલચંદ્રમાજીને નિત્ય પ્રેમથી ધરતા. પ્રભુ ઘણી પ્રસન્નતા દર્શાવતા, 'નારાયણદાસ, તારી ખીરના સ્વાદ આગળ તો છપ્પનભોગ પણ તુચ્છ છે!'

એક દિવસ પ્રભુને શૃંગાર અપાઈ રહ્યા અને ખીરનો ભોગ ધરવાની તૈયારી હતી; એટલામાં ખબર આવી કે શ્રીમહાપ્રભુજી ગોકુળ પધાર્યા છે. વધામણી સાંભળતાં જ નારાયણદાસ પ્રેમવિવશ થઈ ગયા. મહાવનથી ગોકુળ આપનાં દર્શને જવાની આતુરતામાં, ખીર ગરમ ગરમ હતી; છતાંયે શ્રીને ભોગ ધરી દીધી. મનમાં એમ કે જરા ઠંડી પડશે એટલે પ્રભુ આરોગશે.

તરત જ નીકળ્યા. ગોકુળ આવી આપશ્રીને દંડવત્ પ્રણામ કર્યા. આપ પૂછે છે, 'શ્રીગોકુલચંદ્રમાજીને સેવાનો શો સમય છે?'

આપશ્રી જ્યારે ગોકુળ પધારતા, ત્યારે મહાવન જઈ શ્રીગોકુલચંદ્રમાજીના શૃંગાર અને ઝારીજીને ચરણસ્પર્શ અવશ્ય કરતા. પછી ગોકુળ પધારીને ભોજન કરતા. નારાયણદાસે કહ્યું : 'મહારાજ, શૃંગારભોગ ધરીને આવ્યો છું.' આપશ્રી ત્યાંથી અપરસમાં પધાર્યા. ભોગ સરાવવા મંદિરમાં પધારે છે, તો શું દશ્યમાન થાય છે? શ્રીઠાકોરજીના હસ્ત ખીરભર્યા છે અને આસપાસ ખીરનો છંટકાવ થયેલો છે.

શ્રીમહાપ્રભુજી પ્રભુને વિનંતી કરે છે : 'બાવા, આજે આમ કેમ?'

શ્રીઠાકોરજી કહે છે : 'શું કરું? નારાયણદાસ આજે ગરમ ગરમ ખીર ધરીને ગયો. ખીર મને બહુ બાવે છે, એટલે આરોગવા માટે મેં તરત એમાં હાથ નાખ્યો. હાથ દાઝયો એટલે છંટકોરાઈ ગયો. હું ક્યારનોય હાથ ખેંચીને બેસી રહ્યો છું.' શ્રીમહાપ્રભુજીએ પવન નાખીને ખીર સુહાતી કરી.

પછી બહાર પધાર્યા. નારાયણદાસ ઉપર ખિજાયા, 'આજે આવું કેમ કર્યું? પ્રભુને કેટલો શ્રમ પડ્યો?'

એમણે વિનંતી કરી : 'મહારાજ, આપનાં દર્શનની આતુરતામાં આવું થઈ ગયું, ભૂલ થઈ ગઈ છે, કૃપાનાથ!'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'સેવામાં ખોટી ઉતાવળ કદાપિ ન કરવી. પ્રભુ સુકુમાર છે. એમના સુખનો પ્રથમ વિચાર કરવો. અલૌકિક હેતુથી તેં આ ઉતાવળ કરી તોય અનુચિત થયું, તો જે વૈષ્ણવો લૌકિક કાર્ય માટે સેવા જેમતેમ કરી દે, તેની તો વાત જ શી કરવી!'

નારાયણદાસે વિનંતી કરી : 'મહારાજ, હવે કદી આવું નહીં કરું.'

વળી આપે કહ્યું : 'શ્રીજીને ખીર અતિ પ્રિય છે. ખીર અને શૃંગારભોગ બંને શ્રીસ્વામિનીજીના ભાવનાં છે; એટલે પ્રભુ પ્રેમવશ બનીને તરત જ આરોગે છે. ખીર અને દૂધ સુહાતાં (આંગળી બોળી શકાય તેવાં) કરીને જ પ્રભુને ધરવાં.' પછી પોતે ભોગ સરાવવા પધાર્યા ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : 'નારાયણદાસ ખીર બહુ સરસ બનાવે છે, આપ આરોગો.'

શ્રીમહાપ્રભુજી જરા જ્ઞાતિ-મર્યાદાનો વિચાર કરવા લાગ્યા, ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું : 'મારી આજ્ઞા છે, આરોગો.' વળી જણાવ્યું કે 'ખીરની સામગ્રી અનસખડીમાં ગણવી, એટલે કોઈ બાધ રહેશે નહીં.' ત્યારથી ખીર અનસખડીમાં ગણાવા લાગી.

પછી શ્રીઠાકોરજીએ પોતે શ્રીમહાપ્રભુજીને ખીર આરોગાવી. નારાયણદાસને આવાં દર્શન થયાં. એ ખીરનો મહાપ્રસાદ ગામના સૌ વૈષ્ણવોને લેવરાવ્યો, એમાં અપૂર્વ અલૌકિક સ્વાદ હતો. સૌ વૈષ્ણવોએ લીધી, છતાંય ખીર તો હતી એટલી જ બાકી રહી. સૌને આવાં દર્શન થયાં. પ્રભુનું એ સાક્ષાત્ અધરામૃત હતું. ખીર પ્રભુને એવી પ્રિય છે કે પ્રત્યેક ઋતુમાં નિત્ય પ્રભુને ખીર ધરાય છે; માત્ર ઉત્સવમાં નહીં. ભગવદીય પરમાનંદજી ગાય છે :

'લાલકો મીઠી ખીર જો ભાવે,
બેલા ભરકે લાઈ જસોદા, બુરો અધિક મિલાવે.'

[૬]

નિત્યપ્રતિ નારાયણદાસ પોતાના ખભા પર જમુનાજલની ગાગર ભરી લાવતા અને એમાંથી ઝારીજી ભરતા. એક દિવસ એ જલ ભરવા જતા હતા, ત્યારે વચમાં રમણરેતીમાં, શ્રીગોકુલચંદ્રમાજીને ખેલતા જોયા. પોતે જરા સંકોચાઈને ચાલ્યા ગયા. મનમાં થયું કે 'આવતી વખતે બીજે રસ્તે આવીશ.'

વળતાં સીધો માર્ગ મૂકીને ખેતરને રસ્તે આવ્યા, તો ત્યાં પણ એક ટેકરા ઉપર આપશ્રી ખેલતા દેખાયા. 'તું આ કાંટાળા માર્ગે કેમ આવ્યો? તને કેટલી તકલીફ પડી?' આપશ્રીએ પૂછયું.

નારાયણદાસે વિનંતી કરી : 'પ્રભુ, મને જોઈને આપના ખેલમાં ભંગ પડે તો! માટે માર્ગ બદલ્યો, મને ભલે તકલીફ પડે, આપને શ્રમ ન થવો જોઈએ.'

'ના, ના. મારે તો બધાંય સ્થળ ખેલવાનાં છે અને તારો તો મને જરાય સંકોચ નથી. હવે તો તુંય મારી સાથે ખેલવા આવજે.' શ્રીઠાકોરજીએ અધિક કૃપા દર્શાવતાં આજ્ઞા કરી. પોતાના દર્શન-સુખનો સ્વાર્થ ન વિચારતાં, પ્રભુના શ્રમનો અને સુખનો વિચાર કરવો, એ શુદ્ધ પુષ્ટિ ભગવદીયનું લક્ષણ. નારાયણદાસે એ આચરી બતાવ્યું.

[૭]

એમ કરતાં વર્ષો વીત્યાં. પ્રભુ એમની સેવાનો પ્રસન્નતાથી અંગીકાર કરતા. એક દિવસ એમણે શ્રીગોકુલચંદ્રમાજીને અદ્‌ભુત શૃંગાર ધરાવ્યો. ત્યારે આપશ્રીએ આનંદઘન સ્વરૂપે એમને દર્શન આપ્યાં. વદનચંદ્રમાંથી જાણે હાસ્યછટા રેલાઈ રહી હતી; ઘનશ્યામ પ્રભુના શ્રીમુખ પરથી જાણે રસના મેહ વરસી રહ્યા હતા! આવાં અપૂર્વ અલૌકિક દર્શન થતાં જ પોતે તલ્લીન થઈ ગયા. હૃદયમાં પરમાનંદ પ્રકટ્યો અને વિનંતી કરી : 'કૃપાનિધાન, આ ઘટા હવે ક્યાં વરસશે?'

શ્રીજીએ આજ્ઞા કરી : 'જ્યાં શ્રીમહાપ્રભુજીનું સર્વસ્વ છે ત્યાં જ.' ત્યારે નારાયણદાસ સમજ્યા કે છેવટે તો આપની ઈચ્છા શ્રીવલ્લભને ઘેર જ પધારવાની છે; અને એ જ વાત ઉત્તમ છે. શ્રીવલ્લભકુળ જેવી સેવા બીજું કોણ કરી શકવાનું હતું?

ક્રમેક્રમે એમનો દેહ અશક્ત થતો ગયો. એ વૃદ્ધ થયા હતા. એક દિવસ શ્રીઠાકોરજીએ પાસે બોલાવીને આજ્ઞા કરી : 'નારાયણદાસ! તેં મારી બહુ સેવા કરી છે, તું કંઈક માગ.'

એમણે વિનંતી કરી : 'પ્રભુ, મારે ઘેરથી જ્યારે પધારો ત્યારે શ્રીવલ્લભકુળને ત્યાં પધારજો; કેમ કે અન્યત્ર આપને સુખ નહીં થાય.'

શ્રીગોકુલચંદ્રમાજી આ સાંભળી વિવશ થયા, 'અરે, માગવાનું કહ્યું ત્યારે પણ પોતાનું આ લોક કે પરલોકનું સુખ ન માગતાં મારું જ સુખ માગ્યું? આવા મારા ભક્તના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ! અને, હું એને શું આપું? પુષ્ટિમાર્ગનું પરમ ફલ તો એને પ્રાપ્ત થઈ જ ચૂક્યું છે.'

આ બાજુ શ્રીઠાકોરજીનાં વચન સાંભળી નારાયણદાસને હર્ષ થયો. અંગેઅંગમાં એવો ઉત્સાહ પ્રગટ્યો કે થાકેલું શરીર પુનઃ નવપલ્લવિત થઈ ગયું, તે એવું કે બીજાં પચાસ વર્ષ પર્યંત શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરી!

●

પાછલા સમયમાં મહાવનના એક વૈષ્ણવ, જેમનું નામ કૃષ્ણદાસ સ્વામી હતું, તે એમની સહાયતામાં રહ્યા હતા. નારાયણદાસને લીલામાં પ્રાપ્ત થવાનો હવે સમય આવ્યો. મનમાં એ જ ચિંતા કે હવે મારા પ્રભુનું શું? એક વાર આપશ્રીને વિનંતી કરી : 'પ્રભુ, આપની હવે શી ઈચ્છા છે?'

શ્રીજીએ આજ્ઞા કરી : 'થોડા દિવસ તો આ કૃષ્ણદાસ મારી સેવા કરશે. પછી હું શ્રીગુસાંઈજીને ઘેર શ્રીરઘુનાથજીને માથે પધારીશ.'

નારાયણદાસને હવે સંતોષ થયો. લીલામાં શ્રીરઘુનાથજી શ્રીરાધાસહચરીજીનું સ્વરૂપ! અને નારાયણદાસ એમની જ સખી મધુરેક્ષણા. પ્રભુ પોતાના લીલાસંબંધીને ત્યાં જ બિરાજશે, એ જાણીને પોતે પ્રસન્ન થયા અને અતિ વૃદ્ધ વયે, એક દિવસ એ લીલાધામમાં પ્રાપ્ત થયા. એ સમાચાર સાંભળતાં શ્રીગુસાંઈજી રોમાંચિત થઈ ગયા. શ્રીગોકુલનાથજીએ તો એમના ઉચ્ચ કોટિના ભાવની અતિ પ્રશંસા કરી. એવા શ્રીવલ્લભના પરમ કૃપાપાત્ર મહાનુભાવ ભગવદીય હતા નારાયણદાસજી.

●

સિદ્ધાંત નવનીત

(૧) લીલામાં જેવું સ્વરૂપ હોય, તેવો ભાવ ભૂતળ પર પ્રકટ થાય. મધુરેક્ષણા સખીરૂપે ભગવદ્-દર્શનની આસક્તિ, સ્વરૂપ-ચિંતનમાં અષ્ટ પ્રહર લગન, તેથી અહીં શ્રીચંદ્રમાજીના સ્વરૂપમાં એવી જ આસક્તિ.

(૨) સેવાના સર્વ પદાર્થોની શુદ્ધિ માટે ખૂબ આગ્રહ રાખવો; જરા પણ બેદરકાર ન રહેવું.

(૩) દ્રવ્ય મનને બગાડનાર - વિષ્ટા સમાન છે, તેથી દ્રવ્યમાં આસક્તિ ન રાખવી. આપણું સાચું દ્રવ્ય તો પ્રભુ પોતે જ છે.

(૪) જે સહુના મનને પોતાનામાં રમણ કરાવે તે રામ.

(૫) જ્યારે વગર આમંત્રણે વૈષ્ણવ ઘેર આવે અને આપણા ભાગનો મહાપ્રસાદ તેમને પ્રેમપૂર્વક લેવડાવીએ, ત્યારે શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગ્યા તેમ જાણવું. જ્યારે ભગવદીય પ્રસન્ન થાય, ત્યારે શ્રીઠાકોરજી પ્રસન્ન થાય.

(૬) લૌકિક-વૈદિક કાર્ય કરવા સેવામાં ઉતાવળ કરવી તે અપરાધ છે. સેવામાં મન સ્વસ્થ રાખવું.

●

મૂળ વાર્તા :

નામ - નારાયણદાસ. હમેશાં બ્રહ્મચર્ય પાળ્યું, માટે બ્રહ્મચારી કહેવાયા.
જ્ઞાતિ - સારસ્વત બ્રાહ્મણ; વતન - મહાવન
સેવ્ય સ્વરૂપ - શ્રીગોકુલચંદ્રમાજી (હાલ : કામવન)
લીલાનું સ્વરૂપ - મધુરેક્ષણા (રાધાસહચરીજીનાં સખી; અગ્નિકુમારિકાઓના યૂથનાં).
ભત્રીજી - ચતુરા, મધુરેક્ષણાની સખી

●

કૃષ્ણદાસ સ્વામી : જ્ઞાતિ - સારસ્વત બ્રાહ્મણ; વતન - મહાવન
સેવક - શ્રીગુસાંઈજીના. નારાયણદાસના હરિશરણ થયા પછી થોડો સમય શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરી.
લીલાનું સ્વરૂપ - મૃદુબેની, મધુરેક્ષણાની સખી.

■

૧૫. પ્રીત બઁધી શ્રીવલ્લભ-પદસોં

(એક ક્ષત્રાણી, મહાવનનાં)

વ્રજમાં મહાવન નામનું નાનકડું ગામ. ત્યાં એક ક્ષત્રિય કુટુંબ રહે. તેમને એકની એક દીકરી. તેનું નામ ભદ્રા. દીકરીને ખૂબ લાડકોડથી ઉછેરી મોટી કરેલી. દીકરી ૧૧ વર્ષની થઈ. માતા-પિતાએ તેના લગ્નનો વિચાર કર્યો. દીકરીએ કહ્યું: 'મહેરબાની કરી મારું લગ્ન કરશો નહીં. જે દિવસે તમે મારું લગ્ન કરશો, તે જ દિવસે મારો પતિ મૃત્યુ પામશે! અને તમે બંને પણ મૃત્યુ પામશો!'

નાની ભદ્રાને વારંવાર આમ બોલતી જોઈ તેનાં માતા-પિતાને ઘણું આશ્ચર્ય થયું. તેમને થયું : 'આ નવાઈની વાત છે; પરંતુ કદાચ તેના હૃદયમાં બેઠેલા ભગવાન તેને આમ બોલાવતા હોય તો!' આવા ડરનાં માર્યાં તે બંને લગ્નની વાત ભૂલી ગયાં.

આમ બીજાં બે વર્ષ પસાર થયાં. નાત-જાતમાં નિંદા થવા લાગી : 'જોયું, દીકરી ૧૩ વર્ષની થઈ, તોયે મા-બાપ ઊંઘે છે. હજી દીકરીનાં લગ્ન કર્યાં નથી. કોણ જાણે, કેવા મૂરતિયાની રાહ જોતાં હશે!'

'બાઈ, સાંભળ્યું છે કે એમની દીકરી ચમત્કારી છે. તેણે તેનાં મા-બાપને બીક પેસાડી દીધી છે, તેથી તેઓ બિચારાં તેનું લગ્ન કરતાં નથી.'

'આટલી અમથી દીકરી આપણને શું બીક બતાવતી હશે! તેની વાત તે કંઈ મનાતી હશે?'

નાત-જાતની આવી જાતજાતની નિંદાથી કંટાળી ભદ્રાનાં માતા-પિતાએ તેમની જ્ઞાતિના એક મૂરતિયા સાથે તેનું સગપણ કર્યું. લગ્ન લેવાયાં. વરરાજા પરણવા માંડવે આવ્યા. લગ્નની વિધિ શરૂ થઈ. લગ્નનો પહેલો ફેરો ફરતાં જ તેનો પતિ ઢળી પડ્યો અને હરિશરણ થયો.

ભદ્રાનાં માતા-પિતાને પણ તે ક્ષણે દીકરીના વૈધવ્યનો એટલો મોટો આઘાત લાગ્યો કે તેઓ પણ ત્યાં ઢળી પડ્યાં. ગામમાં હાહાકાર થઈ ગયો. હવે ભદ્રા ઘરમાં એકલી રહી.

કોઈ સગાં-સંબંધી તેની પાસે આવતાં નથી, કોઈ તેને બોલાવતાં નથી. સૌને ભય પેઠો છે કે જરૂર તે ચમત્કારી બાઈ છે. તેનું બોલેલું સાચું પડ્યું છે.

ભદ્રા મનમાં ને મનમાં ખુશ થાય છે : ‘ચાલો, લૌકિક સગાં-સંબંધીની જંજાળ ગઈ. **‘ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.’**

●

મહાવનમાં નારાયણદાસ બ્રહ્મચારી રહે. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક હતા. એક વખત શ્રીમહાપ્રભુજી નારાયણદાસના ઘેર પધાર્યાં. ભદ્રાએ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. તેને શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં. તેણે નિશ્ચય કર્યો : ‘મને પ્રભુની પ્રાપ્તિ થઈ છે, માટે હું તેમના શરણે જાઉં.’ તેણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : ‘મહારાજ! મારા બધા લૌકિક પ્રતિબંધો છૂટી ગયા છે, મને સેવક કરો.’

શ્રીમહાપ્રભુજીએ નામનિવેદન મંત્ર આપી તેને સેવક કરી.

‘કૃપાનાથ! હવે શી આજ્ઞા છે? મારું કર્તવ્ય શું?’

‘ભદ્રા, દરેક જીવન પ્રભુનો અંશ છે તેથી પ્રભુનો દાસ છે. દાસનું એકમાત્ર કર્તવ્ય સ્વામીની સેવા કરવાનું છે; માટે વૈષ્ણવે પોતાના અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. તે તારું પણ કર્તવ્ય છે.’

‘કૃપાનાથ! આપની કૃપાથી મને મારા મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું છે. પ્રભુની નિત્યલીલામાં હું આપની જ અંતરંગ સખી હતી. ત્યાં હું સદૈવ આપની જ સેવા કરતી. મને તેમાં જ પૂર્ણ આનંદ પ્રાપ્ત થતો. હવે અહીં આપ મને ભગવત્સેવા કરવાની આજ્ઞા કરો છો. કૃપાનાથ! ભગવત્-સેવા તો ઘણાં લોકો કરે છે, પરંતુ આપનાથી વિખૂટાં પડ્યે કોણ જાણે કેટલાં વર્ષો વીતી ગયાં હશે! મારા માટે તો આપનાં ચરણારવિંદની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. માટે મારો મનોરથ હમેશાં આપની જ સેવા કરવાનો છે. હું નિઃસાધન બાઈ છું. મને કૃપા કરીને કોઈ સાધનમાં નાખશો નહીં. હું આપની પાસે એટલું જ માગું છું કે હું સદાય આપના સંગમાં રહું, આપની સેવા કરું, આપનાં દર્શન કરું અને કેવળ આપનાં ચરણારવિંદનો જ આશ્રય કરું.’

‘ભદ્રા, તારી ભાવના ઉત્તમ છે. તારી વાત પણ સાચી છે. ભગવત્કૃપાથી તને તારા નિત્યલીલાના સ્વરૂપનું જ્ઞાન થયું છે, તે પણ બરાબર છે; પરંતુ મારે હજી પૃથ્વી-પરિક્રમા કરવાની છે. મેં બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું છે. પૃથ્વી-પરિક્રમામાં સ્ત્રીજન અમારી સાથે હોય, તે લોક અને વેદની દૃષ્ટિએ ઉચિત નથી. માટે મારી આજ્ઞા છે કે તમે અહીં, તમારા ઘરમાં રહીને જ મારી સેવા કરો.’

‘કૃપાનાથ! આપ અહીં ન બિરાજતા હો, ત્યારે આપની ગેરહાજરીમાં મારા ઘરમાં આપની સેવા કરવાનું કેવી રીતે સંભવી શકે?’

શ્રીમહાપ્રભુજીએ કુમકુમ મંગાવી, એક વસ્ત્ર પર પોતાનાં બંને ચરણકમળ પર કુમકુમ લગાવી, તેની છાપ વસ્ત્ર પર કરી, તે વસ્ત્ર ભદ્રાને પધરાવી આપ્યું. આપે આજ્ઞા કરી : ‘ભદ્રા, હું તારા પર પ્રસન્ન છું. તારો ગુરુભાવ ઉત્તમ અને સુદૃઢ છે. તું મારાં આ ચરણારવિંદની સેવા કરજે. તારા સર્વ મનોરથ પૂર્ણ થશે.’ ભદ્રા ખૂબ પ્રસન્ન થઈ.

શ્રીમહાપ્રભુજીનાં ચરણચિહ્ન તે ઘેર પધરાવી ગઈ. તે સદાય એવો દૃઢ ભાવ રાખતી કે મારે ત્યાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી જ બિરાજે છે. શ્રીમહાપ્રભુજી મારે ત્યાં આચાર્ય-સ્વરૂપે બિરાજતા નથી, પણ શ્રીસ્વામિનીજી સ્વરૂપે બિરાજે છે. અને તેથી તે શ્રીમહાપ્રભુજીની સેવા શ્રીસ્વામિનીજીના ભાવથી જ કરતી હતી. દિવસે દિવસે તેનો પ્રેમભાવ વધતો ગયો. શ્રીમહાપ્રભુજી તેના પર સદૈવ પ્રસન્ન રહી, નિત્ય દર્શન આપતા અને તેને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવતા.

●

દરરોજની જેમ એક દિવસ વહેલી સવારે ભદ્રા ગાગર લઈ, શ્રીયમુનાજીએ જળ ભરવા માટે ગઈ હતી. બ્રહ્માંડઘાટ પર અપરસમાં સ્નાન કરી, ગાગર ભરવા માટે તેણે શ્રીયમુનાજીના જળમાં પ્રવેશ કર્યો. ત્યાં કિનારા નજીક છીછરા જળમાં તેને અનાયાસ ચાર સુંદર ભગવત્-સ્વરૂપોનાં દર્શન થયાં. તેને અતિ આશ્ચર્ય થયું. તેણે વિનંતી કરી : ‘મહારાજ! તમે અહીં જળમાં કેમ બિરાજ્યા છો?’

‘ભદ્રા, અમે તારી રાહ જોઈને જ અહીં બિરાજ્યા છીએ. તું અમને તારે ઘેર પધરાવી જા. થોડાક દિવસોમાં શ્રીમહાપ્રભુજી અહીં પધારશે, ત્યારે તું તેમને સોંપજે.’

‘મહરાજ! આપ આજ્ઞા કરો છો, એટલામાત્રથી કંઈ હું આપને મારા ઘરે પધરાવી જાઉં નહીં! આપ થોડી વાર અહીં બિરાજો. હું ઘેર જઈને શ્રીમહાપ્રભુજીને પૂછી આવું. જો આપ આજ્ઞા કરે તો જ આપને પધરાવી જાઉં.’

ચારેય ભગવત્-સ્વરૂપો મુસ્કરાયાં.

ભદ્રા ગાગર ભરી, ઝડપથી ઘેર આવી. મંદિર પાસે જઈ, દંડવત્ પ્રણામ કરી, શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : ‘કૃપાનાથ! શ્રીયમુનાજીના કિનારે બ્રહ્માંડઘાટ

પર ચાર ભગવત્-સ્વરૂપ બિરાજે છે. મને આજ્ઞા કરે છે કે 'અમને ઘેર પધરાવી જા.' આપ જેમ આજ્ઞા કરો તેમ હું કરું. મને તો આપના સિવાય બીજા કોઈની સેવા કરવાનું મન નથી; મારે માટે તો આપ જ સર્વસ્વ છો.'

'ભદ્રા, જા. જલદી તે સ્વરૂપોને પધરાવી લાવ. તેમને વસ્ત્ર ધારણ કરાવી, અહીં મંદિરમાં પધરાવી ભોગ ધર.'

ભદ્રાએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે કર્યું. થોડા દિવસ પછી શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. આપ મહાવન પધાર્યા ત્યારે ભદ્રાએ વિનંતી કરી : 'કૃપાનાથ! આપની આજ્ઞાથી જ અત્યાર સુધી ચાર ભગવત્-સ્વરૂપો મેં સાચવ્યાં છે. હવે એ આપનાં છે, તે આપને સોંપું છું.'

ચારેય ભગવત્-સ્વરૂપોનાં દર્શન કરી, શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. આપની સાથે ઘણા વૈષ્ણવો હતા. તેમાંથી ચાર વૈષ્ણવોને તે ચાર સ્વરૂપો આપે સેવ્ય કરી, પધરાવી આપ્યાં. આગ્રાના ગજન ધાવનને શ્રીનવનીતપ્રિયજી પધરાવી આપ્યા. મહાવનના જ નારાયણદાસજીને શ્રીગોકુલચંદ્રમાજી પધરાવી આપ્યા. આગ્રાના બીજા એક વૈષ્ણવ જિયદાસ સૂરિ હતા. તેમની વિનંતીથી તેમને શ્રીલાડીલેશજી પધરાવી આપ્યા. કડા ગામના દેવા કપૂરને શ્રીલલિતત્રિભંગીજી પધરાવી આપ્યા.

આપે આજ્ઞા કરી : 'આ સ્વરૂપો મારું સર્વસ્વ છે. તે મેં તમારા માથે પધરાવી આપ્યાં છે. તમે પ્રેમથી સારી રીતે તેમની સેવા કરજો. તમારાથી જ્યારે સેવા ન બને ત્યારે અમારે ત્યાં પધરાવી જજો.'

આપે ચારેય વૈષ્ણવોને સેવાની રીત શીખવી.

ભદ્રાએ દંડવત્ પ્રણામ કરી, વિનંતી કરી : 'કૃપાનાથ! આપે મારા પર પૂર્ણ કૃપા કરી, મારા સર્વ મનોરથ પૂર્ણ કર્યા છે. આપની સેવાના ફળરૂપે જ મારે ત્યાં પ્રભુ ચાર ચાર સ્વરૂપ ધારણ કરી પધાર્યા હતા. મને તો આપનાં જ ચરણારવિંદનો આશ્રય છે. તે સિવાય મારે બીજું કંઈ જોઈતું નથી; કારણ કે આપની સેવાથી શ્રીઠાકોરજી વિના પ્રયત્ને પોતે સામે ચાલીને પધારે છે. આ મારો અનુભવ છે.'

આ સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા.

સિદ્ધાંત નવનીત

(૧) આ વાર્તા દૃઢ ગુરુ-ભક્તિનું સ્વરૂપ સમજાવે છે. આપણા માર્ગમાં શ્રીઠાકોરજીને 'પ્રભુ' કહીએ છીએ અને શ્રીવલ્લભને 'શ્રીમહાપ્રભુજી' કહીએ

છીએ. કારણ, શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. શ્રીમહાપ્રભુજી ભગવદ્-મુખારવિંદ સ્વરૂપ છે, તેથી શ્રીમહાપ્રભુજીના સેવકોને શ્રીમહાપ્રભુજી પર એવી દૃઢ આસક્તિ હતી કે તેમણે શ્રીમહાપ્રભુજીની સેવામાં જ પોતાનું પરમ કર્તવ્ય માન્યું હતું. ૮૪ વૈષ્ણવો પૈકીના કેટલાક વૈષ્ણવોએ તો શ્રીમહાપ્રભુજીની સેવાને જ મુખ્ય ગણી છે. સૌ વૈષ્ણવોનો ભાવ જુદો જુદો જોવા મળે છે, માટે આપણે વગર સમજ્યે અનુકરણ ન કરતાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે, શ્રીગુરુદેવની આજ્ઞા લઈ, આપણા આસક્તિ-સ્વરૂપની સેવા કરવી જોઈએ.

(૨) આ વાર્તા દ્વારા એક બીજું રહસ્ય પણ પ્રકટ થયું. શ્રીમહાપ્રભુજીની સેવા જે દૃઢ ભાવપૂર્વક કરે છે, તેમને વિના પ્રયત્ને ભગવત્પ્રાપ્તિ થાય છે. પ્રભુ આવા ભગવદીયોની પાછળ ડોલતા ફરે છે.

(૩) અહીં એક ત્રીજો પ્રશ્ન થશે, 'આવા ભગવદીયોને લૌકિકમાં કૌટુંબિક દુ:ખો કેમ આવતાં હશે?' શ્રીમહાપ્રભુજીએ તેનો ખુલાસો 'નવરત્ન' ગ્રંથમાં કર્યો છે. 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે, હરિસ્તુ ન કરિષ્યતિ.' શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રભુ જેમનો અંગીકાર કરવાનો નિશ્ચય કરે છે અને જેમને હવે બીજો જન્મ લેવડાવવો નથી, તેમનાં સર્વ સંચિત પાપ-પુણ્ય ભોગવાવવા પ્રભુ તેમને લૌકિક અને વૈદિક કાર્યમાં સ્વસ્થતા થતા દેતા નથી. આમ થવાથી આવા ભક્ત લૌકિક અને વૈદિકની સર્વ જંજાળમાંથી નિવૃત્ત થઈ, કેવળ પ્રભુનો દૃઢ આશ્રય કરે છે. શ્રીહરિરાયજીએ પણ 'શિક્ષાપત્ર'માં આ જ આજ્ઞા કરી છે 'લૌકિક ક્લેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્ ।' લૌકિક અંગે ભક્તને જે ક્લેશ થાય, તે પ્રભુએ અંગીકાર કર્યાનું લક્ષણ છે. માટે જીવનમાં દુ:ખ આવે, ત્યારે તેને ભગવત્કૃપા માની વધાવી લેવું.

(૪) **મૂળ વાર્તા** : એક ક્ષત્રાણી, મહાવનનાં; વાર્તા નં. ૧૫, ૮૪ વૈ.ની વાર્તા.
લીલાસ્વરૂપ : ભદ્રા; શ્રીસ્વામિનીજીનાં અંતરંગ સખી, નિર્ગુણ ભક્ત.
વતન - મહાવન;
જ્ઞાતિ - ક્ષત્રિય
સેવ્ય સ્વરૂપ - શ્રીમહાપ્રભુજીનાં ચરણચિહ્ન.

■

૧૬. તે તામસનાં અઘ હર્યાં

(શ્રી જિયદાસ સૂરિ)

આગ્રામાં જિયદાસ સૂરિ નામે એક કોટવાળ. આગ્રાના પ્રજાજનોનો ન્યાય કરવાની તેમની ફરજ. કોટવાળી કરતાં કરતાં તેઓ સાઠ વર્ષના થયા.

એક દિવસ એક બ્રાહ્મણબાઈએ ફરિયાદ કરી : 'સાહેબ, આ શૂદ્રે મારું દ્રવ્ય લીધું છે, તે પાછું આપતો નથી. હું ગરીબ વિધવા બાઈ છું. મારે આવકનું કોઈ સાધન નથી, માટે મને મારું દ્રવ્ય પાછું અપાવો, હું ભૂખે મરું છું.'

જિયદાસજીએ તપાસ કરી, ન્યાય ચૂકવવાનું કહ્યું. પછીથી પેલો શૂદ્ર ખાનગીમાં જિયદાસજીને મળ્યો. રૂપિયાની થેલી આપીને કહ્યું : 'આટલા તમે રાખો, પણ મહેરબાની કરી સાચો ન્યાય કરશો નહીં. મને બચાવી લો.'

જિયદાસજીએ ન્યાયાલયમાં ન્યાય કર્યો, 'બ્રાહ્મણી ખોટું બોલે છે. શૂદ્ર નિર્દોષ છે.' આ સાંભળી બ્રાહ્મણીનો આત્મા કકળી ઊઠ્યો.

તેને ભારે દુઃખ થયું. એ બ્રહ્મક્લેશના પરિણામે જિયદાસજીના આખા શરીરે કોઢ નીકળ્યો. શરીર પરનો કોઢ જોતાં જિયદાસજીના હૃદયનો મેલ ધોવાઈ ગયો. તેમને ભાન થયું : 'મેં લોભને વશ થઈ તે ગરીબ બ્રાહ્મણીના આત્માને કકળાવ્યો છે, તેનું જ ફળ હું ભોગવું છું.'

તેમણે તે બ્રાહ્મણીને બોલાવી. તેને હાથ જોડી વિનંતી કરી : 'મા, હું તમારો અપરાધી છું. લોભને વશ થઈ મેં તમને અન્યાય કર્યો છે. મને તેનું પ્રકટ ફળ પ્રભુએ આપી દીધું છે, માટે મારી આ ગતિ થઈ છે. તમારા બધા જ રૂપિયા હું વ્યાજ સહિત તમને પાછા આપું છું અને વધારામાં મારા તરફથી આ દસ રૂપિયા દક્ષિણા આપું છું. મારો અપરાધ તમે ક્ષમા કરો.'

બ્રાહ્મણીએ જિયદાસજીને આશીર્વાદ આપ્યા.

જિયદાસજીનું મન હવે સંસારમાંથી ઊઠી ગયું. તેમને વૈરાગ્ય આવ્યો. તેઓ સવારે ઊઠીને શ્રીયમુનાજીના કિનારે જઈને બેસતા. ઠેઠ સાંજે ઘેર આવી, કંઈક ખાનપાન કરતા અને આખો દિવસ પ્રભુનું નામ-સ્મરણ કરતા. આમ કરતાં કરતાં તેમનો કોઢ મટી ગયો.

એક દિવસ તે શ્રીયમુનાજીના કિનારે બેઠા હતા, ત્યાં એક બીજા ભાઈ આવીને બેઠા. તેમણે પોતાની વાત કહી : 'મારું નામ ગજન ધાવન છે. મારા પિતા, ભાઈ બધા વ્યાપાર કરવા નાવમાં બેસીને જતા હતા. હું પણ સાથે હતો. તોફાનમાં નાવ ડૂબી ગઈ. તેઓ બધા ડૂબી મર્યા, કેવળ હું બચી ગયો. મારી માતા પણ મારા પિતા પાછળ સતી બન્યાં છે. પરિણામે, મને સંસાર પર ખૂબ જ વૈરાગ્ય આવ્યો છે. હવે કોઈક રીતે ભગવાનની કૃપાથી કોઈ મહાપુરુષ મળે, તે માટે હું આવીને બેસું છું.'

જિયદાસજીએ પોતાની હકીકત કહી. તેમણે કહ્યું : 'આપની વાત સાચી છે. આપણે મહાપાપી છીએ, તેથી આપણને મહાપુરુષ ક્યાંથી મળે? આપણા માટે ભગવાનનો આશ્રય પણ દુર્લભ છે. શાસ્ત્રોમાં મેં શ્રીયમુનાજીનું માહાત્મ્ય વાંચ્યું છે. તેમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે શ્રીયમુનાજી યમનાં બહેન છે. જે શ્રીયમુનાસ્નાન અને પાન કરે છે, તેમને યમ-યાતના ભોગવવી પડતી નથી. ધ્રુવજીએ યમુનાજીના કિનારે તપ કર્યું, તો તેમને અચલ પદ પ્રાપ્ત થયું; તેથી શ્રીયમુનાજીનો આશ્રય કરીએ, તો તેમની કૃપાથી ભગવાનનો આશ્રય થાય અને કોઈ મહાપુરુષ ગુરુરૂપે આપણને મળી આવે, જે જીવનને સફળ બનાવવાનો માર્ગ બતાવે.'

આમ, બંને રોજ શ્રીયમુનાજીના કિનારે મળતા, પ્રભુનું સ્મરણ કરતા અને દિવસો પસાર કરતા.

એક દિવસ શ્રીમહાપ્રભુજી કડાથી આગ્રા પધાર્યા. શ્રીયમુનાજીના કિનારે બિરાજી આપ સંધ્યાવંદન કરી રહ્યા હતા. ત્યાં ગજન ધાવન અને જિયદાસજી આવ્યા. બંનેએ દૂરથી શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. બંનેને ખાતરી થઈ : 'આપણે જેમનાં દર્શન માટે ઈચ્છતા હતા તે જ આ મહાપુરુષ છે, માટે આપણે તેમના સેવક થઈએ.'

તેમણે શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ મેઘનને શ્રીમહાપ્રભુજી વિશે પૂછ્યું. પછી બંનેએ શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કર્યાં અને વિનંતી કરી : 'મહારાજ! અમે સંસાર-સાગરમાં ડૂબીએ છીએ. આપ શરણે લઈ, અમારો ઉદ્ધાર કરો.'

શ્રીમહાપ્રભુજીએ તે બંનેને સેવક કર્યા. પછી જિયદાસજીના કુટુંબને પણ શરણે લીધું અને આજ્ઞા કરી : 'તમે બંને અમારી સાથે વ્રજમાં ચાલો. ત્યાં અમે તમને ઠાકોરજી પધરાવી આપીશું. તમે તેમની સેવા કરજો.'

વ્રજમાં મહાવનમાંથી પ્રાપ્ત થયેલાં ચાર સ્વરૂપો પૈકી શ્રીલાડીલેશજીનું સ્વરૂપ જિયદાસજીને અને શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ ગજન ધાવનને પધરાવી આપ્યું.

જિયદાસજી શ્રીલાડીલેશજીને પધરાવી આગ્રા આવ્યા. સવારથી મન લગાવી, સાંજ સુધી ખૂબ પ્રમેપૂર્વક તનુ-વિત્તજા સેવા કરી. અનોસર કરતાં પ્રભુનો એટલો બધો વિરહ થયો કે તેમનો દેહ છૂટી ગયો. આમ, તેમણે માત્ર ચાર પ્રહર શ્રીલાડીલેશજીની સેવા ભૂતળ પર કરી.

●

વિશેષ વિચાર :

(૧) જિયદાસ સૂરિ પાસે શ્રીઠાકોરજીએ એક જ સમયની ચાર પ્રકારની સેવા કરાવી. તેમને બે દીકરા હતા : મોટા પુરુષોત્તમદાસ, નાના છબીલદાસ. પિતાના ગોલોકવાસ પછી બંને દીકરા પણ પિતાની જેમ બધા જ લૌકિક વ્યવહારો ભૂલી સેવામાં એકચિત્ત બન્યા. તેમને સંતાન ન હતાં. થોડા દિવસમાં તેમના દેહ પણ છૂટી ગયા.

દેહ છૂટતાં પહેલાં તેમણે તેમના મામા કૃષ્ણદાસ ચોપડાને બોલાવી વિનંતી કરી : 'મામાજી, હવે અમે ઝાઝું જીવીએ તેમ લાગતું નથી. અમારી પાસે કંઈ સંપત્તિ નથી. સંપત્તિમાં જે કંઈ ગણો તે આ અમારા શ્રીલાડીલેશજી છે. તેમને તમે તમારે ત્યાં પધરાવી જાઓ.'

કૃષ્ણદાસ ચોપડા શ્રીલાડીલેશજીને પોતાના ઘેર પધરાવી લાવ્યા અને સારી રીતે સપરિવાર સેવા કરવા લાગ્યા. થોડા સમય પછી તેમના ગામમાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો, તેમાં કૃષ્ણદાસ સિવાય બધાં કુટુંબીજનો હરિશરણ થયાં. હવે સેવા કેવી રીતે કરવી, તેની એમને મૂંઝવણ થઈ.

ગામમાં તેમના મિત્રો હરજી અને મથુરામલ રહેતા હતા. તેઓ પણ શ્રીમહાપ્રભુજીના સેવક હતા. તેમના આગ્રહથી કૃષ્ણદાસ મથુરામલને ત્યાં શ્રીલાડીલેશજીને પધરાવી, રહેવા લાગ્યા. મથુરામલે ત્રણ દિવસ સેવા કરી, ત્યાં તેમનો દેહ પણ છૂટી ગયો. તેથી હરજી કૃષ્ણદાસજીને શ્રીલાડીલેશજી સહિત પોતાના ઘેર લઈ આવ્યા. થોડા દિવસ પછી કૃષ્ણદાસજીનો દેહ પણ છૂટ્યો, ત્યારે હરજી એકલા સેવા કરતા રહ્યા. તેમનું શરીર અશક્ત થતાં તેમણે શ્રીગોકુળમાં શ્રીગુસાંઈજીના ઘેર પધરાવ્યા. આમ, શ્રીલાડીલેશજીએ છ વૈષ્ણવોની સેવા અંગીકાર કરી.

મૂળ વાર્તા : જિયદાસ સૂરિ - વાર્તા નં. ૧૬; ૮૪ વૈ. ની વાર્તા
લીલા સ્વરૂપ - શ્યામા, શ્રીયમુનાજીનાં સખી
વતન - આગ્રા; **જ્ઞાતિ** - ક્ષત્રિય
સેવ્ય સ્વરૂપ - શ્રીલાડીલેશજી (હાલ : બુરહાનપુર)
બે પુત્રો - (૧) પુરુષોત્તમદાસ (લીલામાં - કાવેરી)
(૨) છબીલદાસ (લીલામાં - મનોહરા; બંને શ્યામાની સખીઓ)

●

શ્રી જિયદાસજી ક્ષત્રિય

(દોહા) જિયદાસ ક્ષત્રિય ભયે આગ્રાકે રહનાર;
કરિ સેવા હરિપુર ગયે કેવલ પ્રહર જુ ચાર.

(છંદ) જિયદાસ હરિદાસ કરત સૂરત શુભ બાસા;
કરત શ્યામ ગુણગાન ભયઉ (શ્રી)વલ્લભપદ દાસા.

શ્રીવલ્લભ જબ તાહિ શિષ્ય કરિ હૃદય લગાયો;
જિયદાસ તબ અતિ પ્રસન્ન હરિપ્રેમ સમાયો.

સાધનતેં નહીં હોય કૃપાતેં સબ કછુ હોઈ;
હરિકી કૃપા અગાધ કરે સાધન કહા કોઈ.

જો હરિ-ગુરુકી કૃપા, અલભ્ય સુલભ્ય હોત સબ;
સબ સાધન સધિ ગયે શ્યામકી શરણ લઈ જબ.

જિયદાસ વય બીત ગઈ સાધન બિનુ સારી;
શ્રીવલ્લભ-પદકમલ જાય બિનતી અનુસારી.

હરિકી સેવા કરૌં કૃપા ઐસી કછુ કીજે;
ઉદય અસ્ત રવિ હોય છિનહીં છિન આયુષ છીજૈ.

કરિય ન કછુ ચિત-ચિંત શરણ હરિકી જબ લીન્હીં;
તન-મન-ધન અરુ કરણ સમર્પણ પ્રભુ કહઁ કીન્હીં.

સમરથ ગુરુકો હાથ સીસ તબ કહા ન પાવે;
જિયદાસ તજિ સોચ નિત્ય હરિગુણ ગાવે.

જબ દેખ્યો ગુરુદેવ દિવસ પાછિલ ઢિગ આયો;
લાડિલેશ જગદીશ સીસ તાકે પધરાયો.

લાડિલેશ હરિ પાય ઉમગિ હિય આનંદ છાયો;
સેવા સહિત સનેહ કરત બડ ભાગ મનાયો.

હરિ મહૅઁ ચિત લગાય વૃત્તિ ઈકઠાં સબ કીન્હીં;
કાહૂ તેં કછુ કામ નાહિ જગ રતિ તજિ દીન્હીં.

જ્યોં રાજા ખટ્વાંગ ઘડી દુઈમેં ગતિ પાઈ;
જિયદાસ ત્યોં પરમ પ્રીતિ હરિમાઁહિ લગાઈ.

ચારિ પહર કરિ સેવ ત્યાગિ તન નશ્વર દીન્હોં;
શ્રીગુરુદેવ કૃપાલુ ભયે હરિપદ લમ લીન્હોં.

પુરુષોત્તમ અરુ છબીલદાસ દ્વૈ પુત્ર સુભાયે;
લાડિલેશ કી કરિ સેવા સન્તત સુખ પાયે.

કૃષ્ણદાસ હરજીને મિલિ સેવા પુનિ કીન્હીં;
શ્રીવલ્લભ કુલ માઁહિ ફેર સેવાસોં દીન્હીં.

અબ લૌ પ્રભુકે વંશજ કરિ સેવા સુખ સાજેં;
બહરાવલમેં લાડિલેશ પ્રભુ આજ બિરાજેં.

જિયદાસને કરિ સેવા અતિશય મન ભાઈ;
ચારિ પહર હરિમહૅઁ કરિ રતિ ઉત્તમ ગતિ પાઈ.

પ્રભુપદ પદ્મપરાગ પ્રેમ વૈષ્ણવ ચિત ચહિયે;
યાતેં અધિક ચરિત્ર ઔર ઈનકો કહા કહિયે.

(દોહા) અંત સમય દૃઢ પ્રીતિ કરિ પહુઁચ ગયે પ્રભુ પાસ;
જે નિશદિન સેવા કરત તે કિમિ હોઈ નિરાસ.

◆

૧૭. તે તામસનાં અઘ હર્યાં

(શ્રી દેવા કપૂર)

અડેલ અને કાશી વચ્ચે કડા નામનું ગામ. ત્યાં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક ગદાધરદાસજી રહે. ગદાધરદાસજી અવ્યાવૃત્ત જીવન ગાળે. તેમના માથે શ્રીમદનમોહનજી બિરાજે. એક વખત ભગવદિચ્છાથી પ્રભુને આરોગાવવા ઘરમાં કશી સામગ્રી ન હતી, ત્યારે વ્યથિત હૃદયે ગદાધરદાસજીએ આખો દિવસ બધા ભોગમાં કેવળ જળની લોટી ધરી. તેમની ટેક અને તેમના ભાવની પ્રભુએ આમ કસોટી કર્યા પછી, રાતે એક યજમાન દક્ષિણા આપી ગયો, ત્યારે ગદાધરદાસે અડધી રાતે બજારમાં જઈ, હલવાઈની દુકાનેથી તાજી જલેબી લાવી, શ્રીમદનમોહનજીને ભોગ ધરેલો. શ્રીમદનમોહનજીએ ગદાધરદાસના ખૂબ પ્રેમથી પ્રસન્ન થઈ, ભોગ આરોગ્યા હતા. ગદાધરદાસજીએ બધો મહાપ્રસાદ વૈષ્ણવોને લેવડાવી દીધો હતો.

ગદાધરદાસજીનો હંમેશનો ક્રમ હતો કે જે કંઈ સામગ્રી ભગવદ્-ઈચ્છાથી આવે તે પ્રભુને અંગીકાર કરાવી, ગામના સૌ વૈષ્ણવોને પ્રેમ અને આગ્રહથી બોલાવી, પોતાના હાથે મહાપ્રસાદ લેવડાવવો. તેમની પડોશમાં દેવા કપૂર રહે. જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેમનું ઘર ગદાધરદાસના ઘરથી થોડુંક ઊંચું હતું.

એક દિવસ ગદાધરદાસના ત્યાં બપોરે વૈષ્ણવો મહાપ્રસાદ લેવા બેઠા હતા. સૌ વૈષ્ણવોને ગદાધરદાસ આગ્રહ કરીને પીરસતા હતા. ત્યાં દેવા કપૂરની નજર ગદાધરદાસના ઘરમાં પડી. સૌ વૈષ્ણવોને મહાપ્રસાદ લેતા તેમણે જોયા. અચાનક એક વૈષ્ણવની પાસે તેમને સાક્ષાત્ શ્રીઠાકોરજીનાં દર્શન થયાં. એ વૈષ્ણવની બાજુમાં બિરાજી પ્રભુ પોતે સાક્ષાત્ ભોજન કરી રહ્યા હતા. આવાં દર્શન થતાં દેવા કપૂરનું હૃદય સ્વસ્થ રહી શક્યું નહીં. તેમને મૂર્છા આવી ગઈ. જ્યારે તેઓ સ્વસ્થ થયા, ત્યારે ગદાધરદાસને ત્યાં આવ્યા. તેમણે પૂછ્યું : 'ગદાધરદાસજી, આજે બપોરે આપના ત્યાં જે વૈષ્ણવો આવ્યા હતા, તેઓ ક્યાં ગયા?'

'કપૂરજી, એ તો બધા મહાપ્રસાદ લઈ, પોતપોતાના ઘેર ગયા. કેમ, તમારે કોનું કામ હતું?'

'ગદાધરજી, એ વૈષ્ણવોમાં એક વૈષ્ણવ ખૂબ ભાગ્યશાળી હતા. તેમની સાથે બિરાજીને ભગવાન પોતે સાક્ષાત્ ભોજન કરી રહ્યા હતા. મને અનાયાસ તેમનાં દર્શન થતાં હું મૂર્છિત થઈ ગયો હતો. સ્વસ્થ થયો કે તરત જ અહીં દોડ્યો આવ્યો છું. હવે મને ફરી એ ભગવાનનાં દર્શન કેવી રીતે થશે?'

'ભાઈ, તમારું મોટું ભાગ્ય છે કે તમને તેવાં દર્શન થઈ ગયાં. પ્રભુ કૃપા કરે ત્યારે જ આ બને. તેના માટે કોઈ નિયમ નથી.'

'ગદાધરજી, આપ તો સાચા ભગવદ્ભક્ત છો. આપની પડોશમાં રહેવાથી આજે મને આપની ભક્તિનું ફળ મળ્યું છે. બાકી મારા જેવા સંસારમાં રચ્યાપચ્યા રહેતા, કીડા જેવા જીવને પ્રભુનાં દર્શન ક્યાંથી થાય? હું તો તમારા શરણે છું. મેં આખો જન્મ નકામો વેડફી માર્યો છે. ગમે તેમ કરો, પણ મને ઠાકોરજી મેળવી આપો.'

'ભાઈ, હું શ્રીમહાપ્રભુજીનો સેવક છું. મારા ગુરુદેવની કૃપાનું આ બળ છે. તેમની કૃપા જે વૈષ્ણવ પર થાય છે, તેમને ઠાકોરજી મળે છે. ઠાકોરજી શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ પ્રાપ્ત થાય છે, જીવનાં બીજાં કોઈ સાધનો કે લક્ષણોથી મળતા નથી. માટે તો ભગવદીયોએ ગાયું છે :

પ્રીતમ પ્રીતહિ તેં જાય પૈયે,
યદ્યપિ રૂપ-ગુણ-સીલ સુઘરતા ઈન બાતન ન રિજૈયે.
સત્કુલ જન્મ સુભ લચ્છન વેદ-પુરાણ પઢૈયે,
ગોવિંદપ્રભુ બિન સ્નેહ સૂવા-લૌં રસના કહાજુ નચૈયે.

માટે, શ્રીમહાપ્રભુજીની કૃપા સિવાય બીજો કોઈ ઉપાય નથી.. તમે તેમના સેવક થાઓ.'

'ગદાધરજી, શ્રીમહાપ્રભુજી ક્યાં બિરાજે છે? તેમના સેવક કેવી રીતે થવાય?'

'આપ અત્યારે કાશી પધાર્યા છે. આપના એવા સમાચાર આવ્યા છે કે બે-ચાર દિવસમાં અહીં પધારશે. એમ લાગે છે કે જાણે તમારા માટે જ પધારી રહ્યા છે! માટે તમે થોડા દિવસ ધીરજ રાખો.'

દેવા કપૂર રોજ ગદાધરદાસજીના ત્યાં આવે છે. શ્રીમહાપ્રભુજી ક્યારે પધારશે, તે પૂછે છે. દર્શનની તેમની ઉત્કંઠા વધતી જાય છે. તેઓ ઘરનું બધું કામકાજ પણ ભૂલી ગયા છે. તેમને હવે શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કશાનું સ્મરણ પણ નથી. ચાર દિવસ પછી શ્રીમહાપ્રભુજી કડા પધાર્યા. દેવા કપૂર શરણે આવ્યા.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'તમે અમારી સાથે વ્રજમાં ચાલો. ત્યાંથી તમને શ્રીઠાકોરજી પધરાવી આપીશ. તમે તેમની સેવા કરજો.'

દેવા કપૂર શ્રીમહાપ્રભુજી સાથે વ્રજમાં ગયા. ત્યાં મહાવનમાંથી પ્રાપ્ત થયેલાં ચાર સ્વરૂપો પૈકી શ્રીલલિતત્રિભંગીલાલનું સ્વરૂપ દેવા કપૂરને પધરાવી આપ્યું. તે પધરાવી દેવા કપૂર કડા આવ્યા. તેઓ અને તેમનાં પત્ની શ્રીલલિતત્રિભંગીલાલની ખૂબ પ્રેમથી સેવા કરતાં. દેવા કપૂરનો દેહ છૂટ્યો, ત્યાર બાદ તેમનાં પત્નીએ ભગવત્ સેવા કરી. તેમનાં પત્નીનો દેહ છૂટ્યો, પછી અગ્નિ-સંસ્કાર કરી, ઘેર આવી, સ્નાન કરી તેમના દીકરાઓએ મંદિર ખોલ્યું. બધી જ સામગ્રી જેમની તેમ હતી, પરંતુ શય્યાજી ખાલી હતાં. પ્રભુ અંતર્ધાન થયા હતા. દેવા કપૂરના ચારેય દીકરા આશ્ચર્યચક્તિ થયા. તેમની પાસે પ્રભુએ સેવા ન કરાવી.

●

વિશેષ વિચાર :

દેવા કપૂરના ચારેય દીકરા લૌકિક-વૈદિક કાર્યમાં વધુ આસક્ત હતા. તેમણે શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ કુમાર શ્રીગોપીનાથજી પાસેથી નામ-મંત્ર લીધો હતો. તેમને બ્રહ્મસંબંધ થયું ન હતું. તેઓ મર્યાદા માર્ગમાં વિશેષ આસક્ત હતા, તેથી પ્રભુએ જોયું કે આ દીકરાઓ મારી સેવાયોગ્ય નથી. દીકરાઓની હયાતીમાં બીજા કોઈ વૈષ્ણવ સેવા કરી શકશે નહીં, તેથી પ્રભુ અંતર્ધાન થઈ ગયા અને સિંહનદ નામના ગામમાં શ્રીગુસાંઈજીની સેવક એક બ્રાહ્મણ બાઈના ત્યાં પ્રકટ થઈ, ઘણાં વર્ષો સુધી ગુપ્ત રીતે સેવા કરાવી. માટે દૈવી જીવ વિના બીજાને શ્રીઠાકોરજીમાં સ્નેહ થતો નથી અને પ્રભુ તેવા જીવોની સેવા અંગીકાર કરતા નથી.

●

મૂળ વાર્તા : દેવા કપૂર - વાર્તા નં. ૧૭; ૮૪ વૈ.ની વાર્તા
લીલા-સ્વરૂપ - પ્રવીણા, શ્રીયશોદાજીનાં સખી
તેમનાં પત્ની - રસલીના, શ્રીયશોદાજીનાં સખી.
વતન - કડા; **જ્ઞાતિ** - ક્ષત્રિય
સેવ્ય સ્વરૂપ - શ્રીલલિતત્રિભંગીજી (હાલ વેરાવળ)

●

દેવા કપૂર ક્ષત્રી, કડા નિવાસી

(દોહા) ક્ષત્રી જાતિ કપૂર જો દેવા નામ કહાય;
કડા ગામકે, સેવ્ય શ્રીલલિતત્રિભંગી રાય.
(છંદ) દેવાદાસ કપૂર કડા શુભ ગ્રામનિવાસી;
ક્ષત્રી જાતિ સુજાન પરમ આચાર્ય ઉપાસી.
મન મન ઈચ્છા કરત કબહુઁ જો પ્રભુ મન ભાવેં;
લલિતત્રિભંગીલાલ સીસ મેરે પધરાવેં.
નિજ્જન મનકી જાનિ બાત શ્રીવલ્લભરાઈ;
લલિતત્રિભંગીલાલ સીસ દીન્હેં પધરાઈ.
ઠાકોરસેવા પાય અધિક હિયમાંહિ અનંદ્યો;
પ્રભુ મંદિર પધરાય સીસ વલ્લભ-પદ બંદ્યો.
સેવાકી સબ રીત જાનિ ગુરુતેં જબ લીન્હીં;
પરમ મોદ મન માનિ સરસ સેવા હરિ કીન્હીં.
પ્રતિદિન હરિ હિ જગાય મુદિત મન દેત કલેવા;
પુનિ બહુ બિધિ પકવાન વિવિધ ભાઁતિનકે મેવા.
શયનકાલ પર્યંત કરત સેવા અતિ નીકી;
સેવારત સુખ લહત જગ કી ગતિ ફીકી.
હરિકી સેવા મિલી મિલ્યો જીવનફલ પ્યારો;
ઈન્દ્રિનકો સુખ કબહૂઁ ભૂલિ નહીં નયન નિહારો.
યહિ વિધિ સેવા કરત કરત બહુતેં દિન બીતે;
અંત સમય તનુ ત્યાગિ ગયઉ હરિપદ ધરિ ચિતે.
તા પાછેં તેહિ નારી કરી સેવા અતિ પ્યારી;
સોહૂ સેવા કરત કરત હરિ ધામ સિધારી.
તિનકે બેટા ચારિ હુતે હરિ લઈ ન સેવા;
નિજ મંદિર મહઁ લુપ્ત ભયે કછુ મિલ્યો ન લેવા.
મિલિબો, કરિબો, સહજ નાઁહિ સેવા જિય જાની;
જબ હરિ કરુણા કરહિં મિલહૂં સેવા સુખખાની.
પ્રભુપદ પદ્મ-પરાગ પ્રેમ વૈષ્ણવ ચિત ચહિયે;
યાતેં અધિક ચરિત્ર ઔર ઈનકો કહા કહિયે.
(દોહા) હરિસેવાતેં હરિ મિલેં તેહિ બિનુ મિલહિ ન ધૂર;
કરિ સેવા હરિ-પદ ગયે, દેવાદાસ કપૂર.

■

---

૧૮. આનું નામ તે કથાશ્રવણ!

(શ્રી દિનકરદાસ શેઠ)

ત્રિવેણીસંગમનું પ્રસિદ્ધ તીર્થક્ષેત્ર પ્રયાગ. ત્યાં એક ક્ષત્રિય કુટુંબ રહેતું હતું. ધનસંપત્તિ ઘણી હતી. માતાપિતા વગેરે તો લૌકિકમાં આસક્ત; પરંતુ એક નાનો પુત્ર દિનકર સૌથી જુદો. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એવું જ કંઈક જણાવા લાગ્યું.

બાળક દિનકર સાધારણ સમજણો થયો, ત્યારથી જ એક વિશિષ્ટ લક્ષણ દેખાવા લાગ્યું. જે કોઈ જગાએ કથાકીર્તન થતાં હોય ત્યાં દોડી જાય; ત્યાં જ બેસી રહે. એમાં એને બહુ જ રસ! બધાં ઘણું સમજાવે, પણ કોઈનુંયે માને નહીં. આટલે સુધી તો જાણે ઠીક, પણ એક બીજી ટેવ એને એવી પડેલી કે ઘરનાં સૌ એનાથી કંટાળ્યાં. પૈસા કે વસ્તુભાવ જે કંઈ હાથમાં આવે, તે ઘરમાંથી લઈ જાય અને ભટ્ટજી કથા કહેતા હોય ત્યાં પોથી પર જઈને મૂકી આવે. આ તો વાત ભારે થઈ! સારી પેઠે મેથીપાક મળે; છતાં સુધરે નહીં. ઘરનાં ને બહારનાં સૌ એને 'ચોર' તરીકે ઓળખવા લાગ્યાં. સૌને નવાઈ લાગે કે આ દીકરો કેવો? આ પરિવારમાં આવું તો કોઈ પાક્યું નથી!

વાત નવાઈ જેવી હતી, પણ કાદવમાં કમળ ક્યાં નથી પાકતું? હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્લાદ નહોતો જન્મ્યો? ઘરમાં બધાં સંસારાસક્ત અને છતાં પુત્ર ત્યાગી નીકળ્યો! બધાં ઘરરખુ, ત્યારે પુત્ર ઘર લૂંટાવનાર થયો! સૌ કહેતાં, આ પૂર્વજન્મનો કોઈ વૈરાગી હોવો જોઈએ! ઘરનાંને મોટી ચિંતા હતી કે મોટો થઈને આ શું નહીં કરે!

અને એ ચિંતા સાચી પડી. એના મોટાભાઈનું લગ્ન લેવાયું. ધનિક પરિવાર એટલે ધામધૂમનાં લગ્ન! દિનકરને સાંબેલો બનવાનું મળ્યું. ભારે ભારે કપડાં-ઘરેણાંથી શણગારીને એને ઘોડે બેસાડ્યો. વરઘોડો કન્યાવાળાને ત્યાં પહોંચ્યો. ઘરનાં સૌ તો ત્યાં લગ્નની ધમાલમાં પડ્યાં. દિનકરભાઈને ઘોડા પરથી ઉતાર્યા એટલે સૌની નજર ચૂકવીને ત્યાંથી રફુચક્કર થઈ ગયા. ઘેર જઈ, કપડાં બદલીને સાદાં કપડાં પહેરી લીધાં. ઘરેણાં પણ ઉતારી નાખી એક થેલીમાં ભરી લીધાં અને ઘરમાંથી નીકળ્યા ઘરની બહાર. કોઈ રોકનાર તો તે વખતે ત્યાં હતું જ નહીં!

પોતાના પ્રિય કથાકારો પાસે પહોંચીને, જ્યાં જે હાથમાં આવ્યું તે તેમને આપી દીધું. ભટ્ટજી મહારાજો તો હવે ‘આવો, દિનકર શેઠ’ કહેવા લાગ્યા. આવા ઉદાર શ્રોતા તો એમને જવલ્લે જ મળે ને!

ભાઈ ઘેર આવીને સૂઈ ગયા. લગ્ન પત્યું. તપાસ થઈ. બાપ ઘણુંયે મારે છે, પણ દીકરો મોઢેથી બોલતો નથી કે કોને શું આપ્યું છે! એવી મક્કમતા! નામ દે તો પાછું લેવા જાય ને? ભટ્ટજીને ત્રાસ થાય ને?

ભાઈ-ભાઈ પાસે રહેવાનું આવ્યું. એમને કેટલી લાગણી હોય! હવે દિનકરભાઈ વધુ મૂંઝાયા. મનમાં થયું કે ‘હવે આ ઘર ને ગામ છોડી ક્યાંક ભાગી જાઉં! પણ ક્યાં જાઉં? જ્યાં દરરોજ સરસ કોઈ કથા-વાર્તા સાંભળવાની મળે ત્યાં જવું. ભગવાન મનોરથપૂરક છે. કોઈ મોટું પર્વ આવ્યું. ‘શેઠ’ ત્રિવેણી-સ્નાન કરવા ગયા છે. કથા સાંભળી તીર્થસ્નાનની શ્રદ્ધા તો દૃઢ થયેલી જ હતી, ત્યાં ભગવદિચ્છાથી કૃષ્ણદાસ મેઘન એમને મળી ગયા.

શ્રીમહાપ્રભુજીએ અડેલથી એમને સામગ્રી લેવા માટે પ્રયાગ મોકલ્યા હતા. નાવમાંથી ઊતરીને કૃષ્ણદાસ જ્યાં આવ્યા ત્યાં જ દિનકરદાસ નહાતા હતા. એમણે સહજભાવે પૂછ્યું : ‘ભાઈ, તમે કોણ છો? ક્યાંથી આવો છો?’

કૃષ્ણદાસ કહે છે : ‘કેમ પૂછવું પડ્યું, ભાઈ!’

દિનકરદાસ કહે છે : ‘તમને પરદેશી જાણીને પૂછું છું. મારે આ ગામ છોડવું છે. ક્યાં જવું તે નક્કી નથી. મારે એવા ઠેકાણે જવું છે કે જ્યાં સરસ કથાવાર્તા સાંભળવાની મળે!’

‘એમ! તો ચાલો મારી સાથે અડેલ. ત્યાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે. બે દિવસ કથા-વાર્તા સાંભળો. પછી મન માને તો રહેજો; જવું હોય તો જજો. હું કહું છું કે આપશ્રીની કથા સાંભળ્યા પછી, જગતભરની કથાઓ ફિક્કી લાગશે! શું સમજ્યા, ભાઈ!’ દિનકરદાસના આનંદનો પાર ન રહ્યો. નાવ પકડી લીધી અને પહોંચ્યા અડેલ.

સાંજનો સમય હતો. આપશ્રી બિરાજતા હતા. શ્રીસુબોધિની-કથાના આરંભની તૈયારી હતી. તેમને જોતાં જ પોતે બોલાવ્યા : ‘આવો દિનકર શેઠ! કથા સાંભળવા આવ્યા છો ને? સાંભળો.’

આશ્ચર્યચક્તિ થતાં એમણે દંડવત્ પ્રણામ કર્યાં અને પછી બેઠા. ભ્રમરગીત ચાલતું હતું. ગોપીવિરહનું માર્મિક હૃદયસ્પર્શી વર્ણન આપશ્રી કરતા ગયા અને

દિનકરદાસનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેતો રહ્યો. જીવનનાં વીતેલાં વર્ષો માટે એમના મનમાં અફસોસ થઈ રહ્યો. અરે રે! આવો કથારસ મેં અત્યાર સુધી ગુમાવ્યો! ક્યાં પેલા ભટ્ટજીઓની કથા અને ક્યાં આ અમૃતવર્ષા!

મન ભગવદ્રસથી ભરાઈ ગયું હતું. કથા પૂરી થતાં જ આપશ્રીનાં ચરણોમાં પડ્યા, ‘કૃપાનિધાન, મને શરણે લો.’

આપશ્રીએ નામ-નિવેદન કરાવ્યું અને કર્તવ્ય બતાવ્યું, ‘દિનકરદાસ, હવે તમારે ભગવત્સેવા કરવી જોઈએ.’ એ જરા વિચારમાં પડ્યા. પછી વિનંતી કરી, ‘આપ તો મારા મનની વાત જાણો જ છો, પ્રભુ! મનમાં એમ થાય છે કે સદા આપના કથામૃતનું પાન કરું, અહર્નિશ એનું અવગાહન કર્યા કરું!’

‘ભલે!’ આપશ્રીએ આજ્ઞા કરી. ‘સેવાયાં વા કથાયાં વા, યસ્યાસક્તિર્દૃઢા ભવેત્.’ તમારી કથામાં આસક્તિ છે, તો ભલે કથાશ્રવણ કર્યા કરો. સેવામાં કે ભગવદ્વાર્તામાં જેને દૃઢ આસક્તિ થાય છે, તે જીવની કદાપિ અસદ્ગતિ થતી નથી. પોતાને મનગમતી આજ્ઞા મળતાં એ આનંદિત થયા. પોતાની સાથે જે દ્રવ્ય લઈને આવેલા, તેમાંથી અર્ધું તો આપશ્રીને ભેટ ધરી દીધું. સ્વભાવથી જ એ તો ત્યાગી હતા!

પછી તેઓ અત્યંત સાદું જીવન ગાળે છે! દાળ-બાટી જેવું બનાવીને, પ્રભુને માનસી ભોગ ધરીને, પ્રસાદ લઈ લે છે. કથાસમયે કથાશ્રવણ અને પછી આખો દિવસ એનું જ મનન-ચિંતન! ગાય ચરીને આવ્યા પછી વાગોળે, ત્યારે જ એને તૃપ્તિ થાય છે ને! આ તો એમનો નિત્યક્રમ બની ગયો.

ચાતક જેમ સ્વાતિનાં બિંદુઓ ઝીલે, એમ એ કથારસ-વર્ષાનું ટીપેટીપું ઝીલતા. કોઈ દિવસ કથાને સમયે મોડા પડતા એમને કોઈએ જોયેલા નહીં. પણ એક દિવસ કંઈક જુદું જ બની ગયું. યમુનાતટે એ રસોઈ કરવા ગયેલા. ત્યાં નહાયા; આંચનો ભાઠો સળગાવ્યો. કણેક બાંધી, બાટી બનાવી અને શેકવા મૂકે છે, ત્યાં તો આપશ્રીનો જળઘરિયો જળ ભરવા આવી ચઢ્યો. એમનાથી સહજ પુછાઈ ગયું, ‘ભાઈ, શ્રીમહાપ્રભુજી અત્યારે શું કરે છે?’

‘હું આવ્યો ત્યારે આપ પુસ્તક લઈને બિરાજ્યા હતા. કથાની તૈયારી હતી. હવે કથા ચાલુ થશે.’ જળઘરિયાએ કહ્યું અને દિનકરદાસ ચમક્યા : ‘હેં! શું કહો છો? ત્યારે આજે હું મોડો પડીશ?’

કાચી બાટી ઝટપટ આંચમાંથી લઈ લીધી. આખા દિવસના ભૂખ્યા કથામાં જાય, તો બરાબર મન ન લાગે; એટલે ભગવન્નામ લઈને એ કાચી બાટી ખાઈ

લીધી. આવી ચીજનો પ્રભુને ભોગ તો કેમ ધરાય? શ્રમ પડે ને! એટલે એમ ને એમ જ ખાઈ લીધી અને દોડ્યા.

હવે કથા શરૂ થતી હતી. 'હાશ, આવી તો પહોંચ્યો!' એમણે નિરાંતનો શ્વાસ લીધો. કથા રસપૂર્વક સાંભળી. જ્યારે કથા પૂરી થઈ, ત્યારે પેલો જળઘરિયો કંઈક કામ માટે આપશ્રીની પાસે આવ્યો. દિનકરદાસને જોઈને એનાથી કહેવાઈ ગયું કે એમનું વર્તન જોઈને આજે એને અચંબો લાગ્યો હતો. એણે કહ્યું : 'મહારાજ, આજ તો દિનકર શેઠ કાચી બાટી ખાઈને, આપની કથા માટે દોડ્યા આવ્યા છે.'

શ્રીમહાપ્રભુજી પણ ચક્તિ થયા. પોતાના ભગવદીયની આ અનુપમ કથાસક્તિ જોઈને પોતે આનંદિત થયા અને આજ્ઞા કરી : 'દિનકરદાસ, આજ પછી આવું ન કરશો. મારી કથાના મુખ્ય શ્રોતા તમે. તમે આવશો ત્યાર પછી જ હું કથા ચાલુ કરીશ. રસોઈ કરી, શ્રીજીનો ભોગ ધરીને, નિરાંતે પ્રસાદ લઈને આવજો. સમજ્યા ને!'

દિનકરદાસે દંડવત્ પ્રણામ કર્યાં. ગુરુદેવની કૃપાવૃષ્ટિથી એમનું અંતર ભીંજાઈ ગયું હતું. એ બોલ્યા, 'પ્રભુ, મારે માટે આપને અને વૈષ્ણવોને વિલંબ થાય એવું હું નહીં થવા દઉં. હવે તો હું વહેલો જ આવી જઈશ.'

એમણે એ નિશ્ચય કર્યો અને જીવનભર પાળ્યો. કથાસમયે સૌથી પહેલા દિનકરદાસ હાજર હોય! છતાં કદાચિત્ કોઈ અનિવાર્ય કાર્યમાં ફસાઈ જાય અને સહેજમાત્ર મોડા પડે, તો આપશ્રી એમની રાહ જોતા બિરાજી રહેતા. વૈષ્ણવો પણ સમજી ગયેલા કે દિનકરદાસના આવ્યા પહેલાં કથાનો આરંભ નહીં જ થાય. સ્વામી અને સેવકનો આ સહજ સ્નેહસંબંધ બની રહ્યો!

કેવા બડભાગી એ ભગવદીય! શ્રીવલ્લભાધીશની કથા તો આપણે સાંભળી નથી; પરંતુ આપની કથામાં આસક્ત એવા આ ભગવદીયની કથા સાંભળીને મન કેવી કૃતાર્થતા અનુભવે છે!

સિદ્ધાંત નવનીત

(૧) 'ભક્તિવર્ધિની' સ્તોત્રમાં આપશ્રી આજ્ઞા કરે છે કે -

બીજભાવે દૃઢે તુ સ્યાત્, ત્યાગાત્ શ્રવણકીર્તનાત્.

દૈવી જીવોના હૃદયમાં જન્મથી રહેલું ભાવનું બીજ હોય છે તે ત્યાગથી અને શ્રવણ-કીર્તનથી દૃઢ થાય છે. દિનકરદાસના જીવનમાં આ પ્રકાર સિદ્ધ થયેલો જોઈએ છીએ. જન્મજાત ત્યાગવૃત્તિ અને શ્રવણોત્સુક્તા!

(૨) કથા એટલે શું? પુષ્ટિમાર્ગીય ભગવદ્વાર્તા મર્યાદા-કથાઓના અર્થમાં સમજવી નહીં. એવી કથાઓ કદાપિ પુષ્ટિભાવ સિદ્ધ કરે નહીં; ઊલટ પુષ્ટિભક્તોને સ્વમાર્ગની વિમુખ બનાવી દે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે:

સત્સંગો દુર્લભો યત્ર, સતતં સત્પ્રસંગતઃ ।
કથાઃ કૃષ્ણચરિત્રૈક્યુતા નિત્યં ભવન્તિ હિ ॥

એવો સત્સંગ દુર્લભ છે કે જ્યાં નિત્ય ભગવદીયનો સમાગમ પ્રાપ્ત થાય અને કેવળ શ્રીકૃષ્ણચંદ્રની લીલાઓની વાર્તા થતી હોય! પુષ્ટિમાર્ગીય કથાનું આ સ્વરૂપ છે.

(૩) દિનકરદાસે કાચી ભાખરી ભોગ ધર્યા વિના જ ખાધી, તો અસમર્પિતનો દોષ ન લાગ્યો?

તેમને શ્રીમહાપ્રભુજીની કથામાં દૃઢ સ્નેહ છે; તેથી તેમને ભોજન બાધક ન થયું. બલકે, શ્રીમહાપ્રભુજી તેમની કથાસક્તિથી તેમના પર પ્રસન્ન થયા.

(૪) આપણને કથાશ્રવણનું મન હોય, તો વેળાસર રસોઈ કરી, શ્રીઠાકોરજીની સેવા સ્વસ્થતાથી પહોંચીને પછી કથાશ્રવણ માટે જવું. પ્રથમ સેવા, પછી કથા. સેવા અને કથા બંને દ્વારા શ્રીઠાકોરજીમાં આસક્તિ થાય. બે પૈકી એક પ્રકારની ભગદાસક્તિ તો દિનકરદાસ જેવા વીરલાને જ થાય.

(૫) **મૂળ વાર્તા** : નામ - દિનકર શેઠ; વાર્તા ૧૮
વતન - પ્રયાગ; **જ્ઞાતિ** - ક્ષત્રિય
સેવ્ય સ્વરૂપ - કથાસક્તિ સવિશેષ, તેથી સેવા પધરાવી નથી.
લીલાનું સ્વરૂપ - મનઆતુરી, શ્રીઠાકોરજીનાં સખી. શ્રીસ્વામિનીજીના વાર્તાશ્રવણમાં વિશેષ રુચિ.

◆

૧૯. અમારું ભાગવત જુદું

(શ્રી દિનકરદાસ અને શ્રી મુકુંદદાસ)

માળવાના કોઈ એક ગામમાં કાયસ્થ એક કુટુંબ રહેતું હતું. એ કાયસ્થ ઉજ્જયિની નગરીમાં મુસ્લિમ હાકેમને ત્યાં નોકરી કરતા હતા. એક વખત હાકેમ સાથે એને બોલાચાલી થઈ અને ગુસ્સાના આવેશમાં એ નોકરી છોડીને ઘેર ચાલ્યા આવ્યા. એના આઘાતથી દસેક દિવસમાં જ એમનું મૃત્યુ થઈ ગયું.

એ કાયસ્થને બે પુત્રો હતા. મોટા દિનકરદાસ અને નાના મુકુંદદાસ. મુકુંદદાસે સારી એવી વિદ્વત્તા મેળવી હતી, પણ નાના ગામમાં એની શી કદર થાય? પિતાના જવાથી કુટુંબમાં ગરીબાઈ આવી ગઈ; એટલે કમાવા માટે બંને ભાઈઓ કાશી ઊપડ્યા.

કાશી તો પંડિતોની નગરી, એટલે ત્યાં એમની પંડિતાઈની કદર થઈ. સારા પ્રમાણમાં ધન કમાયા. પછી બંને ભાઈ કાશીથી પગરસ્તે ઘેર આવવા નીકળ્યા. એકાદ ગાઉ ચાલ્યા હશે, ત્યાં તો નાના ભાઈ મુકુંદદાસને રસ્તામાંથી સર્પ કરડ્યો. થોડી વારમાં જ એનું વિષ ચઢી ગયું.

મોટા ભાઈ ગભરાયા. નાના ભાઈને ગાડામાં નાખીને કાશી પાછા લાવ્યા. સર્પ ઉતારનાર પાસે લઈ ગયા અને વિષ ઉતરાવવા ઘણો પ્રયાસ થયો; છતાં વિષ ન જ ઊતર્યું. મોટા ભાઈ દુઃખી થઈ ગયા. કાશીના બજાર વચ્ચે ડૂસકાં ભરીને દિનકરદાસ રડી રહ્યા છે. લોકો એકઠા થાય છે. એટલામાં કૃષ્ણદાસ મેઘન ત્યાં થઈને પસાર થાય છે. શ્રીમહાપ્રભુજીની સાથે તે કાશી આવ્યા હતા. શેઠ પુરુષોત્તમદાસને ત્યાં મુકામ હતો.

કૃષ્ણદાસે આ દૃશ્ય જોયું. એમનું કોમળ હૃદય દ્રવિત થયું. પૂછીને વિગત જાણી લીધી. દિનકરદાસ રડતાં રડતાં બોલી રહ્યા છે, 'ભાઈને ગુમાવીને હું ઘેર શું મોં લઈને જઈશ? હુંયે ગંગાજીમાં ડૂબી મરીશ.'

મેઘનને દયા આવી. પોતાની પાસે શ્રીમહાપ્રભુજીનું ચરણામૃત હતું, તે મુકુંદદાસના મુખમાં મૂક્યું. તરત જ એનું પ્રતાપબળ દેખાયું. ક્રમે ક્રમે વિષ ઊતરવા લાગ્યું. મુકુંદદાસ ઊઠીને બેઠા થયા. પોતાને જીવતદાન આપનાર મહાપુરુષનાં ચરણોમાં એ નમી પડ્યા.

કૃષ્ણદાસે હાથ પકડીને એમને ઉઠાડ્યા અને કહ્યું : 'ભાઈ, મને દંડવત્ પ્રણામ ન થાય. જે કંઈ બન્યું છે તે સમર્થ ગુરુદેવ શ્રીવલ્લભને પ્રતાપે બન્યું છે. દંડવત્ પ્રણામ તો તમારે એમને કરવાં જોઈએ.'

મુકુંદદાસે પંડિતસભામાં શ્રીવલ્લભાધીશ વિષે સાંભળેલું જ હતું. પૂછીને જાણી લીધું કે પોતે ક્યાં બિરાજે છે. ચરણામૃતને પ્રતાપે બુદ્ધિ પણ નિર્મળ બની હતી. આપશ્રીની અલૌકિક્તા હૃદયમાં સ્ફુરી રહી હતી. દર્શનની આતુરતા પ્રકટી અને બંને ભાઈઓ આપશ્રીની પાસે દોડી આવ્યા, 'કૃપાનિધાન, અમને શરણે લો. હજારો વર્ષોથી સંસારમાં ભટકીએ છીએ. હવે અમારો ઉદ્ધાર કરો.' પોતાનો પરિચય આપીને, બનેલી બધી વાત આપશ્રીને નિવેદન કરી. શ્રીમહાપ્રભુજી જરા કસોટી કરે છે, 'ત્યારે તમે તો કાયસ્થ છો, એમ ને? તો તમારાથી વૈષ્ણવ ધર્મ કેમ સધાશે?' (કાયસ્થ એ ક્ષત્રિય જાતિ છે. અભક્ષ્યાભક્ષ્ય, મદિરાપાન વગેરે એ જાતિમાં પ્રચલિત હતાં.)

મુકુંદદાસ વિનંતી કરે છે : 'મહારાજ, આપની કૃપાથી બધું જ થશે. આપ આજ્ઞા કરો તે પ્રકારે જ અમે જીવન ગાળીશું. આપના શરણ, પ્રતાપ અને કૃપાબળ આગળ શું અશક્ય છે?'

શ્રીવલ્લભે બંને ભાઈઓને નામ-નિવેદન કરાવ્યું. સેવા કરવા માટે બ્રહ્મસંબંધ મંત્ર લખી શ્રીહસ્તાક્ષર પધરાવી આપ્યા. પછી બંને ભાઈઓ ઘેર આવ્યા. કથા-વાર્તા સાંભળી આપશ્રીના ગ્રંથો શીખ્યા. સેવાક્રમ ચાલુ કર્યો. પત્ની અનુકૂળ ન હોવાથી એકલા જ સેવા કરવા લાગ્યા. સાથે સાથે સ્વમાર્ગીય ગ્રંથોનું અધ્યયન ચાલે છે. એના ભાવો શ્રીગુરુકૃપાએ સુંદર રીતે સ્ફુરતા જાય છે. સાહિત્ય કંઠાગ્રે થતું જાય છે. શ્રીમદ્ ભાગવત અને શ્રીસુબોધિનીજી તો હવે હૃદયમાં રમ્યા કરે છે.

પછી એમણે 'મુકુંદ-સાગર' નામના ગ્રંથની રચના પણ કરી; જેમાં મુકુંદદાસે વ્રજભાષામાં શ્રીકૃષ્ણ અને શ્રીવલ્લભાધીશનાં સંખ્યાબંધ સુંદર કવિતો રચ્યાં છે. શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધોના ભાવો એમાં વર્ણવ્યા છે.

પરંતુ, કંઈક આજીવિકા તો જોઈએ ને! એ ઉજ્જૈન શહેરમાં જાય છે. ત્યાં સરકારી નોકરી મળી જાય છે. સાથે સેવા અને સ્વાધ્યાય ચાલુ રહે છે. ઉજ્જૈન નગર વિદ્યાનું મોટું ધામ! મોટા શાસ્ત્રજ્ઞ પંડિતો તે વખતે ત્યાં વસતા હતા. વિદ્વાન મુકુંદદાસ એમના પરિચયમાં આવતા હતા. કહ્યું છે કે 'ગુણથી ગુણ મળતાં, જગતમાં સહજ સ્વભાવે જઈ મળે.'

પંડિતો સાથે શાસ્ત્રોની વાતો ચાલે છે. એવામાં કોઈક ભાગવતના જાણકાર કથાકાર મળી ગયા. એમની સાથે તો મિત્રતા બંધાઈ ગઈ. એ પંડિતજીને પોતાના જ્ઞાનનું ને કથાશૈલીનું અભિમાન હતું. એમના મનમાં આવ્યું કે આ મુકુંદદાસને મારી કથા સંભળાવું તો કેવું!

પંડિતજી કહે છે : 'મુકુંદદાસ, મારી કથામાં આટલા બધા શ્રોતાઓ આવે છે ને તમે કેમ નથી આવતા?'

મુકુંદદાસ કહે છે : 'કોઈક વાર આવીશ, સમય મળશે ત્યારે. શું કરું? સમય જ નથી મળતો.'

પંડિતજી પાછળ પડ્યા છે. વારંવાર ટોકવાનું ચાલુ છે. મુકુંદદાસ સમયનું બહાનું કાઢીને છટકે છે.

પરંતુ એક વાર મુકુંદદાસ મિત્રો સાથે ચોપટ રમવા બેઠેલા. ત્યાં જ એ ઝડપાઈ ગયા. પેલા પંડિત આવી ચઢ્યા. કહે છે : 'કેમ, ભાઈ! ચોપટ રમવાની ફુરસદ મળે છે ને મારું ભાગવત સાંભળવાની નથી મળતી? વાહ ભાઈ, વાહ!'

હવે મુકુંદદાસ સકંજામાં આવ્યા. ખરી વાત કહેવી પડી : 'ભાઈ સાહેબ, અમારું ભાગવત જુદું છે. તમારું સાંભળીને શું કરું? બોલો.'

હવે પંડિતજી અવળા બાઝ્યા : 'એમ! ત્યારે તમારું અમને સંભળાવો. જોઉં તો ખરો કે કેવુંક જુદું પડે છે! બોલો, ક્યારે સંભળાવો છો?'

'જોઈશું કોક દિવસ.' મુકુંદદાસે કહ્યું.

દિવસો પસાર થયા. પછી એક વાર સૂર્યગ્રહણ આવ્યું. નદીતટે સ્નાનાર્થે અનેક લોકો એકત્ર થયા છે. ત્યાં મુકુંદદાસનો પેલા પંડિતજી સાથે ભેટો થઈ ગયો. 'ચાલો, આજે તો ફુરસદ છે ને? ગ્રહણ છૂટે ત્યાં સુધી શું કામ કરવાના છો? અત્યારે તમારા ભાગવતમાંથી કંઈક સમજાવો.'

મુકુંદદાસે એક શ્લોક લઈ, તેના પરનાં શ્રીસુબોધિનીજીનું વિવેચન કરવા માંડ્યું. વર્ણન ઘણું રસમય હતું. દિવસ પૂરો થયો, પણ કથાપ્રવાહ ત્યાં વહેતી ક્ષિપ્રા નદીની જેમ વહેતો જ રહ્યો. પંડિતજી ચક્તિ થતાં પૂછે છે : 'ભાઈ મુકુંદદાસ, આ એક શ્લોક હવે કેટલો વખત ચાલશે?'

'પંડિતજી, એને માટે તો ઘણા દિવસો જોઈશે. તમે રોજ આવ્યા કરો. રોજ અમુક સમય લઈએ.'

હવે એમને પ્રતીતિ થઈ ગઈ કે ખરેખર, આમનું ભાગવત જુદું જ છે! પંડિતજીનો નિષ્ણાતપણાનો ગર્વ ગળી ગયો. પછી તો ઉજ્જયિનીના માયાવાદી પંડિતો એમની પાસે શાસ્ત્રાર્થ માટે આવવા લાગ્યા. વેદશાસ્ત્રોનાં સચોટ પ્રમાણોથી મુકુંદદાસ એમને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સિદ્ધ કરી બતાવતા, ત્યારે પંડિતો નિરુત્તર બની જતા.

આવા કૃપાપાત્ર હતા ભગવદીય મુકુંદદાસજી!

●

સિદ્ધાંત નવનીત

શ્રીહરિરાયજી 'ભાવપ્રકાશ'માં આ વાર્તાના રહસ્યને સુંદર રીતે સમજાવે છે. કંઈક સરળ વિવેચન સાથે હવે એનો વિચાર કરીએ :

ભગવદીય મુકુંદદાસે બ્રાહ્મણ પંડિત પાસે ભાગવત સાંભળવાનું શા માટે સ્વીકાર્યું નહીં? ભગવન્નામનો તો સૌ કોઈને અધિકાર હોય? કહેનાર તથા સાંભળનાર સૌનું કલ્યાણ થાય. રાજા પરીક્ષિતનો એના શ્રવણથી જ ઉદ્ધાર થયો હતો. આવું ભાગવત કોઈ પણ વ્યક્તિને મુખે સાંભળીએ, તો એમાં દોષ ક્યાં આવે? એ વિચારીએ :

અવૈષ્ણવ હોય, શ્રીવલ્લભના માર્ગમાં શરણે આવેલા ન હોય, શ્રીવલ્લભમાં જેને અનન્ય પ્રીતિ ન હોય, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત જેના મનમાં અને જીવનમાં ઊતર્યો ન હોય, એવો કથાકાર ભલે મોટો પંડિત હોય, અરે! મર્યાદામાર્ગીય ભક્ત હોય, ત્યાગી હોય, છતાં એને મુખેથી ભાગવતનું શ્રવણ કરવામાં મોટું બાધકપણું રહેલું છે. તે એ કે એની વાણી વૈષ્ણવને અન્ય માર્ગના સિદ્ધાંતો તરફ, મર્યાદા-સાધનો તરફ, જાતજાતના અન્યાશ્રયો તરફ દોરી જાય છે.

વૈષ્ણવો શ્રીવલ્લભના પુષ્ટિ-સિદ્ધાંતોને સમજતા ન હોય, ત્યારે તો આવું વાણી-શ્રવણ એમને વિશેષ પ્રમાણમાં સ્વમાર્ગથી બહિર્મુખ બનાવી દે છે. આવી વાણી સત્સંગ બનતી નથી, પણ દુઃસંગની ગરજ સારે છે.

દુઃસંગની વ્યાખ્યા એ છે કે -

> **યો વદત્યન્યથા વાક્યં, આચાર્યવચનાત્ જનઃ ।**
> **સંસૃતિપ્રેરકો વાપિ, તત્સંગદુષ્ટસંગમઃ ॥**

આચાર્યચરણની વાણીથી વિરુદ્ધ મતનું પ્રતિપાદન કરે, અને સંસારમાં પ્રેરે તે દુઃસંગ.

એ ઘણું શોચનીય છે કે શ્રીવલ્લભના બ્રહ્મવાદથી વિરુદ્ધ એવા માયાવાદનું પ્રતિપાદન કરનારા કથાકારો પાસે પણ વૈષ્ણવો ઘેલા થઈને દોડે છે!

અવૈષ્ણવ કોને ગણવો? - 'અવૈષ્ણવત્વં મંતવ્યં તદ્વિરુદ્ધજનેષ્વપિ ।' ભલે ને બ્રહ્મસંબંધી હોય, તોપણ શ્રીવલ્લભના મતથી વિરુદ્ધ હોય, તેને અવૈષ્ણવ સમજવો. - શ્રીહરિરાયજી.

પુષ્ટિફળની ઈચ્છાવાળા વૈષ્ણવોએ આવા કથાકારોની વાણીના શ્રવણથી દૂર રહેવું જોઈએ. વળી, આપશ્રી બીજી બાબત પણ સમજાવે છે : 'વાણીનું શ્રવણ કરવું તે તેનું જૂઠન લેવા બરાબર છે. પેલું જૂઠન મુખથી લેવાય છે, ત્યારે આ કાન વડે લેવાય છે; એટલો જ ફરક છે. એનાથી અનન્યતા છૂટી જાય, બુદ્ધિ એના જેવી થાય; કેમ કે વાણી દ્વારા અન્યસંબંધ સત્વરે થાય છે.'

શ્રીગુસાંઈજીનું વચન છે કે 'અન્યસંબંધગંધોપિ, કંધરામેવ બાધતે.' અન્યસંબંધની ગંધ પણ ગળું કપાવા બરાબર છે. કદાચ અનિવાર્યપણે આવી કથા સાંભળવી પડે, તોપણ મનમાં ખેદ થાય! અને ચિત્ત અષ્ટાક્ષરના રટણમાં રાખે, તો જ આવે પ્રસંગે અન્યસંબંધના અપરાધથી કંઈક બચી શકાય.

અજ્ઞાનવશ વૈષ્ણવો વિમુખ બની રહ્યા છે. અનન્યતાના આગ્રહ વિના પુષ્ટિફળ કદાપિ પ્રાપ્ત થતું નથી. આશા રાખીએ કે આ વાર્તા પરથી સ્વમાર્ગના આ માર્મિક તત્ત્વને વૈષ્ણવો સમજે અને જીવનમાં ઉતારે.

અન્યમાર્ગીય સાથે સ્વધર્મની ચર્ચા પણ ન કરવી.

◆

મૂળ વાર્તા : નામ - **દિનકરદાસ મુકુંદદાસ**; વાર્તા નં.૧૯
વતન - માળવાનું કોઈક ગામ; **જ્ઞાતિ** - કાયસ્થ
લીલાનું સ્વરૂપ - **દિનકરદાસ** : ધરાનંદ
મુકુંદદાસ : ધ્રુવનંદ (નંદરાયજીના બે ભાઈ)
સેવ્ય સ્વરૂપ - શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર
ગ્રંથરચના - મુકુંદસાગર.

◆

૨૦. આચાર-મર્યાદા અને પુષ્ટિધર્મ

(શ્રી પ્રભુદાસ જલોટા)

પંજાબમાં સિંહનદ નામનું ગામ છે. ત્યાં એક ક્ષત્રિય કુટુંબમાં પ્રભુદાસનો જન્મ થયો. ૧૩ વર્ષની ઉંમર થતાં તેમનાં માતા-પિતાએ તેમનું લગ્ન કર્યું. પત્ની ઘણી કર્કશા હતી. વાતવાતમાં તે સૌને ગાળો આપે. ઘરમાંથી ચીજવસ્તુઓ ચોરી પિયર આપી આવે. તેના ત્રાસથી દુઃખી થઈને પ્રભુદાસનાં માબાપે દેહ છોડ્યો. સગાંસંબંધીઓ પણ પ્રભુદાસને ઘેર આવતાં બંધ થયાં. બિચારા પ્રભુદાસ પત્નીના ક્લેશથી દુઃખી દુઃખી થઈ ગયા.

એક દિવસ તેમનાં પત્નીએ તેમની સાથે મહાભારત ઝઘડો કર્યો. તેણે હઠ પકડી : 'ગમે ત્યાંથી દ્રવ્ય લઈ આવો.'

પ્રભુદાસે કહ્યું : 'પૈસા કંઈ ઝાડ પર લટકે છે તે લઈ આવું! મળશે તો લાવીશ.' બસ, આ સાંભળતાં જ પ્રભુદાસની પત્નીએ ચંડિકાનું રૂપ લીધું અને તેણે પ્રભુદાસને ખૂબ માર માર્યો, છતાં પ્રભુદાસ કશું જ બોલ્યા વિના ચૂપ રહ્યા. તે બાઈને પ્રભુદાસની સ્વસ્થતા ગમી નહીં. તેણે પતિની સામે હાથની બંગડીઓ ફોડી, હજામને બોલાવી માથું મૂડાવ્યું અને ગામના હાકેમને જઈને કહ્યું : 'આજથી હું આમની પત્ની નથી. તે મારા ઘરમાં પગ મૂકશે, તો હું મારો જીવ કાઢી નાખીશ.'

પ્રભુદાસ પણ હાકેમ પાસે આવ્યા. તેમણે કહ્યું : 'આ સ્ત્રી સાથે હવે હું જીવી શકું તેમ નથી, તેથી હું તેને છૂટાછેડા આપું છું. ઘરબાર તેને સોંપી, હું ગામમાંથી ચાલ્યો જઈશ' પ્રભુદાસ પત્ની અને ઘર છોડીને ચાલ્યા ગયા. સિંહનદથી તેઓ સિકંદરપુર ગામ ગયા. ત્યાં તેમની જ્ઞાતિના રામદાસ ક્ષત્રિય રહેતા હતા. તેમની સાથે કૌટુંબિક સંબંધ હોઈ, ત્યાં મુકામ કર્યો. રામદાસ મર્યાદામાર્ગીય વૈષ્ણવ હતા. થોડા દિવસ તેમનો પ્રભુદાસને સંગ થયો.

એક વખત શ્રીવલ્લભાચાર્યજી સિકંદરપુર પધાર્યા. ગામ બહાર બગીચામાં મુકામ કર્યો હતો. પ્રભુદાસ ત્યાં આવ્યા. શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરતાં જ તેમના મનમાં વિચાર આવ્યો કે હું તેમનો સેવક થાઉં. પ્રભુદાસે શ્રીમહાપ્રભુજીને પોતાને સેવક કરવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'પ્રભુદાસ, તું રામદાસને ત્યાં રહે છે. રામદાસ મર્યાદામાર્ગીય છે, તેથી તું અમારો સેવક ન થઈશ.'

'મહારાજ, આપ આજ્ઞા કરો તો હું રામદાસને પણ બોલાવી લાવું અને તેને પણ આપનો સેવક બનવા કહું. રામદાસ મારી વાત ઉથાપશે નહીં.'

'પ્રભુદાસ, કેવળ સેવક થવાથી શું? કંઠી પહેરી, એટલે બધું પ્રાપ્ત થઈ ગયું એમ માનશો નહીં. રામદાસનો અંગીકાર મર્યાદામાર્ગમાં છે. છતાં, તારી ઈચ્છા હોય તો રામદાસને બોલાવી લાવ.'

પ્રભુદાસ ગામમાં જઈને રામદાસને બોલાવી લાવ્યા. રસ્તામાં તેમણે રામદાસને કહ્યું : 'શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે. તેઓ સાક્ષાત્ પુરુષોત્તમ છે. આપણે બંને તેમના સેવક થઈએ. પછી સાથે મળીને રહીશું અને શ્રીઠાકોરજીની સેવા કરીશું.'

'જો ભાઈ પ્રભુદાસ, મેં તો એક વૈરાગી ગુરુની કંઠી બાંધી છે. હવે હું બીજો ગુરુ કેમ કરું?'

'રામદાસ, તારો એવો જ વિચાર હોય, તો આપણને સાથે રહેવું ફાવશે નહીં. મારાં વસ્ત્ર, વાસણ વગેરે મને આપી દે. હું બીજે ક્યાંક ચાલ્યો જાઉં.

'આમ ખોટું ન લગાડ, પ્રભુદાસ. જા, તારા ખાતર હું શ્રીવલ્લભાચાર્યજીનો સેવક થઈશ; પરંતુ એક શરત કે હું મારી ટેવ છોડીશ નહીં.'

બંને બગીચામાં આવ્યા. બંનેને શ્રીમહાપ્રભુજીએ સ્નાન કરાવી નામમંત્રની દીક્ષા આપી. સેવક થતાં જ પ્રભુદાસને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થયું. રામદાસને કોઈ અસર ન થઈ.

'મહારાજ, હવે કૃપા કરી અમને બંનેને નિવેદનમંત્ર આપો.'

'પ્રભુદાસ, રામદાસનો એ અધિકાર નથી. તમારો છે, માટે તમને આપીશ.' શ્રીમહાપ્રભુજીએ પ્રભુદાસને બ્રહ્મસંબંધ આપ્યું.

'કૃપાનાથ, મને શ્રીઠાકોરજીની સેવા પધરાવી આપો. હું રામદાસ સાથે મળીને સેવા કરીશ.'

'પ્રભુદાસ, હમણાં તો અમે ગોકુલ જઈએ છીએ. પછી વાત.'

રામદાસ સાથે પ્રભુદાસ રહેવા લાગ્યા, પણ બંનેના સ્વભાવનો મનમેળ ના આવે. પરિણામે, દિવસે દિવસે ક્લેશ વધવા લાગ્યો. થાકીને પ્રભુદાસ એક દિવસ મધરાતે પોતાની વસ્તુઓ લઈ, ઘર છોડી ચાલ્યા ગયા. તેમણે વિચાર કર્યો કે આ મર્યાદામાર્ગીય વૈષ્ણવ સાથે માથાફોડ કરવી ઠીક નથી. તેઓ ત્યાંથી સીધા ગોકુળ ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. ત્યાં જઈને પ્રભુદાસે દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીમહાપ્રભુજીએ પ્રસન્નતાથી આજ્ઞા કરી: 'પ્રભુદાસ, તું આવ્યો?'

'મહારાજ, માંડ માંડ દુઃસંગમાંથી છૂટ્યો છું.'

'અમે તો તને પહેલેથી જ કહ્યું હતું કે એ મર્યાદામાર્ગનો અધિકારી છે અને તું પુષ્ટિમાર્ગનો અધિકારી છે. તેનો સંગ છોડીને તું આવ્યો તે સારું કર્યું. હવે તારા પર પ્રભુની કૃપા થશે.'

'કૃપાનાથ, મને હવે અહર્નિશ આપનાં ચરણારવિંદમાં જ રાખો. હું સંસારમાં ઘણું રખડ્યો છું.'

'ભલે. પ્રભુદાસ, તું અમારી પાસે જ રહે અને અમારી સેવા કર.'

થોડા દિવસ બાદ શ્રીમહાપ્રભુજી મથુરા પધાર્યા. આપની સાથે ત્રણ સેવકો હતા - દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન અને પ્રભુદાસ. આપ વહેલી સવારે વિશ્રામઘાટ પર સંધ્યાવંદન કરતા બિરાજ્યા હતા. આપના ત્રણ સેવકો અને મથુરાના એક વૈષ્ણવ આપની પાસે બેઠા હતા. ત્યાં શ્રીકૃષ્ણ ચૈતન્યના સેવક રૂપ સનાતનજી આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને હાથ જોડી દંડવત્ પ્રણામ કરીને પૂછ્યું : 'મહારાજ, આપની સાથેના આ વૈષ્ણવ કોણ છે?'

'અમારા સેવક છે.'

'મહારાજ, આપનો માર્ગ તો પુષ્ટિમાર્ગ છે અને આપના સેવક આવા દુબળા-પાતળા કેમ છે?'

'એ તો એમને જ પૂછો ને! અમે તો એમને સ્પષ્ટ કહ્યું હતું કે આ માર્ગમાં પડશો નહીં; પરંતુ તેમણે મારું કહ્યું ન માન્યું, એનું ફળ ભોગવે છે.'

આવી આજ્ઞા કરતાં શ્રીમહાપ્રભુજીએ મંદ મંદ સ્મિત કર્યું.

રૂપ સનાતનજી ત્યાંથી પાછા ફર્યા. તેઓ શ્રીજગન્નાથજીનાં દર્શન કરવા જગન્નાથપુરી ગયા. ત્યાં શ્રીકૃષ્ણ ચૈતન્ય બિરાજતા હતા. તેમણે રૂપ સનાતનજીને પૂછ્યું : 'ક્યાંથી આવો છો?'

'મહારાજ, વ્રજનાં દર્શન કરીને આવું છું.'

'વ્રજમાં તમને શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શન થયાં?'

'હા, મહારાજ.'

'તેમની સાથે કંઈ ચર્ચા થઈ?'

રૂપ સનાતનજીએ બધી હકીકત કહી. તે સાંભળતાં જ કૃષ્ણ ચૈતન્યને મૂર્છા આવી ગઈ. તેઓ જાગૃત થયા, ત્યારે કહ્યું : 'ફરીથી તે પ્રસંગ કહો.'

ફરીથી પ્રસંગ સાંભળતાં તેમને ફરીથી મૂર્ચ્છા આવી. આમ ત્રણ વખત બન્યું. રૂપ સનાતનજીને ઘણી નવાઈ લાગી.

સિદ્ધાંત નવનીત : ૧

શ્રીકૃષ્ણ ચૈતન્યને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું થોડુંક જ્ઞાન હતું, તેથી તેઓ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો થોડોક ભાવ સમજ્યા. જો સંપૂર્ણ સમજ પ્રાપ્ત થઈ હોત, તો તેમનો દેહ છૂટી જાત.

રાસપંચાધ્યાયીમાં વેણુનાદ સાંભળીને વ્રજભક્તો વૃંદાવનમાં આવ્યાં, ત્યારે ત્યાં શ્રીકૃષ્ણે તેમને આજ્ઞા કરી હતી કે 'તમે ઘેર પાછાં જાઓ.' પણ વ્રજભક્તોએ પ્રભુની તે આજ્ઞા ન માની. તેના પરિણામરૂપે રાસલીલાનું પરમ ફળ તેમને પ્રાપ્ત થયું.

વ્રજભક્તોએ પ્રભુની આજ્ઞા ન માની, કારણ કે પ્રભુએ મર્યાદાભાવથી તે આજ્ઞા કરી હતી કે સ્ત્રીજનોએ રાત્રિના સમયે એકાંતમાં પરપુરુષ પાસે જવું જોઈએ નહીં. આથી વ્રજભક્તોએ મર્યાદા-રીતથી થયેલી આજ્ઞા માની નહીં, ત્યારે તેમને પુષ્ટિનું પરમ ફળ પ્રાપ્ત થયું.

વેદમાં એવી મર્યાદા બતાવી છે કે કોઈ વ્યક્તિ સેવક થવા આવે, ત્યારે ગુરુએ પહેલીવાર તેને ના કહેવી જોઈએ. આમ કરવાથી સેવક બનવાની તેની દૃઢતા ચકાસી શકાય છે. જો ફરી તે આગ્રહપૂર્વક આવે તો જ તેને સેવક કરવો જોઈએ. વેદની આ આજ્ઞાના અનુસંધાનમાં જ શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે 'મેં મારા સેવકોને આ માર્ગમાં આવવાની ના પાડી હતી.'

આ માર્ગ વ્રજભક્તોનો માર્ગ છે. જેમ વ્રજભક્તોએ પ્રભુને સર્વસમર્પણ કરી તેમનું શરણ સ્વીકાર્યું, ત્યારે તેઓ તેમના દેહ-ગેહનું અનુસંધાન પણ ભૂલી ગયાં હતાં. વિપ્રયોગની ફળદશાનો અનુભવ કરતાં તેમનો દેહ કૃશ થયો હતો. તેમનાં નેત્રોમાં વારંવાર આંસુ આવતાં, કંઠ રુંધાઈ જતો, શરીરમાં પરસેવો થતો, ક્યારેક મૂર્ચ્છા થતી, ક્યારેક રુદન કરતાં, ક્યારેક નૃત્ય કરતાં.

આવી જ સ્થિતિ પુષ્ટિભક્તોની પણ થાય છે.

◆

એક દિવસ પ્રભુદાસ રસોઈ કરતા હતા. આમેય તેઓ પોતાના હાથે જ રસોઈ કરી, માનસીમાં ભોગ કરી લેતા. તે દિવસે અનાયાસ રસોઈ બગડી. દાળ કાચી રહી અને રોટલી બળી ગઈ. પ્રભુદાસે મનમાં વિચાર કર્યો, આવી બગડેલી રસોઈ શ્રીઠાકોરજીને કેવી રીતે ધરાય? તેથી તેમણે તે રસોઈમાં ચરણામૃત મેળવીને લીધું.

તે દિવસે શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી : 'આજ પ્રભુદાસને ત્યાં ભોજન માટે હું રાહ જોતો રહ્યો, પણ પ્રભુદાસે મને ભોગ ન ધર્યો અને તેણે ભોજન કર્યું.'

શ્રીમહાપ્રભુજીએ આ જાણી પ્રભુદાસને બોલાવ્યા અને પૂછ્યું : 'પ્રભુદાસ, આજ શ્રીઠાકોરજીને ભોગ ધર્યા વિના તેં ભોજન કેમ કર્યું?'

પ્રભુદાસે સર્વ હકીકત કહી. આપે આજ્ઞા કરી : 'પ્રભુદાસ, એક વાત યાદ રાખ. શ્રીઠાકોરજી ખૂબ પ્રેમથી ભોજનની રાહ જોતા બિરાજે છે. તેઓ સુકુમાર છે, માટે ઘણી સાવધાનીથી સુંદર રસોઈ કરી, પ્રેમથી શ્રીઠાકોરજીને ભોગ ધરીને મહાપ્રસાદ લેવો જોઈએ.'

સિદ્ધાંત નવનીત : ૨

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું મન ઘણું કોમળ હોય છે; તેથી પ્રભુદાસે વિચાર કર્યો કે આવી કાચી અને બળેલી સામગ્રી શ્રીઠાકોરજીને કેવી રીતે ધરાય? સાથે સાથે અસમર્પિત અન્ન પણ કેમ લેવાય? શાસ્ત્રોમાં તો દાઝેલું અન્ન લેવાને પણ દોષ કહ્યો છે, તેથી તેમણે ચરણામૃત પધરાવી, અન્નદોષ દૂર કરી ભોજન કર્યું. આમ કરવાથી તેમને અન્નદોષ મટ્યો, પણ પ્રભુને આરોગવાલાયક સામગ્રી ન થવાથી પ્રભુએ આરોગેલી સામગ્રી ન હતી. શ્રીહરિરાયજી 'ભાવપ્રકાશ'માં આજ્ઞા કરે છે કે વૈષ્ણવે શ્રીઠાકોરજીને જે પ્રમાણે ભોગ ધર્યો હોય, તે જ પ્રમાણે તે પદાર્થનું ભોજન કરવું. જેમ કે દહીં અને ભાત અલગ ધર્યાં હોય, તો ભાતમાં દહીં મેળવીને આપણે દહીં-ભાત ન ખાવાં. દહીં અને ભાત અલગ અલગ જ લેવાં. પ્રભુ જે પ્રકારે જે આરોગ્યા હોય તે જ પ્રકારે લેવું એ દાસનો ધર્મ છે.

◆

શ્રીવલ્લભાધીશ વ્રજમાં રાધાકુંડ પર પધાર્યા. શ્રીસ્વામિનીજીના સંબંધવાળું એ રમણીય સ્થળ! સ્વામિની-સ્વરૂપ શ્રીવલ્લભ અતિ પ્રસન્નતાથી ત્યાં બિરાજ્યા. શીતકાલના દિવસો હતા. પોતે સ્નાન કરીને વહેલી વહેલી રસોઈ સિદ્ધ કરી, પ્રભુને આરોગાવીને ભોજન કર્યું.

ભગવદીયો સાથે હતા. હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન, પ્રભુદાસ જલોટા વગેરે સેવકો પ્રવાસમાં આપની સાથે જ રહેતા. તેઓ પોતાની રસોઈ જાતે જ જુદી બનાવતા અને માનસી ભોગ ધરીને લેતા. શ્રીમહાપ્રભુજી ભોજન કરી લે, ત્યાર પછી તેઓ મહાપ્રસાદ લેતા.

વિરહી ભક્ત પ્રભુદાસ સંસારથી છૂટીને અને મર્યાદા-મિત્રનો સંગ છોડીને આપશ્રીની સાથે જ રહેવા લાગ્યા હતા. આજે તે કોઈ બહારના સેવા-કાર્યમાં રોકાઈ ગયા હશે; એટલે હજી સુધી અપરસમાં નહાઈ શક્યા નહોતા. રસોઈ બનાવવાની પણ બાકી હતી. એ કોઈ કાર્યાર્થે આપશ્રીની પાસે આવી ચઢ્યા. શ્રીવલ્લભે એમના પર અધિક કૃપા વિચારી, આજ્ઞા કરી : 'પ્રભુદાસ, પ્રસાદ લેવા બેસ.'

'પણ કૃપાનાથ, હું હજુ નહાયો નથી.' પ્રભુદાસે બે હાથ જોડીને વિનંતી કરી. શ્રીવલ્લભ પરમાનંદમાં મગ્ન હતા વ્રજનું સ્વરૂપ અને વ્રજેશનો લીલારસ આપના હૃદયમાં ઊભરાઈ રહ્યો હતો.

ભાવાવેશમાં પોતે આજ્ઞા કરી : 'પ્રભુદાસ, આ તો વ્રજભૂમિ છે. અહીં વેણુધારી શ્રીકૃષ્ણ વૃક્ષે વૃક્ષે ખેલી રહ્યા છે. અહા! વૃક્ષોનાં પાને પાને ચતુર્ભુજનાં દર્શન થાય છે. પ્રભુના સાંનિધ્યમાં, આવી પવિત્ર ભૂમિમાં અપવિત્ર થવાય જ કેમ, જેથી નહાવાની જરૂર પડે! ને નહાવું હોય, તો શું જલથી જ નવાય! વ્રજરજથી નહીં? પુનિત વ્રજરજ ઊડીને અંગે લાગે છે તે શું સહજ સ્નાન નથી? પ્રસાદ લેતાં પહેલાં શુદ્ધ થવા માટે સ્નાન કરવાની શાસ્ત્રમર્યાદા ખરી; પણ અત્યારે તો તું વિના સ્નાને જ શુદ્ધ છે! વ્રજનો આ પ્રકટ પ્રતાપ જો!'

આપશ્રીએ કૃપાદૃષ્ટિ કરી અને પ્રભુદાસને તત્ક્ષણ વ્રજના લીલાત્મક સ્વરૂપનાં દર્શન થયાં. મન અલૌકિક આનંદથી ભરાઈ ગયું. 'મન ચંગા તો કથરોટમાં ગંગા!'

આપશ્રીની આજ્ઞાનુસાર પ્રભુદાસ નાહ્યા વિના જ સખડી મહાપ્રસાદ લેવા બેસી ગયા. શ્રીવલ્લભ આજે એમના પર વિશેષ પ્રસન્ન હતા.

•

સિદ્ધાંત નવનીત : ૩

(૧) માર્ગમર્યાદા અનુસાર સ્નાન કરીને પ્રસાદ લેવાય, છતાં એ નિયમમાં પણ અપવાદ હોઈ શકે. વ્રજમાં તેમજ પ્રભુની સન્નિધિમાં આચાર ઓછો

પળાય, તો તે ચાલી શકે છે; જેમ વર્ણાશ્રમ ધર્મનું શાસ્ત્રમાં મહત્ત્વ હોવા છતાં જગદીશધામમાં તેની જરૂર રહેતી નથી.

(૨) મનની સ્થિતિ ઉપર પણ આધાર ખરો. મન ભાવાવેશમાં હોય, ત્યારે બાહ્ય નિયમો અનિવાર્ય હોતા નથી. આચારક્રિયા તો મનના ભાવની સિદ્ધિ અર્થે હોય છે.

(૩) હરિ-ગુરુ-વૈષ્ણવનું સુખ વિચારતાં પણ કોઈ વાર આચારધર્મમાં છૂટ લેવી પડે છે.

(૪) તેમાં વળી ગુરુની આજ્ઞા થાય, તો તો તેનું પાલન કરવું જ જોઈએ. તે વખતે જો આચારધર્મને વળગી રહેવા જાય, તો પુષ્ટિધર્મથી વિમુખ થવાય. વૈષ્ણવ ગુરુદેવની આચારક્રિયા જોવા જાય, તે તો ભાવદૃષ્ટિએ સાવ વિપરીત ગણાય.

(૫) ભાવુક ભગવદીયો શ્રીવલ્લભકુળનું સખડી અધરામૃત અપરસ વિના પણ લેતા જોવામાં આવે છે.

(૬) આધુનિક સમયમાં, જ્યાં આચારપાલન કઠિન થઈ પડ્યું છે, ત્યાં કેવળ કૃપાથી પણ ભાવવૃદ્ધિ થઈ શકે છે. મનમાં દીનતા અને તાપ હોવાં જોઈએ. અહીં આચારક્રિયાનો સ્વીકાર છે, પણ તે ધ્યેયરૂપ નથી. ધ્યેય તો ભગવદ્‌ભાવ જ છે.

(૭) આચારધર્મને જડતાથી વળગી રહેવાનું પુષ્ટિભક્તો માટે ઈષ્ટ નથી. આચારનું પાલન વિચારપૂર્વક થવું જોઈએ. અનુગ્રહ માર્ગની આ વિશિષ્ટતા છે.

(૮) વીરાબાઈએ પ્રસૂતિમાં કરેલી સેવા તેમજ બીજા એવા વાર્તાપ્રસંગો ઉપરના વિચારોને પુષ્ટિ આપે છે.

•

મૂળ વાર્તા : પ્રભુદાસ જલોટા; વાર્તા નં.૨૦

જ્ઞાતિ - ક્ષત્રિય; **વતન** - સિંહનદ

સેવ્ય સ્વરૂપ - શ્રીમહાપ્રભુજીએ અલગ ભગવત્‌સ્વરૂપ પધરાવી આપ્યું ન હતું.

લીલાનું સ્વરૂપ - મન્મથમોદા, લલિતાજીનાં સખી.

■

૨૧. કેવળ ભગવદાશ્રય!

(શ્રીપ્રભુદાસ ભાટ)

પંજાબના સિંહનદ ગામમાં એક ભાટ રહેતા હતા. તેઓ બાદશાહના રાજકવિ હતા. તેઓ હમેશાં બાદશાહની સાથે જ રહેતા અને બાદશાહની પ્રશંસાનાં કાવ્યો રચી તે ગાતા અને બાદશાહને રીઝવતા. બાદશાહ પાસેથી તેમને પુષ્કળ દ્રવ્ય મળતું. આમ કરતાં કરતાં તે ઘણા શ્રીમંત બન્યા હતા. તેમને એક પુત્ર થયો. તેનું નામ તેમણે પ્રભુદાસ રાખ્યું. પ્રભુદાસનું બાળપણ રમવા-હરવામાં અને મોજમજા કરવામાં વીત્યું. તેમનામાં બુદ્ધિનો અભાવ હતો. પિતાએ ભણાવવા ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ મૂર્ખની જેમ જીવતા. આવા પુત્રની ચિંતામાં પિતાનો દેહ છૂટી ગયો.

થોડાં વર્ષ પછી પ્રભુદાસની ઉંમર ૧૫ વર્ષની થઈ, ત્યારે તેમણે વિચાર કર્યો કે હવે કંઈક કામધંધો કરવો પડશે. તેમનાં સગાંવહાલાંઓએ તેમને સલાહ આપી કે 'તારા પિતાની જેમ તું પણ દિલ્હીના બાદશાહ પાસે ચાલ્યો જા.' પ્રભુદાસ દિલ્હી આવ્યા. બાદશાહને મળ્યા, પોતાનો પરિચય આપ્યો. બાદશાહે કહ્યું : 'તારા પિતાજીની જેમ તું પણ કંઈક કવિતા સંભળાવ.'

'બાદશાહ સલામત! મને કંઈ આવડતું નથી. હું તો તમને મળવા આવ્યો છું. તમારી પાસેથી કંઈ લેવા પણ આવ્યો નથી. મારો ભગવાન મને પેટપૂર ખાવા આપે છે અને તે મારું ભરણ પોષણ કરે છે. તમે શું મારું ભરણપોષણ કરવાના છો!'

પ્રભુદાસનાં આવાં ઉદ્દંડ વચનો સાંભળી બાદશાહે તેમને ગામ બહાર કાઢી મુકાવ્યા. તેઓ ઉદાસ બની ગયા. દિલ્હીથી પાછા ફરતાં મથુરા આવ્યા. મથુરામાં શ્રીયમુનાજીના કિનારે વિશ્રામઘાટ પર બેઠા. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેઓ વિચાર કરવા લાગ્યા, 'હે ભગવાન! તમે મને મૂર્ખ શું કરવા બનાવ્યો? હું જ્યાં જઈશ, ત્યાં સૌ મારું અપમાન કરશે. કોઈ મને આદર-સત્કાર નહીં આપે. હવે હું ક્યાં જાઉં?'

તે જ સમયે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. આપની દૃષ્ટિ પ્રભુદાસ પર પડી. આપે વિચાર કર્યો કે આ દૈવી જીવ છે. આપે પૂછ્યું : 'તું કેમ રડે છે? જા, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવ. શ્રીયમુનાજીની કૃપાથી તારું બધું દુઃખ દૂર થઈ જશે.' પ્રભુદાસ સ્નાન કરી આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને નામ-નિવેદન મંત્ર આપ્યો. પ્રભુદાસને તત્કાળ પોતાના અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થયું. મૂર્ખ પ્રભુદાસમાં કાવ્ય-સંસ્કારો જાગૃત થયા અને તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરતાં એક દોહો ગાયો :

'જબતેં બિછુર્યો નાથસોં, પર્યો જગત ભવકૂપ;
તા હિત શ્રીવલ્લભ પ્રકટ હ્વૈ, દર્શાયો નિજ રૂપ.'

આ દોહો સાંભળી શ્રીમહાપ્રભુજી બહુ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી : 'પ્રભુદાસ, તમારા પર શ્રીઠાકોરજીની કૃપા થઈ છે. આ માર્ગનું રહસ્ય તમને સમજાઈ ગયું છે. હવે તમે ભગવત્‌સેવા કરો.'

'મહારાજ, આપે કૃપા કરી મને અંગીકાર કર્યો છે. હું દુઃખના સાગરમાં ડૂબેલો હતો, ત્યાંથી ઊંચકીને આપે મને સુખના સમુદ્રમાં મૂકી દીધો છે. મારી એક વિનંતી છે કે મને ક્યારેક કોઈનો દુઃસંગ પ્રાપ્ત ન થાય અને આપનાં ચરણકમળમાં મારો અનન્ય દૃઢ વિશ્વાસ રહે.'

'પ્રભુદાસ, તમારી ઈચ્છા પરિપૂર્ણ થશે.'

પ્રભુદાસ મથુરાના બજારમાંથી ન્યોછાવર આપીને એક સુંદર સ્વરૂપ પધરાવી લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી, પ્રભુદાસને પધરાવી આપતાં આજ્ઞા કરી : 'પ્રભુદાસ, આ અમારું સર્વસ્વ છે. તેમનું તમે સારી રીતે જતન કરજો. તમને સેવાની બધી રીતિ સ્વતઃ સમજાઈ જશે. તમે જલદી તમારા ગામ પાછા જઈ, ઘરમાં રહી સેવા કરો.'

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે પ્રભુદાસ ઘેર આવ્યા. ઘરમાં અવૈષ્ણવી કુટુંબીઓ હતાં. તેમનો સંગ છોડી, તેઓ જુદા ઘરમાં રહી, ભગવત્‌સેવા કરવા લાગ્યા. તેમનું લગ્ન થયું ન હતું. તેઓ એકલા જ હતા, તેથી તેઓ હંમેશ તલ્લીનતાથી ભગવત્‌સેવા કરતા અને રાત્રે વૈષ્ણવો સાથે સત્સંગ કરતા.

ઘરમાં પિતાનું દ્રવ્ય હતું, તે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવામાં અંગીકાર કરાવતા. તેમણે લૌકિક-વૈદિકમાં બધાં કાર્યો છોડી દીધાં હતાં. આથી વૈષ્ણવો તેમની પ્રશંસા કરતા અને જ્ઞાતિજનો તેમની નિંદા કરતા. તેઓ કોઈની પણ વાત કાને ધરતા નહીં. તેઓ વૃદ્ધ થયા, ત્યારે એક દિવસ અશક્તિને કારણે તેઓ લગભગ આખરી સ્થિતિએ પહોંચ્યા. તેઓ બેભાન બની ગયા હતા.

સગાં-સંબંધીઓ અને જ્ઞાતિજનો એમને જોવા આવ્યાં. એમની ન્યાતમાં એક રિવાજ એવો પડી ગયેલો કે મરતી વખતે સૌને, નજીકના પૃથોદક નામે તીર્થસ્થાનમાં લઈ જાય. ત્યાં દેહ પડે તેની સદ્‌ગતિ થાય, એવી માન્યતા હતી. સગાં-સંબંધીઓ આ પ્રભુદાસને પણ પૃથોદક તીર્થમાં લઈ ગયાં.

એમને પોતાને તો ભાન જ નહોતું; પણ ત્યાં ગયા પછી એ ભાનમાં આવ્યા, ત્યારે એમને જાણીને ઘણું દુઃખ થયું. એ બોલ્યા : 'જુઓ ભાઈઓ, તમે મને અહીં શા માટે લાવ્યા છો? મારો દેહ અહીં નહીં જ પડે. અરે, વરસ સુધી મને અહીં રાખશો તોયે નહીં પડે. મને મારા પ્રભુનાં ચરણારવિંદમાં પાછો લઈ ચાલો. ત્યાં જ મારો દેહ છૂટશે. આ બિચારું પૃથોદક મારું શું કલ્યાણ કરવાનું છે? મારું હિત તો મારા સ્વામી શ્રીકૃષ્ણના હાથમાં છે. હું શ્રીવલ્લભનો સેવક છું, ભગવાન શ્રીકૃષ્ણના ચરણનો આશ્રિત છું. મારે બીજા કોઈ સાધનની અપેક્ષા નથી.'

એમણે ઘણું કહ્યું, પણ જડ સંબંધીઓ એમની વાત સમજ્યા નહીં. કદાચ એમ માની લીધું હશે કે ઘડપણમાં મતિ ગઈ છે; સાઠે બુદ્ધિ નાઠી છે. સમજ વગરનું બોલે છે; બોલવા દો. પાંચ-સાત દિવસ એ લોકોએ રાહ જોઈ, પણ પ્રભુદાસ તો વધુ સાજા થતા ગયા. હરતા-ફરતા થઈ ગયા. છેવટે કંટાળ્યા અને એમને પાછા ઘરભેગા કર્યા!

એમણે ઘેર જતાં જ શ્રીઠાકોરજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં વિનંતી કરી : 'મારા પ્રભુ! આપ સમર્થ સ્વામી છો! છતાં આ બાવરા લોકો મને આપનો આશ્રય છોડાવીને તીર્થનો આશ્રય કરવા લઈ ગયા; પણ આપ તો કૃપાળુ છો. એવું થવા જ કેમ દો! એટલે હું પાછો આવ્યો છું.'

એમ કહેતા કહેતા શ્રીઠાકોરજીને દંડવત્ પ્રણામ કરીને એ બહાર આવ્યા, ને આવતાં જ દેહ છોડી દીધો. વૈષ્ણવો એમના ભાવની સરાહના કરતા રહ્યા : 'પ્રભુદાસ કેવા ટેકીલા ભગવદીય! ભગવદાશ્રય છોડીને તીર્થનો આશ્રય ન જ થવા દીધો! કેવી વિરલ દઢતા! શરણમાર્ગનો સિદ્ધાંત-મર્મ તો એ જ સમજ્યા!'

◆

સિંહનદમાં કીરત ચૌધરી નામનો એક માથાભારે માણસ હતો તે અધર્મી હતો. તે વૈષ્ણવોની પાસે આવી, પ્રભુદાસની નિંદા કરવા લાગ્યો. તે કહેતો : 'જોયું! આ પ્રભુદાસને તમે મહાન ભક્ત કહો છો; પણ પૃથોદક તીર્થમાં પણ

તેને કોઈએ સંઘર્યો નહીં. આ મ્લેચ્છ એવા હિડંબ દેશમાં તે મૃત્યુ પામ્યો. આવા માણસની પ્રશંસા કરનારા તમે લોકો પણ મૂર્ખ છો. વૈષ્ણવો મનમાં વિચારતા કે આ કીરત ચૌધરી ગામનો માથાભારે આગેવાન છે. સામે ઉત્તર આપવાની તેના મન પર કોઈ અસર થશે નહીં; બલકે, ઝઘડો વધશે. તેથી સૌ ચૂપ રહેતા. આમ બે-ચાર દિવસ ચાલ્યું.

એક દિવસ કીરત ચૌધરી તેના ઘેર સૂઈ ગયો હતો, ત્યારે તેના ખાટલાની આજુબાજુ હાથમાં મગદળ લઈ ચાર માણસો આવ્યા. તેમણે ચૌધરીને ખાટલા પરથી જમીન પર ઊંધો પટક્યો અને મગદળથી મારવા લાગ્યા. કીરત હાથ જોડી કરગરવા લાગ્યો : 'મને શા માટે મારો છો? મેં તમારું શું બગાડ્યું છે?'

'ચૌધરી, અમે વિષ્ણુદૂત છીએ. તેં ભગવાનના પરમ ભક્ત પ્રભુદાસની નિંદા કરી છે; તેથી આજે અમે તારાં હાડકાંનો ભૂકો કરી નાખીશું.'

આ સાંભળી કીરત ચૌધરી હાથ જોડી, વિષ્ણુદૂતના પગમાં પડ્યો અને કહ્યું : 'મારો ગુનો માફ કરો. હવેથી હું પ્રભુદાસની નિંદા નહીં કરું.'

'ભલે, તારી વાત માની આજે અમે તને છોડીએ છીએ, પરંતુ ભવિષ્યમાં તું કોઈનીય નિંદા કરીશ તો અમે તને છોડીશું નહીં.'

બીજા દિવસથી કીરત ચૌધરી વૈષ્ણવો સાથે મળી, પ્રભુદાસની પ્રશંસા કરવા લાગ્યો. બધા વૈષ્ણવો ચૌધરીના મુખથી પ્રશંસા સાંભળીને પણ ચૂપ રહ્યા. કીરત ચૌધરી કહેતો હતો : 'વૈષ્ણવો, તમારી વાત સાચી છે. પ્રભુદાસ તો મોટા ભગવદીય છે. તેમને તીર્થનું શું કામ હોય! તેમને તો શ્રીઠાકોરજીનો જ આશ્રય હતો.'

એક વૈષ્ણવે પૂછ્યું : 'ચૌધરીજી, તમે પહેલાં તો નિંદા કરતા હતા. આજે એકાએક પ્રશંસા કરવા કેમ લાગ્યા?'

જવાબમાં ચૌધરીએ પોતાની પીઠ બતાવી અને ગઈ રાત્રે બનેલો પ્રસંગ કહ્યો. આ સાંભળીને સૌ વૈષ્ણવો પ્રસન્ન થયા અને પ્રભુદાસજીની પ્રશંસા કરવા લાગ્યા.

સિદ્ધાંત નવનીત

આ વાર્તા દ્વારા બે સિદ્ધાંત સમજવા મળે છે :

(૧) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી સિવાય બીજા કોઈ દેવદેવી, તીર્થ, સાધન કે વ્યક્તિનો આશ્રય ન કરવો. શ્રીમહાપ્રભુજી અને

શ્રીઠાકોરજીનો જ દઢ અને અનન્ય આશ્રય રાખવો. અન્યાશ્રય ભક્તિમાં મહાન બાધક છે, માટે તેનાથી ડરીને ચાલવું.

(૨) આપણે કોઈ વૈષ્ણવની નિંદા પણ ન કરવી. વૈષ્ણવની નિંદા કરનાર આ જગતમાં જ ઘણું દુ:ખ પામે છે. મૃત્યુ બાદ પણ તેઓ નર્કના અધિકારી બને છે; કારણ કે પ્રભુને સૌથી વધારે પ્રિય પોતાના ભક્ત છે. તેથી પ્રભુ પોતાનો અપરાધ કદાચ સહન કરી લે; પરંતુ પોતાના ભક્તનો અપરાધ જરા પણ સહન કરી શકતા નથી. દુર્વાસા મુનિ જેવાએ પણ પ્રભુના ભક્ત રાજા અંબરીષનો અપરાધ કર્યો, તો તેનું ફળ તેમને પણ ભોગવવું પડ્યું હતું. માટે, જાણે-અજાણે પણ વૈષ્ણવોની નિંદા કદાપિ કરવી નહીં.

●

મૂળ વાર્તા - પ્રભુદાસ ભાટ; વાર્તા નં.૨૧
જ્ઞાતિ - ભાટ
વતન - સિંહનદ
સેવ્ય સ્વરૂપ - શ્રીબાલકૃષ્ણજી
લીલાનું સ્વરૂપ - કલહંસી, શ્રીલલિતાજીનાં સખી.

■

૨૨. શિર સાટે નટવરને વરીએ

(શ્રી પુરુષોત્તમદાસ : સ્ત્રી-પુરુષ)

આગ્રામાં રાજઘાટ પાસે બે ક્ષત્રિય રહેતા હતા. એકનું નામ માધવદાસ અને બીજાનું નામ રામદાસ. બંનેને બાળપણની દોસ્તી.

એક દિવસ માધવદાસે રામદાસને કહ્યું : 'રામદાસ, ભગવાન આપણને દીકરો અને દીકરી આપે, તો આપણે તે બંનેનાં લગ્ન કરીએ; જેથી આપણાં બંને કુટુંબો વચ્ચે અત્યારે જે સંબંધ છે, તે વધારે ગાઢ થશે.'

'માધવદાસ, તમારી વાત ખૂબ સારી છે. ભગવાન તમારી ઈચ્છા પૂરી કરે.' રામદાસે કહ્યું.

એકાદ વર્ષની અંદર આ બંને મિત્રોની ઈચ્છા પ્રભુએ પૂરી કરી. માધવદાસને ત્યાં પુત્રનો જન્મ થયો. તેમણે તેનું નામ પુરુષોત્તમ રાખ્યું. થોડા સમય પછી રામદાસને ત્યાં દીકરીનો જન્મ થયો. તેમણે તેનું નામ માલતી રાખ્યું. પુરુષોત્તમદાસ અને માલતીના જન્મ બાદ તરત જ તે બન્નેનું સગપણ કરવામાં આવ્યું. બંને સાથે સાથે મોટાં થતાં હતાં. બંને કુટુંબ વચ્ચે સંબંધ દિવસે દિવસે વધતો જતો હતો. પુરુષોત્તમદાસ અને માલતીની ઉંમર પંદર વર્ષની થઈ, ત્યારે તેમનાં લગ્ન થયાં. લગ્ન બાદ એકાદ વર્ષમાં જ તે બંનેના પિતા-માધવદાસ અને રામદાસ મૃત્યુ પામ્યા.

પુરુષોત્તમદાસ અને માલતી સમજદાર બન્યાં હતાં. તેમણે ઘરની સર્વ જવાબદારી ઉઠાવી લીધી હતી. પ્રભુ-કૃપાથી તેમની પાસે દ્રવ્ય પણ પૂરતું હતું. એક દિવસ તેઓ બંને તેમના ઘરના ઝરુખામાં બેઠાં હતાં. સાંજનો સમય હતો. બંને વાતો કરી રહ્યાં હતાં. ત્યાં તેમણે એક મહાપુરુષને પોતાના ઘર પાસેથી પધારતા જોયા. તેમનાં દર્શન કરતાં જ, એક જ ક્ષણમાં બંનેએ એકી સાથે પરસ્પરને કહ્યું : 'આજે આપણાં ભાગ્ય ખૂલી ગયાં. આ કોઈ સામાન્ય મહાપુરુષ નથી. આપણે તેમનાં સેવક થઈએ.'

બંને ઝડપથી સીડી ઊતરીને નીચે આવ્યાં. પુરુષોત્તમદાસ ખુલ્લા માથે દોડતા બહાર આવી, શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં દંડવત્ પ્રણામ કરી, વિનંતી કરવા લાગ્યા : 'મહારાજ! કૃપા કરીને અમને શરણે લો. આપ અમારા ઘેર પધારો. અમારાં ભાગ્ય આજે ખૂલી ગયાં છે, અમને સેવક કરો.'

‘ભાઈ, તમે અડેલ આવજો. પ્રયાગ પાસે આવેલા અડેલ ગામમાં હું રહું છું. ત્યાં મારા પુત્ર શ્રીવિઠ્ઠલેશ તમને સેવક કરશે. તમે તેમના શરણે જજો.’

‘મહારાજ, મને તો આપનામાં અને આપના પુત્ર શ્રીવિઠ્ઠલેશમાં કોઈ તફાવત જણાતો નથી. આજ સુધી અનેક સંત-મહાત્માઓને જોયા છે, પરંતુ ક્યારેય કોઈના સેવક બનવાનું મન થયું નથી; પરંતુ આપનાં દર્શન કરતાં અમને પતિ-પત્નીને કંઈક અદ્‌ભુત ઝાંખી થઈ છે. માટે અમે આપના શરણે આવ્યાં છીએ. આપ અમને સેવક કરો. આ દેહનો કોઈ ભરોસો નથી. અડેલ સુધી પહોંચીએ કે નહીં, તેની અમને ખબર નથી. ચોર્યાસી લાખ યોનિમાં ભટક્યા પછી, આપની કૃપાથી દુર્લભ એવો મનુષ્ય-દેહ મળ્યો છે અને તેમાંય આપનાં દુર્લભ દર્શન થયાં છે. માટે રાહ જોવાની હવે અમારામાં ધીરજ નથી.’

શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું : ‘આ પુરુષોત્તમદાસ ઉત્તમ દૈવી જીવ છે. ભગવત્‌કૃપાથી તેને તેના મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું છે.’ આપ પુરુષોત્તમદાસના ઘેર પધાર્યા. પુરુષોત્તમદાસ અને માલતીને નામ-નિવેદન કરાવ્યું.

બંનેએ વિનંતી કરી : ‘કૃપાનાથ! હવે અમારે શું કરવાનું, તે બતાવો.’

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : ‘અત્યાર સુધી તમે માનવ હતાં, હવે તમે વૈષ્ણવ બન્યાં છો. તમે પ્રભુના અંશ છો, તેથી પ્રભુ તમારા સ્વામી છે અને તમે પ્રભુનાં સેવક છો. માટે સેવકનો ધર્મ છે - સ્વામીની સેવા કરવી. તમે બંને ભગવત્‌સેવા કરો.’

‘મહારાજ, અમે તો સેવાની રીત જાણતાં નથી. અમારા ઘરમાં ભગવત્‌સ્વરૂપ પણ નથી. કૃપા કરી આપ અમને શ્રીઠાકોરજી પધરાવી આપો. આપ બતાવો તે પ્રમાણે અમે સેવા કરીએ.’

‘પુરુષોત્તમદાસ, હમણાં તમારાથી સેવા બનશે નહીં. થોડા જ વખતમાં તમારા માથે મોટું કલંક આવશે. તે દૂર કરવા તમારે ગંગાસ્નાન કરવા પ્રયાગ જવું પડશે. ત્યારે તમે અડેલ આવજો. ત્યાં તમને શ્રીઠાકોરજી પધરાવી આપીશું.’

‘મહારાજ, આપના શરણે આવ્યા પછી હવે અમે નિર્ભય છીએ. હવે અમને બીજું કયું કલંક લાગે તેમ છે?’

‘પુરુષોત્તમદાસ, તમારાં બંનેનાં માતા જીવે છે. તે બંને આસુરી જીવ છે. તમે વૈષ્ણવ થયાં છો, તે તેમને ગમશે નહીં. તેઓ તમારી કંઠી ઉતરાવવા ખૂબ પ્રયત્નો કરશે, તેથી તમને ક્લેશ થશે અને તેના પરિણામે તમને કલંક લાગશે. અમને ક્લેશ ગમતો નથી, માટે અમે અહીંથી જલદી વિદાય થઈશું.’

‘કૃપાનાથ! અમારાં માતા અને સાસુ અમારા બંને પર ખૂબ પ્રેમ રાખે છે. અમારું બધું કહ્યું કરે છે; તેથી તેઓ અમારા ઉપર શા માટે ક્લેશ કરે, તેની અમને સમજણ પડતી નથી!’

‘પુરુષોત્તમદાસ, અત્યાર સુધી તમે વૈષ્ણવ ન હતાં, માટે તેઓ તમારા બંને પર પ્રેમ રાખતાં હતાં. તમે વૈષ્ણવ બન્યાં છો, તે તેઓ જાણશે ત્યારે તે ભારે ક્લેશ કરશે.’

પુરુષોત્તમદાસ અને માલતીએ પોતાના ગુરુદેવને પરિશ્રમ ન થાય, તે માટે તત્કાળ ભેટ કરી, દુઃખી હૃદયે વિદાય આપી... પછી તે બંનેએ ત્રણ દિવસ સુધી કાચું દૂધ લઈને ચલાવ્યું. તેઓ વૈષ્ણવ બન્યાં છે, તેની ખબર પડવા દીધી નહીં. ચોથા દિવસે પુરુષોત્તમદાસનાં માતાએ દીકરાના ગળામાં તુલસીની માળા જોઈ. તેમણે પૂછ્યું: ‘બેટા, તારા ગળામાં આ માળા ક્યાંથી આવી? આપણે તો ક્ષત્રિય છીએ. ક્ષત્રિય માટે જનોઈ એ જ સર્વોપરી છે. તેં માળા કેમ પહેરી છે?’ પુરુષોત્તમદાસ મૌન રહ્યા.

તેમનાં માતાએ તેમની પુત્રવધૂ માલતીના માથા પરથી સાડીનો પાલવ ખસેડી તેના ગળા સામે જોયું. માલતીના ગળામાં પણ તુલસીની માળા જોઈ, તે બહુ રડવા લાગી. તેણે રડતાં રડતાં કહ્યું : ‘અરે, તમે બંને વૈરાગી બની ગયાં! હવે મારું શું થશે? મેં પતિ ગુમાવ્યો ત્યારે એમ હતું કે દીકરો અને વહુ મને સાચવશે. આજે તમે બંને બાવા બનવા તૈયાર થયાં છો. હવે હું એકલી દુનિયામાં કેવી રીતે જીવીશ?’

તેમનું રુદન અને બૂમો સાંભળી, પડોશમાં રહેતી માલતીની માતા ત્યાં આવી. માલતીની સાસુએ માલતીની માતાને કહ્યું : ‘જુઓ બહેન, તમારી દીકરી અને મારા દીકરાએ કોઈક પાસેથી ગળામાં તુલસીની કંઠી પહેરી છે. એ બંને વૈરાગી બની ગયાં છે, હવે હું શું કરીશ?’

માલતીની માતાએ કહ્યું : ‘બહેન, તમે ચિંતા ન કરશો. તેઓ બાળકો છો. કોઈકે ભોળવ્યાં હશે. આપણે સમજાવીને તેમની માળા ઉતરાવીએ. તેઓ નહીં માને, તો આપણે બંને આપઘાત કરીશું.’

બંનેએ પુરુષોત્તમદાસ અને માલતીને બોલાવીને કહ્યું : ‘તમે માળા પહેરી તે ખૂબ ખોટું કર્યું છે. તમે આ જ ક્ષણે માળા ઉતારી નાખો, નહીં તો અમે બંને આપઘાત કરીશું અને તમને માતૃહત્યાનું પાપ લાગશે.’

પુરુષોત્તમદાસે માતાને અને સાસુને ખૂબ સમજાવવા માંડ્યાં, પરંતુ તેઓ એકનાં બે ન થયાં, ત્યારે તેમણે પોતાનાં સગાં-સંબંધી દસ-વીસ માણસોને બોલાવ્યાં. સૌની હાજરીમાં પુરુષોત્તમદાસે માતાને કહ્યું : 'મા, તમે ખોટી જીદ ન કરો. આ માળા અમારા શિર સાટે છે, અમારું માથું કપાઈ જાય તો તેની અમને ચિંતા નથી; પરંતુ એક વખત પહેરેલી માળા અમે કદી પણ ઉતારીશું નહીં. કોઈએ ભોળવીને અમને આ માળા પહેરાવી નથી. અમે સમજપૂર્વક, સામે ચાલીને માગીને માળા પહેરી છે.'

માલતીને તેની માતાએ કહ્યું : 'બા, અમે માળા પહેરી છે, તેથી તમને શી મુશ્કેલી છે? તમારું મન હોય તો અમારી સાથે તમે આજ સુધી જે રીતે રહેતાં આવ્યાં છો, તે રીતે જ પ્રેમથી રહો. જો તમારી ઈચ્છા હોય તો તમને જુદું ઘર વસાવી આપીએ, નોકર-ચાકરની વ્યવસ્થા કરી આપીએ, સર્વ ચીજવસ્તુઓ લાવી આપીએ અને અમે અમારાથી બનતી તમારી ચાકરી પણ કરીશું. આમ, તમને અલગ રહેવું હોય તોપણ અમને વાંધો નથી. બા, તમારી ઈચ્છા હોય કે તમારે આ જ ઘરમાં રહેવું છે, તો અમે બીજું ઘર રાખી ત્યાં રહીએ. તમે જેમ કહો તેમ કરવા અમારી તૈયારી છે, પરંતુ તમે આ માળા માટે ક્લેશ ન કરો; કારણ કે અમે પ્રાણ જશે તોય માળા છોડીશું નહીં. તમે માળા પહેરી વૈષ્ણવ થાઓ, તો અમે તમારા હાથનું પાણી પીશું, બાકી અમે તમારા હાથનું જળપાન-ખાનપાન પણ કરીશું નહીં.'

બંનેની માતાએ ગુસ્સે થઈને કહ્યું : 'જોયું! આ બે તો વૈરાગી બની ગયાં છે. હવે અમને વૈરાગી બનાવવા નીકળ્યાં છે! આજ સુધી અમારા લોહીનું પાણી કરી, તેમને પાળી-પોષી અમે મોટાં કર્યાં. હવે એ મોટાં વૈષ્ણવ થઈ ગયા, એટલે અમને ચમાર-ભંગી જેવાં ગણવાં લાગ્યાં. આજ સુધી અમારું જળ પીધું. અમારું ખાનપાન કર્યું, હવે અમારું અડકેલું જળ પીવા પણ તેઓ તૈયાર નથી! હવે અમારે જીવીને શું કરવાનું? બસ, અમે હવે આપઘાત કરીશું.'

સૌએ બંનેનાં માતાઓને ખૂબ સમજાવ્યાં, પણ તેઓ એકનાં બે ન થયાં. વાત ગામના હાકેમ પાસે ગઈ. તેણે પણ બધાંને ખૂબ સમજાવ્યાં, પણ કોઈ પોતાની વાત છોડતું નથી. બંનેની માતાઓએ પાંચ દિવસ સુધી જળપાન પણ ન કર્યું અને પાંચમા દિવસે રાત્રે પુરુષોત્તમદાસ અને માલતી સૂઈ ગયાં હતાં ત્યારે બંનેની માતાઓ ઘરના પાછલા વાડામાં આવેલા કૂવામાં પડતું મૂકીને મૃત્યુ પામી.

સવારે પુરુષોત્તમદાસ અને માલતીએ આ જાણ્યું. સગાં-સંબંધીઓમાં હાહાકાર થઈ ગયો. સૌ પુરુષોત્તમદાસ અને માલતીને ફિટકાર આપવા લાગ્યાં : 'તમને માતૃહત્યાનું પાપ લાગ્યું છે. ગંગાસ્નાન કર્યા વિના આ પાપ નિવૃત્ત થશે નહીં.'

જ્ઞાતિના આગેવાનોએ પુરુષોત્તમદાસને બોલાવીને કહ્યું : 'તમે ભારે ખોટું કર્યું. તમારા કારણે તમારાં બંનેની માતાઓ આપઘાત કરી મૃત્યુ પામી. માતૃહત્યાના પાપનું નિવારણ કેવળ ગંગાસ્નાનથી જ શક્ય છે; માટે તમે ગંગાસ્નાન કરી આવો. ત્યાં સુધી તમને જ્ઞાતિબહાર મૂકીશું. તમારી સાથે અમે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરીશું નહીં!'

પુરુષોત્તમદાસે માલતીને કહ્યું : 'માલતી, પ્રભુ જે કરે એ સારું કરે. 'ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.' આપણે જાણતાં જ હતાં કે એક દિવસ આમ થવાનું છે! કારણ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કદી મિથ્યા થાય નહીં. માટે હવે આ નિમિત્તે આપણે કાલે જ પ્રયાગ જવા નીકળીએ.'

બંને બીજા દિવસે પ્રયાગ જવા નીકળ્યાં. પ્રયાગમાં ગંગાસ્નાન કરી, તેઓ અડેલ આવ્યાં. શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કર્યાં. પુરુષોત્તમદાસે વિનંતી કરી : 'મહારાજ, આપ તો અંતર્યામી છો! આપે કહેલું બધું બન્યું છે. અમારાં બંનેની માતાઓ મૃત્યુ પામી છે. હવે ઘરમાં લૌકિક ક્લેશ રહ્યો નથી, માટે આપ કૃપા કરી, અમને ઠાકોરજી પધરાવી આપો.'

શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થઈ આજ્ઞા કરવા લાગ્યા : 'પુરુષોત્તમદાસ, મેં આગ્રામાં જ તમને કહ્યું હતું કે તમારાં બંનેની માતાઓ આસુરી જીવ હતી. પરંતુ તમે બંને વૈષ્ણવ થયાં, તેથી તમારાં માતાઓની અવગતિ થશે નહીં; કારણ કે જેનાં વંશમાં કોઈ પણ મનુષ્ય વૈષ્ણવ થાય, તેનો સંપૂર્ણ વંશ કૃતાર્થ થઈ જાય છે. તેની એકોતેર પેઢી તરી જાય છે. તેના પિતૃઓની સદ્ગતિ થાય છે. માટે તમારી બંનેની માતાઓએ આપઘાત કર્યો હોવા છતાં તેમને તેનું પાપ નડશે નહીં. હવે તમે પ્રસન્નતાથી ભગવત્સેવા કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. સેવાનો પ્રકાર શીખવ્યો અને આગ્રા જવા માટે વિદાય આપતાં આજ્ઞા કરી : 'તમે આગ્રા પાછા જાઓ, તે પછી લૌકિક ક્લેશ ન રહે, જ્ઞાતિજનો મુશ્કેલી ઊભી ન કરે તે માટે જ્ઞાતિ-ભોજન કરાવજો અને તેમ કરીને નિંદા મિટાવજો.'

◆

પુરુષોત્તમદાસ અને માલતી ખૂબ પ્રસન્નતાથી અને ભાવથી શ્રીબાલકૃષ્ણ-લાલજીની સેવા કરે છે. એક વખત શ્રીગુસાંઈજી આગ્રા પધાર્યા. પુરુષોત્તમદાસે શ્રીગુસાંઈજીને ખૂબ વિનંતી કરી, પોતાને ઘેર પધરાવી લાવ્યા. શ્રીગુસાંઈજી પુરુષોત્તમદાસનો પ્રેમ અને દીનતા જોઈ તેમને ત્યાં બિરાજ્યા.

શ્રીગુસાંઈજીએ સામગ્રી સિદ્ધ કરી, શ્રીઠાકોરજીને ભોગ ધર્યો. રાજભોગ બાદ આપ ભોજન કરવા બિરાજ્યા, ત્યારે પુરુષોત્તમદાસ અને માલતીએ વિનંતી કરી : 'મહારાજ, શ્રીઠાકોરજી આરોગ્યા છે, તે જ પાત્રોમાં આપ પણ ભોજન કરો. આપ પાતળમાં ભોજન કરો તે અમને ગમે નહીં.'

'પુરુષોત્તમદાસ, શ્રીઠાકોરજીને આરોગવાના પાત્રમાં આપણાથી ભોજન થાય નહીં. પ્રભુનાં પાત્રોનો જો આપણે ઉપયોગ કરીએ, તો તે ફરીથી પ્રભુની સેવામાં વપરાય નહીં.'

'મહારાજ! આપની કૃપાથી અમારી પાસે દ્રવ્ય ઘણું છે અને આ શહેરમાં વાસણ વેચનારા કંસારા પણ હજી જીવે છે અને વેપાર કરે છે; માટે પાત્રો તો નવાં આવશે, પણ આપ શ્રીઠાકોરજીનાં પાત્રોમાં ભોજન કરો, તો જ અમને પ્રસન્નતા રહે.'

શ્રીગુસાંઈજી ભોજન કરવા બિરાજ્યા, ત્યારે માલતીએ વિનંતી કરી : 'મહારાજ, નંદરાયજીના ઘેર જેવી રીતે અહીં વૈષ્ણવને ત્યાં પણ આરોગો, તો જ અમને પ્રસન્નતા થાય.'

પુરુષોત્તમદાસ અને માલતીનો આવો ભાવ જોઈ, શ્રીગુસાંઈજી ખૂબ પ્રસન્ન થયા. શ્રીગુસાંઈજી ત્યાં એક અઠવાડિયું બિરાજ્યા. આપના માટે દરરોજ નવાં પાત્ર, નવી શય્યા, નવાં વસ્ત્ર વગેરેની સર્વ વ્યવસ્થા પુરુષોત્તમદાસ ખૂબ પ્રેમથી અને દીનતાથી કરતા હતા.

◆

વિશેષ વિચાર :

(૧) આ વાર્તામાં તુલસીમાળા માટેનો આગ્રહ સમજવા જેવો છે. જ્યારે આપણે વૈષ્ણવ થઈએ છીએ, અષ્ટાક્ષર મંત્ર લઈએ છીએ, ત્યારે શ્રીગુરુદેવ આપણને તુલસીમાળા આપે છે. તે આપણે કંઠમાં ધારણ કરીએ છીએ. તુલસીમાળાનો ત્યાગ આપણે જીવન-પર્યંત કરતા નથી. ગળામાં તુલસીમાળા ન હોય, તો વૈષ્ણવો તેટલો સમય હલનચલન પણ કરતા નથી; કારણ કે તુલસીમાળા અને તિલક વૈષ્ણવતાનાં ચિહ્ન છે, વૈષ્ણવોનું સૌભાગ્યનું આભૂષણ છે. તુલસીજી પ્રભુનાં અનન્ય ભક્ત છે. તેઓ હમેશાં પ્રભુનાં ચરણારવિંદમાં રહે છે. પ્રભુ તુલસીજીની પતિવ્રતા ભક્તિથી ખૂબ પ્રસન્ન છે. એ તુલસીજી દ્વારા આપણે પણ પ્રભુનાં ચરણ સુધી પહોંચીએ છીએ. તુલસીમાળા દ્વારા તુલસીજીની પ્રભુ પ્રત્યેની પતિવ્રતા ભક્તિનું આપણને સતત સ્મરણ રહે છે. 'આપણે પણ પ્રભુના શરણે ગયા છીએ' એવું ભાન રહે છે. જેમ સૌભાગ્યવતી સ્ત્રી ગળામાં મંગળસૂત્ર પહેરે, તેમ આપણે અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણના સંબંધથી અલૌકિક મંગળસૂત્ર જેવી તુલસીમાળા ધારણ કરીએ છીએ.

તુલસીજી ઉત્તમ ઔષધિ પણ છે. તેમના ઔષધીય ગુણોને કારણે પણ તુલસીજી આપણને આરોગ્ય પ્રદાન કરે છે. ઘણાં સંશોધનો બાદ એવું નિશ્ચિત થયું છે કે હૃદયના રોગો પર તુલસીજી અકસીર છે. માટે હૃદય-પ્રદેશ પર તુલસીજીની માળા ધારણ કરવાથી શરીરની તંદુરસ્તી માટે પણ તે લાભદાયક બને છે.

બીજા ઘણા મનુષ્યોને આપણે ગળામાં રુદ્રાક્ષ, કાળા દોરામાં પરોવેલ તાવીજ વગેરે પહેરેલાં જોઈએ છીએ. તેઓ જેમ શ્રદ્ધાપૂર્વક તે પહેરે છે, તેમ આપણે વૈષ્ણવોએ શ્રદ્ધાપૂર્વક તુલસીની કંઠી હરહંમેશ પહેરવી જ જોઈએ. આ કંઠી સૂતરના દોરામાં પરોવેલી હોવી જોઈએ. સોના કે ચાંદીમાં ગાંઠેલાં કંઠી પહેરવાથી તુલસીમાળા પહેર્યાનું અલૌકિક ફળ મળતું નથી. શ્રીગોકુલનાથજીએ તુલસીમાળા માટે કેટલો પરિશ્રમ ઉઠાવ્યો હતો, તે જગપ્રસિદ્ધ છે.

(૨) બીજો સિદ્ધાંત એ જાણવા મળ્યો કે શ્રીઠાકોરજી કરતાં પણ શ્રીગુરુદેવમાં અધિક પ્રેમ રાખવો. આ બંને વૈષ્ણવો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુરુદેવમાં કોઈ ભેદ જોતા નથી, તેમ આપણે પણ શ્રીમહાપ્રભુજી અને તેમના વંશમાં કોઈ પણ ભેદ જોવો જોઈએ નહીં.

'મૂળપુરુષ'માં ગોસ્વામી શ્રીદ્વારકેશજી ગાય છે 'અલૌકિક યહ સબ અગ્નિકુલ હૈ.' શ્રીગુસાંઈજીએ પણ 'સર્વોત્તમ-સ્તોત્ર'માં કહ્યું છે કે 'સ્વવંશે સ્થાપિતાશેષ-સ્વમાહાત્મ્યઃ' શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં પોતાનું સંપૂર્ણ સ્વરૂપ સ્થાપન કર્યું છે.

(૩) પુરુષોત્તમદાસ અને માલતીએ શ્રીઠાકોરજીનાં વાસણમાં જ શ્રીગુસાંઈજીને ભોજન કરાવવાનો આગ્રહ રાખ્યો, કારણ કે -

(ક) બીજાં પાત્રોમાં તે સામગ્રી ઠલવાય, તો સામગ્રી ઠંડી થઈ જાય અને સ્વાદ પણ બદલાઈ જાય.

(ખ) બીજા પાત્રમાં ઠાલવવામાં અને પીરસવામાં સમય લાગે, ભોજન કરવામાં વિલંબ થાય.

(ગ) પુરુષોત્તમદાસ અને માલતી શ્રીચંદ્રાવલીજીની સખીઓ છે. શ્રીગુસાંઈજી શ્રીચંદ્રાવલીજી-સ્વરૂપ છે. તેમને લીલાની સ્ફુર્તિ થઈ છે કે શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકોરજી સાથે એક જ પાત્રમાં ભોજન કરે છે; માટે તેમણે આવો આગ્રહ અહીં પણ રાખ્યો.

(ઘ) માલતીએ શ્રીગુસાંઈજીને આરોગવા માટે નંદરાયજી ઘરની યાદ અપાવી; કારણ કે જેમ નંદરાયજીને ત્યાં ભક્તનો જેવો મનોરથ હોય, તેવી રીતે પ્રભુ આરોગે છે, તેમ અહીં પણ આપે ભક્તના મનોરથ પ્રમાણે આરોગવું જોઈએ. તેના બદલે 'મને અનુકૂળ હશે તે હું લઈશ' તેમ કહે તે કેવી રીતે બને? આમ, આ પ્રસંગો દ્વારા આ બંને વૈષ્ણવોએ આપણને બતાવ્યું કે વૈષ્ણવોએ શ્રીઠાકોરજી કરતાં પણ શ્રીગુરુદેવમાં - શ્રીમહાપ્રભુજી અને શ્રીવલ્લભવંશમાં અધિક સ્નેહ રાખવો અને તેમની પ્રસન્નતા માટે સદાય તત્પર રહેવું.

●

મૂળ વાર્તા - પુરુષોત્તમદાસ અને તેમનાં પત્ની; વાર્તા નં. ૨૨ (૮૪ વૈ. વા.)
જ્ઞાતિ - ક્ષત્રિય; વતન - આગ્રા
સેવ્ય-સ્વરૂપ - શ્રીબાલકૃષ્ણલાલજી
લીલા-સ્વરૂપ - પુરુષોત્તમદાસ - માધવી; તેમનાં પત્ની - માલતી.
બંને શ્રીચંદ્રાવલીજીનાં અંતરંગ સખી, નિર્ગુણ ભક્ત.

●

પદ્ય-વાર્તા

(દોહા) શ્રીપુરુષોત્તમદાસકો નગર આગરા સ્થાન;
ગુરુ સેવારત તિય સહિત હરિ-ગુરુ એક હિ જાન.

(છંદ) શ્રીપુરુષોત્તમદાસ આગરા કરત નિવાસા;
શ્રીવલ્લભ ગુરુ પાય ભઈ પૂરણ સબ આસા.

પુરુષોત્તમ કે હિય પ્રબલ ઈચ્છા પ્રભુ જાની;
શ્રી 'વૃન્દાવનચન્દ' દઈ સુખ સેવા સુખખાની.

સેવા કરે સનેહ ભરે અતિશય રુચિ સાને;
શ્રીગુરુ અરુ ગોબિન્દ પ્રથમ નેકહુ નહીં માને.

એક બાર શ્રીવિઠ્ઠલ પ્રભુ આગરા પધારે;
પુરુષોત્તમ તબ રાજઘાટ નિજ ભવન ઉતારે.

દંપતી મન આનંદ ભરે અતિશય અનુરાગે;
શ્રદ્ધા સહિત સુસેવ પરમ સુખ લૂટન લાગે.

શ્રીવિઠ્ઠલ તહઁ વિવિધ ભાઁતિ પકવાન બનાયે;
પ્રેમ સહિત હરિ શ્રીવૃન્દાવનચન્દ જિમાયે.

પાછે ભોગ સરાય કરી ભોજન કી ત્યારી;
શ્રીહરિ કે નિજ પાત્ર કટોરા થાલી ઝારી.

પુરુષોત્તમ તબ કહી ઈન્હીં પાત્રનમહઁ લીજે;
જો હરિસોં પ્રભુ કછુ અંતર નહીં, ભોજન કીજે ।

'મારગકી મરયાદ પાત્ર હરિ કે અલગૈયે;
એન પાત્રનમહઁ કબહુઁ આપુ ભોજન નહીં પૈયે.

તુમ્હરે મનકે ભાવ ચાવતેં મન મહઁ ધરિયે;
જો મારગકી મરયાદ પાત્ર હરિકે અલગૈયે.'

પુરુષોત્તમ તબ તુરત નયે ભાજન મઁગવાયે;
તબ શ્રીવિઠ્ઠલ અતિ પ્રસન્નમન ભોજન પાયે.

દંપતી પંખા કરન લગે પ્રભુ જેંવત જાવેં;
ઉમગિ ઉમગિ આનંદ ભરે મન પ્રભુહિ જિમાવેં

ભોજન કરિ લે પાન સમય પોઢનકી આઈ;
પુરુષોત્તમ તબ હરિકી શય્યા તહાઁ બિછાઈ.
શ્રીવિઠ્ઠલ તબ કહી 'સેજ હરિકી શુચિ ન્યારી;
કબહુઁ ન તા પહઁ પાઁવ ધરિય યહ આન હમારી.'
પુરુષોત્તમ તબ તુરત સેજ નૂતન મઁગવાઈ;
શ્રીવિઠ્ઠલ પોઢાય ચરણ ચાઁપત દોઉ આઈ.
દંપતી કરત વિચાર પુણ્ય ઉત્તમ ફલ લાયે;
જો બ્રજરાજકુમાર સ્વયમ્ અપને ઘર આયે.
શ્રીવિઠ્ઠલ તબ કહી કરિય ભોજન ભઈ દેરી;
ભોજન તો નિત હોત મિલહિ કબ યહ અવસેરી.
શ્રીવિઠ્ઠલ કરિ કૃપા દયઉ નિજ રૂપ દિખાઈ;
દંપતી તબ કર જોરિ પરેઉ ચરનન સિર નાઈ.
સમરથ ગુરુ કહઁ પાય કહઉં સિખ કાહન પાવે;
હરિચરનન ચિત લાય લોક પરલોક બનાવે.
પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલકો હરિ હી નિત જાને;
તિનકી શય્યા ઔર પાત્ર નિજ કામ ન આને.
યોં શ્રીવલ્લભ દાસ ત્યાગિ આસા સબ જગકી;
હરિ-ગુરુ ચરણ સનેહ ચલત મરયાદા મગકી.
પુરુષોત્તમકો પ્રેમ પ્રભુન પ્રીત અતિશય જાનિય;
હરિ-ગુરુ એક હિ રૂપ તનક અલગાવ ન માનિય.
પ્રભુપદ પદ્મપરાગ પ્રેમ વૈષ્ણવ ચિત ચહિયે;
યાતેં અધિક ચરિત્ર ઔર ઈનકી કહા કહિયે.
(દોહા) પુરુષોત્તમકે પ્રેમકી પ્રકટ પરી પહચાન;
તનક ભેદ માન્યો નહીં હરિ-ગુરુ એક સમાન.

■

૨૩. પ્રભુનું સુખ શામાં?

(શ્રી ત્રિપુરદાસ કાયસ્થ)

રાજસ્થાનમાં શેરગઢ નામનું ગામ. તે આજે પણ ત્યાં આવેલું છે. ત્યાં એક કાયસ્થ દીવાન હતા. તેઓ ત્યાંના રાજાની દીવાનગીરી કરતા. તેમને એકનો એક પુત્ર, નામ ત્રિપુરદાસ. જન્મથી જ તેમણે માતા ગુમાવ્યાં. પિતાએ લાલનપાલન કરી, પુત્રને ઉછેર્યો. ત્રિપુરદાસ ૧૨ વર્ષના થયા. પિતાએ વિચાર કર્યો કે દીકરાને સાથે રાખી, દીવાનગીરીની રીતભાત શીખવું; જેથી તે મારા પછી આ રાજ્યનો દીવાન બને. પિતા ત્રિપુરદાસને પોતાની સાથે જ રાખતા.

એક વખત શેરગઢના રાજા મોગલ બાદશાહને મળવા આગ્રા જવાના હતા. દીવાનને પણ સાથે જવાનું હતું. દીવાને દીકરાને પણ સાથે લીધો. તેઓ થોડા દિવસ આગ્રા રોકાયા. રાજ્યનું કામ પતાવી, શેરગઢ પાછા જતાં સૌએ વિચાર કર્યો કે આટલે સુધી આવ્યા છીએ તો મથુરા, ગોકુળ, ગોવર્ધન, વૃંદાવનનાં દર્શન કરતા જઈએ. સૌ વ્રજમાં આવ્યા. જુદાં જુદાં સ્થળોએ દર્શન કરતાં ગોવર્ધન આવ્યા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કર્યાં. ગોવર્ધનમાં ત્રણ દિવસ મુકામ કર્યો.

ત્રિપુરદાસનું મન શ્રીનાથજીનાં દર્શન કરતાં જ તેમના સ્વરૂપમાં ઘણું આસક્ત થઈ ગયું. તેઓ આઠે સમયનાં દર્શન કર્યા જ કરે. એક ક્ષણ પણ ત્યાંથી ખસે નહીં. ચોથા દિવસે રાજાનો મુકામ ઊઠવાની તૈયારી થઈ. ત્રિપુરદાસને થયું કે હવે શ્રીનાથજીનાં દર્શન નહીં મળે, તેથી વિરહમાં તાવ ચડી આવ્યો. પિતા મૂંઝાઈ ગયા. ત્રિપુરદાસે કહ્યું : 'પિતાજી, મને લાગે છે કે હવે હું બચીશ નહીં. મને અહીં જ રહેવા દો; તો કદાચ હું બચી જઈશ. તમે પણ મારી સાથે બે મહિના રોકાઈ જાઓ. જો તમે ન રોકાઈ શકો તો મને રોકાવાની રજા આપો. હું સારી રીતે દર્શન કરીને બે મહિનામાં પાછો આવીશ.'

દીવાને પુત્રના સમાચાર રાજાને કહ્યા. રાજાએ કહ્યું : 'ત્રિપુરદાસની એવી ઈચ્છા છે, તો ભલે રહે. તેને માટે પાલખી અને માણસો રાખતા જઈએ. તેઓ તેને સાચવીને લઈ આવશે.' આમ વ્યવસ્થા કરી, રાજાની સાથે પિતા શેરગઢ પાછા જવા નીકળ્યા. ત્રિપુરદાસનો તાવ ઊતરી ગયો. તેઓ રોજ અષ્ટ પ્રહરનાં દર્શન કરવા લાગ્યા.

બીજી બાજુ, પાછા જતાં રસ્તામાં એક જમીનદાર સાથે રાજાને લડાઈ થઈ. તેમાં ત્રિપુરદાસના પિતાને ગોળી વાગી અને તેમનું મૃત્યુ થયું. રાજાએ તે જમીનદારને માર્યો અને પોતે શેરગઢ જવા રવાના થયા. રાજાએ એક માણસ ત્રિપુરદાસ પાસે તેના પિતાના મૃત્યુના સમાચાર લઈને મોકલ્યો. ત્રિપુરદાસ આ સમાચાર સાંભળી, મનમાં પ્રસન્ન થયા કે 'ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ!' હવે મારે કોઈનું બંધન રહ્યું નહીં. હું હમેશાં શ્રીનાથજીનાં દર્શન કરતો રહીશ. ત્રિપુરદાસે માનસીગંગા પર પિતાની સર્વ ક્રિયા કરાવી, શુદ્ધ થઈ શ્રીનાથજીનાં દર્શન કરવાનો આગ્રહ સાચવી રાખ્યો.

એક દિવસ શ્રીમહાપ્રભુજીએ ત્રિપુરદાસને પોતાની પાસે બોલાવીને પૂછયું: 'ભાઈ, તું કોણ છે? હું તને અહીં બે મહિનાથી જોઉં છું. તારે હવે તારા ઘેર પાછા જવું જોઈએ.'

'મહારાજ, માતા જન્મ આપીને તરત મૃત્યુ પામી. પિતા પણ થોડા દિવસ પહેલાં મૃત્યુ પામ્યા. લગ્ન થયું નથી. મારે પરિવારમાં હવે કોઈ નથી. હું ક્યાં જાઉં? મારું મન શ્રીનાથજીના સ્વરૂપમાં અટકી ગયું છે. હું અહીંથી કેવી રીતે દૂર ખસું?'

ત્રિપુરદાસની શ્રીનાથજીમાં આવી પ્રીતિ જોઈ, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'ત્રિપુરદાસ, હું કહું તેમ તમે કરજો. તમે જ્યાં રહેશો ત્યાં તમને શ્રીનાથજીનાં સતત દર્શન થયા કરશે. એક ક્ષણનો પણ વિયોગ નહીં થાય.'

'મહારાજ, મારે આટલું જ જોઈએ છે. હું આ વાત આપને કહી શકતો નહોતો. અહીં રહું તો પણ મારે પેટનો ખાડો તો ભરવો જ પડે. તે માટે રૂપિયા જોઈએ. અહીં નોકરી-વેપાર થાય નહીં. જો નોકરી-વેપાર કરવા જાઉં, તો શ્રીનાથજીનાં દર્શન વિના રહી શકું નહીં. મને આ જ ચિંતા સતાવતી હતી. આપ કૃપા કરીને જે આજ્ઞા કરશો તે પ્રમાણે હું કરીશ.'

'ત્રિપુરદાસ, તમે સ્નાન કરીને આવો. હું તમને નામ-નિવેદન મંત્ર આપીશ.'

ત્રિપુરદાસને બ્રહ્મસંબંધ આપી, શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ આપ્યાં.

ચરણામૃત નેત્રો પર લગાડતાં જ તેમને નેત્રસન્મુખ શ્રીનાથજીના સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં. તેઓ આનંદથી નાચી ઊઠ્યા.

'ત્રિપુરદાસ, હવે તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. તમે જ્યાં હશો ત્યાં તમને શ્રીનાથજી દર્શન આપશે. એક વાત ધ્યાનમાં રાખજો કે શ્રીનાથજીના સ્વરૂપને કદી પીઠ આપશો નહીં. એટલે કે તેમને કદાપિ ભૂલશો નહીં.'

ત્રિપુરદાસે મનમાં પ્રતિજ્ઞા કરી કે આજથી શ્રીનાથજીનાં ચરણામૃત અને મહાપ્રસાદ લીધા વિના હું જળ પણ પીશ નહીં; કેમ કે એનાથી મને સતત શ્રીનાથજીનું સ્મરણ રહ્યા કરશે. આવો નિશ્ચય કરી, શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી, આજ્ઞા લઈ શેરગઢ તરફ ચાલ્યા.

શેરગઢ પહોંચ્યા પછી એમને નોકરી પણ મળી ગઈ. પરગણા પર જવાનું થયું. ઘણી સારી આવક થવા લાગી. એમાંથી ઉત્તમ વસ્ત્રો, જાતજાતની સામગ્રીઓ અને મેવા શ્રીજીને અંગીકાર થવા માટે મોકલતા. વળી, પ્રબોધિની ઉપર કિંમતી રેશમી વસ્ત્રનો રૂ ભરેલો સુંદર ગદલ (ડગલો) સીવડાવીને શ્રીજીને ધરવા માટે દર સાલ અચૂક મોકલવા લાગ્યા. વર્ષો સુધી એમનો આ ક્રમ ચાલુ રહ્યો.

વળી, એવો નિયમ પણ ખરો જ કે શ્રીજી ત્યાંથી જે દિશામાં બિરાજતા હતા, તે બાજુ કદી પૂંઠ કરીને બેસતા નહીં. આ રીતે પણ વારંવાર શ્રીજીનું સ્મરણ રહ્યા કરતું. શ્રીજીનાં ચરણામૃત અને મહાપ્રસાદ તો જ્યાં જાય ત્યાં સાથે જ રાખતા. શ્રીગુસાંઈજીની આજ્ઞાનું બરાબર પાલન કરતા. આનંદપૂર્વક જીવન પસાર થઈ રહ્યું હતું.

પરંતુ એક વર્ષે સ્થિતિમાં પલટો આવ્યો. એક સરખા દિવસ કોઈના જતા નથી. પરગણાના હિસાબમાં પૈસા તૂટ્યા. પરગણાના માલિકે એમની મિલકત જપ્ત કરાવી. આર્થિક સ્થિતિ ઘણી નબળી થઈ ગઈ. પણ મનના ભાવધનને કોઈ લૂંટી શકતું નથી. ગરીબાઈમાં ભક્તિભાવ વળી વધુ વિકસે છે. પ્રબોધિની નજીક આવી. ગદલ કરાવવા મન ઊપડ્યું, પણ પૈસા મળે નહીં. છેવટે ઘરમાં પડેલું એક રૂપાના ખડિયાનું ઢાંકણું એમને યાદ આવ્યું. એ વેચી દીધું. એમાંથી હાથવણાટનું એક સાદું રંગીન થાન ખરીદ્યું. શ્રીજીના ભેટિયાજી ત્યાં આવેલા, તેમની સાથે એ થાન જ ત્યાં મોકલી આપ્યું. ભેટિયાજીએ જઈને ભંડારીને આપ્યું. ભંડારીને લાગ્યું કે શ્રીજીના અપાર વૈભવમાં આવી મામૂલી ચીજનો શો ઉપયોગ થવાનો છે? એણે ભંડારના એક ખૂણામાં તે મૂકી દીધું.

પ્રબોધિની આવી. મંડપમાં દેવોત્થાન કરીને શ્રીગુસાંઈજીએ શ્રીજીને કીમતી રૂવેલ ગદલ ધરાવ્યો; પણ શ્રીજી કહે છે : 'મને ઠંડી લાગે છે.' એના પર દુલાઈ અને રજાઈ ઓઢાડી, તોયે શ્રીજી કહે છે : 'મને બહુ ઠંડી લાગે છે!' પછી એક વધુ અંગીઠી મંગાવીને સામે મૂકી. હજુ શ્રીજી કહે છે : 'મને બહુ જ ઠંડી લાગે છે!' હવે શું થાય?

શ્રીગુસાંઈજી વિચારમાં પડી ગયા. પછી મનમાં સ્ફુરણા થઈ, આ કંઈ સામાન્ય ઠંડી નથી. કંઈક જુદું જ કારણ લાગે છે. કોઈ ભક્તના ભાવની ઉષ્માની ઊણપ દેખાય છે.

ભંડારીને બોલાવ્યો : 'અરે ભાઈ, આ વખતે કોઈ વૈષ્ણવના ગદલ આવ્યા છે કે નહીં? અરે હાં, ત્રિપુરદાસ કાયસ્થ શેરગઢવાળાનો ગદલ તો દર સાલ આવે જ છે. આ વખતે શું થયું?'

ભંડારી કહે છે : 'મહારાજ, ભેટિયાજી એમનું કંઈક લાવ્યા તો છે, ભંડારમાં પડ્યું છે. તે એમ કહેતા હતા કે હવે તો ત્રિપુરદાસની સ્થિતિ બદલાઈ ગઈ છે, એટલે દીનતા કરીને આટલું જ મોકલ્યું છે.'

'અરે, તમે મને કહેતા કેમ નથી? જાઓ, જલદી એ લઈ આવો. જેવું હોય તેવું ચાલશે.' આજ્ઞા થતાં જ ભંડારી દોડ્યો. એ જાડી રંગીન ખાદી લઈને આવ્યો. શ્રીગુસાંઈજીના હસ્તમાં આપી. આપશ્રીએ તે શ્રીજીને ઓઢાડી. ત્યાં તો શ્રીજીએ ખૂબ પ્રસન્નતા બતાવતાં આજ્ઞા કરી : 'હાશ, હવે ઠંડી ગઈ!'

કેવી ભક્તવત્સલતા! પ્રેમ અને દીનતાથી ભગવદીય કોઈ તુચ્છ વસ્તુ સમર્પે, તોપણ ભગવાન એને મહામૂલ્યવાન માને છે! વૈભવ તો પ્રભુ પાસે ઘણો છે, પણ આપશ્રી અપેક્ષા રાખે છે માત્ર સાચા હૃદયના પ્રેમની! એ પ્રેમના પ્રતીકરૂપ કોઈક નાનીસરખી પણ ભેટની!

'દુર્યોધનકો મેવા ત્યાગી, ભાજી વિદૂર ઘર ખાય.' (સૂરદાસ)

વૈષ્ણવોએ પણ આ વાત જાણી. કોઈ વૈષ્ણવ દ્વારા જ્યારે ત્રિપુરદાસને આ વાતની ખબર પડી, ત્યારે તેમનું મન આનંદથી પુલકિત થઈ ઊઠ્યું. પોતાની તુચ્છ ભેટ પણ શ્રીજીએ આ રીતે માગીને અંગીકાર કરી, તે જાણીને એ ભાવાવેશમાં આવી ગયા. એમના અંતરમાંથી એક કાવ્ય સ્ફુર્યું. નાચતા નાચતા એ કીર્તન ગાવા લાગી ગયા :

નવરંગ લલન બિહારી મેરા, કહે : 'જાડો[૧] મોહિ અધિક લગાય.'
પહરી કૈંવાય[૨], ઓઢિ લઈ ફરગુલ[૩], તોહુ સીત[૪] સતાવત આય.
અચરજ ભયે સુનિ વલ્લભનંદન, અવર અંગીઠી[૫] ધરી મઁગાય.
પુનિ જિય સોચ[૬] મઁગાઈ 'રંગી'[૭], ઉઢાઈ, ભજી સીત, હઁસે જદુરાય.

---

૧. જાડો = ઠંડી; ૨. કૈંવાય = જામો; ૩. ફરગુલ = રૂ ભરેલો વાગો; ૪. સીત = ઠંડી; ૫. અંગીઠી = સગડી; ૬. પુનિ જિય સોચ = ફરી મનમાં વિચારીને; ૭. રંગી = રંગેલી ખાદી;

ઐસે પરમ કૃપાલ દયાનિધિ, સુધિ[૮] મેરી યે કરત સદાય.
'ત્રિપુરારિ'[૯] ગિરિધારીકી બાતેં કહા જાને કોઉ, દેહૌં બતાય.'

ભાવાર્થ : મારા નવલલાલ શ્રીવ્રજવિહારીજીએ કહ્યું કે મને ઘણી ટાઢ વાય છે. જામો પહેરાવ્યો, ફરગુલ ધરાવ્યો; તોયે શીત તો એમને સતાવતી જ રહી. સાંભળીને શ્રીગુસાંઈજીને આશ્ચર્ય થયું. બીજી સગડી મંગાવીને સામે મૂકી (છતાં ઠંડી ગઈ નહીં); ત્યારે પોતે વિચારીને, મારી તુચ્છ 'રંગી' (રંગેલી ખાદી) મંગાવી. એ ઓઢાડતાં શ્રીજીની ઠંડી ભાગી ગઈ. શ્રીજી હસ્યા, પ્રસન્ન થયા. આવા પરમ કૃપાળુ, દયાના ભંડાર, સદાયે મને યાદ કરતા રહે છે. ત્રિપુરદાસ કહે છે કે મારા શ્રીજીની અનેક વાતો છે. કોઈ કેમ જાણી શકે! માટે મેં આ વાત ગાઈ બતાવી છે.

પછી તો એ શિયાળામાં પાંચ-સાત વખત ફરી ફરીને શ્રીજીને આ ખાદીની દુલાઈ અંગીકાર કરાવવામાં આવી હતી. આવા હતા એ મહાન ભગવદીય શેરગઢનિવાસી ત્રિપુરદાસ કાયસ્થ!

●

એક વખત ત્રિપુરદાસ અટક નામના ગામે કામ અંગે ગયા હતા. અટક શેરગઢથી ઘણું દૂર હતું. ત્યાં એક દિવસ સવારે રસોઈયાએ કહ્યું : 'આજે ચાલે તેટલાં પણ શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદ નથી.'

'ભાઈ, તેં પહેલાં આ વાત કેમ ન કહી! આપણે મંગાવી લેત. હવે આજે ને આજે માણસ આટલા બધા માઈલ દૂર જઈને કેવી રીતે લઈ આવશે? ભલે, શ્રીનાથજીની જેવી ઈચ્છા! આજે તમે રસોઈ કરી, શ્રીજીને ભોગ ધરી, પ્રસાદ લઈ લેજો. મને પ્રસાદ લેવા બોલાવશો નહીં.'

ત્રિપુરદાસે મનમાં નિશ્ચય કર્યો કે જ્યાં સુધી ચરણામૃત અને મહાપ્રસાદ નહીં મળે, ત્યાં સુધી જલપાન પણ નહીં કરું. શરીર ચાલશે ત્યાં સુધી નોકરીનું કામકાજ કરીશ. આવું નક્કી કરી, તેઓ કામ માટે રવાના થયા. બીજી બાજુ, પોતાના ભક્તની ટેક રાખવા શ્રીનાથજીબાવા ૧૦ વર્ષના બાળકનું રૂપ લઈ, પોતાના શ્રીહસ્તમાં ત્રણ થેલી લઈ, અટકમાં ત્રિપુરદાસના મુકામે પધાર્યા. તેમણે રસોઈયાને આજ્ઞા કરી : 'ભૈયા, હું વ્રજમાંથી આવું છું. આ ત્રણ થેલી ત્રિપુરદાસ માટે લાવ્યો છું, તે સંભાળી લો. એક થેલીમાં શ્રીનાથજીનું ચરણામૃત

---

૮. સુધિ મેરી કરત = મને સંભારે છે; ૯. ત્રિપુરારિ = ત્રિપુરદાસની છાપ છે.

છે, બીજી થેલીમાં શ્રીનાથજીનો મહાપ્રસાદ છે અને ત્રીજી થેલીમાં શ્રીમહાપ્રભુજીનું ચરણામૃત છે. તમે ત્રિપુરદાસને આ ત્રણે થેલીઓ આપજો. હું જાઉં છું.' રસોઇયાએ શ્રીઠાકોરજીને ભોગ ધરી, ત્રિપુરદાસને બોલાવવા માણસ મોકલ્યો.

ત્રિપુરદાસે માણસને કહ્યું : 'હું મુકામ પરથી કહીને આવ્યો હતો કે હું પ્રસાદ લેવા આવવાનો નથી. મારી રાહ જોશો નહીં.'

માણસે પાછા જઈ રસોઇયાને તે સમાચાર કહ્યા. રસોઇયાએ તેને કહ્યું : 'તું ફરી ત્રિપુરદાસ પાસે જઈને કહેજે કે તમે મોકલેલો એક છોકરો ચરણામૃત અને મહાપ્રસાદની ત્રણ થેલીઓ આપી ગયો છે અને કહી ગયો છે કે પ્રસાદનો સમય થાય, એટલે તમને બોલાવવા માણસ મોકલે.'

માણસે જઈને ત્રિપુરદાસને આ સમાચાર આપ્યા, ત્યારે તેમને આશ્ચર્ય થયું. તેઓ મુકામ પર આવ્યા. રસોઇયા પાસેથી બધી વાત સાંભળી. ત્રણે થેલીઓ જોઈ. તેમણે છોકરાની તપાસ કરી, પણ ક્યાંય પત્તો ન લાગ્યો. રસોઇયા સિવાય કોઈએ તે છોકરાને જોયો ન હતો. ત્રિપુરદાસને મનમાં ખાતરી થઈ કે તે છોકરાના રૂપે શ્રીનાથજી જ પધાર્યા છે. મેં શ્રીઠાકોરજીને ઘણો શ્રમ કરાવ્યો છે. મારા કદાગ્રહના કારણે શ્રીઠાકોરજીને પધારવું પડ્યું, તેથી તેમને મનમાં ખૂબ ખેદ થયો અને નિશ્ચય કર્યો કે હવે પછી મારા માટે હું શ્રીનાથજીને કદાપિ શ્રમ કરાવીશ નહીં.

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજીએ રસોઇયાને થેલી આપી, પરંતુ ત્રિપુરદાસને તે વાત જણાવી નહીં; કારણ કે શ્રીઠાકોરજી જાણતા હતા કે મને બાળકના રૂપમાં જોઈને ત્રિપુરદાસને ઘણો ક્લેશ થશે. આમેય ત્રિપુરદાસને અષ્ટપ્રહર શ્રીનાથજીના સ્વરૂપનો જ અનુભવ થયા કરતો હતો. રસોઇયો સાધારણ વૈષ્ણવ હતો, એટલે શ્રીઠાકોરજીએ તેને છોકરાના સ્વરૂપે દર્શન આપ્યાં; પણ પોતાના મૂળ સ્વરૂપનો અનુભવ ન કરાવ્યો.

(૨) આ વાર્તામાં એવો સિદ્ધાંત બતાવ્યો કે શ્રીઠાકોરજી હમેશાં આપણી સન્મુખ જ બિરાજે છે; પરંતુ શ્રીઠાકોરજીમાં આપણી સ્વરૂપાસક્તિ હોય, તો શ્રીઠાકોરજી અવશ્ય દર્શન આપે છે. સ્વરૂપાસક્તિ માટે શ્રીઠાકોરજીનો અનન્ય આશ્રય અને શ્રીઠાકોરજીમાં પૂર્ણ પ્રેમ આવશ્યક છે.

(૩) આ વાર્તામાં ચરણામૃત અને મહાપ્રસાદનું સ્વરૂપ પણ સમજાવવામાં આવ્યું. જે વૈષ્ણવ નિત્ય નિયમપૂર્વક ચરણામૃત લેવાનો નિશ્ચય રાખે છે, તેના ઉપર શ્રીઠાકોરજી અવશ્ય પ્રસન્ન થાય છે. માટે આપણે સ્નાન કરીને અને રાત્રે સૂતી વખતે ચરણામૃત લઈએ છીએ.

(૪) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ અને મર્યાદામાર્ગીય વૈષ્ણવનો તફાવત પણ આ વાર્તા દ્વારા સમજાય છે. પ્રભુને શ્રમ થયો છે એવું જાણીને પણ જેને મનમાં દુઃખ ન થાય, તે મર્યાદામાર્ગીય વૈષ્ણવ. પોતાના જીવન માટે પ્રભુને શ્રમ ન કરાવે અને કદાચ પ્રભુ પોતે શ્રમ કરે, તોપણ જેને દુઃખ થાય; તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોતાના સુખ માટે પ્રભુ પાસે કશું માગતો નથી. દુઃખ આવે તોપણ શરીરને ભોગવવાનું છે, એવા વિચારથી ભોગવે છે. બંદીખાને પડે તોપણ મનમાં તેનું દુઃખ રાખતા નથી. આવી રીતે કેવળ પ્રભુના સુખનો જ વિચાર કરનાર ભક્ત તરફ પ્રભુ પણ પોતાની ભક્ત-વત્સલતા પ્રગટ કરે છે.

(૫) ત્રિપુરદાસ દર વર્ષે ઉત્તમોત્તમ ગદલ મોકલતા, તે શ્રીનાથજી માગીને અંગીકાર નહોતા કરતા; પરંતુ વિરહથી જાડું રંગીન કાપડ મોકલ્યું તે માગીને અંગીકાર કર્યું. આ પ્રસંગમાંથી એમ સમજાય છે કે પ્રભુ પોતાના ભક્ત પર કૃપા કરવા માટે જ તેને દ્રવ્યનો સંકોચ આપે છે. જ્યારે પ્રભુ ઘણું દ્રવ્ય આપે, ત્યારે વૈષ્ણવના સંબંધે તે દ્રવ્ય પોતાને અંગીકાર કરવા માટે આપે છે તેમ માની, પ્રભુની સેવામાં, પ્રભુના સુખ માટે તે દ્રવ્ય અંગીકાર કરાવવું. જો તે દ્રવ્ય સેવામાં અંગીકાર ન કરાવીએ, તો પ્રભુના સુખ માટેનો તાપ થાય જ નહીં. તેથી દ્રવ્ય હોય કે દ્રવ્યનો સંકોચ હોય, પ્રભુના સુખ માટે તાપપૂર્વક વૈષ્ણવે સેવા કરવી જોઈએ.

◆

મૂળ વાર્તા - ત્રિપુરદાસ કાયસ્થ; વાર્તા નં.૨૩, ૮૪ વૈ. વાર્તા

જ્ઞાતિ - કાયસ્થ; **વતન** - શેરગઢ

સેવ્ય સ્વરૂપ - શ્રીમહાપ્રભુજીએ પધરાવી આપેલ નથી.

લીલાનું સ્વરૂપ - હરિણી સખી, શ્રીઠાકોરજીનાં અંતરંગ સખી.

૨૪. સેવાનું સાફલ્ય

(શ્રી પૂરણમલ્લ જયમલ્લ ક્ષત્રિય)

પંજાબમાં આવેલા અંબાલા ગામમાં એક ક્ષત્રિય પરિવારમાં પૂરણમલ્લનો જન્મ થયો. તેમના પિતા લશ્કરમાં નોકરી કરતા. પૂરણમલ્લને એક ઝવેરી સાથે સંપર્ક થયો. તેની પાસેથી તેઓ ઝવેરાતનો કસબ શીખ્યા. ૨૦ વર્ષની તેમની ઉંમર થઈ, ત્યારે માતાપિતા હરિશરણ થયાં. પત્ની સાધારણ સ્ત્રી હતી. પૂરણમલ્લનું મન પ્રભુની બાળલીલામાં લાગેલું હતું. મર્યાદા-પ્રકારે તેઓ પૂજા કરતા. જ્યાં કથા-કીર્તન થતાં હોય, ત્યાં સાંભળવા જતા. સ્ત્રીનું મન ઠાકોરજીની પૂજામાં ન દેખાતાં તેઓ પત્નીથી જુદા રહેવા લાગ્યા. પત્નીને મહિને ચાર રૂપિયા ખાધાખરંચીના આપતા. તેમણે ઝવેરાતના ધંધામાં ઘણું દ્રવ્ય મેળવ્યું હતું.

શ્રીગોવર્ધનધર જેના પર વિશેષ કૃપા વિચારે છે, તેની પાસે સામેથી માગીને સેવા લે છે. ત્યારે વ્યક્તિ પોતાનું અહોભાગ્ય માને છે.

અંબાલા-નિવાસી પૂરણમલ્લ ક્ષત્રિયને શ્રીજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી : 'ગિરિરાજ પર્વત ઉપર મારું નવું મંદિર સિદ્ધ કરાવ.'

પૂરણમલ્લને ઝવેરાતનો વ્યવસાય હતો. પાસે સારું એવું ધન હતું. બધું લઈને એ વ્રજમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'કૃપાનાથ, શ્રીજીએ મંદિર સિદ્ધ કરાવવાની આજ્ઞા કરી છે. હવે આપશ્રી આજ્ઞા આપો તેમ કરું.'

સંમતિ મળી. આગ્રાથી કારીગર બોલાવ્યા. એણે મંદિરનો નકશો તૈયાર કર્યો, શિખરબંધ મંદિર અને ઉપર ધ્વજા-કલશવાળો.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : 'મંદિર આવું નહીં, નંદરાયજીના ઘર જેવું; ધ્વજા-કલશ વિનાનું બનાવીએ.' (દેવાલયો ઉપર એ જમાનામાં મુસ્લિમોનો ભારે ત્રાસ હતો.)

કારીગર એવો ઘર જેવો નકશો લાવ્યો, પણ આપશ્રીના હાથમાં આવતાં જ એના પર ધ્વજા-કલશ-ચક્રની આકૃતિ આલેખાઈ ગઈ.

શ્રીવલ્લભે ફરી આજ્ઞા કરી : 'આ તો એવો જ નકશો છે!'

કારીગર કહે : 'મહારાજ, મેં તો ધજા-કલશ વિનાનો જ બનાવેલ.'

હવે આપશ્રીએ પોતાની સામે બેસીને નકશો બનાવવા કારીગરને આજ્ઞા કરી. એ રીતે કર્યું. છતાં નકશો ધજા-કલશવાળો જ બની ગયો. આથી, શ્રીવલ્લભે વિચાર્યું કે શ્રીજીની ઇચ્છા આવી જ છે. દેવાધિદેવ બનીને અનેક જીવોનો ઉદ્ધાર કરવો છે, તો ભલે એમ થાય!

મંદિરનું કામકાજ શરૂ થયું; પણ પાયો તૈયાર થવામાં જ પૂરણમલ્લે લાવેલું બધું ધન ખર્ચાઈ ગયું. વિશાળ મંદિર બનાવવાનું હતું. હવે શું થાય?

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા માગીને પૂરણમલ્લ કમાવા ગયા. દરમ્યાનમાં અધૂરા મંદિરને પૂરું કરવા બીજા ધનિક વૈષ્ણવોએ આપશ્રીને વિનંતીઓ કરી; પરંતુ પોતે ના જ કહી. મંદિર તો પૂરણમલ્લ પાસે જ કરાવવું છે. લીલાના સંબંધમાં શ્રીલલિતાજીનાં સખી ચિત્રલેખા છે. ત્યાં તેની આ પ્રકારની સેવા છે. લીલાધામમાં જ જેની સેવા હોય, તે જ સેવા અહીં ભૂતળ પર કરવાની તેને તક મળે છે. કેવો સૂક્ષ્મ સંબંધ! નવાઈ જેવું છે ને! પ્રભુ જેની પાસે જે કરાવવા ઇચ્છે, તે જ તે કરી શકે છે.

પૂરણમલ્લને પ્રભુએ અનુકૂળતા આપી. ઝવેરાતના સોદામાં લાખો રૂપિયા કમાઈને, તે લઈને પાછા અહીં આવ્યા. મંદિરનું કામકાજ જોરશોરથી ચાલુ થયું અને પૂર્ણ થયું.

અક્ષયતૃતીયાને શુભ દિને શ્રીવલ્લભે શ્રીજીને નવા મંદિરમાં પધરાવ્યા. પૂરણમલ્લે વસ્ત્રાભૂષણ, સાજ, સામગ્રી વગેરેમાં પણ પોતાના પુષ્કળ દ્રવ્યનો વિનિયોગ કરાવ્યો. શ્રીવલ્લભે પરમ કૃપા દર્શાવી, પૂરણમલ્લને આજ્ઞા કરી : 'તારી સેવાથી શ્રીજી અતિ પ્રસન્ન છે. તારી જે ઇચ્છા હોય તે માગી લે.'

પૂરણમલ્લના હૃદયમાં ભાવ પ્રગટ્યો : 'શ્રીજીના શ્રીઅંગને સુખદાયી એવી તનુજા સેવા મળે તો કેવું સારું!' એમણે વિનંતી કરી : 'કૃપાનિધાન, ઉત્તમ અરગજા સિદ્ધ કરીને મારે હાથે શ્રીજીના શ્રીઅંગમાં સમર્પવાની આજ્ઞા આપો તો મારું અહોભાગ્ય!'

આજ્ઞા મળી ગઈ. પૂરણમલ્લે મનના મનોરથ અનુસાર ચંદન સમર્પ્યું. શ્રીગોવર્ધનધરે હાસ્યયુક્ત વદને એનો અંગીકાર કર્યો. એવા અલૌકિક સ્વરૂપે દર્શન આપ્યાં કે જાણે આનંદના મેહ વરસી રહ્યા હોય! પૂરણમલ્લનું અંગઅંગ એ રસમાં ભીંજાઈને રસમય બની ગયું.

વળી, શ્રીવલ્લભે પોતાનો પ્રસાદી ઉપરણો ઓઢાવ્યો અને એવી કૃપાદૃષ્ટિ કરી કે સદૈવ એ માનસી સેવામાં મગ્ન રહેવા લાગ્યા. આમ, તનુજા-વિત્તજા સેવા એક વખત જ કરતાં તેમને માનસી પણ સિદ્ધ થઈ!

આ માર્ગમાં સેવા એ જ સર્વસ્વ છે. પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરાવનાર સેવા જ છે. એ નિષ્ઠાપૂર્વક થવી જોઈએ, પછી તે તનુ-વિત્તજા, ભગવત્સેવા, ગુરુસેવા કે વૈષ્ણવસેવા હોય!

નિઃસ્વાર્થ ભાવે, સામાનું સુખ વિચારીને કરેલી કૃતિ તે સેવા. પૂરણમલ્લ જેવા ભગવદીયનું ચરિત્ર તનુ-વિત્તજા સેવા માટે આપણને કેવી સુંદર પ્રેરણા આપી રહ્યું છે!

ધન્ય છે આવા કૃપાપાત્ર જનોને!

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીગિરિરાજજી સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે, તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીગિરિરાજજીની આજ્ઞા લઈ, મંદિર બનાવવાનું શરૂ કર્યું. શ્રીગુસાંઈજી પણ વૈષ્ણવોને શ્રીનાથજીની સેવા કે દર્શન માટે જ ગોવર્ધન પર ચડવાની આજ્ઞા આપતા. તે સિવાય શ્રીગિરિરાજજી પર પગ ન મૂકવાની સાવધાની રાખવાની આજ્ઞા કરતા.

(૨) શ્રીનાથજીનું મંદિર બનાવતાં પૂરણમલ્લનું દ્રવ્ય ખૂટી ગયું, તેનું કારણ એ કે તેમાંથી મોટાભાગનું દ્રવ્ય પૂરણમલ્લના પિતાનું હતું. પિતાના દ્રવ્ય ઉપર પિતાના મૃત્યુ પછી પુત્રની સત્તા હોય છે. તેથી શ્રીનાથજીએ પૂરણમલ્લની સત્તા જાણી તે અંગીકાર કર્યું; પરંતુ તેમના પિતા લૌકિક ઈચ્છાઓ પૂરી કરવા તે દ્રવ્ય કમાયા હતા, તેથી મંદિરનું સંપૂર્ણ કાર્ય સિદ્ધ ન થયું. કારણ કે આ દ્રવ્યથી મંદિર પૂર્ણ થાય, તો તેમાં પૂરણમલ્લની સેવા અંગીકાર થાય નહીં. તેથી દ્રવ્ય ઘટતાં તેમને સેવાર્થે ફરી કમાવા જવું પડ્યું.

આ પ્રસંગમાંથી એવું ફલિત થાય છે કે વૈષ્ણવે ભગવત્સેવા, ગુરુસેવા અને વૈષ્ણવસેવાના હેતુ માટે નોકરી કે વેપાર કરવાં; તો જ તે દ્રવ્યથી સેવા સિદ્ધ થાય.

(૩) પ્રભુની ઈચ્છા હોય તો જ નોકરી-વેપારથી દ્રવ્ય મળે છે અને અલૌકિક મનોરથ સિદ્ધ થાય છે. પ્રભુની ઈચ્છા ન હોય તો તેમ થતું નથી. માટે આમાં વૈષ્ણવોએ ભગવદિચ્છા માની, હરખ-શોક ન કરવો. પ્રભુ આપણી પાસેથી જેટલી સેવા લેવા માગતા હોય, તેટલું જ સહજ રીતે સિદ્ધ થાય છે.

(૪) પૂરણમલ્લને શ્રીમહાપ્રભુજીએ પ્રસાદી ઉપરણો ઓઢાડ્યો; એટલે તેમનું સમગ્ર શરીર અને મન અલૌકિક માનસી સેવાને યોગ્ય બન્યું. તેથી તેઓ રાત-દિવસ માનસી સેવામાં મગ્ન રહેતા. માટે તેમને અલગ ભગવત્સેવા પધરાવી આપી નથી. ભાવપૂર્વક વૈષ્ણવ એક જ દિન અથવા એક જ સમય સેવા કરે, તોપણ તે દ્વારા તેને માનસી સેવાનું ફળ પ્રાપ્ત થાય છે, માટે સેવામાં પ્રેમ સર્વોપરી છે.

(૫) શ્રીસ્વામિનીજીની કૃપા વિના સેવાનો અધિકાર મળતો નથી, તેથી ભૂતળ પર શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતાથી જ આપણા સેવાના સર્વ મનોરથ પરિપૂર્ણ થાય છે.

●

મૂળ વાર્તા - પૂરણમલ્લ ક્ષત્રિય; વાર્તા નં. ૨૪, ૮૪ વૈ. વાર્તા
જ્ઞાતિ - ક્ષત્રિય
વતન - અંબાલા (પંજાબ)
સેવ્ય સ્વરૂપ - શ્રીમહાપ્રભુજીએ પધરાવી આપ્યું નથી.
લીલાનું સ્વરૂપ - ચિત્રલેખા - શ્રીલલિતાજીનાં સખી.

■

૨૫. કૃપાબળનું સામર્થ્ય

(શ્રી યાદવેન્દ્રદાસ કુંભાર)

‘નારાયણદાસજી, મારે પણ તમારી જેમ વૈષ્ણવ થવું છે.’

‘ભાઈ, તું જ્ઞાતિએ કુંભાર છે. માટીનાં વાસણો બનાવવાનો તારો વ્યવસાય છે. વાસણો પકવવા માટે તું નિભાડો સળગાવે, તેમાં ઘણાં જીવજંતુ મરી જાય. તને તેમની હત્યાનું પાપ લાગે. તું કેવી રીતે વૈષ્ણવ બની શકે!’

‘નારાયણદાસજી, મેં આ વાત તમારા સંગથી મનમાં વિચારી રાખી છે. આજ પછી હું મારાં માતાપિતાના હાથનું ખાનપાન નહીં કરું અને જળ પણ નહીં પીઉં. શ્રીમહાપ્રભુજીના સેવકના હાથનું જ લઈશ. હવે હું મારા ઘર તરફ લમણો પણ વાળીશ નહીં; પરંતુ આપ કૃપા કરી, મને સેવક કરાવો.’

‘ભાઈ, તારો આવો દૃઢ આગ્રહ હોય તો ભલે. તું મારા ઘેર જ રહેજે અને મહાપ્રસાદ લેજે. શ્રીમહાપ્રભુજી અહીં પધારશે, ત્યારે હું તને સેવક કરવા આપશ્રીને વિનંતી કરીશ.’

મહાવનમાં શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક નારાયણદાસ બ્રહ્મચારી રહેતા હતા. તેઓ શ્રીગોકુલચંદ્રમાજીની ખૂબ ભાવપૂર્વક સેવા કરતા હતા. તેમને ત્યાં યાદવેન્દ્રદાસ નામે એક કુંભાર માટીનાં વાસણો આપી જતા. યાદવેન્દ્રદાસ પણ મહાવનના વતની હતા.

એક દિવસ નારાયણદાસે વિચાર કર્યો કે યાદવેન્દ્રદાસ દૈવી જીવ છે, તેથી તેમનું મન શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં લાગે તો સારું. યાદવેન્દ્રદાસના મનને શુદ્ધ કરવાના હેતુથી નારાયણદાસે એક દિવસ યાદવેન્દ્રદાસને પોતાને ત્યાં પ્રભુનો મહાપ્રસાદ લેવડાવ્યો. મહાપ્રસાદ લેતાં જ યાદવેન્દ્રદાસની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. તેમને પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન થયું, તેથી તેમણે નારાયણદાસને ઉપર પ્રમાણે વિનંતી કરી.

યાદવેન્દ્રદાસ નારાયણદાસને ત્યાં રહેવા લાગ્યા. પ્રભુની સેવા માટે લાકડાં, છાણાં વગેરે વનમાંથી લઈ આવતા અને નારાયણદાસને સહાય કરતા. નારાયણદાસ તેમને રોજ મહાપ્રસાદ લેવડાવતા.

થોડા મહિના બાદ શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. આપ ગોકુળથી મહાવન પધાર્યા. નારાયણદાસને ત્યાં આપે મુકામ કર્યો. નારાયણદાસે વિચાર કર્યો કે યાદવેન્દ્રદાસને સેવક કરવા શ્રીમહાપ્રભુજીને વિનંતી કરું. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી. આપે યાદવેન્દ્રદાસને નામ-નિવેદન આપ્યું.

યાદવેન્દ્રદાસે વિનંતી કરી : ‘મહારાજ, હવે મારે શું કરવાનું, તે બતાવો.’

‘યાદવેન્દ્રદાસ, વૈષ્ણવનો એક જ ધર્મ છે - શ્રીઠાકોરજીની સેવા કરવી. તમે પણ ભગવત્-સેવા કરો.’

‘મહારાજ, મેં નારાયણદાસજીના સંગથી મારાં માતાપિતાનો ત્યાગ કર્યો છે. મારે રહેવા ઘર નથી, કોઈ વ્યવસાય નથી. કુટુંબમાં પણ હવે મારું કોઈ નથી. અત્યાર સુધી નારાયણદાસજીને ત્યાં રહી મહાપ્રસાદ લેતો હતો. મારું ચિત્ત આપનાં ચરણારવિંદમાં લાગ્યું છે; માટે જો આપ કૃપા કરો તો હું આપની સાથે રહી, આપ જે બતાવશો તે ટહેલ કરીશ. આપની કૃપાથી શરીર સશક્ત છે, માટે આપ કૃપા કરી મને હમેશાં આપની પાસે રાખો.’

‘તમારી ભાવના ઉત્તમ છે. ભલે, તમે અમારી પાસે રહો. ભારત-પરિક્રમા કરતી વખતે તમારા જેવા સેવકો અમને ખૂબ ઉપયોગી બનશે. તમે તમારાથી બનતી ટહેલ કરજો અને અમારે ત્યાં મહાપ્રસાદ લેજો.’

યાદવેન્દ્રદાસ શ્રીમહાપ્રભુજીની પાસે રહી ટહેલ કરવા લાગ્યા. તેમની શરીર-સંપત્તિ એટલી બધી સારી હતી કે પરદેશ જવા માટેનો જરૂરી સર્વ સામાન યાદવેન્દ્રદાસ પોતાની પીઠ પર બાંધીને ચાલતા. એક ગાડા જેટલો સામાન તેમની પીઠ પર રહેતો. તેમ છતાં જરાય વજન ન હોય તેમ તેઓ ભગવન્નામ લેતા લેતા વૈષ્ણવોની સાથે પ્રસન્નતાથી જતા. જ્યાં શ્રીમહાપ્રભુજી મુકામ કરે, ત્યાં મુકામની સર્વ વ્યવસ્થા કરતા અને અપરસમાં સ્નાન કરી, જળ ભરવા વગેરેની સર્વ સેવા પણ કરતા. રાત્રે શ્રીમહાપ્રભુજી અને વૈષ્ણવો સૂઈ જાય ત્યારે તેઓ આખી રાત ચોકીપહેરો ભરતા. આમ, રાતદિવસ શ્રીમહાપ્રભુજીની ખૂબ પ્રસન્નતાથી સેવા કરતા હતા. શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજી પણ પરદેશ પધારતા, ત્યારે તેઓ આવા જ ભાવથી સાથે જતા અને શ્રીગુસાંઈજીની સર્વ પ્રકારે સેવા કરતા.

●

મહાવદ સાતમનો દિવસ હતો. શ્રીગુસાંઈજી ગોકુલમાં બિરાજતા હતા. ભગવદ્વાર્તા કર્યા પછી આપ પોઢ્યા હતા. યાદવેન્દ્રદાસ આપશ્રીની ચરણસેવા

કરતા હતા. મધ્યરાત્રિ થવા આવી હતી, ત્યારે આપે અનાયાસે આજ્ઞા કરીઃ 'શ્રીનવનીતપ્રિયજીને બિરાજવા માટે સુંદર મંદિર બનાવવું છે. તેનો પાયો ખોદવા માટે અત્યારનું મુહૂર્ત સૌથી શ્રેષ્ઠ છે. આ મુહૂર્તમાં જો તેનો પાયો ખોદાય, તો તે મંદિર કદી નાશ પામશે નહીં.' આમ આજ્ઞા કરી આપ પોઢ્યા. આપને પોઢેલા જાણી, યાદવેન્દ્રદાસ દંડવત્ પ્રણામ કરી બહાર આવ્યા.

તેમને ગુરુ-આજ્ઞામાં દૃઢ વિશ્વાસ હતો. તેથી તેઓ ત્રિકમ, પાવડા વગેરે લઈ આવ્યા અને ત્રણ કલાકમાં તો તે મોટા મંદિરના ઊંડા પાયા એકલા હાથે ખોદી કાઢ્યા. બાજુમાં માટીના મોઢા ઢગલા થયા. આમ, સવાર થતાં પહેલાં મંદિરના પાયા ખોદી તેમના મુકામે જઈ સૂઈ ગયા.

સવારે શ્રીગુસાંઈજી જાગ્યા, ત્યારે આપે મંદિર બનાવવાની જગ્યા પર માટીના મોટા ઢગલા જોયા. આપે વૈષ્ણવોને પૂછ્યું : 'કાલે રાત્રે અહીં ઢગલા ન હતા. રાતમાં આ માટી ક્યાંથી આવી? કોણે અહીં ઢગલા કર્યા?'

'કૃપાનાથ! કાલ રાત્રે આપ પોઢ્યા તે પછી યાદવેન્દ્રદાસે મંદિરનો પાયો ખોદ્યો છે. આપે ઉત્તમ મુહૂર્તની આજ્ઞા કરી, તે જ મુહૂર્તમાં તેમણે આ પાયો ખોદ્યો છે.' આ સાંભળી શ્રીગુસાંઈજી ખૂબ જ પ્રસન્ન થયા.

આપ તત્કાલ કારીગરોને બોલાવી, મંદિર બનાવવાનો પ્રારંભ કર્યો. તે પાયા પૂરતાં કારીગરો અને મજૂરોને એક મહિનો લાગ્યો. આવા પાયા યાદવેન્દ્રદાસે એક રાતમાં ખોદી કાઢ્યા.

શ્રીગુસાંઈજીએ યાદવેન્દ્રદાસ પર પ્રસન્ન થઈ શ્રીનાથજીના જલઘરાની સેવા તેમને સોંપી. યાદવેન્દ્રદાસ જતિપુરામાં રહી, શ્રીનાથજીના જળઘરાની સેવા કરવા લાગ્યા. તેમણે જોયું કે જતિપુરામાં જળની ભારે અછત છે. પ્રભુને આરોગવાલાયક મીઠું, ઉત્તમ જળ નથી. મથુરાથી યમુનાજળ લાવવું મુશ્કેલ પડે છે, તેથી તેમણે વિચાર કર્યો કે પ્રભુએ શરીરની શક્તિ આપી છે, તો પ્રભુને આરોગવાલાયક જળનો એક કૂવો ખોદી કાઢું.

તેમણે વિચાર કર્યો, 'શ્રીગુસાંઈજી ભગવદ્વાર્તામાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવોએ પ્રભુની સેવા જાતે કરવી, પોતાના દ્રવ્યથી કરવી, બીજાની પાસે સેવા કરાવવી નહીં. માટે હું પણ પ્રભુએ આપેલી શક્તિનો ઉપયોગ કરી, જાતે જ કૂવો બનાવું. કોઈને કહેવા જાઉં અને કોઈ ના પાડે તો સેવા ન કરવાનો તેને અપરાધ લાગે અને મને તે વૈષ્ણવ ઉપર અભાવ આવે, તો મને પણ અપરાધ લાગે.'

આમ વિચારી યાદવેન્દ્રદાસે રુદ્રકુંડ પાસે તેમના હાથથી જ કૂવો ખોદવા માંડ્યો. કૂવો ખોદાઈ ગયા પછી તેમણે વિચાર કર્યો, કૂવો કાચો હોય તે ઠીક નહીં. જળમાં માટી પડે અને જળ આરોગવાલાયક રહે નહીં. માટે કૂવો પાકો બાંધવો જોઈએ. એટલે તેમણે આજુબાજુની માટી ખોદી તેની ઈંટો પાડી. તે ઈંટોને પકવી કૂવો પાકો બનાવ્યો. આમ કૂવો સિદ્ધ થયો, પરંતુ તેનું જળ ખારું હતું. તેથી યાદવેન્દ્રદાસને ખૂબ દુઃખ થયું.

તેમણે વિચાર કર્યો : 'મારા પ્રભુ શ્રીગોવર્ધનધર ઉત્તમ વસ્તુઓના ભોક્તા છે. આવું ખારું જળ પ્રભુ કેવી રીતે અંગીકાર કરશે? પ્રભુનો પરિશ્રમ મારાથી નિવારણ થઈ શક્યો નહીં. હવે શું કરવું?'

તેમને ભગવત્-પ્રેરણા થવાથી તેઓ ગંગાજી ગયા. ત્યાં જઈ ગંગાજીને તેમણે વિનંતી કરી : 'હે ગંગાજી, શ્રીયમુનાજીની કૃપાથી આપ પણ ભગવદ્ભક્ત બન્યાં છો. આપનું જળ ઉત્તમ અને નિર્દોષ ગણાય છે, માટે આપ કૃપા કરી રુદ્રકુંડ પાસે મારા દ્વારા સિદ્ધ થયેલ કૂવાનું જળ મીઠું કરી દો, જેથી પ્રભુને આરોગવાની પ્રસન્નતા થાય.'

તેઓ ગંગાજીની મધ્ય ધારામાં સતત ઊભા રહી આમ વિચાર કરતા હતા. ગંગાજીએ તેમને આજ્ઞા કરીઃ 'યાદવેન્દ્રદાસ, તમારા દ્વારા મને ભગવત્સેવાનો લાભ મળશે, માટે તમારા સિદ્ધ કરેલા કૂવામાં હું સદાય નિવાસ કરીશ અને તે જળ પ્રભુને આરોગવાલાયક ઉત્તમ બની રહેશે. માટે આપ વ્રજમાં પધારો.' યાદવેન્દ્રદાસજી ગિરિરાજજી પાછા આવ્યા.

કૂવાનું જળ મીઠું બન્યું. તેમણે તે જળ શ્રીનાથજીને અંગીકાર કરાવ્યું. તે કૂવાનું નામ જલઘરા રાખ્યું. શ્રીગુસાંઈજી યાદવેન્દ્રદાસજીની આ સેવાથી ખૂબ પ્રસન્ન થયા. આપે આ કૂવાને યાદવેન્દ્રદાસના કૂવા તરીકે પ્રસિદ્ધ કર્યો.

◆

વિશેષ વિચાર :

(૧) આપણે વૈષ્ણવ બનીએ, પછી આપણી જવાબદારી બીજા મનુષ્યો કરતાં સવિશેષ વધી જાય છે. નરસિંહ મહેતા મર્યાદા-ભક્ત હોવા છતાં તેમણે વૈષ્ણવનાં લક્ષણ બતાવતાં ગાયું છે કે -

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે.'

આમ, વૈષ્ણવ બન્યા પછી આપણા જીવનનિર્વાહ માટે પણ આપણે પ્રાણીમાત્રનું દિલ દુભાય અથવા હિંસા થાય તેવી કોઈ પ્રવૃત્તિ ન કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવના નથી, કોમળતા નથી તેવા કઠોર કાળજાવાળા મનુષ્યના હૃદયમાં કદી પ્રભુ બિરાજે નહીં. માટે, સૌ પ્રત્યે દયાની અને કલ્યાણની ભાવના રાખવી, એ વૈષ્ણવ માટે પાયાની જરૂરિયાત છે.

(૨) યાદવેન્દ્રદાસે બનાવેલા કૂવામાં ખારું જળ આવ્યું, ત્યારે તેઓ શ્રીયમુનાજીને વિનંતી કેમ ન કરી? કારણ કે જગતમાં ગંગાજળ ઉત્તમ અને નિર્દોષ ગણાય છે. વળી, શ્રીયમુનાજીને વૈષ્ણવોથી શ્રમ અપાય નહીં, કારણ કે શ્રીયમુનાજી પ્રભુનાં શ્રીસ્વામિનીજી છે. તેઓ ભગવત્-સ્વરૂપ છે, પરંતુ ગંગાજી ભગવદ્-ભક્ત છે; તેથી જળને મીઠું કરવા માટે યાદવેન્દ્રદાસે ગંગાજીની સહાય લીધી, પણ શ્રીયમુનાજીને શ્રમ આપ્યો નથી.

(૩) યાદવેન્દ્રદાસે જે મંદિરનો પાયો ખોદ્યો, તે મંદિર આજે પણ ચારસો વર્ષ પછી એવું જ અડીખમ ઊભું છે. તે મંદિર ગોકુળમાં શ્રીગોકુળનાથજીના મંદિરની બાજુમાં આવેલું, શ્રીરાજાઠાકોરનું મંદિર છે. આ મંદિરમાં શ્રીનવનીતપ્રિયજી સહિત સાતેય સ્વરૂપને પધરાવી, શ્રીગુસાંઈજી સેવા કરતા હતા. આ મંદિરનો પાયો શ્રીનાથજીના પાટોત્સવના દિવસે જ ખોદાયો છે. એક મનુષ્યથી અશક્ય એવું કાર્ય યાદવેન્દ્રદાસ કરી શક્યા, તે ભગવત્કૃપાનું જ ફળ છે.

(૪) આ વાર્તા પરથી આપણને એ પણ શીખવા મળે છે કે પ્રભુએ આપણને જે શક્તિ અને આવડત આપી હોય, તેનો સંપૂર્ણ ઉપયોગ પ્રભુની સેવા, પ્રભુનું સુખ અને પ્રભુની પ્રસન્નતા માટે દીનતાપૂર્વક કરવો.

યાદવેન્દ્રદાસે પોતાની શરીર-સંપત્તિનો ઉપયોગ શ્રીમહાપ્રભુજીની સેવામાં અને મંદિરનો પાયો ખોદવામાં કર્યો. તેમની માટીકામની આવડતનો ઉપયોગ કૂવો બનાવવામાં તેમણે કર્યો.

●

મૂળ વાર્તા - વાર્તા નં. ૨૫; ૮૪ વૈ. ની વાર્તા
વૈષ્ણવનું નામ - યાદવેન્દ્રદાસ કુંભાર
વતન - મહાવન
જ્ઞાતિ - કુંભાર (શૂદ્ર)

લીલા-સ્વરૂપ - નંદરાયજીની 'મદોન્મત્તા' નામની ગાય. નિર્ગુણ ભક્ત. આ ગાય ખૂબ જ મદોન્મત્ત હતી અને ખૂબ જ સશક્ત પણ હતી. શ્રીઠાકોરજીએ સ્વહસ્તે આ ગાયને ખૂબ ખવડાવ્યું છે અને યમુનાજીમાં નવડાવી છે, તેથી જગતમાં તેમનો જન્મ યમુનાકિનારે મહાવનમાં થયો છે.

●

પદ્યવાર્તા

(દોહા) કરિ સેવા ધનિ ધનિ ભયે યાદવેન્દ્ર કુમ્હાર;
નિજ કરતેં ગિરિરાજ મહઁ કીન્હોં કૂપ તૈયાર.

(છંદ) ગોકુલ ગામ નિવાસ દાસ વલ્લભપદ પૂરે;
યાદવેન્દ્ર શુભ નામ જાતિ કુમ્હાર મજૂરે.

શ્રીવલ્લભ ભૂ કરન પર્યટન જબ કહુઁ જાવેં;
ભારવાહિ બનિ શ્રીવલ્લભકે સંગ સિધાવેં.

વિવિધ ભાઁતિ સામાન સાથ ધરિ પીઠ ચલેં તબ;
ચૌકા બરતન આદિ ચૌકસી રાત કરત સબ.

સેવા કરત સનેહ નિશદિન મન માની;
શ્રીવલ્લભ ગુરુ માતુપિતા સરબસ જિય જાની.

ગુરુકી સેવા કરૈં રહે નિત નિશદિન સંગ;
પરમ શ્રેય તિનકે પૂછનકો કહા પ્રસંગ.

(દોહા) કરત રહત સેવા સકલ મન મહઁ રાખિ ઉમંગ;
સેવા તીરથ બ્રત નિયત મજ્જન ગંગ.

(છંદ) ઉત્તામ સેવક હોઈ કરે સેવા જબ ઐસી;
સ્વામીકે મન બાત સમુઝિ કીજિય કૃતિ તૈસી.

ઇંગિત કોવિદ ભૃત્ય સહજ સ્વામી મન ભાવે;
સ્વામિ હોઇ દયાલુ ભૃત્ય પુનિ કહા ન પાવે.

યાદવેન્દ્રતેં એક બાર ઐસી બનિ આઈ;
શ્રીગોકુલ વર બાસ બિરાજત વિઠ્ઠલરાઈ.

ડેઢ પહર ગઈ રાત કહી વિઠ્ઠલેશ વિમલ મતિ;
હો આરંભ જો આજ બને મંદિર સુંદર અતિ.

યાદવેન્દ્ર સુનિ બાત ભયે ઈત ઉત કહુઁ ડોઢે;
કછુક દેર પશ્ચાત્ જબહિ વિઠ્ઠલવર પોઢે.
કરમેં લઈ કુદાલ નીંવ ચહુઁ ઓર લગાઈ;
પ્રાત હોત મૃત્તિકા અધિક દેખી ગુરુરાઈ.
જબ જાની નિશિ યાદવેન્દ્ર સબ કરી ખુદાઈ;
મનમહઁ અતિસુખ પાય રહે (શ્રી)વિઠ્ઠલ અરગાઈ.
પુનિ પ્રભુ તાહી ઠૌર સુદૃઢ મંદિર બનવાયો;
સમય પાય પુનિ સપ્ત સ્વરૂપન કો પધરાયો.
સૌ મનુષ્યવત્ કામ અકેલે કરિ દિખરાયો;
ગુરુ વચનનિ વિશ્વાસ રાખી અતુલિત બલ પાયો.
મંદિર બન્યો વિશાલ આજુ લૌં સોભિત ઐસો;
યાદવેન્દ્રકો યશ ઉતંગ ગિરિ રાજત જૈસો.
સપ્ત સ્વરૂપનકો મંદિર અજહૂઁ વિખ્યાતા;
શ્રીગોકુલ હરિજન્મ ધામ ભક્તન સુખદાતા.
જાતિપાઁતિકી બાત રહી કછુ એક કિનારે;
હરિકો ભજે સો હોઈ શ્યામકો પ્રાણપિયારે.
યાદવેન્દ્ર કુમ્હાર હોઈ યે તો યશ પાયો;
જે ગુરુસેવી તહાઁ સકલ જગકો સુખ છાયો.

■